


ગુજરાત રોજગાર સમાચાર

# કારકિર્દી માર્ગદર્શન વિશેષાંક-૨૦૧૪



ગુજરાત
ગુજરાતીઓનું
વિશ્વસનીય સામયિક

ગુજરાત પાક્ષિક કાર્યાલય
માહિતી કમિશનરની કચેરી, ગુજરાત રાજ્ય,
બ્લોક નં. ૭/૨,ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર-૩૮૨૦૧૦.
ફોન : ૦૭૯-૨૩૨૫૪૪૧૨
ફેક્સ : ૦૭૯-૨૩૨૫૪૪૧૫
ઈ-મેઈલ :
gujaratmagazine@gmail.com
વેબસાઈટ :
www.gujaratinformation.net

**વાર્ષિક લવાજમ ફક્ત**
**₹ ૫૦.૦૦**

## મીડિયાની સકારાત્મક ભૂમિકા ભજવતું

- ગુજરાત પહોંચ્યું ગામડે ગામડે...
- ગુજરાત વસ્યું લોકહૈયે...

**કારણ ?**

- સામયિકની લોકાભિમુખ નીતિ,
- સરકારનું નહિ, છ કરોડ ગુજરાતીઓનું પાક્ષિક...

**જેમાં,**

- નવી દિશા, નવી કલમ, નવા વિચાર,
- અધિકૃત માહિતી અને સતત સત્ય સમાચાર...

**પરિણામ ?**

- લોકોનો અદમ્ય ઉત્સાહ,
- વાચકોનો અસરકારક પ્રતિભાવ,
- વિવેચકોનો ઉમદા અભિપ્રાય...

**અને ફેલાવો ?**

- ગુજરાતી ભાષામાં પ્રસિધ્ધ થતાં સામયિકોમાં સૌથી વધુ...!

ગુજરાત
ગુજરાતીઓનું
વિશ્વસનીય સામયિક

- કરી રહ્યું છે વિકાસની વાતો...
- સમસ્યા અને સંવેદનાની વાતો...
- જન કલ્યાણની યોજનાની વાતો...
- લોકોની અપેક્ષાઓ અને સરકારના નિર્ણયોની વાતો...
- કાર્યસિદ્ધિઓ અને અવનવી અનેક વાતો...

**કઈ રીતે...?**

**અતિથિની કલમે, મંત્રીશ્રીની કલમે...**
**ઉત્તમ પત્રકાર અને કટારલેખકોની કલમે...**
**કર્મયોગીની કલમે, વાચકોની કલમે...**

ગુજરાત
ગુજરાતીઓનું
વિશ્વસનીય સામયિક

**છેલ્લામાં છેલ્લી વાત લઈને આવે છે આપના સુધી...**

ગુજરાત
ગુજરાતીઓનું
વિશ્વસનીય સામયિક

**ઘટનાઓની વણઝાર વચ્ચે નિયમિત પહોંચે છે આપના સુધી...**

ગુજરાત
ગુજરાતીઓનું
વિશ્વસનીય સામયિક

**સત્ય અને નિષ્ઠાના માર્ગે કર્તવ્ય નિભાવે છે આપના સુધી...**

**ગુજરાત પાક્ષિક પ્રતિ પખવાડિયે લઈને આવે છે**
**લોક કલ્યાણની વાત, આમ જનતાને ઉપયોગી જાણકારીની વાત,**
**સરકારી યોજનાઓની વાત અને ગુજરાતના સ્વર્ણિમ વિકાસની વાત**

ગુજરાત રોજગાર સમાચાર

# કારકિર્દી માર્ગદર્શન વિશેષાંક-૨૦૧૪

# ગુજરાત રોજગાર સમાચાર

## કારકિર્દી માર્ગદર્શન વિશેષાંક-૨૦૧૪






| | | |
|---|---|---|
| તંત્રી | : | ભાગ્યેશ જહા |
| સંપાદક | : | કે. એ. કરમટા |
| કાર્યવાહક સંપાદક | : | પરિમલ દેસાઈ |
| સહ સંપાદકો | : | હિમાંશુ ઉપાધ્યાય ● પ્રવીણ સોનારીયા<br>મનીષા સોલંકી |
| વિતરણ વ્યવસ્થા | : | શરદ બુબડિયા, મુકેશ પટેલ<br>જીતેન્દ્ર મુનિયા, ગીતા દેસાઈ |
| પ્રકાશક | : | **માહિતી કમિશનર**<br>બ્લોક નં. ૭/૨,<br>ડૉ. જીવરાજ મહેતા ભવન,<br>જૂના સચિવાલય, ગાંધીનગર-૩૮૨ ૦૧૦.<br>ગુજરાત રાજ્ય. |
| મુદ્રક | : | સરકારી ફોટો લીથો પ્રેસ, અમદાવાદ-૩૮૦ ૦૦૪ |

**કિંમત ₹ ૨૦-૦૦**


વિદ્યાર્થીઓને કારકિર્દી અંગેની જાણકારી અને માર્ગદર્શન મળી રહે એ આશયથી કારકિર્દી માર્ગદર્શન વિશેષાંક પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે. અનુભવી અને વ્યવસાયિક તજજ્ઞો દ્વારા સંપૂર્ણ ચોકસાઈ રાખીને વિગતો પ્રસ્તુત કરવામાં આવી છે. આમ છતાં વિદ્યાર્થી મિત્રો કે વાલી મિત્રોને તેમાં કોઈ હકીકત અંગે વધુ જાણકારી પ્રાપ્ત કરવી હોય તો સંબંધિત લેખક/સંસ્થાનો સંપર્ક કરવા વિનંતી છે.

આ વિશેષાંકમાં પ્રસિધ્ધ થયેલા લેખોનાં પુનઃ મુદ્રણ માટે માહિતી કમિશનરશ્રીની પૂર્વ મંજૂરી મેળવવી આવશ્યક છે.

सत्यमेव जयते



**શ્રીમતી આનંદીબહેન પટેલ**
મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય

## સંદેશ

ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ના પરિણામો વિદ્યાર્થીઓની કારકિર્દી અને ભાવી જીવનપથ માટે ખૂબ જ અગત્યના હોય છે. વિદ્યાર્થી મિત્રો, તમે સૌ શ્રેષ્ઠ ભારતના ભાગ્યવિધાતા બનવાના છો ત્યારે ઉત્તમ કારકિર્દીની કેડી કંડારવા માટેના મહત્ત્વપૂર્ણ તબક્કામાં તમારી ક્ષમતા અને સામર્થ્યને ઉજાગર કરે તેવી દિશા નક્કી કરવાનો આ સમય છે.

સમગ્ર વિશ્વમાં પરિવર્તનનો પવન ફૂંકાયો છે. દુનિયાભરમાં અદ્યતન ટેકનોલોજીનો આવિષ્કાર વધ્યો છે અને સ્વાભાવિક રીતે જ તેને અનુરૂપ કારકિર્દીના નવા ક્ષેત્રો પણ વિકસી રહ્યાં છે. સમયસર જાગીને શ્રેષ્ઠ કારકિર્દી બનાવવા સજ્જ થવાનું છે.

મિત્રો, ગુજરાતના વિકાસ મોડેલની આજે સમગ્ર વિશ્વ નોંધ લઈ રહ્યું છે. આ વિકાસયાત્રાના પાયામાં ગુજરાતના યુવાનો પણ રહેલા છે. આંતરરાષ્ટ્રિય, રાષ્ટ્રિય કક્ષાએ ગુજરાતના યુવાનોએ પોતાની ક્ષમતાનો પરિચય કરાવ્યો છે. આ પરંપરા આગળ વધતી રહે તે માટે વિશ્વ સ્તરે કદમ મિલાવી ઉજ્જવળ કારકિર્દી બનાવવા કમર કસવાની છે. વિદ્યાર્થી મિત્રો, આ નિર્ણાયક ઘડીએ ઉત્તમ કારકિર્દીનો ધ્યેય હાંસલ કરવા માટે પૂરી નિષ્ઠા અને પરિશ્રમનો સંકલ્પ કરવાનો છે.

સચોટ કારકિર્દી પસંદ કરવામાં 'ગુજરાત રોજગાર સમાચાર કારકિર્દી માર્ગદર્શન વિશેષાંક-૨૦૧૪' આપને ઉપયોગી માર્ગદર્શન પૂરું પાડશે. આ વિશેષાંકમાં સમાવવામાં આવેલી કારકિર્દીલક્ષી માહિતીનો ઉપયોગ કરી આપ સૌ ઉત્કૃષ્ટ કારકિર્દી પસંદ કરી દેશ-વિદેશમાં ગુજરાતનું નામ રોશન કરો એવી અંતઃકરણપૂર્વકની શુભેચ્છા પાઠવું છું.

**શ્રીમતી આનંદીબહેન પટેલ**
મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય



सत्यमेव जयते

## સંદેશો

વ્હાલા વિદ્યાર્થી મિત્રો,

ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની મહત્ત્વની પરીક્ષાઓના પરિણામ પછીનો તબક્કો એ કારકિર્દી ઘડતર માટે મહત્ત્વનો તબક્કો છે. ભવિષ્યની જીવન દિશા નક્કી કરનારા આ મહત્ત્વપૂર્ણ તબક્કે સૌ વિદ્યાર્થી મિત્રો કારકિર્દીનો સચોટ વિકલ્પ પસંદ કરવા મનોમંથન કરી રહ્યા હશો.

મિત્રો, અદ્યતન ટેકનોલોજી અને પરિવર્તન પામતા વૈશ્વિક જગતમાં રોજગારીના, કારકિર્દીના નવા ક્ષેત્રો ખુલ્યાં છે, વિકસી રહ્યાં છે. આપ એવી કારકિર્દી પસંદ કરો કે જેથી તમારું ભવિષ્ય વધુ દેદીપ્યમાન થાય.

આપ સૌ ઉજ્જવળ ભારતનું ભવિષ્ય છો. તમારા સ્વપ્નો અને મહત્ત્વકાંક્ષાઓ આવનારા સમયમાં દેશના વિકાસને નવી ઊંચાઈએ લઈ જવામાં ચોક્કસ સહાયક બનશે. તેથી કારકિર્દી એવી પસંદ કરો કે તમારી આવતી કાલ વધુ ઉજ્જવળ અને સમૃદ્ધ બને.

આપની ભવિષ્ય નિર્માણ તરફની આ કૂચમાં ગુજરાત રોજગાર સમાચાર કારકિર્દી માર્ગદર્શન વિશેષાંક-૨૦૧૪ સહાયક બની રહેશે. તજજ્ઞ અને વિષય નિષ્ણાત લેખકો દ્વારા લખાયેલા કારકિર્દીલક્ષી લેખો આપની મૂંઝવણને હળવી કરશે.

સૌ વિદ્યાર્થીઓ, વાલીઓ, શિક્ષિતો માટે વિશેષાંક માર્ગદર્શકરૂપ બનશે તેવી આશા રાખું છું.

**જી. સી. મૂર્મૂ** (આઈ.એ.એસ.)
અગ્ર સચિવ,
માહિતી અને પ્રસારણ વિભાગ



## સંદેશો

વ્હાલા મિત્રો,

કારકિર્દી ઘડતર માટે મહત્ત્વનો તબક્કો આવી પહોંચ્યો છે. ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની પરીક્ષાઓના પરિણામ પછી કઈ કારકિર્દી પસંદ કરવી તેની ગડમથલ ચાલતી હશે. વિકલ્પો અઢળક છે, પસંદગી વિકટ છે. આવી સ્થિતિમાં મનગમતી કારકિર્દી પસંદ કરવી આસાન નથી હોતી.

આપ સૌની આ મૂંઝવણને આસાન બનાવવા માહિતી ખાતું આપની સાથે છે. માહિતી ખાતા દ્વારા પ્રકાશિત ગુજરાત રોજગાર સમાચાર કારકિર્દી માર્ગદર્શન વિશેષાંક-૨૦૧૪ આપ સૌ માટે માર્ગદર્શક બની રહેશે.

ગુજરાત રોજગાર સમાચાર કારકિર્દી માર્ગદર્શન વિશેષાંક-૨૦૧૪માં વિવિધ વિષયોને આવરી લેતાં, અદ્યતન માહિતી સાથેના કારકિર્દીલક્ષી લેખો સમાવવામાં આવ્યા છે. તજજ્ઞ અને સંબંધિત વિષયના જાણકાર લેખકો દ્વારા ઉપયોગી માહિતી પૂરી પાડવામાં આવી છે. કારકિર્દીના નવાં-નવાં ક્ષેત્રો ઉજાગર કરતો આ વિશેષાંક વિદ્યાર્થી મિત્રોને ચોક્કસ સહાયરૂપ બનશે.

ભવિષ્ય નિર્માણ માટેના મહત્ત્વના આ વળાંક ઉપર આપ એવી કારકિર્દી પસંદ કરો કે જેનાથી નિશ્ચિત મંઝિલે પહોંચવામાં ઓછી અડચણો આવે.

આપ સૌની શ્રેષ્ઠ કારકિર્દી બને, ઉજ્જવળ ભવિષ્ય બને એવી શુભેચ્છા...

**ભાગ્યેશ જહા** (આઈ.એ.એસ.)
માહિતી કમિશનર



# અનુક્રમણિકા


| ક્રમ | વિષય | લેખક | પાન નં. |
|---|---|---|---|
| | **કારકિર્દીનો માર્ગ : જીવનની સફળતાનો આધાર** | | |
| ૧. | રોજગારીનું નહીં - જ્વલંત કારકિર્દીનું ધ્યેય રાખો | — ભવેન કચ્છી | ૩ |
| ૨. | જેટલા પડકારો સંગીન - સફળતા એટલી જ રંગીન | — રમેશ તન્ના | ૬ |
| ૩. | સ્વયંના ભાવિના ઘડવૈયા તરીકેની વિદ્યાર્થીની વિશિષ્ટ ભૂમિકા | — પરિમલ દેસાઈ | ૮ |
| ૪. | લક્ષ્ય બનાવો... સિદ્ધિ મેળવો | — પ્રવીણ સોનારીયા | ૧૦ |
| ૫. | કારકિર્દી : એક નવી શરૂઆતનો અવસર | — તુષાર જોષી | ૧૨ |
| | **ધોરણ-૧૨ પછી કારકિર્દીની તકો** | | |
| ૧. | ઑનલાઈન એડ્‌મિશન : એક સમજ | — પ્રો. ગિરિશ બ્રહ્મભટ્ટ | ૧૫ |
| ૨. | ધોરણ-૧૨ સાયન્સ પછી કારકિર્દીની તકો | — રાજેન્દ્ર ઉપાધ્યાય | ૧૮ |
| ૩. | ધોરણ-૧૨ (સા.પ્ર.) બાદ મળતાં અભ્યાસક્રમો | — રાજેન્દ્ર ઉપાધ્યાય | ૨૬ |
| ૪. | ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ પછીના ડિગ્રી એન્જિનિયરીંગ, ડિગ્રી / ડિપ્લોમા ફાર્મસીના અભ્યાસક્રમો | — પ્રો. (ડૉ.) એમ. એન. પટેલ | ૩૪ |
| ૫. | બોર્ડના પરિણામો બાદ પ્રવેશ માટેની મહત્ત્વની વેબસાઈટ્સ | — | ૩૭ |
| ૬. | એન્જિનિયરીંગ (ડિગ્રી)ની મહત્ત્વની શાખાઓમાં વર્તમાન ટ્રેન્ડ | — આર. એન. કોટક | ૩૮ |
| ૭. | ‘‘ધોરણ-૧૨ સાયન્સમાં ઓછા ટકા આવે તો...?’’ | — શ્રીમતી જયશ્રીબહેન વી. ઠક્કર | ૪૧ |
| ૮. | વિજ્ઞાનના શિક્ષણ અને સંશોધનની ભારતની શ્રેષ્ઠતમ સંસ્થા : IISER | — નિસર્ગ દેસાઈ | ૪૫ |
| ૯. | પંડિત દીનદયાળ પેટ્રોલિયમ યુનિવર્સિટી | — તરૂણ શાહ | ૪૮ |
| ૧૦. | ‘નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ડિઝાઈન’ના અભ્યાસક્રમો | — એસ. આર. વિજયવર્ગીય | ૫૦ |
| ૧૧. | ‘સેપ્ટ’ના અભ્યાસક્રમો | — એસ. આર. વિજયવર્ગીય | ૫૪ |
| ૧૨. | પ્રોફેશનલ અભ્યાસક્રમો - ICWA/CA/CS | — શ્રીમતી એસ. એચ. ડોડા | ૫૭ |
| ૧૩. | ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટી | — ડૉ. ડોલી જબ્બલ | ૫૯ |
| ૧૪. | ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી | — શ્રીમતી એસ. એચ. ડોડા | ૬૦ |
| ૧૫. | સુરક્ષા ક્ષેત્રે કારકિર્દી : રક્ષા શક્તિ યુનિવર્સિટી | — પ્રજ્ઞેશ પારેખ | ૬૩ |
| ૧૬. | ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટીચર એજ્યુકેશન | — મધુસુદન મકવાણા | ૬૭ |
| ૧૭. | સ્પોર્ટસ યુનિવર્સિટીના મહત્ત્વના અભ્યાસક્રમો | — ડૉ. જતીન સોની | ૬૯ |
| ૧૮. | ચિલ્ડ્રન યુનિવર્સિટી : ગાંધીનગર | — ડૉ. ઘનશ્યામ રાવલ | ૭૧ |
| ૧૯. | ડો. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં ઉચ્ચ શિક્ષણની તકો | — ડૉ. મૌનસ ઠાકર | ૭૩ |
| ૨૦. | ધોરણ-૧૨ પછી લેવાતી વિવિધ પ્રવેશ પરીક્ષાઓ | — ડૉ. રમેશ જ. ભાયાણી | ૮૨ |
| ૨૧. | સાયન્ટિસ્ટ કેવી રીતે બની શકાય ? | — આર. એન. કોટક | ૮૮ |
| ૨૨. | એન્વાયરમેન્ટલ સાયન્સ | — રાજેન્દ્ર ભાવિનભાઈ ઉપાધ્યાય | ૯૦ |
| ૨૩. | સાઈબર વર્લ્ડમાં ક્રાઈમ ડિટેક્ટર ક્ષેત્રે કારકિર્દી | — આર. એન. કોટક | ૯૨ |
| ૨૪. | ફેશન ડિઝાઈન | — શ્રીમતી સુધાબહેન ડી. પટેલ | ૯૪ |

# અનુક્રમણિકા


| ક્રમ | વિષય | લેખક | પાન નં. |
|---|---|---|---|
| ૨૫. | ડેરી ઉદ્યોગ | – શ્રીમતી જયશ્રીબહેન વી. ઠક્કર | ૯૬ |
| ૨૬. | જાહેર વહીવટ ક્ષેત્રે કારકિર્દી | – ડૉ. પૂજા કોટક | ૯૮ |
| ૨૭. | CMAT આપી MBA-MCAમાં પ્રવેશ મેળવો... | – કશ્યપ ધોળકિયા | ૯૯ |
| ૨૮. | કૃષિના વિવિધ અભ્યાસક્રમો અને રોજગારીની તકો | – ડૉ. કે. બી. જાડેજા | ૧૦૨ |
| ૨૯. | બાયો-ટૅકનૉલૉજી / નેનો ટૅકનૉલૉજી | – ડૉ. પૂજા કોટક | ૧૦૮ |
| ૩૦. | ફિઝિક્સ અને એસ્ટ્રોનોમીમાં કારકિર્દી | – વિશાલ પટેલ | ૧૧૭ |
| ૩૧. | ઈન્ડસ્ટ્રીયલ સેફ્ટીમાં અવ્વલ કારકિર્દી | – વિશાલ પટેલ | ૧૧૯ |
| ૩૨. | અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશનના શોર્ટ કોર્સ | – જિજ્ઞેશ ચુનારા | ૧૨૦ |
| ૩૩. | હોટલ અને ટુરિઝમ મેનેજમેન્ટ | – શ્રીમતી સુધાબહેન ડી. પટેલ | ૧૨૧ |
| ૩૪. | પત્રકારત્વમાં પડકારરૂપ કારકિર્દી | – શ્રીમતી જયશ્રીબહેન વી. ઠક્કર | ૧૨૩ |
| ૩૫. | અન્ય અભ્યાસક્રમો ઉપર એક નજર | – | ૧૨૬ |
| | **ધોરણ-૧૦ પછી કારકિર્દીની તકો** | | |
| ૧. | ધોરણ-૧૦ (S.S.C.)પછી કારકિર્દીની તકો | – રાજેન્દ્ર ઉપાધ્યાય | ૧૨૯ |
| ૨. | ધોરણ-૧૦ પછી મળતા એન્જિનિયરીંગ ડિપ્લોમા અભ્યાસક્રમ | – પ્રિ. ડી. એસ. દવે | ૧૩૮ |
| ૩. | આઈ.ટી.આઈ.ના પ્રોફેશનલ કોર્સિસ | – એ. સી. મુલીયાણા | ૧૪૦ |
| ૪. | એપ્રેન્ટિસશીપ તાલીમ યોજના | – પી. એ. મીસ્ત્રી | ૧૫૦ |
| ૫. | કૌશલ્ય વર્ધન કેન્દ્રો | – વી. એસ. ચંપાવત | ૧૫૩ |
| ૬. | ઓવરસીઝ એમ્પ્લોયમેન્ટ એન્ડ કેરીયર ઈન્ફર્મેશન સેન્ટર | – એન. કે. પટેલ | ૧૫૫ |
| ૭. | ફાયર ફાઈટીંગ | – શ્રીમતી સુધાબહેન ડી. પટેલ | ૧૫૭ |
| ૮. | ગુજરાત નોલેજ સોસાયટીના ઉપયોગી અભ્યાસક્રમો | – શ્રીમતી સુધાબહેન ડી. પટેલ | ૧૫૯ |
| ૯. | જેમ્સ – જ્વેલરી ક્ષેત્રે કારકિર્દી | – શ્રીમતી એસ. એચ. ડોડા | ૧૬૩ |
| ૧૦. | સી-ડેકના અભ્યાસક્રમો | – જગદીશ પટેલ | ૧૬૬ |
| ૧૧. | ધોરણ-૧૦ આધારિત ભરતીની તકો | – શ્રીમતી પી. આર. કોટક | ૧૬૮ |
| ૧૨. | અન્ય વિકલ્પો ઉપર એક નજર | – વિશાલ પટેલ | ૧૭૧ |
| ૧૨. | મહત્ત્વની ટીટબીટ્સ | – પ્રવીણ સોનારીયા | ૧૭૨ |
| | **સ્વરોજગારી સંલગ્ન વિશેષ માહિતી** | | |
| ૧ | સ્વરોજગાર દ્વારા કારકિર્દી | – બી. ડી. જોબનપુત્રા | ૧૭૫ |
| ૨ | ઉચ્ચ અભ્યાસ માટે સહાયરૂપ : 'એજ્યુકેશન લોન' | – એસ. આર. વિજયવર્ગીય | ૧૮૯ |
| ૩ | શિષ્યવૃત્તિની નવી યોજનાઓ | – એસ. આર. વિજયવર્ગીય | ૧૯૨ |
| ૪ | IAS / IPS બનવાની રણનીતિ | – પંકજ ઔંધિયા | ૧૯૬ |
| ૫ | મહત્ત્વની વેબસાઈટ્સ | – | ૨૦૦ |

વિકસતા ને વિસ્તરતા જઈએ...
હવે તો નવી સીમાઓ રચીએ...

## કારકિર્દીનો માર્ગ : જીવનની સફળતાનો આધાર

જીવન સ્વયંના ઘડતરનો-વિકાસનો એક બહુમૂલ્ય અવસર છે. જીવન અનહદ્ સંભાવનાઓનો સંપૂટ છે. તેને સાકાર કરવા ભીતરની શક્તિનો અને સમયનો યથાર્થ ઉપયોગ કરવો એ વિદ્યાર્થીની પાયાની ભૂમિકા છે, શિક્ષણનો મૂળભૂત ઉદ્દેશ છે. જીવનને નિરર્થક કે લક્ષ્યહીન જીવી જવું એ સ્વયંનું જ અપમાન છે.

સ્વજનો અને સમાજ ગૌરવ લઈ શકે તેવા ઉમદા વ્યક્તિ તરીકે સ્વયંનું ઘડતર કરવાનું છે. આત્મસંતોષ અને આનંદની અનુભૂતિ આપતી ઊંચાઈ પર જીવનને લઈ જવાનું છે. કારકિર્દીની દિશા અને જીવન ઘડતરના માર્ગ પર યશસ્વી પ્રયાણ માટે વિદ્યાર્થીઓને શુભકામનાઓ.

## આ વિભાગમાં જુઓ...


| | પા.નં. |
|---|---|
| ● રોજગારીનું નહીં - જ્વલંત કારકિર્દીનું ધ્યેય રાખો | ૩ |
| ● જેટલા પડકારો સંગીન - સફળતા એટલી જ રંગીન | ૬ |
| ● સ્વયંના ભાવિના ઘડવૈયા તરીકેની વિદ્યાર્થીની વિશિષ્ટ ભૂમિકા | ૮ |
| ● લક્ષ્ય બનાવો... સિદ્ધિ મેળવો | ૧૦ |
| ● કારકિર્દી : એક નવી શરૂઆતનો અવસર | ૧૨ |

# ૧ રોજગારીનું નહીં - જ્વલંત કારકિર્દીનું ધ્યેય રાખો

– ભવેન કચ્છી

પ્રાઈમરી સ્કૂલમાં એડમિશન મેળવવા માગતા બાળકને ઈન્ટરવ્યૂમાં ઘણી વખત પેચીદો સવાલ પૂછવામાં આવે છે કે મોટો થઈ તું શું બનવા માંગે છે ?

હજુ એબીસીડી કે એકથી દસના આંકડાનું જીવનમાં મહત્ત્વ શું છે તેની પણ જેને ગતાગમ હોય નહીં તેવાં આ બાળકો તેમના વાલીએ ગોખાવેલ ઉત્તર આપે છે. કોઈ બાળક કહેશે હું ડૉકટર બનીશ તો કોઈ લોયર, એન્જિનિયર બનવાનું જણાવશે.

બાળક તો શું અત્યારે ૧૫ વર્ષના કિશોરને કે તેના ૫૦ વર્ષના પપ્પાને પણ ભણીને તે શું થઈ શકાય તેના વિકલ્પોની ખબર નથી.

ઈન્ફર્મેશન અને ટૅકનોલૉજીના આ જમાનામાં ભારતના વિદ્યાર્થીઓ કે વાલીઓને ૨૧મી સદીમાં રહેવું હોય તો કેવી લાઈન્સ વિકસી છે તેની ખબર કે દિલચશ્પી નહીં હોવાથી ૫૦ વર્ષથી એક જ પ્રકારની મેન્ટાલીટી જોવા મળે છે.

જો વિદ્યાર્થી ખૂબ હોંશિયાર હોય અને તેના ઘણા વધારે ટકા આવતા હોય તો તેને ડૉકટર જ બનાવાય છે. થોડાક ટકા ઓછા હોય તો એન્જિનિયર બનાવાય છે. તેમાંય વળી પાછા ટકાની માત્રા પ્રમાણે એન્જિનિયરની જુદી જુદી શાખાઓમાં પસંદગી અપાય છે. અમુક ટકા હોય એટલે મિકેનિકલ, વધારે હોય તો ઈલેક્ટ્રોનિક્સ, થોડા ઓછા ટકા હોય તો ઈલેક્ટ્રિકલ કે પછી સિવિલમાં પ્રવેશ લઈ શકાય છે.

તો બી.કોમ., બી.એસસી. થાય તો સૌથી પહેલા ગવર્નમેન્ટ, બેન્ક, વીમા, જીઈબી જેવી સરકારી, અર્ધસરકારી સંસ્થાઓમાં ક્લાર્ક બનવા માટે પડાપડી થાય છે. જો આવી નોકરી મળે તો તેને નસીબદાર કહેવાય છે.

માસ્ટર ડિગ્રી અને કોઈની ઓળખાણ વિના શિક્ષક કે લેકચરર થઈ જવાય તો પછી ગંગા નાહ્યા. તો ઘણા ગ્રેજ્યુએટ્સ આ નોકરી ન મળે ત્યાં સુધી માર્કેટીંગ કરે છે કે પછી સી.એ., સી.એસ.નાં ફોર્મ ભરી એકાદ બે વર્ષ ચાન્સ લે છે.

આખરી પસંદગી તરીકે ખાનગી કંપનીમાં ક્લાર્ક, એકાઉન્ટન્ટ વગેરે બને છે.

એકંદરે કહેવાનું એટલું જ કે આપણા વિદ્યાર્થીઓને તેમજ વાલીઓને એક જ સૂત્રની ખબર હોય છે કે ૧૨મા ધોરણ સુધી ડૉકટર, એન્જિનિયર બનવા કાળું ધોળું બધું જ કરી નાખવું અને જો તેમાં ફાવીએ નહીં તો ગ્રેજ્યુએટ બની સલામત નોકરી શોધી લેવી. શરૂમાં કારકુની કરતાં ઉચ્ચ અભ્યાસ કરવો અને બાકી ધીમે ધીમે નાઈન ટુ ફાઈવની જોબમાં સેટ થઈ જવું.

ડૉકટર કે એન્જિનિયર, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, કોસ્ટ એકાઉન્ટન્ટ કે એમબીએ બનાય તો ઉત્તમ, પણ માની લો કે તેમાં સફળ થઈએ નહીં તો ઘણા વિદ્યાર્થીઓ ને વાલીઓ જાણે જીવનનો અંત આવી ગયો તેમ મોં વકાસીને ફરે છે તે ભૂલભરેલું છે.

હવે મોટાં શહેરોમાં એવા બ્રિલિયન્ટ ને બાહોશ વિદ્યાર્થીઓ કે ગ્રેજ્યુએટો છે જે આ રૂઢિચુસ્ત શૈક્ષણિક લાઈન્સની પરંપરાને વટ કે સાથ તોડી રહ્યાં છે.

ડૉકટરીમાં એડમિશન મળી શકે તેમ હોવા છતાં ઈલેકટ્રોનિક્સ એન્જિનિયર કે પછી ફૂડ પ્રોસેસિંગ જેવી શાખામાં વધુ પ્રભુત્વ મેળવવાનું તેઓ પસંદ કરે છે. ક્રિકેટનો જાણીતો એવો કોમેન્ટ્રેટર હર્ષ ભોગલે અમદાવાદની આઈઆઈએમમાંથી એમબીએ થયો છે પણ તેને ક્રિકેટ કોમેન્ટ્રીમાં રસ-રૂચિ હોઈ તે એક માત્ર એવો ટીવી કોમેન્ટ્રેટર બની શક્યો છે કે જે ભૂતપૂર્વ ક્રિકેટર ન હોય છતાં એક મેચની કોમેન્ટરી આપવાના તેને ખાસ્સા રૂપિયા મળે છે. એમબીએની નોકરી કરતો હોત કદાચ આ રકમ બે-ત્રણ મહિનાના પગાર જેટલી થાત.

એમબીએના અભ્યાસનો ઉપયોગ તે સ્પોર્ટસ અને એડવર્ટાઈઝીંગ કંપનીઓને કન્સલ્ટન્સી આપીને કરે છે. કહેવાનું એટલું જ કે ટેલેન્ટ હોય, કોઈ ક્ષેત્રમાં શોખ હોય તો પરંપરા તોડી તેમાં ભણવાનો કે નોકરી કરવાનો સિદ્ધાંત હવે નવી પેઢી અપનાવવા માંડી છે જૂની પેઢીએ આ પાયાને સમજવો જોઈએ.

માની લો કે ટકાના આધારે કોઈ વિદ્યાર્થીને એન્જિનિયરિંગમાં કેમિકલ શાખામાં એડમિશન મળ્યું છે. સિવિલમાં તેના કરતાં ઓછા ટકે એડમિશન મળે અને તેને ભવિષ્યમાં બાંધકામ ઉદ્યોગ પ્રત્યે વિશેષ રૂચિ હશે તો પણ

તેના તો વધારે ટકા છે. કેમિકલમાં આટલા ટકે મળે છે તો તેમાં જ લેવું જોઈએ તેવી મેન્ટાલીટીનો હવે જમાનો નથી.

દરેક વ્યક્તિને કુદરતે કંઈક ને કંઈક આવડત, શોખ, રૂચિ કે ટેમ્પરામેન્ટ આપેલો છે. તેને શોધી કાઢવો જોઈએ અને તેને અનુરૂપ નોકરી કે વ્યવસાય કરે તો તેમાં તે પરંપરાગત રૂઢિવાદી તરીકે મળેલી એડમિશનની લાઈન કરતાં નિશ્ચિત રીતે દીપી ઊઠશે અને તે માટે જુનવાણી જમાનાની દૃષ્ટિએ મેડલ મળે કે ન મળે તેની પરવા કરવાની જરૂર નથી.

તમે બીજાની નજરે નહીં તમારી નજરે સુખી કે સંતુષ્ટ હોવા જોઈએ. ઘણા યુવાનો કારકિર્દી માર્ગદર્શન દરમિયાન એક મહત્ત્વનો સવાલ પૂછતા હોય છે કે અમને જુદા જુદા વિષયો પૈકી અમુકમાં રસ કે કારકિર્દીનું ઘડતર કરવું છે પણ અમને પોતાને જ ખબર નથી કે ડૉકટર, એન્જિનિયર, એમબીએ, સીએ,સી.એસ. લેકચરરથી માંડી ક્લાર્ક બનવા સિવાય બીજા કોઈ ક્ષેત્રો હોઈ શકે.

આવા વિદ્યાર્થીઓને એટલું જ કહેવાનું કે તમે તમારી આજુબાજુ નજર ફેરવો. લોકો કેટલી અવનવી રીતે નોકરી, વ્યવસાયમાં નવો ચીલો પાડે છે.

દિલ્હીના જયેન્દ્ર અને નીતીને બી.કોમ. ગ્રેજ્યુએશન કર્યું છે પણ તેઓને એક જ ઇચ્છા હતી કે અમેરિકન સ્ટાઈલનું અદ્યતન ફાસ્ટફૂડ પાર્લર બનાવવું. તેઓ અન્ય શાખામાં પ્રવેશ મેળવી શકે તેવા હોંશિયાર હતા છતાં લોન લઈ, નવી દૃષ્ટિ ઉમેરી તેઓએ પાર્લરને વિકસાવ્યું. આજે તેમણે એક સી.એ., બે એમ.બી.એ. સ્નાતકો તેમજ પાંચ ગ્રેજ્યુએટોને નોકરી નાખ્યા છે.

જુની પેઢીના માણસો ત્યાં નોકરી કરતાં ચાર્ટર્ડ એકાઉન્ટન્ટનું જ ઉદાહરણ આપશે પણ નવી દૃષ્ટિ કેળવી આપણે જયેન્દ્ર-નીતિનની પીઠ થાબડવી જોઈએ.

આવી જ રીતે દીપક સી.એ. થશે જ તેવી ઉજ્જવળ કારકિર્દી હતી પણ તેને લગ્ન, શુભ પ્રસંગોમાં કે સમારંભોમાં અદ્યતન દૃષ્ટિકોણથી ભોજન અયોજન તૈયાર કરી આપતી કેટરીંગ લાઈનમાં રસ હતો. તેણે હોટલ મેનેજમેન્ટમાં પ્રવેશ મેળવ્યો. આજે તે કેનેડાના સફળ 'કેટરર' તરીકે કંપની સ્થાપી ચૂક્યો છે.

ટીવીમાં કે પોપ સંગીતમાં કામ કરતા ઘણા કલાકારો ભણ્યા છે કે ભણી શક્યા હોત, છતાં કંઈક પણ બન્યાં છે તેઓને જેમાં રસ, રૂચિ છે તેમાં.

યાદ રહે તેઓ માત્ર મુંજીની જેમ કે ચવાણું ખાઈને જીવન નથી જીવતા પણ પોતાની આવડતને કારકિર્દીમાં ઝળહળતો ટચ આપી ક્લાસ વન ઑફિસર કે એમબીએ ભણેલા જેટલા જ કમાય છે અને તેઓનું આગવું નામ છે.

૧૫ કલાકનું કામ કરતાં પણ તેઓ એવરગ્રીન રહે છે. કારણ કે તેઓ તેમની રૂચિનું કામ કરે છે. આવા રસ રૂચિ સાથે સંકળાયેલ કેટલાંક ક્ષેત્રો પર ઊડતી નજર નાખવા જેવી છે.

**કમ્પ્યુટર :** સોફટવેર નિષ્ણાતની અમેરિકામાં બહુ ડિમાન્ડ છે. ભારતમાં પણ સોફ્ટવેર પ્રોફેશનલ્સની આગામી દસ વર્ષ સુધીમાં ડિમાન્ડ રહેવાની છે.

આ ઉપરાંત સિસ્ટમ એન્જિનિયર, સિસ્ટમ એનાલિસ્ટની પણ ડિમાન્ટ છે. તેવી જ રીતે ડેટાબેઝ પ્રોગ્રામિંગ, ડેટાબેઝ મેનેજમેન્ટમાં એપ્લિકેશન્સ ડેવલપર, એપ્લિકેશન પ્રોગ્રામરને અવકાશ છે.

હાર્ડવેર સર્વિસિંગ માર્કેટિંગમાં પણ વિપુલ તક છે.

**ઈન્ટરનેટ :** જોબ પેજ, વેબસાઈટ તૈયાર કરી આપવી. વેબ ડિઝાઈનીંગ, વેબ મેઈન્ટેનન્સ, પર્ફોર્મન્સ મોનીટર, વેબ ઈન્ટિગ્રેટસ જેવાં કાર્યો છે. જેઓને સોફ્ટવેરમાં રૂચિ છે પણ જર્નાલિસ્ટ જેવી સર્જનાત્મકતા સેલ્સમેન જેવી ગ્રાહક પરખ તેમજ વિઝ્યુલાઈઝર જેવી ડિઝાઈન સુઝ છે તેઓ આગામી ૨૫ વર્ષમાં ન્યાલ થઈ જશે.

**ટેલિકોમ :** કોમ્પ્યુનિકેશનના આ જમાનામાં ૩૬૦૦૦ કરોડ રૂપિયાનું આ ક્ષેત્ર છે. મોબાઈનલ ફોન, સેટેલાઈટ ફોન અતિ આધુનિક ઈલેક્ટ્રોનિક્સ એક્સચેન્જ ચલાવવાને, સંભાળવા ડેટા અને ટેલિકોમ નેટવર્કના નિપુણ લોકો જોઈશે. જેમાં સાધનો ઈન્સ્ટોલ કરવાથી માંડી નેટવર્ક ખડું રાખવાનું અનિવાર્ય બનશે. ટેલિકોમ ક્ષેત્રે મેનેજમેન્ટ, ઈલેક્ટ્રોનિક્સ માર્કેટિંગ મેઈન્ટેનન્સ, ટેકનિકલ નિષ્ણાતો તમામ લેવલે જોઈશે.

**ફેશન ડિઝાઈનીંગ :** ડિઝાઈન ડ્રેસ પહેરનારાઓનું પ્રમાણ વધતું જ જવાનું છે. આ ઉપરાંત રેડીમેડ કપડાં બનાવતી નેશનલ, મલ્ટી નેશનલ કંપનીઓ કે પછી ટેક્સટાઈલ કંપનીઓ કે પછી ટેક્સટાઈલ કંપનીઓને જમાના, રાજ્ય કે દેશ પ્રમાણે ડ્રેસની પેટર્ન કે ડિઝાઈન કરી આપનારા નિષ્ણાતોની તાતી જરૂર છે. ડિઝાઈન એક્ઝિક્યુટીવની ઊંચા પગારની નોકરી કે પોતાનો ધંધો પણ થઈ શકે.

**જ્વેલરી ડિઝાઈનીંગ :** ડ્રેસની જેમ જ જ્વેલરી ડિઝાઈનીંગનું આગવું મહત્ત્વ છે. જ્વેલરીના ધનાઢ્ય ગૃ હો, કંપનીઓ, લગ્ન પાર્ટી, ફેસ્ટીવલ, ઉત્પાદકો, વિદેશી કંપનીઓ, ચાહકો આ ક્ષેત્રમાં ખાસ્સી તંગી અનુભવે છે.

જેમ્સ, સ્ટોન, ડાયમંડ ગોલ્ડ, મેટલ્સનાં પારખુઓની પણ દુનિયા છે.

ઈન્ટિરીયર ડિઝાઈનીંગ, આર્કિટેકચર કન્સ્ટ્રકશન કંપની, કોર્પોરેટ જગત, હોમ ડેકોર પ્રોડક્ટ બનાવતી કંપનીઓમાં ઉચ્ચ પગારે નોકરી મળી શકે અને પોતાનો સ્વતંત્ર વ્યવસાય પણ થઈ શકે.

**ટીવી એડ. વર્લ્ડ :** પડદા પર કે પડદા પાછળના કામમાં નિપુણતા મેળવી શકાય. તેવી જ રીતે એનિમેશન, મલ્ટિ મીડિયા, કાર્યક્રમ સંચાલક વીજે ઈન્ટરવ્યૂ નિષ્ણાત. જાહેરાત માટે કોપીરાઈટર, વિઝયુલાઈઝર જેવી શાખા-પ્રશાખા છે.

**જર્નાલિઝમ :** પ્રિન્ટ, ટીવી, રેડિયો, માધ્યમના જુદા જુદા વિભાગોમાં ન્યૂઝ, વ્યૂઝ કે મેગેઝિન, ફીચર્સમાં રૂચિ પ્રમાણે પત્રકાર, સંપાદક પ્રોડ્યુસર બની શકાય.

શ્રેષ્ઠ વેબસાઈટ પણ સારો પત્રકાર તૈયાર કરી શકે છે કેમ કે, તેમાં સર્જનાત્મક ને નાડ પારખવાનું પાસું જરૂરી છે. જેઓ વિશેષ પ્રતિભા ધરાવે છે તેઓ વિશેષ પ્રગતિ કરી બતાવે છે.

કમ્પ્યુટરને કારણે હવે કોઈ પોતાનું નાનું છાપું કે મેગેઝિન પણ ઘેર બેઠાં વાંચી શકે છે. ગ્રાફિક ડિઝાઈનર્સની પણ ડિમાન્ડ છે.

**લૉ :** કાયદાનું ભણીએ એટલે માત્ર વકીલ જ થવાય તેવું નથી. સોલિસિટર ફર્મ, કંપનીઓ, મોટી સંસ્થાઓ, નાણાકીય સંસ્થાઓમાં લીગલ મેનેજર, લીગલ ઓફિસર, એસોસિએટ ઈન લો, કન્સલ્ટન્ટ, ડાયરેકટર કે વાઈસ પ્રેસિડેન્ટ-લૉ એન્ડ લેબર જેવા કાર્યોનો પણ સ્કોપ છે. તો પેટન્ટ, ઈન્ટેલેક્ચ્યુઅલ પ્રોપર્ટી રાઈટ્સ, ગ્રાહકસુરક્ષાની નવી કેટલીયે કાયદાકીય શાખાઓની બોલબાલા છે.

**ફૂડ પ્રોસેસિંગ :** હોટલ, ડેરી, પાર્લર, ફૂડ બનાવતી કંપનીઓ, કૃષિવિષયક પ્રોડક્ટ બનાવતી કંપનીઓ વેજીટેબલ ફૂડને પ્રોસેસ કરી પ્રોડક્ટ વેચતી નેશનલ મલ્ટીનેશનલ કંપનીઓ ને ડેરી, ફૂડ ટૅકનોલૉજીસ્ટની આગવી માંગ છે.

**કાઉન્સેલિંગ :** સેવાભાવી સંસ્થાઓ, અપંગો, અંધો, રક્તપિત્ત, ગણિકાઓ, બાળમજૂર પીડિત મહિલાઓના પૂનઃ વસવાટ કેન્દ્રોને કઈ રીતે કામ કરવું તેની નિષ્ણાતો દ્વારા સલાહ અપાય છે. આધ્યાત્મિક સંસ્થાઓને તનાવ, ધ્યાનયોગ સંબંધી માર્ગદર્શકોની જરૂર રહે છે. માનસિક રોગીઓ, વ્યસનીઓ કે પછી કંપનીના જુદા જુદા વિભાગોને ફ્રેન્ડ તેમજ ફિલોસોફર જેવો માર્ગદર્શક જોઈએ છે.

આ ઉપરાંત હોસ્પિટલ મેનેજમેન્ટ, કોસ્મેટિક, ડેન્ટીસ્ટી, બ્યૂટી પાર્લર, ફીટનેસ સેન્ટર, કોસ્મેટિક નિષ્ણાત જેવી કેટલીયે આધુનિક શાખાઓ છે જેમાં કમાણી સર્જનાત્મકતાને મૂલ્યનિષ્ઠ મેળવણીવાળું કાર્ય છે.

હવે તો ચિત્રકારો, પેઈન્ટરો, સંગીતકાર, ગાયકો, કવિઓ બધા જ તેમની આવડતને કારકિર્દીમાં ઢાળી શકે છે.

તેવી જ રીતે એવોર્ડ સમારંભો, જાહેર સમારંભો, લગ્નો કે મનોરંજક કાર્યક્રમોનું સ્ટેજ પર અને સ્ટેજની નીચે તે સફળ થાય તે માટે ઈવન્ટ મેનેજમેન્ટનો પણ આજકાલ મહિમા વધ્યો છે.

ઉપરોક્ત તમામ કોર્સ મોટા ભાગનાં શહેરોમાં ખાનગી કે માન્ય સંસ્થાઓ દ્વારા ચાલે છે.

બાળકને અત્યારથી જ ડૉકટર બનાવવાનું ગોખાવો નહીં, બીજા ૨૦ વર્ષમાં બીજી ૨૦૦ નવી શાખાઓ ખુલી હશે. માત્ર તેમની રૂચિ પર નજર રાખો ને તેને વાતાવરણ તેમજ જે કંઈ પણ કરે તે માટે આત્મવિશ્વાસ આપો. તેની બીજા કોઈની લાઈન જોડે તુલના કરશો નહીં.

દરેક કાર્યને પોતાનું આગવું ગૌરવ હોય છે અને સમાજ આ તમામ કાર્યો થકી જ ચાલતો હોય છે.

એમ-૭૦૪, અર્જુન ટાવર,
સુભાષ ચોક પાસે,
મેમનગર, અમદાવાદ-પર.



# ૨ જેટલા પડકારો સંગીન, સફળતા એટલી જ રંગીન

*– રમેશ તન્ના*

ક્યાં જવું છે તેનો નિર્ધાર પાકો હોય, ધ્યેય મેળવીને જ ઝંપીશું તે સંકલ્પ સાચો હોય તો મોટા મોટા પડકાર ખુદ ઘુંટણિયે પડીને કહે, આગળ વધો, સર...

જીવનમાં સફળતા માટે બે બાબતો અવશ્ય નહીં અનિવાર્ય છે.

(૧) યોગ્ય સમયે યોગ્ય નિર્ણય લેવો.

(૨) નિર્ણય લીધા પછી કોઈ પણ સંજોગોમાં તેને મક્કમતાથી વળગી રહેવું.

એવું કહેવાય છે કે કોઈપણ સફળતાનું પ્રવેશદ્વાર છેઃ યોગ્ય નિર્ણય. જીવનના રસ્તાઓ સીધાસાદા અને એકલીટીમાં જતા હોય તેવા નથી હોતા, અને ના જ હોવા જોઈએ. જો એવું હોય તો જીવન કેવી રીતે કલરફૂલ બને? જીવનની અનિશ્ચિતતા જ જીવને રંગીન અને સંગીન બનાવે છે. ધાર્યું બને તેના કરતાં અણધાર્યું વધારે બને તેનું નામ જ જીવન. હવે શું થવાનું છે તેની ખબર ના હોય ત્યારે જ જીવવાની વધુ મજા આવે અને એક માણસ તરીકે તમે કેટલા પાકા છો તેની સાચી કસોટી છે.

જીવનમાં વ્યક્તિને જુદા જુદા તબક્કે અનેક નિર્ણય કરવાના હોય છે. એમાં સોથી અગત્યનો નિર્ણય હોય છે કારકિર્દી અંગેનો. કારકિર્દી અંગેનો નિર્ણય લેવાનું કામ સૌથી કપરું હોય છે. ધોરણ-૧૦ કે ૧૨ પાસ કરેલી વ્યક્તિની વય ૧૬ કે ૧૮ વર્ષની હોય છે. મનોવૈજ્ઞાનિકો આ વયને મુગ્ધાવસ્થા તરીકે ઓળખે છે. આ અવસ્થામાં જો વિદ્યાર્થીએ પોતે જ સ્વતંત્ર રીતે નિર્ણય કર્યો હોય તો કેટલીક વખત જવાનું હોય ડાબી બાજું અને વળી ગયા જમણી કોર, એવો ઘાટ થતો હોય છે. એ વખતે માતાપિતા, શિક્ષકો, જે તે ક્ષેત્રના તજજ્ઞ કે કાઉન્સિલર સાથે ચર્ચા કરીને નિર્ણય લેવાનું સલાહભર્યું હોય છે. આપણે પોતે શું કરવું છે અને ક્યાં જવું છે એ નક્કી હોય તો સૌથી ઉત્તમ. ક્યારેક એવું બની જતું હોય છે કે વ્યક્તિ પોતે નાનપણથી જ ગોલ નક્કી કરી લે છે કે મારે આ જ કરવું છે કે મારે આ જ બનવું છે. અલબત્ત, ઘણા ઓછા કેસમાં આવું બનતું હોય છે.

કારકિર્દીની પસંદગીમાં બીજી એક વાત છે કે ક્યારેક કોઈનાથી અંજાઈને નિર્ણય ના કરવો. જે અંજાય છે તે છેતરાય છે. કારકિર્દી અંગેનો નિર્ણય અંજાયેલો નહીં, પણ મંજાયેલો જ હોવો જોઈએ. મંજાયેલો એટલે કે બધી જ બાજુથી વિચાર કરીને લેવાયેલો નિર્ણય.

આમ તો આ બધી બાજુઓ એટલે ઘણી બધી બાજુઓ, પણ જે મુખ્ય બાજુઓ છે તે આ રહી :

(૧) બીજાનું છોડો, તમને પોતાને કયા ક્ષેત્રમાં રસ છે ? તમારે ડૉકટર, એન્જિનિયર થવું છે ? પાયલોટ બનવું છે ?, અભિનેતા થવું છે ? કારકિર્દીમાં સૌથી મોટામાં મોટી વાત છે તમારી પોતાની પસંદગી. આમીરખાનની થ્રી ઈડિયટ ફિલ્મ યાદ છે ? ત્રણ પૈકીના એક ઈડિયટને ફોટોગ્રાફર બનવું હોય છે પણ તેનાં માતાપિતા તેને પરાણે એન્જિનિયર બનાવવા મથે છે. જો કે છેવટો તો તે શ્રેષ્ઠ ફોટોગ્રાફર જ બને છે. તમે કેવા ઈડિયટ છો તે તમારે નક્કી કરી લેવાનું. આપણને કયા ક્ષેત્રમાં સૌથી વધુ રસ પડે છે તે બરાબર તપાસી લેવાનું.

(૨) ઘણા લોકો એકશન રિએકશનથી વધુ જીવતા હોય છે. પોતે શું બનવું તેવો ગંભીર નિર્ણય બીજા શું બની રહ્યા છે તે જોઈને ના લેવાય. તેમાં ક્યારેક ખરેખર બની જવાય. (એટલે કે છેતરાઈ જવાય.) બીજાના નિર્ણયોની પાછળ તેમના પોતાના કારણો અને પરિબળો હોઈ શકે. આપણે જો તેમના વાદેવાદે નિર્ણય કરીએ તો થાય એવું કે જીવન તમારું અને નિર્ણય એમનો. બોલો, આવે કોઈ મજા. બીજા બધામાં કોપી પેસ્ટ ચાલે, જીવનમાં ના ચાલે. ટૂંકમાં આપણો નિર્ણય આપણે પોતે જ લેવાનો.

(૩) આપણે આપણી પછેડીનું માપ જોઈને પગ લાંબા કરવાના. આપણે ઘરની સ્થિતિ, જે તે વિષયમાં ભણવામાં લાગનારો સમય, એ માટે થનારો ખર્ચ આ બધી બાબતોને ધ્યાનમાં રાખીને જ નક્કી કરવાનું કે આપણે કઈ લાઈન પસંદ કરવી. આપણે ભણવામાં ખૂબ જ તેજસ્વી હોઈએ પણ જે લાઈનમાં આપણે આગળ વધવું હોય તે લાઈનમાં ભણવા માટે થનારો ખર્ચ આપણા પરિવારને

પોષાય તેમ ના હોય કે એટલો સમય ના હોય... એટલે આ બધા મુદ્દાઓને ધ્યાનમાં રાખીને કારકિર્દી અંગેનો નિર્ણય કરવાનો.

(૪) હતાશ કે નિરાશ કે નાસીપાસ નહીં થવાનું. આપણા જીવનના એકાઉન્ટના ઈનબોક્ષમાં હતાશા, નિરાશા કે નાસીપાસ જેવા શબ્દોને ક્યારેય સ્થાન જ ના હોવું જોઈએ. ભૂલથી પણ જો જીવનના સ્ક્રીન પર આવા શબ્દો દેખાઈ જાય તો તરત જ તેને ડિલીટ કરી નાખવાના. ભગવાન આપણને જે સંજોગો આપે છે તે સંજોગોમાં જ આપણે શ્રેષ્ટ પરિણામ લવવાનું હોય છે.

શેખાદમ આબુવાલાનો આ એક શેર કાયમ યાદ રાખવાનો :

નાખો અમને જિંદગીની આગમાં,
આગને પણ ફેરવીશું બાગમાં,
સર કરીશું આખરે સૌ મોરચા,
મોતને પણ આવવા દો લાગમાં...

સો વાતની એક વાત. વિકટ સંજોગો આવે કે પછી અપેક્ષા પ્રમાણેનું પરિણામ ના મળે તો સહજ પણ ડર્યા કે ડગ્યા વિના વધારે મહેનત કરવાની. મિજાજ એવો રાખવાનો કે જીવનમાં પત્થરો મળે તો તેનાં પગથિયાં બનાવીને પ્રગતિ કરવાની. પાસ થવાય કે ના થવાય, નાસીપાસ તો કદી ના થવાય. એટલું યાદ રાખવાનું કે જે નાસીપાસ થાય, તે જીવનની પરીક્ષામાં ક્યારેય પાસ ના થાય. ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ એપીજે અબ્દુલ કલામ સાહેબે નાનપણમાં ફેરિયા તરીકે અખબારો નાખવાનું કામ પણ કર્યું હતું. ત્યાંથી છેક રાષ્ટ્રપતિપદ સુધી પહોંચી શક્યા.

બીજી એક વાત પણ ગાંઠે બાંધી રાખવા જેવી છે. જે આપણને ગમે તે મળે તેનું નામ સુખ અને જે આપણને મળે તે ગમે તેનું નામ આનંદ...

એક અગત્યની વાત એ છે કે એક વખત ખૂબ જ વિચારીને જે નિર્ણય કર્યો હોય તેને પછી વળગી રહેવાનું. એક વખત દિશા નક્કી કરી લીધી પછી ક્યારેય પાછા વળીને જોવાનું નહીં. જ્યાં સુધી મંઝીલ ના મળે ત્યાં સુધી જંપવાનું નહીં.

ઉદ્યોગપતિ રતન ટાટાએ એક વખત કહ્યું હતું કે હું સાચા નિર્ણયો લેવામાં માનતો નથી, નિર્ણયો કરીને પછી તેને સાચા પૂરવાર કરવામાં માનું છું. તો આ પણ એક મિજાજ છે.

શ્રેષ્ઠ પરિણામથી છકી જવું નહીં, નબળા પરિણામથી ડગી જવું નહીં. આપણાંમાં અખૂટ ઊર્જા પડેલી છે એ કદી ભૂલવું નહીં. આપણે કશુંક નવું, જુદું, સરસ, મક્કમ, નક્કર અને અસરકારક કરવા જન્મ્યા છીએ એ યાદ રાખીને સતત આગળ ધપતા જ રહેવું.

**તુલસી પત્ર :** નાનાં નાનાં સ્વપ્ન જોવાં એ તો ગુન્હો છે... - એપીજે અબ્દુલ કલામ (પૂર્વ રાષ્ટ્રપતિ, ભારત)

૩૦૨, યશ એકવા,
વિજય ચાર રસ્તા, નવરંગપુરા,
અમદાવાદ-૩૮૦૦૦૯



# 3 સ્વયંના ભાવિના ઘડવૈયા તરીકેની વિદ્યાર્થીની વિશિષ્ટ ભૂમિકા

*– પરિમલ દેસાઈ*

જીવન બસ એમ જ જીવી જવા માટે નથી. જીવન એક અવસર છે, સ્વયંના ઘડતરનો અવસર. જીવન અપાર સંભાવનાઓનો સંપૂટ છે. તેને સાકાર કરવા માટે ભીતરની શક્તિનો સ્રોત અને સમય પ્રત્યેકને મળેલી બહુમૂલ્ય સોગાદ છે. તેનો યથાર્થ ઉપયોગ એ પ્રાથમિક કર્તવ્ય છે. જીવનને બસ એમ જ નિરર્થક-લક્ષ્યહિન જીવી જવું એ સ્વયંનું જ અપમાન છે.

સ્વજનો અને સમાજ ગૌરવ લઈ શકે તેવા ઉમદા વ્યક્તિ તરીકે સ્વયંનું ઘડતર કરવાનું છે તથા આત્મસંતોષની અને આનંદની અનુભૂતિ આપતી ઊંચાઈ પર જીવનને દોરી જવાનું છે. સ્વયંનું ઘડતર અને જીવનને નવી ઊંચાઈ પર લઈ જવાની સાધના એ જ વિદ્યાર્થી માટે શિક્ષણનો મૂળભૂત ઉદ્દેશ હોઈ શકે.

શાળામાં જતા કોઈપણ કિશોર-કિશોરી એટલે ‘વિદ્યાર્થી’, આવો સિમિત અર્થ વિદ્યાર્થી માટે થઈ શકે નહીં. એક સારા સ્વસ્થ, સંતુલિત, વિકાસશીલ અને અર્થપૂર્ણ જીવન માટે વિદ્યાની આરાધનાનો કાલખંડ એટલે વ્યક્તિનું વિદ્યાર્થી તરીકેનું જીવન. જીવન ઘડતર માટે પાયારૂપ આ તબક્કો સ્વાભાવિક રીતે જ ઘણો મહત્ત્વપૂર્ણ ગણાય. એક ઉછરતા છોડ સમાન આ અવસ્થામાં વિદ્યાર્થિની આંતરિક ક્ષમતા અને બાહ્ય પરિબળો બંનેની સમજ, સંયોજન અને સંતુલનનો ખ્યાલ રખાય તો વિશાળ વટવૃક્ષ જેવું વ્યક્તિત્વ વિકસી શકે. શિક્ષણ વ્યવસ્થા, શિક્ષક, શાળા, વાલી વગેરેની ભૂમિકાનું મહત્ત્વ છે, પરંતુ તેની સાથે સાથે વિશેષ મહત્ત્વ વિદ્યાર્થીની સ્વયંની ભૂમિકાનું છે. તેણે તેનું જીવન સ્વયં જીવવાનું છે અને ઘડવાનું છે. બાહ્ય સ્થિતિ અને વ્યક્તિની ભૂમિકા માત્ર સહયોગીની ભૂમિકા છે.

કોઈપણ વ્યક્તિ જ્યારે પ્રવાસે નીકળવા માટે તૈયાર થાય છે ત્યારે પ્રવાસ અંગેના ઉદ્દેશ, આવશ્યકતા અને આયોજન અંગે જેટલી સ્પષ્ટતા હોય, પૂરતી તૈયારી હોય તો પ્રવાસના આનંદની અને સફળતાની સંભાવના વધી જાય છે. પ્રવાસના સ્થળ વિશે, માર્ગ વિશે, ઉદ્દેશ વિશે, મૂંઝવણ હોય, અસ્પષ્ટતા હોય, અધકચરી તૈયારી હોય તો પ્રવાસ કેવો થશે તે સમજી શકાય તેમ છે. આવી જ પરિસ્થિતિ ધોરણ -૧૦ અને ધોરણ -૧૨ના વિદ્યાર્થીઓ માટે આગામી અભ્યાસ અને કારકિર્દીની પસંદગી બાબતે હોય છે. પૂરતી સમજદારી, સાવધાની, ચીવટ સાથે તથા લક્ષ્ય અને વિચારોની સ્પષ્ટતા સાથે આગામી અભ્યાસ કે કારકિર્દીની પસંદગી થાય તો પહેલું કદમ જ યોગ્ય મૂકાયેલું ગણાય અને સફળતાની સંભાવના વધે.

ધોરણ -૧૦ અને વિશેષતઃ ધોરણ -૧૨ નો વિદ્યાર્થી જીવનના એક એવા પડાવ પર આવીને ઊભો હોય છે જ્યાં તેણે પોતાના જીવન ઘડતર અને કારકિર્દી માટે પોતાનો માર્ગ પસંદ કરવાનો હોય છે. તેને ખબર હોય છે કે આ તબક્કે લેવાતો નિર્ણય તેના સમગ્ર ભવિષ્યને અસર કરનારો બનવાનો છે. એક તરફ વિદ્યાર્થીઓને પોતાની ક્ષમતા અને મર્યાદાઓની જે સમજ હોય છે તે પૂરેપૂરી વિકસેલી નથી હોતી અને બીજી તરફ તેની સામે અનેક વિકલ્પો છે. તેથી સ્વાભાવિક રીતે તેની મનઃસ્થિતિ મુંઝવણભરી હોય છે.

આ તબક્કે વિદ્યાર્થીઓ ઉપર સામાન્ય રીતે બે ભિન્ન આયામોનો દબાવ હોય છે. એક તેની મનઃસ્થિતિ અને બીજી બાહ્ય પરિસ્થિતિ. એક તરફ તેના પોતાના સ્વપ્નો છે, મનોવલણો છે, અલગ એવી વ્યક્તિગત ક્ષમતા- રુચિ અને પસંદગી છે તો બીજી તરફ કુટુંબ- મિત્રો, શિક્ષકો, સગાસંબંધીઓ વગેરેના અભિપ્રાયો, સામાજિક પ્રતિષ્ઠાના ખ્યાલો, માન્યતાઓ, કારકિર્દીના વિવિધ ક્ષેત્રોની બદલાતી પરિસ્થિતિ, ભવિષ્ય અંગેની ધારણાઓ, આર્થિક વળતર કે નોકરીની ચિંતાઓ જેવા અનેકવિધ બાહ્ય પરિબળોનો પ્રભાવ હોય છે.

જ્યારે વિદ્યાર્થી કારકિર્દીના માર્ગની પસંદગીના પગથિયે ઊભો હોય છે ત્યારે તેણે આ બંને આંતરિક અને બાહ્ય આયામો વચ્ચે પોતાનું સંતુલન બિન્દુ શોધીને નિર્ણય લેવાનો હોય છે. પરંતુ મહદઅંશે એવું બને છે કે બહારના પરિબળો અને પ્રભાવોની તેના ચિત્ત ઉપર વધુ અસર હોય છે. દેખાદેખી -અનુકરણ, આર્થિક વળતર, સામાજિક પ્રતિષ્ઠાના ખ્યાલો વગેરેને જાણ્યે અજાણ્યે પ્રાથમિક્તા આપી દેવાય છે અને વિદ્યાર્થીની પોતાની ક્ષમતાને - રુચિને ઓછું મહત્ત્વ મળે છે. આ બાબત વિદ્યાર્થીના સમગ્રતયા જીવન, જીવનની ગુણવત્તા અને સફળતાને અસર પહોંચાડે છે.

વ્યક્તિત્વનો વિકાસ, કામનો આનંદ, આત્મસંતોષ જેવા જીવનને સાર્થક કરતા મૂલ્યોની અજાણતા પણ અવહેલના થઈ જાય છે. તેથી પસંદગીના આ તબક્કે પૂરતી સમજદારી, દિર્ઘદૃષ્ટિ, સંતુલિત ચિંતન, યોગ્ય જાણકારી, વિકલ્પોનો તુલનાત્મક અભ્યાસ વગેરે બાબતો ઘણી મહત્ત્વપૂર્ણ હોય છે.

એક સ્થિતિ એવી છે કે વિદ્યાર્થી ધોરણ ૧૦-૧૨ સુધી મહદઅંશે પરીક્ષાલક્ષી તૈયારી કરે છે. તેનું પ્રાથમિક લક્ષ વધુ માર્કસ મેળવવાનું હોય છે તેથી જે તે વિષયના

સત્ત્વ સાથે ભાગ્યે જ તેનું અનુસંધાન થાય છે.વિષયને સમજવા, વિષયમાં ઊંડા ઉતરવા કે વિષય સાથે સ્વયંનો સંબંધ સ્થાપવાને બદલે જે તે વિષયમાં કઈ રીતે વધુ માર્કસ આવે તે તરફના તેના પ્રયાસો હોય છે. આ સંજોગોમાં કોઈપણ વિષય કે ક્ષેત્ર વિદ્યાર્થીના સત્ત્વ સાથે કે આંતરમન સાથે કેટલા સુસંગત છે, કે તેની અભિરૂચિને અનુકૂળ છે તે બાબત જ અળગી રહી જાય છે.

દા.ત. ધોરણ ૧૨ સાયન્સના વિદ્યાર્થીઓને બાયોલોજી કે કેમિસ્ટ્રીમાં સારા માર્ક્સ લાવવા હોય તો ખૂબ જ યાદ રાખવાનું - ગોખવાનું હોવાથી તેને વિષય માટે અણગમો આવી શકે છે. પરંતુ વિષયને સ્વતંત્ર રીતે અભ્યાસ કરવાનો જ્યારે મોકો મળે ત્યારે જ તેને ખ્યાલ આવી શકે કે તે કેટલો બધો રસપ્રદ વિષય છે અને તેની પ્રકૃતિ કે અભિરૂચિને કેટલી હદે સ્પર્શી શકે તેમ છે.

હવે આ સંજોગોમાં ધોરણ-૧૨ પછી જ્યારે તેણે કારકિર્દીનો રાહ પસંદ કરવાનો હોય ત્યારે તેણે કોઈપણ વિષય કે કારકિર્દીના ક્ષેત્રને વધુ સજાગતાથી અને અલગ દ્રષ્ટિકોણથી જોવા-વિચારવાનું તથા નવેસરથી સ્વઅધ્યયન કરવાનું જરૂરી બને છે.

કયા વિષય કે ક્ષેત્રમાં પ્રવૃત થવું પોતાને સહજતયા જ ગમે છે, કયા વિષયના અભ્યાસથી કે તેની સાથે પ્રવૃત રહેવાથી કંટાળો આવતો નથી, નવરાશના સમયે પણ જે વિષય કે તેને આનુષાંગિક બાબત સાથે સંકળાવું ગમે છે, અભિરૂચિ સાથે જે સુસંગત લાગે છે અને પ્રસન્નતા પણ આપે છે, આવા વિષય કે ક્ષેત્રને કારકિર્દી માટે પસંદ કરવામાં આવે તો તેમા વિશેષ કુશળતા-નિપૂણતા મેળવવાની અને સફળ થવાની શક્યતા પૂરેપૂરી રહે છે. જે વિષયમાં આંતરમનને સુખની-સંતોષની ઝલક મળતી હોય તો તેમાં આગળ વધવા આપોઆપ આંતરઊર્જા મળે છે અને એ ક્ષેત્રે કશુંક વિશેષ હાંસલ કરવાની સંભાવના વધે છે. વિદ્યાર્થીના વ્યક્તિત્વને એક નવો નિખાર મળે છે. પરંતુ તેના બદલે દેખાદેખી- માન્યતાઓ કે અન્યના અભિપ્રાયો - દબાણોથી લેવાયેલો નિર્ણય આગળ જતા અવરોધક બની શકે છે.

તેવી જ રીતે વિદ્યાર્થીએ પોતાના સબળા અને નબળા પાસાઓનું તટસ્થ અવલોકન કરવું પણ જરૂરી છે. પોતાની જે ક્ષમતા છે - વિશેષતા છે તેનો મહત્તમ ઉપયોગ કયા ક્ષેત્રમાં કેવી રીતે થઈ શકે તેમ છે તથા જે નબળા પાસા છે તેની સ્થિતિ કેવી છે ? તે કેટલી હદ સુધી સુધારી શકાય તેમ છે ? તે દિશામાં પ્રયત્ન કરવાની તેની તૈયારી કેટલી છે ? પસંદગીના કેરિયરમાં તે કેટલી હદે અડચણરૂપ બને તેમ છે? આ બધાના સ્પષ્ટ ખ્યાલ સાથે આગળ વધવું જરૂરી છે. વિદ્યાર્થી આ રીતે સ્વઅધ્યયન કે સ્વમૂલ્યાંકન કરતો નથી તો જાણ્યે અજાણ્યે કોઈ ઘરેડમાં ખેંચાઈ જાય છે અથવા અન્યના અભિપ્રાયોને તાબે થઈ જાય છે. કારકિર્દીના સારા ઘડતર માટે આ સ્થિતિ આવકાર્ય નથી. હવે બીજી તરફ પોતાના રસ-રૂચિના ક્ષેત્રમાં પણ કેટલા અને કેવા કેવા વિકલ્પો રહેલાં છે, તેમાં કેવી ભાવિ સંભાવનાઓ છે તેની પૂરતી જાણકારી પણ સારી કારકિર્દીના ઘડતર માટે નવી દિશા ખોલી આપનારી બની શકે તેમ છે.

ક્યારેક બોર્ડમાં વિદ્યાર્થીને ધાર્યા કરતાં ઓછા માર્કસ આવે ત્યારે વિદ્યાર્થી નિરાશા અનુભવે છે. પરંતુ તે જો સ્વસ્થ ચિત્તે વિચારે અને જુએ તો ઓછા ટકા હોય તો પણ કારકિર્દી ઘડવા ઘણા વિકલ્પો ખૂલ્લા હોય છે, તેમાંથી શક્ય છે કે કોઈ અલગ જ માર્ગ મળી આવે. ઓછા ટકા હોય તેવી સ્થિતિને, ઘરેડમાં ચાલતા વિદ્યાર્થીઓ કરતાં કશુંક અલગ જ કરવાની તક તરીકે પણ જોઈ શકાય.

આપણે જોઈએ છીએ કે પ્રતિષ્ઠિત ગણાતા મેડિકલ કે એન્જિનિયરીંગમાં પણ પ્રતિવર્ષ બહુ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવે છે. પરંતુ પોતાના ક્ષેત્રમાં વિશેષ સિદ્ધિ કે પ્રતિષ્ઠા મેળવી હોય તેવા તબીબ કે ઈજનેરોની સંખ્યા બહુ અલ્પ હોય છે. બાકીના મોટાભાગના સામાન્ય ઘરેડમાં રહી જાય છે, જીવી જાય છે. ક્યારેક વિદ્યાર્થી બિનજરૂરી સમાધાન સ્વીકારી લે છે દા.ત. મેડિકલમાં એડમિશન ન મળે તો ડેન્ટીસ્ટ બની જવું, ડેન્ટીસ્ટની કારકિર્દી પસંદગીની હોય તો વાત બરોબર છે પરંતુ પોતાના નામની આગળ ડૉ. લગાવવાના મોહને વશ થઈ ભીતર નિરાશા સાથે મન મનાવી લેવાને બદલે કોઈ સારો વિકલ્પ પસંદ કરી શકાય. ઓછા ટકા હોય તો ડોકટર કે એન્જિનિયર ન બની શકનારો વિદ્યાર્થી સારો વૈજ્ઞાનિક બની શકે. વિજ્ઞાનનો શિક્ષક-પ્રાધ્યાપક બની શકે. વિજ્ઞાન સાથે આજીવન નાતો સ્થાપીને સંતોષપૂર્ણ જીવી શકે.

કોઈ એન્વાયરમેન્ટ સાયન્ટિસ્ટ અથવા તો કોઈ વાઈલ્ડ લાઈફ ફોટોગ્રાફર પણ પ્રકૃતિના સૌંદર્યને, ઐશ્વર્યને અને રહસ્યને જે રીતે જાણે છે-માણે છે અને પોતાના કામને અને જીવનને રસપ્રદ બનાવે છે તેનો તો બધાને અંદાજ પણ આવી શકતો નથી. ક્યારેક આપણે એવું પણ જોઈ છીએ કે કોઈ ડૉકટર કે એન્જિનિયર મેળવે તેના કરતાં ઘણી વધુ પ્રતિષ્ઠા, પ્રસન્નતા અને પ્રસિદ્ધિ કોઈ પત્રકાર કે ચિત્રકાર મેળવતો હોય છે. કોઈક વ્યક્તિ પાસે અભિવ્યક્તિનું આગવું કૌશલ્ય હોય છે. કન્વીન્સીંગ પાવર હોય છે. તેની આ ક્ષમતા તેને સારો સેલ્સમેન બનાવી શકે, અને એ જ ક્ષમતા તેને સમર્થ શિક્ષક કે પ્રાધ્યાપક પણ બનાવી શકે અને સારો ફિલ્મ દિગ્દર્શક પણ બની શકે.

જ્યારે વિદ્યાર્થી પૂરતું સ્વઅધ્યયન કરતો નથી, પૂરતી જાણકારી મેળવતો નથી, પોતાના સપનાઓ-લક્ષ્ય વિશે સ્પષ્ટ થતો નથી ત્યારે તે બાહ્ય પરિબળો, પ્રભાવો અને દબાણમાં આવીને અનુચિત નિર્ણય કરી લેતો હોય છે.

સિમિત વિચારધારા અને ઘરેડની બહાર નીકળીને પોતાનામાં રહેલા ગુણો-ક્ષમતાઓને ઓળખીને-વિકસાવીને તથા તેને અનુરૂપ અભ્યાસક્રમ કે ક્ષેત્ર શોધીને કોઈપણ વિદ્યાર્થી પોતાની આગવી અને મનગમતી કારકિર્દી ઘડી શકે છે. આમ વિદ્યાર્થી સ્વયં પોતાના જીવનનો ઘડવૈયો બની શકે છે.

સહાયક માહિતી નિયામક (રોજગાર સમાચાર)
માહિતી ખાતું, ગાંધીનગર

# ૪ લક્ષ્ય બનાવો... સિદ્ધિ મેળવો

*–પ્રવીણ સોનારીયા*

મિત્રો, મહાભારતના બે પ્રસંગો તમને યાદ હશે જ ! પ્રથમ પ્રસંગ અભ્યાસકાળ દરમિયાનનો છે. જ્યારે ગુરુ દ્રોણ સર્વે શિષ્યોની તિરંદાજીની વિદ્યા ચકાસવા લક્ષ્યભેદનની કસોટી યોજે છે. તેઓ વૃક્ષ પર એક પક્ષીની પ્રતિકૃતિ બનાવીને મૂકે છે. શિષ્યોને તે પક્ષીની આંખ વિંધવાની હોય છે. ગુરુ લક્ષ્ય સાધવા કહે છે, સાથે પૂછે છે શિષ્ય તને શું દેખાય છે ? મોટા ભાગના શિષ્યો વિચિત્ર પ્રતિભાવો આપે છે ! કોઈ કહે, વૃક્ષ દેખાય છે. કોઈ કહે વૃક્ષની ડાળીઓ દેખાય છે, વળી કોઈ કહે પક્ષી દેખાય છે ! આ બધા પ્રત્યુત્તરો સાંભળી આચાર્ય દ્રોણ વિચલીત થઈ ક્રોધે ભરાય છે. છેવટે તેઓ અર્જુનને આહવાન કરે છે. એક જ પ્રશ્ન પૂછવામાં આવે છે. શું દેખાય છે ? અર્જુન એટલું બોલે છે. પક્ષીની આંખ ! આચાર્ય પ્રસન્ન થાય છે. આદેશ આપે છે, બીજી જ ક્ષણે પક્ષીની આંખ વિંધાઈ જાય છે !

બીજો પ્રસંગ એકલવ્યનો છે. એકલવ્ય નાનપણથી જ ધનુર્વિદ્યામાં પારંગત બનવા ઇચ્છતો હતો. પરંતુ તેને આ વિદ્યા શીખવનાર કોઈ નહોતું. આથી તેણે ગુરુ દ્રોણની પ્રતિમા બનાવી તેમને ગુરુ ગણીને પોતાની રીતે જ સખત પરિશ્રમ અને સાધનાથી તિરંદાજીમાં નિપુણતા પ્રાપ્ત કરી.

આ બંને કિસ્સામાં લક્ષ્યાંક પ્રાપ્તિ સામ્યતા ધરાવે છે. માત્ર વાતો કરવાથી, બિનજરૂરી શક્તિ વેડફીને લક્ષ્યાંક પ્રાપ્ત કરી શકાતો નથી. સફળતા મેળવવાનું લક્ષ્ય નક્કી કરવું, તે પ્રાપ્ત કરવું એ બંને એકબીજા સાથે પરસ્પર જોડાયેલા છે.

કોઈપણ વ્યક્તિ માટે એ સમજવું મુશ્કેલ નથી હોતું કે, લોકો જીવનમાં સિદ્ધિઓ કેવી રીતે મેળવે છે ? જીવનમાં કોઈપણ મોટી ચીજ પ્રાપ્ત કરવી હોય તો ગોલ (લક્ષ્ય) નક્કી કરવો પડે. તે પ્રાપ્ત કરવા માટેની વ્યૂહરચના તૈયાર કરી, તેની ઉપર કામ કરવું પડે. જીવનના કોઈપણ ક્ષેત્રમાં સિદ્ધિ મેળવવા માટે લક્ષ્ય જેટલું સ્પષ્ટ અને સચોટ હશે તે પ્રાપ્ત કરવાનો માર્ગ પણ એટલો જ આસાન હોય છે. આ બાબત 'લક્ષ્યનિર્ધારણ' છે.

કોઈપણ વ્યક્તિ કે જે મહત્ત્વાકાંક્ષી છે, અને જીવનમાં સદાય અગ્રેસર રહેવા ઇચ્છે છે. તેમણે લક્ષ્ય નિર્ધારણ ગંભીરતાપૂર્વક કરવું જોઈએ. સફળ એવા લોકો જ છે કે જેઓ ચોક્કસ ધ્યેય સાથે, આયોજનબદ્ધ, પૂર્ણ ધગશ અને વિશ્વાસ સાથે નિર્ધારિત લક્ષ્ય તરફ આગળ વધે છે. આપણને એ વાત જાણીને દુઃખ થાય છે કે, માત્ર ગણ્યાગાંઠ્યા લોકો પાસે જ પસંદગીનું જીવન છે. તેઓ પોતાની મરજી મુજબ જીવી શકે છે. બાકીના લોકોના નસીબમાં આ સુખ નથી. આ માટેનું એક સર્વસામાન્ય કારણ એ છે કે, તેમણે જે કોઈ લક્ષ્ય નક્કી કર્યું હશે તેને પ્રાપ્ત કરવા સખત પરિશ્રમ કર્યો નહીં હોય અથવા તો, તેઓએ કોઈ લક્ષ્યાંક જ નક્કી કર્યો નહીં હોય !

જે લોકો પોતાની ઇચ્છાનુસાર જીવન જીવી રહ્યા છે, તેઓએ સ્વયંના ગોલ (Goal) અગાઉથી જ સ્પષ્ટ કરી લીધા છે. આ ગોલ પ્રમાણે જ તેઓ જીવન જીવી રહ્યા છે.

જીવનના બધા જ લક્ષ્ય એક સરખું મહત્ત્વ ધરાવતા નથી. કે વળી, આ લક્ષ્ય પ્રાપ્ત કરવાનો સમય પણ એક સમાન નથી હોતો. તેથી આપણે આપણાં લક્ષ્યાંકોની અગ્રતા નક્કી કરી દેવી જોઈએ કે, કયું લક્ષ્ય વાસ્તવમાં આપણા માટે સૌથી અગત્યનું છે. તે આપણે જ નક્કી કરવાનું છે. જે લક્ષ્ય આપણે તાત્કાલિક હાંસલ કરવાનું છે તે ટૂંકાગાળાનું લક્ષ્યાંક છે. જે લક્ષ્ય નજીકના સમયમાં મેળવવાનું છે તે મધ્યમગાળાનું લક્ષ્યાંક છે. લાંબાગાળે પ્રાપ્ત કરી શકાય તેવા લક્ષ્યાંક લાંબાગાળાના કહી શકાય. આ બધી શ્રેણીમાં એકથી વધુ લક્ષ્યાંકો હોઈ શકે છે.

લક્ષ્ય નિર્ધારણમાં જો કોઈ ભૂલ હોય તો તે એ છે કે લોકો તેમના ધ્યેયને સ્પષ્ટ રીતે નક્કી કરી શકતા નથી. દા.ત. કોઈ વિદ્યાર્થી એવો લક્ષ્યાંક નક્કી કરે કે મારે સિનેમા ક્ષેત્રે કારકિર્દી બનાવવી છે. હવે અહીં વિદ્યાર્થીનું લક્ષ્ય અસ્પષ્ટ કહી શકાય. કારણ કે, સિનેમા એ ઘણો વિશાળ વિષય છે તેથી અહીં એવો લક્ષ્યાંક નક્કી કરવો જરૂરી બને છે કે, સિનેમા ક્ષેત્રમાં ખાસ કરીને એકટીંગ, વિઝ્યુલાઈઝર, ઓડિયોગ્રાફર, સિનેમેટોગ્રાફર, સ્ક્રીન રાઈટર, સ્ક્રીપ્ટ રાઈટર, એડિટર પૈકી કોઈ એક ફિલ્ડમાં કેરિયર બનાવીશ. તો તે વધુ સ્પષ્ટ લક્ષ્યાંક ગણી શકાય. આ ઉદાહરણ ઉપરથી માત્ર એક જ પાસાનો વિચાર થાય છે. પરંતુ તેમાં 'SMART' સૂત્રનો ઉપયોગ પ્રયોજવો જોઈએ. એટલે કે, લક્ષ્યાંક ખાસ (Specific), માપી શકાય તેવો (Measurable) હાંસલ કરી શકાય તેવો (Achievable), વાસ્તવિક (Realistic) અને સમય મર્યાદા (Time bound) ધરાવતો હોવો જોઈએ.

લક્ષ્યાંક એવો ન હોવો જોઈએ કે જેમાં પ્રયત્નો અને પરિશ્રમ કરવા છતાં સિદ્ધિ ન મળે તેથી અવ્યવહારૂ અને

હાંસલ ન કરી શકાય તેવા લક્ષ્યાંકો સમય અને શક્તિનો વ્યય કરે છે કોઈપણ લક્ષ્યાંક પ્રાપ્ત કરવામાં નિયત સમય મર્યાદા મહત્ત્વની છે. નિશ્ચિત સમય સીમા વિનાના કોઈપણ લક્ષ્યાંકનું કોઈ મહત્ત્વ નથી. દા.ત. કોઈ સંશોધન પ્રોજેક્ટ ઉપર કામ કરવાનું હોય તો તેની સમયમર્યાદા પ્રોજેક્ટ હાથ પર લેતા પહેલાં જ નક્કી કરી દેવી પડે. અન્યથા સંશોધનનો કોઈ મતલબ નથી. પ્રોજેક્ટ કેટલા સમયમાં પૂર્ણ કરવાનો છે તે મહત્ત્વનું છે.

લક્ષ્ય નિર્ધારણમાં સ્વશિસ્ત પણ ખૂબ જ જરૂરી છે. કોઈપણ લક્ષ્ય નક્કી કરતી વખતે વ્યક્તિ શરૂઆતમાં ખૂબ જોશ અને જુસ્સો બતાવે છે. પરંતુ જોવામાં આવ્યું છે કે, જેમ જેમ સમય જાય તેમ વ્યક્તિનો લક્ષ્ય પ્રાપ્તિ તરફનો ઉત્સાહ મંદ પડવા લાગે છે. ઘણા કિસ્સાઓમાં તો સમયની સાથે મૂળ લક્ષ્યાંક જ વિસરી જવાય છે ! આનો કોઈ મતલબ નથી. ધ્યેયને અધવચ્ચે જ ત્યજી દેવો એ સમય અને શક્તિનો વ્યય છે. આ પ્રકારનો અભિગમ વ્યક્તિને જીવનમાં સફળતાથી દૂર રાખે છે. આનાથી સારું એ છે કે, લક્ષ્ય નાના રાખો અને પ્રાપ્ત કરી શકાય તેવો રાખો. પરંતુ, એકવાર ધ્યેય નક્કી થઈ ગયા બાદ તેને હાંસલ કરવા આપણે એડીચેડીનું જોર લગાવી દેવું જોઈએ.

મધ્યમ અને લાંબાગાળાના લક્ષ્યાંક માટે મહત્ત્વનું છે કે, તમારે તેની વિગતો ડાયરીમાં નોંધી રાખવી જોઈએ અથવા અન્ય કોઈ સ્વરૂપે લખી લેવી જોઈએ. કારણ કે માનવીય યાદશક્તિ ટૂંકી હોવાથી તેમાં સ્મૃતિભંગ થતો રહે છે. વિગતો કાળક્રમે ભૂંસાઈ જતી હોય છે. તેથી નોંધી રાખેલા લક્ષ્યાંકો નિયમિત જોતા રહેવું જોઈએ.

નિર્ધારિત કરેલા લક્ષ્યાંકો માટે ચોક્કસ એકશન પ્લાન બનાવી તેને અનુસરવું જોઈએ. આ એકશન પ્લાન પદ્ધતિસરનો અને સર્વગ્રાહી હોવો જોઈએ. કોઈ ચોક્કસ લક્ષ્ય હાંસલ કરવા નિર્ધારીત માર્ગ પસંદ કરવો જોઈએ. લક્ષ્યની સાથે તેને પ્રાપ્ત કરવાનો માર્ગ પણ એટલો જ મહત્ત્વનો છે. ઘણીવાર મોટા લક્ષ્યાંકને વિભાજીત કરી નાના લક્ષ્યાંકો નક્કી કરવામાં આવે છે. કેટલીકવાર મોટા લક્ષ્યાંકો પ્રાપ્ત કરવા નાના લક્ષ્યાંકો પૂર્ણ કરવા વૈજ્ઞાનિક રીતે પણ સચોટ પૂરવાર થાય છે. સૂક્ષ્મ રીતે જોવામાં આવે તો તેમાં વ્યવહારું પ્રક્રિયા પણ છે.જ્યારે પણ ઊંચા લક્ષ્યાંકને નાના-નાના લક્ષ્યાંકોમાં વિભાજીત કરવામાં આવે છે ત્યારે આપણે સમય મર્યાદાને ખાસ ધ્યાનમાં લઈએ છીએ.

કામમાં આળસ એટલે કે વિલંબ કરવો એ લક્ષ્યાંક પ્રાપ્તિના માર્ગનો સૌથી મોટો અવરોધ છે. એકવાર લક્ષ્ય નક્કી કરી દીધા પછી આપણી જવાબદારી ગણી ધગશ સાથે તે પ્રાપ્ત કરવામાં લાગી જવું જોઈએ. લક્ષ્ય પ્રાપ્તિ સુધી આ પ્રકારનો ઉત્સાહ જાળવી રાખવો ખૂબ મોટો પડકાર છે. જુસ્સો ઓછો થતો જવો અથવા ઉત્સાહ ઘટાડી દેવાથી આપણે નિર્ધારિત મંઝીલે પહોંચી શકતા નથી. તેનાથી આપણે જીવનમાં આવેલી તક ગુમાવીએ છીએ. જો આવું વારંવાર થાય તો આપણો આત્મવિશ્વાસ તળિયે બેસી જાય. આ સ્થિતિ આપણા જુસ્સાને પણ ઓગાળી દે છે. પરિણામ એ આવે છે કે આપણે આપણી ક્ષમતા જાણી શકતા નથી. જેના કારણે આપણે જીવનમાં કોઈ નોંધપાત્ર સિદ્ધિ મેળવી શકતા નથી. આ બાબત ખૂબ કમનસીબ અને હતાશ કરી દેનારી છે. પરંતુ, આવી દુઃખદ પરિસ્થિતિ નિવારવી આપણા હાથમાં છે. તેના માટે પ્રતિબદ્ધતા અને યોગ્ય સ્તરની પરિપક્વતા હોવી જરૂરી છે.

જો આપણે, આપણા પ્રયાસો સાથે નિર્ધારિત લક્ષ્ય હાંસલ કરીશું તો તેનાથી આપણને અનોખી ખુશી મળશે. તેનાથી આપણે સ્વયંની ક્ષમતાઓ વિશે વધુ સભાન બનીશું અને તેનાથી સભ્યોને પણ પ્રેરણા આપી શકીશું. એક નાનકડું લક્ષ્યાંક, પ્રાપ્ત કરવાથી તે વધુ ઊંચા લક્ષ્યાંકો હાંસલ કરવા માટેના માર્ગનો પથ્થર બની આપણને છેવટે સફળતાના સૌથી ઊંચા શિખરે પહોંચવામાં મદદરૂપ બને છે.

સફળતા મેળવવાના આપણા પ્રયાસોમાં એક ચાવીરૂપ પરિબળ એ પણ છે કે, લક્ષ્ય પ્રાપ્તિ તરફના આપણા પથ પર આવતી મુશ્કેલીઓ અને અવરોધોનો કેવી રીતે સામનો કરીએ છીએ. જો માર્ગમાં આવતા અવરોધો અને પડકારો સામે ઘૂંટણીએ પડી જઈશું તો સફળતાનો સ્વાદ ક્યારેય ચાખવા નહીં જ મળે. આપણે સૌ એ હકીકતથી વાકેફ છીએ જ કે જિંદગીનો રાહ આસાન નથી હોતો. હાડમારી, મુસિબતો અને સમસ્યાઓ જીવનનો ભાગ છે.

વ્યક્તિની પ્રકૃતિ અને સહનશીલતા ભિન્ન-ભિન્ન હોય છે. કેટલાંક લોકો મુશ્કેલીઓથી ડગ્યા વિના સ્વયંની મંઝીલ હાંસલ કરી લે છે. મુશ્કેલી આવે તો તેની સાથે તેનું સમાધાન પણ હોય જ છે. આપણે સમસ્યાના નિકાલ ઉપર ધ્યાન આપવું જોઈએ. અડચણોને ગળે વળગાડીને બેસી રહેવાથી કંઈ વળવાનું નથી. સમસ્યાઓને તાબે થઈ જવું એ વ્યક્તિની નબળાઈ છતી કરે છે. પરંતુ, જેમને સિદ્ધિ અને સફળતા મેળવવી છે તેઓ નબળાઈઓને હડસેલીને સ્વયંનો માર્ગ નિશ્ચિત કરે છે.

લક્ષ્ય નક્કી કરવા અને તેને પ્રાપ્ત કરવા માટે કોઈ ખાસ અસાધારણ પ્રતિભા હોવી એવું જરૂરી નથી. વ્યક્તિ જન્મજાત આવી પ્રતિભાઓ ધરાવે છે. આપણે વાસ્તવિક રીતે હાંસલ કરી શકાય તેવા લક્ષ્યાંકો નક્કી કરવા જ જોઈએ. આ લક્ષ્યાંકો પ્રાપ્ત કરવા આપણે સાધારણ પ્રયાસોને માત્ર અસાધારણ બનાવવાના છે.

(સ્રોત : એમ્પ્લોયમેન્ટ ન્યુઝ)

૩૭, ન્યુ નકળંગ સોસાયટી,
ધરણીધર બંગ્લોઝ પાસે,
નવા નરોડા, અમદાવાદ.

# ૫ કારકિર્દી : એક નવી શરૂઆતનો અવસર

*– તુષાર જોષી*

**જિંદગી હર કદમ એક નયી જંગ હૈ...**
**રૂક જાના નહીં તું કહીં હારકે...**
**ચાલતો રહેજે, જીવનની વાટે...**

જેવા અનેક ગીતોના શબ્દોમાં રહેલો ભાવ વિદ્યાર્થી અવસ્થાથી જ જીવનમાં સમજાઈ જાય, આત્મસાત થઈ જાય તો વ્યક્તિનો બેડો પાર થઈ જાય છે. ચલચિત્રના ગીતો મનોરંજનનું માધ્યમ તો છે જ, એ ગીતો વ્યક્તિગત સામુહિક સંવેદનો અને ઘટનાઓનું પ્રતિબિંબ છે. જીવનમાં બળ આપે છે, હિંમત આપે છે, ઉત્સાહ આપે છે.

અત્યારે આ વાતો લખવાનો આશય માત્ર એટલો છે કે ધોરણ-૧૦, ૧૨ની પરીક્ષાઓના પરિણામોનો માહોલ ચારેકોર છે. આપણે ત્યાં અભ્યાસલક્ષી કારકિર્દીની પરીક્ષાઓ સાથે જોડાયેલા પરિણામોનો એટલો મટો હાઉ ઊભો કરી દેવાયો છે કે પરિણામ શું આવશે ? સારું આવશે કે ખરાબ ? એની ચિંતામાં ને ચિંતામાં વિદ્યાર્થીઓ અને વાલીઓ અડધા થઈ જાય છે. વાસ્તવમાં આ સમય જ હોય છે જ્યારે મજબૂત મનોબળની જરૂર હોય છે અને તેથી જ આવા ગીતોનું સ્મરણ થાય છે. વિદ્યાર્થી ધોરણ-૧૦ કે ૧૨ની પરીક્ષા આપતા પહેલાં આખું વર્ષ બરાબર વાંચે છે, અભ્યાસ કરે છે, જ્યાં મળે ત્યાંથી જ્ઞાન ઉપાર્જન કરે છે. પુરતી તૈયારી કરીને જ એ પરીક્ષા આપે છે.

આવા સંજોગોમાં સૌથી મહત્ત્વનું એ છે કેપરિણામ જે આવે તે સ્વીકારવાની માનસિક તૈયારી હોવી જોઈએ. ઘણીવાર એવું જોવા મળે છે કે અપેક્ષા મુજબ માર્કસ ન આવાના કારણે વિદ્યાર્થીઓ નાસીપાસ થાય છે, નિરાશ થાય છે અને આખી જિંદગી સુધી તેની અસર રહી જાય છે.

વિદ્યાર્થી તરીકે ભણવાનું, તૈયારી કરવાનું શ્રેષ્ઠ કર્મ કર્યા પછી જો માર્કસ ઓછા આવે તો એકવાત બરાબર સમજી લેવાની જરૂર છે કે આ એક પરીક્ષાના પરિણામથી કારકિર્દીનો કે જીવનનો અંત આવતો નથી. આ હજી શરૂઆત છે, અંત નથી. એક નાનકડી પરિક્ષામાં સફળતા ન મળવાથી હવે બીજે ક્યાં સફળતા નહી જ મળે એવું માનવાને કારણ નથી. રસ્તો કે પ્રવાસના સંદર્ભમાં કહીએ તો એ એક પડાવ હતો મંજિલ ન હતી, ત્યાં મજા ન આવી તો આગળ વધો, કદાચ એવું બને કે એનાથી વદારે સારું સ્થળ તમને મળી આવે... આજની તારીખે ગુજરાત રાજ્ય, ભારત દેશ અને દુનિયામાં એટલા બધા વિધવિધ પ્રકારના કોર્સિસ ચાલે છે કે કઈ દિશામાં કારકિર્દી ઘડવી એનીયે વિમાસણ થઈ જાય... આ સંજોગોમાં જ્યાં પૂરતી સફળતા નથી મળી એનાથી આગળ કઈ કઈ કારકિર્દી એવી છે તેના પર ધ્યાન આપવાથી સમસ્યાનો ઉકેલ આવી શકે છે. આપણી આસપાસ નજર ફેરવીશું તો એવા અનેક સફળ વ્યક્તિત્વો નજરે પડશે જેઓ ક્યાંકને ક્યાંક અભ્યાસ ક્ષેત્રે કારકિર્દીમાં કોઈ એક તબક્કે ઈચ્છિત પરિણામ મેળવી ન શક્યા હોય પરંતુ પાછળથી એમણે એ જ ક્ષેત્રમાં અથવા તો અન્ય કોઈ ક્ષેત્રમાં ડાઈવર્ટ થઈને શ્રેષ્ઠ કારકિર્દી ઘડતર કર્યું હોય. અહીં એવું કહેવા પાછળનો મર્મ તમને ત્યારે સમજાશે જ્યારે તમે તમારી આસપાસના વાતાવરણમાં લોકોનો અભ્યાસ કરશો... એમાંના કેટલાયે એવા છે જેઓ સાવ ઓછા ભણતર સાથે કોઠાસૂઝથી આગળ વધ્યા છે. અભ્યાસના ક્ષેત્રમાં દિશા બદલીને શ્રેષ્ઠ કારકિર્દીનું ઘડતર કરી શક્યા છે.

ઈશ્વર રોજ એક નવો દિવસ આપે છે ને રોજ નવી પરિક્ષા શરૂ થાય છે. રોજ માણસે પોતાની ક્ષમતાનું બેસ્ટ પરમફોર્મન્સ આપીને એ પરીક્ષામાં ઉત્તીર્ણ થવાનું હોય છે. એટલે આપણે ઈચ્છીએ કે શ્રેષ્ઠ પરિણામ જ આવે પણ માનો કે એવું નથી થતું તો જિંદગી ખરાબ નથી થઈ જતી કે નથી બરબાદ થઈ જતી. શાંત ચિતે વિચારવાથી આપણી અંદરની જ ચેતના આપણને રસ્તો બતાવે છે, આપણી અંદર પડેલી સ્કીલને જ કારકિર્દી માટેનું સાધન બનાવી શકાય છે. જ્યાં સેલ્ફ એમ્પ્લોઈઝ થવાની અને સરસ રીતે પગભર થવાની શક્યતા રહેલી છે એવા એકથી એક હજાર ક્ષેત્રો છે એમાંથી આપણને કયું અનુકૂળ થાય એ પસંદ કરી, યોગ્ય તાલીમ-માર્ગદર્શન, સલાહ લેવાથી ચોક્કસપણે સફળતાપૂર્વક આગળ વધી શકાય છે. પોઝીટીવ થીંકીંગના વિચારોમાંથી એકાદ સૂત્રને જીવી જવાથી આપણને ખુદને જ જીવવાની મજા પડી જાય એવું બની શકે છે. જ્યારે એવું લાગે કે હવે જીવનમાં કાંઈ જ બરકત નથી ત્યારે જ એક નવી શરૂઆત કરવાનો અવસર થઈ શકે છે. હતાશાના કે નિરાશાના વિચારો આવે ત્યારે કોઈ એક મેદાનમાં ખુલ્લા આકાશ નીચે જઈને ઊભા રહેવાથી - અસીમ આકાશને જોવાથી સમજાય છે કે આપણા માટે આટલી જ અસીમ ક્ષિતિજો વિસ્તારવાની તકો પડેલી છે. જિંદગી ક્યાયે ક્યારેય અટકતી નથી. નદીના ખળકળ વહેતાપ્રવાહની માફક એ વહેતી રહે છે. અને એમાં ક્યાંક ક્યારેક અડચણરૂપી એકાદ ખડક આવી જાય તો એને ચીરીને પણ જેમ જળપ્રવાહ વહી જાય છે એમ જ અભ્યાસ ક્ષેત્રે ક્યાંક ક્યારેક અપેક્ષા મુજબની સફળતા ન મળે તો એ નિષ્ફળતા ઉપર જ સફળતાની નૂતન ઈમારતનું સર્જન કરવાની ક્ષમતા ઈશ્વરે દરેક વ્યક્તિને આપી છે. એ ક્ષમતાનો જરૂરપણે ઉપયોગ કરીને સહજપણે નવી દિશા, નવી હવા અને નવા વિચારોને આવકારવાર કદમ માંડવા એ જ જીવન સાફલ્યની શ્રેષ્ઠ ક્ષણો હોય છે.

સહાયક માહિતી નિયામક (ફિલ્મ પ્રોડકશન)
માહિતી ખાતું, ગાંધીનગર.

સ્વપ્ન નવા ને દિશા નવી
રાહ નવી ને તરાહ નવી
પ્રગતિ માટે પ્રારંભ અહીં

## ધોરણ-૧૨ પછી કારકિર્દીની તકો...

ધોરણ-૧૨ એટલે વિદ્યાર્થીઓની આગળ વધતી જતી જીવનયાત્રાનો એક નિર્ણાયક તબક્કો ! જેના પર ભાવિ જીવનનો અને જીવનની સફળતાનો બહુ મોટો આધાર છે. સ્વયંના સ્વપ્નો, લક્ષ્યો અને ક્ષમતા પ્રમાણે સામે ઉપલબ્ધ વિકલ્પોનું સમગ્રતયા અધ્યયન-મૂલ્યાંકન એ પણ એક પરીક્ષા છે. સંપૂર્ણ સજાગતા, સાવધાની અને સમજદારીપૂર્વક આગળ વધવાનું છે. વિદ્યાર્થીઓને તેમના જીવનના મહત્ત્વપૂર્ણ તબક્કામાં પ્રવેશના સમયે તેમને ઉપયોગી એવી માહિતી આપવાનો અહીં નમ્ર પ્રયાસ કર્યો છે.

# આ વિભાગમાં જુઓ....


- ઑનલાઈન એડ્મિશન : એક સમજ ૧૫
- ધોરણ-૧૨ સાયન્સ પછી કારકિર્દીની તકો ૧૮
- ધોરણ-૧૨ (સા.પ્ર.) બાદ મળતાં અભ્યાસક્રમો ૨૬
- ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ પછીના ડિગ્રી એન્જિનિયરીંગ, ડિગ્રી / ડિપ્લોમા ફાર્મસીના અભ્યાસક્રમો ૩૪
- બોર્ડના પરિણામો બાદ પ્રવેશ માટેની મહત્ત્વની વેબસાઈટ્સ ૩૭
- એન્જિનિયરીંગ (ડિગ્રી)ની મહત્ત્વની શાખાઓમાં વર્તમાન ટ્રેન્ડ ૩૮
- ''ધોરણ-૧૨ સાયન્સમાં ઓછા ટકા આવે તો...?'' ૪૧
- વિજ્ઞાનના શિક્ષણ અને સંશોધનની ભારતની શ્રેષ્ઠતમ સંસ્થા : IISER ૪૫
- પંડિત દીનદયાળ પેટ્રોલિયમ યુનિવર્સિટી ૪૮
- નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ડિઝાઈન'ના અભ્યાસક્રમો ૫૦
- 'સેપ્ટ'ના અભ્યાસક્રમો ૫૪
- પ્રોફેશનલ અભ્યાસક્રમો - ICWA/CA/CS ૫૭
- ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટી ૫૯
- ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી ૬૦
- સુરક્ષા ક્ષેત્રે કારકિર્દી : રક્ષા શક્તિ યુનિવર્સિટી ૬૩
- ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટીચર એજ્યુકેશન ૬૭
- સ્પોર્ટસ યુનિવર્સિટીના મહત્ત્વના અભ્યાસક્રમો ૬૯
- ચિલ્ડ્રન યુનિવર્સિટી : ગાંધીનગર ૭૧
- ડો. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં ઉચ્ચ શિક્ષણની તકો ૭૩
- ધોરણ-૧૨ પછી લેવાતી વિવિધ પ્રવેશ પરીક્ષાઓ ૮૨
- સાયન્ટિસ્ટ કેવી રીતે બની શકાય ? ૮૮
- એન્વાયરમેન્ટલ સાયન્સ ૯૦
- સાઈબર વર્લ્ડમાં ક્રાઈમ ડિટેક્ટર ક્ષેત્રે કારકિર્દી ૯૨
- ફેશન ડિઝાઈન ૯૪
- ડેરી ઉદ્યોગ ૯૬
- જાહેર વહીવટ ક્ષેત્રે કારકિર્દી ૯૮
- CMAT આપી MBA-MCAમાં પ્રવેશ મેળવો... ૯૯
- કૃષિના વિવિધ અભ્યાસક્રમો અને રોજગારીની તકો ૧૦૨
- બાયો-ટૅકનૉલૉજી / નેનો ટૅકનૉલોજી ૧૦૮
- ફિઝિક્સ અને એસ્ટ્રોનોમીમાં કારકિર્દી ૧૧૭
- ઈન્ડસ્ટ્રીયલ સેફ્ટીમાં અવ્વલ કારકિર્દી ૧૧૯
- અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશનના શોર્ટ કોર્સ ૧૨૦
- હોટલ અને ટુરિઝમ મેનેજમેન્ટ ૧૨૧
- પત્રકારત્વમાં પડકારરૂપ કારકિર્દી ૧૨૩
- અન્ય અભ્યાસક્રમો ઉપર એક નજર ૧૨૬

# ૧ ઓનલાઇન એડમિશન : એક સમજ

*–પ્રો. ગિરિશ બ્રહ્મભટ્ટ*

આપણા રાજયમાં ધોરણ ૧૦ પછીના ડિપ્લોમા અભ્યાસક્રમો તેમજ ધોરણ ૧૨ પછીના ડિગ્રી એન્જિનિયરીંગ તેમજ ડિગ્રી ફાર્મસી અને ડિપ્લોમા ફાર્મસી ઉપરાંત MBA/MCA અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે ઑનલાઇન એડમિશન સિસ્ટમ અમલી બની છે. એડમિશનની આ પધ્ધતિનો મુખ્ય ફાયદો એ છે કે તેમાં વિદ્યાર્થીએ ફૉર્મ લેવા કે જમા કરાવવા તેમજ એડમિશનની વિવિધ પ્રક્રિયા કરવા માટે છેક અમદાવાદ સુધી આવવું પડતું નથી. જોકે, તેણે એડમિશન કમિટી દ્વારા નિર્ધારીત કરેલ પોલિટેકનિક તેમજ એન્જિનિયરીંગ કોલેજો ખાતે કાર્યરત હેલ્પસેન્ટર પર અવારનવાર જવું પડે તેમજ અમુક ખાસ કિસ્સાઓમાં કદાચ એડમિશન કમિટીની અમદાવાદ ખાતેની ઓફિસે જવું પડે તેવું બને. ઉપર્યુકત કોઇપણ અભ્યાસક્રમમાં પ્રવેશ માટે મુખ્યત્વે નીચે મુજબની તબક્કાવાર વિધિમાંથી પસાર થવું પડે છે.

**● માહિતી પુસ્તિકા અને PIN નંબર મેળવવો :** 'ઓનલાઇન એડમિશન માટે ફોર્મ ભરવા માટે ટૂંકમાં PIN તરીકે ઓળખાતો તમારો પર્સનલ ઈન્ડેક્ષ નંબર(Personal Index Number) મેળવવો પડે. આ નંબર ઉમેદવારને ઘેર બેઠા મળી જાય તે માટે એડમિશન કમિટી દ્વારા કોઇ એક બેંકને નૉડલ બેંક બનાવી તેની રાજયભરમાં આવેલી વિવિધ શાખાઓમાંથી તેની વિતરણ વ્યવસ્થા કરવામાં આવે છે અને આવી બેંકોની શાખાઓના સરનામા સહિતની યાદી એડમિશન કમિટીની વેબસાઇટ પર મુકવામાં આવે છે તેમજ પ્રમુખ અખબારોમાં અપાતી પ્રવેશ જાહેરાતમાં પણ જણાવવામાં આવે છે, આમ, નિયત કરેલ બેંકની વિવિધ શાખાઓમાંથી તમને નજીક પડતી શાખામાં રૂબરૂ જઇ નિયત રકમ ચુકવીને એડમિશન કમિટીની માહિતી પુસ્તિકાની સાથે ૧૪ અક્ષરો ધરાવતો છાપેલ પિન નંબર ધરાવતું કવર મેળવી શકાશે. આ પિન નંબર એ ઓનલાઇન એડમિશન માટે તમારૂં ખાતું ખોલવા માટેની એક સૌથી મહત્વની ચાવી છે અને એડમિશન પ્રક્રિયા પૂરી ન થાય ત્યાં સુધી કમ્પ્યુટર પર ઓનલાઇન એડમિશનના દરેક કાર્ય માટે ડગલે ને પગલે તેની જરૂર પડતી હોવાથી તે ફાટી ન જાય કે ખોવાઇ ન જાય તે રીતે સાચવવાની જવાબદારી તમારી પોતાની છે. જોકે, તે ફાટી જાય કે ખોવાઇ જાય તો ફરી મળી શકે છે, પરંતુ તે માટે નવા પિન માટે ફરી પૈસા ખર્ચવા પડશે અને એ માટે એડમિશન કમિટીની અમદાવાદ ખાતેની ઓફિસ સુધી પણ આવવુ પડે તેવું બને. અત્રે એ ખાસ ઉલ્લેખનિય છે કે, તમને મળેલી માહિતી પુસ્તિકામાં એડમિશન માટેની સંપૂર્ણ જાણકારી આપવામાં આવેલી હોય છે, જેનો તલસ્પર્શી અભ્યાસ કરી લેવો સલાહભર્યુ છે. ઓનલાઇન એડમિશનની વિવિધ કાર્યવાહી કયારે યોજાશે તેનું એક નિયત સમય પત્રક (Key Dates) પણ તમને આપવામાં આવતી માહિતી પુસ્તિકામાં તેમજ વેબસાઇટ પર ઉપલબ્ધ હોય છે.

**●ઓનલાઈન રજીસ્ટ્રેશન :** ઓનલાઈન રજીસ્ટ્રેશન એ વેબસાઇટ મારફત કમ્પ્યુટર પર ફોર્મ ભરવાની અત્યંત સરળ પ્રક્રિયા છે. કેટલીક માહિતી માત્ર માઉસથી કિલક કરીને પસંદ કરવાની હોય છે, તો કેટલીક માહિતી આપ મેળે જ આવી જતી હોય છે. થોડીક જ માહિતી એવી હોય છે કે જે ટાઇપ કરીને દર્શાવવાની હોય છે. જોકે, આ માહિતી કાળજીપૂર્વક કિલક કરવી જોઇએ અને કિલક કર્યા પછી તે ચકાસી પણ લેવી જોઇએ. આ ફોર્મની વિગત ખૂબ જ અગત્યની છે, માટે એ ભરવામાં ખોટી ઉતાવળ કરશો નહી. બધી વિગતો ભરાઇ જાય એ પછી એકવાર તેને બરાબર ચેક કર્યા પછી જ કન્ફર્મ બટન કલીક કરો. કારણ કે, એક વાર કન્ફર્મ બટન કલીક કરી ફોર્મ સબમીટ થઇ ગયા પછી તેમાં સુધારા-વધારા કરવા એ સમય માંગી લેતી પ્રક્રિયા છે.

ઓનલાઈન રજીસ્ટ્રેશન માટેની વેબસાઇટનું નામ માહિતી પુસ્તિકામાં જણાવવામાં આવેલું જ હોય છે. જે મોટેભાગે ડિપ્લોમા એન્જિનિયરીંગ માટે www.gujdiploma.nic.in અને ડિગ્રી એન્જિનિયરીંગ અને ડિગ્રી/ડિપ્લોમા ફાર્મસી માટે www.gujacpc.nic.in હોય છે. ઓનલાઈન રજીસ્ટ્રેશન કેવી રીતે કરવું તેનું સ્ટેપ બાય સ્ટેપ માર્ગદર્શન તમને મળેલી માહિતી પુસ્તિકામાં Guide line for online Admission એવા મથાળા સાથે આપવામાં આવેલ હોય છે

ઓનલાઇન રજીસ્ટ્રેશનની શરૂઆતમાં જ તમને તમારો PIN નંબર પુછવામાં આવશે. આ પિન નંબર ૧૪ અક્ષરનો હશે તેમજ તે અટપટો હશે તેથી ટાઇપ કર્યા બાદ ચકાસીને એકદમ સાચો ટાઇપ થાય તે ધ્યાન રાખવું જરૂરી છે. ઓનલાઇન એડમિશન પદ્ધતિમાં તમને ત્રિ-સ્તરીય સલામતી આપવામાં આવે છે. જેમાંની એક છે ૧૪ અક્ષરનો પિન, જે તમને માહિતી પુસ્તિકાની સાથે જ અલગ કવરમાં છાપેલો આપવામાં આવે છે. બીજી સલામતી, તમારો અલાયદો યુઝર આઇ.ડી, છે, જે ઓનલાઇન રજીસ્ટ્રેશન વખતે આપવામાં આવે છે અને તે મોટે ભાગે આપમેળે જ આવી જતો હોય છે. ત્રીજી સલામતી છે પાસવર્ડ. જે ઓનલાઇન રજીસ્ટ્રેશન વખતે તમારે પોતે નક્કી કરવાનો હોય છે. પાસવર્ડ તરીકે ઓછામાં ઓછા ૬ અને વધુમાં વધુ ૧૨ અક્ષરો આપી શકાય છે.

ઓનલાઇન એડમિશન પદ્ધતિમાં તમારૂં એકાઉન્ટ ખોલવા માટે PIN, પાસવર્ડ અને યુઝર આઇ.ડી. એ ત્રણ ચાવી છે અને દરેક વખતે તે ત્રણેય જરૂરી છે. જો તે ખોવાઇ કે ભૂલાઇ જાય તો આપણે આપણા એકાઉન્ટમાં લોગ-ઇન થઇ શકીએ એટલે કે આપણે જ આપણું ઘર ખોલી ન શકીએ તેવું બને. એટલું જ નહી પરંતુ, જો બીજા કોઇના હાથમાં આવી જાય તો તેનો દુરૂપયોગ પણ થઇ શકે અને એ કિસ્સામાં તમને નુકશાન થાય તેમ પણ બને. માટે આ ત્રણેય ચાવીઓને ગુપ્ત રાખવાની જવાબદારી તમારી છે.

માત્ર ઓનલાઇન રજીસ્ટ્રેશન થઇ જાય તે પૂરતું નથી. જરૂરિયાત અનુસાર તેને પ્રિન્ટ કરાવી જરૂરી ઝેરોક્ષ નકલ લગાવી તેને નિયત કરેલ કોઇપણ હેલ્પસેન્ટર પર જઇ જમા કરાવી તે જમા કરાવ્યા બદલની એડમિશન કમિટીની એકનોલેજમેન્ટ સ્લીપ મેળવી લેવી જરૂરી છે.

● **ઇન્ટરનેટ સુવિધા માટે કયાં જવું :** ઓનલાઇન એડમિશન માટેની કોઇપણ પ્રક્રિયા માટે ઇન્ટરનેટ સુવિધા હોવી જરૂરી છે. જો તમારી પાસે ઘરે આ સુવિધા ઉપલબ્ધ હોય તો ઘરે બેસીને ઓનલાઇન એડમિશનની વિવિધ કામગીરી કરી શકો છો. પરંતુ જો તમારી પાસે ઘરે આ સુવિધા ઉપલબ્ધ ન હોય તો ચિંતા કરવાની જરૂર નથી. એડમિશન કમિટી દ્વારા નિયત કરવામાં આવેલી રાજયભરની વિવિધ કોલેજો ખાતેના હેલ્પસેન્ટર પર જઇ તમે નિઃશુલ્ક કમ્પ્યુટર સુવિધાનો ઉપયોગ કરી શકો છો. કેટલાક ઉમેદવારો હેલ્પસેન્ટર પરની ભીડ જોઇને કે પછી હેલ્પ સેન્ટર થોડું દૂર હોવાને લીધે પૈસા ખર્ચીને નજીકના સાયબર કાફેની સેવા લેતા હોય છે. આમ કરવું સાવ ખોટું નથી, પરંતુ થોડી વધુ કાળજી માંગી લે છે. સાયબર કાફેવાળા ધંધાદારી હોવાથી સ્વાભાવિક રીતે જ વધુ કમાવવા ઉતાવળ કરતાં હોવાથી કયારેક માહિતીમાં ભૂલ રહી જવાની સંભાવના રહી જતી હોય છે. તેવી જ રીતે ગુપ્ત પાસવર્ડ કે પિન નંબર જાહેર થઇ જવાની શકયતા પણ રહેલી છે.



**● ઓન લાઈન ચોઈસ ફિલિંગ :** તમારે ગુજરાતમાં આવેલી અનેક કોલેજોમાંથી કઇ કોલેજમાં એન્જિનિયરીંગની વિવિધ બ્રાંચ પૈકી કઇ બ્રાંચમાં એડમિશન લેવું છે તેની પસંદગી દર્શાવવાની કામગીરી ને ઓન લાઇન ચોઇસ ફિલિંગ કહે છે. ઓનલાઇન રજીસ્ટ્રેશનની કામગીરી પૂર્ણ થયા બાદ નિયત કરેલ સમય પત્રક પ્રમાણે શરૂઆતમાં એક-બે મોક રાઉન્ડ અને ત્યારબાદ ફાયનલ ચોઇસ ફિલિંગ રાઉન્ડ થાય છે.

**ઓન લાઇન ચોઇસ ફીલીંગ બાબતે ધ્યાનમાં રાખવા જેવી કેટલીક બાબતો નીચે મુજબ છે :**

- વધુમાં વધુ કેટલી ચોઇસ ભરવી તેની કોઇ મર્યાદા નક્કી કરેલી નથી. તેથી શકય હોય ત્યાં સુધી એક કરતાં વધુ ચોઇસ ભરવી હિતાવહ છે, જેથી કદાચ આપણી પ્રથમ પસંદગી આપણા કરતાં વધુ મેરિટ ધરાવતા ઉમેદવાર દ્વારા ભરાઇ જાય તો આપણને આપણી એ પછીની પસંદગી મુજબનું એડમિશન મળે. આપણા કરતાં ઓછા મેરીટ માર્ક ધરાવતા ઉમેદવારને મળે અને આપણે રહી જઇએ એવું ન થાય તે માટે રાજયભરની આપણને ગમતી શકય તેટલી વધુ ચોઇસ ભરવી જોઇએ.
- ચોઇસ લિસ્ટમાં આપણી બધી ચોઇસ પસંદગીના ઉતરતા ક્રમમાં રાખવી જોઇએ. એટલે કે, આપ ણી સૌથી પહેલી પસંદગીનો વિકલ્પ પહેલાં મુકવો જોઇએ અને એનાથી ઓછી પસંદગીના વિકલ્પને ત્યારબાદ એ રીતે એક પછી એક ઉતરતા ક્રમમાં પસંદગી મૂકવી જોઇએ.
- જો ટ્યુશન ફી મુકિત યોજનાનો લાભ લેવો હોય તો જે તે કોલેજની TFW વાળી પસંદગી પહેલાં દર્શાવવી જોઇએ. જેથી જો TFW વાળી જગ્યા ખાલી હોય તો તે તમને મળી શકે.
- ચોઇસ લિસ્ટ બની ગયા બાદ તમામ ચોઇસ તમારી પસંદગીના ઉતરતા ક્રમમાં જ છે કે કેમ તે બરાબર ચકાસી લેવું જોઇએ.
- ચોઇસ લિસ્ટ ફાયનલ કર્યા બાદ તેમાં કોઇ ફેરફાર ન કરી શકે તે માટે છેલ્લે તેને Lock કરવાનું ન ભુલવું જોઇએ.

**● મોક રાઉન્ડ એટલે શું ? :** ઉમેદવારોને ચોઈસ ફિલિંગ પ્રક્રિયાનો મહાવરો મળે તે માટે જરૂર મુજબ ચોઈસ ફિલિંગના બે કે ત્રણ મોક(પ્રેકટીસ)રાઉન્ડ રાખવામાં આવે છે. મોક રાઉન્ડની ખાસિયત એ છે કે આ રાઉન્ડ સંપૂર્ણપણે ખરેખરા રાઉન્ડ જેવો જ હોય છે. ફરક માત્ર એટલો કે આ રાઉન્ડ પછી કોઈને એડમિશન ફાળવવામાં આવતું નથી, માત્ર કયાં એડમિશન મળવાની સંભાવના છે તે જાણવા મળે છે. મોક રાઉન્ડમાં એ રીતે ભાગ લેવો જોઈએ, જાણે કે રીયલ રાઉન્ડ હોય. મોક રાઉન્ડ હોય કે રીયલ રાઉન્ડ, દરેક રાઉન્ડ બાદ એડમિશન કમિટીની વેબસાઈટ પર પરીણામ જાહેર કરવામાં આવે છે અને સાથે સાથે તેનું 'એલોટમેન્ટ એનાલિસીસ' આપવામાં આવે છે, જેનો અભ્યાસ કરી તેના આધારે આગળના રાઉન્ડમાં ચોઈસમાં સુધારા-વધારા કરી શકાય છે.

**● એડમિશન કન્ફર્મેશન :** બે-ત્રણ મોક રાઉન્ડ બાદ રીયલ રાઉન્ડ પછી ઉમેદવારોને તેમની પસંદગી અનુસાર ઉપલબ્ધ અભ્યાસક્રમમાં પ્રવેશ ફાળવવામાં આવે છે. જો ઉમેદવારને ફાળવેલ પ્રવેશ લઇ લેવો હોય તો તેણે એડમિશન ઓફર લેટર અને બેંક ચલન છાપી તેમાં દર્શાવેલ ફીની રકમ નિર્ધારિત બેંકની શાખામાં જમા કરાવી તે લઇ નજીકના કોઈ હેલ્પ સેન્ટર જઈ એડમિશન કન્ફર્મ કરાવવું પડે અને એ પછી એડમિશન લેટર મેળવવો પડે. જો કોઈ ઉમેદવાર પ્રવેશ ફાળવાયા પછી કોઈ વિધિ ના કરે અથવા બધી વિધિ કર્યા બાદ 'એડમિશન લેટર' મેળવવાનું ચૂકી જાય( એડમિશન કન્ફર્મ ન થાય ) તો તેને ફાળવાયેલ પ્રવેશ આપોઆપ રદ થઇ જાય છે.

**● કોલેજમાં રિપોર્ટીંગ :** એડમિશન કન્ફર્મ કરાવીને હેલ્પ સેન્ટર પરથી એડમિશન લેટર મેળવી લીધા બાદ જે કૉલેજના જે અભ્યાસક્રમમાં પ્રવેશ મળ્યો હોય તે જો બદલવાની ઈચ્છા ન હોય તો તે કૉલેજમાં રીપોર્ટીંગ કરવું પડે.

**● રીસફલીંગ :** જે કૉલેજના જે અભ્યાસક્રમમાં પ્રવેશ મળ્યો હોય તે જો બદલવાની ઈચ્છા હોય તો બીજા કે તે પછી યોજાતા ત્રીજા રાઉન્ડમાં(રિસફલીગમાં) ભાગ લઇ શકાય. આ માટે એડમિશન કમિટીની માહિતી પુસ્તિકા અવશ્ય વાંચવી.

(ખાસ નોંધ : આ લેખનો ઉદ્દેશ માત્ર વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવાનો છે. વધુ વિસ્તૃત માહિતી માટે એડમિશન કમિટીની માહિતી પુસ્તિકા અને વેબસાઈટનો ઉપયોગ કરવો. )

૩૮, શિવાશિષ બંગલોઝ,
નીલકંઠ મહાદેવ, ગૌરવ પથ, ડી.કેબિન,
સાબરમતી,
અમદાવાદ. ૩૮૦ ૦૧૯.

# ૨ ધોરણ-૧૨ સાયન્સ પછી કારકિર્દીની તકો

– રાજેન્દ્ર ઉપાધ્યાય

ધોરણ : ૧૨ વિજ્ઞાનપ્રવાહને મુખ્યત્વે ત્રણ વિભાગમાં વહેંચી શકાય.

(૧) ગૃપ : A એટલે કે મેથ્સ ગૃપ (PCM)

(૨) ગૃપ : B એટલે કે બાયોલોજી ગૃપ (PCB)

(૩) ગૃપ : A અને B એટલે કે સંયુક્ત / મિશ્ર ગૃપ (PCMB)

સામાન્ય રીતે ગૃપ : Aના વિદ્યાર્થીઓને એન્જિનિયરીંગ ક્ષેત્રના, ગૃપ : Bના વિદ્યાર્થીઓને મેડિકલ - પેરામેડિકલ ક્ષેત્રના તેમજ ગૃપ : A + B ધરાવનારાઓ માટે બન્ને પ્રકારના અભ્યાસક્રમો પ્રાપ્ત થતા હોય છે. આ ઉપરાંત કેટલાંક અભ્યાસક્રમો એવા હોય છે કે જે ગૃપ : A હોય કે ગૃપ : B બન્ને પ્રકારના વિદ્યાર્થીઓ માટે પ્રાપ્ય હોય છે.

નીચેના ચાર્ટ દ્વારા ધોરણ : ૧૨ વિજ્ઞાનપ્રવાહ બાદ ઉપલબ્ધ જાણીતા અભ્યાસક્રમોની યાદી જોઈએ.

## ધોરણ : ૧૨ (વિજ્ઞાનપ્રવાહ) બાદ પ્રાપ્ય અભ્યાસક્રમો

| ગૃપ : Aના વિદ્યાર્થીઓ માટે | ગૃપ : Bના વિદ્યાર્થીઓ માટે | બન્ને ગૃપના વિદ્યાર્થીઓ માટે |
|---|---|---|
| ૧. B.E. | ૧. મેડિકલ - પેરામેડિકલ | ૧. ફાયર ટેકનોલોજી |
| ૨. નેવલ એન્જિનિયરીંગ | ૨. B.A.M.S.(આયુર્વેદ) | ૨. ડી.ફાર્મ /બી.ફાર્મ |
| ૩. B.Tech | ૩. B.H.M.S.(હોમીયોપેથી) | ૩. બી. ડિઝાઈન |
| ૪. પેટ્રોકેમિકલ્સ | ૪. એન્વાયરમેન્ટલ સાયન્સ | ૪. B.Sc. |
| ૫. આર્કિટેક્ચર / ઈન્ટિરિયર ડિઝાઈન / જીઓમેડિક્સ | ૫. સુમનદીપ વિદ્યાપીઠના અભ્યાસક્રમો | ૫. હોટલ મેનેજમેન્ટ |
| | | ૬. N.D.A. |
| ૬. ફેશન ટેકનોલોજી | ૬. B.V.S.C. | ૭. B.S.W. |
| ૭. મરીન એન્જિનિયરીંગ | ૭. B.Sc.(એગ્રિ. ફીશરીઝ, ફોરેસ્ટ્રી હોર્ટિકલ્ચર) | ૮. M.Sc.(IT) |
| ૮. એગ્રિકલ્ચર એન્જિનિયરીંગ | | ૯. B.Sc.-LLB. |
| ૯. B.Sc.(નોટિકલ સાયન્સ) | | ૧૦. B.Sc. - B.Ed. |

ઉપરોક્ત અભ્યાસક્રમોનો એક પછી એક પરિચય મેળવી લઈએ...

### ● ગૃપ : Aના વિદ્યાર્થીઓ માટે :

### ૧. B.E.(બેચલર ઓફ એન્જિનિયરીંગ) :

ગુજરાત ટેકનોલોજી યુનિવર્સિટી (GTU) દ્વારા એડમિશન કમિટી ફોર પ્રોફેશનલ કોર્સિસ (ACPC) દ્વારા એડમિશન પ્રક્રિયા ઓન-લાઈન હાથ ધરવામાં આવે છે.

વધુ માહિતી માટે સંપર્ક :

(૧) ઈજનેરી કોલેજ પોલિટેકનિક્સ ખાતે ઉભા કરાયેલા કેન્દ્રો.

(૨) હેલ્પ લાઈન : (૦૭૯) ૨૬૮૫૫૪૪૪

(૩) www.gtu.ac.in / gujacpc.nic.in

(૪) ગુજરાત ટેકનોલોજિકલ યુનિવર્સિટી (GTU) એડમિશન બિલ્ડીંગ, વિશ્વકર્મા ઈજનેરી કોલેજ, કેમ્પસ, ચાંદખેડા, અમદાવાદ. www.gtu.edu.in

### ૨. નેવલ એન્જિનિયરીંગ :

**પ્રવેશ લાયકાત :** ધોરણ : ૧૨ (વિજ્ઞાનપ્રવાહ) ગૃપ : A માં લઘુત્તમ ૭૦ % માર્ક્સ. ( SSC / HSCમાં અંગ્રેજી વિષયમાં લઘુત્તમ ૫૦% ગુણ)

**પ્રવેશ પાત્રતા :** ૧૬.૫થી ૧૯ વર્ષથી વય ધરાવતા અપરિણિત ભાઈઓ

**ઊંચાઈ :** ઓછામાં ઓછી ૧૫૭ સેમી. વજન : ઊંચાઈના પ્રમાણમાં

**પ્રવેશ પરિક્ષા :** સૌ પ્રથમ ઈન્ટેલિજન્સ ટેસ્ટ - ત્યારબાદ સાયકોલોજીકલ ટેસ્ટ, ગૃપ ટાસ્ક, ઈન્ડિવિઝ્યુઅલ ટાસ્ક, ગૃપ ડિસ્કશન અને ઈન્ટરવ્યૂ - ત્યારબાદ મેરિટ લિસ્ટને આધારે ૬ મહિના નેવલ એકેડેમી, ગોવામાં ટ્રેનીંગ

-ત્યારબાદ ૪ વર્ષના B.Tech. અભ્યાસક્રમમાં પ્રવેશ અને ડિગ્રી બાદ ભારતીય નૌકાદળમાં પરમેનન્ટ ટેકનિકલ ઓફિસર તરીકેની નિમણૂંક

**વધુ માહિતી માટે સંપર્ક :**

(૧) DDMPR(RR) નેવલ હેડક્વાટર્સ, સેના ભવન, નવી દિલ્હી-૧૧૦૦૧૧

(૨) ભારતીય નૌકાદળ, C/o INS, VALSURA, જામનગર - ૩૬૧૦૦૧

વેબસાઈટ : www.nausena-bharati.nic.in

૩. **B.Tech.**

DA - IICT નો B.Tech.

DA-IICT (ધીરુભાઈ અંબાણી ઈન્સ્ટિટયૂટ ઓફ ઈન્ફર્મેશન એન્ડ કમ્યુનિકેશન ટેકનોલોજીના ICT (ઈન્ફર્મેશન એન્ડ કમ્યુનિકેશ ટેકનોલોજી) અભ્યાસક્રમ B.E. સમકક્ષ મૂલ્ય ધરાવે છે.

**અભ્યાસક્રમનું નામ :** B.Tech (ICT)

અભ્યાસક્રમની મુદત : ૪ વર્ષ

**પ્રવેશ લાયકાત :** ધોરણ ૧૨ (વિજ્ઞાનપ્રવાહ) ગૃ ૫ : Aના વિષયો સાથે પાસ

**પ્રવેશ પાત્રતા :** JEE(મેઈન)ના રેન્કિંગ ઉપરાંત ઈન્ટરવ્યૂમાં તર્ક શક્તિ, અભિયોગ્યતા અને અંગ્રેજીનું જ્ઞાન ચકાસ્યા બાદ પ્રવેશ.

**વધુ માહિતી માટે સંપર્ક :** ધીરુભાઈ અંબાણી ઈન્સ્ટિટયૂટ (DA-IICT), 'ઘ' '૦' સર્કલ, ગાંધીનગર - ૩૮૨૦૦૭.

**વેબસાઈટ :** www.da_iict.org

ઉપરાંત INDUS રાંચરડા વાયા થલતેજ, અમદાવાદ - ૩૮૨૧૧૫ ખાતે પણ ICTનો અભ્યાસક્રમ M.Sc.કક્ષાએ ચાલે છે.

**- કામધેનુ પશુપાલન યુનિવર્સિટીનો B.Tech :**

**અભ્યાસક્રમનું નામ :** B.Tech. ઈન ડેરી ટેકનોલોજી

B.Tech. ઈન ડેરી એન્ડ ફૂડ ટેકનોલોજી

**પ્રવેશ લાયકાત :** ધોરણ : ૧૨ (વિજ્ઞાનપ્રવાહ) ગૃ ૫ : Aના વિષયો સાથે લઘુત્તમ ૫૦ % સાથે પાસ.

**પ્રવેશ પાત્રતા :** HSC બોર્ડ તેમજ JEE(મેઈન) ની ટકાવારીના મેરિટ લીસ્ટને આધારે

**વધુ માહિતી માટે સંપર્ક :**

(૧) કૃષિ યુનિવર્સિટી, સરદાર પટેલ કૃષિનગર, દાંતીવાડા - ૩૮૫૫૦૬

(૨) ગોપાલક વિકાસમંડળ, ડેરી કોલેજ, અણિયાદ, તા. શહેરા, જિ. ગોધરા

(૩) શેઠ એમ.સી. કોલેજ ઓફ ડેરી સાયન્સ, આણંદ

(૪) ડેરી ટેકનોલોજી કોલેજ, નાના માખિયાળા, અમરેલી

(૫) માનસિંહ ઈન્સ્ટિટયૂટ ઓફ ડેરી એન્ડ ફૂડ ટેકનોલોજી, મહેસાણા.

કૃષિ યુનિ. સરદાર પટેલ કૃષિનગર, દાંતીવાડા ખાતે B.Tech. ઈન રિન્યુએબલ એનર્જી એન્ડ એન્વાયરમેન્ટ એન્જિનિયરીંગનો કોર્સ ચાલે છે.

૪. **પેટ્રોકેમિકલ્સ :**

**અભ્યાસક્રમનું નામ :** .(૧) B.Tech(પેટ્રો બેઈઝડ)

(૨) M.Tech (ઈન્ટિગ્રેટેડ)

**અભ્યાસક્રમની મુદત :** અનુક્રમે (૧) માટે ૪ વર્ષ અને (૨) માટે ૫ વર્ષ કુલ બેઠકો : ૨૪૦

**પ્રવેશ લાયકાત :** ધોરણ ૧૨ (વિજ્ઞાનપ્રવાહ) ગૃ ૫ : A સાથે પાસ

**પ્રવેશ પાત્રતા :** JEE (મેઈન)

**વધુ માહિતી માટે સંપર્ક :** પંડિત દીનદયાલ પેટ્રોલિયમ યુનિવર્સિટી (PDPU)

રાયસણ, ગાધીનગર - ૩૮૨૦૦૭. વેબસાઈટ : www.iptg.ac.in / pdpu.ac.in

૫. **આર્કિટેક્ચર / ઈન્ટિરિયર, ડિઝાઈન / જીઓમેડિક્સ**

**અભ્યાસક્રમનું નામ :** (૧) કન્સ્ટ્રક્શન ટેકનોલોજી (B.E.સમકક્ષ ડિગ્રી કોર્સ)

(૨) B.Arch(બેચલર ઈન આર્કિટેકચર)

(૩) ઈન્ટિરિયર ડિઝાઈન (ડિગ્રી કોર્સ)



(૪) P.G. Diploma ઈન Adv.Geomedics

**અભ્યાસક્રમની મુદત :** (૧) અને (૩)ના અભ્યાસક્રમ માટે ૫ વર્ષ, (૨) અને (૪) માટે ૩ વર્ષ.

**પ્રવેશ લાયકાત :** ધોરણ : ૧૨ (વિજ્ઞાનપ્રવાહ) ગૃપ : Aના વિષયો સાથે લઘુત્તમ ૪૫ % સાથે પાસ. (SC / ST/ OBC ઉમેદવારો માટે ૫ %ની છૂટછાટ)

**પ્રવેશ પાત્રતા :** NATAની પ્રવેશ પરીક્ષા પાસ

**વધુ માહિતી માટે સંપર્ક :** સેન્ટર ફોર એન્વાયરમેન્ટલ પ્લાનિંગ એન્ડ ટેકનોલોજી, CEPT યુનિવર્સિટી, કસ્તૂરભાઈ લાલભાઈ કેમ્પસ, A.G. હાઈસ્કૂલ પાસે, ગુજ.યુનિ. રોડ, નવરંગપુરા, અમદાવાદ - ૩૮૦૦૦૯.

**વેબસાઈટ :** www.ceptindia.ac.in

૬. **ફેશન ટેકનોલોજી**

**અભ્યાસક્રમનું નામ :** B.feshion Tech.(બેચલર ઈન ફેશન ટેકનોલોજી)

**પ્રવેશ લાયકાત :** ધોરણ : ૧૨ (વિજ્ઞાનપ્રવાહ ) ગૃપ : A પાસ

**પ્રવેશ પાત્રતા :** પ્રવેશ પરીક્ષા - લેખિત તેમજ મૌખીક પાસ

**વધુ માહિતી માટે સંપર્ક :** નેશનલ સ્કૂલ ઓફ ફેશન ટેકનોલોજી (NIFT), 'ચ'- સર્કલ, ઈન્દ્રોડા ઉદ્યાન પાસે, ગાંધીનગર - ૩૮૨૦૦૭

**વેબસાઈટ :** www.niftindia.com

૭. **મરીન એન્જિનિયરીંગઃ**

**અભ્યાસક્રમની મુદત :** ૪ વર્ષ કુલ બેઠકો : ૧૨૦



**પ્રવેશ લાયકાત :** ધોરણ : ૧૨ (વિજ્ઞાનપર્વાહ) ગૃપ : A પાસ + JEE (A)

**પ્રવેશ પાત્રતા :** ચશ્માધારી ઉમેદવારો ચાલે, પણ આંખના નંબર - ૨.૫ અથવા + ૨.૫થી વધુ ન હોવા જોઈએ. ડિફેક્ટીવ કલર વિઝન ન હોવી જોઈએ.

**વધુ માહિતી માટે સંપર્ક :** મરીન એન્જિનિયરીંગ એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટયૂટ (MERI) P -૧૯, ટારાટોલા રોડ, કોલકત્તા - ૭૦૦૦૮૮. Website : www.imu.in.nic.in

૮. **એગ્રિકલ્ચર એન્જિનિયરીંગ :**

**અભ્યાસક્રમનું નામ :** B.Tech.(એગ્રિકલ્ચર એન્જિનિયરીંગ)

**અભ્યાસક્રમની મુદત :** ૪ વર્ષ

**પ્રવેશ લાયકાત :** ધોરણ : ૧૨ (વિજ્ઞાનપ્રવાહ ) ગૃપ : A પાસ

**પ્રવેશ પાત્રતા :** HSC + ગુજકેટના મેરિટ લિસ્ટ તેમજ JEE (મેઈન્સ)

**વધુ માહિતી માટે સંપર્ક :**

(૧) ડીન, કૃષિ ઈજનેરી અને ટેકનોલોજી કોલેજ, આણંદ કૃષિ યુનિવર્સિટી, ધોળાકુવા, ગોધરા - ૩૮૯૦૦૧

(૨) કૃષિ ઈજનેરી અને ટેકનોલોજી મહાવિદ્યાલય, જુનાગઢ

(૩) સરદાર કૃષિનગર, કૃષિ યુનિવર્સિટી, દાંતીવાડા - ૩૮૫૫૦૬

**વેબસાઈટ :** www.aau.in

૯. **B.Sc.(નોટિકલ સાયન્સ) :**

**અભ્યાસક્રમની મુદત :** ૩ વર્ષ, કુલ બેઠકો : ૯૦

**પ્રવેશ લાયકાત :** ધોરણ : ૧૨ (વિજ્ઞાનપ્રવાહ) ગૃપ : A સાથે પાસ + JEE (A)

**પ્રવેશ પાત્રતા :** ઉમેદવારનું નોર્મલ વિઝન બન્ને આંખોમાં ૬/૬ હોવું જોઈએ. ચશ્માધારી ઉમેદવાર ગેરલાયક ગણાશે.

**વધુ માહિતી માટે સંપર્ક :** ટી.એસ. ચાણક્ય, કાર્વે, નેરૂલ, નવી મુંબઈ : ૪૦૦૭૦૬

**વેબસાઈટ :** www.imu.in.nic.in

**ગૃપ : Bના વિદ્યાર્થીઓ માટે :**

૧. **મેડિકલ - પેરામેડિકલ :**

(૧) M.B.B.S. : (બેચલર ઓફ મેડિસીન એન્ડ બેચલર ઓફ સર્જરી)

**મુદત :** ૪ વર્ષ ૬ માસ + ૧ વર્ષ ઈન્ટર્નશીપ કુલ બેઠકો : અંદાજિત ૨,૮૦૦ (ફેરફારને પાત્ર)

મેડિકલ એડમિશનના ફોર્મ જરૂરી ફી ભરવાથી બેંકમાંથી મળી રહે છે. ફોર્મ ભરીને બી.જે. મેડિકલ કોલેજ, અમદાવાદ ખાતે જમા કરવાના હોય છે. જાણીતા વર્તમાનપત્રોમાં પ્રવેશ અંગેની જાહેરાત તેમજ મેરિટ લિસ્ટ અંગેની માહિતી આપવામાં આવે છે. મેરિટ લિસ્ટ જોવા માટે www.medadmbjmc.in

(૨) **B.D.S. : (બેચલર ઓફ ડેન્ટલ સર્જરી)**
મુદત : ૪ વર્ષ ૬ માસ + ઈન્ટર્નશીપ કુલ બેઠકો : અંદાજિત ૧,૨૦૦ (ફેરફારને પાત્ર)

(૩) **બી. ફિઝિયો : (બેચલર ઓફ ફિઝિયોથેરાપી)**
મુદત : ૪ વર્ષ ૬ માસ + ઈન્ટર્નશીપ કુલ બેઠકો : અંદાજિત ૧,૪૦૦ (ફેરફારને પાત્ર)

(૪) **B.P.O. : (બેચલર ઓફ પ્રોસ્થેટિક્સ એન્ડ ઓર્થોડિક્સ**

(૫) **B.O. : (બેચલર ઓફ ઓપ્ટોમેટ્રી)**
વધુ માહિતી માટે સંપર્ક : www.medadmbjmc.in

૨. **B.A.M.S. : આયુર્વેદ**

**અભ્યાસક્રમની મુદત :** ૫.૫ વર્ષ + ૧ વર્ષ ઈન્ટર્નશીપ કુલ બેઠકો : અંદાજિત ૨૬૦

**પ્રવેશ લાયકાત :** ધોરણ : ૧૨ (HSC) વિજ્ઞાનપ્રવાહમાં લઘુતમ ૫૦ % સાથે પાસ (જેમાં SSC / HSCમાં 'સંસ્કૃત' વિષય હોવો જરૂરી છે. SSC તેમજ HSC એમ બન્નેમાં 'સંસ્કૃત' વિષય રાખેલો હોય, તો બન્ને પૈકી વધુ માર્કસ હશે તેજ મેરિટમાં ગણાશે.

**અભ્યાસક્રમ ચલાવતી સંસ્થાઓ :**

(૧) સરકારી આયુર્વેદ મહાવિદ્યાલય, પાણીગેટ, આજવા રોડ, વડોદરા.
(૨) સરકારી અખંડાનંદ આયુર્વેદ મહાવિદ્યાલય, લાલ દરવાજા, અમદાવાદ.
(૩) સરકારી આયુર્વેદ મહાવિદ્યાલય, સરદાર બાગ, જૂનાગઢ
(૪) શેઠ જી.યુ. સરકારી આયુર્વેદ મહાવિદ્યાલય, વડવા, ભાવનગર.

ઉપરોક્ત સિવાય ત્રણ સ્વનિર્ભર સંસ્થાઓ ન્યૂ વિદ્યાનગર, નડિયાદ, તેમજ વાઘોડિયા (વડોદરા) ખાતે આવેલી છે. જ્યારે લોદરા, સુરત, નડિયાદ તેમજ જામનગરની કોલેજોમાં ૫૦ % ફ્રી સીટ અને ૫૦ % પેમેન્ટ સીટ ધરાવે છે. ઉપરાંત આર્યકન્યા આયુર્વેદ મહાવિદ્યાલય, કારેલી બાગ, વડોદરાની સંસ્થામાં માત્ર બહેનોને જ પ્રવેશ આપવામાં આવે છે.

૩. **B.H.M.S. : (હોમીયોપેથી)**

**પ્રવેશ લાયકાત :** ધોરણ : ૧૨ (HSC) વિજ્ઞાન પ્રવાહ સાથે પાસ

**કુલ બેઠકો :** ૧,૪૯૦ (ફેરફારને પાત્ર)

અગાઉ ચાલતો DHMS- હોમિયોપેથી ડિપ્લોમા કોર્સ હવે બંધ કરાયો છે. ડિગ્રી કોર્સ માટે ગુજરાતભરની તમામ ૧૫ કોલેજોમાં કેન્દ્રિય ધોરણે એડમિશન અપાતું હોવાથી એક જ ફોર્મ ભરવાનું રહે છે. તમામ કોલેજોમાં ફ્રિ સીટ અને પેમેન્ટ સીટની વ્યવસ્થા છે.

**વધુ માહિતી માટે સપર્ક :** www.medadmbjmc.in

૪. **એન્વાયરમેન્ટલ સાયન્સ :**

**અભ્યાસક્રમનું નામ :** B.Sc. ઈન E.S. (Environmental Science - પર્યાવરણ વિજ્ઞાન)

**પ્રવેશ લાયકાત :** ધોરણ : ૧૨ વિજ્ઞાનપ્રવાહ- ગૃપ : B સાથે પાસ (B.Sc.ના પ્રથમ વર્ષમાં કોમન વિષયો ભણવાના હોઈ F.Y.B.Sc. - 'B' ગૃપ સાથે પાસ કરનારને આ અભ્યાસક્રમમાં સીધો બીજા વર્ષમાં પ્રવેશ મળી શકે છે.)

**પ્રવેશ પાત્રતા :** ઓપન મેરિટ કુલ બેઠકો : ૬૦

પ્રવેશ પ્રક્રિયા : જૂન માસ

**અભ્યાસક્રમની ફી :** ૩૭,૦૦૦ વાર્ષિક

**અભ્યાસક્રમની મુદત :** ૩ વર્ષ (૬ સેમેસ્ટર), ૬ થિયરી અને ૩ પ્રેક્ટિકલ વિષયો સહિત ૯ વિષયો.

**વધુ માહિતી માટે સંપર્ક :** (૧) એન.વી. પટેલ કોલેજ ઓફ પ્યોર એન્ડ એપ્લાઈડ સાયન્સીસ મોટા બજાર, વલ્લભવિદ્યાનગર - ૩૮૮૧૨૦
(૨) એમ.એસ. યુનિવર્સિટી, વડોદરા

**વેબસાઈટ :** www.nvpas.edu.in અથવા www.rnkumar.co.in

૫. **સુમનદીપ વિદ્યાપીઠ (ડિમ્ડ યુનિવર્સિટી)ના અભ્યાસક્રમો :**

મેડિકલ, પેરા-મેડિકલ ક્ષેત્રે વડોદરા જિલ્લાના વાઘોડિયા નજીક પીપરીયા ગામે સુમનદીપ વિદ્યાપીઠ (ડિમ્ડ) યુનિવર્સિટી સંલગ્ન નીચેના અભ્યાસક્રમો ચાલે છે. જે પૈકી અમુક

અભ્યાસક્રમોનું એડમિશન કમિટી ફોર પ્રોફેશનલ કોર્સિસ ACPC દ્વારા જોડાણ કરાયું છે.

(૧) M.B.B.S. : ૪.૫ વર્ષ + ૧ વર્ષ ઈન્ટર્નશીપ, એન્ટ્રસ ટેસ્ટ દ્વારા પ્રવેશ, ૧૫૦ સીટ

(૨) B.D.S. : ૫ વર્ષનો અભ્યાસક્રમ, એન્ટ્રસ ટેસ્ટ દ્વારા પ્રવેશ, ૧૦૦ સીટ

(૩) B.Sc.(નર્સિંગ) : ૪ વર્ષ + ૬ માસ ઈન્ટર્નશિપ, એન્ટ્રસ ટેસ્ટ દ્વારા પ્રવેશ, ૬૦ સીટ

(૪) B.P.T. : ૪ વર્ષ + ૬ માસ ઈન્ટર્નશિપ, એન્ટ્રસ ટેસ્ટ દ્વારા પ્રવેશ, ૧૦૦ સીટ

(૫) B.Pharm : ૪ વર્ષ + ૬ માસ ઈન્ટર્નશીપ, એન્ટ્રસ ટેસ્ટ દ્વારા પ્રવેશ, ૬૦ સીટ

(૬) DMLT / CMLT : ૧ વર્ષનો ૧૦ સીટ ધરાવતો અભ્યાસક્રમ

(૭) ડેન્ટલ મિકેનીક : ૨ વર્ષનો ૧૦ સીટ ધરાવતો અભ્યાસક્રમ

(૮) રેડિયોલોજી ડિપ્લોમા એન્ડ ઈમેજિંગ ટેકનિશિયન : ૧ વર્ષનો ૧૦ સીટ ધરાવતો અભ્યાસક્રમ

(૯) OTT(ઓપરેશન થિયેટર ટેકનિશીયન સર્ટિફિકેટ તેમજ ડિપ્લોમા : ૨ વર્ષનો ૧૦ સીટ ધરાવતો અભ્યાસક્રમ.

(૧૦) એનેસ્થેશિયા એન્ડ ક્રિટીકલ કેરનો સર્ટિફિકેટ તેમજ ડિપ્લોમા : ૧ વર્ષનો ૧૦ સીટ ધરાવતો અભ્યાસક્રમ.

વધુ માહિતી માટે સંપર્ક : સુમનદીપ વિદ્યાપીઠ (ડિમ્ડ) યુનિવર્સિટી, પીપરીયા ગામ, તાલુકો : વાઘોડિયા, જિ. વડોદરા-૩૯૧૭૬૦

**વેબસાઈટ:** www.sumandeepuniversity.co.in

**૬. B.V.S.C. : (વેટરીનરી સાયન્સ)**

**અભ્યાસક્રમનું નામ :** બેચલર ઈન વેટરીનરી સાયન્સ એન્ડ એનિમલ હસબન્ડરી

**અભ્યાસક્રમની મુદત :** ૫ વર્ષ / ૧૦ સેમેસ્ટર

**પ્રવેશ લાયકાત :** ધોરણ : ૧૨ વિજ્ઞાનપ્રવાહ ગૃપ : Bના વિષયો સાથે લઘુતમ ૫૦ % સાથે પાસ.

**પ્રવેશ પાત્રતા :** HSC બોર્ડ તેમજ ગુજકેટની ટકાવારી પરથી પ્રાપ્ય બેઠકોને આધારે તૈયાર કરેલ મેરિટ લિસ્ટ અનુસાર ખેડૂત પુત્ર / પુત્રી કે પૌત્ર/ પૌત્રીના કિસ્સામાં ૫ % વધારે ગણવામાં આવે છે.

**વધુ માહિતી માટે સંપર્ક :**

(૧) ગુજરાત કોલેજ ઓફ વેટરનરી સાયન્સ એન્ડ એનિમલ હસબન્ડરી, આણંદ. વેબસાઈટ : www.aau.in

(૨૧) કોલેજ ઓફ વેટરનરી સાયન્સ, સરદાર કૃષિનગર, દાંતીવાડા- ૩૮૫૫૦૬ વેબસાઈટ : www.sdau.edu.in

**૭. B.Sc. : (એગ્રિકલ્ચર, ફિશરીઝ, ફોરેસ્ટ્રી, હોર્ટિકલ્ચર)**

**અભ્યાસક્રમનું નામ :** B.Sc.ઈન એગ્રિકલ્ચર / ફિશરીઝ / ફોરેસ્ટ્રી / હોર્ટિકલ્ચર

**પ્રવેશ લાયકાત :** દરેક અભ્યાસક્રમ માટે ધોરણ : ૧૨ વિજ્ઞાનપ્રવાહ ગૃપ : Bમાં પાસ,B.Sc.(એગ્રિ) માટે લઘુતમ ૪૫ % તેમજ B.Sc.(ફિશરીઝ) માટે લઘુતમ ૪૦ % હોવા જરૂરી છે.

**પ્રવેશ પાત્રતા :** HSC બોર્ડ તેમજ ગુજકેટની ટકાવારી પરથી પ્રાપ્ય બેઠકોને આધારે તૈયાર કરાયેલા મેરિટ લિસ્ટ અનુસાર

**એગ્રિકલ્ચરની વધુ માહિતી માટે સંપર્ક :**

(૧) કોલેજ ઓફ એગ્રિકલ્ચર, જૂનાગઢ

(૨) કોલેજ ઓફ એગ્રિકલ્ચર, સરદાર કૃષિનગર, દાંતીવાડા - ૩૮૫૫૦૬, જિ.. બનાસકાંઠા

(૩) બી.એ. કોલેજ ઓફ એગ્રિકલ્ચર, આણંદ

(૪) એન.એન.કોલેજ ઓફ એગ્રિકલ્ચર, નવસારી

ફિશરીઝની વધુ માહિતી માટે સંપર્ક : કોલેજ ઓફ ફિશરીઝ, વેરાવળ

ફોરેસ્ટ્રીની વધુ માહિતી માટે સંપર્ક : એસ્પી કોલેજ ઓફ ફોરેસ્ટ્રી, નવસારી

હોર્ટિકલ્ચરની વધુ માહીતી માટે સંપર્ક : એસ્પી કોલેજ ઓફ હોર્ટિકલ્ચર, નવસારી

હવે B.Sc.ઈન ડાયેટ એન્ડ ન્યુટ્રિશન તેમજ B.Sc. ઈન ફૂડ ક્વોલિટી એન્ડ એસ્યુરન્સ જેવા અભ્યાસક્રમો પણ સરદાર કૃષિનગર, દાંતીવાડા ખાતે શરૂ થઈ ચૂક્યા છે.

- **બન્ને ગૃપના વિદ્યાર્થીઓ માટે :**

**૧. ફાયર ટેકનોલોજી :**

**અભ્યાસક્રમનું નામ :** (૧) B.sc. ઈન ફાયર એન્ડ સેફ્ટી, (૨) GCVT (ITI) સંચાલિત ફાયરમેન / ઈન્ડસ્ટ્રીયલ સેફ્ટી ઈમરજન્સી સર્વીસીસ

**પ્રવેશ લાયકાત :** (૧) HSC(વિજ્ઞાનપ્રવાહ) પાસ અને (૨) માટે SSC પાસ

**અભ્યાસક્રમની મુદત :** (૧) માટે ૩ વર્ષ (૨) માટે ૧ વર્ષ

**અભ્યાસક્રમ ચલાવતી સંસ્થા :**

(૧) કોલેજ ઓફ ફાયર ટેકનોલોજી, ૮૬, ખોડા ગામ, સાણંદ-વિરમગામ હાઈ-વે, તા. સાણંદ, જિ. અમદાવાદ

(૨) ઉમા ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફાયર ટેકનોલોજી, બાવળા - બગોદરા હાઈ-વે, બાવળા, જિ. અમદાવાદ.

(૩) નેશનલ ફાયર એકેડેમી, સરદાર પટેલ એસ્ટેટ પાસે, આજવા, વડોદરા - ૩૯૦૦૧૯.

**વધુ માહિતી માટે સંપર્ક :**

A / ૫, જયમંગલ હાઉસ, ગાંધીશ્રામ રેલવે સ્ટેશન પાસે, સાકાર-૧ની સામે, આશ્રમ રોડ, અમદાવાદ -૩૮૦૦૦૯

**વેબસાઈટ :** www.firecollege.co.in

૨. **ડી.ફાર્મ / બી. ફાર્મ :**

ગુજરાત ટેકનોલોજી યુનિવર્સિટી (GTU) દ્વારા એડમિશન કમિટી ફોર પ્રોફેશનલ કોર્સિસ (ACPC) દ્વારા એડમિશન પ્રક્રિયા ઓનલાઈન હાથ ધરવામાં આવે છે. ડિપ્લોમા ઈન ફાર્મસી કરનારને બી.ફાર્મ (બેચલર ઈન ફાર્મસી) એટલે કે ડિગ્રી કોર્સના બીજા વર્ષમાં (૩જા સેમેસ્ટરમાં) એડમિશન મળી શકે છે. બી.ફાર્મ થયા બાદ, રાજસ્થાનની BITS પિલાની કે મુંબઈના તેમજ અન્ય IITમાં એમ.ફાર્મ કરવાથી સારા પગારની નોકરી તેમજ વિદેશ જવાની તક પ્રાપ્ત થઈ શકે છે. બી. ફાર્મ બાદ બી.ટેક કે જનરલ MBA પણ એક સારો કરિયર ઓપ્શન બની શકે.

**વધુ માહિતી માટે સંપર્ક :**

(૧) ઈજનેરી કોલેજ પોલિટેકનિક્સ ખાતે ઉભા કરાયેલા કેન્દ્રો

(૨) ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી, વિશ્વકર્મા ઈજનેરી કોલેજ, ચાંદખેડા, અમદાવાદ.

(૩) હેલ્પ લાઈન : (૦૭૯) ૨૬૮૫૫૫૪૪

**વેબસાઈટ :** www.gtu.ac.in / gujacpc.nic.in

અભ્યાસક્રમની વિગતવાર સમજૂતી દર્શાવતી જાહેરખબરો વર્તમાનપત્રોમાં આવતી હોય છે. તેમજ પ્રવેશ પુસ્તિકામાં પણ તમામ માહિતી આપેલી હોય છે.

ઉપરાંત CHARUSAT(ચારુતર યુનિ. ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી) ચાંગા- ૩૮૮૪૨૧ તા. પેટલાદ જિ. આણંદ ખાતે પણ ફાર્મસીના અભ્યાસક્રમો ચાલે છે. વધુ માહિતી માટે ટોલ ફ્રી નંબર : ૧૮૦૦-૨૩૩-૪૮૫૦

**વેબસાઈટ :** www.charusat.ac.in

૩. **બી.ડિઝાઈન :**

**અભ્યાસક્રમની મુદત :** ૪ વર્ષ પ્રવેશ લાયકાત : HSC પાસ + એન્ટ્રસ ટેસ્ટ

સંપર્ક : (૧) નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ડિઝાઈન (NID), પાલડી, અમદાવાદ - ૩૮૦૦૦૭.

**વેબસાઈટ :** www.nid.edu

(૨) CEPT યુનિ. નવરંગપુરા, અમદાવાદ - ૩૮૦૦૦૯, વેબસાઈટ : www.ceptindia.ac.in

(૩) NIFT (નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફેશન ટેકનોલોજી), ઈન્ફોસીટી પાછળ, ઘ-૦ રોડ, ગાંધીનગર- ૩૮૨૦૦૭.

**વેબસાઈટ :** www.niftindia.com

૪. **B.Sc. : નર્સિંગ, હોમ સાયન્સ, MLT :**

**– B.Sc. નર્સીંગ :**

**પ્રવેશ લાયકાત :** ધોરણ : ૧૨ વિજ્ઞાનપ્રવાહ લઘુતમ ૪૫% માર્કસ સાથે પાસ.

**પ્રવેશપાત્રતા :** ૧૭થી ૩૫ વર્ષ, શારીરિક ખોડખાંપણ ધરાવનારાઓને પ્રવેશ મળતો નથી. બહેનો ઉપરાંત ભાઈઓને પણ પ્રવેશ મળે છે.

**કુલ બેઠકો :** સરકારી નર્સીંગ સ્કૂલોમાં ૩૫૦ બેઠકો જેમાં ૩૫ બેઠકો ભાઈઓ માટે (ફેરફારને પાત્ર સ્વનિર્ભર ૪૦ કોલેજોમાં કુલ ૧૭૪૫ બેઠકો છે. વિધવા, ત્યકતા, અનાથ માટે દરેક કોલેજોમાં ૧ બેઠક અનામત છે. ઉપરાંત સરકારી ધારા-ધોરણો મુજબ અનામત કેટેગરી.

**વધુ માહિતી માટે સંપર્ક :** www.medadmbjmc.in.html

**– B.Sc. (હોમસાયન્સ ) :**

**અભ્યાસક્રમની મુદત :** ૪ વર્ષ કુલ બેઠકો : ૫૦ પ્રવેશ લાયકાત : HSC(વિજ્ઞાન / સામાન્ય પ્રવાહ) પાસ

**વધુ માહિતી માટે સંપર્ક :** કૃષિ યુનિવર્સિટી, સરદાર પટેલ કૃષિનગર, દાંતીવાડા, જિ. બનાસકાંઠા.

**– B.Sc.(યોગા) :**



**અભ્યાસક્રમની મુદત :** ૩ વર્ષ પ્રવેશ લાયકાત : HSC(વિજ્ઞાન / સામાન્ય પ્રવાહ) પાસ

**વધુ માહિતી માટે સંપર્ક :** મહર્ષિ પતંજલિ ઈન્સ્ટિટયૂટ ફોર યોગા (MPIYNER) ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી કેમ્પસ, ચાણક્ય ભવન, જામનગર -૩૬૧૦૦૮

**– B.Sc. : (મેડિકલ લેબ ટેકનોલોજી - MLT), (રેડિયોલોજી)**

**અભ્યાસક્રમની મુદત :** ૩ વર્ષ પ્રવેશ લાયકાત : ધોરણ : ૧૨(HSC) વિજ્ઞાન પ્રવાહ પાસ

**વધુ માહિતી માટે સંપર્ક :**

(૧) આણંદ સાયન્સ તથા બી.એન.પટેલ કોલેજ,આણંદ

(૨) બાયોટેક MLT ઈન્સ્ટિટયૂટ, કીમ, જિ. સુરત

(૩) LP ઈન્સ્ટિટયૂટ પ્રમુખ સ્વામી મેડિકલ કોલેજ, કરમસદ, જિ. આણંદ

(૪) ચરોતર એજ્યુકેશન મંડળ, વલ્લભવિદ્યાનગર, www.charotarhealth.org.

૫. **હોટલ મેનેજમેન્ટ : (B.Sc. / B.B.A.)**

B.Sc. માટે HSCમાં અંગ્રેજી વિષય હોવો જરૂરી છે. ૨૨ વર્ષની વયમર્યાદા છે. (SC /ST માટે ૨૫ વર્ષ) ૪ જુદા જુદા વિષયોની સયુંક્ત પ્રવેશ પરીક્ષા (JEE) પાસ કરવી પડે છે. વધુ માહિતી માટે સંપર્ક :

(૧) NCHMCT, લાયબ્રેરી એવન્યુ, પ્રસા કોમ્પ્લેક્ષ, નવી દિલ્હી- ૧૧૦૦૧૨, www.nchmct.org

(૨) ઈન્સ્ટિટયૂટ ઓફ હોટલ મેનેજમેન્ટ, ભાયજીપુરા, કુડાસણ, ગાંધીનગર.

B.B.A. માટે સંપર્ક (૧) વિવેકાનંદ ઈન્સ્ટિટયૂટ ઓફ હોટલ મેનેજમેન્ટ, કુચિયાદડ ગામ, કુવાવડા પાસે, રાજકોટ - અમદાવાદ હાઈ-વે, જિ. રાજકોટ મોટા હોટલ ગૃપો જેવાં કે ઓબેરોય ગૃપ, વેલકમ ગૃપ વગેરેએ સ્થાપેલ ઈન્સ્ટિટયૂટ

(૩) લગભગ દરેક મોટા શહેરોમાં આવેલી ખાનગી કોલેજો.

૬. **N. D. A.: (નેશનલ ડિફેન્સ એકેડેમી એન્ડ નેવલ એકેડેમી)**

**પ્રવેશ લાયકાત :** HSC વિજ્ઞાનપ્રવાહ પાસ કરનારને એરફોર્સ તેમજ નેવી ઓફિસર

**પ્રવેશ લાયકાત :** ૧૬.૫થી ૧૯.૫ વર્ષની ઉંમર મર્યાદા + પ્રવેશ પરીક્ષા (મે અને નવેમ્બર માસમાં)

**વધુ માહિતી માટે સંપર્ક :** www.upsc.nic.in અથવા www.upsc.gov.in

૭. **B.S.W. :(બેચલર ઓફ સોશિયલ વર્ક)**

**પ્રવેશ લાયકાત :** અંગ્રેજી વિષય સાથે HSC લઘુતમ ૪૫ % સાથે પાસ

**પ્રવેશ પાત્રતા :** પ્રવેશ પરીક્ષા / ઓપન મેરિટને આધારે અભ્યાસક્રમની મુદત : ૩ વર્ષ

**વધુ માહિતી માટે સંપર્ક :** આણંદ આર્ટસ કોલેજ, (શ્રીરામકૃષ્ણ સેવામંડળ, ઈલેક્ટ્રીક ગ્રીડની સામે, આણંદ-૧, તેમજ સૌરાષ્ટ્ર યુનિ.ની શાંતિનિકેતન કોલેજ, રાજકોટ, કચ્છ યુનિ.ની બાબા એન્ડ સાઈ કોલેજ, ભચાઉ, ગૂજરાત વિદ્યાપીઠની ગ્રામસેવા વિદ્યાલય, રાંધેજા, ગાંધીનગર તેમજ એસ.પી. યુનિ. વલ્લભવિદ્યાનગર.

ગણપત યુનિ. ખેરવા (મહેસાણા) ૫ વર્ષનો



ઈન્ટિગ્રેટેડ MSWનો અભ્યાસક્રમ ચલાવે છે. સંપર્ક www.dsw.gnu.ac.in

૮. **M.Sc. (IT) :**

M.Sc. (I.T.) તરીકે જાણીતો થયેલો આ અભ્યાસક્રમ હકિકતમાં M.Sc. (CAIT) એટલે કે કમ્પ્યૂટર એપ્લિકેશન એન્ડ ઈન્ફર્મેશન ટેકનોલોજી છે.

**વધુ માહિતી માટે સંપર્ક :**

(૧) ગુજરાત યુનિ.ની K.S.સ્કૂલ ઓફ મેનેજમેન્ટ અમદાવાદ

(૨) શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિ., ભૂજ.

(૩) ગણપત યુનિવર્સિટી, ખેરવા (મહેસાણા)

(૪) ઈન્ફર્મેશન ટેકનોલોજી ભવન, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ.

(૫) ઈન્ફર્મેશન ટેકનોલોજી ભવન, વીરનર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત.

(૬) ઈન્ફર્મેશન ટેકનોલોજી ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.

૯. **B.Sc. LLB (ઈન્ટિગ્રેટેડ) :**

**પ્રવેશ લાયકાત :** HSC લઘુતમ ૫૦ % સાથે પાસ + CLATની પ્રવેશ પરીક્ષા પાસ

**અભ્યાસક્રમની મુદત :** ૫ વર્ષ

**વધુ માહિતી માટે સંપર્ક :**

(૧) નિરમા સ્કૂલ ઓફ લો, નિરમા યુનિવર્સિટી, અમદાવાદ.

(૨) કાયદાભવન, સૌરાષ્ટ્ર યુનિ. રાજકોટ

(૩) M.S. યુનિવર્સિટી, લો ફેકલ્ટી, વડોદરા.

(૪) શુકલા લો કોલેજ,રાજકોટ

(૫) આણંદ કોમર્સ કોલેજ, આણંદ.

૧૦. **B.Sc. B.Ed. : (ઈન્ટીગ્રેટેડ)**

**અભ્યાસક્રમની મુદત :** ૪ વર્ષ પ્રવેશ લાયકાત : ધોરણ ૧૨ (HSC) વિજ્ઞાનપ્રવાહ લઘુતમ ૪૫% સાથે પાસ (SC / ST ઉમેદવારો માટે ૪૦ ટકા)

**પ્રવેશપાત્રતા :** બાયોલોજી સાયન્સ માટે PCB તેમજ ફિઝિકલ સાયન્સ માટે PCMના માર્કસ ધ્યાનમાં લેવાશે.

**વધુ માહિતી માટે સંપર્ક :**

(૧) આસિસ્ટન્ટ પ્રોગ્રામ કો-ઓર્ડિનેટર, રિજીયોનલ ઈન્સ્ટિટયૂટ ઓફ એજ્યુકેશન, શ્યામા હિલ્સ, ભોપાલ - ૪૬૨૦૧૩.

(૨) ગુજરાત ટિચર્સ યુનિવર્સિટી (IITE), ગ-૪, મહાત્મા ગાંધી મંદિર પાસે, સેક્ટર-૧૫, ગાંધીનગર.

વેબસાઈટ :www.iite.ac.in

(૩) નવરચના યુનિવર્સિટી, ભાયલી, વડોદરા

http : // university.navrachna.org.

૩-બી, જીવનસ્મૃતિ સોસાયટી,
મીરામ્બિકા સ્કૂલ પાસે,
નારણપુરા, અમદાવાદ - ૩૮૦૦૧૩.



# 3 ધોરણ-૧૨ (સા.પ્ર.) બાદ મળતા અભ્યાસક્રમો

*– રાજેન્દ્ર ઉપાધ્યાય*

ધોરણ : ૧૨ સામાન્ય પ્રવાહને મુખ્યત્વે બે વિભાગમાં વહેંચી શકાય.

(૧) વાણિજ્ય પ્રવાહ (કોમર્સ)

(૨) વિનયન પ્રવાહ (આર્ટ્સ)

નીચેના ચાર્ટ દ્વારા ધોરણ -૧૨ સામાન્ય પ્રવાહ બાદ ઉપલબ્ધ જાણીતા અભ્યાસક્રમોની યાદી જોઈએ.

**ધોરણ : ૧૨ (સામાન્ય પ્રવાહ) બાદ પ્રાપ્ય અભ્યાસક્રમો**

**વાણિજ્ય પ્રવાહ (કોમર્સ)**

**સ્નાતક કક્ષાના**

૧. B.Com.    ૨. B.B.A.

૩. B.C.A.    ૪. B.Sc. (IT)

**સ્નાતક સાથેના પ્રોફેશનલ**

૫. C.A.    ૬. C.S.

૭. C.W.A.    ૮. A.T.C.

**૫ વર્ષીય ઈન્ટિગ્રેટેડ**

૯. M.B.A.    ૧૦. M.Sc.(I.T.)

૧૧. B.Com., LLB.    ૧૨. M.Com.

**વિનયન પ્રવાહ (આર્ટ્સ) સ્નાતક કક્ષાના**

1. B.A.    2.B.Sc.(હોમ સાયન્સ)

3. B.A. (હોમ સાયન્સ) 4. B.Sc.(યોગ)

5. B.L.S.    6. B.J.S.

**ડિપ્લોમા**

7. D.Ed./ P.T.C.

**ઈન્ટિગ્રેટેડ**

8. B.A. B.Ed.

9. M.A.

**બન્ને પ્રવાહ માટે ડિપ્લોમા તેમજ ડિગ્રી**

1. A.T.D. & B.F.A.  2. B.R.S.

3. B.P.A.    4. C.P.Ed.

5. Desingning    6. N.D.A.

7. Hotel Management

8. Janaral Nursing  9. B.S.W.

ઉપરોક્ત અભ્યાસક્રમોનો એક પછી એક પરિચય મેળવી લઈએ.

**૧. B.Com.(બેચલર ઓફ કોમર્સ)**

**પ્રવેશ લાયકાત :** ધોરણ -૧૨ કોમર્સ પાસ ટકાવારી પ્રમાણે કોલેજની પસંદગી મળી શકે.

**અભ્યાસક્રમની મુદત :** ૩ વર્ષ (છ સેમેસ્ટર)

- વાણિજ્ય પ્રવાહના સૌથી વધુ વિદ્યાર્થીઓ ધરાવતો અભ્યાસક્રમ, આ અભ્યાસક્રમ બાદ પણ M.B.A./ C.A./ M.Sc.(IT) / M.C.A.જેવા વિકલ્પો ખૂલ્લા રહેતા હોવાથી આ અભ્યાસક્રમ લોકપ્રિય બન્યો છે.
- મુખ્ય તેમજ ગૌણ વિષયોમાં ખૂબ જ ઓછા વિકલ્પો મળતા હોવાથી, મોટાભાગના વિદ્યાર્થીઓ એકાઉન્ટન્સી વિષય સાથે જ બી.કોમ. કરે છે.
- બી.કોમ.માં ૫૦ ટકા લાવનારને C.A.ની C.P.T. તેમજ C.S.ની ફાઉન્ડેશન પરીક્ષા આપવાની રહેતી નથી.

**૨. B.B.A.(બેચલર ઓફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન)**

**પ્રવેશ લાયકાત :** H.S.C. લઘુતમ ૫૦ ટકા સાથે પાસ જેમાં અંગ્રેજી ઉપરાંત ગણિત, આંકડાશાસ્ત્રી, એકાઉન્ટન્સી, અર્થશાસ્ત્ર પૈકી કોઈપણ એક વિષય H.S.C.માં રાખેલો હોવો જરૂરી છે.

**અભ્યાસક્રમની મુદત :** ૩ વર્ષ

- ગુજરાત રાજ્યની મોટાભાગની યુનિવર્સિટીઓ ટકાવારી પ્રમાણે, કેન્દ્રીય ધોરણે કે વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ આપે છે જ્યારે ક્યાંક ક્યાંક પ્રવેશ પરીક્ષા પણ લેવાય છે.
- મોટાભાગની B.B.A. કોલેજો સેલ્ફ ફાઈનાન્સ હોવાથી, તેની 'ફી' થોડીક વધુ હોય છે. કોલેજોમાં ફ્રી સીટ, પેમેન્ટ સીટની ફીનું ધોરણ અલગ-અલગ હોય છે.

- ભવિષ્યમાં M.B.A.કરવા માંગતા વિદ્યાર્થીઓએ S.Y.B.B.A.માં આવે, ત્યારથી જ CAT કે CMAT જેવી સ્પર્ધાત્મક પરીક્ષાનું આયોજન શરૂ કરી દેવું જોઈએ.
- મહદઅંશે ૫ વર્ષીય ઈન્ટિગ્રેટેડ M.B.A.ના અભ્યાસક્રમમાં પ્રવેશ ન મેળવી શકનાર વિદ્યાર્થીઓ આ અભ્યાસક્રમ પર પોતાની પસંદગી ઉતારતા હોય છે.

### ૩. B.C.A.(બેચલર ઓફ કમ્પ્યૂટર એપ્લિકેશન)

**પ્રવેશ લાયકાત :** H.S.C. લઘુત્તમ ૫૦ ટકા (અનામત ઉમદેવારો માટે ૪૫ %) સાથે પાસ. પરંતુ ગણિત, વાણિજ્ય ગણિત, આંકડાશાસ્ત્ર, કમ્પ્યૂટર કે એકાઉન્ટસી પૈકી કોઈપણ એક વિષય H.S.C.માં હોવો જરૂરી છે.

**અભ્યાસક્રમની મુદત :** ૩ વર્ષ

- ૨૧મી સદી કમ્પ્યૂટરની છે, તે કબૂલ... પણ ઉજ્જવળ કારકિર્દી ઈચ્છુકોએ B.C.A.કરતી વખતે જ B.C.A.બાદ, M.C.A. કરવાની ગણતરી મનમાં રાખીને માનસિક રીતે તૈયાર રહેવું.
- મહદઅંશે ૫ વર્ષીય ઈન્ટિગ્રેટેડ M.Sc.(I.T.) ના અભ્યાસક્રમમાં પ્રવેશ ન મેળવી શકનાર વિદ્યાર્થીઓ આ અભ્યાસક્રમ પર પોતાની પસંદગી ઉતારતા હોય છે.

### ૪. B.Sc.(I.T.) (બેચલર ઓફ સાયન્સ -ઈન્ફર્મેશન ટૅકનૉલૉજી)




**પ્રવેશ લાયકાત :** ધોરણ -૧૨ સાયન્સ / કોમર્સ પાસ, મેરિટના ધોરણે પ્રવેશ.

**અભ્યાસક્રમની મુદત :** ૩ વર્ષ

- અગાઉ ગુજરાત રાજ્યની માત્ર સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની કેટલીક કોલેજો જ આ અભ્યાસક્રમ ચલાવતી હતી. જ્યારે હવે અન્ય યુનિવર્સિટીઓએ પણ આ પ્રકારનો અભ્યાસક્રમ શરૂ કરેલ છે, જેની જાહેરાત H.S.C.ના પરિણામ બાદના દિવસોમાં આવતી હોય છે.
- **વધુ માહિતી માટે સંપર્ક :** સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, યુનિવર્સિટી રોડ, રાજકોટ - ૩૬૦૦૦૫ વેબસાઈટ - www.saurashtrauniversity.edu

### ૫. C.A. (ચાર્ટડ એકાઉન્ટન્ટ)

**પ્રવેશ લાયકાત :** H.S.C. પાસ, પણ S.S.C. પાસ થયા પછી રજીસ્ટ્રેશન થઈ શકે. અને H.S.C.ની પરીક્ષા આપ્યા બાદ, પરિણામની રાહ જોયા વિના C.A.ના પ્રથમ તબક્કા C.P.T.ની પરીક્ષા આપી શકાય છે.

**અભ્યાસક્રમની રૂપરેખા :** ત્રણ તબક્કા (1) C.P.T., (2) I.P.C.C. અને (3) ફાઈનલ

વધુ માહિતી માટે સંપર્ક : ICAI 'અન્વેક્ષક' ૨૭, કાફે પરેડ, મુંબઈ - ૪૦૦૦૦૫ અથવા ICAI,૧૨૩, સરદાર પટેલ કોલોની, સ્ટેડિયમ રોડ, અમદાવાદ-૩૮૦૦૧૪ વેબસાઈટ : www.icai.org

### ૬. C.S. (કંપની સેક્રેટરી)

**પ્રવેશ લાયકાત :** H.S.C. પાસ

**અભ્યાસક્રમની રૂપરેખા :** ત્રણ તબક્કામાં ૧. ફાઉન્ડેશન ૨. ઈન્ટર / એક્ઝિક્યુટિવ ૩. ફાઈનલ / પ્રોફેશનલ C.A. ના પ્રમાણમાં આ અભ્યાસક્રમ સરળ હોઈ તેમજ C.A.ની સરખામણીમાં વધુ સારું રિઝલ્ટ આવતું હોવાથી તાજેતરના વર્ષોમાં C.S.નો ક્રેઝ વધ્યો છે.

**વધુ માહિતી માટે સંપર્ક :** ICSI હાઉસ, ૨૨, ઈન્સ્ટિટ્યૂટશનલ એરિયા, લોદી રોડ, નવી દિલ્હી - ૧૧૦૦૦૩ વેબસાઈટ : www.icsi.org

### ૭. C.W.A.(કૉસ્ટ એન્ડ વર્કસ એકાઉન્ટન્ટ)

**પ્રવેશ લાયકાત :** H.S.C.(કોઈપણ પ્રવાહમાં ) પાસ

**અભ્યાસક્રમની રૂપરેખા :** ત્રણ તબક્કામાં ૧. ફાઉન્ડેશન ૨. ઈન્ટરમિડીયેટ ૩. ફાઈનલ

B.Com.(૫૦% સાથે) પાસ કરનારને આ અભ્યાસક્રમના બીજા તબક્કામાં સીધો પ્રવેશ મળે છે. આવા વિદ્યાર્થીઓને C.W.A.ની સાથેસાથ M.Com.કરવાની આગ્રહભરી સલાહ છે. અગાઉના વર્ષોમાં I.C.W.A.તરીકે ઓળખાતો આ પ્રોફેશનલ કોર્સ હવે C.W.A. તરીકે ઓળખાય છે.

**વધુ માહિતી માટે સંપર્ક :** ICAI, ૧૨, સદર સ્ટ્રીટ, કોલકત્તા - ૭૦૦૦૧૬ અથવા ICAI, ૩૦૩, સાર૫, ગૂજરાત વિદ્યાપીઠની પાછળ, આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦૦૧૩ વેબસાઈટ : www.icwai.org

૮. **A.T.C.(એકાઉન્ટીંગ ટેકનીશિયન સર્ટિફિકેટ)**

**પ્રવેશ લાયકાત :** C.A.નો પહેલો તબક્કો C.P.T. અને I.P.C.C. નું ગૃપ -૧ પાસ

**અભ્યાસક્રમની મુદત :** ૯ માસ ₹ ૩૫ કલાકની OT (ઓરિએન્ટેશન પ્રોગ્રામ) તેમજ ૧૦૦ કલાકની IT તાલીમ

C.A.નો અભ્યાસક્રમ પ્રમાણમાં અઘરો અને લાંબો હોઈ, વિદ્યાર્થીઓ C.A.ના બીજા તબક્કા - IPCCનું એક ગૃપ પાસ કરીને આ અભ્યાસક્રમ કરી શકે છે. A.T.C.થયેલાઓ લગભગ C.A.ની સમકક્ષ કહી શકાય તેવી કારકિર્દી બનાવી શકે છે.

**વધુ માહિતી માટે સંપર્ક :** www.icai.org

૯. **M.B.A.(માસ્ટર ઓફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન )**

**પ્રવેશ લાયકાત :** H.S.C.(સાયન્સ તેમજ કોમર્સ) પાસ

**અભ્યાસક્રમની મુદત :** ૫ વર્ષ (મેરિટના ધોરણે પ્રવેશ)

આ અભ્યાસક્રમમાં ત્રણ વર્ષ બાદ B.B.A.ની ડિગ્રી ઉપરાંત DCA(ડિપ્લોમા ઈન કમ્પ્યૂટરનું સર્ટિફીકેટ પણ મળે છે.)

**અભ્યાસક્રમ ચલાવતી સંસ્થાઓ :**

૧. કે.એસ. સ્કૂલ ઓફ મેનેજમેન્ટ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ
૨. કચ્છ યુનિવર્સિટી, ભૂજ, કચ્છ.
૩. ગણપત યુનિવર્સિટી, ખેરવા, મહેસાણા.
૪. કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગર
૫. કેટલીક ખાનગી યુનિ. તેમજ કોલેજો.

૧૦. **M.S.C. (I.T.)(માસ્ટર ઓફ સાયન્સ ઈન ઈન્ફર્મેશન ટૅકનૉલૉજી)**

**પ્રવેશ લાયકાત :** H.S.C. (વિજ્ઞાન અથવા વાણિજ્ય પ્રવાહ સાથે) પાસ

**અભ્યાસક્રમની મુદત :** ૫ વર્ષ (મેરિટના ધોરણે પ્રવેશ)

- M.Sc.(I.T.) તરીકે જાણીતો થયેલો આ અભ્યાસક્રમનું નામ હકીકતમાં M.Sc. (CAIT) છે. એટલેકે કમ્પ્યૂટર એપ્લિકેશન એન્ડ ઈન્ફર્મેશન ટૅકનૉલૉજી છે.

**અભ્યાસક્રમ ચલાવતી સંસ્થાઓ :**

૧. K.S. સ્કૂલ ઓફ મેનેજમેન્ટ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ
૨. શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટી, ભુજ
૩. ગણપત યુનિવર્સિટી, ખેરવા (મહેસાણા)
૪. ઈન્ફર્મેશન ટૅકનૉલૉજી ભવન, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ.
૫. ઈન્ફર્મેશન ટૅકનૉલૉજી ભવન, વીરનર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત
૬ ઈન્ફર્મેશન ટૅકનૉલૉજી ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ

૧૧. **B.Com. LL.B.(ઈન્ટિગ્રેટેડ)**

**પ્રવેશ લાયકાત :** H.S.C. લઘુતમ ૫૦% સાથે પાસ + CLATની પ્રવેશ પરીક્ષા પાસ કરનારને મેરિટના ધોરણે એડમિશન.

**અભ્યાસક્રમની મુદત :** ૫ વર્ષ

**અભ્યાસક્રમ ચલાવતી સંસ્થા :**

ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટી દ્વારા સંચાલિત

૧. નિરમા સ્કૂલ ઓફ લો, નિરમા યુનિ., અમદાવાદ.
૨. કાયદા ભવન, સૌરાષ્ટ્ર યુનિ. રાજકોટ
૩. એમ.એસ. યુનિ. લૉ ફેકલ્ટી, વડોદરા
૪. શુકલા લૉ કોલેજ, રાજકોટ
૫. આણંદ કોમર્સ કોલેજ, આણંદ

વેબસાઈટ : www.gnlu.ac.in

૧૨. **M.Com. (માસ્ટર ઓફ કોમર્સ)**

**પ્રવેશ લાયકાત :** HSC(વાણિજ્ય પ્રવાહ) અંગ્રેજી વિષય સાથે લઘુતમ ૫૦ % સાથે પ્રથમ પ્રયત્ને પાસ

**અભ્યાસક્રમની મુદત :** ૫ વર્ષ

**અભ્યાસક્રમ ચલાવતી સંસ્થા :** S.D. સ્કૂલ ઓફ કોમર્સ,ગુજરાત યુનિ., અમદાવાદ.

## વિનયન પ્રવાહ :

**૧. B.A.(બેચલર ઓફ આર્ટ્સ)**

**પ્રવેશ લાયકાત :** HSC(સામાન્ય પ્રવાહ) પાસ, મેરિટના ધોરણે પ્રવેશ.

**અભ્યાસક્રમની મુદત :** ૩ વર્ષ

- અંગ્રેજી / અર્થશાસ્ત્ર / મનોવિજ્ઞાન પૈકી કોઈપણ એક મુખ્ય વિષય તરીકે લઈને B.A. કરવાનો વિકલ્પ આદર્શ છે. મુખ્ય તેમજ ગૌણ વિષયો નક્કી કર્યા બાદ અન્ય વિષય તરીકે અંગ્રેજી વિષય રાખવો ફરજિયાત ન હોવા છતાં અંગ્રેજી વિષય રાખવો વિદ્યાર્થીના હિતમાં છે.

**૨. B.Sc.(હોમ સાયન્સ) અને**

**૩. B.A.(હોમ સાયન્સ)**

**પ્રવેશ લાયકાત :** HSC

**અભ્યાસક્રમની મુદત :** ૩ વર્ષ

- સામાન્ય રીતે ઘરગૃહસ્થી સારી રીતે ચલાવવા ઈચ્છુક વિદ્યાર્થીનીઓ માટે આ એક આદર્શ વિકલ્પ છે.
- અભ્યાસક્રમ ચલાવતી સંસ્થાઓ :

  **અમદાવાદ :** B.D.આર્ટ્સ કોલેજ અને S.L.U. કોલેજ એલિસબ્રિજ,

  **વડોદરા :** ફેકલ્ટી ઓફ હોમ સાયન્સ, એમ.એસ. યુનિવર્સિટી.

  **સુરત :** Z.F. વિમેન્સ કોલેજ અને શેઠ પી.ટી. મહિલા કોલેજ, વનિતા આશ્રમ, આઠવા લાઈન્સ, સુરત-૧

  **ભાવનગર :** શામળદાસ કોલેજ

  **મોડાસા :** આર્ટ્સ કોલેજ.

  **જામનગર :** એ.કે. દોશી વિમેન્સ કોલેજ

  **પોરબંદર :** બિરલા સાગર ગર્લ્સ કોલેજ

  **મહેસાણા :** આ.શં. ચૌધરી મહિલા હોમ સાયન્સ કોલેજ

  **મોરબી :** શ્રીમતી J.A.પટેલ મહિલા કોલેજ,

  **આણંદ :** S.M. પટેલ હોમ સાયન્સ કોલેજ

  **દાંતીવાડા :** વિનયન પ્રવાહ માટે ૪ વર્ષનો અભ્યાસક્રમ) કોલેજ ઓફ હોમસાયન્સ- ફુડ એન્ડ ન્યુટ્રિશન, સરદાર કૃષિનગર.

**૪. B.Sc. (યોગા)**

**પ્રવેશ લાયકાત :** HSC અભ્યાસક્રમની મુદત : ૩ વર્ષ

**અભ્યાસક્રમ ચલાવતી સંસ્થાઓ :**

- MPIYNER(મહર્ષિ પતંજલિ ઈન્સ્ટિટયૂટ) ગુજરાત આયુર્વેદ યુનિ. જામનગર.
- સોમનાથ સંસ્કૃત યુનિ. સોમનાથ (૧ વર્ષનો અભ્યાસક્રમ)

**૫. B.L.S. (બૅચલર ઓફ લિબરલ સ્ટડીઝ)**

**પ્રવેશ લાયકાત :** HSC ૫૫ % સાથે પાસ, પ્રવેશ પરીક્ષા બાદ એડમિશન

**અભ્યાસક્રમની મુદત :** ૩ વર્ષ

**અભ્યાસક્રમ ચલાવતી સંસ્થાઓ :** પંડિત દિનદયાલ પેટ્રોલિયમ યુનિ., રાયસણ, ગાંધીનગર તેમજ ખાનગી સંસ્થાઓ વેબસાઈટ : www.pdpu.ac.in

**૬. B.J.(બી. જર્નાલિઝમ)**

**પ્રવેશ લાયકાત :** HSC અભ્યાસક્રમની મુદત : ૩ વર્ષ

**અભ્યાસક્રમ ચલાવતી સંસ્થા :** વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિ. મગદલ્લા રોડ, સુરત તેમજ ખાનગી કોલેજો

**૭. D.Ed.(ડિપ્લોમા ઈન એજ્યુકેશન) / P.T.C. (પ્રાયમરી ટ્રેનિંગ કોર્સ)**

**પ્રવેશ લાયકાત :** HSC (કોઈપણ પ્રવાહ) પાસ

**પ્રવેશ પ્રક્રિયા :** કેન્દ્રિય પ્રવેશ પદ્ધતિથી ઓપન મેરિટ

**અભ્યાસક્રમનો સમય :** ૨ વર્ષ

- પ્રાથમિક શાળાઓમાં શિક્ષક તરીકેની કારકિર્દી બનાવવા ઈચ્છુકો માટે આ એક આદર્શ અભ્યાસક્રમ છે. જો કે હવે શિક્ષક તરીકે પસંદગી પામવા માટે TET/ TAT જેવી સ્પર્ધાત્મક પરીક્ષા પાસ કરવી જરૂરી બની છે. સંપર્ક : www.ptcgujarat.org

**૮. B.A. B.Ed.(બેચલર ઓફ આર્ટ્સ + બેચલર ઓફ એજ્યુકેશન)**

**પ્રવેશ લાયકાત :** HSC (સામાન્ય પ્રવાહ ) પાસ.

**અભ્યાસક્રમની મુદત :** ૪ વર્ષ

**અભ્યાસક્રમ ચલાવતી સંસ્થાઓ :**

૧. ટિચર્સ યુનિવર્સિટી,(IITE) ગાંધીનગર.

૨. કેલોરેડી ટિચર્સ યુનિ. c/o DPSદિલ્લી પબ્લિક સ્કૂલ, બોપલ, અમદાવાદ

૩. રીજીયોનલ કોલેજ (એજ્યુકેશન) ભોપાલ, મધ્યપ્રદેશ (યાદી અપૂર્ણ છે.)

૯. **M.A.(માસ્ટર ઓફ આર્ટસ)**

**પ્રવેશ લાયકાત :** HSC પાસ

**અભ્યાસક્રમની મુદત :** ૫ વર્ષ

**અભ્યાસક્રમનો વિષયો :** સોસાયટી એન્ડ ડેવલપમેન્ટ, પોલિટિક્સ એન્ડ ગવર્નન્સ (અંગ્રેજી માધ્યમ)

**અભ્યાસક્રમ ચલાવતી સંસ્થા :** સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ ગુજરાત, સેક્ટર-૩૦, ગાંધીનગર

**વેબસાઈટ :** www.cugaj.org

**બન્ને પ્રવાહ માટે ડિપ્લોમા તેમજ ડિગ્રી અભ્યાસક્રમ**

૧. **A.T.D.(આર્ટ ટીચર ડિપ્લોમા) / B.F.A. (બેચલર ઓફ ફાઈન આર્ટસ)**

**પ્રવેશ લાયકાત :** SSC/ HSCની પરીક્ષા ચિત્ર વિષય સાથે પાસ

**અભ્યાસક્રમની મુદત :** ૨ વર્ષ / ફાઈન આર્ટસ માટે ૫ વર્ષ શાળામાં ચિત્ર શિક્ષક તરીકે નોકરી મેળવવા માટેનો આદર્શ અભ્યાસક્રમ છે.

**અભ્યાક્રમ ચલાવતી સંસ્થાઓ :**

- સી.એન. કોલેજ ઓફ ફાઈન આર્ટસ, આંબાવાડી, અમદાવાદ.
- S.P. યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર.
- M.S. યુનિવર્સિટી, વડોદરા
- વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતની ફાઈન આર્ટસ કોલેજો ડિપ્લોમા ઈન પેઈન્ટિંગ (૩ અને ૪ વર્ષના અભ્યાસક્રમ) માટે M.S. યુનિવર્સિટી, ફતેહ ગંજ, વડોદરા તેમજ ભાવનગર યુનિવર્સિટી, ભાવનગર.

૨. **B.R.S. (બેચલર ઓફ રૂરલ સ્ટડીઝ)**

**પ્રવેશ લાયકાત :** H.S.C.પાસ

**અભ્યાસક્રમની મુદત :** ૩ વર્ષ

ગ્રામ સેવા કરવા ઈચ્છુકો, ખેતી-પશુપાલન ક્ષેત્રે કારકિર્દી બનાવવા ઈચ્છુકો માટે આ એક આદર્શ અભ્યાસક્રમ છે.

**અભ્યાસક્રમ ચલાવતી સંસ્થાઓ :** લોકસેવા મહાવિદ્યાલય, લોકભારતી, સણોસરા, જિલ્લો- ભાવનગર

- જે.સી. કુમારપાળ વિદ્યાપીઠ, ગઢડા સ્વામિનારાયણ, જિલ્લો : ભાવનગર
- સમાજસેવા મહાવિદ્યાલય, વેડછી, જિલ્લો : સુરત
- નુતન ગ્રામ વિદ્યાપીઠ, વાલિયા, તાલુકો -જિલ્લો : ભરૂચ
- સરસ્વતી ગ્રામ વિદ્યાપીઠ, સમોડા, તા. સિદ્ધપુર, જિ. પાટણ.
- બી.એસ.શાહ ગ્રામ વિદ્યાપીઠ, ઝિલિયા, તા. ચાણસ્મા, જિ. પાટણ
- B.R.S.કોલેજ ડુમિયાણી આશ્રમ, સુપેડી, તા. ઉપલેટા, જિ. રાજકોટ
- B.R.S. કોલેજ, શારદાગ્રામ, માંગરોળ, જિ. જુનાગઢ,
- સઘન મહિલા ગ્રામ વિદ્યાપીઠ, ચિત્રાસણી, તા. પાલનપુર, નુતન ભારતી ગ્રામ વિદ્યાપીઠ,મડાણાગઢ, તા. પાલનપુર
- મંગલભારતી ગ્રામ વિદ્યાપીઠ, બહાદુરપુરા, તા. સંખેડા, જિ. વડોદરા
- મહિલા ગ્રામ વિદ્યાપીઠ, નારદીપુર, તા. કલોલ, જિ. મહેસાણા
- ઈ.આ.ચાવડા ગ્રામ વિદ્યાપીઠ, કહાનવાડી, તા. બોરસદ
- વનસેવા મહાવિદ્યાલય, બીલપુડી, તા. ધરમપુર, જિ. વલસાડ
- ગ્રામભારતી વિદ્યાપીઠ, અમરાપુર, તા. કલોલ, જિ. મહેસાણા
- સાબરગ્રામ વિદ્યાપીઠ, સોનાસણ, તા. પ્રાંતિજ, જિ. સાબરકાંઠા

૩. **B.P.A. (બેચલર ઈન પરફોર્મીંગ આર્ટ્સ) / બી. મ્યુઝિક**

**પ્રવેશ લાયકાત :** H.S.C. પાસ

**અભ્યાસક્રમનો સમય :** ૩ વર્ષ

● સંગીત, કલામાં પોતાની કારકિર્દી બનાવવા ઈચ્છુકો માટે આ એક આદર્શ અભ્યાસક્રમ છે.

**અભ્યાસક્રમ ચલાવતી સંસ્થાઓ :**

૧. ફેકલ્ટી ઓફ પરફોર્મીંગ આર્ટ્સ, એમ. એસ.યુનિ. વડોદરા.
૨. ધોળકિયા મ્યુઝિક કોલેજ, શિહોર, ભાવનગર (ભાવનગર યુનિ.)
૩. સરદાર પટેલ યુનિ. વલ્લભવિદ્યાનગર
૪. જે.જી.કોલેજ ઓફ પરફોર્મીંગ આર્ટ્સ, અમદાવાદ-૫૪
૫. અર્જુનલાલ હિરાણી કોલેજ, (સૌરાષ્ટ્ર યુનિ.) રાજકોટ.

**૪. C.P.Ed. (સર્ટિફિકેટ ઈન ફિઝીકલ એજ્યુકેશન)**

**પ્રવેશ લાયકાત :** HSC પાસ ૧૭થી ૨૬ વર્ષના ઉમેદવારો

**અભ્યાસક્રમની મુદત :** ૨ વર્ષો

શાળાઓમાં વ્યાયામ શિક્ષક બનવા માટે આ અભ્યાસક્રમની જરૂરી છે. સંપર્ક : www.cpedgujarat.org

**ડિઝાઈન ક્ષેત્રે ( NID, CEPT, NIFT અને અન્ય)**

**૧. NID (નેશનલ ઈન્સ્ટિટયૂટ ઓફ ડિઝાઈન)**

**પ્રવેશ લાયકાત :** HSC વિજ્ઞાન પ્રવાહ, વાણિજ્ય પ્રવાહ અને વિનયન પ્રવાહ માટે અલગ-અલગ અભ્યાસક્રમો)

**અભ્યાસક્રમનો સમય :** ૪ વર્ષ, પ્રવેશ પરીક્ષા પાસ કર્યા બાદ, મેરિટના ધોરણે એડમિશન.

સંપર્ક : નેશનલ ઈન્સ્ટિટયૂટ ઓફ ડિઝાઈન (NID) પાલડી, અમદાવાદ - ૩૮૦૦૦૭. વેબસાઈટ .: www.nid.edu

**૨. CEPT(બી. પ્લાનીંગ ૪ વર્ષનો અભ્યાસક્રમ, બી આર્ક ૫ વર્ષનો અભ્યાસક્રમ)**

**પ્રવેશ પાત્રતા :** પ્રવેશ પરીક્ષા NATA આપ્યા બાદ, મેરિટના આધારે એડમિશન (www.nata.ac.in)

સંપર્ક : CEPT યુનિ. નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯, વેબસાઈટ : www.ceptindia.ac.in

**૩. NIFT(નેશનલ ઈન્સ્ટિટયૂટ ઓફ ફેશન ટેકનૉલૉજી)**

**પ્રવેશ લાયકાત :** HSC પાસ જુદા જુદા પ્રવાહ માટે અલગ- અલગ અભ્યાસક્રમો)

**સંપર્ક :** NIFT, ઈન્ફોસીટી પાછળ, ઘ-૦ રોડ, ગાંધીનગર - ૩૮૨૦૦૭ વેબસાઈટ : www.niftindia.com

**૪. અન્ય : ડિપ્લોમા ઈન ડાયમંડ એન્ડ જ્વેલરી**

ઈન્ડિયન ડાયમંડ ઈન્સ્ટિટયૂટ કતાર ગામ GIDC, સુમુલ ડેરી રોડ, સુરત- ૩૯૫૦૦૮, www.diamondinstitute.net

● બેચલર પ્રોગ્રામ ઈન ઈન્ટિરિયર ડિઝાઈન, નેશનલ સ્કૂલ ઓફ ઈન્સ્ટિટયૂટ ડિઝાઈન, રચના ભવન, રાષ્ટ્રીય શાખા, રાજકોટ-૨, વેબસાઈટ - www.designschoolindia.com

આ અભ્યાસક્રમ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિ. સુરત , બજરંગ ટ્રસ્ટ બાંભાલિયા કોલેજ, જામનગર, ડી.સી. પટેલ સ્કૂલ ઓફ આર્કિટેક્ચર, વલ્લભવિદ્યાનગર, ગજેરા ઈ.ડી. કોલેજ, અમરેલી, મહાવીર કોલેજ, સુરેન્દ્રનગર તેમજ ટી.એન.રાય કોલેજ રાજકોટ ખાતે પણ ચાલે છે.

**૬. N.D.A.(નેશનલ ડિફેન્સ એકેડેમી એન્ડ નેવલ એકેડમી)**

**પ્રવેશ પાત્રતા :** H.S.C.વિજ્ઞાનપ્રવાહ સાથે પાસ કરનારને એરફોર્સ તેમજ નેવી ઓફિસર તરીકેની તક.



- H.S.C.કોઈપણ પ્રવાહ સાથે પાસ કરનારને આર્મી ઓફિસર બનવાની તક ૧૬.૫ વર્ષથી ૧૯.૫ વર્ષની ઉંમર મર્યાદા
- દેશપ્રેમી, સાહસિક પ્રકૃતિ ધરાવતા યુવાવર્ગ માટે N.D.A. દ્વારા વર્ષમાં બે વાર (મે અને નવેમ્બર માસમાં) લેવાતી પ્રવેશ પરીક્ષા આકર્ષક કારકિર્દીનું પહેલું પગથિયું બની શકે છે. સંપર્ક : www.upsconline.nic.in અથવા www.upsc.gov.in

**૭. હોટલ મેનેજમેન્ટ (B.Sc. / B.B.A.) પ્રવેશ**

**(૧) B.Sc. ઈન હોટલ મેનેજમેન્ટ**

**પ્રવેશ લાયકાત :** HSC (અંગ્રેજી વિષય સાથે) કોઈપણ પ્રવાહમાં પાસ

**અભ્યાસક્રમની મુદત :** ૩ વર્ષ

**પ્રવેશ પાત્રતા :** ૨૨ વર્ષ સુધી (SC / ST ઉમેદવારો માટે ૨૫ વર્ષ સુધી)ની વય ધરાવતા ૪ જુદા જુદા વિષયોની સંયુક્ત પ્રવેશ પરીક્ષા (JEE) આપવાની રહે છે.

**અભ્યાસક્રમ ચલાવતી સંસ્થા :** ભારત સરકારના પ્રવાસન મંત્રાલય દ્વારા સ્થાપીત

૧. NCHMCT, લાયબ્રેરી એવન્યુ, પ્રસા કોમ્પ્લેક્ષ, નવી દિલ્હી - ૧૧૦૦૧૨ સંપર્ક : www.nchmct.org

૨. ઈન્સ્ટિટ્યૂટ ઓફ હોટલ મેનેજમેન્ટ, ભાયજીપુરા, કુડાસણ, ગાંધીનગર

૩. ૨૪ જેટલી સરકારી કોલેજો

**(૨) B.B.A. ઈન હોટલ મેનેજમેન્ટ**

- B.Sc. ઈન હોટલ મેનેજમેન્ટ (NCHMCT) કરતાં આ અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવો પ્રમાણમાં સરળ છે.

**અભ્યાસક્રમ ચલાવતી સંસ્થાઓ :**

૧. વિવેકાનંદ ઈન્સ્ટિટયૂટ ઓફ હોટલ મેનેજમેન્ટ કુચિયાદડ, ગામ, કુવાવડા પાસે, રાજકોટ-અમદાવાદ હાઈ-વે, જિ. રાજકોટ.

૨. મોટા હોટલગૃપો જેવાં કે ઓબેરોય ગૃપ, વેલકમ ગૃપ વગેરેએ સ્થાપેલ ઈન્સ્ટિટયૂટસ.

૩. લગભગ દરેક મોટા શહેરોમાં આવેલી ખાનગી કોલેજો ‘વહેલા તે પહેલાં’ના ધોરણે જ પ્રવેશ આપે છે.



**૮. જનરલ નર્સિંગ :**

આ અભ્યાસક્રમ અંગે સમાજમાં ઘણી જ ગેરસમજ પ્રવર્તે છે. આ અભ્યાસક્રમ માત્ર HSC વિજ્ઞાનપ્રવાહ માટે જ નહીં, પણ HSC કોમર્સ પછી પણ શક્ય છે. અને માત્ર વિદ્યાર્થીનીઓ માટે જ નહીં, પણ વિદ્યાર્થીભાઈઓ માટે પણ તેમાં એડમીશન મળે છે. વિદેશોમાં આ અભ્યાસક્રમ કરનારાઓની ઘણી જ ડિમાન્ડ જોવા મળે છે. વધુ માહિતી માટે સંપર્ક : www.gujarathealth.org અથવા www.nursingdiploma.in

**૯. B.S.W. (બેચલર ઓફ સોશિયલ વર્ક)**

**પ્રવેશ પાત્રતા :** HSC કોઈપણ પ્રવાહમાં અંગ્રેજી વિષય સાથે લઘુતમ ૪૫ % સાથે પાસ

**પ્રવેશ પ્રક્રિયા :** પ્રવેશ પરિક્ષા / મેરિટને આધારે

**અભ્યાસક્રમનો સમય :** ૩ વર્ષ

- સમાજસેવા કરવા ઈચ્છુકો માટે આ એક આદર્શ અભ્યાસક્રમ છે.

**અભ્યાસક્રમ ચલાવતી સંસ્થાઓ :**

૧. આણંદ આર્ટસ કોલેજ, શ્રી રામકૃષ્ણ સેવામંડળ, ઈલેક્ટ્રિક ગ્રીડની સામે, આણંદ-૧

૨. બાબા એન્ડ સાઈ કોલેજ (કચ્છ યુનિ.) ભચાઉ,.

૩. શાંતિનિકેતન કોલેજ (સૌરાષ્ટ્ર યુનિ.) રાજકોટ

૪. ગ્રામસેવા વિદ્યાલય (ગૂજરાત વિદ્યાપીઠ) રાંધેજા, ગાંધીનગર

૫. BSW કોલેજ, ન્યારા, રાજકોટ

૬. માતૃમંદિર BSW કોલેજ, રાજકોટ

૭. બજરંગ ટ્રસ્ટ, જામનગર

૮. ક્રિએશન કોલેજ, રાજકોટ,

૯. મહાવીર કોલેજ, સુરેન્દ્રનગર, (યાદી અપૂર્ણ છે.)

- ગણપત યુનિ. ખેરવા (મહેસાણા) ૫ વર્ષનો MSWનો ઈન્ટિગ્રેટેડ અભ્યાસક્રમ ચલાવે છે. સંપર્ક : www.dsw.gnu.ac.in
- BSW (Hons- Social Enterprise) માટે S.P. યુનિ. વલ્લભવિદ્યાનગરનો સંપર્ક કરવો.
- આ ઉપરાંત સોશિયલ સાયન્સ (સમાજવિદ્યા વિશારદ) નો ૩ વર્ષનો અભ્યાસક્રમ ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ દ્વારા રાંધેજા (ગાંધીનગર) અને સાદરા ખાતે ચાલે છે.

**૧૦. અન્ય અભ્યાસક્રમો :**

૧. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિ.ના અભ્યાસક્રમો સંપર્ક : આર.સી. ટેકનીકલ કેમ્પસ, ગાંધીનગર હાઈવે, અમદાવાદ - ૩૮૦૦૬૦. www.baou.org

૨. ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિ.ના અભ્યાસક્રમો સંપર્ક : IGNOU, S.G. હાઈવે, છારોડી, અમદાવાદ - ૩૮૨૪૮૧ www.ignou.ac.in અથવા www. ignou,gujarat.org

૩. ગુજરાત નોલેજ સોસાયટીના રોજગારલક્ષી અભ્યાસક્રમો સંપર્ક : www.gksgujarat. org

૪. USICના ટૂંકાગાળાના રોજગારીલક્ષી અભ્યાસક્રમો સંપર્ક : ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ સંપર્ક : gujaratvidhyapith. org

૫. ડિપ્લોમા ઈન ડ્રામેટિક્સ / ડાન્સ (૨ વર્ષ) ગુજરાત કોલેજ, નવરંગપુરા, અમદાવાદ તેમજ M.S. યુનિ. ફતેહગંજ, વડોદરા.

૬. બી.એડવર્ટાઈઝિંગ (૩ વર્ષ) એલ.ડી.આર્ટસ કોલેજ,અમદાવાદ.

૭. ડિપ્લોમા ઈન કોમર્શિયલ એન્ડ ગ્રાફિક્સ આર્ટ (૨ વર્ષ) HSC ચિત્ર વિષય સાથે પાસ

સંપર્ક : સી.એન.કોલેજ ઓફ ફાઈન આર્ટ્સ, આંબાવાડી, અમદાવાદ

૮. ડિપ્લોમા ઈન એપ્લાઈડ આર્ટ્સ (૪ વર્ષ) M.S. યુનિ. ફતેહગંજ, વડોદરા

૯. ITIના રોજગારલક્ષી અભ્યાસક્રમો સંપર્ક : www.talimrojgar.org

૧૦. સેનેટરી ઈન્સ્પેક્ટર કોર્સ (૨ વર્ષ) અમદાવાદ, વડોદરા, રાજકોટમાં ઉપલબ્ધ સંપર્ક : www.aiilsg.org

૧૧. ડિપ્લોમા ઈન કો-ઓપરેટિવ મેનેજમેન્ટ (૬ માસ) ભાવનગર, રાજકોટ, નડિયાદ અને પાટણ ખાતે ઉપલબ્ધ. સહકારી મંડળી / કો-ઓપરેટિવ બેન્કોમાં કારકિર્દી બનાવવા માટે સંપર્ક : સહકારી તાલીમ કેન્દ્ર.

૧૨. ડિપ્લોમા ઈન લાયબ્રેરી સાયન્સ (પાર્ટટાઈમ) M.J. લાયબ્રેરી, એલીસબ્રિજ, અમદાવાદ-૬

૧૩. ડિપ્લોમા ઈન પોલીસ સાયન્સ (૯ માસ) રક્ષાશક્તિ યુનિ. અમદાવાદ.

૧૪. ડિપ્લોમા ઈન ફિલ્મ એન્ડ ટેલીવિઝન, જનશિક્ષણ સંસ્થા, શિયાબાગ પોલોગ્રાઉન્ડ પાસે, વડોદરા તેમજ સીટીપલ્સ ઈન્સ્ટિટયૂટ, કુડાસણ, ગાંધીનગર (હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિ.)

૧૫. DSE(ડિપ્લોમા ઈન સ્પેશિયલ એજ્યુકેશન (૨ વર્ષ) વિકલાંગ, અંધ તેમજ મંદબુદ્ધિના બાળકોના શિક્ષક બનવા માટેનો અભ્યાસક્રમ - RCI માન્ય કોલેજોમાં જ પ્રવેશ લેવો.

૩-બી, જીવનસ્મૃતિ સોસાયટી,
મીરામ્બિકા સ્કૂલ પાસે, નારણપુરા,
અમદાવાદ-૩૮૦૦૧૩

# ૪ ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ પછીના ડિગ્રી એન્જિનિયરીંગ, ડિગ્રી / ડિપ્લોમા ફાર્મસીના અભ્યાસક્રમો

*–પ્રો. (ડૉ.) એમ. એન. પટેલ*

કોઈપણ પ્રગતિશીલ રાષ્ટ્ર માટે ટૅકનૉલૉજીનો વિકાસ એ પાયાની જરૂરિયાત છે. આજે વિશ્વનાં દરેક રાષ્ટ્રને ટૅકનૉલૉજીનું મહત્ત્વ સમજાઈ ચૂક્યું છે, અને આથી દરેક રાષ્ટ્ર એનો મહત્તમ વિકાસ કરી, પોતાનાં રાષ્ટ્રને એ દિશામાં સમૃદ્ધ બનાવવા કોશિશ કરે છે. ટૅકનૉલૉજીના વિકાસમાં ટેકનિકલ શિક્ષણની ભૂમિકા મહત્ત્વની છે. કોઈપણ વિકસીત રાષ્ટ્ર માટે ટેકનિકલ શિક્ષણ એ મહત્ત્વની બાબત ગણવામાં આવે છે. ટેકનિકલ શિક્ષણ એટલે એન્જિનિયરીંગ/ફાર્મસી તથા એને અનુરૂપ વ્યવસાયને લગતું શિક્ષણ.

છેલ્લાં કેટલાક વર્ષોમાં વિજ્ઞાન અને ટૅકનૉલૉજી ક્ષેત્રે આપણા દેશે ઘણી પ્રગતિ કરી છે. કોમ્પ્યુટર અને આઈ. ટી. ક્ષેત્રે આપણે હરણફાળ ભરી છે. ગુજરાતનો ફાળો પણ એમાં અગ્રગણ્ય છે, એને અનુરૂપ અભ્યાસક્રમોનું શિક્ષણ રાજ્યમાં જ પ્રાપ્ત થાય એ માટે ડિગ્રી એન્જિનિયરીંગ કોલેજોની સંખ્યામાં પણ ઉત્તરોત્તર વધારો થતો રહ્યો છે. ચાલુ વર્ષ એટલે કે ૨૦૧૩-'૧૪ સુધીમાં રાજ્યમાં કુલ ૩૦૬ સંસ્થાઓમાં કુલ ૯૮૩૧૬ બેઠકો ડિગ્રી એન્જિનિયરીંગ તથા ડિગ્રી/ડિપ્લોમા ફાર્મસી અભ્યાસક્રમો માટે ઉપલબ્ધ હતી. ડિગ્રી એન્જિનિયરીંગ અભ્યાસક્રમોમાં વિવિધ અભ્યાસક્રમો જેવા કે, બાયો ટૅકનૉલૉજી, બાયો મેડિકલ એન્જિનિયરીંગ, એરોનોટીકલ એન્જિનિયરીંગ, મરિન એન્જિનિયરીંગ, માઈનીંગ એન્જિનિયરીંગ, હોટલ અને ટુરીઝમ મેનેજમેન્ટ જેવા નવા અભ્યાસક્રમોની સાથે સાથે મિકેનિકલ, ઈન્સ્ટ્રુમેન્ટેશન અને કન્ટ્રોલ, સિવિલ, કોમ્પ્યુટર, ઈલેક્ટ્રિકલ, આઈ.ટી., કેમિકલ, ઓટોમોબાઈલ એન્જિનિયરીંગ તેમજ ટેક્ષટાઈલ એન્જિનિયરીંગ જેવા અનેકવિધ કન્વેન્શનલ અને સ્પેશ્યાલાઈઝ્ડ ડિગ્રી એન્જિનીયરીંગ તેમજ ડિગ્રી/ડિપ્લોમા ફાર્મસી અભ્યાસક્રમોનું શિક્ષણ રાજ્યની સરકારી, અનુદાનિત તેમજ સ્વનિર્ભર સંસ્થાઓ દ્વારા આપવામાં આવી રહ્યું છે.

રાજ્યમાં ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ પછીનાં ડિગ્રી એન્જિનિયરીંગ, ડિગ્રી/ડિપ્લોમા ફાર્મસીના અભ્યાસક્રમોમાં પ્રવેશની કાર્યવાહી રાજ્ય સરકારના વિધાન મંડળ દ્વારા પારિત પ્રવેશ અને ફી નિયમન માટેના અધિનિયમ ''ગુજરાત પ્રોફેશનલ ટેકનિકલ એજ્યુકેશન સંસ્થાઓ (પ્રવેશ અને ફી નિયમન) અધિનિયમ ૨૦૦૭'' અન્વયે રાજ્ય સરકાર દ્વારા રચવામાં આવેલ એડમિશન કમિટી ફૉર પ્રોફેશનલ કોર્સિસ (ACPC), એલ.ડી. કોલેજ ઑફ એન્જિનિયરીંગ કેમ્પસ, અમદાવાદ-૩૮૦ ૦૧૫, મારફતે કેન્દ્રિયકૃત પ્રવેશ પદ્ધતિ દ્વારા ગુણવત્તાના આધારે તૈયાર કરેલ મેરિટ યાદી મુજબ કરવામાં આવે છે. જેમાં રાજ્યની સરકારી અને અનુદાનિત સંસ્થાઓની કુલ મંજૂર થયેલી તમામ બેઠકો માટે તેમજ સ્વનિર્ભર સંસ્થાઓની ૭૫% બેઠકો માટે જે તે વર્ષે પ્રવેશની કાર્યવાહી કરવામાં આવે છે. સ્વનિર્ભર સંસ્થાઓની ૨૫% બેઠકો કે જે સંચાલક મંડળની બેઠકો તરીકે ઓળખાય છે, જેની પ્રવેશ કાર્યવાહી જે-તે સંસ્થા સ્તરે સંસ્થા દ્વારા કરવામાં આવે છે.

ચાલુ વર્ષ એટલે કે ૨૦૧૩-૧૪ ના વર્ષ માટે ACPC દ્વારા રાજ્યની વિવિધ સંસ્થાઓમાં ઉપલબ્ધ ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ પછીના ઉપલબ્ધ ડિગ્રી એન્જિનિયરીંગ, ડિગ્રી/ડિપ્લોમા ફાર્મસીના અભ્યાસક્રમોમાં પ્રવેશની કાર્યવાહી કરવામાં આવી હતી. જેની વિગતો અને અનુરૂપ કોડ (સંજ્ઞા)ની વિગત ટેબલ-૧ (Annexure -I) માં આ સાથે સવિસ્તાર આપવામાં આવેલ છે.

વર્ષ ૨૦૧૩-૧૪ દરમિયાન ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ પછી ACPC ખાતે જોડાયેલ ૧૨૧ સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર સંસ્થાઓમાં ચાલતા ડિગ્રી એન્જિનિયરીંગના જુદા જુદા સ્નાતક અભ્યાસક્રમો માટે કુલ ૬૨,૯૩૧ બેઠકો, ડિગ્રી ફાર્મસી અભ્યાસક્રમો માટે ૭૭ સંસ્થાઓમાં ૪,૮૨૫ બેઠકો, ડિપ્લોમા ફાર્મસી અભ્યાસક્રમો માટે ૮ સંસ્થાઓમાં ૫૩૦ બેઠકો ઉપલબ્ધ હતી.

આ ઉપરાંત ગુજરાત રાજ્યના વિદ્યાર્થીઓ માટે રાજ્યમાં આવેલી સરદાર વલ્લભભાઈ પટેલ નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટૅકનૉલૉજી (NIT) સુરત દ્વારા રાષ્ટ્રીય સ્તરની પરીક્ષાને આધારે પ્રવેશ કાર્યવાહી હાથ ધરવામાં આવે છે. જ્યારે, ધીરુભાઈ અંબાણી ઈસ્ટિટ્યૂટ ફોર ઈન્ફર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટૅકનૉલૉજી (DAIICT),

ગાંધીનગર, પંડિત દિનદયાળ પેટ્રોલિયમ યુનિવર્સિટી (PDPU) ગાંધીનગર, નિરમા યુનિવર્સિટી, અમદાવાદ તથા ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ટેકનોલોજી, રિસર્ચ એન્ડ મેનેજમેન્ટ, અમદાવાદ ખાતે મંજૂર થયેલી બેઠકો પૈકી ૫૦% બેઠકો પ્રવેશ સમિતિ દ્વારા અને બાકીની બેઠકો જે-તે સંસ્થા દ્વારા સરકારશ્રીનાં જાહેરનામાને અનુલક્ષીને રાજ્યનાં તેમજ રાજ્ય બહારનાં વિદ્યાર્થીઓ દ્વારા ભરવામાં આવે છે, તે અંગેની સવિસ્તાર માહિતી જે-તે સંસ્થા ખાતેથી ઉપલબ્ધ થઈ શકશે.

ચાલુ વર્ષ માટે જો કોઈ સંસ્થાઓ કે બેઠકોમાં વધારો થશે તો તે અંગેની સવિસ્તાર માહિતી અરજીપત્રક સાથે ACPC દ્વારા આપવામાં આવતી માહિતી પુસ્તિકામાં સામેલ કરવામાં આવશે. વિદ્યાર્થીઓને માર્ગદર્શન મળી રહે તે હેતુથી વિવિધ સંસ્થાઓ તેમજ અભ્યાસક્રમોમાં પ્રવેશ કયા મેરિટ ક્રમાંક તેમજ મેરિટ ગુણ પર અટકતો હતો તેની જુદી જુદી કેટેગરીના વિદ્યાર્થીઓ માટે અલગથી માહિતી ટેબલ-૨ (Annexure-II) માં આપવામાં આવી છે.

**પ્રવેશ પાત્રતા :**

ઉમેદવારે ડિગ્રી એન્જિનિયરીંગ તથા ડિગ્રી/ડિપ્લોમા ફાર્મસી અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની (૧૦ + ૨ પેટર્ન) અથવા તેને સમકક્ષ પરીક્ષા કે જેને 'લાયકાતની પરીક્ષા' ઉલ્લેખવામાં આવે છે, તે જે તે વર્ષ માટે નિયમોનુસાર જરૂરી લઘુત્તમ ગુણમર્યાદા સાથે નીચેની પૈકી કોઈ એક શાળામાંથી પાસ કરેલી હોવી જોઈએ.

(i) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ સાથે સંલગ્ન માન્ય શાળાઓ.
(ii) ગુજરાત રાજ્યમાં આવેલી સેન્ટ્રલ બોર્ડ ઓફ એજ્યુકેશન, નવી દિલ્હીની માન્ય શાળાઓ.
(iii) ગુજરાત રાજ્યમાં આવેલી કાઉન્સિલ ઓફ ઈન્ડિયન સ્કૂલ સર્ટિફિકેટ એક્ઝામિનેશન્સ, નવી દિલ્હીની માન્ય શાળાઓ.
(iv) ગુજરાત રાજ્યમાં આવેલી નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઓપન સ્કૂલીંગ, નવી દિલ્હી માન્ય શાળા/સેન્ટર.
(v) ગુજરાત રાજ્યમાં આવેલી ઈન્ટરનેશનલ સ્કૂલ બોર્ડ માન્ય શાળા/સેન્ટર.

અને જે-તે વર્ષની પ્રવેશ પ્રક્રિયામાં જે-તે વર્ષ માટે ગુજરાત સરકારે માન્ય રાખેલ 'પ્રાવેશિક પરીક્ષા' આપેલ હોવી જોઈએ. વર્ષ ૨૦૧૩-૧૪ માં એન્જિનિયરીંગ અભ્યાસક્રમો માટે JEE Main 2013 ની પરીક્ષા તેમજ ફાર્મસી અભ્યાસક્રમો માટે JEE Main 2013 / NEET / Gujcet 2013 પૈકી કોઈ એક પરીક્ષા આપેલી હોવી ફરજિયાત હતી. વખતોવખત પ્રવેશ પાત્રતામાં ફેરફાર થતા હોવાથી જે તે શૈક્ષણિક વર્ષ માટે સરકાર તરફથી બહાર પાડવામાં આવતા ઠરાવને આધારે પ્રવેશ સમિતિ તરફથી માહિતી પુસ્તિકામાં આપેલી માહિતી આધારભૂત ગણવામાં આવે તે જરૂરી છે.

ACPC દ્વારા ભરવાની થતી બેઠકોમાંથી ૭% અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે, ૧૫% અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ માટે અને ૨૭% બેઠકો સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓ માટે અનામત રાખવામાં આવે છે. લશ્કરી તેમજ અર્ધલશ્કરી દળોના ચાલુ/માજી સૈનિકોના સંતાનો માટે ૧% બેઠક અનામત રાખવામાં આવે છે. વિકલાંગ ઉમેદવારો માટે ૩% બેઠકો P.W.D. એક્ટ ૧૯૯૫ પ્રમાણે જે-તે જાતિની બેઠકોમાં અનામત રાખવામાં આવે છે. તદ્ઉપરાંત AICTE, નવી દિલ્હી દ્વારા ચાલુ સાલે મંજૂર થયેલી બેઠકોની ૫% બેઠકો સંખ્યાધિક બેઠકો એવા ઉમેદવારો કે જેઓનાં કુટુંબની તમામ સ્ત્રોતોમાંથી થતી વાર્ષિક રૂા. ૪.૫૦ લાખ કરતાં ઓછી હોય, તેઓને મેરિટનાં ધોરણે ફાળવવા સંસ્થાઓને જણાવવામાં આવ્યું હતું.

**પ્રવેશ પ્રક્રિયા :**

ધોરણ-૧૨ (વિજ્ઞાન પ્રવાહ)નું પરિણામ બહાર પડ્યા પછી તરત જ એડમિશન કમિટી ફૉર પ્રોફેશનલ કોર્સિસ (ACPC) દ્વારા રાજ્યના વ્યવસાયિક એન્જિનિયરીંગ તથા ફાર્મસીના અભ્યાસક્રમોમાં પ્રવેશ ફાળવવાની કાર્યવાહીની શરૂઆત કરવામાં આવે છે. પ્રવેશ પ્રક્રિયા માટે જરૂરી પ્રમાણપત્રો જેવા કે જાતિ પ્રમાણપત્ર, નોન ક્રિમીલેયરનું સર્ટિફિકેટ વગેરે અંગે પૂરતી માહિતી મળી રહે તે માટે તથા સમિતિ દ્વારા નક્કી કરવામાં આવેલ હેલ્પ સેન્ટરોની માહિતી મળી રહે તે માટે પ્રવેશ સમિતિ દ્વારા અગાઉથી રાજ્યના અગ્રણી વર્તમાનપત્રોમાં જાહેરખબર આપી ઉમેદવારોને માહિતગાર કરવામાં આવે છે. તદ્ઉપરાંત સમિતિની વેબસાઈટ www.jacpcldce.ac.in ઉપર વખતોવખત જરૂરી માહિતીઓ, સૂચનાઓ મૂકવામાં આવે છે.

ગુજરાત સરકાર દ્વારા પ્રવેશ વર્ષ ૨૦૦૮-૦૯થી ડિગ્રી એન્જિનિયરીંગ તથા ડિગ્રી/ડિપ્લોમા ફાર્મસીનાં વ્યાવસાયિક અભ્યાસક્રમોમાં ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયા

શરૂ કરવામાં આવી છે. પ્રવેશ પ્રક્રિયાની શરૂઆતમાં વિદ્યાર્થીઓએ રાજયભરમાં સમિતિ દ્વારા નક્કી કરાયેલા હેલ્પ સેન્ટરો પૈકી નજીકના હેલ્પ સેન્ટર ખાતેથી માહિતી પુસ્તિકા અને PIN મેળવવાના હોય છે, જેની મદદથી ઉમેદવારોએ સમિતિની વેબસાઈટ www.gujacpc.nic.in ઉપર રજિસ્ટ્રેશન કરાવવું ફરજિયાત છે. ઉમેદવારોને રજિસ્ટ્રેશનની પ્રક્રિયા તથા પ્રવેશ પ્રક્રિયાના વિવિધ તબક્કાઓથી સંપૂર્ણપણે માહિતગાર કરવા માટે પ્રવેશ સમિતિ દ્વારા રજિસ્ટ્રેશન સમયે માહિતી પુસ્તિકા આપવામાં આવે છે, જેનો અભ્યાસ પ્રવેશ ઈચ્છુક ઉમેદવારોએ કરવો અત્યંત જરૂરી છે.

ફાર્મસીના સ્નાતક કક્ષાનાં અભ્યાસક્રમોમાં પ્રવેશ ઈચ્છુક ઉમેદવારોને સંસ્થાની માન્યતાની માહિતી અર્થે ફાર્મસી કાઉન્સિલ ઓફ ઈન્ડિયાની વેબસાઈટ www.pci.nic.in જોઈ લેવી હિતાવહ છે.

**ફીનું ધોરણ :**

પ્રવેશ વર્ષ ૨૦૧૩-૧૪ દરમ્યાન જુદી જુદી સંસ્થાઓમાં ફીનું ધોરણ નક્કી કરવા માટે રાજ્ય દ્વારા નામદાર ગુજરાત હાઈકોર્ટનાં નિવૃત્ત ન્યાયાધીશનાં વડપણ હેઠળ એક ફી નિયંત્રણ સમિતિની રચના કરવામાં આવેલી છે. ફી નિયંત્રણ સમિતિ દ્વારા નક્કી કરવામાં આવેલ ફી મુજબ જ દરેક સ્વનિર્ભર સંસ્થાઓએ ફી લેવાની રહે છે. સંસ્થાની ફી અંગેની માહિતી અર્થે ફી સમિતિની વેબસાઈટ www.frctech.ac.in જોઈ લેવી હિતાવહ છે.

**.... અને વધુ ...**

વ્યવસ્થિત અને સફળતાપૂર્વકના કારકિર્દી-આયોજન માટે નીચેની બાબતોને ધ્યાનમાં રાખો :

**(૧) તમારી શારીરિક શક્તિને પીછાણો :**

કેટલાક વ્યવસાયો અમુક ચોક્કસ પ્રકારની શારીરિક કાર્યશક્તિ માંગે છે. જેમ કે સુરક્ષા સેવાઓ, પાયલોટ કે એર હોસ્ટેસનો વ્યવસાય. વ્યક્તિના શારીરિક બંધારણમાં ઉંમર અગત્યનો ભાગ ભજવે છે. કેટલાક અગત્યના અભ્યાસક્રમોમાં અને વ્યવસાયમાં પ્રવેશમર્યાદા નક્કી કરવામાં આવે છે. આથી, આપણે આપણા શિક્ષણનું એવી રીતે આયોજન કરવું જોઈએ કે જેથી જરૂરી શારીરિક ક્ષમતામાં આવીએ.



**(૨) તમારા બુદ્ધિતચાતુર્યને (Intelligence)ને ઓળખો :**

દરેક વ્યક્તિમાં સામાન્ય માનસિક શક્તિ હોય છે, જેને બુદ્ધિતચાતુર્ય કહેવામાં આવે છે. પરંતુ તેની કક્ષા જુદી જુદી હોય છે. તમારું બુદ્ધિતચાતુર્ય જાણવું એ તમારા શૈક્ષણિક અને વ્યવસાયિક ધંધા-રોજગારના આયોજનની એક બાબત છે. અભ્યાસક્રમની પસંદગી જો ખોટી થાય તો વ્યક્તિ તેમાં નિષ્ફળ જતાં નાસી પાસ થાય છે.

**(૩) તમારી અભિયોગ્યતા (Aptitude) ને જાણો :**

તમારી વિશિષ્ટ અને સુષુપ્ત કાર્યશક્તિ વિશે જાણકારી મેળવવી એ પણ એટલું જ અગત્યનું છે. દરેક વ્યક્તિમાં એક કે તેથી વધુ વિશિષ્ટ શક્તિ રહેલી હોય છે અને તેને શરૂઆતમાં શોધી કાઢવી કે પારખી લેવી જરૂરી છે. કારકિર્દીના આયોજનમાં વિશિષ્ટ શક્તિઓનું જ્ઞાન અત્યંત આવશ્યક છે. કારણ કે, આજની વ્યવસાયિક દુનિયામાં આવી શક્તિઓને સાંકળી લઈ વ્યવસાય/નોકરીની તકો આપવામાં આવતી હોય છે. વધુમાં, વ્યવસાય અને વ્યવસાયિક અભ્યાસક્રમોનું આયોજન કરતી વખતે રસને મહત્ત્વ આપવું જોઈએ. વ્યક્તિએ પસંદ કરેલ અભ્યાસક્રમમાં રસ હોય તો તે બધી મુશ્કેલીઓનો સામનો કરીને પોતાનું ધ્યેય સિદ્ધ કરે છે.

**(૪) તમારા સ્વભાવની ખાસિયતો અને વલણોને જાણો :**

અભ્યાસક્રમ અને તે પછીથી તેને અનુરૂપ વ્યવસાયમાં સફળ થવા માટે તમારા સ્વભાવની ખાસિયતો તેમજ વલણો અગત્યનો ભાગ ભજવે છે. પોતાના સ્વભાવને શું અનુકૂળ છે કે નથી તેનો ખ્યાલ હોવો જરૂરી છે. ઘર, સમાજ, સંજોગો, વ્યવસાય પરત્વે વ્યક્તિ અનુકૂલન સાધે તે જરૂરી છે. કેટલાક વ્યવસાયમાં વસ્તુઓ સાથે કામ લેવાનું હોય છે. જ્યારે કેટલાકમાં માણસો સાથે વ્યવહાર કરવાનો હોય છે. તો કેટલાકમાં વિચાર અગત્યનો ભાગ ભજવે છે. જીવનનાં મૂલ્યો અને યોગ્ય વલણો વ્યક્તિને સાચી રીતે વિચારતા કરી શકશે તેથી ધ્યેયસિદ્ધિ અને સફળતામાં તેનો ફાળો મહત્ત્વનો છે.

એડમિશન કમિટી ફૉર પ્રોફેશનલ કોર્સિસ
એલ.ડી. કોલેજ ઑફ
એન્જિનિયરીંગ કેમ્પસ, અમદાવાદ.

# ૫ બોર્ડના પરિણામો બાદ પ્રવેશ માટે મહત્ત્વની વેબસાઈટ્સ

(૧) એન્જિનિયરિંગ (ડિગ્રી, પોસ્ટ ગ્રેજ્યુએટ, ડિપ્લોમા ટુ ડિગ્રી), આર્કિટેકચર હોટલ અને ટુરિઝમ મેનેજમેન્ટ, ફાર્મસી (ડિગ્રી ટુ ડિપ્લોમા), મેનેજમેન્ટ (MBA)માં પ્રવેશ માટે વેબસાઈટ :
**http://www.jacpcldce.ac.in/**

(૨) ઉપર દર્શાવેલ કેટેગરી પૈકી કોઈમાં પણ પ્રવેશ માટે રજિસ્ટ્રેશન માટે નીચે દર્શાવેલ વેબ સાઈટની મુલાકાત લો.
**http://gujacpc.nic.in/**

(૩) વિવિધ યુનિવર્સિટીની જાણકારી માટે યુનિવર્સિટી ગ્રાંટ કમિશનની વેબસાઈટ :
**http://www.ugc.ac.in/**

(૪) દેશભરમાં આવેલી એન્જિનિયરીંગ ઈન્સ્ટિટ્યૂટની વિગતો માટે AICTE ની વેબસાઈટ :
**http://www.aicte-india.org/**

(૫) દેશભરમાં આવેલી ફાર્મસી ઈન્સ્ટિટ્યૂટની વિગતો માટે ફાર્મસી કાઉન્સિલ ઓફ ઈન્ડિયાની વેબસાઈટ :
**http://www.pci.nic.in/**

(૬) દેશભરમાં આવેલી આર્કિટેકચર ઈન્સ્ટિટ્યૂટની વિગતો જાણવા માટે કાઉન્સિલ ઓફ આર્કિટેકચર ઑફ ઈન્ડિયાની વેબસાઈટ :
**http://www.coa.gov.in/**

(૭) ટેકનિકલ એજ્યુકેશન માટેની ફી રેગ્યુલેટરી ઓથોરિટીની માહિતી મેળવવા માટે :
**http://www.frctech.ac.in/**

(૮) ગુજરાત સરકારના શિક્ષણ વિભાગની વેબસાઈટ :
**http://gujarat-education.gov.in/education/**

(૯) કમિશનર ઑફ ટેકનિકલ એજ્યુકેશન, શિક્ષણ વિભાગ, ગુજરાત રાજ્યની વેબસાઈટ :
**http://dte.gswan.gov.in/**

(૧૦) ગુજરાત ટૅકનોલૉજીકલ યુનિવર્સિટીની વેબસાઈટ :
**www.gtu.ac.in**

(૧૧) મેડિકલ, ડેન્ટલ, ફિઝિયોથેરાપી, નર્સિંગ, આયુર્વેદિક, હોમિયોપેથી, ઓપ્ટોમેટ્રી, ઓર્થોટિક્સ, ઓડિયોલોજી, નેચેરોપથી વગેરે અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે :
**http://www.medadmbjmc.in/**

(૧૨) CEPT યુનિવર્સિટીની વેબસાઈટ :
**http://www.cept.ac.in/**

(૧૩) ડિપ્લોમા એન્જિનિયરીંગમાં પ્રવેશ સંબંધી માહિતી માટે વેબસાઈટ :
**http://www.acpdc.in/**

(૧૪) એલ.ડી. કોલેજ ઑફ એન્જિનિયરિંગની વેબસાઈટ :
**http://ldceahd.org/**

(૧૫) ગુજરાત સેકન્ડરી બોર્ડની વેબસાઈટ :
**http://www.gseb.org/**

(૧૬) સેન્ટ્રલ બોર્ડની વેબસાઈટ :
**http://cbse.nic.in/**

## કટ ઑફ લિસ્ટ જાણવા માટે :

- ડિગ્રી એન્જિનિયરીંગ અને ડિગ્રી/ડિપ્લોમા ફાર્મસીના કટ્સ ઑફ માર્કસ જોવા માટે વેબસાઈટ : **http://www.jacpcldce.ac.in/be.asp** અથવા નીચે દર્શાવેલ ફાઈલ ડાઉનલોડ કરવી. **http://www.jacpcldce.ac.in/Document/Closure2013.pdf**
- વિવિધ ડિપ્લોમા એન્જિનિયરીંગના કટ્સ ઑફ માર્કસ જોવા માટે નીચે દર્શાવેલ ફાઈલ ડાઉનલોડ કરવી. **http://www.acpdc.in/First_Year/Closure_2013-14.pdf**
- ધોરણ-૧૨ સાયન્સ પછી બી-ગ્રુપમાં ઉપલબ્ધ બધા મેડિકલ-પેરા મેડિકલ કોર્સનું કટ્સ ઑફ લિસ્ટ જોવા માટે વેબસાઈટ : **http://www.medadmbjmc.in/Closure_2013.html**

# ૬ એન્જિનિયરીંગ (ડિગ્રી)ની મહત્ત્વની શાખાઓમાં વર્તમાન ટ્રેન્ડ

*– આર. એન. કોટક*

દેશમાં ઈજનેરી શિક્ષણની માંગ વધવાની સાથે એન્જિનિયરીંગની કઈ બ્રાન્ચમાં એડમિશન લેવું એ પ્રશ્નનો જવાબ મુશ્કેલ બન્યો છે. આઈ.ટી., મિકેનિકલ, સિવિલ, ઈલેક્ટ્રોનિક્સ એન્ડ કોમ્યુનિકેશન તેમજ ઓટોમોબાઈલ જેવા હાઈ ડિમાન્ડ ફિલ્ડની કિંમત આગામી દસ વર્ષમાં વધતી જવાની. પણ અન્ય કોર્સિસની કિંમત ઓછી ન આંકી શકાય.

**● ટોપ ટેન (૧૦) એન્જિનિયરીંગ કોર્સ :**

ધો.-૧૨ સાયન્સમાં 'A' ગ્રુપ રાખનારા એટલે કે મેથેમેટિક્સ, ફિઝિક્સ અને કેમિસ્ટ્રીના વિષયો રાખનારા વિદ્યાર્થી ભાઈ-બહેનોની સંખ્યા વધારે હોય છે. એ ગ્રુપ એટલે એન્જિનિયરીંગમાં જનારાનું ગ્રુપ એવું સામાન્ય રીતે માનવામાં આવે છે. A ગ્રુપના વિષયો રાખીને એન્જિનિયરીંગમાં એડમિશન લેવાની ઈચ્છા ધરાવતા લગભગ દરેક વિદ્યાર્થીના મનમાં તેમજ તેના વાલીના મનમાં એક પ્રશ્ન હોય છે. "કઈ બ્રાંચમાં જવું અને એ માટેની સારી કોલેજ કઈ ?" ક્યાંથી પ્લેસમેન્ટ મળે ?

આ પ્રશ્ન ખરેખર યથાર્થ છે. એનો જવાબ મેળવવો બહુ સરળ નથી. એનું કારણ એ પણ છે કે જેને જેને પૂછો તે દરેકના જવાબ જુદા જુદા મળે છે. વિદ્યાર્થીની પોતાની પસંદ, વાલીની પસંદ, મિત્રોની પસંદ, એન્જિનિયરીંગમાં ભણતા વિદ્યાર્થીનો જવાબ, એન્જિનિયરીંગ થઈ ગયેલા વ્યક્તિનો જવાબ, એન્જિનિયરીંગ કોલેજના પ્રોફેસરનો જવાબ, કારકિર્દી માર્ગદર્શન આપતા નિષ્ણાતનો જવાબ અને.... અને આવા ઘણા બધા જવાબો આપણે મેળવીએ છીએ. એમાંથી પછી કોઈ એકની પસંદગી કરી નાખીએ છીએ અને એડમિશન લઈએ છીએ. આ પ્રશ્નનો એક બહુ સારો જવાબ એ પણ છે. "સ્ટુડન્ટની પોતાની પસંદગીની બ્રાંચમાં જવું", પરંતુ ફરી પાછો પ્રશ્ન ઊભો જ છે કે પસંદગી કોઈ એક પર નથી એટલે કે કોને પ્રથમ પસંદગી આપવી ? એક વાલીની ફરિયાદ હતી કે મારા પુત્રના શિક્ષક કહે છે કે, "A" ગ્રુપ છે તો ઈજનેરીને બદલે B.Sc.માં જવું. આ મુંઝવણ ઘેર ઘેર છે.

**● ૩૦થી વધારે બ્રાન્ચ ગુજરાતમાં :**

ગુજરાતમાં આવેલી એન્જિનિયરીંગ કોલેજો અને તેમાં ચાલતાં અભ્યાસક્રમો પર એક નજર કરીએ તો ત્રીસથી વધારે જુદી જુદી બ્રાન્ચોના કોર્સ જોવા મળે છે. આમાંથી મોટાભાગે દસથી ૧૫ બ્રાન્ચ વિદ્યાર્થી અને તેમના વાલીઓ માટે હોટ ફેવરીટ દેખાય છે. એમાંથી પણ પોતાની પસંદગી લાગુ કરીએ તો મોટાભાગે પાંચ કે ૧૦ કોર્સ નજર સામે રહે છે. સાચી રીત પણ આ જ છે. તમે મેળવેલ માર્ક્સ એટલે કે મેરિટ માર્ક્સ પ્રમાણે તમને કયા કોર્સમાં એડમિશન મળી શકે છે તેનું એક લિસ્ટ તૈયાર કરવાનું પછી એ લિસ્ટમાંથી પહેલા પાંચ કે પહેલા ત્રણ પસંદ કરવાના. ઓનલાઈન એડમિશન હોય છે એટલે પસંદગી લિસ્ટ અને તેમાં પ્રાયોરિટી ક્રમ આપવો જરૂરી છે. આપણે હવે ત્યારપછીની કામગીરીનો વિચાર કરીએ. આ કાળજીનો તબક્કો છે.

**● હાઈ ડિમાન્ડ અભ્યાસક્રમો :**

ગુજરાતમાં ચાલતા એન્જિનિયરીંગ અભ્યાસક્રમોમાંથી જેની માર્કેટમાં હાઈ ડિમાન્ડ ગણાય એવા કોર્સમાં મુખ્યત્વે (૧) મિકેનિકલ (૨) ઈન્ફર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટૅકનૉલૉજી - ICT (૩) ઈન્ફર્મેશન ટૅકનૉલૉજી (૪) પેટ્રોલિયમ એન્જિનિયરીંગ (૫) ઈલેક્ટ્રોનિક્સ એન્ડ કોમ્યુનિકેશન (૬) સિવિલ (૭) કોમ્પ્યુટર એન્જિનિયરીંગ (૮) મરીન એન્જિનિયરીંગ (૯) ઓટોમોબાઈલ (૧૦) ઈલેક્ટ્રિકલ (૧૧) કેમિકલ (૧૨) એન્વાયરમેન્ટલ (૧૩) બાયોમેડિકલ (૧૪) ડેરી ટૅકનૉલૉજી (૧૫) ફૂડ પ્રોસેસીંગ વગેરે ગણાય.

**● ભવિષ્યની ડિમાન્ડ :**

પસંદગીના મુખ્ય મુદ્દા : માર્કેટ ડિમાન્ડ ધરાવતા કોર્સમાંથી ટોપ ૧૦ નક્કી કરવા માટે ધ્યાનમાં લેવા જેવી બાબતોમાં (૧) આગામી પાંચથી સાત વર્ષ સુધી ડિમાન્ડ વધતી રહે અથવા જળવાઈ રહે (૨) ગુજરાતમાં, ભારતમાં અને પરદેશમાં હાઈ ડિમાન્ડ ધરાવતા હોય (૩) બેચલર ડિગ્રી પછી આગળ અભ્યાસ કરવામાં વધારે ઉપયોગી

હોય (૪) નોકરીની ખૂબ વિશાળ તકો હોય (૫) બે-પાંચ વર્ષની નોકરીના અનુભવ પછી અથવા શરૂઆતથી પોતાનો વ્યવસાય કરવો હોય તો કરી શકાય તેમજ (૬) એવરગ્રીન હોય એટલે કે ડિમાન્ડમાં મોટી ચડ-ઉતરના રહે તેવા કોર્સ આપણે ધ્યાનમાં લેવા જોઈએ.

**● ટોપ ફાઈવ કોર્સ :**

ભાવિ કારકિર્દી અને વર્તમાન ડિમાન્ડને ધ્યાનમાં લઈએ તો (૧) મિકેનિકલ એન્જિનિયરીંગ (૨) ઈન્ફર્મેશન ટૅકનૉલૉજી (૩) સિવિલ એન્જિનિયરીંગ (૪) ઈલેક્ટ્રોનિક્સ એન્ડ કોમ્યુનિકેશન અને (૫) ઓટોમોબાઈલ એન્જિનિયરીંગ. આ પાંચ કોર્સ અમારી દષ્ટિએ ટોપ ફાઈવ એન્જિનિયરીંગ કોર્સ તરીકે હાલ ગણી શકાય.

**(૧) મિકેનિકલ એન્જિનિયરીંગ :**

આ બ્રાન્ચ એન્જિનિયરીંગની મધર અને એવરગ્રીન બ્રાન્ચ ગણાય છે. હંમેશા એની ડિમાન્ડ વધતી જ રહે છે. જ્યાં જ્યાં યંત્રો છે ત્યાં ત્યાં મિકેનિઝમ છે અને ત્યાં મિકેનિકલ એન્જિનિયરીંગ છે. સમગ્ર ભારતમાં મિકેનિકલ એન્જિનિયર માટે નોકરીની પુષ્કળ તકો છે. જર્મની, પોલેન્ડ, જાપાન, સ્વીત્ઝર્લેન્ડ, ઈંગ્લેન્ડ, ઈટાલી, અમેરિકા, કેનેડા જેવા વિકસિત દેશોમાં અને ઉદ્યોગ પ્રધાન દેશોમાં મિકેનિકલ એન્જિનિયરની ડિમાન્ડ ખૂબ સારી રહે છે. આગામી દસ વર્ષ સુધી મિકેનિકલ એન્જિનિયરની ડિમાન્ડ ટોપ પર જ રહેવાની છે. (૧) બાયો મેડિકલ (૨) મેડિકલ ઈન્સ્ટુમેન્ટલ એન્જિનિયરીંગ (૩) મરીન એન્જિનિયરીંગ (૪) ટેક્ષટાઈલ, પ્લાસ્ટિક, મેકાટ્રોનિક્સ જેવી કેટલીક બ્રાન્ચ મિકેનિકલ એન્જિનિયરીંગ સાથે સંલગ્ન ધરાવતી ઉપયોગી બ્રાન્ચ ગણી શકાય. જેને પણ રોજગારી તકો ઘણી છે.



**(૨) ઈન્ફર્મેશન ટેકનોલોજી :**

પ્રવર્તમાન ઈન્ટરનેટ- સંચાર માધ્યમના માહોલમાં આઈ.ટી. તરીકે જાણીતા ઈન્ફર્મેશન ટેકનોલોજીની ડિમાન્ડ સમગ્ર વિશ્વમાં છે અને સતત વધતી રહે છે. માનવીની પ્રગતિમાં કોમ્પ્યુટર અને આઈ.ટી. ફિલ્ડનું મહત્વનું યોગદાન છે. રોજબરોજની જીંદગીમાં પણ એની હાજરી સતત જોવા મળે છે. આઈ.ટી.ના ફિલ્ડમાં (૧) કોમ્પ્યુટર સાયન્સ (૨) કોમ્પ્યુટર એન્જિનિયરીંગ (૩) ઈન્ફર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજી - ICT જેવી આઈ.ટી. સંલગ્ન બ્રાન્ચનો સમાવેશ થઈ જાય છે. એન્જિનિયરીંગની અન્ય બ્રાન્ચોમાં પણ કોઈને કોઈ સ્વરૂપમાં આઈ.ટી.ની હાજરી જોવા મળે છે. આગામી દસ વર્ષ સુધી અથવા તેનાથી વધારે વર્ષો સુધી આઈ.ટી. અને તેની સંલગ્ન બ્રાન્ચોની હાઈડિમાન્ડ રહેવાની છે. અમેરિકા, કેનેડા, યુ.કે., ઓસ્ટ્રેલિયા અને યુરોપના દેશોમાંથી ભારતના આઈ.ટી. એન્જિનિયરો - આઈ.ટી. પ્રોફેશનલોની ખૂબ જ સારી માંગ છે. તમે ICT કોમ્પ્યુટર સાયન્સ, કોમ્પ્યુટર એન્જિનિયરીંગ અથવા આઈ.ટી. બ્રાન્ચમાં એડમિશન લેવાની વાત ટોપ પ્રાયોરિટીમાં રાખી શકો છો.

**(૩) સિવિલ એન્જિનિયરીંગ :**

રીયાલીટીઝ તથા ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું મહત્ત્વ વિકાસના ક્ષેત્રમાં ઘણુ વધારે ગણાય છે. ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં જમીન માર્ગના રસ્તાઓ, રેલવે માર્ગો, SEZ-સેઝ, SIR-સર, એરપોર્ટ, પોર્ટ એટલે કે બંદર, રિયલ એસ્ટેટ, બિલ્ડિંગો વગેરેનો સમાવેશ થાય છે. આ બધામાં સિવિલ એન્જિનિયરની જરૂરિયાત છે. નર્મદાના પાણી પહોંચાડવાના કામમાં પણ સિવિલ એન્જિનિયરો જોઈએ. રહેણાંકના મકાન, ટાઉન પ્લાનિંગ, હાઈવે બનાવવા, બ્રિજ બનાવવા, કોમર્શિયલ બિલ્ડિંગ, ઈન્ડસ્ટ્રિયલ બિલ્ડીંગ વગેરે અનેક જગ્યાએ સિવિલ એન્જિનિયરોની ડિમાન્ડ રહે છે. (૧) આર્કિટેક્ચર (૨) બિલ્ડિંગ કન્સ્ટ્રક્શન (૩) વોટર મેનેજમેન્ટ (૪) ઈન્ટિરીઅર ડિઝાઈન જેવી કેટલીક બ્રાન્ચ સિવિલ એન્જિનિયરીંગ સાથે જોડાયેલી છે.

**● ઈલેક્ટ્રોનિક્સ એન્ડ કોમ્યુનિકેશન :**

ફિલ્મ, રેડિયો, ટેલિવિઝન, ટેલિફોન, મોબાઈલ, કોમ્પ્યુટર વગેરે ઈલેક્ટ્રોનિક્સ એન્ડ કોમ્યુનિકેશનના



ક્ષેત્રમાં ગણાય છે. મિકેનિકલની જેમ ઈલેક્ટ્રોનિક્સ સાધનોનું બહુ મોટું ક્ષેત્ર છે. એ જ રીતે કોમ્યુનિકેશન ટૅકનૉલૉજીનું ફિલ્ડ પણ ઘણું મોટું છે. એરોપ્લેન, અવકાશયાન, સેટેલાઈટ વગેરે ઈલેક્ટ્રોનિક્સ એન્ડ કોમ્યુનિકેશન ક્ષેત્રના સુંદર ઉદાહરણો છે. મિકેનિકલ અને ઈલેક્ટ્રોનિક્સ બન્નેએ ભેગા મળી માનવજાતિને અત્યંત ઉપયોગી સાધનો તેમજ વિકાસના ઉચ્ચત્તમ શિખરો સર કરવામાં શ્રેષ્ઠ યોગદાન આપેલું છે. મોબાઈલ, ટેલિ કોમ્યુનિકેશનનું ક્ષેત્ર પણ ઈ.સી.નું ક્ષેત્ર ગણાય. આગામી દસ વર્ષ સુધી ECના ક્ષેત્રની ડિમાન્ડ વધવાની છે અને ઝડપી ડેવલપમેન્ટ થવાનું છે. ગુજરાતમાં, ભારતમાં અને પરદેશમાં EC એન્જિનિયરોની સારી ડિમાન્ડ છે. નોકરીની તકો પણ પુષ્કળ છે.

**(૪) ઓટોમોબાઈલ એન્જિનિયરીંગ :**

સ્કૂટર, બાઈક, કાર, ટ્રક, હેવી વાહનો, ટ્રેક્ટર જેવા કેટકેટલાય વાહનોનો ઉપયોગ આપણે કરીએ છીએ. વિમાન, સ્ટીમર વગેરેમાં પણ ઓટોમોબાઈલ એન્જિનિયરીંગનો ઉપયોગ થાય છે. ગુજરાતમાં ઓટોમોબાઈલ ઉદ્યોગનો વિકાસ ઝડપથી થઈ રહ્યો છે. ઓટોમોબાઈલ એન્જિનિયરો માટે ગુજરાતમાં જ નોકરીની ઘણી મોટી તકો છે. ઉપરાંત ભારતમાં અને પરદેશમાં પણ ખૂબ સારી તકો છે. મિકેનિકલ સાથે સંલગ્ન ગણી શકાય એવી આ શાખાએ ઓટોમોબાઈલના ક્ષેત્રે પોતાની સ્વતંત્ર ઓળખ ઊભી કરી દીધી છે. નોકરી ઉપરાંત પોતાના સ્વતંત્ર બિઝનેસ માટે પણ ઓટોમોબાઈલ એન્જિનિયર પાસે પુષ્કળ તકો છે.

**● ટોપ ફાઈવ ડિપ્લોમા એન્જિ. કોર્સ :**

બેચલર ડિગ્રીના એન્જિનિયરીંગની જેમ ડિપ્લોમા એન્જિનીયરીંગના ટોપ ફાઈવનું લિસ્ટ જો બનાવીએ તો (૧) મિકેનિકલ એન્જિનિયરીંગ (૨) ઓટોમોબાઈલ એન્જિનિયરીંગ (૩) ઈલેક્ટ્રોનિક્સ એન્ડ કોમ્યુનિકેશન (૪) ઈન્ફર્મેશન ટેકનોલોજી (૫) સિવિલ એન્જિનિયરીંગ ડિપ્લોમા પછી ડિગ્રી એન્જિનિયરીંગનો કોર્સ કરો તો વધારે સારી કારકિર્દી બની શકે છે. પોલીટેકનીક ડિપ્લોમા રોજગારલક્ષી કોર્સિસ SSC પછી મળતા ઉપયોગી અભ્યાસક્રમો છે.

**● અભ્યાસ પછી નોકરી અને પગાર :**

બી.ઈ. અથવા બી.ટેક. કર્યા પછી નોકરી તરત જ મળે છે અને શરૂઆતનો પગાર મહિને ૧૫,૦૦૦થી ૨૫,૦૦૦ રૂપિયા જેટલો હોય છે. આઈ.ટી.ના ક્ષેત્રમાં પગાર ઝડપથી વધે છે. ડિપ્લોમા એન્જિનિયરીંગ કર્યા પછી શરૂઆતમાં નોકરીનો પગાર આઠ થી બાર હજાર રૂપિયા દર મહિનાનો રહેતો હોય છે. પ્રાઈવેટમાં સ્થાનિક નોકરીના પગાર ઘણો ઓછો જોવા મળે છે.

**● ખાસ યાદ રાખવા જેવી બાબત :**

(૧) ડિગ્રી એન્જિનિયરીંગનો કોઈ પણ કોર્સ કર્યા પછી આગળ MBA અથવા અન્ય માસ્ટર ડિગ્રીના કોર્સ કરવાનું લક્ષ રાખવું. આગળ માસ્ટર ડિગ્રી મેળવશો તો વધારે સારી કારકિર્દી બનશે. (૨) આ સિવાય બીજા કોર્સ પણ ટોપ ફાઈવમાં ગણી શકાય. (૩) જો અનુકૂળતા હોય તો બેચલર ડિગ્રી પછી આગળ માસ્ટર ડિગ્રી-MS કરવા અમેરિકા જવું. (૪) બે-પાંચ વર્ષ નોકરીનો અનુભવ લઈ લીધા પછી પોતાનાં સ્વતંત્ર બિઝનેસ કરવાનું સપનું રાખવું. (૫) બ્રાન્ચને પહેલા મહત્વ આપવું. કોલેજ અંગે ત્યાર પછી વિચારવાનું.

'શ્રી સાંઈ', ૧,
બોમ્બે હાઉસિંગ સોસાયટી,
યુનિવર્સિટી રોડ, રાજકોટ-૩૬૦૦૦૫.

# ૭ "ધોરણ-૧૨ સાયન્સમાં ઓછા ટકા આવે તો...?"

*– શ્રીમતી જયશ્રીબહેન વી. ઠક્કર*

● **પ્રસ્તાવના :**

ધોરણ -૧૨ સાયન્સમાં સખતમાં સખત મહેનત કરવા છતાંય ઓછા માર્કસ આવે તો.... શું થઈ ગયું! કારકિર્દી રોળાઈ જશે ! દરેક વિદ્યાર્થીને મુંઝાયા સિવાય કોઈ રસ્તો મળતો નથી. પરંતુ ઓછા ટકાએ પણ ઘણા અભ્યાસ ક્રમોમાં પ્રવેશ મેળવી શકાય છે. કોઈપણ રીતે વ્યથા અનુભવતા વિદ્યાર્થીઓને ગભરાવવાની કે તનાવ રાખવાની જરૂરત નથી.

મેડિકલમાં એડમિશન ના મળે તો જિનેટિક્સ બાયોટેકનોલોજી, ફિઝિયોથેરાપી, નર્સિંગ, બી.ફાર્મ, આયુર્વેદ, હોમિયોપેથી, નેચરોપથી, યોગ તેમજ પેરામેડિકલ જેવા હેલ્થ સાયન્સના ડિગ્રી કોર્સમાં ઓછા ટકા છતાં ડોનેશન વગર એડમિશન મળે છે.

● **બેચરલ ઓફ સાયન્સ : (બી.એસસી.)**

ધોરણ-૧૨ પછી ત્રણ વર્ષનો સ્નાતકનો અભ્યાસક્રમ ગુજરાત રાજયની કે અન્ય માન્ય યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં જુદા જુદા વિષયો સાથે થઈ શકે છે. પ્રવર્તમાન સમયમાં મોટા ભાગના વિદ્યાર્થીઓનો પ્રયત્ન મેડિકલ કે ઈજનેરી શાખામાં પ્રવેશ મેળવવાનો હોય છે. પરંતુ બી.એસસી. થયા પછી એમ.એસસી. બી.એડ કે વૈજ્ઞાનિક કેમિસ્ટ, સાયન્સના પ્રોફેસર, ટીચર બનવાની શકયતાઓ વધુ રહેલી હોય છે. બી.એસ.સી. પછી આઈ. એ.એસ. માં પ્રવેશ મેળવવાની પ્રિલીમીનરી પરીક્ષામાં બેસવા માટેની પાત્રતા મળી શકે છે.

● **કૃષિ ક્ષેત્રે મળતાં અભ્યાસ ક્રમો :**

ગુજરાતની વિવિધ કૃષિ યુનિવર્સિટીઓમાં બી. એસસી. (એગ્રિ.) બી.એસસી. (હોર્ટિકલ્ચર), બી. એસસી. ફોરેસ્ટ્રી, બી.એફ.એસ.સી. ફોરેસ્ટ્રી, બી. એસસી. (ફુડ કવોલિટી એસ્યોરન્સ) બેચલર ઈન વેટરનીટી સાયન્સ એન્ડ એનિમલ હસબંડરી, બી.ટેક ડેરી ટેકનોલોજી જેવા અન્ય અભ્યાસક્રમો પ્રાપ્ત છે. વધુ વિગતો માટે આણંદ કૃષિ યુનિવર્સિટી : www.aau.in જુનાગઢ કૃષિ યુનિવર્સિટી www.jau.ac.in, નવસારી યુનિવર્સિટી www.nau.in, કૃષિ યુનિવર્સિટી દાંતીવાડા www.sdau.edu.in તથા www.gsauca.ac.inનો ઉપયોગ કરી શકાય. આ રીતે બાર સાયન્સમાં ઓછા ટકા હોય તો કૃષિ ક્ષેત્રે પણ સારા અભ્યાસક્રમમાં એડમિશન મેળવી શકો છો.

● **કમ્પ્યુટર ક્ષેત્રે મળતા અભ્યાસ ક્રમો :**

આપને બાર સાયન્સમાં ઓછા ટકા આવ્યા હોય ને કમ્પ્યુટર ક્ષેત્રે રૂચિ રાખતા હો તો કમ્પ્યુટર ક્ષેત્રે બી.સી. એ. તથા એમ.એસ.સી., આઈ.ટી. જેવા અભ્યાસક્રમો પ્રાપ્ય છે આ અંગેની જાહેર ખબર પ્રસિધ્ધ થયેથી કાર્યવાહી કરી શકાય તેમાં મેરિટનાં આધારે પ્રવેશ મેળવી શકાય છે. અભ્યાસક્રમની મુદત એમ.એસસી. આઈ.ટીમાં પાંચ વર્ષની છે. વેબ સાઈટ : www.gujaratuniversity.org.in

● **શિક્ષણ ક્ષેત્રે :**

શિક્ષણ ક્ષેત્રે કારકિર્દી અંગે પી.ટી.સી.નો અભ્યાસ ક્રમ ધો-૧૨ કોઈપણ પ્રવાહમાં પાસ થયા બાદ રાજયમાં આવેલ માન્ય અધ્યાયન મંદિરોમાં છે. આ સર્ટિફિકેટ અભ્યાસક્રમ કેન્દ્રીયકૃત પ્રવેશ પધ્ધતિથી પ્રવેશ આપી ચલાવવામાં આવે છે. વધુ માહિતી માટે વેબસાઈટ : www.ptcgujarat.org નો ઉપયોગ કરી શકાય. આ ક્ષેત્રે એ.ટી.ડી. સી.પી.એડ. જેવા અભ્યાસક્રમો પણ પ્રાપ્ય છે.



ધોરણ -૧૨ સાયન્સમાં જે વિદ્યાર્થીઓને ૭૦ ટકા ગુણ છે તેમને માટે ઈન્ડિયન આર્મીમાં જોડાવા માટેનો શ્રેષ્ઠ મોકો છે. ઈન્ડિયન આર્મીમાં જોડાઈને એન્જિનિયરીંગનો અભ્યાસ કરી શકે છે અને અભ્યાસ બાદ ઈન્ડિયન આર્મીમાં જ સારી પોસ્ટ સાથે નોકરી કરવાનો મોકો ઝડપી શકે છે.

- **ઈન્ડિયન આર્મી :**

ભારતીય લશ્કર દળોમાં જોડાવાની ઉત્તમ તક રહેલી છે. યુનિયન પબ્લિક સર્વિસ (યુ.પી.એસ.સી.) દ્વારા વર્ષમાં બે વખત નેશનલ ડિફેન્સ સર્વિસ (એન.ડી.એ) પરીક્ષા યોજાય છે. કમ્બાઈન્ડ ડિફેન્સ સર્વિસ પરીક્ષા પાસ કરીને આર્મી, નેવી અને એરફોર્સ એમ લશ્કરના ત્રણેય શાખામાં અધિકારી તરીકે નિમણુંક મેળવવાની તક મળે છે.

નેશનલ ડિફેન્સ એકેડમીમાં પ્રવેશ મેળવનાર યુવાનોને પુના નજીક ખડકવાસલા ખાતે આવેલ એન. ડી.એ.ના વિશાળ અને રમણીય કેમ્પસમાં રહીને તાલીમ લેવાનો અવસર પ્રાપ્ત થાય છે. એન.જી.એ.માં પ્રવેશ મેળવવાની ખાસિયત એ છે કે તેમાં ઓફિસર તરીકે તાલીમની સાથે સાથે કોલેજનું શિક્ષણ પણ આપવામાં આવે છે. આ રીતે સરકારનાં ખર્ચે તાલીમ અને સ્નાતકનું શિક્ષણ મેળવવાની તક આ પરીક્ષા આપતા મળી શકે છે.

એન.ડી.એ.ની એરફોર્સ અને નેવી ની બેચમાં ૧૨ સાયન્સમાં PCM ગ્રુપ સાથે પાસ થયેલ હોવા જોઈએ.

એન.ડી.એ. ની પરીક્ષામાં બેસવા અંગે ઊંચાઈ છાતી ફુલાવ્યા વગરનું માપ, વજન વગેરે જેવા કેટલાક શારીરિક માપદંડો પણ ઠરાવવામાં આવ્યા છે. તેના અંગે એમ્પ્લોયમેન્ટ ન્યુઝ અને ગુજરાત સમાચારમાં વિસ્તૃત જાહેરાત પ્રસિધ્ધ થાય છે. નેશનલ ડિફેન્સ એકેડમી અને નેવલ એકેડમીમાં પ્રવેશ અંગેની લાયકાત અને અરજી કરવાની પ્રક્રિયા અંગેની સર્વગ્રાહી માહિતી યુ.પી.એસ. સી.ની વેબસાઈટ www.upsc.gov.in વેબસાઈટ પરથી મેળવી શકશો. યુ.પી.એસ.સી. દ્વારા અગ્રણી અખબારો એન.ડી.એ. અંગેની ટુંકી જાહેરાત પ્રસિધ્ધ થાય છે.



- **ઈન્ડિયન નેવી (બી.ટેક) :**

ધોરણ -૧૨ વિજ્ઞાનપ્રવાહ (PCM) ૭૦ ટકા સાથે પાસ વિદ્યાર્થીને એન્જિ. માં પ્રવેશ માટે ઘણી મુશ્કેલી પડતી હોય છે પરંતુ સશકત યુવાન વિદ્યાર્થીઓને જો કોઈ આકર્ષક તક મળતી હોય તો તે હાલ નેવી ની ૧૦+૨ કેડેટ (બી.ટેક) એન્ટ્રી ની સ્કીમ છે. આ કોર્સ + જોબ ઓફરની જાહેરાત પ્રસિધ્ધ થાય છે.

બી. ટેકનોલોજી (ઈજનેરી ડિગ્રી) એશિયાની શ્રેષ્ઠ ઈજનેરી કોલેજ નેવલ કોલેજ ઓફ એન્જિનિયરીંગ લોનાવલા તથા અન્ય (નેવી ઈજનેરી કોલેજો) ખાસ ચાલે છે.

**લાયકાત :**

ધોરણ-૧૨ સાયન્સ ફિઝિક્સ, કેમિસ્ટ્રી તથા મેથ્સ. ૭૦ ટકા સાથે પાસ, વય મર્યાદા ૧૭ થી ૧૯ વર્ષ, અપરીણિત યુવકો, ઊંચાઈ ૧૫૭ સે.મી., વજન સપ્રમાણ, આંખ દૃષ્ટિ નિયત ધોરણે સારી, શારીરિક તંદુરસ્તી. નેવી માટે યોગ્ય કોર્સની મુદત ૪ વર્ષ (જે.એન. યુનિ.)

નિયત અરજી પત્રક વેબસાઈટ www.nausenabharti.nic.in ઉપરથી અન્ય માહિતી સાથે મળી શકે છે.

- **એરફોર્સ – કોમર્શિયલ પાયલોટ :**

ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ ફિઝિકસ અને મેથ્સ. વિષયો સાથે પાસ કરનાર ઓછામાં ઓછા ૫૫ ટકા માર્કસ હોય તેમને પ્રવેશ પરીક્ષા પાસ કરીને એરફોર્સમાં પ્રવેશ મળે છે.

આ સિવાય અમદાવાદ – વડોદરા સહિત ના દેશભરના કોઈપણ ફલાઈંગ કલબ ટ્રેનીંગ ઈન્સ્ટિટ્યૂટમાં જોડાઈને પણ પાયલોટ બની શકાય છે.

- **ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય ઉડાન એકેડમી (IGRUA) રાયબરેલી :**

આ દેશની પ્રિમિયર ફલાઈંગ ઈન્સ્ટિટ્યૂટ છે. ઓટોનોમસ બોડીનું સ્ટેટસ ધરાવે છે. ભારત સરકારની મિનિસ્ટ્રી ઓફ સિવિલ એવિયેશન અંતર્ગત કાર્ય કરે છે. આ એક માત્ર એવું ફલાઈંગ ઈન્સ્ટિટયૂટ છે કે જે એર ઈન્ડિયા તથા ઈન્ડિયન એર લાઈન્સની ગ્રાન્ટ મેળવે છે.

- **લાયકાત : B.Sc. (Aviation Degree)**

છત્રપતિ શાહુજી મહારાજ યુનિવર્સિટી કાનપુરની આ ડિગ્રી CPL કોર્સ સાથે જ મેળવી શકાય છે. CPL કોર્સ માટે ૧૦+૨ ફિઝિકસ અને મેથ્સ ૫૫ ટકા માર્કસ જરૂરી છે. વય ઓછામાં ઓછી ૧૭ વર્ષની જોઈએ. લેખિત

પરીક્ષા દ્વારા જ એડમિશન મળી શકે છે. આ પરીક્ષા પરિણામ જાહેર થયા પછી મે માસમાં નિર્ધારિત કેન્દ્રો (દિલ્હી, મુંબઈ, ચૈન્નઈ, લખનૌ, કોલકતા, હૈદ્રાબાદ, ભોપાલ) ખાતે લેવામાં આવે છે. વધુ માહિતી માટે

સરનામું : Indira Gandhi Rashtriya
Uran Akademi, Fursata ganj,
Hirfied, Rai Bariley – 229305, U.P.

ટેલીફોન દિલ્હી : ૦૧૧-૨૪૬૧૫૩૭૦, ૨૪૬૫૫૭૯૬
ટેલિફોન રાયબરેલી : ૦૫૩૫-૨૪૪૧૧૪૪,
૨૪૪૧૧૫૦, ૨૪૪૧૧૫૨૮
વેબસાઈટ : www.igrua.gov.in

પાયલોટ બનવા ઇચ્છતા ઉમેદવારો જો જરૂરી લાયકાત ધરાવતા હોય તો અમદાવાદ એરપોર્ટ પર આવેલી એવિએશન એકેડમી કે વડોદરાના હરણી એરપોર્ટ પર આવેલી એવિયેશન એકેડમી / ફ્લાઈંગ ઈન્સ્ટિટયુટ ખાતે રજિસ્ટ્રેશન બાદ IGRUA માં પ્રવેશ મેળવી શકે છે.

● **રક્ષાશક્તિ યુનિવર્સિટી :**

ધોરણ-૧૨ પછી દેશની સર્વ પ્રથમ આંતરિક સુરક્ષાના અભ્યાસક્રમો શરૂ કરનાર યુનિવર્સિટી એટલે રક્ષા શક્તિ યુનિવર્સિટી. આ યુનિવર્સિટીમાં નવ માસનો ડિપ્લોમાં ઈન પોલીસ સાયન્સનો અભ્યાસક્રમ ચાલે છે. ગુજરાત રાજયનો પોલિસ ખાતામાં તેમજ અન્ય સુરક્ષા એજન્સીઓમાં રોજગારીની ઉજળી તકનો અમૂલ્ય અવસર છે.

આ યુનિવર્સિટીમાં બે અભ્યાસક્રમો ચાલે છે.

(૧) ડિપ્લોમાં ઈન પોલીસ સાયન્સ (૧ વર્ષ)

(૨) બેચરલ ઓફ આર્ટસ ઈન પોલીસ સાયન્સ (૩ વર્ષ)

સરનામું : રક્ષા શક્તિ યુનિવર્સિટી,
ન્યુમેન્ટલ કોર્નર, મેઘાણીનગર.
અમદાવાદ-૧૬.
ફોન નંબર – ૦૭૯-૨૨૬૮૪૨૨૨
ફેકસ – ૦૭૯-૨૨૬૮૩૭૬૨

વેબસાઈટ : www.rakshashaktiuniversity.edu.in

● **જનરલ નર્સિંગનો ડિપ્લોમાં કોર્સ :**

નર્સિંગનો કોર્ષ બહેનો માટે ઘણો સારો છે. એમાં એડમિશન મેળવવું બહુ અઘરું નથી. ધોરણ -૧૨ સાયન્સમાં ઓછા માર્કસ એટલે કે ૬૦ ટકા આસપાસ હોય તો પણ જનરલ નર્સિંગના કોર્સમાં એડમિશન મળી શકે છે. સરકારી નોકરી મેળવવાની ઘણી શકયતાઓ છે. સરકારી નોકરી મળે તો ખૂબ સારો પગાર મળે છે. ગુજરાત રાજયમાં આવેલી સરકારી જનરલ નર્સિંગ સ્કુલોમાં ડિપ્લોમા ઈન જનરલ નર્સિંગ એન્ડ મિડવાઈફરીનાં કોર્સમાં એડમિશન મેળવવા દર વર્ષે અરજીઓ માંગવામાં આવે છે.

**જરૂરી લાયકાત :**

ધોરણ -૧૨ વિજ્ઞાન પ્રવાહમાં પાસ. ઉંમર ૧૭ થી ૩૫ વર્ષ, ૧૨ વિજ્ઞાન પ્રવાહનાં વિદ્યાર્થીઓને અગ્રીમતા જિલ્લા મુજબ મેરિટ યાદી બને છે.

**ફોર્મ મેળવવાનું સ્થળ :**

તમે જે જિલ્લામાંથી ધોરણ-૧૨ ની પરીક્ષા પાસ કરેલ હોય તે જિલ્લાની સિવિલ હોસ્પિટલમાં આવેલ જનરલ નર્સિંગ સ્કુલમાંથી અરજી પત્રક મળશે. રાજયમાં આવેલ મુખ્ય સિવિલ હોસ્પિટલમાં જિલ્લા મથકેથી પ્રવેશપત્ર મેળવી શકાય છે.

નર્સિંગ નો અભ્યાસક્રમ પૂર્ણ કર્યા પછી વિદેશમાં નોકરીની ખૂબ સારી તકો પ્રાપ્ત છે. અમેરિકા અને ઈંગ્લેન્ડમાં નર્સીંગની વધુ માંગ છે.

● **તબીબી ક્ષેત્રે અભ્યાસક્રમો :**

વિજ્ઞાન પ્રવાહમાં બી અથવા એબી જુથ સાથે ધોરણ-૧૨ની પરીક્ષા ઉર્તિણ થનાર ઉમેદવારને એમ.બી.બી.એસ (એલોપથી) બી.એ.એમ.એસ. (આયુર્વેદ) બી.એમ.એ.એમ. (હોમીયોપેથી) ડેન્ટલ, ફિઝીયોથેરાપી તેમજ પ્રોસ્થેટિક, ઓપ્રોમેટ્રી જેવા અભ્યાસક્રમોમાં પ્રવેશ અંગેની કેન્દ્રીય પ્રવેશ પધ્ધતિ તથા ગુણવતાના ધોરણે પ્રવેશ મળી શકે છે. પ્રવેશ માટે એક જ ફોર્મ ભરવાનું હોય છે. આયુર્વેદિક અને હોમિયોપેથી માટે અલગ પ્રવેશપત્ર ભરવું પડે છે. તેમજ અન્ય રાજયની મેડિકલ કોલેજોમાં એન્ટરન્સ ટેસ્ટથી પ્રવેશ મેળવી શકાય છે.

આ અંગેની વિગતવાર માહિતી www.justiceshah.committee.org, www.medadmbjcm.in.html પરથી જાણી શકાય છે. જે વિદ્યાર્થીઓને ડોકટર બનવું છે પણ એમ.બી.બી.એસ માં ટકાવારી ઓછી હોવાને કારણે પ્રવેશ ન મળ્યો હોય તો તેમના માટે નીચેના વિકલ્પો ખુલ્લા છે.



● **બેચલર ઓફ ડેન્ટલ સર્જરી (બી.ડી.એસ) :**

આપણે ત્યાં દંત સુરક્ષા અંગે અભિગમ અને ટેવો બદલાતા દાંતના ડૉક્ટરોની સારી એવી માંગ ઉભી થઈ છે. અમેરિકાને યુરોપનાં પ્રમાણમાં દાંતના તબીબો આપણે ત્યાં ઘણાં ઓછા છે. પરંતુ લાઈફ સ્ટાઈલ બદલાતા દંત ચિકિત્સકો માટે કારકિર્દીની સુંદર તકો ઉદ્દભવી છે. ખાનગી દંત ચિકિત્સકો પણ સારી પ્રેકટિસ ધરાવતાં હોય છે. રાષ્ટ્રીય કક્ષાએ મેડિકલ અને ડેન્ટલમાં પ્રવેશ માટે (ઓલ ઈન્ડિયા પ્રિમેડીકલ / ડેન્ટલ એન્ટ્રસ એકઝામ) (AIMPT) પાસ કરવી પડે છે. બી.ડી.એસ. નાં અભ્યાસ ક્રમનો સમયગાળો પાંચ વર્ષનો છે. જેમાં એક વર્ષની ઈન્ટર્નશીપનો સમાવેશ થાય છે. બી.ડી.એસ. કોલેજની યાદી નીચે મુજબ છે.

● **પેરામેડિકલ કોર્સિસ :**

જે વિદ્યાર્થીઓને ધોરણ -૧૨ સાયન્સમાં ઓછા ટકા છે તે મેડિકલ કોલેજમાં એડમિશન ન મળતું હોય તો નિરાશ થવાની જરૂર નથી તેમનાં માટે પેરામેડિકલનાં અભ્યાસક્રમો છે જે બી.જે. મેડિકલ અમદાવાદ સંલગ્ન યુ.એન. મહેતા ઈન્સ્ટિટ્યૂટ ઓફ કાર્ડિયોલોજી એન્ડ રિસર્ચ સેન્ટર ખાતે ચાલે છે. આ સંસ્થામાં ચાલતા વિવિધ પેરામેડિકલ કોર્સીસમાં વોક ઈન પધ્ધતિથી પ્રવેશ પ્રક્રિયા કરવામાં આવે છે. સંસ્થામાં નીચે મુજબનાં સર્ટિફિકેટ કોર્સ ચાલે છે.

(૧) એનેસ્થેશીયા આસિસ્ટન્ટ
(૨) ફિઝિશીયન આસિસ્ટન્ટ
(૩) ઓપરેશન થીયેટર ટેકનિશિયન
(૪) ઓપરેશન થીયેટર મેનેજર
(૫) આઈ.સી.સી.યુ આસિસ્ટન્ટ
(૬) એબીજી લેબોરેટરી ટેકનિશિયન
(૭) ઈકો ટેકનિશિયન
(૮) ઈકો કાર્ડિયોગ્રામ આસિસ્ટન્ટ
(૯) કેથ લેબ ટેકનિશિયન
(૧૦) કેથ લેબ આસિસ્ટન્ટ
(૧૧) ઈસીજી ટીએમટી હોલ્ડર આસિસ્ટન્ટ
(૧૨) રેડિયો ઈમેજીંગ આસિસ્ટન્ટ

વધુ માહીતી માટે વેબ સાઈટ www.unmicrc.org જુઓ.

ફોન નંબર : ૦૯૦૯૯૯૫૫૨૪૪, ૦૯૦૯૯૯ ૫૫૧૦૪, (૦૭૯) ૨૨૬૮૨૩૯૫

ફેકસ નંબર : (૦૭૯) ૨૨૬૮૨૦૯૨

ઈ-મેલ : unmicrc.moo@gmail.com

● **ડાયાલિસીસ ટેકનિશિયન સર્ટિફિકેટ કોર્સ :**

ગુજરાત યુનિવર્સિટી માન્ય ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં પાસ ઉમેદવાર, તેમજ ઉંમર વર્ષ ૩૫ સુધી કોર્સની મુદત – ૧ વર્ષ

આ કોર્સ ની અરજી – ડાયરેકટર ઈન્સ્ટિટ્યુટ ઓફ કિડની ડિસીસીઝ એન્ડ રિસર્ચ સેન્ટર સિવિલ હોસ્પિટલ કેમ્પસ, અસારવા, અમદાવાદ -૩૮૦૦૧૬ પર મોકલવાની હોય છે. આ કોર્સની જાહેરાત ઓગષ્ટ માસમાં દૈનિક સમાચારપત્રમાં આવે છે. ફોન નં. ૦૭૯-૨૨૬૮૭૦૦૦, ૦૭૯-૨૨૬૮૭૦૩૪ પર સંપર્ક કરવો.

● **ડિપ્લોમા ઈન ઓપ્થલ્મિક સાયન્સિસ અભ્યાસક્રમ :**

ગુજરાત સરકાર માન્ય એમ. એન્ડ જે ઈન્સ્ટીટ્યૂટ ઓફ એપ્થેલ્મોલોજી વેસ્ટર્ન રિજીઓનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ એપ્થેલ્મોલોજી, એ-૨, બ્લોક સિવિલ હોસ્પિટલ, અમદાવાદ – ૩૮૦૦૧૬ ખાતે ચાલે છે.

સરકારી, સ્વૈચ્છિક તેમજ ખાનગી હોસ્પિટલોમાં આંખના સર્જનના મદદનીશોની વિપુલ રોજગારી તકો માટે પૂર્ણ સમયના બે વર્ષનો તાલીમી વ્યવસાયિક ડિપ્લોમાં કોર્સ રાજ્ય સરકારે શરૂ કરેલ છે.

| | |
|---|---|
| અરજી ફી | : ₹ ૫૦ |
| ઉંમર | : ૧૭ થી ૨૩ વર્ષ |
| મંજુર થયેલ બેઠક | : ૨૦ |
| જરૂરી લાયકાત | : ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં બાયોલોજી અને અંગ્રેજી વિષય સાથે સામાન્ય કેટેગરી ૫૦ ટકા, અનામત કેટેગરી ૪૦ ટકા. |
| સમય ગાળો | : ૬ માસના ૧ એવા ૪ સેમેસ્ટરનો અભ્યાસક્રમ |
| સેમેસ્ટર દીઠ ફી | : ₹ ૧૦૦૦ (SC/ST) |
| સેમેસ્ટર દીઠ ફી | : ₹ ૨૦૦૦ (અન્ય ઉમેદવાર) |

મિત્રો આ રીતે ધોરણ – ૧૨ સાયન્સ પછી ફકત મેડિકલ ને એન્જિનિયરીંગ માં જ જવાય ને કારકિર્દી બનાવાય તેવું નથી. જે વિદ્યાર્થીઓને ૧૨ સાયન્સમાં ૫૦ થી ૭૦ ટકા ની વચ્ચે માર્કસ આવે તેમને નિરાશ થવાની જરૂર નથી. આપના માટે પણ કારકિર્દી બનાવવાના ઘણા બધા વિકલ્પો દર્શાવ્યા છે. જે આપને ખૂબ જ ઉપયોગી થશે.

મદદનીશ,
વ્યવસાય માર્ગદર્શન કચેરી,
સરકારી કન્યા શાળા ના મકાનમાં,
રાયખડ, અમદાવાદ - ૩૮૦૦૦૧.

# ૮ વિજ્ઞાનના શિક્ષણ અને સંશોધનની ભારતની શ્રેષ્ઠતમ સંસ્થા : IISER

–નિસર્ગ દેસાઈ

**સાયન્સ એન્ડ એન્જિનિયરીંગ :**

વર્તમાન યુગ વિજ્ઞાન અને ટૅકનોલોજીનો યુગ છે. માનવજાતના ઈતિહાસ પર દૃષ્ટિ કરો કે આજના આપણા રોજિંદા જીવન ઉપર... ટૅકનોલોજીનો ઊંડો પ્રભાવ તેમાં જોવા મળે. માનવીએ સાધેલા વિકાસમાં વિજ્ઞાન અને ટૅકનોલોજીએ પાયાની ભૂમિકા ભજવી છે. આખા જગત સાથે આપણને જોડી શકે અને છતાં આપણી હથેળીમાં સમાઈ શકે તેવા મોબાઈલ ફોનથી લઈને આકાશમાં ઊડતા વિમાનો-અવકાશયાનો સુધીનો સમગ્ર વિસ્તાર તેની ગવાહી આપે છે, અને તેથી જ વિદ્યાર્થીઓમાં એન્જિનિયરીંગના શિક્ષણ દ્વારા કારકિર્દી ઘડવાનું આકર્ષણ આજદિન સુધી જળવાયેલું રહ્યું છે. વિજ્ઞાન-ટૅકનોલોજીના ક્ષેત્રમાં આગળ વધવું એ રોમાંચક, પ્રતિષ્ઠાભર્યું અને સારી કારકિર્દીના ઘડતરનો અવસર બને છે.

હવે એક મહત્ત્વની બાબત જેના પર બહુ ઓછા વિદ્યાર્થીઓનું ધ્યાન જાય છે તે જોઈએ. વિજ્ઞાન (Science) એ મૂળભૂત વિષય છે, અને એન્જિનિયરીંગ તેનું એપ્લાઈડ (પ્રાયોજિત) સ્વરૂપ છે. વિજ્ઞાન તત્થ્યોને શોધે છે, જાણે છે અને વિવિધ પ્રકારે સંશોધનના સહારે તેની વિકાસ યાત્રાને સતત જારી રાખે છે. વિજ્ઞાને શોધેલા તત્થ્યો, શોધ-સંશોધનો વગેરે દ્વારા વિકસાવાયેલી ટૅકનોલોજી તેને અનુરૂપ સાધન-સામગ્રી-મશીનરી વગેરેનો વાસ્તવિક ઉપયોગ કરવાનું કામ એન્જિનિયરીંગનું છે. એન્જિનિયરીંગનું સમગ્ર ક્ષેત્ર વિજ્ઞાનના પાયા પર જ રચાય છે અને વિકસતું રહે છે. એન્જિનિયરીંગનો માત્ર વિજ્ઞાનના અસીમ જગતનું એક અંગ છે.




વૈજ્ઞાનિક શોધ-સંશોધનો દ્વારા મશીનરી અને ટૅકનોલોજીને વધુ સરળ, વધુ સક્ષમ, વધુ ઝડપી અને વધુને વધુ ઉપયોગી બનાવવાની મથામણ વૈજ્ઞાનિકો દ્વારા થતી રહે છે. આમ વિજ્ઞાનના જગતને બે આયામો થકી જોઈ શકીએ. એક છે પ્યોર સાયન્સ-બેઝિક સાયન્સ અને બીજું તેનું એક એપ્લાઈડ ફોર્મ એટલે કે એન્જિનિયરીંગ.

કોઈપણ પ્રસ્થાપિત ટેકનોલોજીની એપ્લિકેશન એટલે કે એન્જિનિયરીંગ થોડું સરળ છે. પરંતુ શોધ-સંશોધન ભારે ધીરજ, મહેનત અને અલગ ક્ષમતા માંગતું ક્ષેત્ર છે. પરંતુ વિશાળ, અસીમ અને રહસ્યોથી ભરેલું પ્યોર સાયન્સ તેમાં ઊંડા ઉતરનારને ગહેરા સંતોષની, સતત જીવંતતા અને નવીનતાની અનુભૂતિ આપે છે. કેટલાક વિદ્યાર્થીઓ બાલ્યાવસ્થાથી જ સંશોધનાત્મક વલણ ધરાવતા હોય છે પરંતુ તેને કેળવવાની તક કે વ્યક્ત કરવાનો અવકાશ ન હોવાથી તે વલણ પ્રગટ થતું નથી. કોઈ બાળકને રમકડું મળે ત્યારે તે તેને રમવાનું પસંદ કરે છે કે પછી તે રમકડાંને તોડીને છૂટું પાડીને તેમાં શું છે ? તે કેવી રીતે કામ કરે છે, તે જોવા પ્રયાસ કરે છે ? આ બાબત પણ પ્રારંભિક તબક્કે તેનું વલણ દર્શાવી જાય છે.

શોધ-સંશોધનનું ફલક ઘણું વિશાળ છે. જે જે દેશોમાં વિજ્ઞાનની શોધ-સંશોધનને મહત્ત્વ અપાયું ત્યાં વિજ્ઞાન-ટૅકનોલોજીનો વિકાસ ખૂબ ઝડપથી થયો અને તે દેશો સમૃદ્ધ અને વધુ પ્રભાવશાળી બન્યા. આપણા વિદ્યાર્થીઓને જો પૂરતી તક અને સગવડ આપવામાં આવે તો આપણું બુદ્ધિધન આ દિશામાં પણ નવા સીમાચિહ્નો સર્જી શકે તેવી આંતરીક ક્ષમતા તો ધરાવે છે જ.

**વર્તમાન પરિસ્થિતિ :**

હવે આજની વાસ્તવિક પરિસ્થિતિ પર નજર કરીએ.

એક તરફ જલદી જોબ મળે, સારું વળતર મળે અને પ્રતિષ્ઠા પણ મળે તે માટે એન્જિનિયરીંગમાં જવાનો વિદ્યાર્થીઓનો એકધારો ઝૂકાવ રહ્યો છે અને એન્જિનિયરીંગનું શિક્ષણ મહદ્અંશે ઉદ્યોગોની જરૂરિયાતોને અનુરૂપ હોય છે તેથી વિજ્ઞાનનું સત્ત્વ તેમાંથી છૂટી જાય છે અને એક ઘરેડ ચાલુ રહે છે.

બીજી તરફ એન્જિનિયરીંગની કોલેજો અને બેઠકો વધવાથી બહુ મોટી સંખ્યામાં દર વર્ષે ઈજનેરો બહાર

પડવા લાગ્યા છે. સારા વળતર સાથે બધાને સમાવી શકે તેવી સ્થિતિ હવે ફિલ્ડમાં ઘટતી જાય છે. નોકરીની શોધમાં ભટકતા ઈજનેરોની સંખ્યા પ્રતિદિન વધતી જાય છે.

હવે સમગ્ર દેશના સંદર્ભમાં જોઈએ તો પણ એન્જિનિયરીંગના શિક્ષણની સુવિધા વધવાની સાથે સાથે આપણી પાસે થોકબંધ ઈજનેરો ઉપલબ્ધ થયા છે. પરંતુ વિજ્ઞાનની શોધ-સંશોધનની યાત્રાને આગળ ધપાવી શકે તેવા વૈજ્ઞાનિકોની આપણી પાસે કમી છે. વિજ્ઞાન અને ટૅકનોલોજીને સતત વિકસાવી રહેલા પશ્ચિમના દેશોમાં વૈજ્ઞાનિકોની ઘણી ઊંચી પ્રતિષ્ઠા છે. ભારતમાં પણ વિજ્ઞાનના શિક્ષણ અને સંશોધનને પ્રાધાન્ય આપી તેને ઉચ્ચત્તમ સ્તરે લઈ જવા માટે અનેકવિધ પ્રયાસો થઈ રહ્યા છે. કિશોર વૈજ્ઞાનિક પ્રોત્સાહન યોજના (KVPY) જેવી યોજનાઓ અને IISc., IISER જેવી વિશિષ્ટ સંસ્થાઓ દ્વારા વિજ્ઞાનના વિકાસ-સંશોધનને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે.

**IISER એક વિશિષ્ટ શૈક્ષણિક સંસ્થા :**

**ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સ એજ્યુકેશન એન્ડ રિસર્ચ (IISER)** તરીકે ઓળખાતી આ સંસ્થાની ૨૦૦૬ના વર્ષમાં સ્થાપના કરવામાં આવી છે. પૂરા ભારતને આવરી લેવા આ સંસ્થાના પાંચ કેન્દ્રો સ્થપાયા છે. પૂર્વમાં કલકત્તા, પશ્ચિમમાં પૂના, ઉત્તરમાં મોહાલી, દક્ષિણમાં ત્રિવેન્દ્રમ તથા મધ્યભારતમાં ભોપાલ ખાતે IISER કાર્યરત છે. આ સંસ્થામાં પાંચ વર્ષનો BS અને MS ઈન્ટિગ્રેટેડ ડ્યૂઅલ ડિગ્રી અભ્યાસક્રમ ચાલે છે. તે ઉપરાંત ઈન્ટિગ્રેટેડ Ph.d. (MS-Ph.d. અને Ph.d.) સાયન્સના અભ્યાસક્રમો પણ ચલાવવામાં આવે છે. Master of Scienceની ડિગ્રી આપતા આ અભ્યાસક્રમમાં પ્યોર સાયન્સના મુખ્ય વિષયો ફિઝિક્સ, કેમિસ્ટ્રી, બાયોલોજી અને મેથ્સને સમાવી લેવાય છે. ભારતભરમાં શ્રેષ્ઠ એવી અદ્યતન લેબોરેટરી અને લાયબ્રેરી આ સંસ્થા ધરાવે છે. આ સંસ્થા તથા તેની લેબોરેટરી માટે ઘણું મોટું બજેટ કેન્દ્ર સરકાર દ્વારા ફાળવવામાં આવે છે. એટલું જ નહીં વિજ્ઞાનના શ્રેષ્ઠતમ જ્ઞાન-લાયકાત-પદવી અને અનુભવ ધરાવતા વૈજ્ઞાનિકો અહીં ફેકલ્ટી તરીકે સેવા આપે છે. પ્યોર સાયન્સના દરેક ક્ષેત્રમાં દુનિયાભરમાં છેલ્લામાં છેલ્લા શોધ-સંશોધનો સાથે સંકળાયેલા દેશના તથા દુનિયાના અલગ અલગ દેશોના વિઝીટીંગ પ્રોફેસર્સને પણ આ સંસ્થાના વિદ્યાર્થીઓને માર્ગદર્શન માટે સમયાન્તરે બોલાવવામાં આવે છે, અને વિવિધ વિષયો પર વ્યાખ્યાન અને વર્કશોપ યોજાય છે. સંસ્થાની સગવડો-સાધનો-તજજ્ઞો, વિજ્ઞાન જગતની અવનવી પ્રવૃત્તિઓ - આધુનિક લેબોરેટરી, લાયબ્રેરી સહિતનું સમગ્ર વાતાવરણ શોધ-સંશોધનની પ્રવૃત્તિને પ્રેરણા આપે તેવું સર્જવામાં આવ્યું છે.

**વિજ્ઞાન જાણે કે એક અનંત અને રહસ્યમય જગત છે. વૈજ્ઞાનિક તરીકેની કારકિર્દી એ સતત નવું જાણવાની-શોધવાની એક રોમાંચક યાત્રા છે. તેમાં સતત નવીનતા અને જીવંતતા છે. તેમાંથી મળતા સંતોષ અને આનંદનું કોઈ મૂલ્ય આંકી શકાય તેમ નથી.**

આ સંસ્થામાં પ્રવેશ પામનાર પ્રત્યેક વિદ્યાર્થીને અભ્યાસ અને સ્વવિકાસ માટે પ્રતિમાસ રૂ. ૫૦૦૦ની ફેલોશીપ કેન્દ્ર સરકાર દ્વારા પ્રોત્સાહન તરીકે અપાય છે. અહીં પ્રથમ બે વર્ષ પ્યોર સાયન્સના બધા જ વિષયોનો અભ્યાસ વિદ્યાર્થીઓએ કરવાનો હોય છે. ત્રીજા વર્ષે વિદ્યાર્થી પોતાના સ્પેશ્યલાઈઝેશનનો વિષય પસંદ કરે છે. પાંચમું વર્ષ પ્રોજેક્ટ અને થીસીસ પ્રિપેરેશનનું હોય છે. અભ્યાસકાળના સમગ્ર સમય દરમિયાન પોતાના ગમતા વિષયમાં આગળ વધવા તેને પૂરી સ્વતંત્રતા અને નિષ્ણાત અધ્યાપકોનું માર્ગદર્શન પણ ઉપલબ્ધ હોય છે. ભારતની કોઈપણ સંસ્થામાં જઈને ત્યાંના નિષ્ણાતની સહાય મેળવીને કોઈપણ પ્રોજેક્ટ કરવાની પણ વિદ્યાર્થીને તક અને સ્વતંત્રતા મળે છે. ઉદ્યોગોની જરૂરિયાત કે નિશ્ચિત વ્યવસાય માટે વિદ્યાર્થીઓને તૈયાર કરતી વ્યવસ્થા કરતાં સાવ જુદી વ્યવસ્થા અહીં છે.

વિજ્ઞાન અંગેનો આધુનિક અભિગમ વિષયોના અલગ અલગ વાડા કરતો નથી પરંતુ ઈન્ટિગ્રેટેડ એપ્રોચ ધરાવે છે. એટલે કે ફિઝિક્સ, બાયોલોજી, કેમિસ્ટ્રી અને મેથેમેટીક્સનો એક સાથે અભ્યાસ અહીં થાય છે. દા.ત. બાયોલોજી અલાયદો રહેતો વિષય નથી. બાયોલોજીમાં જ કેમિસ્ટ્રી, ફિઝિક્સ, મેથ્સ બધું સમાયેલું છે. આપણી હથેળીમાં રહેલા મોબાઈલ નામની ડિવાઈસીસમાં પણ ફિઝિક્સ, મેથ્સ, બાયોલોજી બધું જ એક સાથે સંકળાયેલું છે. આ અભિગમને લીધે વિજ્ઞાનના એક વિષય પર કામ કરનાર વિદ્યાર્થી પાસે બીજા વિષયનું પૂરતું આનુષાંગિક જ્ઞાન હોય છે, કે જે તેને આગળ વધવામાં મદદ કરે છે. તત્થ્યો (ફેક્ટ)ની જાણકારી આપવી કે જાણકારી હોવી એટલું પૂરતું નથી. નવા તથ્યો શોધવા અને તત્થ્યોનો યથાર્થ ઉપયોગ કરી આગળ વધવું એ વિજ્ઞાનના જગતની આવશ્યકતા છે.

**પ્રવેશ પ્રક્રિયા :**

IISERમાં ધોરણ-૧૨ પછીના આ ડિગ્રી અભ્યાસક્રમમાં પ્રવેશ માટેના ત્રણ વિકલ્પો છે.

૧. JEE (IIT) ની પરીક્ષામાં ઉત્તીર્ણ થનારને સીધો પ્રવેશ મળી શકે છે.

૨. KVPYના ફેલોને પણ સીધો પ્રવેશ ધોરણ-૧૨ પછી મળે છે.

૩. દરેક રાજ્યના ધોરણ-૧૨ માટેના સ્ટેટ બોર્ડમાં ઉત્તીર્ણ થનાર પ્રથમ ૧% વિદ્યાર્થીઓ આ સંસ્થાની પ્રવેશ પરીક્ષા આપવા એલિજીબલ ગણાય છે. જે તે રાજ્ય સ્ટેટ બોર્ડના પ્રથમ ૧%માં આવનાર વિદ્યાર્થીમાં પોતાના રાજ્યની નજીકની IISERમાં જઈને નિયત તારીખે યોજાનાર પરીક્ષામાં ભાગ લઈને પ્રવેશ માટે પ્રયાસ કરી શકે છે.

પ્રત્યેક IISERમાં ૧૦૦ સીટો ઉપલબ્ધ હોય છે આમ પ્રતિવર્ષ માત્ર ૫૦૦ જણાને પ્રવેશ મળે છે. પ્રવેશ મેળવનાર પ્રત્યેક વિદ્યાર્થી ઈન્સ્પાયર ફેલોશીપ મેળવતો થઈ જાય છે.

વધુ વિગતો IISERની વેબસાઈટ : www.iiser-admission.in ઉપર ઉપલબ્ધ છે.

**નવતર અભિગમ :**

વર્તમાન સમયમાં શિક્ષણ અને કારકિર્દી અંગેના દૃષ્ટિકોણ અને અભિગમમાં પરિવર્તન આવી રહ્યું છે. ઝડપથી નોકરી મેળવવી અને સારો પગાર મેળવવો તેવી સંકુચિત વિચારધારામાંથી વિદ્યાર્થીઓનો એક જાગૃત વર્ગ બહાર આવી રહ્યો છે. નોકરીની પાછળ ભાગતી ભીડનો હિસ્સો બનવા હવે બધા જ યુવાનો તૈયાર નથી.

બીજી તરફ IISER જેવી સંસ્થાએ શિક્ષણ અને કારકિર્દી માટે અલગ દૃષ્ટિકોણ અને આગવો વિકલ્પ આપી રહી છે. વિદ્યાર્થી કોઈ એક વિષય કે ક્ષેત્રનું જ્ઞાન મેળવી લે તેટલું જ પૂરતું નથી પરંતુ વિદ્યાર્થીનો વ્યક્તિ તરીકે વિકાસ થાય અને વિશેષ તો તેનામાં કશું પણ શીખી લેવાની ક્ષમતાનો વિકાસ થાય (સ્કીલ ટુ લર્ન) તેના પર ફોક્સ આપે છે. અહીં IISERમાં વિશિષ્ટ પ્રકારની વ્યવસ્થા દ્વારા વિદ્યાર્થીની શિખવાની ક્ષમતાના વિકાસ (એબિલિટી ટુ લર્ન)ને કેન્દ્રમાં રાખીને વિજ્ઞાનના વિશાળ જગતનો તેને પરિચય કરાવાય છે.

''વન્સ યુ લર્ન - હાઉ ટુ લર્ન એનીથીંગ, ધેન ધેર ઈઝ નથીંગ ધેટ કેન સ્ટોપ યુ ટુ એચિવ યોર ડ્રીમ્સ.'' વિદ્યાર્થી તેની સામેની કોઈપણ ચેલેન્જને ઉપાડી લે તેવી ક્ષમતા ધરાવતો થાય અને કોઈપણ ક્ષેત્રે કોઈપણ પરિસ્થિતિ સામે તૈયાર હોય તેવી ક્ષમતા અને આવડત તેનામાં વિકસે ત્યારે તેને એક અલગ જ સ્તરની ખુશી અને ઊંડા આત્મસંતોષનો અનુભવ થાય છે, તેના આત્મવિશ્વાસમાં પણ વધારો થાય છે.

દા.ત. સારા માર્કસ સાથે ડિગ્રી મેળવનાર કેટલાક વિદ્યાર્થીઓ ઈન્ડસ્ટ્રીમાં ઘણા સારા પગારની તકો જતી કરીને Ph.d. કરવાનું પસંદ કરે છે. સ્વયંના વિકાસની અને શોધ-સંશોધન દ્વારા મળતા સંતોષની દિશામાં આગળ વધે છે તેને આ પ્રકારના આનંદ અને આત્મગૌરવનો અનુભવ થાય છે.

**વૈજ્ઞાનિક તરીકેની કારકિર્દી : એક ઉન્નત ભાવિની દિશા :**

આજે પ્રત્યેક ક્ષેત્ર પર વિજ્ઞાન અને ટેકનોલોજીનો બહુ મોટો પ્રભાવ છે. વિકાસની સમગ્ર પ્રક્રિયામાં પણ ટેકનોલોજી પાયાની ભૂમિકા ભજવે છે. ઉદ્યોગો, મોટી કંપનીઓ, ઉત્પાદન એકમો, કોર્પોરેટ સેક્ટર, શૈક્ષણિક-સામાજિક-સેવા સંગઠનો, સરકારના ઊર્જા, સંરક્ષણ, સહિતના વિવિધ વિભાગો, વિશિષ્ટ સંસ્થાઓ દરેક જગ્યાએ શોધ-સંશોધનનું કામ કરતા વૈજ્ઞાનિકોની આવશ્યકતા હવે સતત વધતી જવાની છે. વૈશ્વિક સ્પર્ધામાં ટકવા માટે પણ શોધ-સંશોધન અનિવાર્ય બન્યા છે.

દુનિયાભરમાં આજે ઊર્જા, પર્યાવરણ જેવા ક્ષેત્રોમાં જે કટોકટી જેવી પરિસ્થિતિ પ્રવર્તે છે. તેમાં પણ વૈજ્ઞાનિકોની બહુ મોટી આવશ્યકતા ઊભી થઈ ગઈ છે. પ્યોર સાયન્સના સ્નાતકો માટે આવા ક્ષેત્રોમાં તકો સતત વિસ્તરતી જવાની છે. આ ઉપરાંત પણ સાયન્સના લેક્ચર (વ્યાખ્યાતા) સાયન્સ મેગેઝીનમાં લેખક કે સંપાદક તરીકે, વૈજ્ઞાનિક ફિલ્મો કે વિજ્ઞાનની ડોક્યુમેન્ટરી ફિલ્મોના નિર્માતા તરીકે કારકિર્દી ઘડી શકાય તેમ છે. સાયન્સના જગતમાં કંઈ પણ કરતા રહો તો પણ એક રોમાંચક અને રહસ્યભરી યાત્રા જેવું લાગે.

વિજ્ઞાન અને વૈજ્ઞાનિક તરીકેની કારકિર્દી સતત નવીનતા અને જીવંતતાનો અનુભવ કરાવે છે. સતત નવું જાણવાની અને શોધવાની આ યાત્રા છે. ગમે તેટલા શોધ-સંશોધનો થાય પરંતુ ક્યાંય અટકાવ નથી. વિજ્ઞાનની યાત્રા ચાલતી જ રહે છે. જાણવાનું ઘટતું નથી કે જાણવાનો રોમાંચ ઘટતો નથી. વિજ્ઞાન જાણે એક અનંત અને રહસ્મય જગત છે. વિજ્ઞાનના જગતમાં રહેવું અને આગળ વધવું એ એક અનોખો અને રોમાંચક અનુભવ છે. કોઈપણ પ્રોફેશનમાં રહેલો વ્યક્તિ ક્યારેક તો કંટાળો અનુભવે જ છે પરંતુ વિજ્ઞાન સાથે સંકળાયેલા જીવનમાં કંટાળાને અવકાશ મળતો નથી. અન્યની સરખામણીમાં કદાચ આર્થિક વળતર ઓછું મળે પરંતુ તેમાંથી મળતા સંતોષ અને આનંદનું કોઈ જ મૂલ્ય આંકી શકાય તેમ નથી.

---

ફાઈનલ યર સ્ટુડન્ટ,
ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સ એજ્યુકેશન એન્ડ રિસર્ચ,
ડો. હોમીભાભા રોડ, પાશાન, પૂના, મહારાષ્ટ્ર.

# ૯ પંડિત દીનદયાળ પેટ્રોલિયમ યુનિવર્સિટી

*– તરૂણ શાહ*

પી.ડી.પી.યુ.ના ટૂંકાક્ષરી નામથી જાણીતી પંડિત દિનદયાલ પેટ્રોલિયમ યુનિવર્સિટી ગાંધીનગર-રાયસણ ખાતે વર્ષ ૨૦૦૭થી યુ.જી.સી. તરફથી સ્ટેટ પ્રાઈવેટ યુનિવર્સિટી તરીકે માન્યતા પ્રાપ્ત અસ્તિત્વ ધરાવે છે. માનવજાતના ઉજળા ભવિષ્યને ધ્યાનમાં રાખી સંશોધનલક્ષી ઉત્તમ શિક્ષણ તથા તાલીમ પૂરા પાડી આંતરરાષ્ટ્રીય સન્માનિત સંસ્થા બનવાનું ધ્યેય આ યુનિવર્સિટી ધરાવે છે. માત્ર ૭ વર્ષના ગાળામાં આ યુનિવર્સિટીએ શિક્ષણ સંશોધનના નિતનવા આયામો સાધીને દેશપરદેશમાં પોતાનું આગવું સ્થાન મેળવી લીધું છે. તેના પ્રથમ પદવીદાન સમારોહમાં ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. એ.પી. જે.અબ્દુલકલામ મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા. ઉદ્યોગ સંચાલકો, શિક્ષણવિદ, ઉચ્ચ સનદી અધિકારીઓ તેના સંચાલનમંડળમાં છે. ઉર્જા અને આંતરમાળખાકીય ક્ષેત્રના સ્નાતક તેમજ અનુસ્નાતક કક્ષાના સંશોધન સહિતના અભ્યાસક્રમોને આ યુનિવર્સિટીમાં પ્રાધાન્ય અપાયું છે.

આ યુનિવર્સિટીમાં ધો. ૧૨ સાયન્સ પછી ચાર વર્ષનો બી.ટેક. અભ્યાસક્રમ - પેટ્રોલિયમ, સિવિલ, મિકેનિકલ, કેમિકલ, ઈન્ડસ્ટ્રીઅલ તથા ઈલેક્ટ્રિકલ એન્જિ.માં સંપૂર્ણ શિક્ષણ સુવિધાઓ સાથે ઉપલબ્ધ છે. તેની પ્રયોગશાળાઓ અદ્યતન ઉપકરણોથી સુસજ્જ છે. આ ઈજનેરી અભ્યાસક્રમમાં પ્રવેશ (JEE) પરીક્ષાના પર્સેન્ટાઈલના આધારે મેરિટ આધારિત આપવામાં આવે છે.

ધો. ૧૨ પછી ચાર વર્ષના બી.એ., બી.બી.એ. તથા બી.કોમ.ના ઓનર્સ ડિગ્રી અભ્યાસક્રમો પણ અહીં ઉપલબ્ધ છે. આ અભ્યાસક્રમોમાં પબ્લિક એડમિનિસ્ટ્રેશન, ઈન્ટરનેશનલ રિલેશન્સ, એન્વાર્યનમેન્ટલ પોલીસી, અર્થશાસ્ત્ર, સાયકોલોજી, ઈંગ્લિશ લિટરેચર જેવા સ્પેશ્યાલાઈઝેશન્સ પણ વિદ્યાર્થીઓ લઈ શકે છે. યુનિવર્સિટી તરફથી લેવાતી પ્રવેશ પરીક્ષાના આધારે ગુણવત્તાના આધારે પ્રવેશ મળી શકે છે.

અનુસ્નાતક કક્ષાએ બે વર્ષના એમ.ટેક. અભ્યાસક્રમો પેટ્રોલિયમ, સિવિલ, મિકેનિકલ, ઈલેક્ટ્રિકલ, ન્યુક્લીઅર તેમજ એનર્જી સીસ્ટમ્સ ક્ષેત્રે ઉપલબ્ધ છે. આ ઉપરાંત કેટ પરીક્ષા તેમજ ગ્રુપ ડિસ્કશન + પર્સનલ ઈન્ટરવ્યૂ આધારિત પ્રવેશ એમ.બી.એ.ના બે વર્ષના અભ્યાસક્રમમાં મળી શકે છે. એમ.એ.નો બે વર્ષનો અભ્યાસક્રમ ઈંગ્લિશ, પબ્લિક એડમિનિસ્ટ્રેશન તથા પોલિટીકલ સાયન્સ - ઈન્ટરનેશનલ રિલેશન્સના સ્પેશ્યાલાઈઝેશન માટે પ્રાપ્ય છે.

વિજ્ઞાન, ઈજનેરી, મેનેજમેન્ટ તથા માનવવિદ્યાઓના ક્ષેત્રે પી.એચડી. ડિગ્રી માટેના સંશોધન અભ્યાસક્રમો અહીં ચાલે છે.

આ યુનિવર્સિટીમાં મુખ્યત્વે પાંચ શૈક્ષણિક વિભાગો છે, જે સ્કુલ તરીકે ઓળખાય છે, સ્કુલ ઓફ પેટ્રોલિયમ ટેકનોલોજી, સ્કુલ ઓફ પેટ્રોલિયમ મેનેજમેન્ટ, સ્કુલ ઓફ સોલર એનર્જી, સ્કુલ ઓફ ટેકનોલોજી તથા સ્કુલ ઓફ લીબરલ સ્ટડીઝનો સમાવેશ થાય છે. આ ઉપરાંત વૈજ્ઞાનિક તથા ઔદ્યોગિક સંશોધનોને વેગ મળે તે માટે ઉચ્ચ કક્ષાના શોધ ઉપકરણો ધરાવતા સેન્ટર્સ ઓફ એક્સલન્સ પણ પ્રસ્થાપિત થયા છે. આ યુનિવર્સિટીમાં ઊંચી શૈક્ષણિક લાયકાત ધરાવતા અનુભવી અધ્યાપકો છે. વિદ્યાર્થીઓને રાષ્ટ્ર તેમજ આંતરરાષ્ટ્રીય કક્ષાએ તેમના અભ્યાસપત્રો-સ્ટડીપેપર્સ રજૂઆત કરવા જરૂરી આર્થિક સહાય પણ



પૂરી પડાય છે. એ ઉપરાંત ઈન્ટરનેશનલ એક્સપોઝર પ્રોગ્રામના ભાગરૂપે ઉનાળુ વેકેશન દરમ્યાન અમેરિકા તથા કેનેડાની પ્રતિષ્ઠિત યુનિવર્સિટીઓમાં ત્રણથી ચાર સપ્તાહની તાલીમ અર્થે વિદ્યાર્થીઓને જવાની તક મળે છે. આ માટે ઓફિસ ઓફ ઈન્ટરનેશનલ રિલેશન્સની અલાયદી વ્યવસ્થા છે. એ જ રાહે ટ્રેનિંગ એન્ડ પ્લેસમેન્ટ ડિવિઝન પણ વિદ્યાર્થીઓને અભ્યાસ દરમ્યાન વિવિધ ઈન્ટરર્નશીપની ફાળવણી- વ્યવસ્થા કરી આપે છે, તેમજ અભ્યાસના અંતે જે તે વ્યવસાયગૃહોમાં નોકરીની તકો મળી રહે તે માટે કેમ્પસ પ્લેસમેન્ટ ઈન્ટરવ્યૂની તજવીજ કરે છે. વિદેશી ભાષાઓ શીખવાના વર્ગોનું આયોજન પણ અહીં થાય છે. આઈ.એ.એસ. જેવી પ્રતિષ્ઠિત નોકરી પરીક્ષાઓના આગોતરી તૈયારીના વર્ગોની વ્યવસ્થા પણ આ યુનિવર્સિટીમાં છે. અમેરિકા, કેનેડા, ઓસ્ટ્રેલિયા, જેવા દેશોની અગ્રણી યુનિવર્સિટીઓ સાથે અભ્યાસ - સંશોધનના કરાર આ યુનિવર્સિટીએ કરેલા છે. અને એ મુજબ અનેક વિદ્યાર્થીઓ એ ઉચ્ચ અભ્યાસ સુવિધાઓનો લાભ વિદેશમાં જઈ લઈ ચૂક્યા છે. અહીંના સ્નાતકો વિદેશની પ્રતિષ્ઠિત યુનિવર્સિટીઓમાં પણ ઉચ્ચ અભ્યાસના પ્રવેશ માટે લાયક ઠરતા રહ્યા છે. અભ્યાસકાળ દરમ્યાન વિદ્યાર્થીઓને વ્યવસાય - ઉદ્યોગોના નિષ્ણાતોના જ્ઞાનનો લાભ મળતો રહે એ માટે પરિસંવાદ, કાર્યશાળાઓનું આયોજન વર્ષભર વખતોવખત થતું રહે છે. એ રીતે વિદ્યાર્થીઓ પોતાના ઔપચારિક અભ્યાસક્રમની સાથોસાથ અન્ય રીતે પણ જ્ઞાનસમૃદ્ધ થતા રહે એવા પ્રકારનું વાતાવરણ તથા વ્યવસ્થા અહીં છે.

રજિસ્ટ્રાર,
પંડિત દીનદયાળ પેટ્રોલિયમ યુનિવર્સિટી,
રાયસણ, ગાંધીનગર



# ૧૦ 'નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ડિઝાઇન'ના અભ્યાસક્રમો

*– એસ. આર. વિજયવર્ગીય*

ફેશનમાં સૌંદર્ય, કપડા અને જવેલરી એ ત્રણ અવિભાજય અંગ બની ચુકયા છે. કહેવત છે કે, સૌંદર્ય નિરખનારની આંખમાં વસેલું હોય છે. પરંતુ એકનું એક વારંવાર જોવાથી કયારેક કંટાળો આવે છે. તેથી તેમાં થોડુક પરિવર્તન અનિવાર્ય બને છે. ફેશન, કપડાં અને જવેલરી વર્તમાન યુગમાં સ્પર્ધાનો મુખ્ય વિષય બની ચુકયા છે. ફેશનનો અર્થ સીમિત રહ્યો નથી. ફેશન કલ્પનાશીલ સર્જનાત્મકતાથી ભરાયેલી છે. ફેશનમાં ભણતરનું યોગ્ય માર્ગદર્શન મળે તો સફળતા પામવામાં સરળતા રહે છે. વિશ્વના અન્ય દેશોની જેમ ભારત પણ ફેશનના ક્ષેત્રે નિત્ય નવા અભિગમ અને પ્રયોગ કરતું રહે છે. ફેશન ટૅકનૉલૉજી અને ડિઝાઇન ભારતમાં ડિઝાઇનર્સ કલેકશન માટે એક અગત્યનું પરિબળ જોવા મળે છે. તાજેતરમાં ગુજરાતની પોલીસ માટેના વસ્ત્ર પરિધાનની ડિઝાઇન, રેલ્વેના ડબ્બાની ડિઝાઇન, રેલ્વેના એન્જિનનું મોડેલ અને એનિમેશન તેમજ ફિલ્મ ક્ષેત્રે જુદી-જુદી પ્રવૃત્તિઓમાં નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ડિઝાઇન મહત્વનું સ્થાન ધરાવે છે.

માનવીના જીવનમાં અનેક ફેરફારો જોવા મળે છે. જીવન જરૂરીયાતની ચીજ વસ્તુઓ રહેણી-કરણી વિગેરેમાં સતત ફેરફાર થતાં રહે છે. પરિવર્તન એ માનવીના સ્વભાવ સાથે સંકળાયેલ છે. તેમની રસ, રૂચિ,અભિગમ, પ્રમાણે નવી વપરાશવાળી વસ્તુઓની ડિઝાઇનમાં ફેરફાર કરવામાં આવે છે. ક્યારેક પર્યાવરણના કારણે ફેરફાર થતાં રહે છે. આધુનિક યુગમાં નવી ચીજ વસ્તુઓના ડિઝાઇનનું અનેરુ મહત્વ છે. ચીજ વસ્તુઓની ડિઝાઇનમાં નવીનતા શૈક્ષણિક અભ્યાસક્રમ સાથે જોડાય ત્યારે માનવીના જીવનમાં અમુલ પરિવર્તન થાય છે. નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ડિઝાઇન રાષ્ટ્રીય કક્ષાની સંસ્થા છે. તેના અભ્યાસક્રમો વિશે માહિતી મેળવીએ. અમદાવાદમાં પાલડી પાસે સરદાર બ્રીજ નજીક નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ડિઝાઇનની સંસ્થા આવેલી છે. ઇન્ડસ્ટ્રીયલ, કોમ્યુનિકેશન, ટેક્ષટાઇલ અને આઇ.ટી.ઇન્ટિગ્રેટેડ ડિઝાઇન ક્ષેત્રે આંતરાષ્ટ્રીય કક્ષાએ ખ્યાતિ પામેલ એક માત્ર શૈક્ષણિક અને રિસર્ચ સંસ્થા છે. મિનિસ્ટ્રી ઓફ કોમર્સ અને ઇન્ડસ્ટ્રીઝ ગવર્નમેન્ટ ઓફ ઇન્ડિયા હેઠળ ચાલતી સ્વતંત્ર સંસ્થા છે.

ગ્રેજયુએટ ડિપ્લોમાં અભ્યાસક્રમ ધોરણ-૧૨ કોઇ પણ પ્રવાહમાં અંગ્રેજી વિષય સાથે પાસ કર્યા પછીનો છે. જેમાં ૬૦ બેઠકો છે. તે G.D.P.D.ના નામે જાણીતો છે. જયારે પોસ્ટ ગ્રેજયુએટ ડિપ્લોમા પ્રોગ્રામીગ ડિઝાઇન પી.જી.ડી.પી.ડી. સ્નાતક પછીનો છે. તેમાં ૧૭૫ બેઠક છે.

**(અ) ગ્રેજયુએટ ડિપ્લોમા પ્રોગ્રામીંગ ડિઝાઈન**

આ કોર્સમાં પ્રવેશ મેળવવા માટે ૧૦+૨ ની હાયર સેકન્ડરીની પરીક્ષા પાસ કરનાર કોઇ પણ પ્રવાહમાં અંગ્રેજી વિષય સાથે ચાલુ વર્ષે પરીક્ષામાં બેસવાના હોય પરિણામ બાકી હોય તેવો પણ અરજી કરી શકે છે. બાવીસ વર્ષની વયમર્યાદા ધરાવનારને પ્રવેશ મળે છે. અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને ઉપલી વયમર્યાદામાં ૩ વર્ષની છુટ મળે છે. અભ્યાસક્રમનો સમય ૪ વર્ષનો છે. અભ્યાસક્રમના ક્ષેત્રો નીચે મુજબ છે.

**(૧) કોમ્યુનિકેશ ડિઝાઈન -**

- ગ્રાફિક ડિઝાઈન
- એનિમેશન ફિલ્મ ડિઝાઈન
- ફિલ્મ એન્ડ વીડિયો કોમ્યુનિકેશન

**(૨) ટેક્ષટાઈલ અને એપરલ ડિઝાઈન**

- ટેક્ષટાઇન ડિઝાઈન
- ઈન્ટિગ્રેટેડ પ્રોગ્રામ એન્ડ ટેક્ષટાઈલ ડિઝાઈન

**(૩) ઈન્ડસ્ટ્રીયલ ડિઝાઈન**

- પ્રોડકટ ડિઝાઈન
- ફર્નિચર એન્ડ ઇન્ટરીયર ડિઝાઈન
- સિરામીક અને ગ્લાસ ડિઝાઈન

**(બ) પોસ્ટ ગ્રેજયુએટ ડિપ્લોમા પ્રોગ્રામ ઈન ડિઝાઈન (PGDPD)**

આ અભ્યાસક્રમમાં કોઇ પણ શાખામાં સ્નાતક પછી કે તેની સમકક્ષ લાયકાતવાળા વિદ્યાર્થીઓ કે જેમણે માંગ્યા મુજબનો અભ્યાસક્રમ પુર્ણ કરેલ હોય તેને પ્રવેશ મળે છે. અભ્યાસક્રમ પૂર્ણ કરવાનો ૨ થી ૨.૫ વર્ષનો હોય છે. આમા નિપૂણતા મેળવવા માટે નીચે મુજબના ક્ષેત્ર છે.

(૧) ઈન્ડ્રસ્ટ્રીયલ ડિઝાઈન

| નંબર | અભ્યાસક્રમનું નામ | લાયકાત |
|---|---|---|
| ૧ | પ્રોડકટ ડિઝાઈન | બી.ટેક.,બી.ઇ.(મિકેનિકલ ,મિકાટ્રોનિક,બી.આર્કિટેક |
| ૨. | ફર્નિચર એન્ડ ઇન્ટિરીયર ડિઝાઈન | બી.ટેક., બી.ઇ.સિવિલ, બી.ઇ.આર્કિટેક (ઇન્ટિરીયર ડિઝાઇન) |
| ૩. | સિરામીક એન્ડ ગ્લાસ ડિઝાઈન | બી.આર્ક, બી.એફ.એસ. સિરામીક એન્ડ ગ્લાસ એન્ડ ટૅકનૉલૉજી, સિરામીક એન્ડ ગ્લાસ સંબંધિત ક્ષેત્રમાં |
| ૪. | ટોય ડિઝાઇન એન્ડ ડેવલપમેન્ટ | બી.ઇ./બી.ટેક./બી.સી.એ./ બી.આઇ.ટી./બી.આર.કી./ ઇન્ટિરીયર ડેવલપમેન્ટ/થેરાપી અથવા ઉપરના ક્ષેત્રમાં સ્નાતક સાથેનો અનુભવ |
| ૫. | ટ્રાન્સપોર્ટેશન એન્ડ ઓટોમોબાઈલ ડિઝાઇન | બી.ટેક/બી.ઇ.(ઓટો મોબાઇલ)/મિકેનિકલ/મેકાટ્રોનિક/ બી.આઇ.ડિઝાઇન સ્કૂલ ઇન ઇન્ડિયા |

(૨) ટેક્ષટાઈલ એપરલ એન્ડ એસેસરીઝ ડિઝાઈન

| નંબર | અભ્યાસક્રમનું નામ | લાયકાત |
|---|---|---|
| ૧ | ટેક્ષટાઇલ ડિઝાઇન | બી.એફ.એ. એપ્લાયડ આર્ટસ, ટેક્ષટાઇલ/હેન્ડલુમ/ ટૅકનૉલૉજી/ટેક્ષટાઈલ નીટ વેર/ ફેશન ડિઝાઇન/ હોમ સાયન્સ ટેક્ષટાઇલ અને કલોથીગ સાથે |
| ૨. | એપરલ ડિઝાઇન અને મર્ચન્ડાઇઝીગ | બી.એફ.એ. એપ્લાયડ આર્ટસ, ટેક્ષટાઇલ/હેન્ડલુમ/ ટૅકનૉલૉજી/ટેક્ષટાઈલ નીટ વેર/ ફેશન ડિઝાઇન/ હોમ સાયન્સ ટેક્ષટાઇલ અને કલોથીગ સાથે |
| ૩. | લાઈફ સ્ટાઈલ એસેસરીઝ ડિઝાઇન | બી.એફ.એ. એપ્લાયડ આર્ટસ, ડિઝાઇન, બી.આર્કિ. ઇન્ટિરીયર ડિઝાઇન, એસેસરીઝ ડિઝાઇન અને સંબંધિત શાખામાં ટેક્ષટાઇલ એન્જિનિયરીગ |

(૩) કોમ્યુનિકેશન ડિઝાઈન

| નંબર | અભ્યાસક્રમનું નામ | લાયકાત |
|---|---|---|
| ૧ | ગ્રાફિક ડિઝાઇન | બી.એફ.એ., એપ્લાયડ આર્ટસ, બી.આર્કિટેક, ઇન્ટિરીયર ડિઝાઇન, ગ્રાફિક ડિઝાઇનના અનુભવ સાથે સ્નાતક |
| ૨. | એનિમેશન ફિલ્મ ડિઝાઇન | બી.એફ.એ. એપ્લાયડ આર્ટસ, ડિઝાઇન બી.આર્કિટેક, કોમ્યુનિકેશન મીડિયા, ફિલ્મ એન્ડ ટી.વી. માસ મીડિયા એનિમેશન |
| ૩. | ફિલ્મ એન્ડ વીડિયો કોમ્યુનિકેશન | હ્યુમીનીટીઝ, આર્ટસ, વિઝયુઅલ કોમ્યુનિકેશન, માસ મીડિયા અથવા કોઇ પણ શાખામાં સ્નાતક, કામના અનુભવ સાથે |

(૪) આઇ.ટી.આઇ. ઇન્ટિગ્રેટેડ ડિઝાઈન

| નંબર | અભ્યાસક્રમનું નામ | લાયકાત |
|---|---|---|
| ૧. | ન્યુ મીડિયા ડિઝાઇન | બી.એફ.એ., એપ્લાઈડ આર્ટસ, બી.ટેક, બી.આઇ.ટી., બી.આર્ક., વિઝયુઅલ કોમ્યુનિકેશન, માસ મીડિયા, બી.એસ.સી. કમ્પ્યુટર સાયન્સ, બી.સી.એ., |
| ૨. | સોફટવેર એન્ડ યુઝર ઇન્ટરફેસ ડિઝાઇન | બી.ઇ.કમ્પ્યુટર સાયન્સ, બી.એફ.એ., બી.ટેક., આઇ. ટી.એપ્લાઈડ સાયકોલોજી, એસેસરીઝ ડિઝાઇન,બી.આર્કિ., |

| | | |
|---|---|---|
| ૩. | ઈન્ફર્મેશન એન્ડ ડિજીટલ ડિઝાઇન | અને સંબંધિત કામના અનુભવ સાથે બી.ટેક./બી.આઇ.ટી./બી.ઇ./કોમ્પ્યુટર સાયન્સ, વી. આર્કિ./બી.એફ.એ./વિઝયુઅલ કોમ્યુનિકેશન/પેઇન્ટીગ/ એપ્લાઈડ આર્ટસ/બી.આઇ.ટી.બી./સી.એ./ બી.એસ.સી./ કમ્પ્યુટર સાયન્સ/સ્ટેટેસ્ટિકલ/મેથ્સ/ માસ મીડિયા/ ડોગ્નેટીવ/ સાયકોલોજી સંબંધિત કામના અનુભવ સાથે |

(૪) ઈન્ટર ડિસિપ્લીનરી ડિઝાઇન- સ્ટડીઝ ડિઝાઇન મેનેજમેન્ટ

| નંબર | અભ્યાસક્રમનું નામ | લાયકાત |
|---|---|---|
| ૧. | સ્ટેટેજીક ડિઝાઇન મેનેજમેન્ટ | ફાઇન આર્ટસ, હ્યુમેનીટીઝ સાયન્સ, કોઇ પણ સ્નાતકની ડિગ્રી અથવા ચાર વર્ષનો ડિગ્રી એન્જિનિયરીગ ટેકનૉલૉજીમાં બે વર્ષનો ડિઝાઇન કામનો અનુભવ |

● **સંસ્થાનું સરનામું નીચે મુજબ છે.**

**(1) National Institute of Design**
Paldi, Ahmedabad 380 007
Phone:+91 79 2662 9500 /2662 9600
Fax: +91 79 26621167
e-mail : academic[at]nid [dot] edu, admissions[at] nid [dot] edu, pro [at] nid [dot] edu, info[at]nid [dot]eduRickshaw fare from Ahmedabad Airport to NID: Rs 250/-

Rickshaw fare from Ahmedabad Railway Station to NID: 80/-

**(2) National Institute of Design**
GH-0, Extension Road
Nr. Infocity, Gandhinagar
Phone: +91 79 2326 5500
Fax: + 91 79 2324 4518
e-mail: pgcampus[at]nid [dot]edu
Taxi fare from Ahmedabad Airport to NID: Rs 400/-

Rickshaw fare from Ahmedabad Railway Station to NID: Rs 350/-

**(3) R & D Campus**
National Institute of Design
#12 HMT Link Road,
Off Tumkur Road
Bengaluru – 560 022
Phone: +91 80 2337 3006 / 2337 3276
Fax: + 91 80 2337 3086
e-mail: rndcampus[at]nid [dot]edu
Taxi fare from Bengaluru Airport to NID: Rs 400/-

Rickshaw fare from Bengaluru Railway Station to NID: Rs 140/

એન.આઇ.ડી.ના મુખ્ય નોકરીદાતાઓ નીચે મુજબ છે. જેઓ કેમ્પસ ઇન્ટરવ્યુ મારફતે તેમજ જુદા-જુદા ઇલેકટ્રોનિક પ્રિન્ટ મીડિયાના માધ્યમથી એન.આઇ.ડી.ના તાલીમાર્થીઓને ઉચ્ચ પગારે નોકરીએ સ્થાન આપે છે.

- Toshiba, Japan
- Cognizant Technology Solutions
- GE Healthcare
- Nalli Textiles
- Maruti Suzuki India Ltd.
- Glaxosmithkline Consumer Healthcare Ltd.
- Godrej & Boyce Mfg. Co. Ltd.
- Godrej Industries
- Titan Industries
- Tanishq
- Honda R&D (India) Pvt. Ltd.
- Honeywell Technology Solutions, Bangalore
- IBM India Research Lab



- DDB MudraGroup
- Dorling Kindersley India Pvt. Ltd.
- DSYN Media
- Eastern Silk Industries Ltd.
- Whirlpool of India Ltd.
- VIP Industries Ltd
- CS Direkt Events & Exhibitions Pvt Ltd
- Fuego Furniture
- INFOSYS Technologies Ltd.
- General Motors Design
- Mahindra & Mahindra Ltd. (Automotive Sector)
- HP Labs
- Hindustan Unilever Limited
- Logitech
- J.P.Morgan
- Microsoft Accelerator
- Microsoft India Pvt. Ltd.
- Clarice Technologies
- LG Electronics India Pvt. Ltd.
- Myntra
- TI Cycles of India
- Nokia Research India
- Oracle
- Samsung Design, Delhi
- SAP Labs India Pvt. Ltd.
- Tata Consultancy Services
- Tata Elxsi Ltd
- Abhranta Concepts
- HeyMath!
- MediaShala
- MEROFORM INDIA PVT. LTD.
- Pathways World School
- NDS Services pay TV Technology pvt. Ltd.
- Nokia India Pvt. Ltd.
- Trident Limited
- Renault India Pvt. Ltd.
- Samsung India Software Operations
- Tata Interactive Systems
- TATA Technologies
- The Unisource Group
- Tractors & Farm Equipment Limited (TAFE)
- Weavetex Overseas
- Welspun
- ebay
- Xische & Co
- Zomato.com
- Taali Media Ltd
- Restore Solutions
- Rezonant Design Services Pvt Ltd
- Mindtree
- Rangoli
- Moonraft Innovation Labs Pvt. Ltd.
- arttdinox - Jindal
- Ashok Leyland
- Bharat Silks
- Citrix R&D India Pvt.Ltd
- EM Business Labs
- Adig Studio / RDG India
- Connect Creative

એન.આઈ.ડી.નું મુખ્ય કેમ્પસ, 'નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ડિઝાઈન' પાલડી મ્યઝિયમ, અમદાવાદ ખાતે આવેલું છે. વધુ વિગત વેબસાઈટ : www.nid-edu પરથી મેળવી શકાશે.

---

રોજગાર અધિકારી,
આણંદ જિલ્લા રોજગાર કચેરી,
આણંદ.



# ૧૧ 'સેપ્ટ'ના અભ્યાસક્રમો

*– એસ. આર. વિજયવર્ગીય*

CEPTએ સાયન્સના વિદ્યાર્થીઓ માટે કારકિર્દી ઘડતરમાં મહત્ત્વની સંસ્થા છે. 'સેન્ટર ફોર એન્વાર્યમેન્ટલ પ્લાનિંગ એન્ડ ટૅકનૉલૉજી' (CEPT)ની ઓળખ સમગ્ર વિશ્વમાં પ્રસરાયેલી છે. 'સેપ્ટમાં એડમિશન મળે એટલે સર્વોત્તમ કારકીર્દી'ની ગેરંટી. જુદી-જુદી અગિયાર પ્રકારની ફેકલ્ટીઓમાં કારકિર્દીને સુર્યની જેમ દૈદિપ્યમાન બનાવનાર કોર્સ ઓફર કરવામાં આવે છે. ધોરણ-૧૨માં સાયન્સમાં ટકાવારી ઊંચી હોય તો સેપ્ટમાં પ્રવેશપાત્ર બની શકાય છે.

ચાલો સેપ્ટની જુદી-જુદી ફેકલ્ટીઓની જાણકારી મેળવીએ.

1) Faculty of Technology.
2) Faculty of Design.
3) Faculty of Arts & Humanities.
4) Faculty of Rural & Development Studies.
5) Faculty of Geomatics & Space Application.
6) Faculty of Infrastructure Systems.
7) Faculty of Architechture.
8) Faculty of Planning and Public Policy.
9) Faculty of Technology Management.
10) Faculty of Sustainable Environment & Climate Change.
11) Faculty of Doctoral Studies.

પ્રવેશ મેળવવા માટે સૌથી પહેલું કાર્ય ફોર્મ મેળવવાનું છે. પ્રવેશ ફોર્મ મેળવી CEPTની વેબસાઇટ www.ceptindia.org ઉપરથી ડાઉનલોડ કરીને વિગતો ભરીને નીચે દર્શાવેલા સરનામે મોકલવાનું રહે છે.

સેન્ટર ફોર એન્વાર્યમેન્ટ પ્લાનિંગ એન્ડ ટેકનોલોજી (સેપ્ટ) યુનિવર્સિટી, યુનિવર્સિટી રોડ, નવરંગપુરા, ગુજરાત યુનિવર્સિટી સામે અમદાવાદ- ૩૮૦૦૦૯.

ધોરણ-૧૨ના રિઝલ્ટ પછી સામાન્ય રીતે અખબારોમાં જાહેરાત આપવામાં આવે છે. મે માસમાં પરિણામ આવ્યા ના ચાર દિવસ બાદ જાહેરાત વેબસાઈટ ઉપર તેમજ અગ્રગણ્ય અખબારોમાં વાંચી શકાય છે. જેમાં અરજી કરવાની છેલ્લી તારીખ સુધીમાં પ્રવેશ ફોર્મ ભરીને આપવાનું રહે છે.

ગુજરાતના યુવાનો માટે કેટલીક બેઠકો અનામત રખાય છે. ગુજરાતના વિધાર્થીઓ માટે કન્સ્ટ્રકશન ટૅકનૉલૉજી,ઇન્ટિરીયર ડિઝાઇનના કોર્સમાં ગુજરાત એચ.એસ.સી. બોર્ડના વિધાર્થીઓ માટે ઉપલબ્ધ ૩૦ બેઠકો પૈકી ૨૨ બેઠકો અનામત રાખવામાં આવે છે. આર્કિટેકચરમાં ૪૦ બેઠકોમાંથી ૩૦ બેઠકો ગુજરાતના યુવાનો માટે અનામત છે. ગુજરાતનું યુવાધન બુધ્ધિશાળી છે. ગુજરાતમાં સમૃધ્ધિ છે અને વિકાસ એક માત્ર ધ્યેય છે. તેથી ગુજરાતીઓ પ્રવેશ મેળવી સફળતા મેળવે છે.

ગ્રેજયુએટ લેવલના અભ્યાસક્રમો વિશે માહિતી નીચે મુજબ છે. ટૅકનૉલૉજીના યુગમાં ઝડપથી બદલાતા સમીકરણો અને પ્રગતિના યુગમાં એડવાન્સ આયોજન અગત્યનું છે. ધોરણ-૧૨ સાયન્સ ઉત્તિર્ણ કરનાર ઉમેદવારો માટે પાંચ વર્ષના સમયગાળાના ગ્રેજયુએટ કક્ષાના ખૂબ જ ઉત્તમ કોર્સિસ છે.

### (૧) "Bachelor of Planning"

ગ્રેજયુએટ અને પોસ્ટ ગ્રેજયુએટ કક્ષાના બેચલર ઓફ પ્લાનિંગમાં પ્રવેશ મેળવવા માટે સેપ્ટ યુનિવર્સિટીની પ્લાનિંગ એપ્ટિટ્યૂડ ટેસ્ટ જેને PAT કહેવામાં આવે છે. તે ઉત્તીર્ણ કરવી જરૂરી છે. PATની પરીક્ષામાં કરન્ટ અફેર્સ ઈંગ્લિશ રીડીગ એન્ડ કોમ્પ્રિહેન્શન, ઈંગ્લિશ રાઈટીગ તેમજ ડ્રોઈંગ એન્ડ ક્રીએશન, એનાલિટીકલ સ્કીલ, લોજીકલ રીઝનીગ જેવા વિવિધ પ્રકારના પ્રશ્નો પુછવામાં આવે છે. આ પરીક્ષા ઉત્તિર્ણ કર્યાના ૫૦ ટકા અને એચ. એસ.સી.ના ૫૦ ટકા ના આધારે મેરિટ લિસ્ટ તૈયાર કરીને પ્રવેશ આપવામાં આવે છે. હોંશિયાર યુવાનોની પસંદગી થવાનો ચાન્સ ચોક્કસ રહેલો છે.

### (૨) " Bachelor of Interior Design"

સેપ્ટનો સૌથી મહત્વનો બીજો કોર્સ છે. ઇન્ટિરીયર ડિઝાઇન. ધોરણ-૧૨ સાયન્સ ઉત્તિર્ણ યુવાનો માટે શ્રેષ્ઠ કોર્સ છે. મહિલાઓ માટે આ કોર્સ ઉપયોગી છે. નારીને ડિઝાઇન, ડેકોરેશન અને સુંદરતામાં ખૂબ જ રસ હોય છે. આવી સુંદર કારકિર્દીમાં ઇચ્છા ધરાવતી યુવતીઓ માટે ઈન્ટિરીયર ડિઝાઇનનો કોર્સ વિદેશાગમન અને આર્થિક ઉપાર્જન માટે સર્વોત્તમ છે. આ કોર્સમાં પ્રવેશ મેળવવા



CAPT દ્વારા આયોજીત પ્રવેશ પરીક્ષા આપવી પડે છે. એચ.એસ.સી. ના માર્ક્સ અને પ્રવેશ પરીક્ષાના માર્કસનું સંયુકત મિશ્રણ કરી મેરિટ બનાવાય છે. અને પ્રવેશ આપ વામાં આવે છે.

**(૩) Bachelor of Civil Construction Technology**

CEPT યુનિવર્સિટીની PAT પરીક્ષાના ૬૦% માર્કસ અને એચ.એસ.સી.ના ૪૦% માર્કસના આધારે સિવિલ કન્સ્ટ્રકશન ટૅકનૉલૉજી શાખામાં પ્રવેશ મળે છે. સેપ્ટની પ્રવેશ પરીક્ષા પૂર્ણ ઉત્તિર્ણ કરવાથી પ્રવેશ સરળ બની શકે. તેથી ધોરણ-૧૨ ની પરીક્ષા પૂર્ણ થયા બાદ જ સેપ્ટની પ્રવેશ પરીક્ષાની તૈયારી શરૂ કરી દેવી હિતાવહ છે. કન્સ્ટ્રકશન ક્ષેત્રે ગુજરાતમાં ખૂબ જ વિપુલ પ્રમાણમાં અવસર છે. કન્સ્ટ્રકશન ક્ષેત્રે રોજગારી સુરજ, ચાંદ રહે ત્યાં સુધી રહેવાની છે. કન્સ્ટ્રકશન ટૅકનૉલૉજી સાથે બેચલર થયેલ યુવાન યુવતીઓ કયારેય બેરોજગાર જોવા નહિ મળે છેવટે સ્વરોજગાર દ્વારા પણ સાહસિક ઉધોગપતિ, બિલ્ડર કે કન્સલ્ટન્ટ કાર્ય દ્વારા આર્થિક ઉપાર્જન કરી સમાજમાં શ્રેષ્ઠ સ્થાન મેળવી શકે છે. સવેતન રોજગાર અને સ્વરોજગાર પ્રાપ્ત કરી શકાય છે.

**(૪) Bachelor of Architecture**

CEPTની આર્કિટેકચરની ડિગ્રી ઉત્તમ છે. CEPTની ડિગ્રીમાં પ્રવેશ મેળવ્યા NATAની પરીક્ષામાં પાસ થવું પડે છે. NATAની ટેસ્ટ માટે એપ્રિલ અથવા મે મહિનામાં જાહેરાત પ્રસિદ્ધ થાય છે અને પ્રવેશ ફોર્મ ભરેલ ઉમેદવારોની જુન-જુલાઈમાં પરીક્ષા લેવાય છે.

**(૫) સેપ્ટ ગ્રેજ્યુએટ થયા પછી :**

પોસ્ટ ગ્રેજ્યેટ (માસ્ટર ડિગ્રી) અભ્યાસ માટે વેલી એમ.આઈ.ટી. અને યુ.એસ.એ.ની ટોપ ટેન યુનિવર્સિટીઓમાં એડમિશન લઈ શકાય છે. CEPT સ્ટુડન્ટ માટે સ્કોલરશીપની જોગવાઈ સાથે એડમિશન મળી શકે છે. ભણવાના ખર્ચને પહોંચી વળવા માટે સ્કોલરશીપ આશિર્વાદરૂપ છે.

**CEPT યુનિવર્સિટીના અનુસ્નાતક કક્ષાના કોર્સિસ નીચે મુજબ છે.**

| NO. | DEGREE | SPECIALIZATION/MAJOR |
|---|---|---|
| 1. | MASTER OF ARCHITECTURE | URBAN DESIGN |
| | | THEORY & DESIGN |
| | | ARCHITECTURE & SETTLEMENT |
| | | CONSERVATION |
| | | SUSTAINABLE ARCHITECTURE |
| 2 | MASTER OF SCIENCE IN CONSERVATION STUDIES | |
| 3. | MASTER OF LANDSCAPE ARCHITECTURE | |
| 4. | MASTER OF LANDSCAPED DESIGN | |
| 5. | MASTER OF ARTS | |
| | (ART,DESIGN AND COMMUNICATION) | |
| 6. | MASTER OF PLANNING | URBAN & REGIONAL PLANNING |
| | | HOUSING |

| | | |
|---|---|---|
| | | ENVIRONMENTAL PLANNING<br>INFRASTRUCTURE PLANNING<br>INDUSTRIAL AREA PLANNING & MANAGEMENT<br>URBAN TRANSPORT PLANNING & MANAGEMENT<br>RURAL PLANNING & MANAGEMENT |
| 7 | MASTER OF TECHNOLOGY (CLIMATE CHANGE AND SUSTAINABLE DEVELOPMENT) | |
| 8 | MASTER OF TECHNOLOGY IN CONSTRUCTION ENGINEERING & MANAGEMENT | |
| 9 | MASTER OF TECHNOLOGY IN INFRASTRUCTURE ENGINEERING DESIGN | |
| 10 | MASTER OF TECHNOLOGY IN GEOMATICS | |
| 11 | MASTER OF INTERIOR ARCHITECTURE & DESIGN | HISTORY, THEORY & CRITICISM<br>CRAFT & TECHNOLOGY<br>ENERGY EFFICIENCY |
| 12 | MASTER OF HABITAT MANAGEMENT | |
| 13 | MASTER BUSINESS ADMINISTRATIONF OF TECHNOLOGY MANAGEMENT | |

પીએચ.ડી.ના ત્રણ વર્ષના સમયગાળાના અભ્યાસ માટે પણ CEPTમાં કોર્સિસ ઉપલબ્ધ છે. CCE હેઠળ ટૂંકાગાળાના સર્ટિફિકેટ કોર્સ ઉપરાંત છ મહિનાના ડિસ્ટન્ટ લર્નીંગ અને ડિપ્લોમા કોર્સીસ કરીને ડૉક્ટરેટની ડિગ્રી મેળવી શકાય છે.



રોજગાર અધિકારી,
આણંદ જિલ્લા રોજગાર કચેરી,
આણંદ.

# ૧૨ પ્રોફેશનલ અભ્યાસક્રમો - ICWA/CA/CS

*– શ્રીમતી એસ.એચ.ડોડા*

ICWA - ઈન્ડિયન કોસ્ટ એન્ડ વર્કસ એકાઉન્ટન્ટ
CA - ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ
CS - કંપની સેક્રેટરી

ઉપરોક્ત અભ્યાસક્રમોમાંથી કોઈપણ એકમાં જોડાવવા માટે ધોરણ-૧૨ પાસ હોવું જરૂરી છે. ઉપરાંત વ્યક્તિત્વના ગુણો કેળવવા જરૂરી છે. જેમ કે એકાઉન્ટ, કોમ્પ્યુટર, લો અંગ્રેજી જેવા વિષયોમાં રસ હોવાં જરૂરી છે. વ્યક્તિને પોતાના વ્યવસાય માટેની નીતિમત્તા તથા જરૂરી નિર્ણય શક્તિ હોવા જોઈએ. કંપનીના સહકર્મચારીઓ સાથે કામ કરવાની આવડત, કૌશલ્ય, આઈ.ટી. અને આંકડાની સમજ સાથેનો ઉપયોગ કેળવવો જરૂરી છે.

● **CWA કોસ્ટ એન્ડ વર્કસ એકાઉન્ટન્સી :-**

ધી ઈન્સ્ટિટ્યૂટ ઓફ કોસ્ટ એન્ડ વકર્સ એકાઉન્ટન્સી ઓફ ઈન્ડિયા કોલકતા દ્વારા આ અભ્યાસક્રમ ચલાવવામાં આવે છે. આ અભ્યાસક્રમ ફાઉન્ડેશન ઈન્ટર મિડિયેટ અને ફાઈનલ એમ ત્રણ વિભાગમાં વહેંચવામાં આવે છે. માન્ય કોમ્પ્યુટર સંસ્થાનો ટ્રેનિંગ પ્રોગ્રામ તથા તેનું પ્રમાણપત્ર જરૂરી છે.

નીચેના કેન્દ્રો પર વિશેષ માહિતી માટે સંપર્ક સાધી શકાય.

**મુખ્ય મથક :** ધી ઈન્સ્ટિટ્યૂટ ઓફ કોસ્ટ એન્ડ વકર્સ
એકાઉન્ટન્ટસ ઓફ ઈન્ડિયા,
૧૨ સદર સ્ટ્રીટ, કોલકત્તા – ૭૦૦૦૧૬.
વેબસાઈટ : www.icwai.org

● **ગુજરાતના કેન્દ્રો :**

- ICWAI ૩૦૫, સારપ ગૂજરાત વિદ્યાપીઠ પાછળ, નવજીવન પ્રેસની સામે, આશ્રમરોડ, અમદાવાદ – ૧૩.
- ICWAI ૫૪૨, ફોનિક્ષ કોમ્પ્લેક્ષ, સુરજ પ્લાઝા પાસે, સયાજી ગંજ, વડોદરા-૩૯૦૦૦૫.
- ICWAI ૩૦૨, માધવ કોમ્પ્લેક્ષ, ડૉ. યાજ્ઞિક રોડ, રાજકોટ.
- ICWAI, C/o લખોટિયા કોમ્પ્યુટર સેન્ટર, પ્લોટ નં. ૨૫, સેકટર-૧એ, ૧લો માળ, ગાંધીધામ - ૩૭૦૨૦૧, કચ્છ.
- ICWAI બી-૨૧૦, તિરૂપતિ પ્લાઝા, કલેકટર ઓફિસ પાસે, અઠવા ગેઈટ, સુરત-૩૯૫૦૦૧.

● **CA ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ :**

આજના ગ્લોબલાઝેશનના જમાનામાં સી. એ. (ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ) નો અભ્યાસક્રમ ઝળહળતી અને મોભાદાર કારકિર્દી બક્ષતાં અતિ મહત્વનો છે. ધ ઈન્સ્ટિટયૂટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ ઓફ ઈન્ડિયા, નવી દિલ્હી દ્વારા પરીક્ષા લેવામાં આવે છે. વ્યાપારની ડિમાન્ડ રાષ્ટ્રની જરૂરિયાત તેમજ આધુનિક માંગ મુજબ સી.એ. ના કોર્સની ટ્રેનિંગ, સ્કીમ અને શિક્ષણ વિષયક સમયાંતરે સંસ્થા તેમાં ફેરફાર કરી નવીનીકરણ કરે છે. સામાન્ય રીતે વાણિજયમાં રસ ધરાવનાર વિદ્યાર્થી આ કોર્સ કરી શકે છે.

ધોરણ-૧૦ પાસ, ધોરણ-૧૨ પાસ અને સ્નાતક થયા બાદ આ અભ્યાસક્રમ થઈ શકે છે. CPT કોમન પ્રોફિસિયન્સી ટેસ્ટ ધોરણ-૧૦ પાસ CPT માટે રજીસ્ટ્રેશન કરાવી શકે છે. ધોરણ-૧૨ની પરીક્ષામાં બેઠા હોય તેઓ CPT આપી શકે. સ્નાતક તથા ધોરણ-૧૨ પછી જોડાનાર માટે CPT ફરજિયાત છે. CPT પાસ થયા પછી PCC પ્રોફિસિયન્સી કોમ્પિટન્ટ કોર્સ માટેના તબક્કો શરૂ થાય છે. આ કોર્સ દરમિયાન આર્ટિકલ ટ્રેનિંગ તથા ઈન્ફર્મેશન ટેક્નોલોજી કોર્સની પ્રેક્ટિસ કરવાની રહે છે. આ કોર્સ પૂરો કર્યા બાદ PCCની પરીક્ષા આપી શકાય છે. PCC પાસ કર્યા પછી સી.એ. ફાઈનાન્સ પરીક્ષા આપવાની હોય છે. જેમાં ફાઈનાન્સિયલ ઑડિટીંગ, રીપોર્ટીંગ, પ્રોફેશનલ એથિક્સ, કલેકશન કોર્પોરેટ તેમજ સિસ્ટમ કન્ટ્રોલ સ્ટ્રેટેઝીંક ફાઈનાન્સ અને એડવાન્સ મેનેજમેન્ટ એકાઉન્ટન્સીનો સમાવેશ થાય છે. ફાઈનલ પરીક્ષા પાસ કર્યા બાદ કોર્સ પુરો કર્યો ગણાય. ત્યાર પછી મેમ્બરશીપ માટે એનરોલમેન્ટ કરાવી શકાય છે.

● **સી.પી.ટી પરીક્ષા માટે ગુજરાતના ઓરલ કોચીંગ કેન્દ્રો નીચે મુજબ છે :**

(૧) સી.પી. પટેલ એન્ડ એફ.એચ.શાહ કોમર્સ કોલેજ, ભાલેજ રોડ, આણંદ-૩૮૮૦૦૧.
(૨) આર.જે. તીવ્રવાલ કોમર્સ કોલેજ, એલ.જે. ઈન્સ્ટિટયૂટ ફ પ્રોફેશનલ એજ્યુકેશન, એલ.જે. કોલેજ કેમ્પસ, વસ્ત્રાપુર, અમદાવાદ-૧૫.

(૩) એચ.એલ.સેન્ટર ફોર પ્રોફેશનલ એજ્યુકેશન HLCPE એચ.એલ. કોલેજ કેમ્પસ, યુનિવર્સિટી રોડ, નવરંગપુરા, અમદાવાદ-૧૫.

(૪) પ્રિન્સીપાલ એમ.સી. શાહ કોમર્સ કોલેજ, નવગુજરાત કેમ્પસ, આશ્રમરોડ, અમદાવાદ – ૧૪.

(૫) લેઈટ મીનાબેન જયંતિલાલ કુંડલિયા મહિલા કોમર્સ કોલેજ, જૈન દેરાસર સામે, રાજકોટ – ૩૩૦૦૦૧.

(૬) સુરત પીપલ્સ બેંક વાણિજય વિદ્યાભવન, સર કે.પી. કોમર્સ કોલેજ, જવાહરલાલ નહેરૂ માર્ગ, આઠવા લાઈન્સ, સુરત – ૩૯૫૦૦૧.

(૭) બરોડા બ્રાન્ચ WIRE ઓફ ધ ICAI 2/B, રામકૃષ્ણ ચેમ્બર્સ, પ્રોડક્ટિવીટી રોડ, વડોદરા – ૩૯૦૦૦૭.

(૮) અમદાવાદ બ્રાન્ચ ઓફ WIRE ધ ICAI, ICAI ભવન, ૧૨૩, સરદાર પટેલ કોલોની, ઉસ્માનપુરા, અન્ડરબ્રિજ પાસે, નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૧૪.

આ અંગે મુંબઈ, કાનપુર, કોલકતા, ચેન્નઈ અને નવી દિલ્હી પાસે પ્રાદેશિક સલાહ કેન્દ્રો છે તથા તેની શાખાઓ પણ છે. ગુજરાતમાં અમદાવાદમાં ૧૨૩, સરદાર પટેલ કોલોની, સ્ટેડિયમ રોડ, અમદાવાદ-૧૪ તથા બરોડા બ્રાન્ચ WIRE ઓફ ધ ICAI ૨-બી, રામકૃષ્ણ ચેમ્બર્સ, પ્રોડક્ટિવિટી રોડ, વડોદરા-૩૯૦૦૦૭માં તેની શાખાઓ છે. આ અંગે વધુ માહિતી માટે વેસ્ટર્ન ઈન્ડિયા રીજીયોનલ કાઉન્સિલ ઓફ ધ ઈન્સ્ટિટયૂટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટસ ઓફ ઈન્ડિયા, ICAI ભવન, અનોષક ૨૭ હક પરેડ કોલાબા પોસ્ટ ઓફિસ-૬૦૮૧૪૦૦ મુંબઈ – ૪૦૦૦૦૬ નો સંપર્ક સાધી શકાય.

વેબસાઈટ : http://www.icai.org

- **CA કંપની સેક્રેટરી :**

આ અભ્યાસક્રમ ધી ઈન્સ્ટિટયૂટ ઓફ ઈન્ડિયા, નવી દિલ્હી દ્વારા ચલાવવામાં આવે છે. તે પોસ્ટલ ટ્યુશન દ્વારા થતો એક્ષ્ટર્નલ પ્રકારનો કોર્સ છે. આ સંસ્થાના અનુસાંગિક સેન્ટરો દેશભરમાં આવેલા છે. આ અભ્યાસક્રમ ત્રણ તબક્કામાં થાય છે. ફાઉન્ડેશન, ઈન્ટર, મિડિયેટ અને ફાઈનલ. ફાઈન આર્ટસ સિવાય કોઈપણ પ્રવાહમાં ધોરણ-૧૨ પાસ થયેલ ફાઉન્ડેશનની પરીક્ષા આપી શકે છે. ત્યારબાદ ડાયરેકટર ઈન્ટર મિડિયેટમાં પ્રવેશ મેળવી શકેછે. જયારે બી.એ.બી.કોમ, બી.બી.એ, બી.એસ.સી. થયેલા ઈન્ટર મિડિયેટમાં પ્રવેશ મેળવી શકે છે.

કોઈપણ કંપની સરકારના નીતિનિયમ પ્રમાણે ચાલે છે કે કેમ ? તે સી.એ. નક્કી કરે છે. કાયદાના પુસ્તકો વાંચવા ગમે તે આ કોર્સ સારી રીતે કરી શકે છે. બોર્ડ ઓફ ડિરેકટર અને કંપની સેક્રેટરી કંપનીના હિતો અને અસ્તિત્વનું રક્ષણ કરે છે. બે કરોડ કરતાં વધારે શેરમૂડી ધરાવતી કોઈપણ કંપનીમાં સી.એસનું પોસ્ટીંગ ફરજીયાત છે. તે કોર્પોરેટ પ્લાનર અને સ્ટ્રેટેજીક મેનેજરની ભૂમિકા ભજવે છે. વાણિજયના વિદ્યાર્થીઓ માટેનો આ કોર્સ છે. સી.એસ.ની ડિગ્રી પ્રાપ્ત કરનારને ખાનગી અને જાહેર ક્ષેત્રની કંપનીમાં આસિસ્ટન્ટ કંપની સેક્રેટરી કે કંપની સેક્રેટરી કે ડેપ્યુટી જનરલ મેનેજરના હોદામાં નોકરી મળે છે.

- **સંપર્ક સરનામું :**

- ધ ઈન્સ્ટિટયૂટ ઓફ કંપની સેક્રેટરીઝડ ઓફ ઈન્ડિયા, આઈ.સી.એસ.આઈ.હાઉસ, ૨૨, ઈન્સ્ટિટયૂશનલ એરિયા, લોદી રોડ, ન્યુ દિલ્હી -૧૧૦૦૦૦, ઈમેઈલ : info@iccsi.indi.com

**મુંબઈ રીજીયોનલ ઓફિસનું સરનામું**

- વેસ્ટર્ન ઈન્ડિયા રીજીયોનલ કાઉન્સિલ, ધ કંપની સેક્રેટરીઝ ઓફ ઈન્ડિયા લિમિટેડ, નં. ૦૩, જોલી મેકર ચેમ્બર્સ, નં-૨, નરીમાન પોઈન્ટ, મુંબઈ-૪૦૦૦૨૧. ઈમેઈલ : wircicsi@bom5.vsnl.net.in

- **ગુજરાતમાં નીચેના સંપર્ક સરનામેથી વધુ જાણકારી મળી શકે :**

- કંપની સેક્રેટરી ટ્રેનિંગ સેન્ટર, નિયામક, માણેકલાલ નાણાવટી કોલેજ કેમ્પસ, લાલદરવાજા, અમદાવાદ – ૩૮૦૦૦૧.
- ચીનુભાઈ ટાવર્સ, હેન્ડલૂમ હાઉસ સામે, આશ્રમરોડ, અમદાવાદ.
- સેન્ટર ઓફ વેસ્ટર્ન ઈન્ડિયા, રીજીયોનલ સેન્ટર ઓફિસ નં.૧, ઓફટેલ ટાવર, બીજો માળ, આર.સી.દત્ત રોડ, વડોદરા.
- બી-૨૦૧, તિરૂપતિ પ્લાઝા, કલેકટર ઓફિસની બાજુમાં, અઠવા ગેટ, સુરત-૩૯૫૦૦૧.

મદદનીશ,
વ્યવસાયી માર્ગદર્શન સંસ્થા,
સરકારી કન્યા શાળાના મકાનમાં,
રાયખડ, અમદાવાદ - ૩૮૦૦૦૧.

# ૧૩ ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટી

*– ડૉ. ડોલી જબ્બલ*

ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટીની સ્થાપના ગુજરાત સરકારના વર્ષ ૨૦૦૩ના વિધેયક દ્વારા કરવામાં આવી છે. આ યુનિવર્સિટી ગ્રાંટ્સ કમિશન અને બાર કાઉન્સિલ ઑફ ઈન્ડિયાની માન્યતા ધરાવે છે તથા એસોસિએશન ઑફ ઈન્ડિયન યુનિવર્સિટીઝનું કાયમી સભ્યપદ ધરાવે છે. રાજ્ય સરકાર દ્વારા વિશ્વકક્ષાની યુનિવર્સિટી બનાવવાના હેતુથી ફાળવવામાં આવેલ ૫૦ એકર જમીન તથા ₹ ૧૯૦ કરોડની ગ્રાંટની મદદથી યુનિવર્સિટી સંકુલની સ્થાપના કરવામાં આવી છે.

જીએનએલયુ. ભારતની પ્રથમ અને એકમાત્ર યુનિવર્સિટી છે જેમાં બી.એ., એલએલ.બી., બી.કોમ., એલએલ.બી., બી.એસ.સી. એલએલ.બી. બીબીએ, એલએલ.બી. તથા બી.એસ.ડબલ્યુ એલએલ.બી. જેવી શાળાઓ માટે એલએલ.બી. (ઓનર્સ) અભ્યાસક્રમ ચાલતો હોય. આ યુનિવર્સિટીમાં પ્રવેશ ધો. ૧૨ પાસ કર્યા બાદ લેવામાં આવતી કોમન લૉ એડમિશન ટેસ્ટ (CLAT) ના મેરીટના આધારે પ્રાપ્ત કરી શખાય છે. એલએલ.બી. ઉપરાંત અહીં એલએલ.એમ. (રેગ્યુલર તથા વ્યાવસાયિકો માટે), પીએચ.ડી. માટેના ડિગ્રી અભ્યાસક્રમો તથા કાયદા ક્ષેત્ર સાથે પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે સંકળાતા ડિપ્લોમા અને સર્ટિફીકેટ અભ્યાસક્રમો પણ ચલાવવામાં આવે છે.

જીએનએલયુ એક નિવાસી પ્રકારની યુનિવર્સિટી હોવાના કારણે વિદ્યાર્થીએ યુનિવર્સિટીની હોસ્ટેલમાં રહી અભ્યાસ કરવો ફરજિયાત છે. અહીં વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત શિક્ષણ ઉપરાંત, જુદા જુદા ન્યાયાલયો, કાયદા પેઢીઓ, સરકારી વિભાગો, જાહેર તથા ખાનગી સાહસોમાં ઈન્ટર્નશીપ માટે વ્યવસ્થા ઉપલબ્ધ છે.

જીએનએલયુના વિદ્યાર્થીઓમાં સંશોધન ક્ષમતાનો વિકાસ થાય તે હેતુથી રીસર્ચ બેઝ્ડ ટીચીંગ યુનિવર્સિટીનો સંદર્ભ સ્વીકારવામાં આવ્યો છે. પરિણામે અભ્યાસક્રમ તૈયાર કરવાથી લઈ પદવી પ્રાપ્ત કરવા સુધીમાં આવતા દરેક તબક્કે અધ્યાપકો અને વિદ્યાર્થીઓમાં સંશોધનની ભાવના વિકસીત થાય તથા આધુનિકતમ માહિતીથી વાકેફ રહી શકાય.

યુનિવર્સિટીના શૈક્ષણિક લક્ષ્યાંકો સિદ્ધ કરવા માટે ૬૦ જેટલા તજજ્ઞ શિક્ષકો, વિષય નિષ્ણાતો, સંશોધન સહાયકો, મુલાકાતી અધ્યાપકો નિયુક્ત કરવામાં આવ્યા છે. આ ઉપરાંત સમયાંતરે સુપ્રિમકોર્ટ, હાઈકોર્ટના માનનીય ન્યાયમૂર્તિઓ, પ્રખ્યાત ધારાશાસ્ત્રીઓ, શિક્ષણવિદો તથા અગ્રણી ખાનગી અને જાહેર સાહસોના ચાવીરૂપ અધિકારીશ્રીઓના વિશિષ્ટ વ્યાખ્યાન આયોજિત કરવામાં આવે છે.

અહીં પ્રતિવર્ષ આશરે રૂ. એક કરોડનો ખર્ચ શિષ્યવૃત્તિ, સ્ટુડન્ટ એક્સચેન્જ, ફોરેન લેકચર્સ, રીસર્ચ પબ્લિકેશન જેવી સંશોધનલક્ષી પ્રવૃત્તિઓ માટે કરવામાં આવે છે.

જીએનએલયુ સંકુલમાં અદ્યતન લાયબ્રેરી, લેન્ગવેજ લેબોરેટરી, કોમ્પ્યુટર લેબ, હાઈસ્પીડ ઈન્ટરનેટ જેવી સહશૈક્ષણિક સુવિધાઓ તથા રમતગમત, વ્યક્તિત્વ વિકાસ તાલીમ, શૈક્ષણિક પ્રવાસ, સાંસ્કૃતિક કાર્યક્રમો જેવી શિક્ષણેતર પ્રવૃત્તિઓ પણ સમયાંતરે આયોજિત કરવામાં આવે છે.

યુનિવર્સિડટીએ ૧૩ જેટલી આંતરરાષ્ટ્રીય યુનિવર્સિટી સાથે એમ.ઓ.યુ. કર્યા છે જે અંતર્ગત સ્ટુડન્ટ એક્સચેન્જ કાર્યક્રમ અન્વયે વિદ્યાર્થીઓને આંતરરાષ્ટ્રીય સ્તરનું શિક્ષણ ઉપલબ્ધ કરાવવામાં આવે છે. જીએનએલયુના સ્નાતકોને રોજગાર સહાય પૂરી પાડવા માટે અલાયદો પ્લેસમેન્ટ વિભાગ પણ કાર્યરત છે.

**વધુ માહિતી માટે સંપર્ક :**

ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટી
અટ્ટાલિકા એવન્યુ, નોલેજ કોરીડોર, કોબા, ગાંધીનગર, ગુજરાત-૩૮૨૦૦૭
ફોન : ૦૭૯-૨૩૨૭૬૬૧૧/૧૨ ફેક્સ : ૦૭૯-૨૩૨૭૬૬૧૩
વેબ : www.gnlu.ac.in ઈમેલ : contact@gnlu.ac.in

રજિસ્ટ્રાર, ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટી,
કોબા, ગાંધીનગર

# ૧૪ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી

*– શ્રીમતી એસ.એચ.ડોડા*

**ફોરેન્સિક સાયન્સ**

● **ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી :-**

યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશન UGC દ્વારા માન્યતા પ્રાપ્ત કરી જુલાઈ-૨૦૦૯ થી ગુજરાત સરકારે ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટીની સ્થાપના કરી છે. આ યુનિવર્સિટી ગાંધીનગરમાં સેકટર-૧૮ માં પોલીસ ભવનની પાસે આવેલી છે. જેમાં બેચલર ડિગ્રી પછીના માસ્ટર ડિગ્રી અને પોસ્ટ ગ્રેજ્યુએશન ડિપ્લોમાં અભ્યાસક્રમો ચાલે છે. Education Through Investigation તપાસ દ્વારા શિક્ષણ આપવાનું મિશન લઈ શરૂ થયેલી ગુજરાત ફોરેન્સિક સાયન્સિઝ યુનિવર્સિટી વિશ્વની સૌ પ્રથમ અને એક માત્ર ફોરેન્સિક સાયન્સના ક્ષેત્રની યુનિવર્સિટી છે.

● **ફોરેન્સિક સાયન્સનું ક્ષેત્ર :-**

ફોરેન્સિક સાયન્સ અને ઈન્વેસ્ટિગેટીવ સાયન્સના ક્ષેત્રમાં સૌથી શ્રેષ્ઠ અભ્યાસક્રમો આપવાનું સ્વપ્ન લઈ ગુજરાત ફોરેન્સિક સાયન્સિઝ યુનિવર્સિટી શરૂ કરવામાં આવેલ છે. અપરાધ એક જુદી જ દુનિયા છે. ક્રિમિનલ મગજ ધરાવતા માણસો નવા નવા વિચારોનો ઉપયોગ ગુનાઓમાં કરે છે. અપરાધ અને અપરાધી ની શોધ કરવા માટે ફોરેન્સિક સાયન્સ અને ઈન્વેસ્ટિગેટીવ સાયન્સનો ઉપયોગ કરવામાં આવે છે. ફિંગર પ્રિન્ટ, વાળ, નખ, લોહીની તપાસ, લાઈવ ડિટેકટર, નાર્કોટેસ્ટ જેવી તપાસ ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીમાં થાય છે. આધુનિક વિજ્ઞાને આવા અનેક અનેક ટેસ્ટની શોધ કરી છે. ગુજરાતની ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી ભારતભરમાં શ્રેષ્ઠ ગણાય છે અને આ અંગેના અભ્યાસ માટે અલગ જ યુનિવર્સિટી બનાવી ગુજરાતે વિશ્વને એક નવો માર્ગ બતાવ્યો છે.

● **યુનિવર્સિટીની ત્રણ કોલેજો :-**

ગુજરાત ફોરેન્સિક યુનિવર્સિટીની ત્રણ મુખ્ય ફેકલ્ટી છે.

(૧) ઈન્સ્ટિટયૂટ ઓફ ફોરેન્સિક સાયન્સ

(૨) ઈન્સ્ટિટયૂટ ઓફ બિહેવીઅર સાયન્સ

(૩) ઈન્સ્ટિટયૂટ ઓફ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ.

ઉપરોક્ત ત્રણે ઈન્સ્ટિટયૂટ યુનિવર્સિટીના કેમ્પસમાં જ ચાલે છે.

● **બેચલર ડિગ્રી પછીના કોર્સ :**

ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટીમાં બેચલર ડિગ્રી પછીના અભ્યાસક્રમો ચાલે છે.

(૧) એમ.ફિલ. અને એમ.એસ. જેવા બે વર્ષના ફુલ ટાઈમ કોર્સ.

(૨) એક વર્ષની મુદતના પી.જી. ડિપ્લોમાં કોર્સ

(૩) છ મહિનાની મુદતના પ્રોફેશનલ સર્ટિફીકેટ કોર્સ.

● **ફોરન્સિક સાયન્સ કોલેજ :-**

ફોરેન્સિક સાયન્સ અને તેની સાથે જોડાયેલા સબસીડરી સાયન્સના અભ્યાસક્રમો ચલાવવા ઈન્સ્ટિટયૂટ ઓફ ફોરેન્સિક સાયન્સ શરૂ કરવામાં આવેલ છે. ઈન્વેસ્ટિગેશનના ક્ષેત્રમાં નિષ્ણાંત યુવકો તૈયાર કરવાનું કામ આ કોલેજ કરે છે. જે ગુના શોધનના કાર્યમાં દેશને મદદરૂપ થશે. આંતરરાષ્ટ્રીય સ્તર પર પણ આ ક્ષેત્રના નિષ્ણાંતોની સારી માંગ છે.

● **ફોરેન્સિક સાયન્સમાં એમ.એસસી :-**

સાયન્સ, મેડિસીન, એન્જિનીયરીંગ અથવા ફાર્મસીમાં બેચલર ડિગ્રી ધરાવનાર માટે બે વર્ષની મુદતનો ફુલ ટાઈમ કોર્સ M.Sc. in Forensic science આ ઈન્સ્ટિટયૂટ માં ચાલે છે. ડિગ્રી ગુજરાત ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટીની મળે છે.

(૧) ફોરેન્સિક બાયોટેકનોલોજી

(૨) ફોરેન્સિક કેમિસ્ટ્રી એન્ડ ટોકસીકોલોજી

(૩) ફોરેન્સિક ફિઝિકસ સાયન્સ.

(૪) ફોરેન્સિક ઈન્ફોર્મેશન ટેકનોલોજી.

(૫) કવેરન્ડ ડોક્યુમેન્ટસ એન્ડ ફિંગર પ્રિન્ટસ

વગેરે વિષયોમાં સ્પેશિયલાઈઝેશન આપવામાં આવે છે. આ કોર્સ સારો છે અને ફોરેન્સિક સાયન્સમાં નિષ્ણાંત બનાવે તેવાં અભ્યાસક્રમ અને ટ્રેનિંગ અહીં મળે છે. જે ચાર સેમેસ્ટર પૂર્ણ થાય છે.

● **ડિઝિટલ ફોરેન્સિકસમાં** M.S.:-

ફોરેન્સિક સાયન્સ ઈન્ફેમેશન ટેકનોલોજીના ક્ષેત્રનો કોર્સ છે. બે વર્ષનો ફુલ ટાઈમ કોર્સ છે. કોર્સ પૂર્ણ થયે એમ.એસ. ની ડિગ્રી મળે છે. ચાર સેમેસ્ટરમાં પૂર્ણ થાય છે. M.S. in Digital Forensics and Information Assurance ની

ડિગ્રી યુનિવર્સિટી આપે છે. બી.એસસી. ફિઝિક્સ અથવા કોમ્પ્યુટર સાયન્સ અથવા આઈ.ટી.કે કોમ્પ્યુટર સાયન્સમાં BE અથવા B.Tech થયેલાઓને આ કોર્સમાં પ્રવેશ મળે છે.

● **સ્પેશિયલ પી.જી. ડિપ્લોમાં કોર્સ :-**

**પી.જી. ડિપ્લોમાં ઈન**

(૧) ફિંગર પ્રિન્ટ સાયન્સ

(૨) ફોરેન્સિક એકાઉન્ટિંગ

(૩) ફોરેન્સિક ડોક્યુમેન્ટ એકઝામિનેશન

(૪) ફોરેન્સિક મેનેજમેન્ટના સ્પેશિયલ ક્ષેત્રમાં ચાર કોર્સ ચાલે છે. દરેક કોર્સ બે સેમેસ્ટરનો એક વર્ષ નો ફુલ ટાઈમ કોર્સ છે.

ફોરેન્સિક એકાઉન્ટન્સીના પી.જી. ડિપ્લોમાં કોર્સમાં કોઈપણ બેચલર ડિગ્રી ધરાવનાર ને પ્રવેશ મળે છે. બાકીના ત્રણ પી.જી. ડિપ્લોમાં કોર્સમાં પ્રવેશ માટે સાયન્સ, મેડિસિન, એન્જિનિયરીંગ અથવા ફોરેન્સિક સાયન્સના ફિંગર પ્રિન્ટ કે મેનેજમેન્ટ ના ક્ષેત્રમાં રસ ધરાવનાર માટે આ કોર્સ સારો છે.

● **બિહેવીઅર સાયન્સ કોલેજ :**

ઈન્વેસ્ટિગેશનના નિષ્ણાંત થવા માટે વ્યક્તિના માનસના-વર્તનનો અભ્યાસ ખૂબ જરૂરી બને છે. Behavioral Science આમ તો મનોવિજ્ઞાનનો વિષય છે. પરંતુ ગુનાશોધનના કામમાં અપરાધીના વર્તન વ્યવહારનું ઘણું મહત્વ છે.

● **માસ્ટર ઈન સાયકોલોજી :-**

મનોવિજ્ઞાન નો બેચલર ડિગ્રી અથવા બી. એ.અથવા બી.એસસી. કર્યા પછી આ કોર્સ માં પ્રવેશ મળે છે. ચાર સેમેસ્ટરનો બે વર્ષનો ફુલ ટાઈમનો કોર્સ છે.

(૧) કિલનિકલ સાયકોલોજી અથવા

(૨) ફોરેન્સિક સાયકોલોજીમાં સ્પેશ્યલાઈઝેશન કરી શકાય છે. બેચલર ડિગ્રી પછી માસ્ટર ડિગ્રી માં પ્રવેશ મળી શકે છે.

● **ક્લિનિકલ સાયકોલોજીમાં એમ.ફિલ :**

આજના ભાગ-દોડના ટેન્શન તણાવ ભર્યા જીવનમાં ક્લિનિકલ સાયકોલોજીના નિષ્ણાંતોની હાઈ ડિમાન્ડ ઊભી થઈ છે. આ કોર્સ ખૂબ જ સારો અને ઉપયોગી છે. અમેરિકા, કેનેડા, યુ.કે. જેવા દેશોમાં ક્લિનિકલ સાયકોલોજીના નિષ્ણાંતોની ખૂબ સારી ડિમાન્ડ છે. બે વર્ષનો ફુલ ટાઈમ એમ.ફિલ.નો કોર્સ છે. સાયકોલોજી સાથે માસ્ટર ડિગ્રી ધરાવનારને આ કોર્સ માં પ્રવેશ મળે છે.

● **ફોરેન્સિક સાયકોલોજીમાં એમ.ફિલ. :**

ક્રાઈમ (ગુનાખોરી) ક્ષેત્રમાં રસ ધરાવનાર ફોરેન્સિક સાયકોલોજીમાં એમ.ફિલ. કરી શકે છે. પ્રવેશ માટે સાયકોલોજીમાં માસ્ટર ડિગ્રી જરૂરી છે. બે વર્ષનો ફુલ ટાઈમ કોર્સ છે.

● **પી.જી. ડિપ્લોમાં કોર્સ :**

બિહેવીઅરલ સાયન્સની આ કોલેજમાં બેચલર ડિગ્રી પછી એક વર્ષની મુદ્દતના પી.જી. ડિપ્લોમા ઈન (૧) ફોરેન્સિક સાયકોલોજી (૨) ફોરેન્સિક ઈન્વેસ્ટિગેશન સાયકોલોજી અને (૩) હોસ્પિટલ મેનેજમેન્ટનો કોર્સ ચાલે છે.

● **રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટની કોલેજ :**

ફોરેન્સિક અને ઈન્વેસ્ટિગેટીવ સાયન્સમાં રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટનું મહત્વ ઘણું છે. નવા સંશોધનો થતા જ રહે છે.

● **ફોરેન્સિક ફાર્મસીમાં એમ.એસ. :**

આ કોર્સમાં પ્રવેશ મેળવવા માટે બી.ફાર્મની ડિગ્રી હોવી જોઈએ. બે વર્ષનો ફુલ ટાઈમ કોર્સ છે. આ કોર્સ એમ.ફાર્મ જેવો જ છે પણ એમાં ફોરેન્સિક ફાર્મસી પર વધારે ભાર મુકેલ છે.

(૧) કવોલિટી એસ્યોરન્સ એન્ડ ફાર્માસ્યુટિકલ એનાલિસિસ



(૨) રેગ્યુલેટરી અફેર્સ એન્ડ મેનેજમેન્ટ
(૩) નેનો ડ્રગ ડિલિવરી સિસ્ટમ
(૪) ફાર્મોકોલોજી એન્ડ ટોકિસકોલોજી
(૫) Pharmacokinetics and Clinical Pharmacy જેવા વિષયોમાં સ્પેશ્યાલાઈઝેશન કરી શકાય છે.

● **ફોરેન્સિક નેનો ટેકનોલોજીમાં એમ.એસ. :** સાયન્સ, મેડિસીન, એન્જિનિયરીંગ અથવા ફાર્મસીમા બેચલર ડિગ્રી પછી પ્રવેશ મળે છે. બે વર્ષનો ફુલ ટાઈમ કોર્સ છે.

● **પીએચ.ડી. ફોરેન્સિક સાયન્સમાં :** ફોરેન્સિક યુનિવર્સિટીની ઈન્સ્ટિટયૂટ ઓફ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટમાં ડૉકટરની ડિગ્રી માટે પીએચ.ડી. નો ત્રણ વર્ષનો કોર્સ છે. સાયન્સ, મેડિસીન, એન્જિનિયરીંગ એન્ડ ફાર્મસીમાં માસ્ટર ડિગ્રી ધરાવનારને પ્રવેશ મળે છે.

● **ભવિષ્યમાં શરૂ થનારા કોર્સ :** ગુજરાત ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટીમાં ચાલુ વર્ષ તેમજ આગામી વર્ષોમાં શરૂ કરવા ધારેલા કેટલાક અભ્યાસક્રમો સારા છે. ભવિષ્યમાં શરૂ થનારા કોર્સનું લિસ્ટ આ પ્રમાણે છે.

(૧) માસ્ટર ઓફ સાયન્સ એમ.એસ. ઈન હોમલેન્ડ સિક્યુરીટી
(૨) પી.જી. ડિપ્લોમા ઈન Forensic odontology બે વર્ષનો કોર્સ.
(૩) પી.જી. ડિપ્લોમા ઈન ફોરેન્સિક નર્સિંગ
(૪) પી.જી. ડિપ્લોમા ઈન હોમ લેન્ડ સિક્યુરિટી ઉપરોક્ત કોર્સ ફુલ ટાઈમ છે.

● **ઓન લાઈન કોર્સ :**

ગુજરાત ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી કેટલાક ઓન લાઈન સર્ટિફિકેટ કોર્સ શરૂ કરનાર છે.

(૧) સાયબર લો
(૨) સાયબર ક્રાઈમ ઈન્વેસ્ટિગેટર
(૩) સેલફોન ફોરેન્સિક પ્રોફેશનલ
(૪) કોમ્પ્યુટર ફોરેન્સિક એકસપર્ટ
(૫) સાઈબર સિક્યુરિટી એકસપર્ટ
(૬) ઈન્ટેલેકચ્યુઅલ પ્રોપર્ટી રાઈટ્સમાં GFSU સર્ટિફાઈડ કોર્સ શરૂ થયા છે.

આ દરેક સર્ટિફિકેટ કોર્સ ઓનલાઈન કોર્સ છે. દરેકની મુદ્દત ૬ માસ (છ) ની છે. વ્યવસાય ની સાથે સાથે આ ઓનલાઈન કોર્સ કરી સાયબર ક્રાઈમનાં ક્ષેત્રમાં નિષ્ણાંત થઈ શકાય છે.

● **પ્રવેશ માટે સંપર્ક :**

ગુજરાત ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી ગાંધીનગરમાં છે. ગુજરાત સરકારના ગૃહ મંત્રાલય દ્વારા એની સ્થાપના કરવામાં આવી છે. ભારત સરકાર માન્ય સ્ટેટ યુનિવર્સિટી છે. વિશ્વમાં ગમે તે દેશ જેવા કે અમેરિકા, કેનેડા, ઓસ્ટ્રેલિયા, ઈંગ્લેન્ડ, યુરોપના દેશો સહિતમાં એની ડિગ્રી/ડિપ્લોમાં અને સર્ટિફિકેટ કોર્સ માન્ય છે. આ યુનિવર્સિટીના કોર્સ કર્યા પછી કોઈપણ દેશમાં આગળ અભ્યાસ માટે જઈ શકાય છે.

સંપર્ક સરનામું : ગુજરાત ફોરેન્સિક સાયન્સિઝ યુનિવર્સિટી, સેકટર-૧૮-એ, પોલિસ ભવન પાસે, ગાંધીનગર-૩૮૨૦૦૭. સંપર્ક ફોન નંબર : (૦૭૯) ૬૫૭૩૫૫૦૨, ૬૫૭૩૫૫૦૪, ૬૫૭૩૫૫૧૨
વેબસાઈટ : www.gfsu.edu.in

મદદનીશ,
વ્યવસાયી માર્ગદર્શન સંસ્થા,
સરકારી કન્યા શાળા ના મકાનમાં,
રાયખડ, અમદાવાદ - ૩૮૦૦૦૧.



# ૧૫ સુરક્ષા ક્ષેત્રે કારકિર્દી : રક્ષા શકિત યુનિવર્સિટી

*– પ્રજ્ઞેશ પારેખ*

રક્ષા શકિત યુનિવર્સિટી ભારતની સર્વ પ્રથમ આંતરિક સુરક્ષા યુનિવર્સિટી છે. આ યુનિવર્સિટીની સ્થાપના રાજય સરકાર ધ્વારા કરવામાં આવેલ છે. આ યુનિવર્સિટીને યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન, નવી દિલ્હી ધ્વારા માન્યતા મળેલ છે. કોઇ પણ દેશ કે રાજય માટે પોતાની આંતરિક સુરક્ષાનું મહત્વ ખૂબ ઊંચું છે. વિજ્ઞાનના વિકાસ સાથે આંતરિક સુરક્ષા સામે નવા પડકારો ઊભા થયેલા છે. આ ક્ષેત્રમાં માનવ સંસાધનોના વિકાસના મુખ્ય ધ્યેય સાથે રક્ષા શકિત યુનિવર્સિટીની સ્થાપના થયેલી છે. સુરક્ષાના ક્ષેત્રમાં રોજગારીની વિપુલ તકોને ધ્યાનમાં લઇ યુનિવર્સિટી ધ્વારા વ્યવસાયલક્ષી અભ્યાસક્રમો તૈયાર કરવામાં આવેલ છે. એ બાબતનું વિશેષમાં ધ્યાન રાખેલ છે કે જેને કારણે વિદ્યાર્થીનું ચોમુખી ઘડતર થાય તેમજ વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષામાં તે સફળ થઇ શકે.

● **પ્રસ્તાવના :**

સમાજમાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી, શાંતિ અને સુસંવાદિતા સુનિશ્ચિત કરવા માટે પોલીસ અને સુરક્ષા તંત્રનું અત્યંત મહત્વ છે. પોલીસ અને બીજા સુરક્ષાદળોની માંગને પહોંચી વળવા તેમજ ત્રાસવાદ, આર્થિક ગુનાઓ, સાઈબર ક્રાઈમ, સંદેશાવ્યવહારને લગતા ગુના અને ન્યાય સહાયક વિજ્ઞાનમાં તજજ્ઞતાની આવશ્યકતા ઊભી કરતા હોવ તેવા વિવિધ પ્રકારના ગુનાઓમાંથી ઉદભવતા પડકારોને પહોંચી વળવા માટે સક્ષમ, તાલીમબધ્ધ વ્યવસાયિક માનવશકિત પૂરી પાડવી એ સમયની જરૂરિયાત છે. આ હેતુથી રક્ષા શકિત યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવેલ છે.

ગુજરાતના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીએ ૨૨ જુલાઇ, ૨૦૧૦ના દિને તેનું ઉદઘાટન કર્યુ હતું. પ્રથમ શૈક્ષણિક સત્ર ૨૬ જુલાઇ ૨૦૧૦ થી આરંભાયું હતું. હાલમાં, રક્ષા શકિત યુનિવર્સિટી કેમ્પસ મેઘાણીનગર, અમદાવાદ ખાતે સ્થિત છે.

● **અભ્યાસક્રમ તેમજ અન્ય વિગતો :**

યુનિવર્સિટી ધ્વારા હાલે ૪ અભ્યાસક્રમો ચલાવવામાં આવી રહયા છે. જેની વિગત નીચે મુજબ છે.

**(૧) ડિપ્લોમા ઈન પોલીસ સાયન્સ (DIPS)**

કુલ બેઠકો-૧૫૦

સમયગાળો- ૧ વર્ષ (૨ સત્ર)

ન્યૂનતમ લાયકાત- કોઇ પણ પ્રવાહમાં ધો.૧૨ પાસ

ફી રૂ. ૨૧,૦૦૦/- (મહિલા ઉમેદવારો માટે ૫૦% કન્સેશન)

ડિપોઝિટ- રૂ. ૨,૦૦૦/-

**પ્રથમ સત્રના વિષયો :** સુરક્ષા વ્યવસ્થાપન – ૧, મૂળભૂત કાયદાઓ-૧ (ભારતીય દંડ સંહિતા, ભારતીય બંધારણ અને માનવ હક), સામાજિક વિજ્ઞાન, કમ્પ્યૂટર, ભાષા કૌશલ્ય અને વાતચીત કલા, આઉટડોર ટ્રેનિંગ-૧ છે.

**દ્વિતીય સત્રના વિષયો :** મૂળભૂત કાયદાઓ-૨ (ભારતીય પુરાવા અધિનિયમ, લઘુકાયદા,ફોજદારી કાર્યરીતિ સંહિતા), પોલીસ સંગઠન અને વ્યવસ્થા, અપરાધ શાસ્ત્ર અને ન્યાય સહાયક વિજ્ઞાન, સુરક્ષા વ્યવસ્થાપન – ૨, ઈન્ટર્નશીપ, આઉટડોર ટ્રેનિંગ-૨ છે.

**(૨) પોસ્ટ ગ્રેજયુએટ ડિપ્લોમા ઈન પોલીસ સાયન્સ (PGDIPS)**

કુલ બેઠકો- ૫૦

સમયગાળો- ૧ વર્ષ (૨ સત્ર)

ન્યુનતમ લાયકાત – કોઇ પણ પ્રવાહમાં ગ્રેજયુએટ



ફી- ₹ ૨૧,૦૦૦/- (મહિલા ઉમેદવારો માટે ૫૦ ટકા કન્સેશન)

ડિપોઝિટ- ₹ ૨,૦૦૦/-

**પ્રથમ સત્રના વિષયો :** અપરાધ શાસ્ત્ર અને ન્યાય સહાયક વિજ્ઞાન, પોલીસ સંગઠન અને સંચાલન, મૂળભૂત કાયદો-૧ (ભારતીય દંડ સહિતા, ભારતીય બંધારણ અને માનવ હક), સુરક્ષા વ્યવસ્થાપન – ૧, ભાષા કૌશલ્ય અને વાતચીત કળા, આઉટડોર ટ્રેનિંગ – ૧ છે.

**દ્વિતીય સત્રના વિષયો :** મૂળભૂત કાયદો-૨ (ભારતીય પુરાવા અધિનિયમ, લઘુકાયદા, ફોજદારી કાર્યરીતિ સંહિતા), પોલીસ સ્ટેશન વ્યવસ્થા અને ગુના નિયંત્રણ, સુરક્ષા વ્યવસ્થાપન-૨, કમ્પ્યુટર અને સાયબર ક્રાઈમ, સામાજિક વિજ્ઞાન, આઉટડોર ટ્રેનિંગ- ૨ છે.

મૂલ્યાંકનમાં ૪૦ ટકા હિસ્સો સતત સર્વગ્રાહી મૂલ્યાંકન ( Continuous Comprehensive Evaluation) નો છે.

અભ્યાસક્રમનું માધ્યમ ગુજરાતી છે.

**(૩) એમ.એ. ઈન ક્રિમિનોલોજી (M.A. in Criminology)**

કુલ બેઠકો- ૨૫

સમયગાળો – ૨ વર્ષ (૪ સત્ર)

ફી: બે વર્ષની – ₹ ૬૦,૦૦૦/- (મહિલા ઉમેદવારો માટે ૫૦ ટકા કન્સેશન)

ડિપોઝિટ- ₹ ૨,૦૦૦/-

**ન્યૂનતમ લાયકાતઃ** કોઈ પણ પ્રવાહના સ્નાતક

**પ્રથમ સત્રના વિષયો :** ક્રિમીનોલોજી, ફોજદારી કાયદો, ફોરેન્સીક સાયન્સ, પોલીસ વહીવટ, અપરાધના સિધ્ધાંતો, આંતરરાષ્ટ્રિય ભાષા.

**દ્વિતીય સત્રના વિષયો :** ફોજદારી ન્યાય અને બાળન્યાય, સંશોધન પધ્ધતિ, અપરાધ નિવારણ અને વ્યવસ્થાપન, દંડશાસ્ત્ર અને સુધારાલક્ષી વહીવટ, પીડિત વિજ્ઞાન અને પીડિત સહાયતા, માહિતી અને સંચાર ટેકનોલોજી, માહિતી સાક્ષરતા.



**તૃતીય અને ચતુર્થઃ** ગમે તે એક વિશિષ્ઠ વિષયની પસંદગી કરવાની રહેશે.

**સત્રના વિષયો :** (૧) આંતરિક સુરક્ષા વ્યવસ્થા (૨) સિવિલ સોસાયટી (૩) સામાજિક સુરક્ષા (૪) નાણાંકીય ગુનાઓ

અભ્યાસક્રમ Choice Based Credit System (CBCS) ને અનુસરે છે.

અભ્યાસક્રમનું માધ્યમ અંગ્રેજી છે.

**(૪) બી.એ.ઈન સિકયુરીટી મેનેજમેન્ટ : (BASM)**

બેઠકો – ૪૦ (અંગ્રેજી માધ્યમ) અને ૪૦ (ગુજરાતી માધ્યમ)

સમયગાળો - ૦૩ વર્ષ (૭ સત્ર)

ન્યૂનતમ લાયકાત- કોઈ પણ પ્રવાહમાં ધોરણ- ૧૨ પાસ

ફી- ₹ ૩૦,૦૦૦/- (સત્રાંત ફી ₹ ૫,૦૦૦/-) (મહિલા ઉમેદવારો માટે ૫૦%કન્સેશન)

ડિપોઝિટ- ₹ ૨૦૦૦/-

**પ્રથમ સત્રના વિષયો :** અંગ્રેજી, માનવીય મૂલ્યો તથા સમાજવિજ્ઞાનનાં મૂળભૂત સિધ્ધાંતો, ભારતીય પોલીસનો ઇતિહાસ અને તત્વજ્ઞાનનો પાયો, કાયદાનાં મૂળભૂત તત્વો, પોલીસ વિજ્ઞાનમાં માહિતી સંચાર ટેકનોલોજી, માહિતી સંચાર ટેકનોલોજીના પ્રાયોગિક પાસાઓ, વ્યકિતત્વ વિકાસ અને સોફટ સ્કીલ.

**દ્વિતીય સત્રના વિષયો :** ભારતીય દંડ સંહિતા, અપરાધ શાસ્ત્રનાં મૂળભૂત તત્વો, ન્યાયસહાયક વિજ્ઞાનનાં મૂળભૂત તત્વો-૧, પોલીસ સૂક્ષ્મ સંદેશા વ્યહાર અને ક્રાઈમ મેપીંગ, પોલીસ સંગઠન અને વહીવટ, ન્યાયસહાયક વિજ્ઞાન (પ્રાયોગિક-૧), માર્ગ સલામતી અને યાતાયાત વ્યવસ્થાપન.

**તૃતીય સત્રના વિષયો :** ભારતીય પુરાવા અધિનિયમ, સંકટ તેમજ આપત્તિ વ્યવસ્થાપનનાં મૂળભૂત તત્વો, તુલનાત્મક પોલીસ કામગીરી, સોસિયોલોજી ઓફ ડેવિયન્સ અને ગુનેગારનું માનસશાસ્ત્ર, ન્યાયસહાય ઔષધિ અને માનવ શાસ્ત્ર, ભારતીય બંધારણ, રીઝનીંગ અને ક્રીટીકલ એનાલીસીસ.

**ચોથા સત્રના વિષયો :** લઘુ કાયદાઓ, ગુના નિવારણ, તકેદારી અને ખાનગી સલામતી, સમકાલીન ગુનાઓ અને પોલીસ કામગીરી, સંરક્ષણ વિદ્યા અને

વ્યૂહાત્મક વિજ્ઞાન, ન્યાયસહાયક વિજ્ઞાનનાં મૂળભૂત તત્વો-૨, ન્યાયસહાય વિજ્ઞાન (પ્રાયોગિક-૨), સ્વાસ્થય અને તંદરસ્તી પ્રબંધન.

**પાંચમા સત્રના વિષયો :** ફોજદારી કાર્યરીતિ સંહિતા, માનવ અધિકાર, માનવ ફરજો અને વિકટીમોલોજી, પ ોલીસ કામગીરીમાં ઉદભવતા પ્રશ્નો, સાયબર ફોરેન્સિક અને સાયબર સલામતી, પરિવહન સલામતી વ્યવસ્થાપન સાયબર ફોરેન્સિક અને સાયબર સલામતી (પ્રાયોગિક), સામૂહિક પોલીસ કામગીરી.

**છઠ્ઠા સત્રના વિષયો :** ગુનાનું અન્વેષણ અને મુસદો તૈયાર કરવો, દંડ શાસ્ત્ર અને સુધારાત્મક વહીવટ, આંતરરાષ્ટ્રીય કાયદા અને પોલીસ વિજ્ઞાન, કવોન્ટેટેટિવ એપ્ટીટયુડ અને સ્ટેસ્ટિકસ, માઈનોર પ્રોજેકટ/ડિઝર્ટેશન, પર્યાવરણનો અભ્યાસ, સંશોધન પધ્ધતિ અંગેનું શાસ્ત્ર.

મૂલ્યાંકન Choice Based Credit System (CBCS) ને અનુસરે છે.

અભ્યસાક્રમનું માધ્યમ અંગ્રેજી/ગુજરાતી છે.

**● ભવિષ્યમાં શરૂ થનાર અભ્યાસક્રમો**

- માસ્ટર ઓફ આર્ટસ ઈન પોલીસ એડમિનિસ્ટ્રેશન
- માસ્ટર ઈન ઈન્ફોર્મેશન એન્ડ કોમ્યુનિકેશન સિકયુરીટી
- માસ્ટર ઈન સાયબર ફોરેન્સિક એન્ડ સાયબર સિકયુરીટી
- માસ્ટર ઈન એપ્લાઈડ સાયકોલોજી વીથ સ્પેસીલાઈઝેશન ઈન મિલેટરી સાયકોલોજી, ઈન્વેસ્ટીગેશન એન્ડ પોલીસ સાયકોલોજી
- એલએલએમ ઈન ઈન્ટરનલ સિકયુરીટી.
- પોસ્ટ ગ્રેજયુએટ ડિપ્લોમા ઈન પબ્લીક પ્રોસીકયુશન

**● પીએચ.ડી.**

- પીએચ.ડી. ઈન ઈન્વેસ્ટીગેટીવ સાયકોલોજી
- પીએચ.ડી. ફોરેન્સીક સાયન્સ
- પીએચ.ડી. બિહેવીરીઅલ સાયન્સ.

**● એમ.ફીલ.**

- M.phil ઈન પોલીસ સાયન્સ
- M.phil ઈન ક્રિમિનોલોજી એન્ડ લો
- M.phil ઈન ફોરેન્સિક સાયન્સ
- M.phil ઈન સાયબર સિકયુરીટી
- M.phil ઈન ઈન્ફોરમેશન એન્ડ ટેકનોલોજી
- M.phil ઈન ઈન્વેસ્ટીગેટીવ સાયકોલોજી
- M.phil ઈન બિહેવીરીઅલ ફોરન્સિક
- M.phil ઈન એલાઈડ સબજેકટ

**● કારકિર્દી નિર્માણની તકો :**

આ યુનિવર્સિટીમાંથી સફળતા પૂર્વક અભ્યાસક્રમ પૂર્ણ કરનાર વિદ્યાર્થીને ગુજરાત સરકાર ધ્વારા પોલીસ કોન્સ્ટેબલ, પોલીસ સબ ઈન્સ્પેકટરની ભરતીમાં નીચે દર્શાવ્યા મુજબના વધારાના ગુણ આપીને અગ્રતા આપવામાં આવે છે.

| ડિપ્લોમા/ડિગ્રી કોર્સમાં પ્રાપ્તાંક | પીએસઆઈની ભરતી પરીક્ષામાં ઉમેરવાના ગુણ | કોન્સ્ટેબલની ભરતી પરીક્ષામાં ઉમેરવાના ગુણ |
|---|---|---|
| ડિસ્ટીકશન | ૧૫ ગુણ | ૫ ગુણ |
| પ્રથમ વર્ગ | ૧૨ ગુણ | ૪ ગુણ |
| દ્વિતીય વર્ગ | ૯ ગુણ | ૩ ગુણ |
| અન્ય ઉત્તિર્ણ | ૫ ગુણ | ૨ ગુણ |

તાજેતરની ભરતી પરીક્ષામાં પોલીસ કોન્સ્ટેબલ તરીકે યુનિવર્સિટીના ૩૨ વિદ્યાર્થીઓ પસંદ પામેલ છે તેમજ ૧૦ વિદ્યાર્થીઓ પોલીસ સબ ઈન્સ્પેકટરની શારીરિક તેમજ લેખિત પરીક્ષામાં ઉત્તિર્ણ થઇ મૌખિક મુલાકાત માટે પસંદ થયેલ છે. આ ઉપરાંતમા; રક્ષા શકિત યુનિવર્સિટીના ૧૭ વિદ્યાર્થીઓ ગુજરાત ઓદ્યોગિક સુરક્ષા દળ, ૧૦ વિદ્યાર્થીઓ ટ્રાફિક બ્રિગેડ, ૨ વિદ્યાર્થીઓ આઈ.ટી.આઈ. માં ઈન્સ્ટ્રકટર, ૧ વિદ્યાર્થી એરફોર્સમાં તેમજ કેટલાક વિદ્યાર્થી પ્રાઈવેટ સિકયુરીટી એજન્સીમાં નિમણૂક પામ્યા છે.

**● હોસ્ટેલ સુવિધા :**

ગાંધીનગરના રમણીય વિસ્તારમાં ૧૦૦ વિદ્યાર્થીઓની ક્ષમતા વાળી હોસ્ટેલ આવેલ છે. જેમાં વિદ્યાર્થીઓને પરવડે તેવા દરથી પ્રવેશ આપવામાં આવે છે. આ ઉપરાંત, વ્યાજબી દરથી ભોજન સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવે છે.

● **અન્ય સુવિધા :**

- આધુનિક અને હરિયાળું પરિસર, વિદ્યાર્થીઓના ઉપયોગ માટે બસ સુવિધા
- સિક્યુરિટી, પાર્કિંગ, લોકર, આર.ઓ.પ્લાન્ટ, ભોજન સુવિધા, કન્ટ્રોલરૂમ, કેન્ટીન વગેરેથી સુસજ્જ
- વર્ગખંડઃ વાતાનુકૂલિત, એલસીડી ટીવી અને કમ્પ્યૂટર નેટવર્ક સહિત
- લાઈબ્રેરીઃ આંતરિક સુરક્ષા, અપરાધશાસ્ત્ર, ફોરેનસિક સાયન્સ, પોલીસ એડમિનિસ્ટ્રેશન, કાયદો, શારીરિક શિક્ષણ, કમ્પ્યુટર, ગુજરાતી-અંગ્રેજી સાહિત્ય અને સ્પર્ધાત્મક પરીક્ષાના ૫૩૦૦ જેટલા પુસ્તકો અને ૪૦ જેટલાં સામયિકો સોલ-ર અને કાયદાનું સોફ્ટવેર.
- વાયરલેસ- સેટ, સીસીટીવી, ડોર ફ્રેમ મેટલ ડિટેકટર અને હેન્ડ હેલ્ડ મેટલ ડિટેકટર જેવાં વિભિન્ન ઈલેક્ટ્રોનિકસ ગેઝેટસની પ્રાયોગિક તાલીમ.
- પરેડ અને સ્પોર્ટસ માટે અલગ મેદાન તેમજ યુનિવર્સિટીના પોતાના બેન્ડ સાથે પરેડ
- આસિસ્ટન્ટ ડાયરેકટર, અનુભવી ડ્રીલ ઈન્સ્ટ્રકટર અને કોચની વ્યવસ્થા.
- જીમ, ઓબ્સ્ટેકલ કોર્સ, યોગા, ટેબલ ટેનિસ, તરણ, કેરમ અને જુદી જુદી આઉટડોર રમતો.
- દર વર્ષે સ્પોર્ટસ વીક- ઉજવણી.
- વિદ્યાર્થીઓને પરેડ ડ્રીલનું પધ્ધતિસરનું પ્રાયોગિક શિક્ષણ આપવાના મુખ્ય હેતુથી યુનિવર્સિટી બેન્ડની રચના કરવામાં આવેલ છે.
- વિશેષમાં જોહર જનતાને લગ્ન, ધાર્મિક વિ. પ્રસંગો યોગ્ય ભાડાથી યુનિવર્સિટી બેન્ડની સેવાઓ પૂરી પાડવામાં આવે છે.



- સમયાંતરે સ્વાસ્થ્ય ચકાસણી કેમ્પનું આયોજન તેમજ આકસ્મિક સંજોગોમાં પોલીસ વેલ્ફેર હોસ્પિટલ, શાહીબાગ ખાતે પૂરતી સારવારની સુવિધા.
- યુનિવર્સિટીના મહેમાનો માટે યુનિવર્સિટી પરિસર પાસે યુનિવર્સિટી ગેસ્ટ હાઉસની સુવિધા.

● **યુવાનો માટે સંરક્ષણ સેવામાં જોડાવા માટેની યોજના :**

ગુજરાતના યુવાનો મહત્તમ સંખ્યામાં દેશની સંરક્ષણ સેવામાં જોડાઈ ગુજરાતની ગરિમા વધારે તે માટે આ યોજનાનો પ્રારંભ.

નિષ્ણાત અધ્યાપકો ધ્વારા સંરક્ષણ સેવાની સ્પ ર્ધાત્મક પરીક્ષામાં આવરી લેવાતા વિષયોની તૈયારી. શારીરિક પરીક્ષાની પણ સંપૂર્ણ તાલીમ.

● **વિનામૂલ્યે તાલીમ :**

આ તાલીમ સામાન્ય રીતે ઉનાળુ વેકેશનના સમયગાળામાં જે તે જિલ્લા મથકે યોજવામાં આવે છે.

● **પ્રવેશ પ્રક્રિયા :**

- પ્રવેશ-પ્રક્રિયા સામાન્ય રીતે એપ્રિલ-મે માસમાં પ્રારંભ થાય છે. તેની વિગતો વેબસાઈટ પર તેમજ સમાચાર પત્રોમાં પ્રસિધ્ધ કરવામાં આવે છે.
- એનસીસી તેમજ રમતવીર ઉમેદવારને પ્રવેશમાં અગ્રિમતા આપવમાં આવે છે.
- પ્રવેશમાં નિયમોનુસાર અનામત બેઠકોની જોગવાઇ કરવામાં આવેલ છે.
- વધારે વિગતો આસિસ્ટન્ટ રજિસ્ટ્રાર (એકેડેમીક શાખા) માંથી મેળવી શકાય છે.

**સંપર્ક વિગત :**

રક્ષા શકિત યુનિવર્સિટી

ન્યુ મેન્ટલ કોર્નર, મેઘાણીનગર, અમદાવાદ-૩૮૧૦૦૬ (ગુજરાત)

ફોનઃ (૦૭૯) ૨૨૬૮૩૬૧૭, ૨૨૬૮૩૭૬૧, ૨૨૬૮૩૬૨૪, ૨૨૬૮૪૨૨૨

ફેકસઃ (૦૭૯) ૨૨૬૮૩૭૬૨

Web: www.rakshashaktiuniversity.edu.in

E-mail:registrar@rakshashaktiuniversity.edu.in

આસિસ્ટન્ટ લાયબ્રેરીયન,
રક્ષાશક્તિ યુનિવર્સિટી, મેઘાણીનગર,
અમદાવાદ.

# ૧૬ ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટીચર એજ્યુકેશન

*– મધુસુદન મકવાણા*

૨૧મી સદીએ જ્ઞાનની સદી છે ત્યારે માઉસનાં એક કલીક થકી દુનિયાની તમામ માહિતી આપણાં કમ્પ્યુટર સ્ક્રીન ઉપર ઉપલબ્ધ બને છે. પરંતુ આપણી ધરોહર સમાન રાષ્ટ્રીય ચેતનાને જીવંત રાખવા માટે સમાજમાં શિક્ષણનો વ્યાપ વિસ્તરતો રહે તે આજની મુખ્ય જરૂરીયાત છે. વિસ્તરતી જતી વૈશ્વિક સ્થિતિ સાથે એ આજે અનિવાર્ય છે. શિક્ષક એ રાષ્ટ્ર નિર્માણનો સાચો શિલ્પી છે. વિકાસ પામવા માટે શિક્ષણનું પ્રમાણ વધે, શિક્ષણની ગુણવત્તા સુધરે તેની આવશ્યકતા સહુ કોઈ સ્વીકારે છે. શિક્ષક પોતે શિખતો ન રહે તો તે કદી શિખવી શકતો નથી. ભવિષ્યનાં ઘડવૈયા શિક્ષકો છે. પરંતુ સામાન્ય રીતે એવું મનાય છે કે જેને કોઈ નોકરી ના મળે તે શિક્ષક બની જાય છે. પરંતુ આ માન્યતા હવે ખોટી ઠરે તેવી પહેલ ગુજરાત સરકારે કરી છે. આ દેશમાં ગુજરાત એવું પહેલુ રાજય છે, જેણે ઉતમ શિક્ષક દ્વારા શાળામાં જ્ઞાનગુરૂની પ્રાણપ્રતિષ્ઠા થાય તે માટે ઈન્ડીયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટીચર એજયુકેશન શરૂ કરીને શિક્ષણનાં વ્યવસાય અને નવી પેઢીને શિક્ષક તરીકેની ઉત્તમ કારકિર્દીનાં ઘડતર માટેની સુવિધા આપી છે.

ગુજરાત સરકાર દ્વારા જૂન, ૨૦૧૧માં આ યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવી જ્યાં હાલમાં રાજ્યભરમાંથી તેમજ દેશનાં વિવિધ ભાગોમાંથી વિદ્યાર્થીઓ અભ્યાસઅર્થે જોડાયા છે. રાજ્ય સરકારશ્રી દ્વારા સ્થાપિત આ યુનિર્સિટીને યુ.જી.સી. (૨ એફ)ની માન્યતા મળેલ છે.

યુનિવર્સિટીનું ધ્યેય એ એવા સંપૂર્ણ શિક્ષક બનાવવાનું છે કે જે આ યુનિવર્સિટીમાંથી અભ્યાસ કરે તેમનો સર્વાંગીણ વિકાસ થવો જોઈએ. તેમનું શારીરિક સૌષ્ઠવ, તેમની બુદ્ધિમતા તેમનું બહુશ્રુત દર્શન અને વૈશ્વિક પ્રવાહોનાં સતત પરિચયથી ઘડતર થવું જોઈએ એ માટે આ યુનિવર્સિટીનું તેમના આવા વિવિધ કૌશલ્યો પ્રાપ્ત કરે તેમજ વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ કેળવે ઉપરાંત આધ્યાત્મિક વિકાસ કરે એવું બહુહેતુક ધ્યેય રહ્યું છે.

આઈ.આઈ.ટી.ઈ. શિક્ષણ પ્રશિક્ષણ અને શિક્ષક પ્રશિક્ષણ માટે કાર્યરત એ એક માત્ર યુનિવર્સિટી છે જે દેશને ઉત્તમ શિક્ષકો આપવા કટિબદ્ધ છે. જે શિક્ષક તેના વિષયમાં નિષ્ણાંત હશે સાથે સાથે આધુનિક ઉપકરણો અને દેશની સંસ્કૃતિ–સભ્યતાને સમ્યકપણે જાણતો હશે. પોતાની અભિવ્યકિત અને ક્ષમતા સિદ્ધ કરવા એક શિક્ષક તરીકે વિવિધ ભાષાઓ તેમજ વિવિધ કલાઓ પણ જાણતો હશે– આવો શિક્ષક આપવો એ યુનિવર્સિટી અને રાજય સરકારની નેમ છે.

આઈ.આઈ.ટી.ઈ.–ગાંધીનગર ધ્વારા ચલાવાતા વિવિધ અભ્યાસક્રમોની આછેરી ઝલક

**(૧) બી.એસ.સી.બી.એડ. :**

| | |
|---|---|
| પ્રવેશ લાયકાત | ધોરણ ૧૨ (વિજ્ઞાન પ્રવાહ) સાથે પાસ (પ્રવેશ પરીક્ષામાં મેરિટનાં આધારે પ્રવેશ આપવામાં આવશે.) |
| સમયગાળો | ૮ સેમેસ્ટર (ચાર વર્ષ) રેસિડેન્શીયલ કોર્સ |
| ફી | ₹ ૨૫૦૦૦ પ્રતિ સેમેસ્ટર ( લોજીંગ બોર્ડીંગ તથા શિક્ષણ ફી સહિત) |
| મુખ્ય વિષય | કેમિસ્ટ્રી, બાયોલોજી, ફિઝિક્સ, મેથ્સ (અભ્યાસનું માધ્યમ અંગ્રેજી) |
| પ્રવેશ પ્રક્રિયા | એપ્રિલ–મે(ધોરણ–૧૨નાં પરીણામ પછી) |

**(૨) બી.એ.,બી.એડ. :**

| | |
|---|---|
| પ્રવેશ લાયકાત | ધોરણ ૧૨ (સામાન્ય પ્રવાહ) સાથે પાસ (પ્રવેશ પરીક્ષામાં મેરિટનાં આધારે પ્રવેશ આપવામાં આવશે. |
| સમયગાળો | ૮ સેમેસ્ટર(ચાર વર્ષ) રેસિડેન્શીયલ કોર્ષ |
| ફી | ₹ ૨૫૦૦૦ પ્રતિ સેમેસ્ટર( લોજીંગ બોર્ડીંગ તથા શિક્ષણ ફી સહિત) |
| મુખ્ય વિષય | ગુજરાતી, અંગ્રેજી, હિન્દી, ઈતિહાસ |
| પ્રવેશ પ્રક્રિયા | એપ્રિલ–મે(ધોરણ–૧૨નાં પરીણામ પછી) |

**(૩) એમ.એ.(એજયુકેશન) :**

| | |
|---|---|
| પ્રવેશ લાયકાત | કોઈપણ વિદ્યાશાખાનાં સ્નાતક |
| સમયગાળો | ૪ સેમેસ્ટર( બે વર્ષ) રેગ્યુલર (પ્રત્યેક રવિવાર પાંચ કલાક) |
| ફી | ₹ ૭૫૦૦ પ્રતિ સેમેસ્ટર |
| અભ્યાસક્રમ કેન્દ્રો | મુખ્ય કેન્દ્ર ગાંધીનગર ઉપરાંત અમદાવાદ, વડોદરા, જૂનાગઢ, સાવરકુંડલા |
| એડમિશન પ્રક્રિયા | મે–જૂન તથા ડિસેમ્બર–જાન્યુઆરી |

**(૪) ડિપ્લોમા કોર્સ :**

(૧) ડિપ્લોમા ઈન ગાઈડન્સ એન્ડ કાઉન્સેલીંગ

(૨) ડિપ્લોમા ઈન એજયુકેશનલ મેનેજમેન્ટ

| | |
|---|---|
| પ્રવેશ લાયકાત | કોઈપણ વિદ્યાશાખાનાં સ્નાતક |
| સમયગાળો | ૧ સેમેસ્ટર(છ માસ) (પ્રત્યેક રવિવાર ત્રણ કલાક) |
| ફી | ₹ ૫૦૦૦ |
| અભ્યાસક્રમ કેન્દ્રો | અભ્યાસક્રમ કેન્દ્રોઃ મુખ્ય કેન્દ્ર ગાંધીનગર ઉપરાંત ખંભાત, હિંમતનગર, આદીપુર(કચ્છ) જૂનાગઢ |
| એડમિશન પ્રક્રિયા | મે–જૂન તથા ડિસેમ્બર–જાન્યુઆરી |

**(૫) પીએચ.ડી.(એજયુકેશન) :**

| | |
|---|---|
| પ્રવેશ લાયકાત | વિનયન, શિક્ષણ અથવા વિજ્ઞાન વિદ્યાશાખાનાં અનુસ્નાતક (૫૫ % સાથે) |
| સમયગાળો | ઓછામાં ઓછો ત્રણ વર્ષ |
| ફી | પ્રતિવર્ષ ₹ ૨૦,૦૦૦/– |
| પ્રવેશ પ્રક્રિયા | યુ.જી.સી.ની ગાઈડ લાઈન મુજબ |
| એડમિશન પ્રક્રિયા | જૂન–જુલાઈ |

આ યુનિવર્સિટીની વિશેષતા એ છે કે ભાવિ શિક્ષકોનો સર્વાંગી વિકાસ થાય તે હેતુથી આનુષાંગિક સર્જનાત્મક પ્રવૃત્તિઓને જેવી કે નાટ્ય, નૃત્ય, ચિત્રકળા, સર્જનાત્મક અભિવ્યક્તિ તેમજ રમતગમત જેવી અનેકવિધ પ્રવૃત્તિઓને અભ્યાસક્રમ સાથે સાંકળીને તેનાં વ્યકિતત્વનાં તમામ પાસાઓને ઉજાગર કરવામાં આવે છે.

**સંપર્ક સરનામું :**

ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટીચર એજયુકેશન
(રાજય સરકાર દ્વારા સ્થાપિત ટીચર્સ યુનિવર્સિટી)
રામકૃષ્ણ પરમહંસ વિદ્યાધામ, સેકટર–૧૫,
ખ-રોડ, મહાત્મા મંદિર પાસે, ગાંધીનગર
ફોન નં.૦૭૯–૨૩૨૪૩૭૩૩, ૨૩૨૪૩૭૩૪
Website : iite.ac.in Email : - osdiite@gmail.com

ઈન્ચાર્જ રજિસ્ટ્રાર,
આઈ.આઈ.ટી.ઈ., રામકૃષ્ણ પરમહંસ વિદ્યા સંકુલ,
'ખ' રોડ, સેકટર-૧૫, ગાંધીનગર

# ૧૭ સ્પોર્ટ્સ યુનિવર્સિટીના મહત્ત્વના અભ્યાસક્રમો

– *ડૉ. જતીન સોની*

રાજ્ય સરકાર દ્વારા રાજ્યમાં રમત-ગમત પ્રત્યે અભિરુચી વિકસાવવા, રમતવીરો માટે તાલીમ કેન્દ્રો સ્થાપવા, વિકસાવવાના હેતુથી તેમજ રાજ્યમાં રમત-ગમતની સુવિધાઓને પ્રોત્સાહિત કરીને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સહિત વિવિધ રમત-ગમતમાં રાજ્યની યુવા પેઢીને સર્વોચ્ચ કક્ષાએ સફળ બનાવવાના ઉદ્દેશથી ગુજરાત અધિનિયમ કલમ- ૨૨થી સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવી છે.

સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટીને યુજીસી દ્વારા માન્યતા તદુપરાંત રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગે B.P.E. અને B.P.Ed.ના અભ્યાસક્રમ ચલાવતી અન્ય યુનિવર્સિટી સાથે એફીલીએટેડ કોલેજીસને સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટી સાથે જોડાણ માટે જાહેરનામું પ્રસિદ્ધ કરેલ છે. હવે પછી શારીરિક શિક્ષણ અને રમત-ગમતને લગતી તમામ શૈક્ષણિક અને તાલીમની પ્રવૃત્તિઓ સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટીના નેજા હેઠળ ફેકલ્ટી ઓફ ફિઝિકલ એજ્યુકેશનમાં ડિપાર્ટમેન્ટ ઓફ ફિઝિકલ એજ્યુકેશન અને ડિપાર્ટમેન્ટ ઓફ ડિસએબીલીટી સ્પોર્ટસ શરૂ કરવામાં આવનાર છે. ડિપાર્ટમેન્ટ ઓફ ફિઝિકલ એજ્યુકેશનમાં આગામી શૈક્ષણિક વર્ષથી B.P.E., B.P.Ed., M.P.E., M.Phil અને Ph.D. સ્તરના અભ્યાસક્રમો શરૂ કરવામાં આવનાર છે. જેમાં સ્નાતક અને અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમો જોડાણ ધરાવતી સંસ્થાઓમાં ચલાવવામાં આવશે તથા M.Phil અને Ph.D. જેવા અભ્યાસક્રમો યુનિવર્સિટી સ્તરે ચલાવવામાં આવશે. ડિપાર્ટમેન્ટ ઓફ ડિસએબીલીટી સ્પોર્ટસની પણ શરૂઆત થનાર હોઈ શારીરિક શિક્ષણમાં તથા કોઈપણ વિષયના સ્નાતક અને રમતગમતની પ્રવૃત્તિમાં રસ ધરાવતા લોકો માટે મનો-શારીરિક ક્ષતિ ધરાવતા બાળકોને રમત-ગમતની પ્રવત્તિઓ તથા શારીરિક સ્વાસ્થ્યનું શિક્ષણ અને વિશેષ તાલીમ માટે તજજ્ઞો તૈયાર કરવાનો એક વર્ષના P.G. Diploma in Disability Sportsનો અભ્યાસક્રમ પણ શરૂ થનાર છે. આ એરીયા તદ્દન નવો હોઈ કોર્પોરેટ ઈન્ડસ્ટ્રી, શૈક્ષણિક સંસ્થાઓ, જાહેર સેવાઓમાં તથા સ્પેશિયલ ઓલમ્પિકના ક્ષેત્રમા તજજ્ઞો તરીકે સેવા આપવાની વિશેષ તક ઉપલબ્ધ થશે. આ સાથે શારીરિક શિક્ષણ ક્ષેત્રે થનાર સ્નાતકો માટે સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટીના નેજા હેઠળ શરૂ થનાર ફેકલ્ટી ઓફ એપ્લાઈડ સ્પોર્ટસ સાયન્સમાં શરૂ થનાર વિવિધ ડિપાર્ટમેન્ટ જેવા કે સ્પોર્ટસ ફિઝિયોથેરાપી, સ્પોર્ટસ મેનેજમેન્ટ, એડવેન્ચર સ્પોર્ટસ મેનેજમેન્ટ, સ્પોર્ટસ મેડિસીન, સ્પોર્ટ્સ ટુરિઝમ તથા સ્પોર્ટસ જર્નાલિઝમ જેવા ડીપાર્ટમેન્ટમાં વિવિધ પ્રકારના અભ્યાસક્રમો શરૂ થનાર છે. ગુજરાતમાં તથા ભારતભરમાં તેની ખૂબ મોટી માંગ ઉભી થયેલ છે. જેને પહોંચી વળવા સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટી આંતરરાષ્ટ્રીય સ્તરની યુનિવર્સિટીઓ સાથે પાર્ટનરશીપ કરી ભારતમાં નહિં પરંતુ વિદેશમાં પણ નોકરીની ઉજળી તકો ઉભી થાય તે પ્રકારના પ્રયત્નો કરવામાં આવનાર છે. રમત-ગમતની પ્રવૃત્તિઓ તથા શારીરિક શિક્ષણની પ્રવૃત્તિઓ શાળા સ્તરે અને કોલેજ સ્તરે સામાન્ય રીતે યોજાતી હોય છે. હાલ વ્યવસાયની નવી તકો ઊભી કરવા કોર્પોરેટ ઈન્ડસ્ટ્રીઝ રમત-ગમત ક્ષેત્રે પણ આગળ આવી રહી છે. જેમાં સ્પોર્ટસ મેનેજમેન્ટ, સ્પોર્ટસ જર્નાલિઝમ, સ્પોર્ટસ ટુરિઝમ, સ્પોર્ટ્સ મસાજ અને એક્સસાઈઝ થેરાપી તથા ફીટનેસ ઈન્ડસ્ટ્રીઝમાં અનેકવિધ તકો પડેલ છે આ ક્ષેત્રે યોગ્ય તજજ્ઞોની મોટી અછત છે. આ અછતને પહોંચી વળવા શારીરિક શિક્ષણના B.P.E., B.P.Ed.ના અભ્યાસક્રમો બાદ વધુ અભ્યાસ માટે અનેકવિધ અભ્યાસના ક્ષેત્રો તજજ્ઞોની માંગને પહોંચી વળવા ઉભા કરવામાં આવશે. આ ઉપરાંત નેવી, એરફોર્સ, આર્મી, પોલીસ સિક્યોરીટી એજન્સીઝમાં શરીર સૌષ્ઠવના લાયકાતના ફરજીયાત ધોરણો શારીરિક શિક્ષણના અભ્યાસક્રમમાં ભાગ લેતા વિદ્યાર્થીઓ સહજતાથી પૂર્ણ કરી શકતા હોય છે. આ ક્ષેત્રમાં તજજ્ઞ તરીકે સેવા આપવાની વિશેષ તક પણ ઉપલબ્ધ થશે. સરકાર રમતગમત ક્ષેત્રને ખૂબ જ મોટું પ્રોત્સાહન આપી રહી છે. તમામ જિલ્લા મથક પર સ્પોર્ટસ સંકુલ / Spoorts Schools શરૂ કરવાના આયોજનો થનાર છે ત્યારે તેની માંગને પહોંચી વળવા અને સ્પોર્ટસ સંકુલમાં ગુજરાત સરકારમાં રમત-ગમતના રાહબરોની

અનેક જગ્યાઓ ખાલી છે. જેના માટે યોગ્ય ઉમેદવાર ન મળતા તેની અછત સર્જાય છે. શાળાઓ અને શૈક્ષણિક સંસ્થાઓમાં જે - તે રમતના કોચની અછત વર્તાતી હોવાથી તેની સતત માંગ ઉભી થયેલ છે. જે પૂર્ણ કરવા માટે યુનિવર્સિટીમાં શરૂ થનાર વિવિધ કોચ એજ્યુકેશન પ્રોગ્રામના નેજા હેઠળ P.G. Diploma In Sports Coachingના અભ્યાસક્રમોના માધ્યમથી ઉત્કૃષ્ટ કક્ષાની વ્યવસાયિક યોગ્યતા ધરાવતા કોચ તૈયાર કરી અછત પૂરી કરવાના પ્રયત્નો હાથ ધરવામાં આવશે. રમત-ગમતના સંશોધન ક્ષેત્રે ઉંચી તકો ઉપલબ્ધ કરાવવા આંતરરાષ્ટ્રીય સ્તરે પણ આ યુનિવર્સિટીની અન્ય યુનિવર્સિટીઓ ટેકનીકલ જોડાણ થયેલ હોવાથી સંશોધન ક્ષેત્રે ભવિષ્યમાં જોઈન્ટ રિસર્ચ પ્રોગ્રામ માટેની ઉજળી તકો રહેલ છે.

પોલીસ, આર્મી, નેવી તથા એરફોર્સ, વનપાલ સહાયક, ફોરેસ્ટ ઓફિસર, સુરક્ષાકર્મી, લાઈફ ગાર્ડ, સ્પોર્ટસ મેનેજર, જીમ ઈન્સ્ટ્રક્ટર, ઈવેન્ટ મેનેજર, સ્પોર્ટસ મસાજર એન્ડ થેરાપીસ્ટ અને સ્પોર્ટ્સ જર્નાલિસ્ટ જેવા ક્ષેત્રો હાલના તબક્કે ખૂબ મોટી માંગ ધરાવે છે. જેની અછત હાલ પણ વર્તાઈ રહી છે. આ ક્ષેત્રમાં કામ કરવા માટે શારીરિક યોગ્યતા અને લાયકાતના ધોરણો શારીરિક શિક્ષણના અભ્યાસક્રમોમાં ભાગ લેવાથી ખૂબ જ સહજતાથી અને સરળતાથી પૂર્ણ કરી શકાય છે. રમત-ગમતના ક્ષેત્રે રમતવીર તરીકે ઉપસ્થિત કરવાની ઉજળી તક અને વ્યાવસાયિક શિક્ષણ બંને એક સાથે મળી શકે




છે. રાજ્ય સરકારની રમતવીરો માટેની પ્રોત્સાહક નીતિને કારણે વિજેતાઓને વિવિધ યોજનાઓના માધ્યમથી ખૂબ મોટી નાણાંકીય સહાય અને આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત થાય છે. નામાંકિત ખ્યાતિ પ્રાપ્ત રમતવીર તરીકે અનેક ખેલાડીઓએ પોતાની ટ્રેનિંગ એકેડમીની સ્થાપના કરી વ્યાવસાયિક ક્ષેત્રે પણ શ્રેષ્ઠતાઓ પ્રાપ્ત કરી છે. આ માટે અધ્યયનની સાથે રમત તાલીમ અંતરંગ ભાગ હોવાને કારણે રમતગમત ક્ષેત્રે પણ સરળતાથી શ્રેષ્ઠતાના શિખરે પહોંચી શકાય છે.

આધુનિક સમયમાં રિક્રીએશન કલબો, ફાઈવસ્ટાર હોટેલ્સ, મનોરંજન માટેના પાર્ક કોર્પોરેટ સોસાયટી તથા ઉત્કૃષ્ટ કક્ષાની વર્લ્ડ ક્લાસ ફેસીલીટી ધરાવતી બિલ્ડીંગમાં પણ સ્પોર્ટીંગ ફેસીલીટી હાલમાં વિકસાવવામાં આવી રહી છે. તેમાં પણ સ્પોર્ટસ કો-ઓર્ડિનેટર, સ્વિમીંગ પુલ એટેન્ડન્ટ, જીમ કોચ, રિક્રીએશન મેનેજર તરીકેની નોકરીની ઉજળી તકો રહેલી છે. ખેલાડી સંશોધનના ક્ષેત્રે આગળ - વધવા ઈચ્છતો હોય તો શારીરિક શિક્ષણમાં સ્નાતક અભ્યાસક્રમ પછી સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટીના એપ્લાઈડ સ્પોર્ટસ સાયન્સ એજ્યુકેશન પ્રોગ્રામ હેઠળ ખેલાડી જે તે રમત વિજ્ઞાનમાં આંતરરાષ્ટ્રીય સ્તરનું સંશોધન કરી શકે તે પ્રકારની લેબોરેટરી તથા લાઈબ્રેરીની ફેસીલીટી પણ સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટીમાં ઉપલબ્ધ થનાર છે.

એડવેન્ચર સ્પોર્ટસ અને સ્પોર્ટ્સ ટુરિઝમ બંને ક્ષેત્રોમાં વિશાળ તકો રહેલી છે. એડવેન્ચર એકટીવીટીઝ તથા આંતરરાષ્ટ્રીય સ્તરની સ્પર્ધા આયોજનમાં તજજ્ઞ તરીકે ભૂમિકા ભજવવા આ ક્ષેત્રોના તજજ્ઞો તૈયાર કરવા સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટીના માધ્યમથી પી.જી. ડિપ્લોમા ઈન સ્પોર્ટસ ટુરિઝમ અને પી.જી. ડિપ્લોમા ઈન એડવેન્ચર સ્પોર્ટસ એડમિનિસ્ટ્રેશન જેવા અભ્યાસક્રમો પણ શરૂ કરવામાં આવનાર છે. જેના દ્વારા આ ક્ષેત્રમાં પણ નોકરીની ઉજળી તકો રહેલી છે. હાલ એડવેન્ચર સ્પોર્ટસ ટુરિઝમનું ક્ષેત્ર રમત-ગમતની પ્રવૃત્તિ અને રમતનું જ્ઞાન નહિં ધરાવતા લોકો પાસે છે. જેને કારણે ઉત્કૃષ્ટ કક્ષાના કાર્યક્રમો તથા તાલીમનું આયોજન થઈ શક્તું નથી. આ ક્ષેત્રે અનુસ્નાતક સ્તરના અભ્યાસક્રમોનું પણ ભવિષ્યમાં સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટીમાં આયોજન કરવામાં આવશે.

વાઈસ ચાન્સેલર,
સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટી,
ઘ-૪, સેકટર-૧૫, ગાંધીનગર.

# ૧૮ ચિલ્ડ્રન યુનિવર્સિટી : ગાંધીનગર

*– ડૉ. ઘનશ્યામ રાવલ*

ચિલ્ડ્રન યુનિવર્સિટીનો મૂળભૂત ઉદ્દેશ છે ગુજરાતનાં બાળકોનો બહુઆયામી વિકાસ, બાળકો, કિશોરો અને તરુણોની શક્તિઓનું સંવર્ધન કરી તેનો વિનિયોગ કરવા માટે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીની સ્થાપના જુલાઈ, ૨૦૦૯ના અધિનિયમથી કરવામાં આવી છે. અમારું ધ્યેયસૂત્ર છે : પ્રત્યેક બાળક મહત્ત્વનું છે. અર્થાત્ દરેક બાળકમાં રહેલી અણુરૂપ શક્તિનો પ્રસ્ફોટ કરીને એના અભૂતપૂર્વ સમાર્થ્યને સક્રિય અને સમાજપયોગી બનાવવું.

માત્ર બાળકો (ગર્ભસ્થ શિશુથી માંડીને ૧૮ વર્ષની ઉંમર સુધીના) માટે જ કાર્યશીલ હોય તેવી ભારતની આ એકમાત્ર યુનિવર્સિટી છે. સમગ્ર વિશ્વમાં અન્ય ચાર ચિલ્ડ્રન્સ યુનીવિર્સિટી છે જે મહદ્ અંશે બાળવિકાસલક્ષી મર્યાદિત પ્રવૃત્તિઓ કે કાર્યક્રમો જ કરે છે. બાળકના ગર્ભસંસ્કારથી માંડીને તરુણોની પ્રચંડ શક્તિને સક્રિય કરવા માટે સૈદ્ધાંતિક, સંશોધનાત્મક, શૈક્ષણિક અને વિસ્તરણ માટેની સમન્વિત કાર્ય યોજનાનો ગહન ને લાંબાગાળાનો વિચાર કરનાર આ પ્રથમ યુનિવર્સિટી છે. બાળકો - તરુણોની વિધાયક શક્તિના સંવર્ધન દ્વારા જીવનની ગુણવત્તાને ઉત્કૃષ્ટતાની કક્ષા સુધી લઈ જવાનો આ એક મહા-પ્રકલ્પ છે.

પોતાના વિશિષ્ટ વિસ્તૃત અને મૂળગામી ઉદ્દેશને પાર પાડવા માટે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ગાંધીનગર દ્વારા સંશોધન, શિક્ષણ, પ્રશિક્ષણ અને વિસ્તરણ સેવાઓ કાર્યરત છે. વિદ્યાર્થીના સર્વાંગીણ વિકાસના લક્ષ્ય સાથે યુનિવર્સિટી કાર્યરત કરી છે. ગર્ભાધાનથી ૧૮ વર્ષની ઉંમર સુધીના વિકાસની પ્રક્રિયાને સર્વાંગીણ વિકાસના સંદર્ભમાં તથા અભિનવ અને યોગ્ય મૂલ્યાંકન પદ્ધતિ દ્વારા સંશોધન પ્રક્રિયા વિકસાવી એનું શિક્ષણ, પ્રશિક્ષણ અને વિસ્તરણ કરવાનું કાર્ય યુનિવર્સિટીએ શરુ કર્યું છે.

શિક્ષણને અસર કરતાં પરિબળોમાં શિક્ષક, પાઠ્યક્રમ ઉપરાંત શિક્ષણ વ્યવસ્થા સાથે જોડાયેલા તમામ લોકો (મેનેજમેન્ટ, બિનશૈક્ષણિક વગેરે), માતા–પિતા તથા પરિવાર પણ મહત્ત્વનાં પરિબળો છે. વર્તમાન શિક્ષણપદ્ધતિ બી.એડ. અને પી.ટી.સી કરતા વિદ્યાર્થીઓ અથવા કરી ચૂકેલા શિક્ષકોને સર્વાંગી શિક્ષણ આપવાની ગુણવત્તામાં પણ ઉમેરો થાય તે હેતુથી નીચે પ્રમાણેના અત્યંત ઉપયોગી અને પરિણામલક્ષી અભ્યાસક્રમો તૈયાર કર્યા છે. જેની પ્રાથમિક વિગતો નીચે પ્રમાણે છે.

આગામી આયોજનો

સર્ટિફિકેટ અભ્યાસક્રમ

| ક્રમ | અભ્યાસક્રમનું નામ | શૈક્ષણિક યોગ્યતા લધુત્તમ | સમય ગાળો | ફાયદાઓ |
|---|---|---|---|---|
| ૧ | કિશોર અધ્યેતાનો સમગ્રતાલક્ષી વિકાસ (૧૨ વર્ષ સુધીના વિદ્યાર્થીઓ) | પી.ટી.સી અથવા પી.ટી.સી દરમિયાન સ્નાતક | ત્રણ માસ | સર્વાંગીણ વિકાસની સંકલ્પના અને કૌશલ્યોને વિકાસ |
| ૨ | તરુણ અધ્યેતાનો સમગ્રલક્ષી વિકાસ (૧૩ થી ૧૮ વર્ષ સુધીના વિદ્યાર્થીઓ) | બી.એડ્. અથવા બી.એડ્ દરમિયાન, સ્નાતક | ત્રણ માસ | સર્વાંગીણ વિકાસની સંકલ્પના અને કૌશલ્યોને વિકાસ |

| | | | | |
|---|---|---|---|---|
| ૩ | શૈક્ષણિક વિકાસ માટે સંસ્થાકીય કાર્ય સંસ્કૃતિ | શિક્ષણ સાથે સંકળાયેલા તમામ માટે ગ્રંથપાલ બિનશૈક્ષણિક કર્મચારીઓ, શિક્ષણ સહાયકો, સેવક, સેવિકા | ત્રણ માસ | – શિક્ષણની સમજનો વિકાસ<br>– શિક્ષણની વિવિધ વ્યક્તિઓ પાસે અપેક્ષા<br>– વિદ્યાર્થી કેન્દ્રી અને સર્વાંગીણ શિક્ષણની સમજ |
| ૪ | આધ્યાત્મિક વિકાસ (આત્મિક વિકાસ) | શિક્ષક, તાલીમાર્થી, સ્નાતક | ત્રણ માસ | આત્મિક વિકાસની સંકલ્પના, યોજના, કાર્યપ્રણાલી |
| ૫ | શૈક્ષણિક સંસ્થાના સર્વાંગીણ વિકાસ માટે સંસ્થાકીય વ્યવસ્થાપન | શિક્ષણનુ સંચાલન કરતી તમામ વ્યક્તિઓ માટે | ત્રણ માસ | – શિક્ષણની સંકલ્પના<br>– સંચાલનના કૌશલ્યો<br>– સર્વાંગીણ વિકાસ માટે સંચાલકની ભૂમિકા |
| ૬ | વિદ્યાર્થીના સર્વાંગીણ વિકાસમાં વાલીની ભૂમિકા | ૨૧ વર્ષથી વધુ ઉંમરની કોઈપણ વ્યક્તિ માટે | ત્રણ માસ | – સર્વાંગીણ વિકાસની સમજ<br>– સર્વાંગીણ વિકાસમાં પરિવારનું યોગદાન |
| ૭ | પરિવારની પાઠશાળા | સ્નાતક, શિક્ષક, શિક્ષણનું સંચાલન કરતી તમામ વ્યક્તિઓ અને સર્વ વાલીઓ માટે | ત્રણ માસ | – સર્વાંગીણ વિકાસની સમજ<br>– સમાજની ભૂમિકા<br>– સમાજ પ્રબોધનનું કૌશલ્ય |
| ૮ | તપોવન પ્રકલ્પ સંયોજક | સ્નાતક | ત્રણ માસ | – ગર્ભાધાન દરમિયાનની બાળવિકાસની સંકલ્પનાની સમજ<br>– તપોવનમાં નોકરીની તક |

આ અંગે વિશેષ માહિતી યુનિવર્સિટી પર રૂબરૂ સંપર્ક કરવાથી અથવા યુનિવર્સિટીની વેબસાઈટ www.cugujarat.ac.in પરથી પ્રાપ્ત થશે.

નિયામક (O.D.)
ચિલ્ડ્રન યુનિવર્સિટી, ગાંધીનગર.

Children's University, Gujarat
Research, Education, training and Extension Services

# ૧૯ ડો. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં ઉચ્ચ શિક્ષણની તકો

– ડૉ. મૌનસ ઠાકર

ડૉ. બાબાસાહેબ આંબેડકર મુક્ત વિશ્વવિદ્યાલયની સ્થાપના ગુજરાત રાજ્ય સરકાર દ્વારા વિધાનસભામાં અધિનિયમ પસાર કરીને ૧૯૯૪માં કરવામાં આવી. આજે પણ ગ્રામ વિસ્તારોમાં ઉચ્ચશિક્ષણથી વંચિત કન્યાઓનું પ્રમાણ બહુ ઊંચુ છે. તાલુકા મથકે આવેલી કોલેજ સુધી અભ્યાસ માટે આવાગમનની સુવિધા હોવા છતાં કન્યાઓને અપ-ડાઉનના કારણે અભ્યાસ છોડાવી દેવાનું વલણ સહજ જોવા મળે છે. કન્યાઓ, ગૃહિણીઓ, શ્રમિકો અને સંજોગોના કારણે શિક્ષણ પ્રાપ્તિનો સમય ગુમાવી ચૂકેલા વિશાળ સમુદાય માટે ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી આવકાર્ય વિકલ્પ છે.

પરંપરાગત યુનિવર્સિટીઓના નોંધપાત્ર પ્રદાન અને સક્રિયતા છતાં છેવાડાના વિદ્યાર્થી સુધી પહોંચવાનું લગભગ અશકય જણાય તેવા સમયમાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા અપાતું દૂરવર્તી શિક્ષણ વિદ્યાવિકાસની બહુવિધ શકયતાઓ ખોલી આપે છે.વિનયન, વાણિજય, શિક્ષણ અને પ્રબંધન (મેનેજમેન્ટ) વિદ્યાશાખાના સ્નાતક, અનુસ્નાતક કક્ષાના ડિગ્રી અભ્યાસક્રમો, પ્રમાણપત્ર, ડિપ્લોમા અભ્યાસક્રમો તથા પીએચ.ડી. પદવી અભ્યાસક્રમની નોંધપાત્ર સક્રિયતાથી તાજેતરનાં વર્ષોમાં યુનિવર્સિટીએ રાજયકક્ષાએ વિદ્યાકીય સક્રિયતાનું નોંધપાત્ર ઉદાહરણ પૂરું પાડ્યું છે.

અઢાર વર્ષની વયના યુવાનો કે જેઓ શાળા શિક્ષણ પૂરું ન કરી શકયા હોય પણ લખતા-વાંચતા આવડતુ હોય તો તેવી વ્યકિત ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા ચાલતા BPP અભ્યાસક્રમમાં ઉંમરનું પ્રમાણપત્ર રજૂ કરી પ્રવેશ મેળવી શકે છે. BPP નો છ મહિનાનો કોર્સ કરનાર ઉમેદવાર આ યુનિવર્સિટીમાંથી વિનયન કે વાણિજ્ય વિદ્યાશાખામાં સ્નાતક થવા માટે પ્રવેશ મેળવી શકે છે.

વર્તમાન વિશ્વમાં કમ્પ્યુટર સાક્ષરતાની અનિવાર્યતા જાણીને રાજયભરમાં CCC કોર્સની સુવિધા પૂરી પાડીને અનેક કર્મચારી, તાલીમાર્થીઓ અને યુવાનોને કમ્પ્યુટરની પાયાની તાલીમ ઉપલબ્ધ કરાવી સમગ્ર રાજયમાં ઇ-ગવર્નન્સ દ્વારા વહીવટને પારદર્શી બનાવવાના રાજ્ય સરકારના વિકાસશીલ અભિગમને પરોક્ષ રીતે સહયોગ આપવાનું કામ CCC અભ્યાસક્રમ દ્વારા થયું છે.

રાજયની ત્રેવીસ જેટલી જિલ્લા જેલમાં યુનિવર્સિટી અભ્યાસકેન્દ્રની ફાળવણી કરવામાં આવી છે અને કેદી ભાઇઓને નિઃશુલ્ક ઉચ્ચ શિક્ષણની વ્યવસ્થા પૂરી પાડવામાં આવે છે. તેનાથી કેદી ભાઇઓની જીવન સુધારણાના માનવતાવાદી અભિગમનું મૂલ્ય આંકીએ તેટલું ઓછું છે. નિર્ધારીત સજાના બંધન અવસ્થાના વર્ષો દરમ્યાન શિક્ષણ પ્રાપ્તિની તક મળવાના કારણે કેદી ભાઇઓ શિક્ષિત થઇને સજા પૂર્ણ થયા પછી સમાજના મુખ્ય પ્રવાહમાં સન્માન પૂર્વક ભળી શકે છે તે અત્યંત નોંધપાત્ર બાબત છે.

શિક્ષણ મેળવવા ઇચ્છુક એવા અનુસૂચિત જાતિ-જનજાતિ પૈકી ઓછી આવક ધરાવતા વિદ્યાર્થીઓ જો ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં ધો. ૧૦ થી વધુ પ્રવેશ લાયકાતવાળાં અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવે તો તેમને ગુજરાતસરકાર દ્વારા શિષ્યવૃત્તિ મળે છે જેનું સુચારું ઢબે વ્યવસ્થાપન થાય છે. ઉપરાંત રાજ્ય સરકાર દ્વારા અનુસૂચિત જાતિ-જનજાતિ પૈકી બાર જેટલી ખાસ જાહેર થયેલી અતિપછાત જાતિની શ્રેણીમાં આવતા વિદ્યાર્થીઓ માટે પ્રવેશ સમયે Zero paymentની યોજના ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા સાકાર થઇ છે. અતિપછાત ગણાતી જ્ઞાતિના વિદ્યાર્થીઓ પ્રવેશ વખતે આર્થિક જોગવાઇના અભાવે પ્રવેશથી વંચિત રહેતા હતા. આ સમસ્યાના નિવારણ માટે અતિપછાત જાતિના વિદ્યાર્થીઓને વિનામૂલ્યે પ્રવેશ આપીને અભ્યાસની તક પૂરી પાડવાની વ્યવસ્થા વ્યાપક આવકાર પામી છે. ફી ભરવાના નાણાં અંગે નિશ્ચિત થઇ વિદ્યાર્થી શિષ્યવૃત્તિ સહાય મળે ત્યારે ફી ભરપાઇ કરી શકે એવી સુવિધા છેવાડાના માણસ સુધી વિદ્યાવિસ્તારના ઉદ્દેશોને સિદ્ધ કરે છે.

ગુજરાત સરકાર દ્વારા યુનિવર્સિટીમાં CFN અને CCCD અભ્યાસ કરવા માટે આંગણવાડી કાર્યકર્તા બહેનોને અને સુપરવાઈઝર બહેનોને અને સુપરવાઈઝર બહેનોને પ્રોત્સાહન મળે તે હેતુથી વિશેષ અનુદાનની જોગવાઈ કરવામાં આવી છે. આ યોજના અંતર્ગત આંગણવાડી સુપરવાઈઝર બહેનોને CFN અભ્યાસક્રમ તથા આંગણવાડી કાર્યકર્તા બહેનો માટે CCCD અભ્યાસની તક મળે છે જેની ફી સરકારી અનુદાનમાંથી ભરપાઈ થાય છે. આંગણવાડીમાં વિકસી રહેલા બાળકોના ઉછેર-તાલીમની ભૂમિકાએ CFN/CCCD અભ્યાસક્રમનું આગવું મૂલ્ય છે.

આ યુનિવર્સિટીમાં ઉપલબ્ધ અભ્યાસક્રમોની નીચે દર્શાવેલ વિસ્તૃત માહિતી આપને ઘણી ઉપયોગી થશે.

## ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં ઉપલબ્ધ અભ્યાસક્રમો

| ક્રમ | કોર્સનું નામ | કોર્સ કોડ | લાયકાતનું ધોરણ | સમયગાળો | | અભ્યાસક્રમ ફી ₹ | | શિક્ષણનું માધ્યમ |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | લઘુત્તમ | મહત્તમ | ભાઈઓ | બહેનો | |
| **બેચલર્સ પ્રિપેરેટરી પ્રોગ્રામ** | | | | | | | | |
| ૧. | બેચલર પ્રિપેરેટરી પ્રોગ્રામ | BPP | ગુજરાતી લખી, વાંચી શકતા હોય તેવા તેમજ ૧૮ વર્ષ કે તેથી વધુ ઉંમર | ૬ માસ | ૨ વર્ષ | ૯૦૦/- | ૯૦૦/- | ગુજરાતી |
| **સ્નાતક કક્ષાના અભ્યાસક્રમ** | | | | | | | | |
| ૧. | બી.એ./બી.કોમ. | ગુજરાતી, હિન્દી, અંગ્રેજી, અર્થશાસ્ત્ર, ઈતિહાસ, રાજ્યશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, જાહેર વહીવટ, સંસ્કૃત, વાણિજ્ય | ધો. ૧૨ અથવા સમકક્ષ અથવા ડૉ.બાઆઓયુ. અને ઈગ્નુમા બી.પી.પી. અથવા ધો.૧૦ પછી માન્ય સંસ્થામાં બે કે ત્રણ વર્ષનો ડિપ્લોમા અભ્યાસક્રમ અથવા માન્ય સંસ્થામાંથી પી.ટી.સી. પાસ અથવા ધો.૧૦ પછી આઈ.ટી.આઈ. ના બે કે તેથી વધુ વર્ષના માન્યતા પ્રાપ્ત અભ્યાસક્રમ | ૩ વર્ષ | ૮ વર્ષ | (પ્રથમ વર્ષ) ૧૮૦૦/- (દ્વિતીય વર્ષ) ૧૭૦૦/- (તૃતીય વર્ષ) ૧૮૦૦/- | (પ્રથમ વર્ષ) ૧૨૦૦/- (દ્વિતીય વર્ષ) ૧૨૦૦/- (તૃતીય વર્ષ) ૧૨૦૦/- | ગુજરાતી |
| ૨. | બેચલર ઑફ લાયબ્રેરી એન્ડ ઈન્ફર્મેશન | BLIS | માન્ય યુનિવર્સિટીની સ્નાતક પદવી અથવા વ્યાવસાયિક સ્નાતક જેવા કે બેચલર ઓફ એન્જિનિયરીંગ-ફોર્મસી, કાયદાશાસ્ત્ર | ૧ વર્ષ | ૪ વર્ષ | ૬૧૦૦/- | ૪૩૦૦/- | ગુજરાતી |
| ૩. | બેચલર ઑફ એજ્યુકેશન | B.Ed. | માન્ય યુનિવર્સિટીની સ્નાતક/અનુસ્નાતક પદવીમાં ૫૦% (SC/ST ૪૫%) તથા શાળામાં ઓછામાં ઓછો બે વર્ષનો શિક્ષક તરીકેનો અનુભવ | ૨ વર્ષ | ૫ વર્ષ | ૧૭૫૦૦/- | ૧૭૫૦૦/- | ગુજરાતી |
| ૪. | સ્પે.બી.એડ્. | SP.B.Ed. | માન્ય યુનિવર્સિટીની સ્નાતક પદવીમાં ઓછામાં ઓછા ૪૫% | ૨ વર્ષ | ૫ વર્ષ | ૧૫૦૦૦/- | ૧૫૦૦૦/- | ગુજરાતી |

| પ્રોફેશનલ અને વોકેશનલ અભ્યાસક્રમ (સ્નાતક) | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | બેચલર ઓફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન | BBA | ધો. ૧૨ અથવા સમકક્ષ અથવા ડૉ.બાઆઓયુ. અને ઈગ્નુમા બી.પી.પી. અથવા ધો.૧૦ પછી માન્ય સંસ્થામાં બે કે ત્રણ વર્ષનો ડિપ્લોમા અભ્યાસક્રમ અથવા માન્ય સંસ્થામાંથી પી.ટી.સી. પાસ અથવા ધો.૧૦ પછી આઈ.ટી.આઈ. ના બે કે તેથી વધુ વર્ષના માન્યતા પ્રાપ્ત અભ્યાસક્રમ | ૩ વર્ષ | ૮ વર્ષ | ૮૦૦૦/- | ૮૦૦૦/- | અંગ્રેજી |
| ૨. | બેચલર ઓફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન ઈન હોટલ એન્ડ ટુરીઝમ | BBAHT | ” ” | ૩ વર્ષ | ૮ વર્ષ | ૨૨૦૦૦/- | ૨૨૦૦૦/- | અંગ્રેજી |
| ૩. | બેચલર ઓફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન ઈન ઈન્શ્યોરન્સ બેન્કીંગ | BBAIB | ” ” | ૩ વર્ષ | ૮ વર્ષ | ૮૦૦૦/- | ૮૦૦૦/- | અંગ્રેજી |
| ૪. | બેચલર ઓફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન ઈન એર ટ્રાવેલ મેનેજમેન્ટ | BBAAT | ” ” | ૩ વર્ષ | ૮ વર્ષ | ૧૫૦૦૦/- | ૧૫૦૦૦/- | અંગ્રેજી |
| ૫. | બેચલર ઓફ કમ્પ્યુટર એપ્લિકેશન | BCA | ” ” | ૩ વર્ષ | ૮ વર્ષ | ૭૦૦૦/- | ૭૦૦૦/- | અંગ્રેજી |
| ૬. | બેચલર ઓફ કમ્પ્યુટર એપ્લિકેશન મલ્ટીમીડિયા | BCA-MUL | ” ” | ૩ વર્ષ | ૮ વર્ષ | ૧૫૦૦૦/- | ૧૫૦૦૦/- | અંગ્રેજી |
| ૭. | બેચલર ઓફ મીડિયા ગ્રાફિક એન્ડ એનીમેશન | BMGA | ” ” | ૩ વર્ષ | ૮ વર્ષ | ૧૦૦૦૦/- | ૧૦૦૦૦/- | અંગ્રેજી |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| **અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમ** | | | | | | | | |
| ૧. | માસ્ટર ઑફ આર્ટ્સ (અંગ્રેજી) | MEG | માન્ય યુનિવર્સિટીની સ્નાતક પદવી અથવા વ્યાવસાયિક પદવી | ૨ વર્ષ | ૬વર્ષ | (પ્રથમ વર્ષ) ૩૮૦૦/- (દ્વિતીય વર્ષ) ૩૭૦૦/- | (પ્રથમ વર્ષ) ૨૭૦૦/- (દ્વિતીય વર્ષ) ૨૬૦૦/- | અંગ્રેજી |
| ૨. | માસ્ટર ઑફ આર્ટ્સ (હિન્દી) | MHD | માન્ય યુનિવર્સિટીની સ્નાતક પદવી અથવા વ્યાવસાયિક પદવી | ૨ વર્ષ | ૬વર્ષ | (પ્રથમ વર્ષ) ૩૮૦૦/- (દ્વિતીય વર્ષ) ૩૭૦૦/- | (પ્રથમ વર્ષ) ૨૭૦૦/- (દ્વિતીય વર્ષ) ૨૬૦૦/- | હિન્દી |
| ૩. | માસ્ટર ઑફ આર્ટ્સ (સમાજશાસ્ત્ર) | MSO | માન્ય યુનિવર્સિટીની સ્નાતક પદવી અથવા વ્યાવસાયિક પદવી | ૨ વર્ષ | ૬વર્ષ | (પ્રથમ વર્ષ) ૩૮૦૦/- (દ્વિતીય વર્ષ) ૩૭૦૦/- | (પ્રથમ વર્ષ) ૨૭૦૦/- (દ્વિતીય વર્ષ) ૨૬૦૦/- | ગુજરાતી |
| ૪. | માસ્ટર ઓફ આર્ટ્સ (ગુજરાતી) | MGT | માન્ય યુનિવર્સિટીની સ્નાતક પદવી અથવા વ્યાવસાયિક પદવી | ૨ વર્ષ | ૬વર્ષ | (પ્રથમ વર્ષ) ૩૮૦૦/- (દ્વિતીય વર્ષ) ૩૭૦૦/- | (પ્રથમ વર્ષ) ૨૭૦૦/- (દ્વિતીય વર્ષ) ૨૬૦૦/- | ગુજરાતી |
| ૫. | પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઈન ડિસ્ટન્સ એજ્યુકેશન | PGDDE | માન્ય યુનિવર્સિટીની સ્નાતક પદવી અથવા વ્યાવસાયિક પદવી | ૧વર્ષ | ૪વર્ષ | ૧૭૦૦/- | ૧૨૦૦/- | ગુજરાતી |
| **પ્રોફેશનલ અને વોકેશનલ અભ્યાસક્રમ (અનુસ્નાતક)** | | | | | | | | |
| ૧. | એડવાન્સ પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઈન હોટલ એન્ડ કેટરીંગ | APGDHL | માન્ય યુનિવર્સિટીની સ્નાતક પદવી અથવા વ્યાવસાયિક પદવી | ૨ વર્ષ | ૮વર્ષ | (પ્રથમ વર્ષ) ૨૦૦૦૦/- (દ્વિતીય વર્ષ) ૨૦૦૦૦/- | (પ્રથમ વર્ષ) ૨૦૦૦૦/- (દ્વિતીય વર્ષ) ૨૦૦૦૦/- | અંગ્રેજી |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨. | એડવાન્સ પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઈન બિઝનેસ એડમિનિસ્ટ્રેશન | APGDBA | માન્ય યુનિવર્સિટીની સ્નાતક પદવી અથવા વ્યાવસાયિક પદવી | ૨ વર્ષ | ૮વર્ષ | (પ્રથમ વર્ષ) ૧૫૦૦૦/- (દ્વિતીય વર્ષ) ૨૦૦૦૦/- | (પ્રથમ વર્ષ) ૧૫૦૦૦/- (દ્વિતીય વર્ષ) ૨૦૦૦૦/- | અંગ્રેજી |
| | | | **ડિપ્લોમા અભ્યાસક્રમ** | | | | | |
| ૧. | ડિપ્લોમા ઈન ક્રિએટીવ રાઈટીંગ ઈન હિન્દી | DCH | ૧૦+૨ પાસ તેમજ ૨૦ વર્ષ કે તેથી વધુ ઉંમર | ૧ વર્ષ | ૪વર્ષ | ૨૬૦૦/- | ૧૮૦૦/- | હિન્દી |
| ૨. | ડિપ્લોમા ઈન ફાયનાન્સીયલ મૅનેજમેન્ટ | DFM | ૧૦+૨ પાસ અથવા બી.પી.પી. | ૧ વર્ષ | ૪વર્ષ | ૨૨૦૦/- | ૧૬૦૦/- | અંગ્રેજી |
| ૩. | ડિપ્લોમા ઈન એડવાન્સ કોસ્ટ એકાઉન્ટીંગ | DACA | ૧૦+૨ પાસ અથવા બી.પી.પી. | ૧ વર્ષ | ૪વર્ષ | ૨૨૦૦/- | ૧૬૦૦/- | અંગ્રેજી |
| ૪. | ડિપ્લોમા ઈન એડવાન્સ એકાઉન્ટીંગ | DAA | ૧૦+૨ પાસ અથવા બી.પી.પી. | ૧ વર્ષ | ૪વર્ષ | ૨૨૦૦/- | ૧૬૦૦/- | અંગ્રેજી |
| ૫. | ડિપ્લોમા ઈન ઈન્સ્યોરન્સ | DIN | ૧૦+૨ પાસઅથવા બી.પી.પી. | ૧ વર્ષ | ૪વર્ષ | ૨૨૦૦/- | ૧૬૦૦/- | અંગ્રેજી |
| ૬. | ડિપ્લોમા ઈન ઓપરેશન | DOR | ૧૦+૨ પાસ અથવા બી.પી.પી. | ૧ વર્ષ | ૪વર્ષ | ૨૨૦૦/- | ૧૬૦૦/- | અંગ્રેજી |
| ૭. | ડિપ્લોમા ઈન મધર ઍન્ડ ચાઈલ્ડ હેલ્થ ઍન્ડ ફેમીલી વૅલેફર | DMCH | ધોરણ ૧૦+૨ પાસ (અંગ્રેજીની જાણકારી જરૂરી)★★ | ૧ વર્ષ | ૪વર્ષ | ૫૨૦૦/- | ૩૬૦૦/- | ગુજરાતી |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮. | ડિપ્લોમા ઈન રૂરલ હેલ્થ | DVHW | ધોરણ ૧૦+૨ પાસ (અંગ્રેજીની જાણકારી જરૂરી)★★ | ૧ વર્ષ | ૪વર્ષ | ૪૨૦૦/- | ૨૯૦૦/- | ગુજરાતી |
| ૯. | ડિપ્લોમા ઈન સંસ્કૃત લેંગ્વેઝ | DSL | ૧૦+૨ પાસ | ૧ વર્ષ | ૪વર્ષ | ૨૨૦૦/- | ૧૬૦૦/- | ગુજરાતી |
| **સર્ટિફિકેટ અભ્યાસક્રમ** | | | | | | | | |
| ૧. | સર્ટિફિકેટ ઈન ફૂડ એન્ડ ન્યૂટ્રીશન આહાર અને પોષણમાં પ્રમાણપત્ર અભ્યાસક્રમ. | CFN | કોઈ શૈક્ષણિક લાયકાત જરૂરી નથી. ગુજરાતી વાંચી, લખી શકે તેવી ૧૮વર્ષ કે તેથી વધુ વયની કોઈપણ વ્યક્તિ પ્રવેશ લઈ શકશે. | ૬ માસ | ૨ વર્ષ | ૧૧૦૦/- | ૮૦૦/- | ગુજરાતી |
| ૨. | સર્ટિફિકેટ ઈન કમ્પ્યુટિંગ | CIC | ૧૦+૨ અથવા સમકક્ષ પરીક્ષા પાસ, સમકક્ષતામાં ધોરણ ૧૦ પાસ કર્યા પછી ITI ના બે કે તેથી વધુ વર્ષના માન્યતા પ્રાપ્ત કોર્સ સાથે એન.સી.વી.ટી. અથવા જી.સી.વી.ટી.ની પરીક્ષા પાસ કરેલ હોવી જરૂરી છે. | ૬ માસ | ૨ વર્ષ | ૩૨૦૦/- | ૨૨૦૦/- | ગુજરાતી |
| ૩. | સર્ટિફિકેટ ઈન ટૂરિઝમ માર્કેટિંગ | CTM | ” ” | ૬ માસ | ૨ વર્ષ | ૧૪૦૦/- | ૧૦૦૦/- | ગુજરાતી |
| ૪. | સર્ટિફિકેટ ઈન ટૂરિઝમ મૅનેજમેન્ટ | CMT | ” ” | ૬ માસ | ૨ વર્ષ | ૧૧૦૦/- | ૮૦૦/- | ગુજરાતી |
| ૫. | સર્ટિફિકેટ ઈન ચાઈલ્ડકેર એન્ડ ડેવલપમેન્ટ | CCCD | ” ” | ૬ માસ | ૨ વર્ષ | ૧૨૦૦/- | ૯૦૦/- | ગુજરાતી |
| ૬. | સર્ટિફિકેટ ઈન પર્સનલ કમ્પ્યુટર સોફ્ટવેર | CPCS | ” ” | ૬ માસ | ૨ વર્ષ | ૧૫૦૦/- | ૧૧૦૦/- | ગુજરાતી |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭. | સર્ટિફિકેટ ઈન ટીચિંગ ઑફ ઈંગ્લિશ | CTE | કોઈ પણ વિદ્યાશાખાનો સ્નાતક અથવા ૩વર્ષનો B.EL.ED.અથવા૨વર્ષનોPTT, ETT અથવા ૧૦+૨ અને વર્ષનો શિક્ષણના કાર્યનો અનુભવ. | ૬ માસ | ૨ વર્ષ | ૧૮૦૦ | ૧૩૦૦/- | અંગ્રેજી |
| ૮. | સર્ટિફિકેટ ઈન એન્વાયરમેન્ટ સ્ટડીઝ | CES | ૧૦+૨અથવા સમકક્ષ પરીક્ષા પાસ, સમકક્ષતામાં ધોરણ ૧૦ પાસ કર્યા પછી ITI ના બે કે તેથી વધુ વર્ષના માન્યતા પ્રાપ્ત કોર્સ સાથે એન.સી.વી.ટી. અથવા જી.સી.વી.ટી.ની પરીક્ષા પાસ કરેલ હોવી જરૂરી છે. | ૬ માસ | ૨ વર્ષ | ૧૮૦૦/- | ૧૩૦૦/- | ગુજરાતી |
| ૯. | સર્ટિફિકેટ ઈન કોમ્યુનિકેશન સ્કીલ્સ ઈન ઈંગ્લિશ : લેવલ-I | CCSE | ધોરણ ૮ પાસ | ૬ માસ | ૨ વર્ષ | ૭૦૦/- | ૭૦૦/- | અંગ્રેજી |
| ૧૦. | સર્ટિફિકેટ ઈન કમ્પ્યુટર કન્સેપ્ટ-બીએઓયુ | CCC-BAOU | ધોરણ ૧૦ પાસ | ૬ માસ | ૨ વર્ષ | ૪૦૦૦/- | ૨૮૦૦/- | ગુજરાતી, હિન્દી, અંગ્રેજી અને ઉર્દૂ |
| ૧૧. | સર્ટિફિકેટ ઈન મેટરનીટી નર્સિંગ આસીસ્ટન્ટ | CTBA | ધોરણ ૧૦+૨ પાસ (અંગ્રેજી ભાષાની જાણકારી જરૂરી) | ૬ માસ | ૨ વર્ષ | ૧૭૦૦/- | ૧૨૦૦/- | ગુજરાતી |
| ૧૨. | સર્ટિફિકેટ ઈન પેરન્ટહુડ | CCBP | ધોરણ : ૭ પાસ તથા ૧૮ વર્ષ કે તેથી વધુ ઉંમર | ૬ માસ | ૨ વર્ષ | ૨૨૦૦/- | ૨૨૦૦/- | ગુજરાતી |
| ૧૩. | સર્ટિફિકેટ ઈન યોગવિજ્ઞાન | CYS | લખી વાંચી શકે તેવા તથા ૧૮ વર્ષ કે તેથી વધુ ઉંમર | ૬ માસ | ૨ વર્ષ | ૧૪૦૦/- | ૧૪૦૦/- | ગુજરાતી |
| ૧૪. | સર્ટિફિકેટ ઈન નેચરોપેથી | CIN | લખી વાંચી શકે તેવા તથા ૧૮ વર્ષ કે તેથી વધુ ઉંમર | ૬ માસ | ૨ વર્ષ | ૪૨૦૦/- | ૪૨૦૦/- | ગુજરાતી |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧૫. | સર્ટિફિકેટ ઈન હ્યુમન રાઈટ્સ | CHR | ૧૦+૨અથવા સમકક્ષ પરીક્ષા પાસ, સમકક્ષતામાં ધોરણ ૧૦ પાસ કર્યા પછી ITI ના બે કે તેથી વધુ વર્ષના માન્યતા પ્રાપ્ત કોર્સ સાથે એન.સી.વી.ટી. અથવા જી.સી.વી.ટી.ની પરીક્ષા પાસ કરેલ હોવી જરૂરી છે. | ૬ માસ | ૨ વર્ષ | ૧૪૦૦/- | ૧૦૦૦/- | ગુજરાતી |
| ૧૬. | સર્ટિફિકેટ ઈન એન્વાયરમેન્ટ અવેરનેસ | CEA | ૧૦ પાસ | ૬ માસ | ૨ વર્ષ | ૧૨૦૦/- | ૮૦૦/- | ગુજરાતી |
| ૧૭. | સર્ટિફિકેટ ઈન ડૉ. બાબાસાહેબ આંબેડકર લાઈફ એન્ડ થોટ્સ | CALT | ૧૦ પાસ | ૬ માસ | ૨ વર્ષ | ૬૦૦/- | ૬૦૦/- | ગુજરાતી |
| ૧૮. | સર્ટિફિકેટ ઈન આંગણવાડી કાર્યકર્તા | CCAW | ધોરણ- ૭ પાસ તથા૧૮ વર્ષ કે તેથી વધુ ઉંમર | ૬ માસ | ૨ વર્ષ | ૧૨૦૦/- | ૧૨૦૦/- | ગુજરાતી |
| ૧૯. | સર્ટિફિકેટ અભ્યાસક્રમ NGO મેનેજમેન્ટ | CNM | માન્ય યુનિવર્સિટીની સ્નાતક પદવી અથવા ધો.૧૦ પછી બે કે વધુ વર્ષના સરકાર માન્ય ડિપ્લોમાની પદવી અને ૦૩ વર્ષનો NGOનો અનુભવ અથવા ધો.૧૨ પાસ અને ૦૩ વર્ષનો NGO નો અનુભવ | ૬ માસ | ૨ વર્ષ | ૧૧૦૦/- | ૧૧૦૦/- | ગુજરાતી |
| ૨૦. | Foreign Language Certificate in English | FLCE | Any Person | ૬ માસ | ૨ વર્ષ | ૧૮૦૦/- | ૧૮૦૦/- | અંગ્રેજી |
| ૨૧. | Foreign Language Certificate in French | FLCF | Any Person | ૬ માસ | ૨ વર્ષ | ૧૮૦૦/- | ૧૮૦૦/- | ફ્રેન્ચ |

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં વર્ષમાં બે વાર પરીક્ષા તથા પ્રવેશ પ્રક્રિયા થાય છે. ફેબ્રુઆરી તથા ઓગસ્ટ સત્ર માટે અનુક્રમે નવેમ્બર અને મે મહિનામાં પ્રવેશફોર્મ ભરવાનું કાર્ય યુનિવર્સિટી તથા તેના સક્રિય અભ્યાસકેન્દ્રો પરથી થાય છે. પ્રવેશ, પરીક્ષા, અભ્યાસકેન્દ્રો, સ્વાધ્યાયકાર્ય તથા અભ્યાસસામગ્રી અંગેની અત્યંત અગત્યની માહિતી તેની વેબસાઈટ www.baou.edu.in પર ઉપલબ્ધ હોય છે. આ વેબસાઈટ પર OMKAR લીંક પરથી વિવિધ અભ્યાસક્રમોની અભ્યાસસામગ્રી e-content સ્વરૂપે પ્રાપ્ત થાય છે, જે એક વિશેષ સુવિધા છે.

આસિ. પ્રોફેસર,
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,
આર.સી. ટેકનીકલ ઈન્સ્ટિટ્યૂટ કેમ્પસ,
ગુજરાત હાઈકોર્ટ સામે, અમદાવાદ-૩૮૦૦૬૦



# ૨૦ ધોરણ-૧૨ પછી લેવાતી વિવિધ પ્રવેશ પરીક્ષાઓ

*– ડૉ. રમેશ જ. ભાયાણી*

આજે દરેક યુવાનને પોતાની કારકિર્દીની પસંદગી કેવી રીતે કરવી તે અંગે મુંઝવણ હોય છે . આને કારણે કોઈવાર મળતી સલાહો કે બીજાની દોરવણીથી દોરવાઈ કોઈવાર ખોટી કારકિર્દી પસંદ કરે છે તેને કારણે આખી જીંદગી દરમિયાન અફસોસ રહે છે. આનું કારણ કે જ્યારે તમારે કયા ક્ષેત્રમાં જવાની પસંદગી કરવાની આવે છે ત્યારે તમારી પાસે તે ક્ષેત્રની અથવા તો તે કારકિર્દીની તમને સમજણ હોવી જોઈએ કારણ કે તમે જે નિર્ણય લેશો તેની અસર તમારા જીવન પર થવાની છે તેથી કારકિર્દી એવી રીતે પસંદ કરો કે તમને મજા પડો.

ઘણીવાર એવું બને કે ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં અપેક્ષા અનુસાર આપણને ગુણ મળે નહિ અને એન્જીયનિયરીંગ ક્ષેત્રમાં જવા માટે જે.ઈ.ઈ. તેમજ મેડિકલમાં જવા માટે ગુજકેટની પરીક્ષા આપીએ તેમાં પણ પુરતા ગુણ ન મળ્યા હોય તો આ ક્ષેત્રોમાં જવા માટે વિવિધ પરીક્ષાઓ લેવામાં આવતી હોય છે. આવી પરીક્ષા રાષ્ટ્રીય કક્ષાએ, રાજ્ય કક્ષાએ તેમજ ડિમ્ડ યુનિવર્સિટીઓ દ્વારા લેવાતી હોય છે. જો આ પરીક્ષાના અરજીપત્રકો સમયસર ભરી દેવામાં આવે તો તે પરીક્ષા આપી તેમાં પુરતા ગુણ પ્રાપ્ત કરી આપણે ગુમાવેલી તકને ફરી પરીક્ષાઓ આપી પ્રાપ્ત કરી શકીએ છીએ. આવું ઘણીવાર બન્યુ હોઈ આપણે જેમાં જવું છે તેમાં એડમીશન ન મળે. આવી એન્ટ્રન્સ ટેસ્ટ આપી વિદ્યાર્થી પોતાની પસંદગીની કારકિર્દી બનાવતા હોય છે. આના માટે આપણને આપણા ગુજરાતની ગુજકેટ કે એન્જીનીયરીંગ માટે લેવાતી જે.ઈ.ઈ. પરીક્ષા ઉપરાંત કેટલીક એન્ટ્રન્સ ટેસ્ટ આપી આપણે ખૂબ જ સારી કોલેજ કે સંસ્થામાં આપણી પસંદગીની કારકિર્દી ઘડી શકીએ છીએ. આ પરીક્ષાઓની જાહેર ખબરો સામાન્ય રીતે ઓક્ટોબરથી ફેબ્રુઆરી સુધી અખબારોમાં આવે છે. જેના ફોર્મ બેંક દ્વારા અથવા સંસ્થામાં પ્રાપ્ત કરી અથવા તો ઓનલાઈન અરજી કરી પ્રવેશ ફોર્મ મેળવી શકાય છે, પરંતુ આવી કેટલી એન્ટ્રન્સ ટેસ્ટ લેવાય છે તેની જાણકારી આપણને ન હોવાથી આવી પરીક્ષાઓ આપણે આપવાની તક ગુમાવીએ છીએ. જો આપણે આવી પરીક્ષાઓ અંગે જાણતા હોઈએ તો આપણી કારકિર્દીની પસંદગી યોગ્ય રીતે તેમજ ખૂબ જ સારી રીતે કરી શકીએ. આવી કેટલીક લેવાતી એન્ટ્રન્સ ટેસ્ટની ટૂંકમાં માહિતી આપી છે. વધુ માહિતીઓ જાહેર ખબર દ્વારા તેમજ ઈન્ટરનેટના માધ્યમથી મળી રહે છે.

● **ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહ બાદ લેવાતી કેટલીક અગત્યની રાષ્ટ્રિય કક્ષાની પરીક્ષાઓ :**

(૧) **આર્મ્ડ ફોર્સ મેડિકલ કોલેજ .(AFMC) :**

કેન્દ્રીય સરકાર દ્વારા ચાલતી આ કોલેજ પૂના ખાતે છે.

**લાયકાત :** ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહની સમકક્ષ પરીક્ષા આપી હોય, ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, જીવવિજ્ઞાન અંગ્રેજી સાથે ઓછામાં ઓછા ૬૦ ટકા ગુણ પ્રાપ્ત કર્યા હોય, ૫૦ ગુણ અંગ્રેજી વિષયમાં હોય તેમજ એસ.એસ.સી.માં ગણિત વિષય હોય, ઉંમર ૧૭થી ૨૨ વર્ષના હોય તે આ પરીક્ષા આપી શકે છે.

અરજીપત્રક મોટા શહેરોની પોસ્ટ ઓફિસમાંથી મળે છે.

**અરજીપત્રક મોકલવાનું સ્થળ :** ઓફિસર - ઈન - ચાર્જ (એડમિશન સેલ) આર્મ્ડ ફોર્સ, મેડિકલ કોલેજ, પૂના- ૪૧૧૦૪૦

**ગુજરાતમાં** - અમદાવાદ, વડોદરા કેન્દ્રો છે. (જાહેરાત - જાન્યુઆરીમાં : પરીક્ષા - મે માસમાં) જરૂરી રકમનો ડીડી મોકલવો.

**વેબસાઈટ :** Http : II www.armedforces.nic.in.

(૨) **ઑલઈન્ડિયા ઈન્સ્ટિટયૂટ ઓફ મેડિકલ સાયન્સ (AIIMS) :**

સમગ્ર દેશમાં મેડિકલ ક્ષેત્રે એક આગવું સ્થાન ધરાવે છે જે ન્યુદિલ્હી ખાતે છે.

**લાયકાત :** ધો. ૧૦ + ૨ ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, જીવવિજ્ઞાન અને અંગ્રેજી સાથે

ઓછામાં ઓછા ૬૦ ટકા ગુણ (SC / ST માટે ૫૦ ટકા) ઉંમર ૧૭ વર્ષ

**અરજીપત્રક મેળવવા માટે :** આસિસ્ટન્ટ કન્ટ્રોલર ઓફ એક્ઝામિનેશન ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટયૂટ ઓફ મેડિકલ સાયન્સ, અન્સારી નગર , ન્યુ દિલ્હી- ૧૧૦૦૨૯ આજ સરનામે અરજીપત્રક જરૂરી ડીડી સાથે મોકલવું.

**અરજીપત્રક માટેની જાહેરાત :** લગભગ ડિસેમ્બર, ફોર્મ જાન્યુઆરી-ફેબ્રુઆરીમાં મળે, પરીક્ષા જુન માસમાં

**પરીક્ષા કેન્દ્રો :** અમદાવાદ, ગુજરાત રાજ્ય.

ફોન નં. ૦૧૧ : ૨૬૫૮૮૫૦૦, ૨૬૫૮૮૭૦૦, ૨૬૫૮૯૯૦૦

**વેબસાઈટ :** - www.aliims.ac.in

(૩) **વેટરિનરી કાઉન્સિલ ઓફ ઈન્ડિયા.**

સ્નાતક અભ્યાસક્રમ પાંચ વર્ષનો ઈન્ટરશીપ સાથેનો છે.

**લાયકાત :** ૧૦+૨, ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, જીવવિજ્ઞાન, અંગ્રેજી સાથે. ઉંમર વર્ષ ૧૭,

**જાહેરાત :** નવેમ્બરમાં, અરજીપત્રક મેળવવાની શરૂઆત જાન્યુઆરી, પરીક્ષા મે માસમાં. ગુજરાતમાં કોલેજ ઓફ વેટેરિનરી સાયન્સ એન્ડ એનીમલ હસબન્ડરી : આણંદ

**અરજીપત્રક મેળવવાનું સ્થળ :** વેટરિનરી કાઉન્સિલ ઓફ ઈન્ડિયા `A' વિંગ બીજો માળ, ઓગસ્ટક્રાંતિ ભવન, ભીખાજીકામા પેલેસ, ન્યુ દિલ્હી - ૧૧૦૦૬૬

અરજી પત્રક જરૂરી ડીડી જોડી આજ સરનામે મોકલી શકાય.

**વેબસાઈટ :** www.vic.nic.in

(૪) **ઑલ ઈન્ડિયા હોટેલ મેનેજમેન્ટ (JEE)**

નેશનલ કાઉન્સિલ ફોર હોટેલ મેનેજમેન્ટ એન્ડ કેટરીંગ ટેકનોલોજી એન્ડ ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટીના સંયુક્ત ઉપક્રમે એન્ટ્રન્સ પરીક્ષા લેવાય છે. ત્રણ વર્ષનો સ્નાતક અભ્યાસક્રમમાં પ્રવેશ પરીક્ષા દ્વારા પહેલા વર્ષમાં દાખલ થવાય છે.

**લાયકાત :** ધો. ૧૦+૨ વિજ્ઞાન પ્રવાહ, સામાન્ય પ્રવાહ, અંગ્રેજી વિષય સાથે , ઉંમર ૨૨થી વધુ નહિ (૨૫ વર્ષ SC/ ST)

**અરજીપત્રક મેળવવા માટે :** જાન્યુઆરીથી માર્ચ, પરીક્ષા મે માસમાં

**અરજીપત્રક મેળવવાનું સ્થળ :** નેશનલ કાઉન્સિલ ફોર હોટેલ મેનેજમેન્ટ એન્ડ કેટરીંગ એવન્યુ. પુસા કોમ્પ્લેક્સ, ન્યુ દિલ્હી - ૧૧૦૦૧૨

ઓનલાઈન દ્વારા પણ ફોર્મ ભરાય છે. સાથે જરૂરી રકમનો ડીડી જોઈએ.

**વેબસાઈટ :** www.nchmct.org.

(૫) **બનારસ હિન્દુ યુનિવર્સિટી ઈન્સ્ટિટયૂટ ઓફ મેડિકલ સાયન્સ વારાણસી**

**લાયકાત :** ધો. ૧૨ ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, જીવવિજ્ઞાન અંગ્રેજી સાથે ૫૦ ટકા ગુણ (૫૦ ટકા SC/ ST) ઉંમર ૧૭ વર્ષ

**અરજીપત્રક :** ડાયરેક્ટ (PMT - Cell)ઈન્સ્ટિટયૂટ ઓફ મેડિકલ સાયન્સ, બનારસ હિન્દુ યુનિવર્સિટી, વારાણસી - ૨૨૧૦૦૫

અરજીપત્રક સાથે જરૂરી ડીડી મોકલવો.

**વેબસાઈટ** - www.bhu.ac.in.

અરજીપત્રક માટેની જાહેરાત ડિસેમ્બરમાં. ફોર્મ ફેબ્રુઆરી અને માર્ચમાં મળે છે. પરીક્ષા જૂનમાં

(૬) **ધ ક્રિશ્ચિયન મેડિકલ કોલેજ વેલોર :**

ડૉ. એમ.જી.આર. મેડિકલ યુનિવર્સિટી તામિલનાડુ સાથે જોડાયેલ છે.

**લાયકાત :** ધો. ૧૨ ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, જીવવિજ્ઞાન, અંગ્રેજી વિષય સાથે ૬૦ ટકા ગુણ હોવા જોઈએ. માર્ચ મહિનામાં જાહેરાત જૂનના પ્રથમ સપ્તાહમાં પરીક્ષા હોય છે.

**સરનામું :** ક્રિશ્ચિયન મેડિકલ કોલેજ : વેલોર તામિલનાડુ - ૬૩૨૦૦૨

Email : registar@cmcvalou.ac.in

**વેબસાઈટ** - www.cmcvellore.ac.in

(૭) **ધી બિરલા ઈન્સ્ટિટયૂટ ઓફ ટેકનોલોજી (BITS)**

પિલાની ઉપરાંત ગોવા ખાતે તેનું કેમ્પસ આવેલું છે.

**લાયકાત :** ઓછામાં ઓછા ૮૦ ટકા ગુણ, ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, ગણિત વિષયો. દરેકમાં ઓછામાં ઓછા ૬૦ ટકા ગુણ હોવા જોઈએ.

**અરજીપત્રક :** .ઓનલાઈન : www.bits-pillani.ac.in / BITSAT

અરજીપત્રક અંગેની જાહેરાત ડિસેમ્બરમાં. પરીક્ષા મે અને જુનમાં હોય છે.

પીલાની કેમ્પસમાં ૮૦૦ બેઠકો, ગોવા કેમ્પસમાં ૬૦૦ બેઠકો છે. સંદેશા વ્યવહારનું સરનામું : એડમિશન ઓફિસર, બી.આઈ.ટી.એસ. (BITS), પીલાની - ૩૩૩૦૩૧

(૮) **ધ જવાહર ઈન્સ્ટિટયૂટ ઓફ પોસ્ટ ગ્રેજ્યુએટ મેડિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ (JIPMER)**

આ ઈન્સ્ટિટયૂટમાં બી.એસસી. એમએલટી., બેચલર ઓફ મેડિકલ રેકોર્ડ સાયન્સ (B.M. R.Sc.)

**લાયકાત :** ધો. ૧૦+૨ : ભૌતિક શાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, જીવવિજ્ઞાન અંગ્રેજી, ૫૦ ટકા ગુણ હોવા જોઈએ. (૪૦ ટકા SC / ST)ઉંમર ૧૭ વર્ષ

અરજીપત્રક અંગે : અરજીપત્રક મેળવવા માટે રજીસ્ટાર (એકેડેમી) જેઆઈપી એમઈઆર, પોંડીચેરી - ૬૦૫૦૦૬

જરૂરી રકમનો ડીડી એકાઉન્ટ ઓફિસર

JIPMER : સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા

**જાહેરાત :** જાન્યુઆરી / ફેબ્રુઆરી - અરજીપત્રક માર્ચ સુધી મોકલી શકાય. પરીક્ષા જુનના પહેલા સપ્તાહમાં.

**વેબસાઈટ :** www.jipmer.edu.

નેશનલ ડિફેન્સ એકેડેમી (NDA) એન્ડ નેવલ એકેડેમી એક્ઝામીનેશન

**લાયકાત :** ૧૬.૫ વર્ષથી ૧૯ વર્ષ, ધો. ૧૦+૨ , ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, ગણિત, વિશય : ભારતીય હોવા જોઈએ.

અરજીપત્રક અંગે : દરેક શહેરની હેડ પોસ્ટ ઓફિસમાંથી મળી શકે.

સેકેટ્રરી, યુનિયન સર્વિસ પબ્લિક કમીશન, ધોલપુર હાઉસ, શાહજહાં હાઉસ, ન્યુ દિલ્હી - ૧૧૦૦૬૯.

http : //www.nda.nic.in

કેન્દ્રો : ગુજરાતમાં અમદાવાદ.

(૧૦) **નેશનલ ઈન્સ્ટિટયૂટ ઓફ ડિઝાઈન (NID)**

એક વર્ષના ફાઉન્ડેશન અભ્યાસક્રમ સાથે કુલ ૪ વર્ષનો અભ્યાસક્રમ ઈન્ડસ્ટ્રીઅલ ડીઝાઈન, ટેકસ્ટાઈલ એન્ડ એપરેલ ડીઝાઈન કોમ્યુનિકેશન ડીઝાઈન.

**લાયકાત :** ૧૦+૨ સામાન્ય પ્રવાહ / વિજ્ઞાન પ્રવાહ, ઉંમર ૨૦ વર્ષ, જાહેરાત અનુસાર જે બેંકમાંથી અરજીપત્રક મેળવવાનું હોય છે તેનું નામ આપવામાં આવે છે. જાહેરાત ઓકટોબર માસમાં આવે છે. ત્યારબાદ અરજીપત્રકો આપવામાં આવે છે. નવેમ્બર સુધી ફોર્મ સ્વીકારાય છે અને જાન્યુઆરીમાં પરીક્ષા હોય છે.

**પરીક્ષા કેન્દ્રો :** ગુજરાતમાં અમદાવાદ વધારે માહિતી માટે

નેશનલ ઈન્સ્ટિટયૂટ ઓફ ડિઝાઈન પાલડી, અમદાવાદ.

**ગુજરાત :** ૩૮૦૦૦૭, ટેલીફોન : ૦૭૯ - ૨૬૬૩૯૬૯૨

**ફેક્સ :** ૦૭૯- ૨૬૬૨૧૧૬૭ (૨૬૬૨૧૧૬૭)

Email : acldemic@nid.edu., Website : www.nid.edu.

(૧૧) **ધ નેશનલ ઈન્સ્ટિટયૂટ ઓફ ફેશન ટેકનોલોજી (NIFT) :**

અહીં ચાર વર્ણના સ્નાતક કક્ષાના અભ્યાસક્રમો છે. એનઆઈએફટી, ચેન્નાઈ, ન્યુ દિલ્હી, બેંગ્લોર, ગાંધીનગર (ગુજરાત) હૈદ્રાબાદ, કોલકત્તા, મુંબઈ ખાતે આવેલા છે.

**લાયકાત :** ધો. ૧૦+૨ ની પરીક્ષામાં ઉર્ત્તીણ થવા હોવા જોઈએ. અમુક અભ્યાસક્રમોમાં ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, ગણિત વિષયો હોવા જોઈએ.

**અરજીપત્રક :** સામાન્ય રીતે યુટીઆઈ બેંક દ્વારા મળે છે.

અરજીપત્રક www.niftindia.com, સાથે જરૂરી રકમનો ડીડી આઈએફટી ન્યુ દિલ્હી, ખાતે મોકલવાનો હોય છે.

જાહેરાત નવેમ્બરમાં, લેખિત પરીક્ષા ફેબ્રુઆરીમાં, ઈન્ટરવ્યૂ એપ્રિલ, મે .

**પરીક્ષાકેન્દ્ર :** ગુજરાતમાં અમદાવાદ, વડોદરા.

અરજીપત્રક મોકલવાનું સ્થળ : પ્રોજેક્ટ મેનેજર (સીએમએસ) ઓલ ઈન્ડિયા મેનેજમેન્ટ એસોસિયેશન, મેનેજમેન્ટ હાઉસ, ૧૪ ઈન્ડસ્ટ્રીયલ એરિયા, લોધી રોડ, ન્યુદિલ્હી - ૧૧૦૦૦૩, www.niftindia.com.in

(૧૨) **નેશનલ અકાદમી ઓફ લિગલ સ્ટડીઝ એન્ડ રિસર્ચ (NALSAR)**

હૈદ્રાબાદ, આન્ધ્ર ખાતે આવેલ છે.

**લાયકાત :** ધો. ૧૦+૨ કોઈપણ પ્રવાહના વિદ્યાર્થીઓ માટે ૫૦ ટકા ગુણ જરૂરી, (૪૫ ટકા.SC /ST) ઉંમર ૨૦ વર્ષથી નાની (૨૨ વર્ષ SC / ST)

**જાહેરાત :** અરજીપત્રક જાન્યુઆરીથી એપ્રિલ સુધી મળે છે. પરીક્ષા મેના બીજા કે ત્રીજા સપ્તાહમાં હોય છે. પરીક્ષા કેન્દ્ર ગુજરાતમાં અમદાવાદ.

**સરનામું :** આસિસ્ટન્ટ રજીસ્ટાર, NALSAR, સીટી ઓફિસ, ૩-૪-૭૬૧ બાર્કતપુરા, હૈદ્રાબાદ - ૫૦૦૦૨૭

ફોન. : ૦૪૦ : ૨૭૫૫૬૭૯૫૫

Email : admission@nalsarlawuniv.org
www.nalsarlawuniv.org.

**(૧૩) નેશનલ લૉ સ્કૂલ ઓફ ઈન્ડિયા યુનિવર્સિટી બેંગ્લોર(NLSUI)**

એશિયામાં આ લૉ સ્કૂલનું નામ પ્રખ્યાત છે. એલ. એલ.બી. એલ.એલ.એમ., બે વર્ષનો માસ્ટર બિઝનેસ લૉ એક વર્ષનો ડિપ્લોમા હ્યુમન રાઈટ્સ લૉ, ડિપ્લોમા એકવર્ષનો અભ્યાસક્રમ પરિયાવરણ લૉ, ઈન્ટર એક્યુઅલ પ્રોપર્ટી લૉના અભ્યાસક્રમો ચલાવવામાં આવે છે.

**અરજીપત્રક :** રજીસ્ટાર નેશનલ લો સ્કૂલ ઓફ ઈન્ડિયા યુનિવર્સિટી, નગરભાવી, બેંગલોર - ૫૬૦૦૭૨

ફોન : ૦૮૦-૨૩૨૧૩૬૦

Email : negistar@nis.ac.in, www.nis.ac.in

**અરજીપત્રક :** જાહેરાત ડિસેમ્બરમાં : અરજીપત્રક જાન્યુઆરીથી માર્ચ ભરી શકાય, પરીક્ષા મે માં હોય છે.

**પરીક્ષા કેન્દ્ર :** મુંબઈ, બેંગ્લોર, ભોપાલ વગેરે.

**(૧૪) નેશનલ લૉ યુનિવર્સિટી જોધપુર : નેશનલ એન્ટ્રન્સ ટેસ્ટ (NET) લે છે.**

B.A., LL.B., B.B.A., LLB., B.Sc., LLB અભ્યાસક્રમ ધરાવે છે.

**લાયકાત :** ધોરણ ૧૦+૨ કોઈપણ પ્રવાહ ૫૦ ટકા ગુણ. (૪૫ ટકા SC/ ST) ૨૦ વર્ષથી નીચેની ઉંમર હોવી જોઈએ. ગુજરાતમાં અમદાવાદ કેન્દ્ર છે.

ધ રજીસ્ટાર, નેશનલ લૉ યુનિવર્સિટી NH -૬૫, નાગૌર રોડ, માન્ડોર, જોધપુર - ૩૪૨૩૦૪

ફોન : ૦૨૯૧-૫૧૨૧૫૯૪, Email : niu_jod@raj.nic.in, Website : www. nlujodhpur.ac.in

**(૧૫) ધ નેશનલ લૉ ઈન્સ્ટિટયૂટ યુનિવર્સિટી (NLIU) - ભોપાલ :**

**લાયકાત :** ધો. ૧૦+૨ બધા જ પ્રવાહ માટે : ૫૫ ટકા ગુણ. (૪૫ ટકા SC / ST અને OBC) ૨૧ વર્ષથી નીચેની ઉંમર હોવી જોઈએ.

**જાહેરાત :** ફેબ્રુઆરીમાં આવે છે. અરજીપત્રક માર્ચથી એપ્રિલ સુધી મળે છે. પરીક્ષા મે માસમાં લેવાય છે.

**પરીક્ષા કેન્દ્ર :** ભોપાલ, મુંબઈ

**સરનામું :** પ્રોફેશનલ એકઝામિનેશન બોર્ડ, એમ. પી. "ચયનભવન" મેઈનરોડ નં. ૧, ચિનાર પાર્ક (પૂર્વ) ભોપાલ - ૪૬૨૦૧૧, Email : vyapam@mp.nic.in

ફોન : ૦૭૫૫-૨૬૯૬૭૧૭, ૨૬૯૬૯૬૫, ૨૬૯૬૯૯૫

**વેબસાઈટ :** http : //www.nliu.com

## • ડિમ્ડ યુનિવર્સિટીઓ

**(૧) અમ્રિતા વિશ્વ વિદ્યાપીઠમ :**

M.B.B.S. / B.D.S. / B.A.M.S. : કોઈમ્બતુર તામિલનાડુ ખાતે આવેલ છે.

**લાયકાત :** ધો. ૧૦+૨ , ભૌતિક શાસ્ત્ર, રસાયણ શાસ્ત્ર, જીવવિજ્ઞાન અને અંગ્રેજી : ૫૦ ટકા ગુણ, ઉંમર ૧૭ વર્ષ

**જાહેરાત :** માર્ચમાં, અરજીપત્રકો, માર્ચથી એપ્રિલ સુધી મળે છે પરીક્ષા મે માસમાં લેવાય છે.

**કેન્દ્ર :** મુંબઈ

**સરનામું :** ઓફિસ ઓફ ધી મેનેજર, અમ્રિતા સ્કૂલ ઓફ મેડિસિન, અમ્રિતા વિશ્વ વિદ્યાપીઠમ, કીક્કાર, કોચી - ૬૮૨૦૨૬ ફોન : ૦૪૮૪ - ૨૮૦૧૨૩૪

Email : medicalcollege@aims.amrita.edu.

**વેબસાઈટ :** www.aimshospital.org., www. amrita.edu.

**(૨) ભારતીય વિદ્યાપીઠ**

B.E. / B.Tech. (IT) M.B.B.S., B.D.S., BAMS, BHMS, B.Pharma, B.Arch., B.B.A., BCA., Hotel Management, B.Sc., LLB..

**લાયકાત :** ધો. ૧૦+૨ ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, ગણિતશાસ્ત્ર, જીવવિજ્ઞાન વિષય ધરાવતા મેડિકલમાં જશે.

જાહેરાત : જાન્યુઆરી : પરીક્ષા એપ્રિલ / મે માં હોય છે.

સરનામું : એડમિશન ઓફિસર, ભારતીય વિદ્યાપીઠ ભવન, લાલ બહાદુર શાસ્ત્રી માર્ગ, પુના - ૪૧૧૦૩૦

વેબસાઈટ : www.bhartividyapith.edu

(૩) **ડૉ. ડી.વાય. પાટીલ મેડિકલ કોલેજ**

**લાયકાત :** ધો. ૧૦+૨ વિજ્ઞાનપ્રવાહ ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, જીવવિજ્ઞાન : ૫૦ ટકા ગુણ ઉંમર ૧૭ વર્ષ

અરજીપત્રક માર્ચ માસમાં મળે છે. પરીક્ષા મે માસમાં હોય છે.

**પરીક્ષાકેન્દ્ર :** ગુજરાતમાં અમદાવાદ તથા મુંબઈ, પુના

**સરનામું :** ધ રજીસ્ટાર, ડૉ. ડી.વાય. પાટીલ વિદ્યાપીઠ, સંત તુકારામ નગર, પીમ્પરી, પુના : ૪૧૧૦૧૮. ફોન : ૦૨૦-૨૭૪૨૦૦૧૦, ૨૭૪૨૦૧૫૬

Email : dypv@vsnl.net.

**વેબસાઈટ** : www.dypatilvidyapith.org.

(૪) **કર્ણાટકના મનિપાલ ખાતે આવેલ મનિપાલ એકેડેમી ઑફ હાયર એજ્યુકેશન (MAHE)થી પ્રચલિત :**

અન્ડરગ્રેજ્યુએટ એન્ટ્રન્સ ટેસ્ટ (UGET)

**લાયકાત :** ૧૦+૨ ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, જીવવિજ્ઞાન, ૫૦ ટકા ગુણ સાથે મેડિકલ માટે, એન્જિનિયરીંગ માટે ગણિતશાસ્ત્ર હોવુ જોઈએ.

પરીક્ષા એપ્રિલમાં આવે છે.

કેન્દ્ર : ગુજરાતમાં અમદાવાદ

**સરનામું :** ડેપ્યુટી રજીસ્ટાર, એડ્મિશન ઓફિસ, મનીપાલ એકેડેમી ઓફ હાયર એજ્યુકેશન, મનીપાલ : ૫૭૬૧૦૪

ફોન. ૦૮૨૦ : ૨૫૭૧૯૭૮, ફેક્સ : ૦૮૨૦ - ૨૫૭૧૯૮૨

Email : admission@manipal.edu., Website : www.manipal.edu.

(૪) **એસ.આર.એમ ઈન્સ્ટિટયૂટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી**

આ સંસ્થામાં એન્જિનિયરીંગ ઉપરાંત મેડિકલ અને પેરામેડિકલના અભ્યાસક્રમ ચાલે છે. ઉપરાંત મેનેજમેન્ટ આર્કિટેક્ટ.

**લાયકાત :** મેડિકલ માટે ધો. ૧૦+૨, ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર અને જીવવિજ્ઞાન.

જાહેરાત જાન્યુઆરી, ફેબ્રુઆરીમાં આવે છે. માર્ચમાં અરજીપત્રક ભરવાના હોય છે. પરીક્ષા એપ્રિલમાં લેવાય છે.

**પરીક્ષા કેન્દ્ર :** અમદાવાદ

**સરનામું :** ડીન (એડમિશન) એસ.આર.એમ. ઈન્સ્ટિટયૂટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી, એસ.આર.એમ.નગર, મટાન્કુલાથુર, કાંચીપૂરમ જીલ્લો- ૬૦૩૨૦૩

તામિલનાડુ : ફોન : ૦૪૪- ૨૭૪૫૨૨૭૦

Email : dean@admission.srmuniv.ac.in

**વેબસાઈટ** - www.srmuniv.ac.in

(૫) **વેલોર ઈન્સ્ટિટયૂટ ઓફ ટેકનોલોજી (VIT)**

આ સંસ્થા ૧૭ સ્નાતક કક્ષાના અને ૨૮ અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમો ચલાવે. ઉપરાંત બાયોઈન્ફર્મેટિક, બાયોટેકનોલોજી, અભ્યાસક્રમો ચલાવે છે.

**લાયકાત :** ધો. ૧૦+૨, ભૌતિકશાસ્ત્ર, રસાયણ શાસ્ત્ર, ગણિત અથવા બાયોલોજી (જીવવિજ્ઞાન) પીસીએમ વિષયો ધરાવતાં વિદ્યાર્થીઓ બધા જ અભ્યાસક્રમોમાં જોડાઈ શકે છે. જ્યારે પીસીબી (PCB) વિષયો ધરાવતા બાયોટેકનોલોજી, બાયો ઈન્ફર્મેટિકમાં પ્રવેશ મેળવી શકે છે.

**જાહેરાત :** ફેબ્રુઆરીમાં આવે છે. અરજીપત્રકો ફેબ્રુઆરીમાં મળે છે. પરીક્ષા એપ્રિલમાં લેવાય છે.

પરીક્ષા કેન્દ્ર : અમદાવાદ સરનામું : એડમિશન ઓફિસર (VIT) વેલોર-૬૩૨૦૧૪

ફોન : ૦૪૧૬-૪૨૦૭૦૭૦ (પાંચ લાઈન) ૨૨૦૨૧૬૮ / ૨૨૦૨૧૫૭

Email : admission@vit.ac., vitadmission@yahoo.com

**વેબસાઈટ** - www.vit.ac.in

કેટલાક રાજ્યો દ્વારા પ્રવેશ પરીક્ષા લેવામાં આવે છે. જેનો આપણે હવે ખૂબ ઓછો ઉપયોગ કરીએ છીએ, પરંતુ, તે અંગે અગત્યની પરીક્ષા વિષે જાણીશું.

(૧) **સીઈટી કર્ણાટકા : કોમન એન્ટ્રન્સ ટેસ્ટ (CET)**

મેડિકલ, આયુર્વેદ, હોમીયોપેથી, યુનાની, નેચરોપથી, યોગા, આર્કિટેક્ટ, ડેન્ટલ, એન્જિનિયરીંગ અને ટેકનોલોજી માટે એન્ટ્રન્સ ટેસ્ટ લેવામાં આવે છે.

**લાયકાત :** ધો. ૧૨ : ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, જીવવિજ્ઞાન અને અંગ્રેજી : જે મેડિકલ અને

પેરામેડિકલ પરીક્ષા માટે ઉપયોગી છે. ઉપરાંત આયુર્વેદ, હોમીયોપેથી, યુનાની, નેચરોપથી માટે પરીક્ષા આપવી જરૂરી છે. ધો. ૧૨, ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, ગણિત અને અંગ્રેજી વિષય હોય તે એન્જિનિયરીંગ અને ટેકનોલોજી માટે અરજીપત્રક ભરી શકે છે.

**જાહેરાત :** ફેબ્રુઆરીમાં , અરજીપત્રકો, ફેબ્રુઆરી-માર્ચ માસ દરમિયાન ભરાય છે. પરીક્ષા મે માસમાં લેવાય છે.

ધો. ૧૦+૨ વિજ્ઞાન પ્રવાહમાં ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, જીવવિજ્ઞાન ૫૦ ટકા ગુણ હોવા જોઈએ.

**જાહેરાત :** માર્ચ માસમાં આવ્યા પછી અરજીપત્રકો ભરાય છે. પરીક્ષા મે માસમાં લેવાય છે.

ગુજરાતમાં અમદાવાદ કેન્દ્ર છે.

**સરનામું :** એડમિશન ઓફિસર, સિક્કિમ મનીપાલ યુનિવર્સિટી, ૫માં માળે, ટાડોન્ઝ, ગંગટોક સિક્કિમ,

ફોન ૩૫૯૨- ૨૨૭૦૩૮૯

Email : admission-smu@smuhmts.edu

**વેબસાઈટ** - www.smuhmts.edu.

રાષ્ટ્રિયકક્ષાએ લેવામાં આવતી એન્ટ્રન્સ પરીક્ષા દ્વારા આપણે ઉચ્ચ ગુણવત્તા ધરાવતી કોલેજ તેમજ સંસ્થામાં દાખલ થઈ શકાય છે. ગુજરાતમાં પણ અન્ય યુનિવર્સિટીઓમાં જેઈઈ - અને ગુજકેટની પરીક્ષા આપી હોય અને સારા ગુણ પ્રાપ્ત કર્યા હોય તો પ્રવેશ મેળવી શકાય છે. અને જેઈઈ- ગુજકેટ અંગે દર્શાવ્યું નથી કારણ કે, તે અંગે બધા જાણતા હોય છે પરંતુ વિશેષ માહિતી માટેના ખાસ આવા કેરિયર અને કોલેજ પ્લાનર આવતા હોય છે. આવા પુસ્તકની માહિતી મેળવી મંગાવી લેવા રાષ્ટ્રિયકક્ષાએ ૧૮, ડીમ્ડ યુનિવર્સિટીઓ દ્વારા ૧૧, તેમજ ભારતના વિવિધ રાજ્યો દ્વારા ૨૩ પરીક્ષાઓ લેવાય છે. આ માહિતી તમને ઉપયોગી થશે તેમ માનું છું. વિશેષ જાણકારી માટે સંપર્ક કરવા વિનંતી.

નિયામકશ્રી,
શ્રી. ઓ.વે.શેઠ પ્રાદેશિક લોકવિજ્ઞાન કેન્દ્ર,
રેસ કોર્સ, રાજકોટ - ૩૬૦૦૦૧
(ફોન ૦૨૮૧-૨૪૪૯૯૪૦)

## કોઈપણ અભ્યાસક્રમમાં પ્રવેશ : આ વિગતો તમારી પાસે છે ?

ધો. ૧૨માં ઉત્તિર્ણ થયા બાદ વિવિધ અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે કેટલાંક જરૂરી પ્રમાણપત્રોની આવશ્યકતા રહેશે. આ પ્રમાણપત્રોની પ્રમાણિત કરેલી ઝેરોક્ષ નકલો તૈયાર રાખો.

પ્રવેશ માટેના જરૂરી પ્રમાણપત્રો

- ધોરણ-૧૦ની માર્કશીટ
- ધોરણ-૧૦નું પ્રમાણપત્ર
- ધોરણ-૧૨ની માર્કશીટ
- પાસપોર્ટ સાઈઝના ૨૦ ફોટોગ્રાફ્સ
- સ્વયંનું નામ, સરનામું લખેલા પરબીડિયાં
- શાળા અભ્યાસ દરમિયાન પ્રાપ્ત કરેલા રમત-ગમત, એન.સી.સી., સામાજિક પ્રવૃત્તિને લગતા તેમજ અન્ય કોઈ પ્રમાણપત્ર હોય તો તે.
- ધોરણ-૧૧ની માર્કશીટ
- જાતિ અંગેનું સક્ષમ અધિકારી દ્વારા અપાયેલું પ્રમાણપત્ર (લાગુ પડતું હોય તો)
- અન્ય પછાત વર્ગમાં આવતા વિદ્યાર્થીઓ માટે 'નોન-ક્રિમિલેયર' અંગેનું છેલ્લા વર્ષનું પ્રમાણપત્ર
- શાળા છોડ્યાનું પ્રમાણપત્ર
- પ્રયત્ન પ્રમાણપત્ર
- ચારિત્ર્યનું પ્રમાણપત્ર (જરૂરી હોય ત્યાં)

# ૨૧ સાયન્ટિસ્ટ કેવી રીતે બની શકાય ?

*– આર. એન. કોટક*

કારકિર્દી માર્ગદર્શન કાર્યક્રમો અને અખબારો, સામયિકોમાં આજના વિદ્યાર્થીઓ દ્વારા સતત પૂછાતો એક પ્રશ્ન 'વૈજ્ઞાનિક કેમ થવાય ?' તરફ આ ક્ષેત્રના તજજ્ઞોનું ખાસ ધ્યાન ખેંચાયું છે. અમારા બચપણમાં અમોને 'ઉડતી રકાબી' કે 'સપ્તર્ષિ' વિશે હંમેશા કુતૂહલ રહેતું. શાળાજીવનમાં વિજ્ઞાનખંડના પ્રયોગો આનંદ અને આશ્ચર્ય સાથે જાણતા પણ બે ચાર વિજ્ઞાનીઓ જેવા કે ગેલેલીયો, ન્યુટન, જગદીશચંદ્ર બોઝ વિ. નામ જાણવા સિવાય કોઈ વિશેષ જાણકારી ન મળતી જ્યારે આજના અખબારો, સામયિકોમાં નાના બાળકો 'પોતાના સપના' કોલમોમાં એમ કહે છે કે 'મારે વૈજ્ઞાનિક થવું છે ?' આ વૈજ્ઞાનિક (Scientist) એ એક કારકિર્દી કે વ્યવસાય છે ? શું તે બની શકાય છે ? વિજ્ઞાન એ સતત શોધ-સંશોધનનો વિષય છે. થોમસ આલ્વા એડિસન ૧૦૮ પ્રયોગો બાદ હાર માન્યા વિના જે શોધ આપી છે તે વિશ્વને પ્રકાશિત કરે છે.

**● 'વૈજ્ઞાનિક' કારકિર્દીનો પાયો :**

'આન્ડિયન ઈન્સ્ટિટયૂટ ઓફ સાયન્સ' (II Sc.) એ દેશની મૂળ, જાણીતી વિજ્ઞાન સંશોધન સંસ્થા છે. તે વિજ્ઞાન શોધ-સંશોધનના અનેક કાર્યક્ષેત્રો દ્વારા દેશને વૈજ્ઞાનિક આપવા પ્રયત્નશીલ છે. આ સંસ્થા દ્વારા સરકારની એક યોજના 'કિશોર વૈજ્ઞાનિક પ્રોત્સાહન યોજના' (KVPY) ચાલે છે જે દર વર્ષે જાહેરાત દ્વારા વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ પ્રદાન કરવાનું કાર્ય કરે છે. (www.kvpy.org.in) બેઝીક સાયન્સમાં રસ ધરાવતાં વિદ્યાર્થીઓ ધો. ૧૦, ધો. ૧૨, કોલેજ (FY)ના માટે જો ૮૦ % (વિજ્ઞાન-ગણિત)માં હોય તો પરીક્ષામાં બેસી શકે છે. સફળ થનારને રૂ. ૫ થી ૬ હજારની શિષ્યવૃત્તિ વતા વાર્ષિક ખર્ચ શોધ-સંશોધન માટે મળે છે વેકેશનમાં સમર સ્કૂલમાં બોલાવાય છે.

ભારત સરકારના વિજ્ઞાન ટેકનોલોજી વિભાગ દ્વારા 'ઈનોવેશન ઈન સાયન્સ પર્સ્યુટ ફોર ઈન્સ્પાયર્ડ રિસર્ચ' - 'ઈન્સ્પાયર' સ્કોલરશિપ પણ વિજ્ઞાન ટેકનોલોજી ક્ષેત્રના સંશોધન માટે ધો. ૧૨ વિજ્ઞાનના 'ટોપ' વિદ્યાર્થીને આપવામાં આવે છે. યુવા સંશોધકોને 'ઈન્સ્પાયર એવોર્ડ' પણ અપાય છે.

**● શોધ સંશોધનની વિવિધ પરીક્ષા-કસોટીઓ અને કાર્યક્રમો :**

UGC નેટ કે CSIR UGC નેટ નામની 'નેશનલ એલિજિબિલીટી ટેસ્ટ' વિવિધ વિષયો માટેની જોબ (લેકચરર) અને શોધ સંશોધન (JRF) માટે દર વર્ષે થાય છે. આ એકઝામમાં `JRF' જૂનિયર રિસર્ચ ફેલોશીપએ Ph.D. માટેનો શિષ્યવૃત્તિ / સ્ટાઈપેન્ડ માટેનો માર્ગ છે. તેનાથી વૈજ્ઞાનિકની કારકિર્દી બને છે. (ugcnetonline.com). આ પરીક્ષા PG ૫૫ %વાળા વિદ્યાર્થી આપી શકે છે. PGના સુદૃઢ અભ્યાસ માટે JAM, GATE વિ. પ્રવેશ પરીક્ષાઓ પણ છે.

અહીં સરકાર પ્રાયોજિત એક કાર્યક્રમ `MTTS' એવો પણ છે કે જે એટેન્ડ કરવાથી ગણિતશાસ્ત્રી બનવાનો માર્ગ મળે છે. આ 'મેથેમેટિકલ ટ્રેનીંગ એન્ડ ટેલેન્ટ સર્ચ' પ્રોગ્રામ એ ગ્રીષ્મકાલીન (Summer) કોર્સ છે. UG પ્રથમ કે દ્વિતીય વર્ષ (લેવલ-૧) તથા PG પ્રથમ વર્ષ વિદ્યાર્થી (લેવલ-૨)માં ભાગ લઈ શકે છે. આ કેમ્પમાં સિલેબસ મુજબ પ્રશિક્ષણ અપાય છે. કોઈ પરીક્ષા નથી. ગુજરાતમાં દર વર્ષે મોટાભાગે SP યુનિવર્સિટી ગણિત ભવન, વલ્લભ વિદ્યાનગર (આણંદ) ખાતે આ સમર શિબિર થાય છે. જેના માટે આવેદનપત્રો જાહેરાતથી મંગાવવામાં આવે છે. (www.nbtum.nic.in) રહેઠાણ, ભોજનની વ્યવસ્થા કરવામાં આવે છે. લાભ લેવા જેવો આ કાર્યક્રમ છે.

ઈન્ડિયન ઈન્સ્ટિટયૂટ ઓફ સાયન્સ, બેંગ્લોર (કર્ણાટક) ખાતે બેઝીક સાયન્સના ૪ વર્ષિય BS કોર્સ ધો. ૧૨ વિજ્ઞાન પછી કસોટી મેરીટ દ્વારા અથવા KVPY ફેલોને એડમિશન મળે છે. તેનાથી વૈજ્ઞાનિક થવાનો માર્ગ મોકળો થઈ શકે છે. ટ્રોમ્બે (મુંબઈ)નું તાતા (ભાભા) એટોમીક મથક, ડિફેન્સ રિસર્ચ ડેવલપમેન્ટ ઓર્ગેનિઝેશન (DRDO), ફીઝીકલ રિસર્ચ લેબોરેટરી (PRL) અમદાવાદ, ISRO ભુવનેશ્વર યુનિવર્સિટી ખાતે

બેઝીક સાયન્સના ધો. ૧૨ કે B.Sc. પછીના વિવિધ સૈક્ષણિક શોધે સંશોધનના કાર્યક્રમોના કોર્સ પ્રાપ્ય છે. જેની જાહેરાતો આવે છે.

દેશમાં સાયન્સ ટેકનોલોજીના ક્ષેત્રમાં અગત્યની સંશોધન સંસ્થાઓ આ મુજબ છે. (૧) ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ, બેંગ્લોર (કર્ણાટક) (૨) ટાટા ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફન્ડામેન્ટલ રિસર્ચ (TIFR),. મુંબઈ (૩) જવાહરલાલ નેહરુ સેન્ટર ફોર એડવાન્સ્ડ સાયન્ટિફિક રિસર્ચ, બેંગ્લોર (૪) TERI સ્કૂલ ઓફ એડવાન્સ સ્ટડીઝ, નવી દિલ્હી (૫) નોર્થ ઈસ્ટર્ન રિજીયોજલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી, ઈટાનગર (૬) IISER કોલકત્તા (પં. બંગાળ) (૭) ચેન્નઈ મેથેમેટિકલ ઈન્સ્ટિટ્યૂટ, ચેન્નાઈ (TN) (૮) વિવિધ IIT સંસ્થાઓ વિ. નેટ ઉપર ગૂગલ કે અન્ય સર્ચ દ્વારા ઘણી બધી સંસ્થાઓની વિગતો મળે છે.

વિદેશમાં ખાસ તો અમેરિકામાં શોધ સંશોધન (Ph.D.)ની સુવિધા વધુ અને સારી હોવાથી એશિયાના વધુ વિદ્યાર્થીઓ જાય છે. નિષ્ણાંતો અભિપ્રાય મુજબ એન્જિનિયરીંગ ટેકનોલોજીના ક્ષેત્રમાં દર દશ લાખ વિદ્યાર્થીએ એક રિસર્ચમાં જઈ 'સાયન્ટીસ્ટ' બને છે. પ્રમાણમાં વિજ્ઞાની બનવું અઘરું છે અને તે સતત પરિશ્રમયુક્ત વ્યવસાય છે.

**● શોધસંશોધન માટેની સહાયક યોજનાઓ :**

સંશોધન સહાય માટે જાહેર અને ખાનગી ઘણી સંસ્થાઓ દ્વારા શિષ્યવૃત્તિ, ફેલોશિપ, વિદેશ શિક્ષણ સહાય વિ. પ્રાપ્ય છે. આ પૈકી અગત્યની બે યોજનાઓની વિગતવાર માહિતી આ મુજબ છે.

**(૧) ફાસ્ટટ્રેક સ્કીમ :** દેશની યુવા પ્રતિભાઓને આ ક્ષેત્રે પ્રોત્સાહન આપવા માટે ડિપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી, ન્યુ દિલ્હી દ્વારા આ "FAST TRACK SCHEME"ની વ્યવસ્થા છે. આર્થિક સહાય દ્વારા અહીં યુવા વિજ્ઞાનીઓ જોડે સંબંધ કાયમ થાય છે. આ યોજનામાં Ph.D.મેડિસીન, ફાર્મસી જરૂરી છે. વય ૩૫ વર્ષની નિયત છે. ત્રણ વર્ષ સુધી અહીં સહાય મળે છે. આ ઉપરાંત વધુમાં વધુ રૂ. ૧૭ લાખનું ફંડ ટ્રાવેલ, રિસર્ચ માટે નિયત માસિક સ્ટાઈપેન્ડ સાથે ચુકવવામાં આવે છે. જાહેરાત આવ્યે સૂચનાનુસાર અરજી આ સરનામે મોકલવાની હોય છે. SERC,ડિપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી, ટેકનોલોજી ભવન, ન્યુ મહરોલી રોડ, ન્યુ દિલ્હી, ૧૧૦૦૧૬ www.serc.dst.org.

**(૨) રામાનુજમ ફેલોશીપ યોજના :** આ ફેલોશીપ યોજના અંતર્ગત વિશેષજ્ઞ દેશની કોઈપણ સંસ્થા કે માન્ય યુનિવર્સિટીમાં રિસર્ચ કરી શકે છે. અહીં વિજ્ઞાનીઓ, એન્જિનિયરો વિ. ને સહાય પ્રદાન થાય છે. Ph.D. ટેકનોલોજી, MD મેડિસીન જેવી લાયકાત તથા પ્રોફેશનલ અનુભવ અંગે જરૂરી છે. નિર્ધારીત વયમર્યાદા ૬૦ વર્ષ સુધીની છે. ફેલોશીપનો સમયગાળો પાંચ વર્ષનો જરૂરી છે. ફેલોશીપની રકમ રૂ. ૫૦,૦૦૦ /- દર માસે ત્રણ વર્ષ માટે મળે છે. ત્યારબાદ બે વર્ષ માટે રૂ. ૬૦,૦૦૦ /- માસિક રકમ મળે છે. રૂ. પાંચ લાખની સહાયતા કોન્ફરન્સ અને અન્ય ખર્ચ માટે મળે છે. એન્જિનિયર, વિજ્ઞાનીની પસંદગી તેમની સંસ્થાની મંજુરીને આધારિત છે. વિશેષ વિગતો માટે સંપર્ક : Scientist, Deptt. of Science & Technology, New Mehroli Road, New Delhi - 110 016. www.dst.gov.in

**● વૈજ્ઞાનિક નિર્માણમાં યુનિવર્સિટીઓ - વિજ્ઞાન કેન્દ્રોની ભૂમિકા :**

દેશ અને રાજ્યમાં ઘણી વિકસીત યુનિવર્સિટીઓ છે. તે પૈકી કેટલીક વિજ્ઞાન અને ટેકનોલોજીની ખાસ યુનિવર્સિટીઓ છે. આ યુનિવર્સિટીઓના વિદ્યાભવનોમાં દરેક વિષયના વિદ્વાન અધ્યાપકો મોટી સંખ્યામાં પ્રાપ્ય છે તે પૈકી કેટલાંક તો નિવડેલા Ph.D.ગાઈડ હોય છે. આ સર્વેની અહમ ભૂમિકા એ હોવી જોઈએ, કે વર્ષે દહાડે તેઓ દરેક એક કે બે વૈજ્ઞાનિકો પોતાના વિસ્તારમાંથી નિર્માણ કરે કે નિર્માણ કરવાના માર્ગદર્શક પ્રયત્નો કરે. અલબત્ત આ માટેની નાણાંકીય અને અન્ય સહાય જે તે યુનિવર્સિટીઓ કે સરકાર પૂરી પાડે તો તે વધુ સુવિધાજનક થાય. રાજ્યમાં ઘણા વિસ્તારોમાં વિજ્ઞાન કેન્દ્રો (Science Centres) આવેલા છે. અહીં પણ વિદ્વાન પ્રાધ્યાપકો / અધિકારીઓ સેવા આપતા હોય છે. અહીં વિજ્ઞાન પ્રદર્શન, ગ્રંથાલય, અન્ય શૈક્ષણિક સુવિધાઓ પ્રાપ્ય હોય છે. સરકાર કે અન્ય જાહેર બોડી દ્વારા સહાયક ગ્રાન્ટ પણ અપાય છે. આ વિજ્ઞાન કેન્દ્ર પ્રોત્સાહનની પ્રારંભિક ભૂમિકા સારી રીતે અદા કરી શકે તેમ છે અને કરવી જોઈએ. તો જ જે તે વિસ્તારનું નામ રોશન કરનાર વૈજ્ઞાનિકો આપણને પ્રાપ્ય થશે.

**● વૈજ્ઞાનિક ક્રાન :**

"Science is simply common sense at its best, that is, rigidly accurate in observation and merciless to fallacy inlogie" - Thomas Huxley

---

'શ્રી સાંઈ', ૧ ,
બોમ્બે હાઉસીંગ સોસાયટી,
યુનિવર્સિટી રોડ, રાજકોટ - ૩૬૦૦૦૫.

# ૨૨ એન્વાયરમેન્ટલ સાયન્સ

– રાજેન્દ્ર ભાવિનભાઈ ઉપાધ્યાય

આ વર્ષે ગુજરાતમાં શિયાળામાં વરસાદ વરસ્યો. અમેરિકામાં અમુક જગ્યાએ તાપમાન ઘટીને (માઈનસ બાવન) ડિગ્રી જેટલું થઈ ગયું. અમેરિકાના અમુક પ્રદેશો તો જાણે એન્ટાર્ટિકા બની ગયાં ! છેલ્લા કેટલાંક વર્ષોથી ચકલી, ગીધ જેવા પક્ષીઓ જોવા મળતા નથી. આ બધાનું કારણ શું ? હોંશિયાર વિદ્યાર્થી તરત જ જવાબ આપશે - 'ગ્લોબલ વોર્મીંગ' અને આ ગ્લોબલ વોર્મીંગની અસરો ઘટાડવા શું કરવું જરૂરી છે ? પર્યાવરણનું જતન. અને આ પર્યાવરણને જાળવવાની જરૂર આપણા રાજ્ય કે દેશ પુરતી મર્યાદિત નથી, સમગ્ર વિશ્વ માટે તે જરૂરી છે. હવે જો પર્યાવરણની જાળવણીનું પવિત્ર કામ પણ થાય અને તેમાંથી આપને રોજગારી પણ મળે, તો ? .... તો... તો સોનામાં સુગંધ ભળી જાય, ખરું ને ? તો મેળવી લઈએ જાણકારી આવા જ પ્રકારના એક અભ્યાસક્રમની....

| | |
|---|---|
| અભ્યાસક્રમનું નામ | B.Sc. ઈન E.S.(Environmental Science - પર્યાવરણ વિજ્ઞાન) |
| લઘુત્તમ લાયકાત | H.Sc. (ધોરણ-૧૨)ની પરીક્ષા વિજ્ઞાન પ્રવાહ 'B' ગ્રુપ સાથે પાસ. |
| | (B.Sc. ના પ્રથમ વર્ષમાં કોમન વિષયો ભણવાના હોઈ F. Y. B.Sc. 'B' ગ્રુપ સાથે પાસ કરનારાઓને આ અભ્યાસક્રમમાં સીધો બીજા વર્ષમાંપ્રવેશ મળી શકે.) |
| પ્રાપ્ય બેઠકો | ૬૦ |
| પ્રવેશ પદ્ધતિ | ઓપન મેરિટ |
| પ્રવેશ પ્રક્રિયા | મે-જૂન માસ |
| અભ્યાસક્રમની ફી | ૩૯,૦૦૦/ વાર્ષિક (બે સેમેસ્ટરની સંયુક્ત) |
| અભ્યાસક્રમનો સમયગાળો | ૩ વર્ષ (૬ સેમેસ્ટર, છેલ્લા વર્ષમાં ૬ થિયરીના અને ૩ પ્રેક્ટીકલ વિષયોનો સમાવેશ) |
| અભ્યાસક્રમ ચલાવતી સંસ્થા | ગુજરાત રાજ્યમાં 'એન્વાયરમેન્ટલ સાયન્સ' વિષય તરીકે શીખવતી ઘણી સંસ્થાઓ છે. પણ આ વિષયમાં જ B.Sc.ની ડિગ્રી આપતી ઈન્સ્ટિટયૂટ ઘણી ઓછી છે, જેમાંથી |

- એન.વી.પટેલ કોલેજ ઓફ પ્યોર એન્ડ એપ્લાઈડ સાયન્સિસ (NVPAS)
  મોટા બજાર, વલ્લભવિદ્યાનગર, જિ. આણંદ, પીન : ૩૮૮૧૨૦
  ((UGC - NAAC દ્વારા 'A'ગ્રેડ પ્રાપ્ત, સંપર્ક : (૦૨૬૯૨) ૨૩૫૫૦૦
  વેબસાઈટ : www.rnkumar.co.in
- છેલ્લા બે વર્ષોથી એમ.એસ. યુનિવર્સિટી, વડોદરા ખાતે પણ આ પ્રકારનો અભ્યાસક્રમ શરૂ કરવામાં આવ્યો છે.

**રોજગારીની તક :**

- સરકારી તેમજ અર્ધસરકારી સંસ્થાઓમાં પર્યાવરણ અધિકારી, સેફ્ટી ઓફિસર, વૈજ્ઞાનિક તરીકે.
- NGO (જેવાં કે C.E.E.) , ઈન્ડસ્ટ્રીઝ, કોર્પોરેટ સેક્ટરમાં પર્યાવરણ એનાલીસ્ટ તરીકે.
- પર્યાવરણને લગતી કન્સલ્ટન્સી ફર્મમાં પર્યાવરણ કન્સલ્ટન્ટ / સલાહકાર તરીકે.
- દેશ-વિદેશની પર્યાવરણ રિસર્ચ ઈન્સ્ટિટયૂટસમાં આસિસ્ટન્ટ કે લેબ નિરીક્ષક તરીકે.
- પર્યાવરણને લગતી શૈક્ષણિક સંસ્થાઓમાં અધ્યાપક તરીકે.
- પ્રદુષણ નિયંત્રણનું કાર્ય કરતી પોતાની લેબોરેટરી કે કન્સલ્ટન્સી ફર્મ ખોલી ઉદ્યોગ સાહસિક તરીકે.

**અભ્યાસક્રમની વિશેષતા :**

- આ અભ્યાસક્રમમાં ઈન્ડસ્ટ્રીયલ વિઝીટ, એજ્યુકેશનલ ટૂર, સેમીનાર, વર્કશોપ, પ્રોજેક્ટસ, ઈન્ડસ્ટ્રીયલ ટાઈ-અપ રિસર્ચ ગાઈડન્સ જેવી સુવિધાઓનો સમાવેશ થાય છે.
- આ અભ્યાસક્રમ કરનારાઓની માંગ તેના પુરવઠા કરતાં ઓછી હોવાથી અભ્યાસક્રમ પૂર્ણ થયા બાદ ૬થી ૧૨ માસમાં જ તમામ વિદ્યાર્થીઓનું પ્લેસમેન્ટ થઈ જાય છે. ઘણીવાર કેમ્પસ ઈન્ટરવ્યૂ દ્વારા કોલેજમાંથી જ રોજગારીની તક પ્રાપ્ત થાય છે.

આપણા ગુજરાત રાજ્યમાં વિદ્યાર્થી જ્યારે પ્રાથમિક શાળાથી તેની કરિયરની શરૂઆત કરે છે, ત્યારે તેને ગણિત, વિજ્ઞાન ભાષાઓ જેવા વિષયો શીખવાડતા પહેલાં, ધોરણ : ૧થી જ 'પર્યાવરણ' નામનો વિષય શીખવવામાં આવે છે જે પર્યાવરણ ક્ષેત્રે વિદ્યાર્થીઓની જાગૃતિ વિકસાવવાનો સરકારશ્રીનો પ્રશંસનીય પ્રયાસ સૂચવે છે.

**પર્યાવરણનો અભ્યાસક્રમ શા માટે ?**

- ગ્લોબલ વોર્મીંગને કારણે દેશના ઘણાં વિસ્તારોમાં સરેરાશ ૨૩ ટકા જેટલો વરસાદ અને સરેરાશ ૧૨થી ૧૪ % જેટલી ગરમી વધી છે. કેટલાક વિસ્તારોમાં નિયમિત 'માવઠા' થવાથી બે ચોમાસાનો યોગ પેદા થયો છે. તો ક્યાંક જંગલોના અભાવને કારણે વરસાદમાં અનિયમિતતા સર્જાઈ છે. આવી અનિચ્છનીય અસરોને નિયંત્રીત કરવા માટે.
- આપણા ભારત દેશમાં કુલ ૪૩૧ જલપ્લાવિત (વેટલેન્ડ) વિસ્તારો આવેલા છે. જે પૈકી સૌથી મોટું આપણા ગુજરાત રાજ્યમાં આવેલું 'નળસરોવર' છે, કે જેમાં પ્રદૂષણ હોવા છતાં હજુ આજે પણ ફેબ્રુઆરી-માર્ચ માસમાં આશરે, ૨,૫૦,૦૦૦ વિદેશી પક્ષીઓ (કે જેમાં ૨૨,૦૦૦ ગુલાબી ફ્લેમીંગો હોય છે.) ઉતરી આવે છે. આવા પરદેશી મહેમાનોને ટકાવી રાખવા.
- ધરતીકંપ, વાવાઝોડું, ત્સુનામી જેવી કુદરતી આફતોની જાણ મનુષ્ય કરતાં પહેલાં પર્યાવરણને થાય છે. જેમ કે ગુજરાતમાં ૨૬ જાન્યુઆરી, ૨૦૦૧માં આવેલા ભયાનક ભૂકંપની આગાહી વૈજ્ઞાનિકો કરી શક્યા ન હોતા, પણ પર્યાવરણે કરી દીધી હતી. સામાન્ય રીતે 'કઈડા' નામની વનસ્પતીના ફૂલ માર્ચ માસમાં આવતા હોય છે, જે તે વખતે ૪ માસ વહેલાં ઓક્ટોબર માસમાં આવી ગયેલા! જો કે આપણે તે સમયે તેનું રહસ્ય શોધી શક્યા નહોતા અને વિનાશનો સામનો કરવો પડેલો. સાપ, ગરોળી, કાચીંડા, કાચબા જેવા સરીસૃપ પ્રાણીઓ તેમની જીભની નીચે આવેલા જેકોબ્સ નામના અવયવથી મદદથી ૧૦૦ કિમી દૂર જમીનની અંદર થતી હિલચાલને જાણી જાય છે. ટીટોડી નામનું પક્ષી તેના ઈંડા વૃક્ષ પર જેટલાં ઊંચા મૂકે તેના પરથી વરસાદ કેટલો આવશે તેની સચોટ આગાહી કરી શકાય છે.
- પક્ષીઓના મગજમાં લોહતત્વ (આયર્નના કણ) આવેલું હોવાથી તેઓ જ્વાળામુખી ફાટવાનો સમય અગાઉથી જાણી શકે છે. કુદરતી હોનારતો આવતા પહેલાં પક્ષીઓ મોટેથી અવાજ કરીને પોતાના સમૂહને ભેગો કરે છે, અને પછી સ્થળાંતર કરે છે. આથી પર્યાવરણવાદીઓને અનિચ્છનીય ઘટના બનવાનો અંદાજ આવી જાય છે. વિદેશોમાં તો પ્રાણીઓ અને પક્ષીઓની બોલી સમજવા ઉપર પણ સંશોધનો થાય છે !

હવે જો કોઈ વિદ્યાર્થીએ એન્વાયરમેન્ટલ સાયન્સ સિવાયના વિષયમાં B.Sc.કર્યું હોય, પણ જો હવે તેને એન્વાયરમેન્ટલ સાયન્સમાં M.Sc. કરવું હોય, તો ગુજરાત રાજ્યની ઘણી-ખરી યુનિવર્સિટીઓમાંથી M.Sc. ઈન EST(Environmental Science & Technology) કરી શકે છે. જેના ૨ વર્ષના ફુલ ટાઈમ અભ્યાસક્રમમાં વર્ષ દરમિયાન ૮ અઠવાડિયાના બે પ્રેક્ટીકલ પ્રોજેક્ટનો પણ સમાવેશ થાય છે.

કુલ બે વર્ષમાં અભ્યાસક્રમમાં ચાર સેમેસ્ટરનો સમાવેશ થાય છે. જેમાં ચોથા સેમેસ્ટરમાં SICART-GC, ICPA, HPLC દ્વારા મોબાઈલવાનના ઉપયોગથી હેન્ડ ઈન્સ્ટ્રુમેન્ટેશનની ટ્રેનીંગ આપતા સર્ટિફિકેટ કોર્સનો પણ સમાવેશ થઈ જાય છે.

કુલ ચાર સેમેસ્ટર પૈકી પ્રથમ ત્રણ સેમેસ્ટર થિયરીના અને ચોથું સેમેસ્ટર પ્રોજેક્ટ અને સંશોધનનું હોય છે. પ્રથમ બે સેમીસ્ટરમાં ત્રણ કોર અને ચાર ઈલેક્ટીવ વિષયો અને છેલ્લા બે સેમીસ્ટરમાં બે કોર અને છ ઈલેક્ટીવ વિષયો ભણવાના રહે છે.

આવો, M.Sc. ઈન EST નો અભ્યાસક્રમ ચલાવતી એક સંસ્થા ISTAR (ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી ફોર એડવાન્સ સ્ટડીઝ એન્ડ રિસર્ચ, સરદાર પટેલ સેન્ટર ફોર સાયન્સ એન્ડ ટેકનોલોજી, વલ્લભવિદ્યાનગર - ૩૮૮૧૨૦ છે. (સંપર્ક : www.istar.edu.in / est) ) અહીંના વિદ્યાર્થીઓ માટે સીનસીનાટી યુનિવર્સિટી, મિસુરી યુનિવર્સીટી, હ્યુસ્ટન યુનિવર્સિટી તેમજ રોલા યુનિવર્સિટી) જેવી વિદેશી યુનિવર્સિટીઓ દ્વારા આ સંસ્થામાં અને આ સંસ્થામાંથી સ્ટુડન્ટ તેમજ ફેકલ્ટી એક્ષચેન્જની સુવિધા પણ ઉપલબ્ધ છે.

**કારકિર્દીની ફોટોક્લિક :**

આ અભ્યાસક્રમ પૂર્ણ કર્યા બાદ ઝડપથી રોજગારી મળે છે. વળી, પર્યાવરણનું જ્ઞાન મેળવીને તેનો ઉપયોગ સમગ્ર સમાજના હિતમાં કરવાનો અમૂલ્ય અવસર પ્રાપ્ત થાય છે.

૩-બી, જીવન સ્મૃતિ સોસાયટી,
મીરામ્બિકા સ્કૂલ પાસે, નારણપુરા, અમદાવાદ -૧૩.

# ૨૩ સાઈબર વર્લ્ડમાં ક્રાઈમ ડિટેક્ટર ક્ષેત્રે કારકિર્દી

*– આર. એન. કોટક*

**પ્રસ્તાવના :**

જેમ જેમ ઈન્ટરનેટ- ટૅકનૉલૉજીનો ઉપયોગ અને તેમાં રસજ્ઞ લોકોની સંખ્યા વધતી જાય છે, તેમ તેમ સાઈબર ગુના બને અને હેકિંગને નાથવા માટે તદ્દન નવી કેરિયરના દ્વાર પણ ખૂલતા જાય છે...

ઈન્ટરનેટના વ્યાપક ઉપયોગે આજે વિશ્વને ખૂબ જ નજીક લાવી દીધું છે. જે કાર્ય માટે આપણે ૧૫ કે ૩૦ દિવસ લાગતા હતા, જે માહિતી માટે આપણે ૧૫-૩૦ દિવસ સુધી રાહ જોવી પડતી હતી, તેવી માહિતી હવે આપણને ઘેરબેઠાં જ માત્ર કોમ્પ્યુટરના માઉસનું એક બટન ક્લિક કરવાથી આપણા ડેસ્કટોપ પર મળી રહે છે. આ કમાલ ઈન્ટરનેટને આભારી છે. ઈન્ટરનેટને કારણે જ આજે લોકોને સુવિધા અને સારી સવલતો મળવા લાગી છે, અને સરકારી-બિનસરકારી કામકાજમાં વેગ આવ્યો છે.હવે લોકો ઈ-કોમર્સ, ઈ-બિઝનેસ, ઈ-લર્નિંગ અને રાજ્ય સરકાર દ્વારા ઈ-ગવર્નન્સના રૂપમાં ઈન્ટરનેટનો ઉપયોગ કરવા લાગ્યા છે. પરિણામે, લોકોના કામકાજ સરળ અને ઝડપી બન્યાં છે. વળી, તેનો ઉપયોગ ફક્ત વ્યાપાર કે સરકારી માહિતીઓના આદાન પ્રદાન પૂરતો સીમિત ન રહેતા, શોધ-સંશોધન, વાહન વ્યવહાર, તાલીમ, સંદેશાવ્યવહાર, કૃષિ, આરોગ્ય, સંરક્ષણ, ફાઈનાન્સ મનોરંજન તેમજ બીજા અનેક ક્ષેત્રોમાં પણ થવા લાગ્યો છે. આમ ઈન્ટરનેટની શોધ એ માનવ માટે આશીર્વાદરૂપ બની છે. પણ સાથે ગુન્હાખોરીના નવા બનાવો બને છે જે માટે આ નિષ્ણાતો કારકિર્દીના દ્વાર ખુલ્યા છે. આવો એક દૃષ્ટિપાત કરીએ.

સાઈબર-લો :

ઈન્ટરનેટની વર્ચ્યુઅલ દુનિયાને સાઈબર સ્પેસના નામથી ઓળખવામાં આવે છે. ગુનેગારોથી બચવા માટે જે કાયદાનો ઉપયોગ થાય છે કે જેની મદદ લેવાય છે તેને સાઈબર લો કહે છે. તેના ટૅકનૉલૉજીકલ ઉપયોગની સાથે સાથે તેના દુરૂપયોગ પણ વધવા લાગ્યા છે. પરિણામે સમગ્ર વિશ્વમાં આર્થિક ગુનાઓ (Cyber Crimes) વધવા લાગ્યા છે.

**કાર્ય :**

સાઈબર વકીલ તથા સાઈબર પોલીસ હેકિંગ, ક્રેડિટકાર્ડ, ફ્રોડ, ડિઝીટલ હસ્તાક્ષરનો દુરૂપયોગ, સોફ્ટવેર પેટન્ટ અને નેટ બેન્કિંગના કેસોમાં આચરાતા આર્થિક ગુનાઓ પર નજર રાખે છે. આ ક્ષેત્રમાં વકીલ કે લો નિષ્ણાત કેરિયર બનાવવા ઈચ્છતા લોકોમાં ટેકનિકલ જ્ઞાનની સાથોસાથ અન્ય બાબતો જેવી કે, પર્સનલ લો, ટેલિકોમ લો, કંપની લો વગેરેની જાણકારી હોવી જરૂરી છે. તો તેમને સાઈબર કંપનીમાં સલાહકાર તરીકે કે બેંકમાં જોબ મળી શકે છે. સાઈબર લો કર્યા બાદ કોઈપણ યુનિવર્સિટી, મલ્ટિનેશનલ કંપની કે સરકારી ઓફિસમાં સંશોધક તરીકે નોકરી મળી શકે છે. વળી, સાઈબર લોના વિદ્યાર્થીને વિદેશમાં વધુ અભ્યાસ માટે સ્કોલરશિપ પણ મળી શકે છે. આ ઉપરાંત ઈ-કોમર્સ, ઈન્ફર્મેશન ટૅકનૉલૉજી, ડેટા વિભાગને પણ સરકારી વકીલની જરૂર પડે છે, તેથી કોઈ લો કંપની કે ટૅકનૉલૉજી કંપનીમાં રિસર્ચ આસિસ્ટન્ટ તરીકેની જોબ મળી શકે છે કે પછી કોઈ કોર્પોરેટ હાઉસમાં સલાહકાર કે વેબ ડેવલોપર તરીકે જોબ મળી શકે છે. તદ્ઉપરાંત મલ્ટીનેશનલ લો સ્કૂલ્સ અને કંપનીઓમાં ટ્રેનર તરીકે પણ જોબ મળી રહે છે. સાઈબર ગુના કેસની સુનાવણી માટે નવી-નવી અદાલતોની સ્થાપના કરવામાં આવી રહી છે. તેમાં પણ કોઈ ચુકાદા સામે અપીલ કરવાની જોગવાઈ કરવામાં આવી છે. અદાલતને કંટ્રોલર ઓફ સર્ટિફાઈડ ઓથોરિટી અને જ્યાં અપીલ કરવાની હોય છે તેવી અદાલતને સાઈબર રેગ્યુલેશન એપેલેટ ટ્રિબ્યુનલ કહે છે. આ ક્ષેત્ર નવું - નવું હોવાથી અને અહીં વકીલોની સંખ્યા સીમિત હોવાથી વેતન પણ સારું મળે છે. તેવી જ રીતે આઈટી ક્ષેત્રમાં પણ સરકારે કોમ્પ્યુટર અને તેના ઉપકરણોના દુરૂપયોગ માટે સખત સજાની જોગવાઈ કરી છે. નવા કાયદામાં સાઈબર ટ્રિબ્યુનલ બનાવવાની પણ જોગવાઈ કરવામાં આવી છે. જેમાં સાઈબર વિશેષજ્ઞ રાખવાની તરફેણ કરાઈ હોઈ, સરકારે આ કાયદા હેઠળ આતંકવાદીઓ દ્વારા કરવામાં આવતા કોઈ સંદેશા માટે આકરી સજાની જોગવાઈ કરી છે. તે ઉપરાંત પોલીસ વિભાગ, ફોરેન્સિક લેબોરેટરી, ગ્રાહક સુરક્ષા, ખાનગી કંપનીઓ વગેરેમાં પણ આ નિષ્ણાતોની જરૂર પડે છે.

**માન્ય સંસ્થાઓ :**

(1) The Govt. Law College, `A' Road, Church Gate, Mumbai-400020. Phone : (022) 22041707 Fax : (022) 22851315

(2) Asian School of Cyber Laws, 6th Floor,

Pride Senate, B/h. Store One, Senapati Bapat Road, Pune- 411016, Ph. (020) 25667148 / 40033365.

E -mail : infor@asianlaws.org., Website : www.asianlaws.org.

(3) The Indian Law Institute (Deemed University), Bhagwandas Road, New Delhi-110001, Phone : (011) 23387526, 23389429, 23388849, Fax : (011) 23782140, E- Mail : ili@ilidelhi.org, Website : www.ilidelhi.org

(4) IFS INDIA, C-2/16, 1st Floor, Janak Puri, New Delhi - 110058. Education Department : MUMBAI, PUNE, NEW DELHI. Call : 09999609646 / 09650830202 / 09910776257 / 09890656835 - (011) 45523479

E-mail : contact@forensic.co.in, Contact@ifo.org.in, g.devi@forensic.co.in Website : www.forensic.co.in / www.ifo.org.in / www.insindia.in / www.forensicexperts.in

(૫) ફોરેન્સિક સાયન્સ યુનિ. સેક્ટર-૧૮ (એ), પોલીસભવન પાસે, ગાંધીનગર ફોન : (૦૭૯) ૨૩૨૫૬૨૬૫ www.glsu.edu.in.

**એથિકલ હેકિંગ :**

હાલના સમય-સંજોગોમાં જ્યારે સાઈબર ગુનાઓની સંખ્યા વધતી જતી હોઈ, અનેક દેશો સાઈબર સુરક્ષા માટે ઘણાં પગલાં ભરી રહ્યા છે. રોજબરોજની કામગીરીમાં અને માહિતીના આદાન-પ્રદાનમાં હવે વધુમાં વધુ સાવચેતી રખાઈ રહી છે. સાઈબર સુરક્ષાને વધુ મજબુત કરવા માટે એથિકલ હેકિંગની માગમાં વધારો થયો છે, કેમકે તેનાથી ઈન્ટરનેટનો ઉપયોગ હવે વધુ સુરક્ષિત બન્યો છે.

હેકર દ્વારા દૂર બેઠાં- બેઠાં કોઈપણ - કોઈ વ્યક્તિની, કચેરીની કે દેશની અગત્યની ગુપ્ત માહિતી કે ડેટા ચોરી શકે છે. પણ, એથિકલ હેકર કે જે તમારો ઈન્ટરનેટ મિત્ર છે તે આવી રીતે ઈન્ટરનેટના ઉપયોગ માટે સુરક્ષા પ્રદાન કરે છે, તે ડેટાની સલામતીને વધુ મજબુત કરે છે અને સાથોસાથ સાઈબર ગુનેગારોને પકડવામાં મદદ પણ કરે છે. સરકાર પણ હવે પોતાના દસ્તાવેજોની જાળવણી એથિકલ હેકિંગ મારફત કરીને અધિકારીઓ અને કાર્યશૈલીને વધુ મજબુત કરી રહી છે. આજના સમયે જ્યારે કોમ્પ્યુટરની સલામતીનો મુદ્દો વૈશ્વિક બન્યો છે, ત્યારે એથિકલ હેકર જ સાઈબર સ્પેસમાં ડેટાને સુરક્ષિત રાખવામાં મદદ કરી શકે છે.

**હેકિંગ :**

કોઈ કોમ્પ્યુટર, ઈ -મેઈલ કે તેવા પ્રકારના લખાણના સ્વરૂપ, પ્રોગ્રામિંગ, મિશન કોડ, ઓપરેટિંગ સિસ્ટમ્સ વગેરેને બદલીને તેના મૂળ સ્વરૂપમાં ફેરફાર કરી- તેને અલગ કરી નાખે છે. આમ કરવાનો હેતુ ક્રેડિટ કાર્ડ નંબર અને ડેટાની તથા નાણાં ઉપાડની સરળતાથી ચોરી કરવાનો છે. ઘણી વખત હેકર્સ દ્વારા સિસ્ટમના મૂળભૂત પ્રોગ્રામમાં ફેરફાર કરી તેના મૂળ ઉપયોગકર્તાને તેનો ઉપયોગ કરતા રોકવાના પ્રયાસ પણ થાય છે. વાયરસ દ્વારા પણ આ પ્રવૃત્તિ થાય છે.

**લાયકાત :**

એથિકલ હેકર બનવા માટે તમારી પાસે કોમ્પ્યુટરના પૂરતા જ્ઞાન ઉપરાંત ઈન્ટરનેટ, નેટવર્કિંગ, પ્રોગ્રામિંગ વગેરેનું બેઝિક જ્ઞાન હોવું અનિવાર્ય છે. તેની સાથે-સાથે સાઈબર ગુનાઓમાં આચરાતી ટેકનિકની જાણકારી પણ હોવી જરૂરી છે. આ બાબતનું જ્ઞાન જેટલું વધારે, તેટલું નોકરીની શક્યતા વધારે. તદુપરાંત, રોજબરોજ ઉપયોગમાં લેવાતા નવા-નવા ટુલ્સ, ટેકનિક વગેરેની રજેરજની માહિતી હોવી જરૂરી છે. તેમજ વિન્ડો હેકિંગ, ઈ-મેઈલ, ટ્રેસિંગ વગેરેની મૂળભૂત બાબતોની જાણકારી હોવી પણ જરૂરી છે. લઘુતમ લાયકાત સ્નાતક કક્ષાની કે તે સમકક્ષ વધુ ઉપયોગી થાય છે.

**રોજગારીની તક :**

સાઈબર - લો અને એથિકલ હેકિંગના ક્ષેત્રમાં એક્સપર્ટની તાતી જરૂરિયાત હોઈ, રોજગારીની તકો વિપુલ પ્રમાણમાં રહેલી છે. વળી, નવી કેરિયર હોઈ, વિશેષ લાયકાત અને યોગ્યતાવાળાને ઉમદા તક સાંપડી શકે છે. બંને કારકિર્દી માટે સરકારી અને ખાનગી સંસ્થાઓ દ્વારા શિક્ષણ-તાલીમ અપાય છે. યુવક-યુવતીઓ પોતાની લાયકાત અને ક્ષમતા મુજબ કોઈપણ અભ્યાસક્રમમાં જોડાઈને કેરિયર ઘડી શકે છે. કોઈ સંસ્થાને જોઈન કરતાં ચકાસણીયુક્ત માહિતી મેળવવી.

**અન્ય સંસ્થાઓ :**

રિલાયન્સ વેબ વર્લ્ડ સંચાલિત અને સર્ટિફાઈડ એથિકલ હેકર દ્વારા આ અંગેના અભ્યાસક્રમ ગુજરાત ખાતે કેટલીક જગ્યાઓ ઉપર ખાનગી ધોરણે શીખવા માટે ચલાવાય છે.

(૧) ભાવનગર ખાતે : (૦૨૭૮ - ૩૦૯૩૩૭૯)

(૨) અમદાવાદ / ગાંધીનગર ખાતે : (૦૯૩૨૭૦૪૦૧૭૧)

(૩) વડોદરા ખાતે : અલકાપુરી (૦૨૬૫ - ૩૦૯૦૫૦૬), ફતેહગંજ (૦૨૬૫ -૩૦૯૦૫૦૦)

'શ્રી સાંઈ',
૧, બોમ્બે હાઉસીંગ બોર્ડ,
યુનિવર્સિટી રોડ, રાજકોટ - ૩૬૦૦૦૫

# ૨૪ ફેશન ડિઝાઈન

*– શ્રીમતી સુધાબહેન ડી. પટેલ*

● **પ્રસ્તાવના :**

માથાથી પગ સુધી, અમીરથી ગરીબ સુધી અને ટાંકણીથી ટૅકનૉલૉજી સુધીના દરેક ક્ષેત્રમાં ફેશનનું તત્વ ઉમેરાયું છે. આખી દુનિયા જાણે ફેશનનો પર્યાય બની ગઈ છે. ત્યારે ફેશન ટૅકનૉલૉજીનો અભ્યાસ જરૂરી બને છે. નિફટ એવી જ એક સંસ્થા છે. જે ભારતભરમાં ફેલાઈને ફેશનની ટૅકનૉલૉજી શીખવી રહી છે. હવે ફેશનનો અર્થ સીમિત રહ્યો નથી. વર્તમાન યુગની સ્પર્ધાનો મુખ્ય વિષય બની ચુકેલી 'ફેશન' કલ્પનાશીલતા અને સર્જનાત્મકતાથી ભરપૂર છે. આવી ફેશનમાં જો ભણતરથી યોગ્ય માર્ગદર્શન ભળે તો સફળતા સહેલી છે. વિશ્વના અન્ય દેશોની જેમ ભારતમાં છેલ્લા ઘણાં વર્ષોથી ફેશન પ્રત્યે લોકોમાં વૈજ્ઞાનિક અભિગમ કેળવાતો જાય છે. ફેશન ટૅકનૉલૉજી એક ઉદ્યોગ તરીકે વિકસવા લાગી છે. ને ભારતમાં તો લોકો ડિઝાઈનર્સ કલેકશન પહેરવા માંડયા છે.

● **એન.આઈ.એફ.ટી. (નિફટ) ની જાણકારી :-**

ફેશન ડિઝાઈન અને ફેશન એજ્યુકેશનમાં વિશ્વ કક્ષાએ જાણીતી ટોપ ટેન ઈન્સ્ટિટયૂટમાં ભારતની નેશનલ ઈન્સ્ટિટયૂટ ઓફ ફેશન ટૅકનૉલૉજી એન.આઈ.એફ.ટી. (નિફટનું) નામ છે. એન.આઈ.એફ.ટી એકટ -૨૦૦૬




કાયદો પાર્લામેન્ટમાં પસાર થઈ ગયો છે. એપ્રિલ-૨૦૦૭થી નિફટ વિશ્વની સૌથી પ્રથમ અને એક માત્ર ફેશન એજ્યુકેશનની પ્રિમિયર ઈન્સ્ટિટયૂટ બની ગઈ છે કે જે પોતે પોતાના વિદ્યાર્થીને બેચલર ડિગ્રી, માસ્ટર ડિગ્રી, અને પી.એચ.ડી. ની ડિગ્રી આપી શકે છે. કોઈપણ વિષયો સાથે ધોરણ -૧૨ પાસ કર્યા પછી નિફટના બેચલર ડિગ્રી કોર્સમાં એડમિશન મળે છે. એ જ રીતે કોઈપણ વિષય સાથે બેચલર ડિગ્રી ધરાવતા હોય તો તમને એન. આઈ.એફ.ટી. ના માસ્ટર ડિગ્રી કોર્સમાં એડમીશન મળે છે. ડિગ્રી એન.આઈ.એફ.ટી. પોતે આપે છે. ફેશન ડિઝાઈનના ક્ષેત્રમાં એન.આઈ.એફ.ટી.ની ડિગ્રીનું મહત્ત્વ ઈન્ટરનેશનલ લેવલે ઘણું જ સારૂ છે.

● **એન.આઈ.એફ.ટી. ના ડિગ્રી અભ્યાસક્રમો :-**

નેશનલ ઈન્સ્ટિટયૂટ ઓફ ફેશન ટૅકનૉલૉજીમાં ધોરણ-૧૨ પછીના

- બેચલર ઓફ ડિઝાઈનના ચાર વર્ષના ફુલ ટાઈમ કોર્સ

- બેચલર ડિગ્રી પછીના બે વર્ષના ફુલ ટાઈમ માસ્ટર ઓફ ડિઝાઈન તેમજ માસ્ટર ઓફ ફેશન મેનેજમેન્ટના કોર્સ ચાલે છે.

● **બેચલર ઓફ ડિઝાઈનના કોર્સ :-**

બારમું ધોરણ કોઈ પણ વિષય સાથે પાસે કર્યા પછી એડમિશન મળી શકે તેવા નિફટના બેચલર ઓફ ડિઝાઈનના નીચે પ્રમાણેના કોર્સ છે.

- ફેશન ડિઝાઈન
- લેધર ડિઝાઈન
- એસેસરી ડિઝાઈન
- ટેક્ષટાઈલ ડિઝાઈન
- નીટવેર ડિઝાઈન
- ફેશન કોમ્યુનિકેશન

● **માસ્ટર ડિગ્રી અભ્યાસક્રમો :**

- માસ્ટર ઓફ ડિઝાઈન

- માસ્ટર ઓફ ફેશન ટૅકનૉલૉજી
- માસ્ટર ઓફ ફેશન મેનેજમેન્ટ

**● ડ્યુઅલ ડિગ્રી પ્રોગ્રામ :**

ન્યુયોર્કની ફેશન ઈન્સ્ટિટયૂટ ઓફ ટૅકનૉલૉજી સાથે નિફટનો ડ્યુઅલ ડિગ્રી કોર્સ ચાલે છે. બેચલર ઓફ ડિઝાઈનના ધોરણ-૧૨ પછીના ચાર વર્ષના કોર્ષમાંથી પહેલા બેવર્ષ ભારતમાં નિફટના સેન્ટરમાં ભણવાના પછી ત્રીજુ વર્ષ ન્યુયોર્કમાં અને ફાઈનલ વર્ષ ફરી નિફટમાં ભણવાનું. એન.આઈ.એફ.ટી. અને એફ.આઈ.ટી. બન્નેની ડિગ્રી મળે છે.

**● એડ્‌મિશન માટે પ્રવેશ પ્રક્રિયા :**

નિફટના બેચલર ડિગ્રી કોર્સ તેમજ માસ્ટર ડિગ્રી કોર્સમાં એડમીશન મેળવવા માટે પ્રવેશ પરીક્ષા આપવાની હોય છે. જે પરીક્ષા પાસ કર્યા બાદ મેરિટના આધારે એડમિશન મળે છે. પ્રવેશ અંગેની જાહેરાત જાણીતા સમાચારપત્રોમાં લગભગ નવેમ્બર મહિનામાં આવે છે. ઓન લાઈન ફોર્મ ભરવાનું હોય છે. આ અંગેની વધુ જાણકારી માટે વેબસાઈટનો ઉપયોગ કરી જરૂરી માહિતી મેળવી શકશો.

**વેબસાઈટ :** www.nift.ac.in

**ગાંધીનગરમાં નિફટ કેમ્પસ :** NIFT Campus, GH-O Road, Behind Infocity, Gandhinagar, Telephone : (079) 23240832 and 23240834

**● ભારતમાં નિફટના સેન્ટરો :-**

(૧) નવી દિલ્હી (૨) ગાંધીનગર (૩) મુંબઈ (૪) બેંગલોર (૫) ચેન્નાઈ (૬) હૈદરાબાદ (૭) કોલકતા (૮) પટણા (૯) ભોપાલ (૧૦) રાયબરેલી (૧૧) શિલોંગ (૧૨) હિમાચલ પ્રદેશમાં કાંગરા (૧૨) કેરલમાં કન્નુર

**● ગુજરાતમાં ગાંધીનગરમાં નિફટ કેમ્પસ :-**

ગાંધીનગરમાં એસ.જી. રોડ પર 'ઘ' ઝિરો ચાર રસ્તા પાસે, ઈન્ફોસિટીના પાછળના ભાગ તરફ જતા રસ્તા પર નિફટનું અતિ સુંદર અને આધુનિક કેમ્પસ આવેલું છે. ગાંધીનગરમાં નિફટનું નવું કેમ્પસ આધુનિક ટૅકનૉલૉજીની સુવિધા ધરાવે છે. રહેવા માટે હોસ્ટેલની સરસ સગવડ છે. ગર્લ્સ હોસ્ટેલ અને બોયઝ હોસ્ટેલ કેમ્પસમાં જ અલગ અલગ છે. નિફટના દરેક સેન્ટરમાં ગર્લ્સ માટે હોસ્ટેલ છે.

**● ફેશન બિઝનેસનું ફિલ્ડ :-**

ફેશન ડિઝાઈનનું ફિલ્ડ સેલિબ્રિટી, બનવાના સપનાને સાકાર કરે છે. ફેશન ડિઝાઈન એ ફેશન બિઝનેશ ફિલ્ડનો જાણીતો શબ્દ છે. ફેશન ઈન્ડસ્ટ્રી આજે ફેશન બિઝનેસના ફિલ્ડ તરીકે ઓળખાય છે. વિશ્વ આખામાં આજે ફેશન બિઝનેસનું બહું મોટું માર્કેટ છે. ગ્લોબલ બિઝનેશના લિસ્ટમાં ફેશન બિઝનેસનું સ્થાન આગળ પડતું છે. ફેશન બિઝનેશનું ફિલ્ડ વિવિધતાથી ભરપૂર છે અને તેમાં વિકાસની શકયતાઓ ઘણી વધારે છે.

- ફિલ્મના હિરો-હિરોહીનના વસ્ત્રોમાં ફેશન ડિઝાઈન
- ટી.વી સિરિયલ અને ટીવી પ્રોગ્રામમાં ફેશન ડિઝાઈન
- ફેશન શો
- ફેશન મેગેઝિન અને ફેશન જર્નાલિઝમ
- એડવર્ટાઈઝીગના ફિલ્ડમાં
- મોડેલિંગના ફિલ્ડમાં
- મીસ ઈન્ડિયા અને મીસ વર્લ્ડ જેવી સૌન્દર્ય સ્પર્ધાઓમાં
- જવેલરી ઈન્ડસ્ટ્રીમાં
- ગારમેન્ટ અને કોસ્ચ્યુમ ડિઝાઈન ફિલ્ડ
- ઘડીયાળ - કાંડા ઘડિયાળમાં ફેશન ડિઝાઈન
- લકઝરી બ્રાન્ડ ઈન્ડસ્ટ્રીમાં
- ફેશન ડિઝાઈન સાથે સંબંધીત અનેક ફિલ્ડ

ઉપરોક્ત અનેક ફિલ્ડમાં આજે ફેશન બિઝનેશની હાજરી જોવા મળે છે. ફેશન ડિઝાઈનમાં રસ હોય કે સેલિબ્રિટીની દુનિયામાં જવું હોય તો નિફટમાં એડમિશન મેળવવાનું સપનું રાખજો.

મદદનીશ,
વ્યવસાયી માર્ગદર્શન સંસ્થા,
સરકારી કન્યા શાળાના મકાનમાં,
રાયખડ, અમદાવાદ - ૩૮૦૦૦૧.



# ૨૫ ડેરી ઉદ્યોગ

*– શ્રીમતી જયશ્રીબહેન વી. ઠક્કર*

● **પ્રસ્તાવના :**

આજે આપણામાંથી ભાગ્યે જ એવી કોઈ વ્યક્તિ હશે કે જે અમૂલ બ્રાન્ડની પ્રોડકટ વાપરતા ન હોય. અમૂલ ડેરી વિશ્વ કક્ષાએ ખ્યાતિ પામી છે. ભારતભરમાં અમૂલ બ્રાન્ડની દૂધની બનાવટો જેવી કે પનીર, ચીઝ, બટર, આઈસ્ક્રીમ, મીઠાઈ, ચોકલેટ ભારતના રાષ્ટ્રીય બજારમાં છવાઈ ગઈ છે.

ભારતમાં આઈસ્ક્રીમનું ઉત્પાદન વિપુલ પ્રમાણમાં કરવામાં આવે છે. ગુજરાતમાં વાડીલાલ આઈસ્ક્રીમ, અમૂલ આઈસ્ક્રીમ, હેવમોર, ક્વોલિટી ડેરીડેન, પ્રેસ્તનજી આઈસ્ક્રીમ વગેરે જુદા જુદા આઈસ્ક્રીમ લોકપ્રિય ઉપરાંત ગુણવત્તાયુક્ત છે.

ગુજરાતમાં અમૂલ ડેરી આણંદ ખાતે, સુમુલ ડેરી સુરત ખાતે, સરદાર ડેરી વડોદરા ખાતે, મધર ડેરી ગાંધીનગર, દૂધ સાગર ડેરી મહેસાણા, બનાસ ડેરી પાલનપુર, સાબરડેરી હિંમતનગર, સુગમ ડેરી વડોદરા તથા અનેક નાના મોટા ડેરી પ્લાન્ટમાં અસંખ્ય લોકોને રોજગારી તેમજ સ્વરોજગારી પ્રાપ્ત થઈ છે. જે ગુજરાતની અસ્મિતા અને ભારતનું ગૌરવ છે.

આ ઉદ્યોગ લોકોના સ્વાસ્થ્ય સાથે સંકળાયેલો હોવાથી તેમાં ખાસ સાવધાની રાખવાની રહે છે. નિષ્ણાત અને પ્રશિક્ષિત વ્યક્તિઓનું પ્રદાન અહીં ખૂબ જ જરૂરી છે. ડેરી ઉદ્યોગમાં દૂધ ઉત્પાદકોનું નિર્માણ અને તેના પ્રોસેસિંગનું કામ કરવાનું આવે છે. બદલાતા જમાના સાથે આ ઉદ્યોગમાં પણ પરિવર્તન આવ્યું છે. નવી નવી ટેકનોલોજી અને વધતી જતી સ્પર્ધાને પરિણામે આ ક્ષેત્રમાં કમાણીની ભરપૂર તકો રહેલી છે. બદલતી ટૅકનૉલૉજી અને મેનેજમેન્ટના લીધે આ ક્ષેત્રમાં મહેનતુ અને ઉત્સાહી લોકો માટે ખાસ તકો રહેલી છે.



ડેરી ટૅકનૉલૉજીનો સંબંધ દૂધને એક સ્થળેથી બીજે સ્થળે લઈ જવાના કાર્ય સાથે સંકળાયેલો છે. જેમાં દૂધ પ્રોસેસીંગ, પેકેજીંગ, સંગ્રહ, ટ્રાન્સપોર્ટેશન અને ગ્રાહકોને દૂધ વિતરણ કરવાની બાબતો જોડાયેલી છે. આધુનિક મશીનરી, ઈલેક્ટ્રીકની સુવિધા તેમજ લાંબા ગાળા સુધી દૂધને સંગ્રહ કરવા માટેની રેફ્રિજરેશન પધ્ધતિને કારણે દૂધ ઉત્પાદન તેમજ દૂધની બનાવટોની વિવિધતા તેમજ ફલેવરમાં વધારો થવા પામ્યો છે.

રોજગારીની વિપુલ તકો ઉપલબ્ધ થવા ઉપરાંત ડેરી ઉદ્યોગની દૂધની અવનવી પ્રોડકટસ માખણ, ઘી, પનીર, ચીઝ, બટર, આઈસ્ક્રીમ તેમજ દહી અને છાશની બનાવટ પેકિંગ દ્વારા વેચાણ અર્થે બજારમાં સરળતાથી ઉપલબ્ધ થઈ છે. જે રોજગારીનું સર્જન કરવા માટે મહત્વનું પરિબળ તેમજ વ્યાપારનું ઉત્તમ નિર્માણ કરવા માટે અગત્યની ભૂમિકા ભજવે છે.

ડેરી ઉદ્યોગમાં કારકિર્દી ઘડવા માટે આજનાં યુગમાં યુવાન યુવતીઓએ સ્વરોજગાર દ્વારા સન્માનનીય જીવન તેમજ આવક ઉપાર્જનની કામગીરી વિકસાવવા વિવિધ અભ્યાસક્રમોની માહિતી તેમજ ડિગ્રી અને સર્ટિફિકેટ કોર્સિસની શૈક્ષણિક લાયકાત પ્રાપ્ત કરવી જરૂરી બને છે.

ડેરી ઉદ્યોગમાં આઈ.ટી.આઈ. દ્વારા મુખ્યત્વે રેફ્રિજરેશન એન્ડ એરકન્ડિશન મિકેનિક, ઈલેક્ટ્રિશીયન, જનરલ મિકેનિક ફીટર, પ્લાન્ટ ઓપરેટર, બોયલર ઓપરેટર જેવા કોર્સિસ દ્વારા પ્રમાણપત્ર મેળવી સરળતાથી સવેતન રોજગારી પ્રાપ્ત થઈ શકે છે. દૈનિક વર્તમાનપત્રની જાહેરાત દ્વારા એડ્મિશનની પ્રક્રિયા મેરિટ દ્વારા થાય છે.

● **ડેરી ઉદ્યોગ સાથે સંકળાયેલા અભ્યાસક્રમો :**

**(૧) ડિપ્લોમાં ઈન એન્જિનિયરીંગ :**

ગુજરાતમાં વલ્લભવિદ્યાનગર ખાતે બી.એન્ડ ડેરી પોલિટેકનિકમાં એક વર્ષનો પોસ્ટ ડિપ્લોમાં ઈન ડેરી એન્જિનિયરીંગનો અભ્યાસક્રમ ઉપલબ્ધ છે.

(૨) બી.ટેક ઈન ડેરી ટેકનોલોજી :

(૧) કામધેનુ યુનિવર્સિટી અંતર્ગત અમરેલી ખાતે ડેરી સાયન્સ કોલેજમાં ચાર વર્ષનો બી.ટેક (ડેરી ટૅકનૉલૉજી) નો અભ્યાસ ક્રમ ચાલે છે. ૪૦ વિદ્યાર્થીની પ્રવેશ ક્ષમતા છે. અમરેલી જિલ્લામાંથી પાસ થનાર વિદ્યાર્થી માટે ૧૦ ટકા સીટ અનામત રાખવામાં આવે છે. તેમજ પ્રવેશ અંગેનાં ધારાધોરણ આણંદ કૃષિ યુનિવર્સિટી મુજબ રહે છે. આ સંસ્થા વર્ષ ૨૦૧૦ થી કાર્યરત છે.

- **એમ.આઈ.ડી.એફ.ટી. સંસ્થા :- (માનસિંહ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ડેરી એન્ડ ફુડ ટેકનોલોજી)**

ભારતની સૌથી વિશાળ એવી દૂધસાગર સહકારી ડેરીએ ‘‘દૂધ સાગર રિસર્ચ અને ડેવલોપમેન્ટ એસોસિએશન’’ (DURDA) હેઠળ MIDFT ની સ્થાપના કરી છે. જે કામધેનું યુનિવર્સિટી ગાંધીનગર સાથે સંલગ્ન છે. દૂધસાગર ડેરી મહેસાણામાં દૂધ ઉપરાંત બટર, ઘી, છાશ, એસ.સી.એમ. દૂધના પાવડર યુ.એસ.ટી. મિલ્ક, ફ્લેવર્ડ મિલ્ક વગેરેનું ઉત્પાદન થાય છે.

- કુલ સીટ - ૩૨
- લાયકાત - ધોરણ ૧૨ સાયન્સ (PCM) ૫૫ ટકા માર્કસ Jee મેઈન પાસ
- ફી - ₹ ૮૧૦૦ પ્રતિ સેમેસ્ટર (₹ ૬૦૦૦ હોસ્ટેલ ફી)
- ફોન નંબર - (૦૨૭૬૨) ૨૫૩૨૦૧, ૨૪૩૭૭૭
- ફેકસ નંબર - (૦૨૭૬૨) ૨૫૩૪૨૨
- વેબસાઈટ - www.midft.com
- ઈ-મેઈલ - helpdesk@midft.com
- સમય - સવારે ૮-૩૦ થી સાંજે ૫-૦૦

ગુજરાત રાજયની આણંદ, નવસારી, સરદાર કૃષિનગર દાંતીવાડા, જૂનાગઢ ખાતેની કૃષિ યુનિવર્સિટીઓ તથા ડેરી સાયન્સ કોલેજ અમરેલી; કામધેનુ યુનિવર્સિટીમાં કાર્યરત ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ પછીના કૃષિ સંલગ્ન સ્નાતક કક્ષાના વિવિધ અભ્યાસક્રમોમાં પ્રથમ વર્ષમાં પ્રવેશ પાત્રતા ધરાવતા ઉમેદવારો માટે ઓનલાઈન એપ્લીકેશન વેબસાઈટ www.gsauca.in મારફત કરવાની રહે છે. જુન માસમાં પ્રવેશ માટેની જાહેરાત દૈનિક પત્રમાં આવે છે.

- **પોસ્ટ ગેજ્યુએટ પ્રોગ્રામ :**

આ પ્રોગ્રામમાં વિવિધ પ્રકારના વિષયોમાં એમ.એસ.સી. એમટેક કોર્સ આવે છે. આ સિવાય ડેરી કેમિસ્ટ, ડેરી ટેકનોલોજી, ડેરી એન્જિનિયરીંગ, ડેરી માઈક્રોબાયોલોજી, ડેરી ઈકોનોમિકસ જેવા કોર્સ પણ આવે છે.

- **માસ્ટર ઈન ડેરી :-**

આ કોર્સનો સમયગાળો બે વર્ષનો છે. તેના માટે ચાર વર્ષની પ્રોફેશનલ ડિગ્રી હોવી અનિવાર્ય છે.

- **ભારતમાં આવેલ મુખ્ય ડેરી સંસ્થાઓ :-**

- શેઠ એમ.સી. કોલેજ ઓફ ડેરી સાયન્સ આણંદ – ગુજરાત.
- નેશનલ ડેરી રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ કરનાલ - હરિયાણા.
- સંજય ગાંધી ઈન્સ્ટિટૂયટ ઓફ ડેરી ટેકનોલોજી – પટના
- ડેરી ટેકનોલોજી કોર્સ આઈ.આઈ.ટી. - ખડગપુર
- ડેરી સાયન્સ કોલેજ યુનિવર્સિટી ઓફ એગ્રિકલ્ચર સાયન્સ – બેંગલોર
- કોલેજ ઓફ ડેરી ટેકનોલોજી – ઈન્દિરા ગાંધી કૃષિ વિદ્યાલય – રાયપુર
- ડેરી સાયન્સ કોલેજ – મહારાણા પ્રતાપ યુનિવર્સિટી ઓફ એગ્રિકલ્ચર એન્ડ ટેકનોલોજી ઉદયપુર (રાજસ્થાન)

- **ડેરી પ્લાન્ટનાં વિવિધ વિભાગો :**

(૧) પ્રોસેસીંગ વિભાગ કે જયાં દૂધની પ્રોસેસીંગ પ્રક્રિયા અને દૂધની વિવિધ બનાવટો તૈયાર કરવામાં આવે છે.

(૨) કવોલિટી એસ્યોરન્સ વિભાગ કે જયાં ગુણવત્તાની યોગ્યતા અને ચકાસણી કરાય છે.

(૩) મેઈન્ટેનન્સ વિભાગ કે જયાં મશીનરીની સરળ રીતે વહન અને કાર્યની દેખરેખ રખાય છે.

(૪) માર્કેટીંગ વિભાગ કે જયાં વિતરણ, જાહેરાત અને લોકપ્રિયતતા વધારવા કાર્ય કરાય છે.

- **રોજગારીની તકો :**

ડેરી ઉદ્યોગમાં રોજગારીની ભરપૂર તકો રહેલી છે. ડિપ્લોમાં બી.ટેક અથવા પોસ્ટ ગ્રેજ્યુએટ કોર્સ કર્યા પછી ખમતીધર કારકિર્દીના દ્વાર ખૂલી શકે છે. કોઈપણ ડેરી ઉદ્યોગમાં ટેકનિશિયન, ટેકનોલોજીસ્ટ આસિસ્ટન્ટ, પ્લાન્ટ મેનેજર, ડેપ્યુટી પ્લાન્ટ મેનેજર, એક્ઝિક્યુટીવ, જુનિયર ઓફિસર, શીફટ ઈન્ચાર્જ, સુપ્રિન્ટેન્ડન્ટ, મેનેજર, જનરલ મેનેજર, મેનેજીંગ ડિરેકટર ઉપરાંત કન્સલટન્સી સેવા, શિક્ષણ, રિસર્ચ, સ્વયંભૂ સાહસ, સ્મોલસ્કેલ પ્લાન્ટથી આઈસ્ક્રીમ યુનિટસ વગેરેમાં સારી જોબ મળી શકે છે.

મદદનીશ, વ્યવસાયી માર્ગદર્શન સંસ્થા,
સરકારી કન્યા શાળાના મકાનમાં,
રાયખડ, અમદાવાદ - ૩૮૦૦૦૧.

# ૨૬ જાહેર વહીવટ ક્ષેત્રે કારકિર્દી

– ડૉ. પૂજા કોટક

**● એક પડકારરૂપ ક્ષેત્ર પબ્લિક એડમિનિસ્ટ્રેશન :**

જાહેર વહીવટ (Public Administration) ના મૂળિયા આપણને 'પ્લેટો' અને 'એરિસ્ટોટલ' જેવા મહાપુરુષોના સમય સુધી જોવા મળે છે. જ્યાં જાહેર જીવનમાં સરકારની અગત્યતાનો ઉલ્લેખ છે. 'કૌટિલ્ય' (ચાણક્ય)ના પુસ્તક 'અર્થશાસ્ત્ર'માં પણ આ ક્ષેત્રની ઘણી વાતો રસપ્રદ રીતે જોવા મળે છે. હમણાં ભાવનગર રાજ્યના કુશાગ્ર વહીવટકર્તા પ્રભાશંકર પટ્ટણીની જે માનવીય અભિગમયુક્ત વાતો વાંચી ત્યારે આ ક્ષેત્રમાં કેટલા સિતારાઓએ અભ્યાસ, અનુભવ, કોઠાસૂઝના આધારે દેશના વહીવટમાં અમૂલ્ય ફાળો આપ્યો હશે તે કલ્પનાતિત બાબત બની જાય છે. આવું એક વિશાળક્ષેત્ર જ્યાં બાહોશ IAS ઓફિસર, IPS અધિકારી, કોર્પોરેટ મેનેજર કે તજ્જ્ઞ અધિકારી દેશ-સંસ્થાના સંચાલનમાં પોતાનો ફાળો આપતા હોય તે ક્ષેત્રની પસંદગી કેમ કરીને થાય તે પ્રશ્ન આજના યુવાનોને થાય તે સ્વાભાવિક છે. જાહેર વહીવટને મોટે ભાગે સરકારી નાની મોટી નોકરીના ક્ષેત્ર પુરતું મુલવવામાં આવે છે પણ આ કારકિર્દીનું એક એવું ફિલ્ડ છે. જ્યાં પદ-પ્રતિષ્ઠા અને પૈસો (સારુ વેતન) પ્રાપ્ત થાય છે. હા, તે મહેનતકશ અને સંપર્કીય છે. આવો, જાહેર વહીવટની આ માનવંતી કારકિર્દીને જાણીએ. આ કારકિર્દી રાજ્યશાસ્ત્ર સંકલિત પણ છે.

ònuh ðneðxLkk «¼køk :

Public admin. ને મુખ્યત્વે પાંચ પ્રભાગમાં વહેંચવામાં આવે છે. (૧) માનવ સંસાધન વિકાસીય બાબતો (HRD)નું વ્યવસ્થાપન (૨) રાજકીય અને જાહેર વહીવટ (૩) જાહેર વહીવટમાં નીતિમતા (૪) જાહેર નીતિ અને જાહેર વહીવટ (૫) નાણાકીય બાબતો અને જાહેર વહીવટ (૬) રાજ્યશાસ્ત્ર. આ દરેક બાબતો આંતરિક રીતે ગુંથાયેલી છે. જાહેર વહીવટમાં રોકાયેલ માનવબળને પ્રશિક્ષિત કરવાથી આ કાર્ય શરૂ થાય છે. વહીવટના હાથપગ એવા કર્મચારીઓની વ્યવસ્થિતતા ઉપર અત્રે ભાર મૂકાય છે. સરકારી કે સંસ્થાકીય માળખાની સુદઢતાને પણ સાથે મહત્વ અપાય છે. જાહેર વહીવટ એ તટસ્થ અને પારદર્શક હોવો જોઈએ. નીતિમત્તા (Ethics) સુચારુ વહીવટનો પાયો ગણાય છે. કોઈપણ વહીવટ તેના નીતિ નિયમો (Rules regulaition) વિના અને ખાસ તો જનતાના માટેની Open policyવિના ન ચાલી શકે. આ દરેક બાબતનું યોગ્ય ચલણ નાણાં વ્યવસ્થા (Budget) અને તેના પ્લાન એક્શન વિના સંભવી ન શકે. આ પ્રકારે વહીવટમાં નાનામાં નાની બાબતો (Micro Matters)નો સમાવેશ થાય છે જેના અભ્યાસને, કાર્યકરને આ કારકિર્દીમાં આગળ વધવાના ચાન્સ મળે છે પછી ભલે તે કોઈ ક ક્ષેત્રનો નિષ્ણાત બને પણ તૈયારી 'જેક ઓફ ઓલ' થવાની રાખવી પડે છે.

**કારકિર્દીની તકો અને તેનું શિક્ષણ :**

કોઈપણ જાહેર સંસ્થા, સરકારી કચેરી કે અન્ય એકમમાં નાની જગ્યાથી એન્ટ્રી થઈ શકે છે પણ ત્યાંથી આગળ વધવા માટે ખૂબ મહેનત અને ઓછી તક છે તેથી સ્નાતક હોવું એ આ ક્ષેત્રના પ્રવેશની વણલિખી શરત છે. દાત. Upsc / Gpsc દ્વારા અધિકારી બનવું, બેંકમાં પ્રોબેશ્નરી અધિકારી થવું વગેરે અત્રે ઘણી સ્પર્ધા હોય છે. અધિકારી થવા માટે ખાસ પરીક્ષાઓ આપવી પડે છે. અધિકારીની જગ્યા ઉપરનો પ્રવેશ આ ક્ષેત્રનો સારો અને એક સુદ્દઢ વિકલ્પ ગણાય છે. બીજી તક કોર્પોરેટ મેનેજરની હોય છે જે મોટી કંપનીઓમાં વહીવટી કે અન્ય બાબતોની કામગીરી માટે પ્રાપ્ત થઈ શકે છે. આ જગ્યાઓ સામાન્ય સ્નાતકોને ઓછા મળે છે. પોસ્ટ ગ્રેજ્યુએશન લો, નાણાં નિષ્ણાતોને તક વધુ મળે છે પણ આ જાહેર વહીવટ પ્રકારનું જ કાર્ય છે. વળતર અને સ્ટેટસ સારા હોય છે. થોડા અભ્યાસ અને અનુભવ બાદ હવે તજ્જ્ઞ કે નિષ્ણાતો આ ક્ષેત્રના કન્સલ્ટન્ટની કામગીરી સ્વીકારે છે. જે સ્વતંત્ર અને ઉચ્ચ વળતરની ગણાય છે. કેટલાંક વહીવટી નિષ્ણાતો શિક્ષણ કે એકેડેમિક પ્રકારના કાર્યોમાં પણ આવે છે પણ આ દરેક પ્રવેશ માટે સ્નાતક ઉપરાંત જો Public Admnનો PG કે P.hd. ડિગ્રી મેળવી હોય તો તે સોનામાં સુગંધ ભળવા બરાબર છે. આ પ્રકારના PG અભ્યાસક્રમો આ સંસ્થાઓમાં મળે છે. (૧) યુનિવર્સિટી ઓફ દિલ્હી, દિલ્હી, (૨) જવાહરલાલ નહેરુ યુનિવર્સિટી, દિલ્હી (૩) ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ પબ્લિક એડમિનિસ્ટ્રેશન (IIPA) દિલ્હી, (૪) લખનૌ યુનિવર્સિટી, લખનૌ (UP) (૫) નર્મદ દ. ગુ. યુનિવર્સિટી, સુરત (ગુજરાત) અન્ય ઘણી સંસ્થાઓમાં દેશમાં તથા વિદેશમાં આવા ઉચ્ચ અભ્યાસક્રમો મળે છે. આ પ્રકારની ડિગ્રી ન મેળવનારા પણ આ ક્ષેત્રમાં વિવિધ નોકરીની સ્પર્ધાત્મક પરીક્ષાઓના માધ્યમથી સફળતા મેળવીને આગળ વધી શકે છે. ફક્ત સતત અને સખત મહેનત કરવાની યુવાવર્ગે હામ ભિડવી પડે ! ઘણા IAS / IPS અધિકારીઓ નિવૃત્તિ બાદ પોલીટીક્સમાં આવે છે.

પૂજા ક્લીનીક, જયશ્રી કોમ્પ્લેક્ષ,
રૈયા સર્કલ પાસે, રૈયા રોડ,
રાજકોટ - ૩૬૦૦૦૭

# ૨૭ CMAT આપી MBA-MCAમાં પ્રવેશ મેળવો...

– *કશ્યપ ધોળકિયા*

પ્રવર્તમાન સંજોગોમાં સામાન્ય સ્નાતકની ખાસ કિંમત રહી નથી. બી.કોમ., બી.બી.એ., બી.સી.એ., બી.એ. કે બી.એસસી. નો અભ્યાસ પૂર્ણ કર્યા બાદ આવા સ્નાતક વિદ્યાર્થીઓ માટે હવે અનુસ્નાતક (પોસ્ટ ગ્રેજ્યુએટ) અભ્યાસક્રમ કરવો ખૂબ જ જરૂરી બન્યો છે. સામાન્ય પ્રવાહના સ્નાતકો માટે એમ.કોમ., એમ.એ., એમ.એસ.સી. કરતા હાલમાં એમ.બી.એ. અને એમ.સી.એ. થવું વધુ હિતાવહ છે. કારણ કે તેમાં નોકરી મળવાની તકો વિપુલ છે, તો વળી નાના-મોટા ઉદ્યોગોમાં પણ સ્વાવલંબી બનવામાં એમ.બી.એ. અને એમ.સી.એ. અભ્યાસ દરમ્યાન શીખેલી કુનેહ વિશેષ ઉપયોગી થાય છે.

ગુજરાતમાં એમ.બી.એ. કરવામાં ૧૦૦થી વધુ કોલેજો ઉપલબ્ધ છે. જ્યારે એમ.સી.એ. કરવા માટે ૭૦થી પણ વધુ કોલેજો છે. ૨૦૧૨ના વર્ષ સુધી આ બધી જ કોલેજમાં પ્રવેશ માટે GCET (ગુજરાત કોમન એન્ટ્રન્સ ટેસ્ટ) લેવામાં આવતી જેમાં વિદ્યાર્થીએ મેળવેલ સ્કોરને આધારે તેનો 'મેરિટ રેન્ક' આવતો અને આ મેરિટને આધારે જે તે કોલેજમાં વિદ્યાર્થીને પ્રવેશ મળતો. GCETમાં અસ્તિત્વમાં આવી અને ૨૦૦૯ સુધી જુદી જુદી યુનિવર્સિટીઓએ ક્રમવાર તેનું સંચાલન કર્યું. ગુજરાત ટેકનોલોજીકલ યુનિ. એ ૨૦૧૦માં તેનું સંચાલન હાથમાં લીધું અને 'ઓનલાઈન' GCET લેવાઈ. ગત વર્ષે કેન્દ્ર સરકારની AICETની માર્ગદર્શિકા મુજબ બધા જ રાજ્યોની પ્રવેશ પરીક્ષાને સ્થાને કેન્દ્રની AICTE દ્વારા લેવાતી CMAT ફરજીયાત બનાવી લેવાતાં હવે GCETનું સ્થાન CMAT પ્રવેશ પરીક્ષાએ લીધું છે. જે આ વર્ષે ફેબ્રુઆરી ૨૧થી ૨૫ દરમ્યાન લેવાઈ ગયેલ છે. CMAT સ્કોરને આધારે ક્યારે અને કેવી રીતે પ્રવેશ અપાશે તેની વિગત મે-જૂન મહિનામાં રાજ્ય સરકારના ઉચ્ચ શિક્ષણ વિભાગ અથવા GTU દ્વારા કરવામાં આવશે.

CMAT દર વર્ષે બે વખતે લેવાશે સપ્ટેમ્બર અને ફેબ્રુઆરીમાં. ગુજરાતની તમામ કોલેજોનું સત્ર જુલાઈ-ઓગસ્ટથી શરૂ થતું હોઈ ગુજરાતના વિદ્યાર્થીઓ માટે સપ્ટેમ્બરની પરીક્ષાનું મહત્વ રહેતું નથી. (કારણ કે પ્રવેશ તો ત્યારબાદ આઠ મહિના બાદ જ મળી શકે.) પરંતુ ફેબ્રુઆરીની CMAT જ આપવી હિતાવહ ગણાય. CMATનું રજીસ્ટ્રેશન Online ડિસેમ્બર મહિનામાં શરૂ થઈ જાય છે. અને એક વખતની પરીક્ષા ફી રૂ. ૧,૨૦૦ /- (આ વખતે આ ફી ધોરણ હતું) છે. અલબત્ત, ૨૦૧૪ની પ્રવેશ પરીક્ષા લેવાનું શરૂ કર્યું છે. સુપ્રિમ કોર્ટના ચુકાદા મુજબ MBA/MCA પ્રવેશ માટે હવે CMAT ફરજિયાત ન હોઈ અને જે તે રાજ્ય સરકાર પોતાની પ્રવેશ પરીક્ષા યોજી શકે છે તે મુજબ કદાચ આવતા વર્ષે ગુજરાત સરકાર પણ ફરી GCET પ્રવેશ પરીક્ષા રાખવાનો નિર્ણય લઈ શકે છે.

**CMAT EXAM STRUCTURE**

| SUB | QUE | MARK PER Q. | TOTAL MARKS |
|---|---|---|---|
| MATHS(QA) | 25 | 4 | 100 |
| REASONING | 25 | 4 | 100 |
| ENGLISH | 25 | 4 | 100 |
| GK | 25 | 4 | 100 |
| TOTAL | 100 | 4 | 400 |

આ ૧૦૦ પ્રશ્નો કરવા માટે વિદ્યાર્થીઓને ત્રણ કલાકનો સમય આપવામાં આવે છે. MCQ પ્રકારના આ પ્રશ્નોનું સ્તર મધ્યમ છે. IIMમાં પ્રવેશ માટે લેવાતી CAT કરતાં નીચા સ્તરનું હોય છે.૨૫ ટકા નેગેટીવ માર્કીંગ હોઈ ઉમેદવારની ACCURACYની પણ અહીં કસોટી થાય છે. CMATની તૈયારી માટે બજારમાં હવે પુષ્કળ સાહિત્ય ઉપલબ્ધ છે. આ ઉપરાંત, અમદાવાદ, વડોદરા, સુરત, ભાવનગર, રાજકોટ વિ. શહેરોમાં ચાલતા નામાંકિત કોચિંગ સેન્ટર્સમાં પણ જોડાઈને તેની તૈયારી થઈ શકે. છેલ્લા વર્ષમાં અથવા પાંચમાં સેમેસ્ટરથી જ તેની તૈયારી (મે-જૂન મહિનાથી) વિદ્યાર્થીએ શરૂ કરવી હિતાવહ છે.

CMATથી વિદ્યાર્થીઓને ફાયદો એ થયો છે કે રાષ્ટ્રીય કક્ષાની કેટલીક શ્રેષ્ઠ કોલેજોમાં પ્રવેશ માટે તેમને અન્ય પરીક્ષા નથી આપવી પડતી અને CMAT સ્કોર બાદ જે તે કોલેજના GDPI પરફોર્મન્સ પર પ્રવેશ મળી શકે. મુંબઈ, પૂના, બેંગ્લોર, દિલ્હી વિ. શહેરોની કેટલીક સારી MBA કોલેજનો CMATમાં સમાવેશ થયેલ છે. બી.ટેક. કરતા વિદ્યાર્થીઓને પણ MBA કરવા CMAT ઉપયોગી છે જ પરંતુ આવા એન્જિનિયરીંગના વિદ્યાર્થીઓ માટે ગુજરાતની શ્રેષ્ઠ ચારથી પાંચ કોલેજમાં જ MBA કરવું હિતાવહ છે. અહીં ગત વર્ષની એડમિશન પ્રક્રિયાને આધારે ગુજરાતની શ્રેષ્ઠ MBA / MCA કોલેજની યાદી પ્રસ્તુત છે. ( આ યાદી ક્રમાંક પ્રમાણે ન ગણવા વિનંતી)

| | MBA COLLEGES | MCA COLLEGES |
|---|---|---|
| (1) | BK SCHOOL - A'bad | ROLLWALA - A'bad |
| (2) | MS. Uni. - BARODA | NIRMA Uni. - A'bad |
| (3) | HL (AES) - A'bad | HL (AES) - A'bad |
| (4) | SOM - LALIT - A'bad | LD ENG.- A'bad |
| (5) | NR -GLS - A'bad | MS. Uni. - Baroda |
| (6) | MBA DEPTT - V.V.Nagar | NR -GLS - A'bad |
| (7) | SAU.Uni. DEPTT -RAJKOT | DDIT- Nadiad |
| (8) | SURAT DEPTT -SURAT | V V Nagar Deptt -V V Nagar |
| (9) | CHIMAN PATEL -A'bad | SAU.UNI. DEPTT -RAJKOT |
| (10) | L.J.COLLEGE -A'bad | L J COLLEGE -A'bad |
| (11) | JAIRAM PATEL -G'nagar | SURAT DEPTT -SURAT |
| (12) | ATMIYA COLLEGE -RAJKOT | ATMIYA COLLEGE -RAJKOT |
| (13) | MARWADI COLLEGE -RAJKOT | VASAD ENG. COLLEGE -VASAD |
| (14) | DDIT -Nadiad | JAIRAM PATEL-G'nagar |

આ ઉપરાંત પણ રાજ્યમાં ઘણી સારી MBA / MCA Colleges છે જ્યાં CMAT દ્વારા પ્રવેશ મેળવી ઉજ્જવળ કારકિર્દી તરફ પ્રયાણ કરી શકાય.

છેલ્લા બે-ત્રણ વર્ષથી MBA / MCAનું આકર્ષણ વિદ્યાર્થીઓમાં ઘટ્યું છે, જેનું મુખ્ય કારણ એ છે કે એ કોર્ષ કર્યા પછી ઉચ્ચકક્ષાની નોકરી મળવી મુશ્કેલ છે. ખરેખર એ ખોટી માન્યતા છે. સારી કોલેજમાં પ્લેસમેન્ટ થાય જ છે. તેમ વળી સારી કોલેજમાં એડમિશન લેવાથી ત્યાંથી સારા પ્રાધ્યાપક હોઈ બે વર્ષ માટે વિદ્યાર્થીનું મેનેજમેન્ટ અને કમ્પ્યૂટરનું જ્ઞાન વધે છે. તેને ઘણું નવું શીખવા મળે છે અને વિદ્યાર્થી એમ્પ્લોયેબલ બને છે. MBAમાં તો હવે તેના ત્રણ મુખ્ય પ્રવાહો માર્કેટીંગ, ફાઈનાન્સ અને હ્યુમન રીસોર્સ ઉપરાંત રીટેઈલ મેનેજમેન્ટ, સપ્લાય ચેઈન મેનેજમેન્ટ, સ્ટ્રેટેજીક મેનેજમેન્ટ, લોજીસ્ટીક, આઈ.ટી. મેનેજમેન્ટ, પોર્ટ મેનેજમેન્ટ વિ. જેવા કેટલાય વિકલ્પો હોઈ, વિદ્યાર્થી એ મુજબ આગળ વધી શકે છે અને ઉજ્જવળ કારકિર્દી બનાવી શકે છે.

ગત વર્ષથી MCAમાં પણ મોટો ફેરફાર આવ્યો

છે. CMATમાં જેને સારા માર્કસ આવે અને જો તે વિદ્યાર્થીનું બ્રેકગ્રાઉન્ડ BCA કે B.Sc. (IT) હોય તો MCA હવે ત્રણ વર્ષને બદલે બે વર્ષમાં પૂરું થઈ શકે છે. જેને 'લેટરલ એન્ટ્રી MCA' કહેવાય છે. ગુજરાતની તમામ MCA કોલેજોમાં MCAની કુલ સીટની ગુજરાતની તમામ MCA કોલેજમાં MCAની કુલ સીટની ૨૦ ટકા સીટો પર એ રીતે પ્રવેશ આપવાની જોગવાઈ હોવાથી સારો એપ્ટિટયૂટ ધરાવતા વિદ્યાર્થીઓને MCA-2 Years Programmeમાં પ્રવેશ મળી શકે છે. અને એ રીતે તેમનું એક વર્ષ અને એટલી ફી પણ બચી શકે છે.

સામાન્ય ગ્રેજ્યુએટ્સ માટે આ બે કોર્સ સિવાય પણ ઘણા કોર્સ ઉપલબ્ધ છે. B.Com., BBA માટે CA, CS, ICWA, CFA જેવા પ્રોફેશનલ કોર્સિસ ઉપલબ્ધ છે. (જેની વિગત આ અંકમાં અન્યત્ર આપી છે.) તો વળી B.Com થયેલ વિદ્યાર્થી માટે M.Com થઈ લેકચરર બનવાની પણ તક છે જ. ગ્રેજ્યુએટ થયેલ તમામ વિદ્યાર્થી ડિપ્લોમાના ફાઈનાન્સીયલ મેનેજમેન્ટ, બેન્કીંગ મેનેજમેન્ટ, હ્યુમન રિસોર્સ મેનેજમેન્ટ જેવા કોર્સ કરીને પણ સુંદર કારકિર્દી બનાવી શકે છે.

કેન્દ્ર સરકારની અને રાજ્ય સરકારની ઉચ્ચ હોદ્દાની ભરતીમાં સ્નાતક ફરજીયાત હોઈ સામાન્ય પ્રવાહના ઉમેદવારો અહીં પણ સારી કારકિર્દી બનાવી શકે છે. વિશેષ તૈયારી કરવી અલબત તે માટે કોલ ડિપ્લોમા કોર્સની પરીક્ષાથી પણ વિશેષ તૈયારી કરવી રહે. સ્ટાફ સિલેક્શનમાં ગુજરાતના ઓછા ઉમેદવારો ઉર્તિણ થાય છે તે કડવી વાસ્તવિક્તા છે, તો બીજી તરફ સિવિલ સર્વિસમાં પણ અન્ય રાજ્યોની સરખામણીમાં ગુજરાતીઓનો દેખાવ નબળો જ છે. ગુજરાત જાહેર સેવા આયોગ (GPSC) 2002, 2007 પછી વર્ગ ૧, ૨ ની પરીક્ષા લીધી નથી એ પણ કડવું સત્ય છે. ત્યારે ગુજરાતના સ્નાતક ઉમેદવારો માટે વધારાની તક બેંક પ્રવેશ પરીક્ષા (IBPS- SBI) પણ છે. IBPS દર ડિસેમ્બરમાં ભરતી પરીક્ષા યોજે છે. નોકરીની મર્યાદિત તકના આ સમયમાં વિદ્યાર્થીઓ માટે હિતાવહ એ છે કે તે કોઈ ઉપરોક્ત કોર્સનો પણ સાથોસાથ અભ્યાસ કરી પોતાને સારા જોબ માટે વધુ સશક્ત બનાવે જેથી એક ઉજ્જવળ કારકિર્દી બની શકે.

૪થો માળ, ડાયમંડ રેસિડેન્સી,
૧૪, જાગનાથ પ્લોટ, કાઠિયાવાડ,
જીમખાના પાછળ, રાજકોટ.



# ૨૮ કૃષિના વિવિધ અભ્યાસક્રમો અને રોજગારીની તકો

*–ડૉ. કે. બી. જાડેજા*

પુરાતનકાળથી ખેતીને ભારતીય અર્થતંત્રનો આધાર ગણવામાં આવ્યો છે. વૈદિક સાહિત્યમાં પણ ખેતી એ વિજ્ઞાન અને કળાનો સમન્વય છે તેવા ઘણાં સંદર્ભો જોવા મળે છે. દેશની કુલ વસ્તીના આશરે ૫૨% ને કૃષિ ક્ષેત્ર આજીવિકા પુરી પાડે છે અને કુલ ઘરેલું ઉત્પાદનમાં લગભગ ૧૫ % જેટલો ફાળો કૃષિ ક્ષેત્રનો છે. ભારતમાં રચાયેલી હરીતક્રાંતિ, શ્વેતક્રાંતિ અને પીળીક્રાંતિ પાછળ પ્રશિક્ષિત માનવસંસાધનનો ફાળો અમુલ્ય છે જેના થકી અન્ન ઉત્પાદનમાં દેશ સ્વનિર્ભર બની ઝડપી વિકસતા દેશોમાં સ્થાન પામ્યો છે. જ્ઞાન આધારીત, ઈનપુટ ઉપયોગ કાર્યક્ષમ અને ચોકસાઈ પુર્વકની ખેતી જેવા હવે પછીના કૃષિ વિકાસના તબકકા માટે સક્ષમ બનવા ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ અને કૃષિ યુનિવર્સિટીઓ તેના શૈક્ષણિક કાર્યક્રમોમાં સમાવેશ કરવા પ્રયત્નો અને આયોજન કરી રહી છે.

સને ૧૯૪૮માં ડો. એસ. રાધાકૃષ્ણનની અધ્યક્ષતામાં રચાયેલ યુનિવર્સિટી એજયુકેશન કમિશને સ્વતંત્ર ગ્રામ્ય યુનિવર્સિટીની સ્થાપનાની ભલામણ કરેલ જેના આધારે સને ૧૯૬૦માં સૌ પ્રથમ પંતનગર (નૈનિતાલ) ખાતે અમેરીકાની લેન્ડ ગ્રાન્ટ કોલેજ પેટર્ન મુજબ રાજય કૃષિ યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવેલ હતી. સને ૧૯૫૮માં ઈન્ડિયન એગ્રિકલ્ચરલ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ, નવી દિલ્હીને ડિમ્ડ યુનિવર્સિટીનો દરજજો અપાયો ત્યારથી દેશમાં સાચા કૃષિ શિક્ષણના બીજ રોપાયા. ઈન્ડિયન કાઉન્સિલ ઓફ એગ્રિકલ્ચરલ રિસર્ચના નેજા હેઠળ આજે પણ આ સંસ્થાએ કૃષિ શિક્ષણ માટે આંતર રાષ્ટ્રીય દરજજો જાળવી રાખ્યો છે.

કૃષિ અને તેને સંલગ્ન વિદ્યાશાખાના ઈતિહાસની આછેરી ઝલક બાદ હવે વાત કરીએ આજના કૃષિ શિક્ષણના વિકાસની. આજે દેશમાં કૃષિ વિદ્યાશાખા સહિત બાગાયત, વનીય, પશુચિકિત્સા અને પશુપાલન, મત્સ્ય વિજ્ઞાન, કૃષિ ઈજનેરી, ડેરી વિજ્ઞાન, ગૃહ વિજ્ઞાન વગેરેનું શિક્ષણ આપતી ૫૬ રાજય કૃષિ યુનિવર્સિટીઓ છે. તે ઉપરાંત ચાર ડિમ્ડ યુનિવર્સિટીઓ તથા પાંચ સેન્ટ્રલ કૃષિ યુનિવર્સિટીઓ દ્વારા કૃષિ શિક્ષણ અપાઈ રહયું છે. ભારતીય કૃષિ અનુસંધાન પરિષદના એક્રેડીટેશન બોર્ડ દ્વારા દેશની આ બધી યુનિવર્સિટીઓમાંથી ૨૨ યુનિવર્સિટીઓને ઉત્તમ શિક્ષણ સંસ્થા બદલ એક્રેડીટેશનનો દરજજો અપાયો છે.

ગુજરાત રાજયમાં કૃષિ શિક્ષણ ક્ષેત્રે થયેલ વિકાસની વાત કરીએ તો, રાજયની પ્રથમ કૃષિ મહાવિદ્યાલય ૧૯૪૬માં આણંદ ખાતે શરુ થઈ. બસ, ત્યારથી ગુજરાતમાં કૃષિ શિક્ષણના વિકાસનો પાયો નંખાયો એમ કહી શકાય. ત્યારબાદ ૧૯૬૦માં જૂનાગઢ, ૧૯૬૫માં નવસારી અને ૧૯૮૨માં સરદાર કૃષિનગર ખાતે કૃષિ મહાવિદ્યાલયો શરુ કરવામાં આવી. આ કૃષિ મહાવિદ્યાલયો દ્વારા કૃષિ શિક્ષણ મેળવેલ કૃષિ વૈજ્ઞાનિકો/ પ્રગતિશીલ ખેડૂતો/ ઉધોગ સાહસિકોના પ્રયત્નોથી ગુજરાતમાં કૃષિ ક્ષેત્રે પ્રગતિ થયેલ છે જેના પરીણામો આપણી સમક્ષ છે. સમયોચિત કૃષિ સંલગ્ન ક્ષેત્રો જેવાકે બાગાયત, વનીય, પશુચિકિત્સા અને પશુપાલન, મત્સ્ય વિજ્ઞાન, કૃષિ ઈજનેરી, ડેરી વિજ્ઞાન, ગૃહ વિજ્ઞાન, એગ્રિ. ઈન્ફર્મેશન ટેકનોલોજી, બેઝિક સાયન્સ વગેરે ક્ષેત્રે ઉચ્ચ શિક્ષણ પુરું પાડવા સ્નાતક કક્ષાના અભ્યાસક્રમો શરૂ કરવામાં આવેલ છે. આજના હરીફાઈના યુગમાં તમામ વિદ્યાર્થીઓને મેડિકલ કે ઈજનેરીના અભ્યાસક્રમોમાં પ્રવેશ મળતો નથી. તેથી તેની પાછલી હરોળના કૃષિ ક્ષેત્રના સ્નાતક કક્ષાના અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા વિદ્યાર્થીઓનો સારો એવો ધસારો રહે છે.

- **ધોરણ–૧૨ પછીના સ્નાતક કક્ષાના અભ્યાસક્રમો :**

હાલમાં ગુજરાત રાજયમાં આવેલ ચારેય કૃષિ યુનિવર્સિટીઓમાં ચાલતા સ્નાતક કક્ષાના અભ્યાસક્રમોની વિગત નીચે મુજબ છે.

## પી.સી.બી. (બાયોલોજી) ગ્રુપના અભ્યાસક્રમો :

| ક્રમ | ડિગ્રી કોર્સનું નામ અને અભ્યાસનો સમયગાળો | કોલેજનું નામ |
|---|---|---|
| (૧) | બી. વી. એસસી. એન્ડ એ.એચ.<br>૫ વર્ષ (૧૦ સેમેસ્ટર) | પશુ ચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય, આણંદ, જૂનાગઢ, નવસારી અને સરદારકૃષિનગર |
| (૨) | બી. એસસી. (ઓનર્સ.) એગ્રિ.<br>૪ વર્ષ(૮ સેમેસ્ટર) | ૧. બં.અ. કૃષિ મહાવિદ્યાલય, આણંદ<br>૨. કૃષિ મહાવિદ્યાલય,વસો<br>૩. કૃષિ મહાવિદ્યાલય,જબુગામ<br>૪. કૃષિ મહાવિદ્યાલય, જૂનાગઢ<br>૫. કૃષિ મહાવિદ્યાલય, અમરેલી<br>૬. ન.મ. કૃષિ મહાવિદ્યાલય, નવસારી<br>૭. કૃષિ મહાવિદ્યાલય, વઘઈ<br>૮. કૃષિ મહાવિદ્યાલય, ભરૂચ<br>૯. ચિ.પ. કૃષિ મહાવિદ્યાલય, સરદારકૃષિનગર<br>૧૦. કૃષિ મહાવિદ્યાલય, થરાદ |
| (૩) | બી. એસસી. (ઓનર્સ.) હોર્ટિ.<br>૪ વર્ષ (૮ સેમેસ્ટર) | ૧. બાગાયત મહાવિદ્યાલય, આણંદ<br>૨. કૃષિ મહાવિદ્યાલય, જૂનાગઢ<br>૩. અસ્પી બાગાયત–વનીય મહાવિદ્યાલય, નવસારી<br>૪. બાગાયત મહાવિદ્યાલય, જગુદણ |
| (૪) | બી. એસસી. (ઓનર્સ.) ફોરેસ્ટ્રી<br>૪ વર્ષ (૮ સેમેસ્ટર) | ૧. અસ્પી બાગાયત–વનીય મહાવિદ્યાલય,નવસારી |
| (૫) | બી. એફ. એસસી.<br>૪ વર્ષ (૮ સેમેસ્ટર) | ૧. મત્સ્યવિજ્ઞાન મહાવિદ્યાલય, વેરાવળ |
| (૬) | બી. એસસી.<br>(એગ્રિ. બાયોટેકનોલોજી)<br>૪ વર્ષ (૮ સેમેસ્ટર) | ૧. એગ્રિકલ્ચરલ બાયોટેકનોલોજી મહાવિદ્યાલય, સુરત |
| (૭) | બી. એસસી. (બાયોટેકનોલોજી)<br>૪ વર્ષ (૮ સેમેસ્ટર) | ૧. કોલેજ ઓફ બેઝિક સાયન્સ એન્ડ હયુમીનીટીઝ, સરદારકૃષિનગર |
| (૮) | બી. એસસી. (માઈક્રોબાયોલોજી)<br>૪ વર્ષ (૮ સેમેસ્ટર) | ૧. કોલેજ ઓફ બેઝિક સાયન્સ એન્ડ હયુમીનીટીઝ, સરદારકૃષિનગર |
| (૯) | બી. એસસી. (બાયોકેમેસ્ટ્રી)<br>૪ વર્ષ (૮ સેમેસ્ટર) | ૧. કોલેજ ઓફ બેઝિક સાયન્સ એન્ડ હયુમીનીટીઝ, સરદારકૃષિનગર |
| (૧૦) | બી. એસસી. (ફુડ કવોલીટી એસ્યોરન્સ)<br>૪ વર્ષ (૮ સેમેસ્ટર) | ૧. શ્રી જી.એન. પટેલ, ડેરી વિજ્ઞાન અને ફુડ ટેકનોલોજી મહાવિદ્યાલય, સરદાર કૃષિનગર |

નોંધ :– ઉપરોકત તમામ ડિગ્રી કોર્સમાં પ્રવેશ માટે વિદ્યાર્થીએ બાયોલોજી ગ્રુપ (પી.સી.બી.) તથા અંગ્રેજી વિષય સાથે ધોરણ ૧૨ પાસ કરેલ હોવું જોઈએ તથા ગુજકેટ–૨૦૧૪ આપી હોવી જોઈએ.

**● પી.સી.એમ. (મેથેમેટિકસ) ગ્રુપના અભ્યાસક્રમો :**

| ક્રમ | ડિગ્રી કોર્સનું નામ અને અભ્યાસનો સમયગાળો | કોલેજનું નામ |
|---|---|---|
| (૧) | બી. ટેક. (ડેરી ટેકનોલોજી) ૪ વર્ષ (૮ સેમેસ્ટર) | ૧. એસ.એમ.સી. ડેરી વિજ્ઞાન મહાવિદ્યાલય, આણંદ<br>૨. ડેરી વિજ્ઞાન મહાવિદ્યાલય, કામધેનુ યુનિ. અમરેલી |
| (૨) | બી. ટેક. (એગ્રિ. એન્જિ.) ૪ વર્ષ (૮ સેમેસ્ટર) | ૧. કૃષિ ઈજનેરી અને ટેકનોલોજી મહાવિદ્યાલય, જૂનાગઢ<br>૨. કૃષિ ઈજનેરી અને ટેકનોલોજી મહાવિદ્યાલય, ગોધરા<br>૩. કૃષિ ઈજનેરી અને ટેકનોલોજી મહાવિદ્યાલય, ડેડીયાપાડા |
| (૩) | બી. ટેક. (ડેરી એન્ડ ફુડ ટેકનોલોજી) ૪ વર્ષ (૮ સેમેસ્ટર) | ૧. શ્રી જી.એન. પટેલ, ડેરી વિજ્ઞાન અને ફુડ ટેકનોલોજી મહાવિદ્યાલય, સરદારકૃષિનગર |
| (૪) | બી. ટેક. (ફુડ પ્રોસેસીગ ટેકનોલોજી) ૪ વર્ષ (૮ સેમેસ્ટર) | ૧. ફુડ પ્રોસેસીગ ટેકનોલોજી અને બાયો એનર્જી મહાવિદ્યાલય, આણંદ |
| (૫) | બી. ટેક. (રીન્યુ. એનર્જી એન્ડ એન્વાર્ય. એન્જિ.) ૪ વર્ષ (૮ સેમેસ્ટર) | ૧. કોલેજ ઓફ રીન્યુએબલ એનર્જી એન્ડ એન્વાયરોનમેન્ટલ એન્જિનિયરીગ, સરદારકૃષિનગર |

નોંધ :– ઉપરોકત તમામ ડિગ્રી કોર્સમાં પ્રવેશ માટે વિદ્યાર્થીએ મેથેમેટિકસ ગ્રુપ (પી.સી.એમ.) તથા અંગ્રેજી વિષય સાથે ધોરણ ૧૨ પાસ કરેલ હોવું જોઈએ તથા જેઈઈ–૨૦૧૪ આપેલી હોવી જોઈએ.

**● વિજ્ઞાન પ્રવાહ :**

| ક્રમ | ડિગ્રી કોર્સનું નામ અને અભ્યાસનો સમયગાળો | કોલેજનું નામ |
|---|---|---|
| (૧) | બી. ટેક. (એગ્રિ. ઈર્ન્ફમેશન ટેકનોલોજી) ૪ વર્ષ (૮ સેમેસ્ટર) | ૧. કોલેજ ઓફ એગ્રિકલ્ચરલ ઈર્ન્ફમેશન ટેકનોલોજી, આણંદ |
| (૨) | બી. એસસી. (ઓનર્સ.) હોમ સાયન્સ એન્ડ ન્યુટ્રીશન ૪ વર્ષ (૮ સેમેસ્ટર) | ૧. અસ્પી કોલેજ ઓફ હોમ સાયન્સ એન્ડ ન્યુટ્રીશન, સરદારકૃષિનગર |

નોંધ :– ઉપરોકત બન્ને ડિગ્રી કોર્સમાં પ્રવેશ માટે વિદ્યાર્થીએ મેથેમેટિકસ ગ્રુપ (પી.સી.એમ.) અથવા બાયોલોજી ગ્રુપ (પી.સી.બી.) તથા અંગ્રેજી વિષય સાથે ધોરણ ૧૨ પાસ કરેલ હોવુ જોઈએ તથા ચાલુ વર્ષની ગુજકેટ કે જેઈઈ માંથી જે તે ગ્રુપને લાગુ પડતી પ્રવેશ પરીક્ષા આપેલ હોવી જોઈએ

**ખાસ નોંધ :** તમામ સ્નાતક કક્ષાના અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે વિદ્યાર્થીએ ચાલુ વર્ષની ગુજકેટ કે જેઈઈ માંથી જે તે ગ્રુપને લાગુ પડતી પ્રવેશ પરીક્ષા આપેલ હોવી જોઈએ. અગાઉના વર્ષની પ્રવેશ પરીક્ષા માન્ય ગણવામાં આવતી નથી.

● સ્નાતક કક્ષાના અભ્યાસક્રમો માટે ધો.–૧૨ વિજ્ઞાન પ્રવાહનું પરીણામ જાહેર થયા બાદ કૃષિ યુનિવર્સિટીઓની કોમન પ્રવેશની વેબ સાઈટ www.

gsauca.in પર તથા ગુજરાતી દૈનિક પત્રોમાં તેમજ ગુજરાતની ચારેય કૃષિ યુનિવર્સિટીઓની વેબ સાઈટ www.jau.in, www.aau.in, www.nau.in તથા www.sdau.edu પર પ્રવેશ અંગેની જાહેરાત પ્રસિધ્ધ કરવામાં આવે છે. વેબ સાઈટ પર પ્રવેશ લાયકાત, બેઠકોની વિગત, મેરિટ લિસ્ટ બનાવવાના ધોરણો, ભારાંકની વિગતો, અનામત બેઠકો, પ્રવેશ ફોર્મ ભરવા અંગેની સૂચનાઓ વગેરે જેવી પ્રવેશને લગતી તમામ બાબતો દર્શાવવામાં આવે છે. આ દરેક અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે ઓન લાઈન પ્રવેશ પધ્ધતિથી એક જ પ્રવેશ ફોર્મ ભરવાનું રહે છે.

- ઉપરોકત અભ્યાસક્રમોમાં કેન્દ્રિય ધોરણે પ્રવેશ આપવામાં આવે છે, તેથી મેરિટક્રમ મુજબ ગુજરાતની જે તે કૃષિ યુનિવર્સિટીમાં ચાલતા અભ્યાસક્રમોમાં પ્રવેશ મળવા પાત્ર છે.
- ઉપરોકત સ્નાતક અભ્યાસક્રમોમાં વધારાની ૧૫ ૮ સીટો પર અખીલ ભારતિય કક્ષાએ આઈ. સી.એ.આર., નવી દિલ્હી મારફત પ્રવેશ પરીક્ષા લઈને પ્રવેશ આપવામાં આવે છે. આ પ્રવેશ પરીક્ષા દર વર્ષે અંદાજે એપ્રિલ માસમાં યોજાય છે, જે અન્વયે યોગ્યતા પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને સ્નાતક કક્ષાએ નેશનલ ટેલેન્ટ સ્કોલરશીપ પણ આપવામાં આવે છે. આ પ્રવેશ પરીક્ષા અંગે વિગતવાર માહિતી http://www.icar.org.in પરથી મળી શકે છે.

**સ્નાતક કક્ષાના અભ્યાસક્રમોને લગતી અગત્યની બાબતો નીચે મુજબ છે.**

૧. તમામ સ્નાતક કક્ષાના અભ્યાસક્રમો અંગ્રેજી માધ્યમમાં ચલાવવામાં આવે છે.

૨. પ્રવેશ માટે ગુજરાત સરકારના ધારાધોરણો મુજબ પ્રવેશની લઘુતમ લાયકાત તથા અનામત બેઠકો રાખવામાં આવે છે.

૩. બી.એસસી. (ઓનર્સ.) એગ્રિ., બી.એસસી. (ઓનર્સ.) હોર્ટિ., બી.એસસી. (ઓનર્સ.) ફોરેસ્ટ્રી તથા બી.એફ.એસસી. ડિગ્રી કોર્સમાં ખેડૂતપુત્રો/પુત્રીઓને વધારાના ૫ % ગુણભાર આપવામાં આવે છે. તેવી જ રીતે માછીમાર સમુદાયના પુત્ર/પુત્રીઓને બી.એફ.એસસી. ડિગ્રી કોર્સમાં વધારાના ૧૫ % ગુણભાર આપવામાં આવે છે.

૪. તમામ અભ્યાસક્રમોમાં કન્યાઓને ટયુશન ફી તથા હોસ્ટેલ ફી માંથી મુકિત આપવામાં આવે છે.

૫. જે અભ્યાસક્રમોમાં પેમેન્ટ સીટો ઉપલબ્ધ છે. તેમાં ફ્રી સીટોમાં પ્રવેશ આપ્યા બાદના મેરિટક્રમ મુજબ પેમેન્ટશીટ પર પ્રવેશ આપવામાં આવે છે.

૬. ઉપરોકત દરેક અભ્યાસક્રમોમાં હોસ્ટેલમાં રહેવુ ફરજિયાત છે. મોટા ભાગની કોલેજ ખાતે સંપૂર્ણ સુવિધાયુકત હોસ્ટેલ ઉપલબ્ધ છે. હોસ્ટેલ મેનેજમેન્ટ માટે રેકટરની સીધી દેખરેખ હેઠળ ભોજનાલય, મનોરંજન હોલ, ગેસ્ટરૂમની વ્યવસ્થા ઉપલબ્ધ છે.

૭. સંપૂર્ણ સુવિધાયુકત યુનિવર્સિટી લાઈબ્રેરી મુખ્ય કેન્દ્ર ખાતે આવેલ છે. જેમાં દરેક વિદ્યાશાખાના વિદ્યાર્થીઓને અભ્યાસમાં જરૂરી એવા પુસ્તકો, સામયિકો ઉપલબ્ધ છે. આ ઉપરાંત ઈન્ટરનેટ ફેસેલીટી સાથેની ઈ–લાઈબ્રેરી તથા લેંગ્વેજ લેબ ઉપલબ્ધ છે.

૮. વિદ્યાર્થીઓના શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય માટે વિશાળ સ્પોર્ટસ કોમ્પલેક્ષ બનાવવામાં આવેલ છે. જેમાં ક્રિકેટ ગ્રાઉન્ડ, વોલીબોલ ગ્રાઉન્ડ, ખોખો ગ્રાઉન્ડ, બાસ્કેટબોલ ગ્રાઉન્ડ, જીમ્નેશીયમ, ટેબલ ટેનિસ અને બેડમિન્ટન કોર્ટ તથા ઈન્ડોર ગેઈમ્સ માટે પણ પુરતી સુવિધાઓ ઉપલબ્ધ છે.

આવી રમતોમાં આંતર યુનિવર્સિટી કક્ષાની સ્પર્ધાઓ યોજવામાં આવે છે. આ ઉપરાંત એનએસએસ તથા એનસીસી યુનિટો દ્વારા વિદ્યાર્થીઓમાં સેવા, સમર્પણ અને રાષ્ટ્ર ભાવનાનુ ઘડતર થાય તેવા પ્રયત્નો કરવામાં આવે છે.

૯. સાંસ્કૃતિક કાર્યક્રમો, વકૃત્વ સ્પધાઓ કે અન્ય સમારંભો માટે સંપુર્ણ સુવિધાયુકત ઓડીટોરીયમ ઉપલબ્ધ છે.

**● ફી અંગેની વિગત :**

ચારેય કૃષિ યુનિવર્સિટીમાં ચાલતાં સ્નાતક કક્ષાના અભ્યાસક્રમોમાં પ્રવેશ સમયે પ્રથમ સેમેસ્ટરની ભરવાની થતી ફીની વિગત અહીં જણાવ્યા પ્રમાણે છે. જેમાં પ્રવેશ સમયે ભરવાની થતી તમામ પ્રકારની ડિપોઝીટ તથા કોશનમની વગેરેનો પણ સમાવેશ થઈ જાય છે.

**ડિગ્રી કોર્ષ :** તમામ સ્નાતક કક્ષાના અભ્યાસક્રમો

**ફીની રકમ : કુમાર માટે -** ₹ ૧૩૬૭૦

**કન્યા માટે** ₹ ૮૬૭૦

**● રોજગારીની તકો :**

કૃષિ યુનિવર્સિટીઓમાંથી બહાર પડતા સ્નાતકો

તથા અનુસ્નાતકો માટે કેન્દ્ર સરકાર તથા રાજય સરકારના વિભાગો, કૃષિ યુનિવર્સિટીઓ, ખેતીવાડી ખાતુ, બાગાયત ખાતુ, પશુપાલન ખાતુ, મત્સ્યોધોગ વિભાગ, સહકારી સંસ્થાઓ, રાષ્ટ્રીયકૃત બેંકો, વિમા કંપનીઓ, બીન સરકારી સંસ્થાઓ ઉપરાંત ખાનગી ક્ષેત્રો જેવા કે ફર્ટિલાઈઝર કંપનીઓ, પેસ્ટીસાઈડ કંપનીઓ, ટ્રેકટર કંપનીઓ, પિયત સાધનો બનાવતી કંપનીઓ, કૃષિ સાધનો બનાવતી કંપનીઓ, સી ફૂડ પ્રોસેસીગ અને એકસપોર્ટ કંપનીઓ વગેરેમાં રોજગારીની વિશાળ તકો રહેલી છે. આ ઉપરાંત કૃષિ વપરાશના સાધનો, રાસાયણિક અને જૈવિક ખાતરો, સુધારેલ બિયારણો, આધુનિક પિયત પધ્ધતિઓના સાધનો, જંતુનાશક/નિંદામણનાશક દવાઓ, ફુડ પ્રોસેસીગ યુનિટ, એગ્રિ–બિઝનેશ સેન્ટર વગેરે જેવા ક્ષેત્રોમાં ઘણા સ્નાતકો લઘુ ઉદ્યોગ/વેચાણ મારફત સ્વરોજગારી પણ મેળવે છે. વિવિધ ક્ષેત્રોની સંસ્થાઓ/કંપનીઓ કોલેજ કક્ષાએ કેમ્પસ ઈન્ટરવ્યુ મારફત ઉમેદવારોની પસંદગી કરે છે, જે મુજબ હાલમાં સ્નાતક/અનુસ્નાતક કક્ષાએ પ્લેસમેન્ટની સારી તકો જોવા મળેલ છે.

રાજયના યુવાનોને/ ખેડૂતોને કૃષિ ક્ષેત્રે ચાલતા સ્નાતક કક્ષાના અભ્યાસક્રમોની માહિતી મળી રહે તો પોતાની કારકિર્દીમાં પણ ઉપયોગી થાય અથવા વિધિસરનુ શિક્ષણ મેળવી કૃષિમાં વૈજ્ઞાનિક અભિગમ અપનાવી ખેતી કરતો ખેડૂત અથવા સફળ ઉધોગ સાહસિક બની રાજયના/ રાષ્ટ્રના વિકાસમાં સહભાગી બને.

**● ધોરણ–૧૦ પછીના ડિપ્લોમા કક્ષાના અભ્યાસક્રમો :**

હાલના શિક્ષણમાં થતાં પરિવર્તનને ઘ્યાને લઈ કૃષિ યુનિવર્સિટીઓએ કૃષિ, બાગાયત, કૃષિ ઈજનેરી, કૃષિ પ્રક્રિયા, પશુપાલન, પોષણ અને આહાર, ગૃહ વિજ્ઞાન અને કૃષિ સહકાર, બેકીંગ અને બજાર જેવા વિષયોમાં ૩ વર્ષના પોલીટેકનીક ડિપ્લોમા કાર્યક્રમો શરૂ કર્યા છે. આ તમામ કાર્યક્રમોનો ઉદ્દેશ કૃષિ અને સંલગ્ન વિવિધ ક્ષેત્રોની જરૂરિયાત પુરી પાડવાનો છે.

અંગ્રેજી વિષય સાથે ધોરણ– ૧૦ (SSC) પાસ કરેલ વિદ્યાર્થી આવા પોલીટેકનીક અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા અરજી પાત્ર બને છે. આ તમામ પોલીટેકનીક અભ્યાસક્રમો અંગ્રેજી માધ્યમમાં ભણાવવામાં આવે છે. તમામ પોલીટેકનીક ખાતે ફકત ૩૫ વિદ્યાર્થીઓને જ પ્રવેશ આપવામાં આવે છે.

**● પોલીટેકનીક ડિપ્લોમા અભ્યાસક્રમો :**

| અ.નં. | ડિપ્લોમા અભ્યાસક્રમ | અભ્યાસ સમયગાળો | પોલીટેકનીકનું સ્થળ |
|---|---|---|---|
| ૧ | એગ્રિકલ્ચર | ૩ વર્ષ | જૂ.કૃ.યુ., ધારી<br>આ.કુ.યુ., આણંદ<br>આ.કૃ.યુ., વસો<br>સ.દાં.કૃ.યુ., ડીસા<br>સ.દાં.કૃ.યુ., ખેડબ્રહ્મા<br>સ.દાં.કૃ.યુ., અમીરગઢ<br>ન.કુ.યુ., ભરૂચ<br>ન.કૃ.યુ., વ્યારા |
| ૨ | હોર્ટિકલ્ચર | ૩ વર્ષ | જૂ.કૃ.યુ., જૂનાગઢ<br>આ.કૃ.યુ., વડોદરા<br>સ.દાં.કૃ.યુ., જગુદણ<br>ન.કૃ.યુ., નવસારી<br>ન.કૃ.યુ., પરીયા |
| ૩ | એગ્રિ. એન્જિ. | ૩ વર્ષ | આ.કૃ.યુ., દાહોદ<br>ન.કૃ.યુ., ડેડીયાપાડા<br>જૂ.કૃ.યુ., તરઘડીયા |
| ૪ | એગ્રો પ્રોસેસીગ | ૩ વર્ષ | જૂ.કૃ.યુ., જૂનાગઢ |
| ૫ | ન્યુટ્રિશન એન્ડ ડાયેટેટીકસ | ૩ વર્ષ | આ.કુ.યુ., આણંદ |

| | | | |
|---|---|---|---|
| ૬ | હોમ સાયન્સ (ફકત બહેનો માટે) | | ૩ વર્ષ જૂ.કૃ.યુ., અમરેલી<br>સ.દાં.કૃ.યુ., સ.કૃ.નગર |
| ૭ | એગ્રિ. કો-ઓપરેશન, બેંકીગ એન્ડ માર્કેટીગ | ૩ વર્ષ | ન.કુ.યુ., વઘઈ |
| ૮ | પશુપાલન | ૩ વર્ષ | જૂ.કૃ.યુ., જૂનાગઢ<br>ન.કૃ.યુ., નવસારી<br>સ.દાં.કૃ.યુ., સ.કૃ.નગર<br>કામધેનુ યુનિ. મહેતાપુરા (હિંમતનગર) |

- પોલીટેકનીક ડિપ્લોમા અભ્યાસક્રમો માટે ધો.–૧૦ નું પરીણામ જાહેર થયા બાદ કૃષિ યુનિવસિટીઓની કોમન પ્રવેશની વેબ સાઈટ www.gsauca.in પર તથા ગુજરાતી દૈનિક પત્રોમાં તેમજ ગુજરાતની ચારેય કૃષિ યુનિવર્સિટીઓની વેબ સાઈટ www.jau.in, www.aau.in, www.nau.in તથા www.sdau.edu પર પ્રવેશ અંગેની જાહેરાત પ્રસિધ્ધ કરવામાં આવે છે. ચારેય કૃષિ યુનિવર્સિટીઓમાં ચાલતા તમામ પોલીટેકનીક ડિપ્લોમા અભ્યાસક્રમો માટે ઓનલાઈન એક જ પ્રવેશ ફોર્મ ભરવાનું રહે છે.
- ઉપરોકત પોલીટેકનીક ડિપ્લોમા અભ્યાસક્રમોમાં કેન્દ્રિય ધોરણે પ્રવેશ આપવામાં આવે છે, તેથી મેરિટક્રમ મુજબ ગુજરાતની જે તે કૃષિ યુનિવર્સિટીમાં ચાલતા ડિપ્લોમા અભ્યાસક્રમોમાં પ્રવેશ મળવા પાત્ર છે.

**● પોલીટેકનીક ડિપ્લોમા અભ્યાસક્રમોને લગતી અગત્યની બાબતો નીચે મુજબ છે.**

૧. તમામ પોલીટેકનીક ડિપ્લોમા અભ્યાસક્રમો અંગ્રેજી માધ્યમમાં ચલાવવામાં આવે છે.
૨. પ્રવેશ માટે ગુજરાત સરકારના ધારાધોરણો મુજબ પ્રવેશની લઘુતમ લાયકાત તથા અનામત બેઠકો રાખવામાં આવે છે.
૩. કૃષિ તથા બાગાયતના કોર્સમાં ખેડૂતપુત્રો/પુત્રીઓને વધારાના ૫% ગુણભાર આપવામાં આવે છે.
૪. તમામ અભ્યાસક્રમોમાં કન્યાઓને ટયુશન ફી તથા હોસ્ટેલ ફી માંથી મુકિત આપવામાં આવે છે.
૫. ઉપરોકત દરેક પોલીટેકનીક અભ્યાસક્રમોમાં હોસ્ટેલમાં રહેવુ ફરજીયાત છે.

**ફી અંગેની વિગત :**

ચારેય કૃષિ યુનિવર્સિટીમાં ચાલતાં પોલીટેકનીક કક્ષાના અભ્યાસક્રમોમાં પ્રવેશ સમયે પ્રથમ સેમેસ્ટરની ભરવાની થતી ફીની વિગત અહી આપવામાં આવેલ છે. જેમાં પ્રવેશ સમયે ભરવાની થતી તમામ પ્રકારના ડિપોઝીટ તથા કોશનમની વગેરેનો પણ સમાવેશ થઈ જાય છે.

**ડિપ્લોમા કોર્ષ :** તમામ પોલીટેકનીક કક્ષાના અભ્યાસક્રમો
**ફીની રકમ : કુમાર માટે - ₹ ૧૬૮૦**
**કન્યા માટે - ₹ ૧૪૩૦**

**● રોજગારીની તકો :**

કૃષિ યુનિવર્સિટીઓમાંથી બહાર પડતા ડિપ્લોમા હોલ્ડરો માટે કૃષિ યુનિવર્સિટીઓ, ખેતીવાડી ખાતુ, બાગાયત ખાતુ, સહકારી સંસ્થાઓ, રાષ્ટ્રીયકૃત બેંકો, બીન સરકારી સંસ્થાઓ, ઉપરાંત ખાનગી ક્ષેત્રો જેવા કે ફર્ટિલાઈઝર કંપનીઓ, પેસ્ટીસાઈડ કંપનીઓ, ટ્રેકટર કંપનીઓ, પિયત સાધનો બનાવતી કંપનીઓ, કૃષિ સાધનો બનાવતી કંપનીઓ વગેરેમાં રોજગારીની વિશાળ તકો રહેલી છે. આ ઉપરાંત કૃષિ વપરાશના સાધનો, રાસાયણિક અને જૈવિક ખાતરો, સુધારેલ બિયારણો, આધુનિક પિયત પધ્ધતિઓના સાધનો, જંતુનાશક/નિંદામણનાશક દવાઓ, ફુડ પ્રોસેસીગ યુનિટ વિગેરે જેવા ક્ષેત્રોમાં લઘુ ઉદ્યોગ/વેચાણ મારફત સ્વરોજગારી પણ મેળવે છે.

પોલીટેકનીક ડિપ્લોમા પુર્ણ કરેલ વિદ્યાર્થીઓને સ્નાતક કક્ષાના લાગુ પડતા અભ્યાસક્રમમાં બીજા વર્ષમાં એટલે કે ત્રીજા સેમેસ્ટરમાં (ડિપ્લોમા ટુ ડિગ્રી પેટર્ન મુજબ) સીધો પ્રવેશ આપવાની પણ જોગવાઈ હોવાથી આગળ અભ્યાસ કરી શકે છે.

વિસ્તરણ અધિકારી,
જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ.



# ૨૯ બાયો-ટેકનોલોજી / નેનો ટેકનોલોજી

*– ડૉ. પૂજા કોટક*

બાયોટૅકનૉલૉજીના ક્ષેત્રમાં કારકિર્દી બનાવવા ઈચ્છે છે, તેમના માટે બહુ જ મહત્વની આ શાખા છે. આ ટૅકનૉલૉજી કે જેમાં જીવંત એકમો અથવા કોષોમાં થતી વિભાજનની ક્રિયાનું નિયંત્રણ અને સુધારણાનો અભ્યાસ કરવામાં આવે છે. વનસ્પતિ અને પ્રાણીઓની સુધારેલી જાત તૈયાર કરવામાં આ ટૅકનૉલૉજીનો ઉપયોગ કરવામાં આવે છે. આ રૂપાંતરિત જાત તૈયાર કરવા સૂક્ષ્મ જીવાણુઓનો ખાસ ઉપયોગ કરવામાં આવે છે. આમ, બાયાટૅકનૉલૉજી એ આધુનિક વિજ્ઞાનનાં કૃષિ, સ્વાસ્થ્ય-સંભાળ, પર્યાવરણ સહિતનાં અનેક ક્ષેત્રોમાં થતો ઉપયોગ છે. નિષ્ણાંતોના મતે આવતીકાલ બાયાટૅકનૉલૉજીની છે. બાયોટૅકનૉલૉજી એટલે એટલે 'BT' કે જેનેટિક એન્જિનિયરીંગ, જેનોમિક્સ, બાયોકમ્પ્યૂટરિંગ, બાયોમેડિકલ એન્જિનિયરીંગ, બાયોસન્સર્સ, બાયોઈન્ફોર્મેટિક્સ વિગેરે છે.

વિજ્ઞાનની પ્રગતિથી માનવ જીવન માટે સારી સુખાકારી અને સુરક્ષાનું આવરણ ઊભું કરનાર બાયાટૅકનૉલૉજી છે. આપણે જનીન સંશોધન ક્ષેત્રે આગેકૂચ કરી છે.પર્યાવરણ સુરક્ષાના મુદ્દે અવેરનેસ વધી છે. કાગળ, પ્રિન્ટીંગ, કલર અને ડાઈ સહિતનાં ઘણાં બધાં ઉત્પાદનોમાં કુદરતી / રિસાઈકલ થઈ શકે તેવાં Biodegraable ઉત્પાદનોનો મહિમા વધી રહ્યો છે. આ બધા જ પ્રવાહોનો સંકેત સ્પષ્ટ છે કે આવતી કાલ Bio-Technologyની છે. આ ક્ષેત્ર અમાપ શક્યતાઓ દર્શાવે છે.

**● અભ્યાસક્રમો :**

દેશની લગભગ ૩૦ યુનિવર્સિટીમાં Bio-Technologyના બે વર્ષના PG કોર્સમાં સંયુક્ત પ્રવેશ પરીક્ષા દ્વારા પ્રવેશ મળે છે.

આ સંયુક્ત પ્રવેશ પરીક્ષાનું આયોજન નવી દિલ્હીની જવાહરલાલ નહેરૂ યુનિવર્સિટી (JNU) કરે છે. આ પ્રવેશ પરીક્ષા દ્વારા જ વડોદરાની એમ.એસ. યુનિવર્સિટીના M.Sc.(બાયોટૅકનૉલૉજી) કોર્સમાં પ્રવેશ મળે છે. સરદાર પટેલ યુનિવર્સિટી વિદ્યાનગરમાં પણ આ પ્રવેશ પરીક્ષા દ્વારા જ પ્રવેશ મળે છે.

**● B.Sc.(બાયોટૅકનૉલૉજી) અભ્યાસક્રમ :**

દેશની ગુજરાત સહિતની ઘણી યુનિવર્સિટીઓ જેવી કે બેંગ્લોર યુનિ. (કર્ણાટક), સીસીએસ યુનિ. (યુ.પી.), કકાટિયા યુનિ. (આંધ્રપ્રદેશ), પટના અને મગધ યુનિ. (બિહાર) ઓછામાં ઓછા ૪૦ ટકા, ૧૦ ±૨ ઈન્ટર મિડિયેટ / સમકક્ષ વિજ્ઞાનપ્રવાહ સાથે ત્રણ વર્ષના અભ્યાસક્રમ ચલાવે છે. પ્રવેશ પરીક્ષા યુનિવર્સિટી દ્વારા / સંસ્થા દ્વારા લેવામાં આવે છે અથવા ટકાવારીના આધારે પ્રવેશ અપાય છે.

**● B.Tech. / B.E.(બાયોટૅકનૉલૉજી) :**

ભારતમાં આવેલી IIT સંસ્થાઓ ચાર વર્ષમાં B.Tech.નો અભ્યાસક્રમ બાયોટૅકનૉલૉજીમાં ચલાવે છે, ITI ખડગપુર બી-ટેક ડિગ્રી પ્રોગ્રામ બાયોટૅકનૉલૉજી અને બાયોકેમીકલ એન્જિનિયરીંગમાં ચલાવે છે. જ્યારે ITI ચેન્નાઈ અને ગુવાહટી બી.ટેક.ની ડિગ્રી બાયાટૅકનૉલૉજીમાં આપે છે. કાનપુર બી.ટેકની ડિગ્રી બાયોલોજીકલ વિજ્ઞાન અને બાયો-એન્જિનિયરીંગમાં આપે છે. ITIમાં પ્રવેશ માટે જોઈન્ટ એન્ટરન્સ પરીક્ષા (JEE) એડવાન્સ આપવાની હોય છે.

આ સિવાય IITની સંસ્થાઓ અને યુનિવર્સીટી B.E. / B.Tech.ના કોર્સ ઓફર કરે છે જેવી કે અન્ના યુનિવર્સિટી (ચેન્નાઈ) બી.ટેક. પ્રોગ્રામ ઈન ઈન્ડસ્ટ્રીયલ બાયોટૅકનૉલૉજી. ઘણી યુનિવર્સિટીમાં B.Tech. નો અભ્યાસક્રમ સામેલ છે. જેમ કે, ભારતી દર્શન એન્જિનિયરીંગ અને ટૅકનૉલૉજી સંસ્થા, તિરૂચીરાપલ્લી, ગુરૂગોવિન્દસિંહ યુનિવર્સિટી, દિલ્હી, ગુરૂ નાનકદેવ યુનિવર્સિટી, અમૃતસર (B.Tech. કેમેસ્ટ્રી અને બાયએન્જિનિયરીંગ), યુ.પી. ટેકનીકલ યુનિવર્સિટી, લખનૌ, વેલ્લોર ઈન્સ્ટિટયૂટ ઓફ ટૅકનૉલૉજી, વેલ્લોર (તમિલનાડુ).

વિદ્યાર્થીઓનું સિલેક્શન JEE દ્વારા થાય અથવા કોમન એન્ટ્રેન્સ ટેસ્ટ દ્વારા રાજ્ય સરકાર અથવા યુનિવર્સિટી દ્વારા આયોજીત કરવામાં આવે છે.

● **M.Sc.(બાયોટૅકનૉલૉજી) અભ્યાસક્રમ :**

અત્યારે દેશમાં ૩૦ M.Sc. જનરલ બાયોટેકના અભ્યાસક્રમ, સાત કૃષિ બાયોટેક, બે મરીન બાયોટેક, એક મેડિકલ બાયોટેક અને ત્રણ ન્યૂરોવિજ્ઞાન એમ અનેક યુનિવર્સિટીઓમાં ડિપાર્ટમેન્ટ ઓફ બાયોટૅકનૉલૉજી દ્વારા ચાલે છે. જવાહરલાલ નેહરુ યુનિવર્સિટી દ્વારા કંબાઈન્ડ બાયોટેક એન્ટ્રન્સ પરીક્ષા આયોજિત કરવામાં આવે છે. જે DBT (ડિપાર્ટમેન્ટ ઓફ બાયોટૅકનૉલૉજી) દ્વારા સમર્થન આપવામાં આવે છે. દર વર્ષે મે-મહિનામાં પ્રવેશ પરીક્ષા લેવામાં આવે છે. નીચેની યુનિ.માં અભ્યાસક્રમ ચાલે છે.

૧ યુનિવર્સિટી ઓફ અલ્હાબાદ, અલ્હાબાદ
૨ બનારસ હિન્દુ યુનિવર્સિટી, વારાણસી
૩ કાલિકટ યુનિવર્સિટી, કેરળ
૪ દેવી અહલ્યા યુનિવર્સિટી, ઈન્દોર
૫ અન્નામલાઈ યુનિવર્સિટી, તામિલનાડુ
૬ ગોવા યુનિવર્સિટી, ગોવા
૭ વિશ્વભારતી યુનિવર્સિટી, શાંતિનિકેતન
૮ ગુલબર્ગા યુનિવર્સિટી, ગુલબર્ગ
૯ ગુરૂ જાંભેશ્વર યુનિવર્સિટી, હિસ્સાર
૧૦ ગુરૂનાનક દેવ યુનિવર્સિટી, અમૃતસર
૧૧ હિમાચલ પ્રદેશ યુનિવર્સિટી, સિમલા
૧૨ યુનિવર્સિટી ઓફ હૈદ્રાબાદ, હૈદ્રાબાદ
૧૩ યુનિવર્સિટી ઓફ જમ્મુ, જમ્મુ
૧૪ જવાહરલાલ નહેરૂ યુનિવર્સિટી, નવી દિલ્હી
૧૫ કુમાઉ યુનિવર્સિટી, નૈનિતાલ
૧૬ એમ.એસ. યુનિવર્સિટી, વડોદરા
૧૭ મદુરાઈ કામરાજ યુનિવર્સિટી, મદુરાઈ
૧૮ યુનિવર્સિટી ઓફ નોર્થ બંગાલ, સિલિગુડી
૧૯ પોંડિચેરી યુનિવર્સિટી, પોંડિચેરી
૨૦ યુનિવર્સિટી ઓફ પુણે, પુણે
૨૧ તેજપુર યુનિવર્સિટી, તેજપુર (આસામ)
૨૨ યુનિવર્સિટી ઓફ લખનૌ, લખનૌ
૨૩ યુનિવર્સિટી ઓફ મૈસૂર, મૈસૂર
૨૪ સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર (ગુજરાત)
૨૫ ઉત્કલ યુનિવર્સિટી, ભુવનેશ્વર
૨૬ યુનિવર્સિટી ઓફ બર્દવાન, બર્દવાન
૨૭ HNB ગઢવાલ યુનિવર્સિટી, ગઢવાલ
૨૮ T.M.ભાગલપુર યુનિવર્સિટી, ભાગલપુર
૨૯ વીર બહાદુરસિંહ પૂર્વાંચલ યુનિવર્સિટી, જૌનપુર
૩૦ અન્નામલાઈ યુનિવર્સિટી, તામિલનાડુ

● **પ્રવેશ લાયકાત :**

જેઓ ઓછામાં ઓછા ૫૫ ટકા સાથે ફિઝિકલ સાયન્સ / ફાર્મસી / એગ્રિકલ્ચર / વેટરનરી સાયન્સ / ફિશરીઝ સાયન્સ / એન્જિનિયરીંગ / ટૅકનૉલૉજી / મેડીસીન (M.B.B.S. / B.D.S.)માં સ્નાતકની પદવી ધરાવે છે. તેઓ આ પ્રવેશ પરીક્ષા આપી શકે છે. આ સંયુક્ત પરીક્ષાને આધારે દેશની ૩૦ યુનિવર્સિટીઓમાં બે વર્ષના M.Sc. (બાયોટેકનોલોજી) કોર્સમાં પ્રવેશ મળે છે.

● **M.Sc.(એગ્રિ.) / M.V.Sc. બાયોટૅકનૉલૉજી કોર્સ :**

૧ ચૌધરી સરવણકુમાર HB કૃષિ વિશ્વવિદ્યાલય, પાલમપુર (HP)
૨ B.G. પંત યુનિવર્સિટી ઓફ એગ્રિકલ્ચર એન્ડ ટૅકનૉલૉજી, પંતનગર
૩ ઈન્દિરા ગાંધી એગ્રિકલ્ચરલ યુનિવર્સિટી, રાયપુર
૪ મરાઠાવાડ એગ્રિકલ્ચર યુનિવર્સિટી, પરભણી (મહારાષ્ટ્ર)
૫ ઓરિસ્સા યુનિવર્સિટી ઓફ એગ્રિકલ્ચરલ એન્ડ ટૅકનૉલૉજી, ભુવનેશ્વર
૬ તામિલનાડુ એગ્રિકલ્ચરલ યુનિવર્સિટી, કોઈમ્બતોર
૭ યુનિવર્સિટી ઓફ એગ્રિકલ્ચર સાયન્સિઝ, બેંગ્લોર
૮ કેરાલા એગ્રિ. યુનિવર્સિટી, ત્રિપુરા



૯ યુનિવર્સિટી ઓફ એગ્રિકલ્ચર સાયન્સિઝ, ધારવાડ

● **Mv.Sc. બાયોટૅકનૉલૉજી અભ્યાસક્રમ :**

૧ G.B. પંત યુનિવર્સિટી ઓફ એગ્રિકલ્ચર એન્ડ ટૅકનૉલૉજી, પંતનગર

૨ ચૌધરી ચરણસિંગ હરિયાણા એગ્રિકલ્ચર યુનિવર્સિટી, હિસ્સાર

૩ જવાહરલાલ નહેરૂ કૃષિ વિશ્વવિદ્યાલય, જબલપુર

**લાયકાત :**

- ચૌધરી સરણવકુમાર HP કૃષિ વિશ્વવિદ્યાલય, પાલમપુર માટે ઓછામાં ઓછા ૫૫% ગુણ સાથે એગ્રિકલ્ચર / હોર્ટિકલ્ચર ફોરેસ્ટીમાં સ્નાતક પદવી.
- GB પંત યુનિવર્સિટી ઓફ એગ્રિકલ્ચર એન્ડ ટૅકનૉલૉજી, પંતનગર માટે એગ્રિકચર, વેટરનરી સાયન્સ, હોર્ટિકલ્ચર અથવા ફોરેસ્ટ્રીમાં ઓછામાં ઓછા ૫૫% સાથે સ્નાતક પદવી.
- ઈન્દિરા ગાંધી એગ્રિકલ્ચર યુનિવર્સિટી, રાયપુર માટે ઓછામાં ઓછા ૫૫ % ગુણ સાથે એગ્રિકલ્ચર વેટરનરી, ડેરી ટૅકનૉલૉજી, હોર્ટિકલ્ચર, ફોરેસ્ટ્રીમાં સ્નાતક પદવી.
- મરાઠાવાડા એગ્રિકલ્ચરલ, પરભણી માટે શિક્ષણની ૧૦ + ૨ + ૪ પેટર્ન અંતર્ગત ઓછામાં ઓછા ૫૫ % ગુણ સાથે એગ્રિકલ્ચર, હોર્ટિકલ્ચર, ફોરેસ્ટીમાં સ્નાતક પદવી.
- ઓરિસ્સા યુનિવર્સિટી ઓફ એગ્રિકલ્ચર એન્ડ ટૅકનૉલૉજી, ભુવનેશ્વર માટે શિક્ષણની ૧૦ + ૨ + ૪ પેટર્ન અંતર્ગત ઓછામાં ઓછા ૫૫ ટકા ગુણ સાથે એગ્રિકલ્ચર, હોર્ટિકલ્ચર અથવા ફોરેસ્ટ્રીમાં સ્નાતક પદવી અથવા ૫૫% ગુણ સાથે એગ્રિકલ્ચર એન્જિનિયરીંગમાં સ્નાતક પદવી.
- તામિલનાડુ એગ્રિકલ્ચર યુનિવર્સિટી, કોઈમ્બતોર માટે શિક્ષણની ૧૦ + ૨ + ૪ પેટર્ન અંતર્ગત ઓછામાં ઓછા ૫૫% ગુણ સાથે એગ્રિકલ્ચર, હોર્ટિકલ્ચર, ફોરેસ્ટ્રીમાં સ્નાતક પદવી અથવા ઓછામાં ઓછા ૫૫% અથવા એગ્રિકલ્ચરલ એન્જિનિયરીંગની પદવી.
- ચૌધરી ચરણસિંઘ હરિયાણા એગ્રિકલ્ચર યુનિવર્સિટી, હિસ્સાર માટે ઓછામાં ઓછા ૫૫ ટકા ગુણ સાથે સ્નાતકની પદવી અને વેટરનરી સાયન્સ એનિમલ હસબંડરી.
- યુનિવર્સિટી ઓફ એગ્રિકલ્ચરલ સાયન્સિઝ, ધારવાડ માટે ઓછામાં ઓછા ૫૫% ગુણ સાથે એગ્રિકલ્ચરી હોર્ટિકલ્ચર / ફોરેસ્ટ્રીમાં સ્નાતક પદવી.
- જવાહરલાલ નહેરૂ કૃષિ વિશ્વવિદ્યાલય, જબલપુર માટે ૫૫% સાથે B.V.Sc. & AH માં સ્નાતક પદવી.
- કેરાલા એગ્રિકલ્ચર યુનિવર્સિટી, ત્રિપુરા માટે ૫૫% સાથે એગ્રિકલ્ચર / હોર્ટિકલ્ચર / ફોરેસ્ટ્રીમાં સ્નાતક પદવી.
- યુનિવર્સિટી ઓફ એગ્રિકલ્ચરલ સાયન્સિઝ G.K.V.K. બેંલ્લૂર માટે ૫૫ % સાથે એગ્રિકલ્ચર, હોર્ટિકલ્ચર, ફોરેસ્ટ્રી અને એગ્રિકલ્ચરમાં સ્નાતક પદવી.
- રાજેન્દ્ર એગ્રિકલ્ચરલ યુનિવર્સિટી, બિહાર માટે બાયાટૅકનૉલૉજી / એગ્રિકલ્ચરલ હોર્ટિકલ્ચરમાં સ્નાતક પદવી. દરેક યુનિવર્સિટીની પરીક્ષા શૈલીમાં અંશતઃ ફેરફાર હોય છે. વેબસાઈટ ગુગલ કે અન્ય સર્ચ એન્જિનથી જોવા ખાસ સલાહ છે.

● **M.Tech. (બાયોટૅકનૉલૉજી) :**

૧. અન્ના યુનિવર્સિટી, ચેન્નાઈ

૨. વેસ્ટ બંગાલ યુનિવર્સિટી ઓફ ટૅકનૉલૉજી, કોલકાતા

૩. કોચીન યુનિવર્સિટી ઓફ સાયન્સ એન્ડ ટૅકનૉલૉજી, કોચી, કેરાલા

● **લાયકાત :**

ઓછામાં ઓછા ૬૦% ગુણ સાથે આમાંની કોઈપણ પદવી, કેમિકલ / બાયોકેમિકલ એન્જિનિયરીંગ, ઈન્ડસ્ટ્રીયલ બાયાટૅકનૉલૉજી, લેધર ટૅકનૉલૉજી, બાયો એન્જિનિયરીંગ, બાયોટૅકનૉલૉજી, બાયોમેડિકલ એન્જિનિયરીંગમાં B.E./ B.Tech. અથવા B.Pharm અથવા લાઈફ સાયન્સિઝ, બાયોટૅકનૉલૉજી બોટની, ઝુલોજી કે બાયોકેમેસ્ટ્રી, માઈક્રોબાયોલોજી જેનેટિક્સ, કેમેસ્ટ્રી, બાયોફિઝિક્સ, માઈક્રોબાયલ જેનેટિક્સ, બાયોઈન્ફોર્મેટિક્સમાં M.Sc.

કમ્બાઈન્ડ બાયોટૅકનૉલૉજી એન્ટ્રન્સ એક્ઝામિનેશન મે-મહિનામાં લેવાય છે. ગુજરાતમાંથી અમદાવાદ અને વડોદરા પરીક્ષા કેન્દ્રો છે.

અરજી ફોર્મ માટે જવાહરલાલ નહેરૂ યુનિવર્સિટી, ન્યુ દિલ્હીના નામનો નિયત ફીનો ડિમાન્ડ ૨૮ - ૨૦ સેમીની સાઈઝના પોતાના પુરાં નામ સરનામાવાળા કવર સાથે આ સરનામે લખી શકો છો. જે તે અભ્યાસક્રમ જેવા M.Sc.(Agri.) / M.V.Sc. Bio Technology કે M.Tech. બાયોટૅકનૉલૉજી અભ્યાસક્રમ માટેનું ફોર્મ જોઈએ છે તે સ્પષ્ટ જણાવવાનું રહે છે.

● **ફોર્મ પ્રાપ્યતા માટે નીચેનું સરનામું છે.**

Section Officer (Admissions)

Room No. 28 Administrative Block, Jawaharlal Nehru University, New Delhi - 110 004.

આ યુનિવર્સિટીઓમાંથી નિયત ફી રોકડા ચૂકવીને પણ ફોર્મ મેળવી શકાય છે. રૂબરૂમાં આ રીતે ફોર્મ મેળવી શકાય છે. ફોર્મ સંપૂર્ણ ભરીને JNU (જવાહરલાલ નહેરૂ) નવી દિલ્હી ખાતે જ પહોંચાડવાના હોય છે.

આ અભ્યાસક્રમ માટે ટ્યુશન ફી જે તે યુનિવર્સિટીના ફી સ્ટ્રક્ચર અનુસાર લેવામાં આવે છે. ડિપાર્ટમેન્ટ ઓફ બાયોટૅકનૉલૉજી (ભારત સરકાર) દ્વારા જે યુનિવર્સિટીને અનુદાન આપવામાં આવે છે તે યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને જે તે અભ્યાસક્રમ અનુસાર નિર્ધારિત સ્કોલરશીપ પણ મળવાપાત્ર છે.

SC / ST / PH ઉમેદવારો માટે નિયત ધારાધોરણ મુજબ બેઠકો અનામત છે. ક્વોલિફાઈંગ એકઝામમાં ગમે તેટલા ટકા ગુણ મેળવ્યા હોય તો પણ અરજી કરી શકાય છે. જાહેરાત ખાસ જોવી.

● **M.B.A. બાયોટૅકનૉલૉજી :**

આજના સમયની માંગ પ્રમાણે "બાયોટૅકનૉલૉજી"ના જ એક અભ્યાસક્રમની વાત અલબત્ત આપણે જે અભ્યાસક્રમોને પરંપરાગત બાયોટૅકનૉલૉજીના અભ્યાસક્રમો કહીએ છીએ તે કરતાં આ કોર્સ કંઈક અંશે વિશિષ્ટ છે.

M.B.A. (બાયોટૅકનૉલૉજી)નો આ અભ્યાસક્રમ પણ બે વર્ષનો છે. આ કોર્સ હાલ આ જગ્યાએ થઈ શકે છે. ડિપાર્ટમેન્ટ ઓફ મેનેજમેન્ટ સાયન્સિઝ, યુનિવર્સિટી ઓફ પુણે.

યુનિવર્સિટી ઓફ પુણે, દેશની પ્રતિષ્ઠિત યુનિવર્સિટીઓમાંની એક છે. આ યુનિવર્સિટીના ડિપાર્ટમેન્ટ ઓફ મેનેજમેન્ટ સાયન્સિઝને `PUMBA' તરીકે પણ ઓળખવામાં આવે છે. આ `PUMBA' ખાતે છેક ૧૯૭૧થી બે વર્ષનો પૂર્ણ સમયનો M.B.A.કોર્સ થઈ શકે છે. ૨૦૦૨-૨૦૦૩ના શૈક્ષણિક વર્ષથી આ PUMBA એ એક નવો જ કોર્સ શરૂ કર્યો છે. MBA મેનેજમેન્ટ અને બાયોટૅકનૉલૉજી બે વિદ્યા શાખાઓને આવરી લેતા આ MBA(બાયોટૅકનૉલૉજી) એ મેનેજમેન્ટની નવી જ વિદ્યાશાખા છે. રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય અર્થશાસ્ત્રમાં બાયોટૅકનૉલૉજીનું મહત્વ સૌ માટે જાણીતું છે.

**લાયકાત :** સાયન્સ (સ્પેશિયલ / જનરલ-બાયોકેમિસ્ટ્રી / બાયોલોજી / બોટની/ કેમિસ્ટ્રી / માઈક્રો બાયોલોજી, ઝુલોજી વિષયોમાં), એગ્રિકલ્ચર, મેડિકલ, સાયન્સિઝ, ફાર્મસી, આયુર્વેદ, વેટરનરી સાયન્સિઝ, ટેકનોલોજી એન્જિનિયરીંગમાં સ્નાતક / અનુસ્નાતક પદવી એટલે કે B.Sc./ M.Sc./ B.Sc. (Agri), MBBS, B,Pharm, BAMS, B.E.B.Techની પદવી ધરાવતા હોય તેઓ (બાયોટૅકનૉલૉજી) કોર્સમાં પ્રવેશ મેળવવા અરજી કરી શકે છે.

**પ્રવેશ પરીક્ષા :** MBA (બાયોટૅકનૉલૉજી)માં પ્રવેશ મેળવવા માટે ત્રણ તબક્કાઓ છે. લેખિત પરીક્ષા, ગ્રુપ ડિસ્કશન, પર્સનલ ઈન્ટરવ્યૂ, ઉમેદવારે સૌ પ્રથમ `AIMS' ટેસ્ટ ફોર મેનેજમેન્ટ એડમિશન્સ (ATMA) માટે અરજી કરવાની હોય છે. AIMSના `ATMA' ટેસ્ટ માટે માહિતી મેળવવા આ વેબસાઈટ જોઈ શકાય છે. www.atma.aims.org.

AIMS લેખિત ફેબ્રુઆરી માસમાં લેવામાં આવે છે. અરજી પહોંચાડવાની છેલ્લી તારીખ જાન્યુઆરી માસમાં હોય છે.

ગ્રુપ ડિસ્કશન / પર્સનલ ઈન્ટરવ્યૂ માટે રજિસ્ટ્રેશન કરાવવા PUMBAનું એપ્લિકેશન ફોર્મ ભરવું જરૂરી છે.

PUMBAનું પ્રોસ્પેક્ટસ / એપ્લિકેશન ફોર્મ રૂબરૂમાં મેળવવા ડિપાર્ટમેન્ટ ઓફ મેનેજમેન્ટ સ્ટડીઝ, યુનવર્સિટી ઓફ પુણેનો નિયત ફીનો DD કઢાવી સંપર્ક કરવાનો રહે છે.

આ માહિતી પુસ્તિકા, ફોર્મ પોસ્ટ દ્વારા મેળવવા નિયત ફીનો ડિમાન્ડ ડ્રાફટ ઉમેદવારનું પુરૂ નામ, સરનામું અને વિનંતી પત્ર સાથે આ સરનામા પર મોકલવાનું રહે છે.

Department of Management Science, University of Pune, Ganesh Khind Road, PUNE - 411007.

આ કોર્સની વધુ માહિતી માટે વેબસાઈટ http://dms.unipune.ernet.in જોઈ શકો છે અથવા HED, PUMBA યુનિવર્સિટી ઓફ પુણેનો ફોન નંબર ૦૨૦-૨૫૬૯૩૩૮૦ પર સંપર્ક કરી શકો છો. જાહેરાત પણ જોવી.

**● બાયોમેડિકલ એન્જિનિયરીંગ :**

બાયોમેડિકલ એન્જિનિયરીંગ એટલે મેડિસીન અને ગણિતના સમન્વયથી રચાતું એક વિજ્ઞાન જે જૈવિક અને મેડિકલની સમસ્યાઓનું નિરાકરણ કરવા માટેનું એક પ્લેટફોર્મ છે. જીવન જીવા માટેની એક વ્યવસ્થિત જીવનશૈલીનું નિર્માણ ભૌતિકશાસ્ત્રી, વૈજ્ઞાનિકો, ઈજનેરો અને બિઝનેસમેનો મળીને કરે છે.

માનવી જન્મથી લઈને જીવન પર્યન્ત સસત તેની સાથે રહીને ભાગ ભજવતું અવિભાજ્ય અંગ એટલે ‘મેડિકલ’. મોર્ડન હેલ્થ સ્ટાઈલ દરેકે દરેક પાસાઓમાં પગ પેસારો કરી ચૂકી છે. કેટલાય રોગીઓને નવજીવન બક્ષવામાં આપણને પ્રત્યક્ષપણે સર્જન, ડૉક્ટર અને નર્સની ભૂમિકા જ અગત્યની જણાય છે. પણ સ્વાસ્થ્યના આ રક્ષકો ઉપરાંત કેટલીક એવી પણ વ્યક્તિઓ છે કે જે પડદા પાછળ રહીને નિરંતરપણે આ સેવા કાર્યમાં પોતાનું યોગદાન આપે છે. તેઓને બાયોમેડિકલ એન્જિનિયર તરીકે ઓળખવામાં આવે છે.

વર્તમાન સમયમાં ઘણાં બધાં બાયોમેડિકલ ઉપકરણો ઉપલબ્ધ છે. એન્જિનિયરીંગની કોઈ એક શાખા હેઠળ આવી વ્યક્તિઓનો સમાવેશ કરવો શક્ય નથી.



મેડિકલ ક્ષેત્રે ઉપયોગમાં લેવાતા ઉપકરણોને ઉપયોગમાં લેતા પહેલા કોઈપણ એન્જિનિયરે માનવ શરીરની વિવિધ ક્રિયા વિધિઓ તેમજ તેની પર મશીનની અસરોને સમજવી પડે છે. આ સમગ્ર સમસ્યાઓને ધ્યાનમાં રાખીને જ બાયોમેડિકલની એક શાખા ખોલવામાં આવી છે.

આ શાખા હેઠળ મેડિકલ અને એન્જિનિયરીંગ એમ બંને ક્ષેત્રોને સાંકળી લેવામાં આવે છે. બાયોમેડિકલ એન્જિનિયરીંગનું મુખ્ય કાર્ય બાયોલોજી અને મેડિસીન સાથે એન્જિનિયરીંગનો ઉપયોગ કરીને વિવિધ ઉપકરણોનો વિકાસ કરવાનું છે. આવા ઉપકરણોનો ઉપયોગ ચિકિત્સા અને સ્વાસ્થ્ય  વિષયક સમસ્યાઓના ઉકેલ માટે કરવામાં આવે છે. દા.ત. આંખોના ઓપરેશન દરમિયાન કોમ્પ્યુટરનો ઉપયોગ કરવામાં આવે છે તેના કારણે લોહીનું પૃથ્થકરણ શક્ય બને છે તેમજ લેસરનો ઉપયોગ પણ કરી શકાય છે. આવા બાયોમેડિકલ ઉપકરણોનો ઉપયોગ, કૃત્રિમ અંગોનું નિર્માણ, મેગ્નેટિક રિઝોનન્સ, એક્સ-રે, સોનોગ્રાફી વગેરેમાં પણ કરવામાં આવે છે. આ ઉપરાંત ઈન્સ્યુલીન ઈન્જકશન્સનો ઉપયોગ કરતાં લોકો માટે સ્વચાલિત ઉપકરણો પણ ઉપલબ્ધ છે. બાયોમેડિકલ એન્જિનિયરીંગ હેઠળ શારીરિક ક્રિયા વિધિઓનું નિયંત્રણ થઈ શકે તેવાં ઉપકરણો પણ બનાવવામાં આવે છે.

**● વિભિન્ન ક્ષેત્રો :**

બાયોમેડિકલ રિસર્ચના અભ્યાસમાં ઘણાં ક્ષેત્રોનો સમાવેશ થાય છે. દા.ત. મેટાલિક કેમિકલ, ઈલેટ્રિકલ એન્જિનિયરીંગ, એનાટોમી, ફિઝિયોલોજી, કોમ્પ્યુટર જ્ઞાન વગેરે બાયોઈન્સ્ટ્રુમેન્ટેશનનો ઉપયોગ કરીને રોગોના નિદાન અને ઉપચાર સંબંધી ઉપકરણો બનાવવામાં આવે છે.

બાયોમેડિકલ એન્જિનિયરીંગનું ક્ષેત્ર બહુ જ વિસ્તૃત છે. બાયોમિકેનીક ક્ષેત્રે ફોર્મેશન, ડિફોર્મેશન, મટીરીયલ, રાસાયણિક અવયવો, બાયોલોજી તેમજ સિન્થેટિક, મિડિયા અને મમ્બ્રેન વગેરેનું વિસ્તૃત અધ્યયન કરવામાં આવે છે. થોડા સમયથી આ ક્ષેત્રનો ખૂબ જ વિકાસ થયો છે તેના પરિણામે હવે આ ક્ષેત્રે કૃત્રિમ હૃદય, વાલ્વ, કૃત્રિમ જોઈન્ટ રિપ્લેસમેન્ટ વગેરે વિષયક સંશોધનો પણ કરવામાં આવે છે. સિસ્ટમ ફિઝિયોલોજીના ક્ષેત્રે બાયોકેમિસ્ટ્રી ઓફ મેટાબોલિઝમ અને લિમ્બ ચલાવવાના કાર્યના અભ્યાસ કરવામાં આવે છે. રિહેબિલિટેશન એન્જિનિયરીંગના રિસર્ચનું મુખ્ય લક્ષણ શારીરિક ખામીઓ પ્રત્યે વ્યક્તિની ક્ષમતા વધારવાનું અને તેની ગુણવત્તામાં સુધારો કરવાનું હોય છે. ક્લિનિકલ એન્જિનિયરીંગમાં સ્વાસ્થ્ય સેવા

માટે અત્યાધુનિક ટેકનિકનો ઉપયોગ કરવામાં આવે છે. ક્લિનિકલ એન્જિનિયરનું મુખ્ય કાર્ય કોમ્પ્યુટરના ડેટાબેઝ કે જેમાં ચિકિત્સાકીય ઉપકરણ તેમજ ઉપકરણો માટેનો રેકોર્ડ હોય છે તેનો ઉપયોગ કરવાનું હોય છે. તેઓ મહદ્અંશે ફિઝિશિયન સાથે કામ કરે છે.

**લાયકાત :** બાયોમેડિકલ એન્જિનિયરીંગનો અભ્યાસ ચાર વર્ષનો હોય છે. આ અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવા માટે ભૌતિક વિજ્ઞાન, રસાયણ વિજ્ઞાન, બાયોલોજી તેમજ ગણિત જેવા વિષયો સાથે ધોરણ-૧૨ પાસ કર્યું હોવું જરૂરી છે કેટલાંક રાજ્યોમાં આ અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવા માટે પ્રવેશ પરીક્ષાનું આયોજન કરવામાં આવે છે.

**● શિક્ષણની વિશિષ્ટ સંસ્થાઓ :**

૧ ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટયૂટ ઓફ મેડિકલ સાયન્સીઝ, નવી દિલ્હી.

૨ બનારસ હિન્દુ વિશ્વવિદ્યાલય, ઈન્સ્ટિટયૂટ ઓફ ટૅકનૉલૉજી, વારાણસી

૩ જાદવપુર યુનિવર્સિટી, કોલકાતા, વેસ્ટ બંગાળ

૪ દ્વારકાદાસ જે. સંઘવી કોલેજ ઓફ એન્જિનિયરીંગ, મુંબઈ

૫ ઈન્ડિયન ઈન્સ્ટિટયૂટ ઓફ ટૅકનૉલૉજી, મુંબઈ

૬ ઈન્ડિયન ઈન્સ્ટિટયૂટ ઓફ ટૅકનૉલૉજી, ખડગપુર

૭ ડૉ. બી.આર. આંબેડકર સેન્ટર ઓફ બાયોમેડિકલ રિસર્ચ, નવી દિલ્હી

૮ અન્ના યુનિવર્સિટી, ચેન્નાઈ, તમિલનાડુ

૯ ગુજરાત યુનિવર્સિટી અમદાવાદ, વગેરે

**રોજગારીની તકો :** આજના વૈજ્ઞાનિક યુગમાં બાયોમેડિકલ એન્જિનિયરીંગનો અભ્યાસક્રમ આગળ પડતો છે. આ અભ્યાસક્રમના અંતે રોજગારીની અસીમિત તકો ઉપલબ્ધ છે. અન્ય ક્ષેત્રોની સરખામણીમાં બાયોમેડિકલ એન્જિનિયરીંગ ક્ષેત્રે ૨૦૧૫ સુધીમાં વિશાળ તકો ઊભી થવાની સંભાવના છે.

બાયોમેડિકલ એન્જિનિયરીંગમાં ચિકિત્સા અને સારવારના ક્ષેત્રે ઉપયોગમાં લેવાતાં તમામ ઈલેક્ટ્રોનિક્સ ઉપકરણો વિષયક જ્ઞાન આપવામાં આવે છે. તેથી તેના માટે હોસ્પિટલ, નર્સિંગ હોમ્સ, રિસર્ચ લેબ્સ, ફાર્માસ્યુટિકલ કંપનીઓમાં રોજગાર અને હોસ્પિટલમાં અન્ય આનુષાંગિક કામગીરી માટેનાં ઉપકરણો તેમજ અન્ય સંશોધનોની કામગીરીમાં બાયોમેડિકલ એન્જિનિયરીંગ ખૂબ જ વિપુલ પ્રમાણમાં રોજગારીની તકો ધરાવે છે.

બાયોમેડિકલ એન્જિનિયરીંગનું કાર્ય ડિઝાઈનીંગના ક્ષેત્ર સાથે પણ સંકળાયેલું છે. આ સાથે જ તેઓ પ્રોડક્ટસનું ટેસ્ટિંગ તેમજ હોસ્પિટલમાં બાયોમેડિકલ ચિકિત્સકીય ઉપકરણોના ઉપયોગ તેમજ દેખરેખ સંબંધી કાર્ય પણ કરે છે.

**નેનો ટૅકનૉલૉજી :** આધુનિક વિજ્ઞાન નીત નવીન ટૅકનૉલૉજીનો ઉપયોગ કરી માનવ જીવનમાં સુખ-સગવડ વધારવા, જીવન શૈલી સુધારવા વધારે તંદુરસ્ત જીવન જીવવા માટે નવા પાર્થો અને યંત્રો વિકસાવી દિન-પ્રતિદિન અનેક પ્રકારે અનેકવિધ સુવિધાઓ વધારવામાં હરણફાળ ભરે છે. નેનો-ટૅકનૉલૉજી એ પણ એક પ્રકારની નૂતન ટૅકનૉલૉજી છે જેનું ક્ષેત્ર એટલું વિશાળ છે કે તેના વિશે જેટલું જાણીએ એટલું ઓછું તેમજ તેના ઉપયોગ મેડિકલથી માંડીને ફેબ્રિક જેવા દરેક દરેક ક્ષેત્રમાં થઈ શકે છે.

**● નેનો ટૅકનૉલૉજી એટલે શું ?**

નેનો એ ગ્રીક ભાષાનો શબ્દ છે. જેનો અર્થ થાય છે ટૂંકું, વામણું, ઠીંગણું (નેનો + ટૅકનૉલૉજી = નેનો ટૅકનૉલૉજી) એટલે કે નેનો ટૅકનૉલૉજી બે શબ્દથી બને છે.

ટૅકનૉલૉજી એટલે વિજ્ઞાન ક્ષેત્રે નવાં સાધનો, સિદ્ધાંતો, નવી ટેકનિકનો અભ્યાસ કરવો, વિકાસ કરવો અને તેનો માનવ જીવનમાં સુખ સમૃદ્ધિ અર્થે તેમજ સુખ સગવડમાં વધારો કરવો કે જેથી પ્રત્યેક માનવી ઉત્કૃષ્ટ અને ઉન્નત જીવન જીવવા માટે સક્ષમ બને.

સંક્ષિપ્તમાં, કોઈપણ પદાર્થનો અણુ એક મીટરના દસમાં ભાગ જેટલું કદ ધરાવે છે. ગણિતની ભાષામાં નેનો = ૧૦-૯ મીટર ત્યારે તે પાર્ટિકલને એક નેનો મીટર કહેવામાં આવે છે. અધધધ થઈ જવાય એટલા સૂક્ષ્મ પ્રમાણમાં, કલ્પના બહાર નાનો અણુ એ નેનો પાર્ટિકલ ધરાવે છે. નેનો પાર્ટિકલ સ્વરૂપે પદાર્થનું કદ એટલું સૂક્ષ્મ હોય છે કે જેનું કદ મનુષ્યના વાળના વ્યાસ કરતાં લગભગ ૬૦ ગણું નાનું હોય છે. જ્યારે કોઈપણ વસ્તુ કે પદાર્થનો અણુ ખૂબ સૂક્ષ્મ હોય, એટલે કે નેનો પાર્ટિકલ સ્વરૂપે હોય ત્યારે તેના ભૌતિક ચુંબકીય, રાસાયણિક, ઓપ્ટિકલ, મિકેનિકલ અને ઈલેક્ટ્રિકલ ગુણધર્મોમાં ફેરફાર થાય છે અને આજ કારણથી તેનો વિવિધ ક્ષેત્રમાં ઉપયોગ કરવો આસાન બની શકે છે, કારણ કે નેનો સ્વરૂપે પદાર્થ ખૂબ હલકા વજનનો મજબૂત અને પારદર્શક ચળકતો બને છે, તે ખૂબ વિશાળ સપાટી ધરાવે છે. આ રીતે નેનો પાર્ટિકલ તરીકે વધારે ક્રિયાશીલ બને છે. જ્યારે કોઈપણ પદાર્થનું કદ મોટું હોય છે તે સમયે

તેનું ક્ષેત્રફળ નાનું હોય છે. પરંતુ તે જ પદાર્થનો પાઉડર બનાવવામાં આવે ત્યારે તેનું ક્ષેત્રફળ કે સપાટીનો વિસ્તાર વિશાળ બને છે. આમ, જેમ સપાટીનો વિસ્તાર ક્ષેત્રફળ વધે તેમ તેની રાસાયણિક ક્રિયા કરવાની ક્ષમતા વધી જાય છે. દા.ત. લીંબુનું શરબત બનાવવા માટે પાણીમાં ખાંડને ઓગાળવી છે. પરંતુ ખાંડને બદલે ખાંડનો પાવડર કે બુરૂં વાપરવામાં આવે તો ઓગાળવાની ક્રિયા ઝડપી બને છે. નેનો પાર્ટિકલ પણ આ જ રીતે વિશાળ સપાટી ધરાવતા હોઈ ખૂબ ક્રિયાશીલ છે. બીજા શબ્દોમાં કહી શકાય કે નેનો અણુઓ તેના સૂક્ષ્મ કદને કારણે સપાટી પર ખૂબ વિશાળ કદ ધરાવે છે. પરિણામે વિરાટ સ્વરૂપે તે વિશાળ કદ ધરાવતો હોવાથી તેજસ્વી લાગે છે.

નેનો પાર્ટિકલમાં મિકેનિકલ અને ઈલાસ્ટિસીટી (સ્થિતિસ્થાપક્તા)નો ગુણધર્મ રહેલ હોય છે. નેનો પાર્ટિકલ ખૂબ જ હલકા વજનના હોવાને લીધે અથવા હલકાપણાનો ગુણધર્મોના કારણે જ્યારે કોઈપણ વસ્તુની બનાવટમાં તેનો ઉપયોગ કરવામાં આવે ત્યારે હલકા વજનની પરંતુ ખૂબ જ મજબૂત વસ્તુઓ બનાવી શકાય છે. નેનો પાર્ટિકલ્સ એકબીજા સાથે ગતિ અથવા 'બ્રાઉનીઅમ મોશન'નો ગુણધર્મ ધરાવે છે. આમ ગતિના ગુણધર્મને કારણે નેનો પાર્ટિકલ સ્વરૂપે પદાર્થને સૂક્ષ્મ નળી જેમ કે રક્તવાહિનીમાં મોકલી શકાય છે. જેને નેનો રોબોટ તરીકે ઓળખી શકાય. તે શરીરના કોષોના સૂક્ષ્મતમ ભાગોમાં દવાના રેણુંને લઈ જઈ શકે છે અને જે તે ભાગમાં રહેલા રોગોના જીવાણુઓને શોધી તેને ખતમ કરી શકે છે. તેનો પાર્ટિકલ સ્વરૂપ અણુ બંધારણ, ચુંબકીયપણું, ગલનબિંદુ, ઉત્કલન બિંદુ વગેરે પર અસર થાય છે. પરંતુ તેના રાસાયણિક બંધારણમાં કોઈ ફેર પડતો નથી. તેનો સાયન્સના અભ્યાસમાં અણુ કે પદાર્થનું માપ કે પરિમાણ એક્રી નેનો મીટર વચ્ચે આવતું હોય તેનો સમાવેશ થાય છે.

**● નેનો ટૅકનૉલૉજીના ઉપયોગ :**

નેનો ટેકનોલોજીના ઉપયોગ તેમજ સ્કોપ આશ્ચર્યકારક અને અગણિત છે. નવી સદીએ નેનો ટૅકનૉલૉજીની હશે તેમાં કોઈ બે મત નહી હોય, તેનો મેડિકલ, એરોસ્પેસ, એન્જિનિયરીંગ, ઈન્ડસ્ટ્રીઝ, આરોગ્ય, મિલિટરી, સિવિલઅન્સ વગેરે ક્ષેત્રે ઉપયોગ થવાથી જબરદસ્ત ક્રાંતિ આવી શકે તેમ છે. નીચેના અનેક ક્ષેત્રોમાં નેનો ઉપયોગ થવાથી જબરદસ્ત ક્રાંતિ આવી શકે તેમ છે. નીચેના અનેક ક્ષેત્રોમાં નેનો પાર્ટિકલ ખૂબ જ ઉપયોગી થઈ શકે તેમ છે.

**● મેડિકલ ક્ષેત્ર :**

રોગનું નિદાન કરવામાં તે ઉપયોગી છે. ડેમેજ થયેલ સ્નાયુના રીપેરીંગ માટે નેનો પાર્ટિકલ્સ ઉપયોગમાં લઈ શકાય છે. કેટલાંક ક્ષેત્રમાં નિયમિત કંટાળાજનક રોગ દવા લેવાના બદલે શરીરમાં પાઉચ સ્વરૂપે દાવાના પાર્ટિકલ્સ મૂકવામાં આવે તો જરૂરી માત્રામાં નિયમિત રૂપે ઓટોમેટિક રક્તમાં તે ભળી જઈ શકે છે. શરીરના જૈવિક ઘટકો, ઉત્સેચકો, હિમોગ્લોબીન વગેરેમાંથી ૫૦ નેનો મીટર કદના બધા જ નેનો પાર્ટિકલ્સ બધાં જ કોષોમાંથી પસાર થઈ શકે છે જેથી ડ્રગ પાર્ટિકલ્સ બધાં જ કોષોમાંથી આવ-જા કરી રોગજન્ય વાઈરસને શોધી તેનો નાશ કરી શકે છે. ખાસ કરીને એઈડ્સના કારણરૂપ એચ.આઈ.વી. વાયરસ અને કેન્સર ઉપર તેનાથી કાબૂ મેળવી શકાય છે.

**● પ્રિન્ટીંગ ક્ષેત્ર :**

રંગ ગ્રહણ કરવાની તેમજ ચઢાવવાની અજોડ અને બેનમૂન શક્તિ ધરાવતાં હોવાથી નેનો પાર્ટિકલ્સનો ઉપયોગ પ્રિન્ટીંગ અસાધારણ ઉપયોગી છે.

**● રસાયણ અને પર્યાવરણ ક્ષેત્ર :**

સૂર્ય સામે રક્ષણ માટે વપરાતાં સન સ્ક્રીન ક્રિમ બનાવવા માટે ઝિંક ઓકસાઈડના નેનો પાર્ટિકલ્સ વપરાય છે. તે સૂર્ય પ્રકાશના નુકસાનકારક અલ્ટ્રાવાયોલેટ કિરણો સામે ચામડીનું રક્ષણ કરે છે. આર્યનના નેનો પાર્ટિકલ્સ, પાણી, માટી અને પાણીમાં રહેલ કાર્બનિક પ્રદૂષણને દૂર કરવામાં ઉપયોગી છે. પ્રદૂષિત પદાર્થો સાથે તે સંયોજાઈ ઘન સ્વરૂપના કચરા તરીકે તળીયે બેસી જાય છે અને આ રીતે ભૂગર્ભ જળને સ્વચ્છ રાખવામાં તે ઉપયોગી છે. પાણી અને માટીમાં જંતુનાશક દવા અને ખાતર ખેંચી લેવા માટે તેનો ઉપયોગ થાય છે. આ માટે ઈલ્કટ્રોસ્પન સેલ્યુલોઝ (કપડાં ઉદ્યોગમાંથી મળતો સેલ્યુલોઝ કચરો)નો ઉપયોગ થાય છે. સૂર્યપ્રકાશને કોઈ એક બિંદુ પર કેન્દ્રિત કરવા માટે ક્વોન્ટમ ડોર નામનો તેનો પાર્ટિકલ્સ વપરાય છે. આમ તેના વડે પાણીના શુદ્ધિકરણમાં અજબની ટેકનીકના ઉપયોગ થઈ શકે છે. પરિણામે જળ સમસ્યાના ઉકેલમાં નેનો પોરસ ફિલ્ટરની મદદથી ઉદ્દીપકની હાજરીમાં નેનો ફિલ્ટ્રેશન અથવા અલ્ટ્રાફિલ્ટ્રેશન કરી જળાશયોનું પાણી શુદ્ધ કરી શકાય છે.

આ સિવાય નેનો ફૂડ બનાવી શકાશે. જે ઓર્ગેનિક ફૂડની ગરજ સારશે. ખાદ્ય સામગ્રીના પ્રોડ્કશન પ્રોસેસીંગ અને સલામત પેકેજીંગ માટે તેનો ઉપયોગ કરી શકાય

છે. આમ કરવા માટે નેનો કોટીંગ કરવાથી અકલ્પ્ય પરિણામ મળે છે.

● **ટેક્ષટાઈલ્સ ક્ષેત્ર :**

નોન ફાઈબર રીંકલ રેઝીસ્ટ (કરચલી રહિત) છે અને વધારે સારી ક્વોલીટીનું કરચલી વિનાનું કાપડ બનાવવા તેમજ તેની વિવિધ પ્રિન્ટ કરવામાં નેનો ટૅકનૉલૉજી ઉપયોગી છે.

● **માહિતીક્ષેત્ર :**

માહિતીનું અતિ ઝડપથી વિસ્તરણ કરવા માટે (પ્રકાશની ઝડપે) તે ઉપયોગી સાબિત થઈ શકે તેમ છે. લાંબો સમય ચાલે તેવા સેલફોન, નેનો પાર્ટિકલ્સથી મેળવી શકાશે. નેનો મટીરીયલ્સની મદદથી રિચાર્જેબલ બેટરીની બનાવટ શક્ય થઈ શક્શે.

● **એનર્જી ક્ષેત્ર :**

કાર્બન પાર્ટિકલ્સથી બનતું બમ્પર હલકું અને મજબૂત હોય છે. નેનો ક્રિસ્ટલની મદદથી સોલાર ઉત્પાદનો બનાવી શકાશે. ઈન્ટરનલ કમ્બરર્સન એન્જિનમાં પ્રદૂષણ વિહિન એનર્જી સિસ્ટમ દાખલ થવાથી હાઈડ્રોજન સેલ બનાવી શકાશે. વધારે કાર્યક્ષમ એન્જિનો બનાવી શકાશે. થર્મલ ઈન્સ્યુલેટેડ કરવાથી શક્તિનો વપરાશ ઘટાડી શકાશે. હલકાં વજનનાં કમ્બર્સન સિસ્ટમ અસ્તિત્વમાં આવશે. દા.ત. અવકાશયાનને અવકાશમાં મુકવા માટે ઓછા વજનના અવકાશયાન મેળવી શકાય તેમ છે. કારણ કે નેનો પાર્ટિકલ્સ વિસ્તૃત સપાટી ધરાવે છે અને વજનમાં હલકાં હોય છે. નેનો કાર શબ્દ પણ આ રીતે નેનો ટૅકનૉલૉજી શબ્દની જ કમાણી ગણી શકાય. ફ્લેટ ઈસ્ત્રીમાં હીટ રેઝીસ્ટન્સ જાળવી શકાશે. નેનો ક્રિસ્ટલ વિદ્યુત શક્તિનું પ્રકાશ શક્તિમાં રૂપાંતર કરવાની ક્ષમતા ધરાવતા હોવાથી તેને સંલગ્ન અનેકાનેક ઉપકરણોનો વિકાસ કરી શકાશે.

● **સિરામિક અને ગ્લાસ ક્ષેત્ર :**

નેનો સિરામિક પાર્ટિકલ્સની મદદથી ઈઝી ટુ ક્લીન (સ્વચ્છ કરવામાં સહેલું) સ્ક્રેચ રેઝીસ્ટન્સ અને ડાઘ વિહિન સિરામીક સાધનો મેળવી શકાશે. પરિણામે સિરામિક ક્ષેત્રે તેનો બહોળો ઉપયોગ કરી શકાય તેમ છે.

માનવ જમીનનો અભ્યાસ કરવામાં મદદરૂપ બની શક્શે. ગુનાહિત વ્યક્તિઓની ઓળખ કરવામાં ફોરેન્સિક કસોટીઓ માટે મદદરૂપ બની શક્શે. વ્યક્તિના ડી.એન.એ. ચાર્ટ તૈયાર કરવામાં ઉપયોગી થઈ શક્શે. આનુવાંશિક રોગોના નિદાનમાં ઉપયોગી સાબિત થઈ શક્શે.

● **કોમ્પ્યુટર ક્ષેત્ર :**

કોમ્પ્યુટર ક્ષેત્રે તેનાથી આશ્ચર્યજનક ક્રાંતિ લાવી શકાશે. તેનાથી નાના કદનાં અને હલકા વજનના કોમ્પ્યુટર મેળવી શકાશે. જે વધારે શક્તિશાળી હશે તેનો અર્થ એવો થયો કે હલકા વજનના ક્વોન્ટમ અસ્તિત્વમાં આવશે. નેનો ઈલેક્ટ્રિકલ સર્કિટથી બહોળી સપાટીને લીધે સી.પી.યુ.માં ટ્રાન્ઝિસ્ટર અને ડી.આર.એ.એમ.ના બનાવતા તે વાપરી શકાશે. નેનો મટીરીયલની મદદથી રિચાર્જેબલ બેટરીની બનાવટમાં પણ તે ઉપયોગમાં આવશે.

**નેનો ટૅકનૉલૉજી અભ્યાસક્ષેત્ર :** નેનો ટૅકનૉલૉજીના અભ્યાસમાં નીચેની બાબતો પ્રત્યે ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે.

- ટકાઉ, મજબૂત અને કિંમતમાં સસ્તી વસ્તુની બનાવટમાં
- સોલર એનર્જીને કેન્દ્રિત કરી તેની શક્તિમાં વધારો કરે તેવી ટેકનિકનો વિકાસ કરવો.
- જીનેટીક દવાઓ પ્રત્યે લક્ષમાં આપવું તેમજ ડ્રગ ડિલવરી સિસ્ટમમાં ક્રાંતિ લાવવી.
- પર્યાવરણ વિજ્ઞાન અને નેનો ટૅકનૉલૉજી વચ્ચેનો સંબંધ વિશેનો અભ્યાસ
- ઈલેક્ટ્રોનિક સાધન સામગ્રીમાં નેનો ટૅકનૉલૉજીનો ફાળો.



**● નેનો ટેકનોલોજીના અભ્યાસની તકો :**

નેનો ટેકનૉલૉજી એ ફિઝિક્સ, કેમિસ્ટ્રી, બાયો ઈન્ફર્મેટિક્સ, બાયો ટેકનૉલૉજી વગેરેનું સાંકળતું વિજ્ઞાન છે. ભારતમાં હજી તે વિકાસ પામેલું છે જેથી આ ક્ષેત્રમાં અભ્યાસ કરનારની ખૂબ માંગ છે. ખાસ કરીને M.Tech. (નેનો ટેકનૉલૉજી)ની વિવિધ ઉદ્યોગોમાં, લેબોરેટરીમાં માંગ રહે છે તેને અનુલક્ષીને ભારતમાં નીચેની સંસ્થાઓમાં તેનો અભ્યાસ કરવાની સવલત છે.

- જવાહરલાલ નહેરૂ સેન્ટર ફોર એડવાન્સ : સાયન્ટિફિક એન્ડ રિસર્ચ, બેંગ્લોર
- ઈન્ડિયન ઈન્સ્ટિટયૂટ ઓફ સાયન્સ, બેંગલોર.
- સોલિડ સ્ટેટ ફિઝિક્સ લેબોરેટરી, દિલ્હી
- નેશનલ કેમિકલ લેબોરેટરી, દિલ્હી
- સેન્ટ્રલ સાયન્ટિફિક ઈન્સ્ટ્રુમેન્ટસ ઓર્ગેનાઈઝેશન, ચંદીગઢ
- ડિફેન્સ મટીરીયલ્સ સ્ટોર રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન, કાનપુર
- ઈન્ડિયન ઈન્સ્ટિટયૂટ ઓફ ટેકનૉલૉજી, કાનપુર, ચેન્નાઈ, ગુવાહટી, દિલ્હી અને મુંબઈ
- એમીટી ઈન્સ્ટિટયૂટ ઓફ નેનો ટેકનૉલૉજી, નોઈડા
- બનારસ હિન્દુ યુનિવર્સિટી અને દિલ્હી યુનિવર્સિટી ખાતે નેનો ટેકનૉલૉજીમાં રિસર્ચ કરવાની સવલત છે.
- ગુજરાત ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી, ગાંધીનગર.
- નાઈપર, ચંદીગઢ, મોહાલી

**● રોજગારીની તકો :**

ભારતમાં નેનો ટેકનૉલૉજીના અભ્યાસ બાદ નીચેના ક્ષેત્રોમાં નોકરીની વિપુલ તકો રહેલી છે.

એગ્રિકલ્ચર, એન્વાયર્નમેન્ટ (પર્યાવરણ) ઉદ્યોગ, મેડિકલ, ફૂડ એન્ડ બેવરેજીસ (ખોરાક અને પીણાં), શિક્ષણ, જીનેટિક્સ, બાયોટેકનૉલૉજી, અવકાશ વિજ્ઞાન, ફોરેન્સિક સાયન્સ, બાયો ઈન્ફર્મેટિક્સ ફાર્માસ્યુટિકલ્સ કંપની, સ્ટેમ સેલ ડેવલપમેન્ટ, નેનો ટોકિસકોલોજી, નેનો પાવર જનરેટિંગ સેક્ટર વગેરે. વ્યક્તિગત રીતે પણ કોઈપણ નેનો ટેકનૉલૉજી ક્ષેત્રમાં પોતે અભ્યાસ બાદ નીચેના ક્ષેત્રમાં કાર્ય કરી શકાય છે. જેમ કે, એપ્લિકેશન એન્જિનિયર, ઈન્ડસ્ટ્રી એનાલીસ્ટ, એનર્જી હાર્વેસ્ટીંગ ટેકનૉલૉજી સ્પેશિયાલીસ્ટ, પાવર સિસ્ટમ સ્પેસફાયર, નેનો લીથોગ્રાફર, પ્રોસેસ એન્જિનિયર, નેનો ટેકનૉલૉજીસ્ટ, નેનો ટેકનૉલૉજીકલ ફેબ્રીકેશન, નેનો ટ્યૂબ, નેનો ક્રિસ્ટલાઈન પદાર્થ, નેનો સોફ્ટવેર, નેનો મેડિસીન સેગમેન્ટ ક્ષેત્રમાં રિસર્ચ કાર્યનું સંચાલન-ખાસ કરીને IIT રુરકીમા કરે છે.

ભારતમાં ક્રેન્સ સોફ્ટવેર ઈન્ટરનેશનલ, મોનાડ નેનો ટેક, વેલ્લીઓનેનોટેક, ઈનોવેશન્સ યુનિફાઈડ ટેકનૉલૉજી ક્વેટ્સ નેનો સિસ્ટમ, નાગા નેનોટેક, ટેશ નેનોટેક વગેરે જેવી કંપનીના આ ક્ષેત્રમાં અભ્યાસ કરનાર માટે પુષ્કળ તકો રહેલી છે.

**● વિદેશમાં રોજગારીની તકો :**

ભારત બહાર પરદેશમાં જઈ પોતાની ઉજ્જવળ કારકિર્દી બનાવવા માંગતા હોય તેવા માટે ઘણી તકો રહેલી છે જેવી કે નેનો પોલીમર, નેનો મેડિસીન, નેનો પેકેજીંગ, નેનો ટુલ્સ, નેનો વાયર્સ, નેનો ક્રિસ્ટલાઈન વસ્તુ બનાવટ ક્ષેત્રે નેનો પોરસ મટીરીયલ બનાવવા વગેરે જેવા ક્ષેત્રોમાં નેનો પોરસ મટીરીયલ બનાવવા વગેરે જેવા ક્ષેત્રોમાં કાર્ય કરવાની પુષ્કળ તકો સાંપડે છે. ઈન્ટીગ્રેશન એન્જિનિયર તરીકે પણ કાર્ય કરવાની માંગ રહે છે.

નેનો ટેકનૉલૉજીમાં રિસર્ચ કરવાની તકો પણ ઘણી મળે છે. જેમ કે, નેનો ડિવાઈસ, નેનો વાયર્સ, નેનો બાયોટેકનૉલૉજી, નેનો ફોટોનિક્સ, નેનો મેગ્નેટિક્સ, નેનો બેલ્ટ વગેરે.

નેનો સાયન્સ અને ટેકનૉલૉજી ઈન્સ્ટિટયૂટ સ્વીત્ઝર્લેન્ડ, કેમ્બ્રીજ યુનિવર્સિટી, મેસેસ્યુટેટસ, ASME નેનો ટેકનૉલૉજી ઈન્સ્ટિટયૂટ ન્યુયોર્ક વગેરેમાં પણ જોબ માટેની અસાધારણ તકો મળે છે.

યુ.એસ.એ., યુ.કે., જાપાન, ચીન, જર્મની, ફ્રાન્સ ગવર્નમેન્ટે નેનો ટેકનૉલૉજીના અગણ્ય ઉપયોગને લીધે ભવિષ્યમાં તેનાથી વધારે લાભ મેળવી શકાય તે હેતુથી પુષ્કળ ફંડ ફાળવે છે.

ભારત સરકારે પણ S & T ઈનીશીએડીજી ઈન નેનો ટેકનૉલૉજી અંતર્ગત પાંચ વર્ષ માટે ખાસ આ ક્ષેત્ર માટે ફાળવ્યું છે. નેનો ટેકનૉલૉજી ડિગ્રીધારી વિદેશમાં સારો એવો પગાર મેળવી શકે છે.

પૂજા ક્લીનીક, જયશ્રી કોમ્પ્લેક્ષ,
રૈયા સર્કલ પાસે, રૈયા રોડ,
રાજકોટ - ૩૬૦૦૦૫.

# 30 ફિઝિક્સ અને એસ્ટ્રોનોમીમાં કારકિર્દી

*– વિશાલ પટેલ*

તમે ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનિઝેશન, (ઈસરો), ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી (પીઆરએલ), ભાભા એટોમિક રિસર્ચ સેન્ટર (બાર્ક) વગેરે વિશે સાંભળ્યું તો હશે જ. આ બધી સંસ્થાઓ પ્રતિષ્ઠિત સંસ્થાઓ છે. તેમાં વૈજ્ઞાનિક સંશોધનો, ઉપકરણોનું નિર્માણ અને તેનો ઉપયોગ અને તેના દ્વારા જનસુખાકારી વધારવા માટેના પ્રયાસો હાથ ધરવામાં આવે છે. અહીં વિજ્ઞાનીઓની ભારે ડિમાન્ડ છે. માતબર પગાર સાથે ગૌરવપૂર્ણ કામગીરીનો આનંદ અહીં મળે છે. આ સંસ્થાઓમાં જોડાવવું એ પણ પ્રતિષ્ઠા છે. મિત્રો, તમે ધોરણ -૧૨ સાયન્સ કર્યું હોય, ફિઝિક્સ અને એસ્ટ્રોનોમીમાં રસ હોય તો ઉત્કૃષ્ટ કારકિર્દીના દ્વાર તમારે માટે ખુલ્લાં છે.

અહીં આપણે સૌ પ્રથમ ફિઝિક્સ વિશે વિગતવાર જાણકારી મેળવશું.

**● ફિઝિક્સનું શું મહત્ત્વ છે ?**

ફિઝિક્સ એ સાયન્સનો પાયો છે. એટલે કે, ફિઝિક્સ વિના સાયન્સ અધૂરું છે. તેથી જ અન્ય શાખાના વિજ્ઞાનીઓએ પણ અભ્યાસના ભાગરૂપે ફિઝિક્સનો અભ્યાસ તો કરવો જ પડે છે. કેમિસ્ટ, એન્જિનિયર્સ, બાયોલોજીસ્ટની સાથે સાથે તબીબોને પણ ફિઝિક્સની પાયાની જાણકારી મેળવવી જ પડે છે. ફિઝિક્સમાં એસ્ટ્રોફિઝિક્સ, જીઓફિઝિક્સ, મેડિકલ ફિઝિક્સ, ન્યુક્લિયર ફિઝિક્સ, મીટીરીયોલોજી, એસ્ટ્રોનોમી અને બાયોફિઝિક્સ સ્પેશ્યલાઈઝ ફિલ્ડ છે.

સ્પેસશટલ 'અગ્નિ'નું ઉડાન, આધુનિક તબીબી ઉપકરણોની ચોકસાઈ, અવનવી કારના મોડલોનું મિકેનિઝમ વગેરે ફિઝિક્સના સંશોધનો ઉપર આધારિત છે. ગુરુત્વાકર્ષણ, વિદ્યુત ચુંબકત્વ અને ન્યુકલિયર (અણુશક્તિ)ના પરસ્પર સંયોજન દ્વારા ફિઝિસિસ્ટનું કામ મૂળ નિયમોને લાગુ પાડી વિવિધ શોધ અને સંશોધનો પ્રયોજવાનું છે. તેના કારણે એડવાન્સ અણુશક્તિ, ઈલેક્ટ્રોનિક્સ, કોમ્યુનિકેશન્સ, એરોસ્પેસ ટેકનોલોજી અને તબીબી સાધનો અસ્તિત્વમાં આવે છે. આજે ફિઝિક્સમાં ખાસ કરીને એટોમિક એનર્જી, મિસાઈલ્સ અને સ્પેસ ક્રાફટનાં ઉપયોગ અને તેની વધતી જાણકારીને કારણે લોકોમાં તેના પ્રત્યે રસ જાગ્યો છે.

ફિઝિસિસ્ટની કામગીરી અને તેઓની તાલીમ ખાસ કરીને પરંપરાગત ફિઝિક્સને આધારીત હોય છે. જેને આપણે 'ક્લાસીકલ ફિઝિક્સ' કહીએ છીએ. આની શરૂઆત ૨૦મી સદી પૂર્વેના સંશોધનો દ્વારા શરૂ થઈ હતી. ગેલીલીયો, કેપ્લર અને ન્યૂટન દ્વારા વિજ્ઞાનના પાંચ મૂળ સિદ્ધાંતો જેવાં કે, યાંત્રિક, ઉર્જા અને ઉષ્ણતામાન, ધ્વનિ, વિદ્યુત ચુંબકત્વ અને પ્રકાશના આધારે વર્ગીકૃત કરવામાં આવેલા નિયમોને આધારિત 'ક્લાસીક ફિઝિક્સ' અસ્તિત્વમાં આવ્યું, આજે ૨૧મી સદીમાં મોટાભાગના ફિઝિસિસ્ટ ફિઝિક્સના આ પાંચ મૂળ તત્વોને આધારે જ કામગીરી કરે છે. તેથી દરેક ફિઝિસિસ્ટ માટે ફિઝિક્સની બધીજ શાખાઓનું વિસ્તૃત જ્ઞાન હોવા સાથે કોઈ એક શાખામાં સ્પેશ્યલાઈઝેશન કરેલું હોવું જરૂરી છે.

**● કામગીરીનો પ્રકાર :**

ફિઝિસિસ્ટ (ભૌતિકશાસ્ત્રી)ની કામગીરી મુખ્યત્વે ગાણિતીક અને આંકડાકીય વિજ્ઞાનીઓ સાથે હોય છે. આમ છતાં, એન્જિનિયરો સાથે પણ તેઓ જોડાયેલા હોય છે. ઉચ્ચ કક્ષાના ટેકનિકલ ક્ષેત્રમાં, એન્જિનિયર અને ફિઝિસિસ્ટની ભૂમિકા વિશે ભેદ પારખવો મુશ્કેલ બની જાય છે. આપણે એક ઉદાહરણ લઈએ. જેમકે, ઈલેક્ટ્રોઓપ્ટિકલ એન્જિનિયર. અહીં ફિઝિસિસ્ટ લેસર, રેખાઓ અને અન્ય ઉપકરણોનું સંશોધન, ડિઝાઈન અને નિર્માણ કરે છે કે જે લાઈટ સેન્સેટીવ અથવા વિધાઉટ લાઈટ સેન્સેટીવ હોઈ શકે છે. એન્જિનિયર તેના ટેકનિકલ પાસાને સંભાળે છે, જ્યારે ફિઝિસિસ્ટ તેની થિયરીકલ બાજુની વ્યવહારીકતાનું પરિક્ષણ કરે છે.

ફિઝિસિસ્ટ સામાન્ય રીતે બે મૂળભૂત વિભાગો - મિકેનિક્સ અથવા સ્ટેટિક્સ પૈકી કોઈ એક ઉપર કામ કરે છે. મિકેનિક્સમાં ઘનત્વ, પ્રવાહી અને ગેસ આધારીત ફિલ્ડવર્ક હોય છે, જ્યારે સ્ટેટિક્સમાં આ ત્રણ સિવાયના ક્ષેત્રોમાં કામગીરી હોય છે, ખાસ કરીને એન્જિનિયરીંગના અભ્યાસ સાથે તેનો વધુ સંબંધ હોય છે.

**● ઉદ્યોગોમાં ફિઝિસિસ્ટ :**

ફિઝિસિસ્ટ ઉદ્યોગોમાં ખાસ કરીને પદ્ધતિઓ અને ટેકનોલોજીમાં સુધારો લાવવા માટેના સંશોધનો હાથ ધરે છે. કોમ્યુનિકેશનના ફિલ્ડમાં ફિઝિસિસ્ટ ટેલિવિઝન, ટેલિફોન અને રેડિયો જેવા ક્ષેત્રમાં કામ કરે છે. પેટ્રોલિયમ ઉદ્યોગમાં તેઓ ક્રૂડ ઓઈલની પ્રોસેસીંગ પદ્ધતિમાં સુધારો લાવવા લેબોરેટરી સાથે સંકળાયેલા હોય છે. એરોસ્પેસ જગતમાં તેઓ ટેકનોલોજીકલ સંશોધનો હાથ ધરે છે.

**● જીઓફિઝિસ્ટ :**

જીઓફિઝિક્સ જીઓલોજી અને ફિઝિક્સનું સંયોજન છે. જીઓફિઝિક્સનો ઉપયોગ મીટીરીયોલોજી (હવામાનશાસ્ત્ર), હાઈડ્રોલોજી (જળશાસ્ત્ર), ઓસનોગ્રાફી (સમુદ્રશાસ્ત્ર) રેડિયો એક્ટીવીટી (તરંગશાસ્ત્ર), મેગ્નેટીઝમ (ચુંબકત્વ) વગેરેમાં થાય છે.

**● બાયોફિઝિસિસ્ટ :**

બાયોફિઝિસિસ્ટ સજીવો અને જીવન પ્રક્રિયાનો અભ્યાસ કરે છે.

**● મેડિકલ ફિઝિસિસ્ટ :**

મેડિકલ ક્ષેત્રે ઉપયોગી એવા ઈલેક્ટ્રોનિક ઉપકરણો વિકસાવવામાં મેડિકલ ફિઝિસિસ્ટની ચાવીરૂપ ભૂમિકા છે.

**● એક્સપેરિમેન્ટલ ફિઝિસિસ્ટ :**

સંશોધન ક્ષેત્રમાં થીયરીટીકલ અથવા પ્રયોગો (એકસપેરિમેન્ટલ) ક્ષેત્રે કામગીરી કરે છે. અહીં ફિઝિસિસ્ટ - મિકેનિક્સ, એટોમિક અને મોલેક્યુલર ફિઝિક્સ, હીટ, ઓપ્ટિક્સ, ઓક્યુસ્ટિક્સ, ઈલેક્ટ્રિસીટી એન્ડ મેગ્નેટિઝમ, ઈલેક્ટ્રોનિક્સ, ન્યુક્લિયર ફિઝિક્સ, ફિઝિક્સ ઓફ ફ્લૂઈડસ, સોલિડ સ્ટેટ ફિઝિક્સ અથવા ક્લાસિકલ થિયરોટીકલ ફિઝિક્સ પૈકી કોઈ એકમાં સ્પેશ્યાલાઈઝેશન ધરાવતા હોય છે. ફિઝિસિસ્ટ માટે ક્રાયોજેનિક્સ, ક્રિસ્ટલોગ્રાફી અને પ્લાઝમા ફિઝિક્સ અભ્યાસના હોટ ક્ષેત્ર છે.

**● એસ્ટ્રોફિઝિસિસ્ટ :**

એસ્ટ્રો ફિઝિસિસ્ટ અવકાશીય ઘટનાઓ અને તેને સંબંધીત ઉદ્ભવતા પારસ્પારિક ભૌ.-રાસાયણિક સંયોજનોનો અભ્યાસ કરે છે. તેઓની કામગીરીમાં કોસ્મોલોજી પ્લાઝમા, કાઈનેટિક્સ, સ્ટેલાર ફિઝિક્સ, કોનવોલ્યુશન અને નોન ઈક્વિલિબ્રીયમ, રેડિએશન ટ્રાન્સફર થીયરી, નોન-યુકલીડીયન જોમેટ્રી, મેથેમેટિકલ મોડલીંગ, ગેલેટીક સ્ટ્રક્ચર થીયરી અને રીલેટીવિસ્ટીક એસ્ટ્રોનોમીનો સમાવેશ થાય છે.

**● ખગોળશાસ્ત્ર :**

મનુષ્ય પ્રાચીન કાળથી જાણતો હોય તેવું વિજ્ઞાન એટલે ખગોળશાસ્ત્ર (એસ્ટ્રોનોમી). અવકાશમાં આવેલા ઈશ્વરીય તત્વોની ગતિવિધી અને તેઓની પેટર્નનો અભ્યાસ પ્રાચીનકાળથી થતો આવ્યો છે. અગાઉ માત્ર કોસમોસ નિરીક્ષણ પુરતો જ તેનો અભ્યાસ સિમિત હતો. પરંતુ, ફિઝિક્સ, કેમિસ્ટ્રી અને વિજ્ઞાનની અન્ય શાખાઓના સંયોજનથી હવે અવકાશીય તત્વોનો અભ્યાસ રસપ્રદ બન્યો છે. એસ્ટ્રોનોમર હવે સ્પેશ્યાલિસ્ટ બની ચૂક્યા છે. જેમકે, ઓબ્ઝર્વેશનલ એસ્ટ્રોનોમર્સ, સ્ટેલર એસ્ટ્રોનોમર્સ, પ્લેનેટરી એસ્ટ્રોનોમર્સ, થીયરીટીકલ એસ્ટ્રોનોમર્સ, કોસ્મોલોજીસ્ટ વગેરે.

**● કારકિર્દીની સંભાવનાઓ :**

ફિઝિસિસ્ટ માટે અન્ય ક્ષેત્રોની જેમ ચોક્કસ 'ફિઝિકલ ઈન્ડસ્ટ્રી' નથી. પરંતુ ઈન્ડસ્ટ્રીઝ, શિક્ષણ અને સાંસ્કૃતિક એમ વિવિધ ક્ષેત્રોમાં ફિઝિક્સ અનિવાર્ય છે. ન્યુક્લિયર અને સોલિડ-સ્ટેટ ફિઝિક્સ, વ્યવહારુ ફિઝિક્સ જેવાં કે, ઈલેક્ટ્રોનિક્સ અને કોમ્યુનિકેશન વગેરેમાં ફિઝિક્સનો ઉપયોગ તેની કોમર્શીયલ અને લશ્કરી મહત્તા પુરવાર કરે છે.

ફિઝિસિસ્ટ ફિઝિક્સની સ્પેશ્યાલાઈઝ શાખાઓ જેવી કે,એલીમેન્ટરી પાર્ટિકલ ફિઝિક્સ, ન્યુક્લિયર ફિઝિક્સ, એટોમિક, ઈલેક્ટ્રોન, મોલેક્યુલર ફિઝિક્સ, ફિઝિક્સ ઓફ કન્ડેન્સ મેટર, ઓપ્ટિક્સ, ઓક્યુસ્ટીક્સ, પ્લાઝમા ફિઝિક્સ, ફિઝિક્સ ઓફ ફ્લુઈડ્સમાં સંશોધન અને વિકાસની કામગીરી હાથ ધરે છે. બાયોફિઝિક્સ, કેમિકલ ફિઝિક્સ, હેલ્થ ફિઝિક્સ વગેરમાં સ્પેશ્યલાઈઝેશન કરનારા ફિઝિસિસ્ટની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે.

**● એસ્ટ્રોનોમર (ખગોળશાસ્ત્રી) :**

પ્રમાણીત એસ્ટ્રોનોમર વેધશાળા અથવા સરકારી લેબોરેટરીમાં જોડાઈ શકે છે. તેઓ પ્લેનેટોરિયમ અને યુનિવર્સિટીઓમાં શિક્ષણ પણ આપી શકે છે. સ્પેસ સાયન્સનું જ્ઞાન હોવાથી એરોસ્પેસ ઈન્ડસ્ટ્રીઝમાં પણ ઉજ્જવળ કારકિર્દી બની શકે છે. પ્રદૂષણનું નિયમન, ઈન્સ્ટ્રુમેન્ટેશન અથવા સોફ્ટવેર સ્પેશ્યાલિસ્ટ જેવા ક્ષેત્રોમાં પણ કામગીરી કરી શકાય છે.

(સ્રોત :Siksha.com)

એ/૧૪, સુવિધા પાર્ક,
પાર્શ્વનાથ ટા. શીપ રોડ,
કૃષ્ણનગર, અમદાવાદ

# ૩૧ ઈન્ડસ્ટ્રીયલ સેફ્ટીમાં અવ્વલ કારકિર્દી

*–વિશાલ પટેલ*

શહેરોમાં ઔદ્યોગિકીકરણ ખૂબ જ ઝડપથી વધી રહ્યું છે. રાષ્ટ્રના વિકાસ માટે ઉદ્યોગોનો વિકાસ જરૂરી છે. ઉદ્યોગો લાખો લોકોને રોજગારી આપે છે. દરેક ક્ષેત્રે બને છે તેમ એક સિક્કાની બે બાજુ હોય છે. એટલે કે, વધતાં જતાં ઔદ્યોગિકીકરણની સાથે સાથે શ્રમિકોની સલામતી પણ જોખમાય છે. ઘણાં ઉદ્યોગોમાં વર્કરોની સલામતી દાવ પર લાગેલી હોય છે. તેથી અહીં સેફ્ટીના ઉપાયો પ્રયોજવા પડે છે. કેન્દ્ર સરકાર દ્વારા હવે દરેક ઔદ્યોગિક એકમ માટે સેફ્ટી ઓફિસરની નિમણૂંક ફરજિયાત કરી દેવામાં આવી છે.

ઉદ્યોગોમાં જોખમાતી સલામતી સામે અગમચેતીના પગલારૂપે સેફ્ટી ઓફિસર દ્વારા પ્રયાસો હાથ ધરવામાં આવે છે. હવે પ્રશ્ન એ થાય છે કે, આ સેફ્ટી ઓફિસર બનવૂં કેવી રીતે ? કંઈ જગ્યાએ તેના કોર્સ ચાલે છે ? વળતર શું મળે છે ? આ અંગે વિસ્તૃત માર્ગદર્શન અહીં પ્રસ્તુત છે.

અમદાવાદમાં ડ્રાઈવ-ઈન રોડ ઉપર આવેલી ખૂબ જ પ્રતિષ્ઠિત સ્વાયત્ત સંસ્થા 'મહાત્મા ગાંધી શ્રમ સંસ્થાન' ખાતે ઈન્ડસ્ટ્રીયલ સેફ્ટીને લગતો એક વર્ષની અવધિ ધરાવતો પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા કોર્સ ઓફર કરવામાં આવે છે.

**- પ્રવેશ માટે યોગ્યતા :** પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઈન ઈન્ડસ્ટ્રીયલ સેફ્ટીમાં એમ.ઈ. અથવા એમ.ટેક. અથવા માસ્ટર ઓફ ઈન્ડસ્ટ્રીયલ હાઈજીન ધરાવનાર અથવા એમ.એસસી. / બી.ઈ. / બી.ટેક. અથવા પોસ્ટ ડિપ્લોમા ઈન ઈન્ડસ્ટ્રીયલ એન્વાર્યન્મેન્ટ ટેકનોલોજી અને મેનેજમેન્ટ અથવા એન્જિનિયરીંગ / ટેકનોલોજીમાં ડિપ્લોમા ધરાવનાર (બે વર્ષનો અનુભવ જરૂરી) અથવા બી.એસસી. (કેમિસ્ટ્રી, ફિઝિક્સ, ઈલેક્ટ્રોનિક્સ એન્વાર્યમેન્ટ મુખ્ય વિષય સાથે (બે વર્ષનો અનુભવ જરૂરી) થયેલા ઉમેદવાર પ્રવેશ માટે લાયક ગણી શકાશે.

આ કોર્સની મહત્તા અને ડિમાન્ડનો ઉલ્લેખ કરતા સંસ્થાના પ્રોગ્રામ ઓફિસર જશવંતસિંહ ચૌહાણ જણાવે છે કે, જો કોઈ બી.ઈ. થયેલો વિદ્યાર્થી આ કોર્સ કરે તો તેની જોબ વેલ્યુ ખૂબ જ વધી જાય છે. કારણ કે, કંપનીને એન્જિનિયરો તો જોઈતા જ હોય છે તેમાં જો ઈન્ડસ્ટ્રીયલ સેફ્ટીનો કોર્સ કરેલો ઉમેદવાર મળી જાય તો કંપની માટે ટોટલ બેનીફીટ. સામે પક્ષે ઉમેદવારને પણ ઊંચું પેકેજ મળે છે. તેથી તેને પણ મહત્તમ લાભ. સરવાળે બંને પક્ષને ફાયદો. દર વર્ષે સંસ્થામાંથી આ કોર્સ કરનાર ઉમેદવારોનું ૧૦૦ ટકા પ્લેસમેન્ટ નામાંકીત કંપનીઓમાં થાય છે. હાલમાં આ કોર્સની બેઠકોની સંખ્યા ૭૫ જેટલી છે. જેમાં ઈન્ટરવ્યૂના આધારે મેરિટના ધોરણે પ્રવેશ આપવામાં આવે છે. દર વર્ષે જુલાઈમાં પ્રવેશ જાહેરાત પ્રસિદ્ધ થાય છે. કોર્સનો પ્રારંભ ઓગસ્ટથી થાય છે.

ઈન્ડસ્ટ્રીયલ સેફ્ટી કોર્સમાં,

(૧) સેફ્ટી મેનેજમેન્ટ
(૨) સેફ્ટી એન્જિનિયરીંગ -૧
(૩) સેફ્ટી ઈન કેમિકલ ઈન્ડસ્ટ્રી
(૪) સેફ્ટી એન્જિનિયરીંગ -૨
(૫) હેઝાર્ડ આઈડેન્ટિફિકેશન એસેસમેન્ટ એન્ડ કંટ્રોલ ટેકનિક્સ
(૬) ઈન્ડસ્ટ્રીયલ હાઈજીન એન્ડ હેલ્થ
(૭) લેજિસ્લેશન ઓફ સેફ્ટી એન્ડ હેલ્થ, જેવા વિષયોને આવરી લેવામાં આવે છે. આ ઉપરાંત,
(૮) માં વિષય તરીકે નીચે દર્શાવેલ પૈકી કોઈ એક સેફ્ટી ફિલ્ડ પસંદ કરવાનો રહે છે.

- એડવાન્સ સેફ્ટી મેનેજમેન્ટ એન્ડ એન્જિનિયરીંગ ટેકનિક્સ
- સેફ્ટી ઈન એન્જિનિયરીંગ ઈન્ડસ્ટ્રી
- સેફ્ટી ઈન ટેક્સટાઈલ ઈન્ડસ્ટ્રી
- સેફ્ટી ઈન કન્સ્ટ્રક્શન ઈન્ડસ્ટ્રી
- એપ્લાઈડ ઈરગોનોમિક્સ
- સેફ્ટી ઈન શીપ બ્રેકીંગ ઈન્ડસ્ટ્રી

● કોર્સનું માધ્યમ અંગ્રેજી છે.
● કોર્સ ફી રૂ. ૧૫,૦૦૦
● કોર્સ માટે સંપર્ક સરનામું :
મહાત્મા ગાંધી લેબર ઈન્સ્ટિટયૂટ, ડ્રાઈવ-ઈન રોડ, મેમનગર, અમદાવાદ - ૩૮૦૦૫૨
સંપર્ક નંબર : (૦૭૯) ૨૭૯૧૩૯૮૭, ૨૭૯૧૩૮૯૦
ઈ-મેઈલ : info@mgliahd.org
વેબસાઈટ : www.mgliahd.org.

એ/૧૪, સુવિધા પાર્ક,
પાર્શ્વનાથ ટાઉનશીપ રોડ, કૃષ્ણનગર, અમદાવાદ.

# ૩૨ અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશનના શોર્ટ કોર્સ

*– જિજ્ઞેશ ચુનારા*

હાલનો જમાનો ખૂબ જ સ્પર્ધાત્મક છે. દરેક ફિલ્ડમાં હરિફાઈ જોવા મળે છે. જોબ માર્કેટમાં હવે લેટેસ્ટ કોર્સ કરનારા ઉમેદવારો મેદાન મારી રહ્યા છે. ચીલાચાલુ અને આઉટડેટેડ અભ્યાસક્રમો હવે ત્વરિત જોબ અપાવી શકતા નથી. કંપનીઓને સ્માર્ટ અને અપડેટ ઉમેદવારોની જરૂર છે. ઉદ્યોગોની આ જરૂરિયાતને ધ્યાનમાં લઈને જ અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન (AMA) દ્વારા ટૂંકાગાળાના અભ્યાસક્રમો ઓફર કરવામાં આવે છે. (AMA) દ્વારા હાલના જોબ માર્કેટના ટ્રેન્ડને ધ્યાનમાં લઈને આ પ્રકારના કોર્સના તાણાવાણા ગૂંથવામાં આવ્યા છે. દરેક અભ્યાસક્રમ ઉમેદવારને એક કદમ આગળ રાખવા સક્ષમ છે.

AMA દ્વારા નિયમિત ધોરણે બે વર્ષનો પૂર્ણકાલિન અભ્યાસક્રમ 'ઈન્ટરનેશનલ બિઝનેશ' ઓફર કરવામાં આવે છે. દર વર્ષે જૂન /જુલાઈમાં તેનો પ્રારંભ થાય છે.

AMA દ્વારા છ માસની અવધિવાળા પાર્ટટાઈમ ડિપ્લોમા અભ્યાસક્રમો પણ ઓફર કરવામાં આવે છે. અઠવાડિયામાં ત્રણ દિવસ સાંજના સમયે ચાલતા આ અભ્યાસક્રમો જોબ ઓરિએન્ટેડ છે. અભ્યાસક્રમોના નામ નીચે મુજબ છે.

(૧) ફિનાન્સ મેનેજમેન્ટ, (૨) હ્યુમન રિસોર્સ મેનેજમેન્ટ, (૩) ઈન્ટરનેશનલ બિઝનેસ.

**પ્રવેશ યોગ્યતા :** બધા કોર્સ માટે સ્નાતકો પ્રવેશપાત્ર છે.

હાલમાં વૈશ્વિક વેપાર ખૂબ વધ્યો હોવાથી ઈન્ટરનેશનલ બિઝનેસને સંભાળી શકે, તેનું વ્યવસ્થાપન કરી શકે તેવા કુશળ વર્કફોર્સની ખૂબ જ માંગ છે. આ સંભાવનાઓને અવસરમાં પરિવર્તિત કરવા માટે AMA દ્વારા એક્ષપોર્ટ-ઈમ્પોર્ટ મેનેજમેન્ટનો ડિસ્ટન્સ લર્નીંગ પ્રોગ્રામ શરૂ કરવામાં આવ્યો છે. છ માસનો આ કોર્સ ઘેરબેઠાં કરી શકાય છે. આ પ્રોગ્રામ આખું વર્ષ ચાલતો હોવાથી ગમે ત્યારે તેમાં જોડાઈ શકાય છે. પ્રવેશની લાયકાત સ્નાતકની છે. પરંતુ, એક્ષપોર્ટ-ઈમ્પોર્ટનાં ક્ષેત્રે કારકિર્દી બનાવવા ઈચ્છુક ઉમેદવાર અંડરગ્રેજ્યુએટ કે ધો. ૧૨ પાસ હશે તો પણ પ્રોગ્રામમાં જોડાઈ શકે છે. આ પ્રોગ્રામમાં એક્ષપોર્ટ-ઈમ્પોર્ટ સંબંધી દરેક પાસાઓને આવરી લઈ સઘન પ્રશિક્ષણ આપવામાં આવે છે.

AMA દ્વારા બે થી ત્રણ માસના ટૂંકાગાળાના પ્રમાણપત્ર અભ્યાસક્રમો પણ ચાલે છે. આ ટૂંકાગાળાના અભ્યાસક્રમો પણ જોબ ઓરિએન્ટેડ છે. અહીં સંબંધીત વિષયના નિષ્ણાત દ્વારા થીયરીકલ અને પ્રેકટીકલ માર્ગદર્શન આપવામાં આવે છે.

**પ્રમાણપત્ર અભ્યાસક્રમો :**

(૧) ગુમીંગ યોર સેલ્ફ
(૨) પર્સનાલીટી ડેવલપમેન્ટ
(૩) LEAN મેનેજમેન્ટ
(૪) ફિલ્મ પ્રોડક્શન એન્ડ મેનેજમેન્ટ
(૫) મટીરીયલ એન્ડ સપ્લાય ચેઈન મેનેજમેન્ટ
(૬) પ્રોજેક્ટ મેનેજમેન્ટ
(૭) બેન્કીંગ એન્ડ ફિનાન્સિયલ સર્વિસીઝ

વિવિધ વિદેશી ભાષાઓ શીખીને તે દ્વારા ભાષામાં પારંગત બનવા ઈચ્છતા ઉમેદવારો માટે AMA દ્વારા લેંગ્વેજ પ્રોગ્રામ હાથ ધરવામાં આવે છે. અહીં ફ્રેંચ, જાપાનીઝ, સ્પેનીસ, જર્મન ભાષા શીખી શકાય છે.

વેકેશન સમયનો ઉપયોગ કારકિર્દીની ધાર તેજ કરવામાં થાય તે હેતુથી AMA દ્વારા દર વર્ષે માર્ચ /એપ્રિલ / મે માસ દરમ્યાન ટૂંકાગાળાના પરંતુ સ્વયંના વિકાસ માટે ખૂબ જ ઉપયોગી પૂરવાર થાય તેવા અભ્યાસક્રમો ઓફર કરવામાં આવે છે. જુદાં જુદાં વિષયોને આવરી લેતાં આવા ૭૩ જેટલાં અભ્યાસક્રમો આ ત્રણ માસ દરમ્યાન ચાલે છે. આ અભ્યાસક્રમોનો લાભ વિદ્યાર્થીઓ, નોકરીયાતો, ગૃહિણીઓ એમ દરેક વર્ગના લોકો લઈ શકે છે.

સંપર્ક સરનામું :
અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન
AMA કોમ્પલેક્ષ, ડૉ. વિક્રમ સારાભાઈ માર્ગ,
અમદાવાદ-૩૮૦૦૧૫
નંબર : ૦૭૯- ૨૬૩૦૮૬૦૧ થી ૦૬
ઈ-મેઈલ : ama@amaindia.org

એ/૧૪, સુવિધા પાર્ક,
પાર્શ્વનાથ ટાઉનશીપ રોડ,
કૃષ્ણનગર, અમદાવાદ.

# 33 હોટલ અને ટુરિઝમ મેનેજમેન્ટ

**– શ્રીમતી સુધાબહેન ડી. પટેલ**

● **પ્રસ્તાવના :-**

ગુજરાતમાં વાયબ્રન્ટ સમિટની સપળતા અને કાંકરિયા લેકની સુંદરતા તેમજ સાબરમતી રિવરફ્રન્ટની રોનક સાથે ગુજરાતનાં વિવિધ પર્યટન સ્થળો દ્વારકા, જૂનાગઢ, સોમનાથ, ડાકોર, કબીરવડ, તીથલ, પાવાગઢ, ચોરવાડ, અમદાવાદ, રાજકોટ, સુરત અને વડોદરાનાં રમણીય સ્થળોએ છેલ્લા કેટલાક સમયથી ભારતના અન્ય રાજયોના લોકોને તેમજ વિદેશી પર્યટકોને અને વ્યવસાયીઓને તેમજ મેડિકલ ટુરિઝમના વધેલા પ્રવાહના પગલે હોટલ અને ટુરિઝમ મેનેજમેન્ટના વ્યવસાયમાં અનેક પ્રકારની નવી શકયતાઓ અને તકો ઉભી થઈ રહી છે. ભારત દેશની કુદરતી સુંદરતા સહેલાણીઓને આકર્ષી રહી છે. ટુરિઝમ ઈન્ડસ્ટ્રીઝમાં ઝડપથી વૃધ્ધિ થઈ રહી છે. આવનારા પાંચ વર્ષોમાં આ ક્ષેત્રમાં ચાર લાખ પ્રોફેશનલની માંગ વધશે જેને ધ્યાનમાં રાખતા આ ક્ષેત્રમાં રોજગારીની અનેક સંભાવનાઓ શકય બનશે. ૨૦૧૦માં યોજાયેલા કોમનવેલ્થ ગેમ્સ અને ૨૦૧૧માં આયોજિત ક્રિકેટ વિશ્વકપ જેવી સ્પર્ધાઓને ધ્યાનમાં લેતા મોટી સંખ્યામાં વિદેશી પર્યટકો ભારતમાં આવ્યા. હોટલ અને ટુરિઝમ મેનેજમેન્ટ ને લગતાં કેટલાક સર્ટિફિકેટ કોર્સ, ડિપ્લોમાં કોર્સ, ડિગ્રી કોર્સ, માસ્ટર ડિગ્રી કોર્ષ ઉપલબ્ધ છે.

● **સર્ટિફિકેટ કોર્સ ઈન હોટલ મેનેજમેન્ટ :-**

- ફ્રન્ટ ઓફિસ મેનેજમેન્ટ (Front Office Mgt.)
- ફુડ એન્ડ બેવરેજ સર્વિસ મેનેજમેન્ટ (Food & Beverage Service Mgt.)
- હાઉસ કીપીંગ મેનેજમેન્ટ (House Keeping Mgt.)
- ફુડ પ્રોડકશન મેનેજમેન્ટ (Food Production)
- ટુરિઝમ એરલાઈન્સ મેનેજમેન્ટ (Tourism Airlines Mgt.)
- બેન્કવેટીંગ અને કેટરીંગ મેનેજમેન્ટ (Banqueting & catering Mgt.)

ઉપરોક્ત કોર્સિસ ધોરણ-૧૦ પાસ કરેલ વિદ્યાર્થી કરી શકે છે. સર્ટિફિકેટ કોર્સિસ ૧૨ માસની મુદતના હોય છે. ઉપરોક્ત તમામ કોર્સ એશિયા પેસિફિક કોલેજમાં ચાલે છે. આ ઉપરાંત ૧૨ માસની મુદતનો ડિપ્લોમાં ઈન હોટલ મેનેજમેન્ટનો કોર્સ વિવેકાનંદ ઈન્સ્ટિટયૂટ ઓફ હોટલ એન્ડ ટુરિઝમ મેનેજમેન્ટમાં ચાલે છે.

● **ડિપ્લોમાં ઈન હોટલ મેનેજમેન્ટ :-**

ત્રણ વર્ષની મુદ્દતનો ડિપ્લોમાં કોર્સ એશિયા પેસિફિક કોલેજમાં થાય છે. ભારતીય યુનિવર્સિટીને સંલગ્ન આ કોલેજમાં અભ્યાસ કરી ડિપ્લોમા થઈ શકાય છે.

● **ડિગ્રી કોર્સ ઈન હોટલ એન્ડ ટુરિઝમ મેનેજમેન્ટ :-**

- બેચલર ઓફ હોટલ એન્ડ ટુરિઝમ મેનેજમેન્ટ
- બી.એ. ઈન ઈન્ટરનેશનલ હોસ્પિટાલીટી એડમિનિસ્ટ્રેશન
- બી.એસ.સી. ઈન હોટલ મેનેજમેન્ટ અને કેટરીંગ સાયન્સ
- બી.બી.એ. ઈન હોટલ એન્ડ ટુરિઝમ મેનેજમેન્ટ
- B.E. – B.H.M.C.T.

ઉપરોક્ત ડિગ્રી કોર્સ ત્રણ વર્ષ કે ચાર વર્ષ ની મુદતનાં હોય છે. ધોરણ-૧૨ સાયન્સ કે સામાન્ય પ્રવાહમાં પાસ થનાર વિદ્યાર્થી ઉપરોક્ત ડિગ્રી કોર્સમાં એડમિશન મેળવી શકે છે. ડિગ્રી કોર્સ કર્યા પછી વિદ્યાર્થી કોઈ પણ ફિલ્ડમાં માસ્ટર ડિગ્રી કરી શકે છે.

● **એમ.બી.એ. ઈન હોટલ એન્ડ ટુરિઝમ મેનેજમેન્ટ:**

ઉપરોકત કોર્સમાં ડિગ્રી કોર્સ કરેલ વિદ્યાર્થી એડમિશન મેળવી શકે છે. બે વર્ષના આ કોર્સની ખુબ જ અગત્યતા છે.



- **એશિયા પેસિફિક કોલેજ :-**

અમદાવાદમાં આવેલી એશિયા પેસિફિક કોલેજ હોટલ એન્ડ ટુરિઝમ મેનેજમેન્ટના સર્ટિફિકેટ, ડિપ્લોમાં તેમજ ડિગ્રી અભ્યાસક્રમો ચલાવે છે. એમ.બી.એ. પણ ઉપરોક્ત વિષયમાં થઈ શકે છે.

- **એડમિશન માટે સંપર્ક :-**

એશિયા પેસિફિક ઈન્સ્ટિટયૂટ ઓફ હોટલ એન્ડ ટુરિઝમ મેનેજમેન્ટ, એશિયા પેસિફિક હાઉસ, વિદ્યાવિહાર કોલોની, ફોરચ્યુન લેન્ડ હોટલ સામે, ઉસ્માનપુરા, અમદાવાદ – ૩૮૦૦૧૩. સંપર્ક માટે ફોન નંબર :- ૦૭૯-૨૭૫૫૬૧૪૦ અથવા ૦૭૯-૨૭૫૫૬૧૪૧ નંબર પર ટેલિફોન કરી માહિતી મેળવી શકો છો. ઈ-મેઈલ : info@apimindia.net, www.apimindia.net

- **એડમિશન કમિટી દ્વારા એડમિશન પ્રોસેસ થાય છે :**

- ઉપરોક્ત કોલેજમાં એડમિશન મેળવનાર વિદ્યાર્થી માટે હોસ્ટેલની પણ સુવિધા છે.
- દરેક વિદ્યાર્થીને યુનિફોર્મ તેમજ ભોજન (લંચ) ની વ્યવસ્થા પણ કોલેજ કરે છે.
- પ્લેસમેન્ટ પણ વિદ્યાર્થીનું એજ્યુકેશન પૂર્ણ થતાં થઈ જાય છે.
- ત્રણ વર્ષના ડિગ્રી કોર્સમાં એક ઈન્ટર્નશીપ તેમજ ચાર વર્ષના ડિગ્રી કોર્સમાં બે ઈન્ટર્નશીપ વિદેશમાં પણ કરી શકે તેવી સુવિધા આપે છે.
- સર્ટિફિકેટ તેમજ ડીપ્લોમાં અને એમ.બી.એ. અભ્યાસક્રમ અમદાવાદ ખાતેના કેમ્પસમાં ચાલે છે.
- ડિગ્રી અભ્યાસ કેમ્પસ-૨ માં ચાલે છે. જેનું સરનામું નીચે પ્રમાણે છે.

એશિયા પેસિફિક ઈન્સ્ટિટયૂટ ઓફ હોટલ મેનેજમેન્ટ, કડી – કટોસણ રોડ, ભોયણી ગામ, તા. દેત્રોજ, જી. અમદાવાદ.



- **વિવેકાનંદ ઈન્સ્ટિટયૂટ ઓફ હોટલ એન્ડ ટુરિઝમ મેનેજમેન્ટ :-**

સંપર્ક સ્થળ : બોધીગ્રામ, નેશનલ હાઈવે ૮-બી, કુવાડવા રોડ, કુચીયાદડ, જિ. રાજકોટ.
ફોન નંબર : ૦૨૮૧-૩૨૦૩૦૦૬
મો. નંબર : ૮૮૬૬૨૫૦૦૪૯, ૮૮૬૬૨૫૦૦૫૦
ઈ-મેઈલ : info@vihtm.com, www.vihtm.com

આ કોલેજમાં ચાર વર્ષનો ડિગ્રી કોર્સ તેમજ એક વર્ષનો ડિપ્લોમાં કોર્સ ચાલે છે.

- આ ઉપરાંત ઈન્સ્ટિટયૂટ ઓફ હોટલ મેનેજમેન્ટ, ભાયજીપુરા, કુડાસણ – અડાલજ, ગાંધીનગર – ૩૮૨૪૪૧ ખાતે પણ હોટલનાં વ્યવસાયને લગતાં કોર્સ ચાલે છે. જેમાં પ્રવેશ માટે પ્રવેશ પરીક્ષા આપવી પડે છે. આ કોર્સ નેશનલ કાઉન્સિલ ફોર હોટલ મેનેજમેન્ટ એન્ડ કેટરીંગ ટેકનોલોજી, નવી દિલ્હી દ્વારા એફિલેટેડ છે.
- ઈન્સ્ટિટયૂટ ઓફ હોટલ મેનેજમેન્ટ, પોલિટેકનિક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ ખાતે પણ હોટલ મેનેજમેન્ટનો કોર્સ ચાલે છે.
- એમ.એસ. યુનિવર્સિટીને સંલગ્ન કોલેજમાં પણ સર્ટિફિકેટ કોર્સ ચાલે છે.

- **નોકરીની તકો :-**

હોટલ અને ટુરિઝમ મેનેજમેન્ટના કોર્સિસ કરેલા વિદ્યાર્થીઓની માંગ હાલના વર્તમાન સમયમાં ખૂબ જ છે. પર્સનાલીટી, વાતચીત ટેકનિક, અંગ્રેજી વિષય પરનું પ્રભુત્વ માર્કેટીંગ, તેમજ કેટરીંગ બિઝનેસનું સંપૂર્ણ જ્ઞાન વગેરેથી આ કોર્સ કરનાર વિદ્યાર્થીઓનું ઓલ રાઉન્ડ ડેવલપમેન્ટ થાય છે.

આ કોર્સ કરેલ વિદ્યાર્થી પોતાનો બિઝનેસ પણ કરી શકે છે. ફાઈવ સ્ટાર, સેવન સ્ટાર હોટલ ખોલી શકે છે. આવી હોટલમાં નોકરી પણ કરી શકે છે. રેસ્ટોરન્ટ, ક્રુઝ લાઈન, કોલ સેન્ટર, મલ્ટીનેશનલ કંપની, ઈવેન્ટ મેનેજમેન્ટ કંપની, મેગા મોલ્સ, ફુડ ક્રાફટ, હોસ્પિટલ વગેરે માં સારા પગારથી નોકરી મળી શકે છે.

---

મદદનીશ,
વ્યવસાયી માર્ગદર્શન સંસ્થા,
સરકારી કન્યા શાળાના મકાનમાં,
રાયખડ, અમદાવાદ - ૩૮૦૦૦૧.

# ૩૪ પત્રકારત્વમાં પડકારરૂપ કારકિર્દી

*– શ્રીમતી જયશ્રીબહેન વી. ઠક્કર*

● **પ્રાસ્તાવના :**

અમિતાભ બચ્ચનનો ઈન્ટરવ્યુ કોઈ ટી.વી. ન્યૂઝ ચેનલ પર જોઈને તમને અમિતાભ સાથે વાતચીત કરતાં રિપોર્ટર બનવાની ઈચ્છા કયારેય થઈ છે ખરી ? ભારતનાં વડાપ્રધાન કે અમેરિકાના રાષ્ટ્રપ્રમુખની પ્રેસ કોન્ફરન્સમાં ધારદાર પ્રશ્ન કરતાં કોઈ પત્રકાર જેવા બનવાનું સ્વપ્ન તમને આવ્યું છે ?

ટેલિવિઝનથી ન્યૂઝ ચેનલમાં જોવા મળતાં રિપોર્ટર અને એન્કરની દુનિયા નિરાળી હોય છે. છાપામાં અને મેગેઝિનમાં કામ કરતાં પત્રકારોને મળ્યા પછી અને તેમની સાથે વાતચીત કર્યા પછી કદાચ તમને પણ પત્રકાર બનવાની ઈચ્છા થઈ જાય.

દરેકમાં જે હોશિયારી છે, આવડત છે, જ્ઞાન છે તેમજ પોતાની જે કોઈ પ્રોડકટ છે. તેની જાણકારી લોકો અને જનસમૂહ સુધી પહોંચાડવામાં જર્નાલિઝમનો ફાળો અનન્ય હોય છે. પત્રકારત્વ અંગેનો અભ્યાસક્રમ અન્ય અભ્યાસક્રમ કરતાં જુદો પડે છે. આ અભ્યાસક્રમમાં બનાવની જાણકારી મેળવીને તેને સામાન્ય લોકો સમજી શકે તે ભાષામાં મુકવાની હોય છે. તેમાં ટેલિવિઝનના સમાચાર હોય રેડિયોના સમાચાર હોય, ન્યુઝ પેપરના સમાચાર હોય કે અન્ય વિગતો હોય જુદા જુદા વિષયમાં રસ ધરાવનાર વ્યક્તિને આ કાર્ય કરવામાં સરળતા લાગે છે.

● **સોનેરી ભવિષ્ય :**

કોમ્યુનિકેશન અને જર્નાલિઝમ આજે પ્રસિધ્ધ અને ગ્લેમર ધરાવતા થઈ ગયા છે. આ ક્ષેત્રમાં અભ્યાસ કર્યા પછી સમૂહ માધ્યમમાં કામ મળે છે. ટી.વી. ન્યુઝપેપર, મેગેઝીન, રેડિયો સ્ટેશન, માર્કેટ રિસર્ચ, એડવર્ટાઝીંગ ડિપાર્ટમેન્ટમાં, એડ એજન્સી વગેરેમાં કામ કરવાની વિપુલ તક મળે છે અથવા સ્વતંત્ર રીતે વ્યવસાય પણ કરી શકાય છે.

કોમ્યુનિકેશન અને જર્નાલિઝમનું ફિલ્ડ ૨૧ મી સદીની ટોપટેન કેરિયરમાં ગણાય છે. પત્રકાર બનવું હોય તો આ ફિલડનો કોર્સ કરવો જોઈએ. પબ્લિક રિલેશન, પબ્લિસિટી, એડવર્ટાઈઝીંગ, એન્કરીંગ જેવાઅનેક ક્ષેત્રોમાં જવા માટે પણ જર્નાલિઝમ અને કોમ્યુનિકેશનમાં અભ્યાસક્રમો જરૂરી છે.

**અમદાવાદમાં જર્નાલિઝમ કોર્સ :-**

અમદાવાદમાં જર્નાલિઝમના અભ્યાસક્રમો ચલાવતી સંસ્થાઓ અને તેનાં અભ્યાસક્રમોની વાત કરીએ.

● **ગુજરાત યુનિવર્સિટી :**

અમદાવાદ સ્થિત ગુજરાત યુનિવર્સિટીના પત્રકારત્વ ભવનમાં જર્નાલિઝમના બે કોર્સ ફુલટાઈમ ધોરણે ચાલે છે.

(૧) બેચરલ ઓફ કોમ્યુનિકેશન, જર્નાલિઝમ એન્ડ પબ્લિક રિલેશન BCJPનો કોર્સ. આ કોર્સ બેચરલ ડિગ્રી પછી એક વર્ષની મુદતનો છે. એડમિશન માટે જાહેરાત યુનિવર્સિટીનાં ટી.વાય નાં પરિણામો પછી મે-જુનમાં આવતી હોય છે. યુનિવર્સિટીની લાયબ્રેરી સામે અને સ્કુલ ઓફ કોમર્સની પાસે આવેલ એચ.કે. સેન્ટરમાં યુનિવર્સિટીનો પત્રકારત્વ વિભાગ આવેલો છે. આ કોર્સમાં પ્રવેશ માટે પ્રવેશ પરીક્ષા આપવી પડે છે.

(૨) માસ્ટર ઓફ જર્નાલિઝમ સ્ટડીઝ MJSનો કોર્સ પણ એક વર્ષની મુદતનો છે. BCJP કર્યા પછી આગળ MJSમાં એડમિશન મળે છે. પત્રકારત્વમાં બેચરલ ડિગ્રી લીધેલ હોય તેમને MJSમાં એડમિશન મળે છે.

સંપર્ક સરનામું :

ગુજરાત યુનિવર્સિટી, નવરંગપુરા, અમદાવાદ – ૩૮૦૦૦૯.

ફોન નંબર (૦૭૯) ૨૬૩૦૧૩૪૧

ફેકસ નંબર (૦૭૯) ૨૬૩૦૨૬૫૪

વેબસાઈટ : www.gujaratuniversity.edu

● **ગુજરાત વિદ્યાપીઠ :-**

અમદાવાદમાં આશ્રમરોડ પર ઈન્કમટેક્ષ ચાર રસ્તા પર મહાત્મા ગાંધીએ સ્થાપેલી ગુજરાત વિદ્યાપીઠ આવેલી છે. ગુજરાત વિદ્યાપીઠમાં બે વર્ષની મુદતનો જર્નાલિઝમનો માસ્ટર ડીગ્રીનો કોર્સ ચાલે છે. કોઈપણ શાખામાં સ્નાતક થયેલા વિદ્યાર્થી અરજી ફોર્મ ભરી શકે છે. એડમિશન માટે પ્રવેશ પરીક્ષા આપવાની હોય છે. જાહેરાત મે-જૂનમાં આવે છે. રિટર્ન ટેસ્ટને મૌખિક ટેસ્ટ લઈ પછી મેરિટ

પ્રમાણે ભરતીની કાર્યવાહી થાય છે. કુલ ૩૨ સીટ છે. ફી ૩૦૦૩૦ પર સેમેસ્ટર છે. કુલ ચાર સેમેસ્ટરનો કોર્ષ છે. છાત્રાલયમાં રહેવાનું ફરજિયાત છે. છાત્રાલય રહેવા જમવાનો ₹ ૬૫૦૦ પર સેમેસ્ટર ખર્ચ છે.

ફોન નં. (૦૭૯) ૪૦૦૧૬૩૩૨, ફેક્સ નં. (૦૭૯) ૨૭૫૪૨૫૪૭, વેબસાઈટ :- www.gujaratvidyapith.org

ગુજરાત વિદ્યાપીઠ ખાતે જર્નાલિઝમ ક્ષેત્રે M.phil. ને P.hd. ડિગ્રી પણ થાય છે.

- **સર્વિસની તકો :**

ન્યૂઝ પેપર, મેગેઝીન, ન્યૂઝ ચેનલ, રેડિયો, પત્રિકા, પબ્લિક રિલેશન સરકારીને અર્ધ સરકારી સંસ્થામાં PRO તરીકે જઈ શકાય.

- **હીરામણિ ઈન્સ્ટિટયુટ ઓફ મીડિયા એજ્યુકેશન એન્ડ રિસર્ચ :**

સરનામું : નિરમા યુનિવર્સિટી સામે એસ.જી. હાઈવે, અમદાવાદ-૩૮૨૪૮૧

ફોન નંબર : (૦૨૭૧૭) ૨૪૨૫૦૫ – ૬૦૬

ફેક્સ નંબર : (૦૨૭૧૭) ૨૪૨૯૦૯

વેબસાઈટ : www.hiramanischools.org

ઈ-મેઈલ : enquiry.hiramanischools.org

મુદત : ૧ વર્ષ પી.જી. ડિપ્લોમાં ઈન માસ કોમ્યુનિકેશન

ગુજરાત યુનિવર્સિટી એપ્રુવ્ડ અભ્યાસક્રમ સમય : સવારે ૮ થી ૧૦-૩૦ ઉતાર ગુજરાત યુનિવર્સિટી ધ્વારા જર્નાલિઝમ માસ્ટર કોર્સમાં પ્રવેશ માટે માન્યતા

ફી : ૧ વર્ષ ની ₹ ૧૭,૫૦૦

સીટ : ૨૫ થી ૩૦. પ્રવેશ પરીક્ષા લઈ મેરિટનાં ધોરણે પ્રવેશ આપવામાં છે.

- **ભવન્સ કોલેજ :**

સરનામું : ભવન્સ એચ.બી.આઈ.સી.એમ. ભવન્સ કોલેજ કેમ્પસ, કામાહોટલ નજીક, ખાનપુર, અમદાવાદ-૦૧.

ફોન નંબર : (મો) ૯૭૨૭૨૭૨૭૨૪, (૦૭૯) ૨૫૬૦૧૯૪૯ ફેકસ નંબર : (૦૭૯) ૨૫૬૦૧૩૧૪

વેબસાઈટ : www.hbinatituteahd.com,

ઈમેઈલ : hbiahemad@gmail.com

મુદત : ૧ વર્ષનો કોર્ષ કોઈ પણ સ્નાતક પ્રવેશ પરીક્ષા ને મેરિટનાં ધોરણે પ્રવેશ.

સમય : સાંજે ૬-૩૦ થી ૮ સોમ થી શુક્ર

સીટ : ૧૦૦

ફી : ₹ ૨૮૦૦૦

ગુજરાતી / અંગ્રેજી માધ્યમમાં કોર્ષ ચાલે છે.

- **ગુજરાતના અન્ય સ્થળો :**

અમદાવાદ ઉપરાંત ગુજરાતના અન્ય શહેરોમાં જર્નાલિઝમના બેચરલ અને માસ્ટર ડિગ્રી કોર્સ ચાલે છે.

- **સૌરાષ્ટ્ર યુનિવર્સિટી :**

રાજકોટમાં આવેલ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પત્રકાર ભવનમાં જર્નાલિઝમનો બેચરલ અને માસ્ટર ડિગ્રી કોર્સ ચાલે છે. જર્નાલિઝમમાં પીએચ.ડી. કરવું હોય તો એ માટેની સગવડ પણ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં છે. ફોન નંબર (૦૨૮૧) ૨૫૭૮૫૦૧, વેબ સાઈટ :- www.saurashtra.uni.edu

- **હિરાણી કોલેજ રાજકોટ :**

રાજકોટમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ધ્વારા માન્ય એક વર્ષની મુદતનો જર્નાલિઝમનો બેચલર ડિગ્રી કોર્ષ અર્જુનલાલ હિરાણી કોલેજ ઓફ પરફોર્મિંગ આર્ટસમાં ચાલે છે. સાંજના સમયની કોલેજ છે.

- **ઉત્તર ગુજરાત યુનિવર્સિટી :**

પાટણમાં આવેલ ઉત્તર ગુજરાત યુનિવર્સિટીમાં જર્નાલિઝમમાં બેચલર અને માસ્ટર ડિગ્રી કોર્સ ચાલે છે. એડમિશનની જાહેરાત મે-જૂન માં આવે છે.

- **એમ.એસ.યુનિવર્સિટી વડોદરા :**

વડોદરામાં એમ.એસ.યુનિવર્સિટીમાં જર્નાલિઝમ ડિપાર્ટમેન્ટ દ્વારા જર્નાલિઝમનો માસ્ટર ડિગ્રી કોર્સ ચાલે છે. બે વર્ષની મુદતનો કોર્સ અંગ્રેજી માધ્યમમાં ચાલે છે. એની જાહેરાત મે-જૂન માં આવતી હોય છે. ફોન નંબર :- (૦૨૬૫) ૨૭૯૫૬૦૦, વેબસાઈટ : www.msub.edu

- **નર્મદ યુનિવર્સિટી સુરત :-**

સુરતમાં દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ધ્વારા જર્નાલિઝમ નો માસ્ટર ડિગ્રી કોર્સ ચાલે છે. ફોન નં. (૦૨૬૧) ૨૩૨૨૭૧૪૧, વેબસાઈટ : www.southgujaratuni.edu



- **અન્ય અભ્યાસક્રમો :**

ઈન્દિરા ગાંધી ઓપન યુનિવર્સિટીમાં પી.જી. ડિપ્લોમાં ઈન જર્નાલિઝમ એન્ડ માસ કોમ્યુનિકેશનનો એક વર્ષની મુદતનો કોર્સ ચાલે છે. બેચરલ ડિગ્રી પછી આ કોર્સ ઘેર બેઠા થઈ શકે છે.

ભાવનગરમાં ભાવનગર યુનિવર્સિટીમાં પણ જર્નાલિઝમ નો કોર્સ થઈ શકે છે.

- **ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ માસ કોમ્યુનિકેશન :**

સરનામું : રજિસ્ટ્રાર આઈ.આઈ. એમ.સી., અરૂણા અસરફઅલી, માર્ગ-નવી દિલ્હી.
ફોન નંબર : ૦૧૧-૨૬૭૪૧૦૬૨, ૨૬૭૪૧૦૭૩, ૨૬૭૪૧૩૫૨
ફેકસ નંબર : ૦૧૧-૨૬૭૪૨૪૬૨, ૨૬૭૪૧૨૬૮
વેબસાઈટ : www.iimc.gov.in
ઈ-મેલ : iimcadmissions2013@gmail.com
સમયગાળો : છ માસ. યોગ્યતા—કોઈપણ શાખામાં સ્નાતક.
બેઠકની સંખ્યા : ૨૫
ફી : ₹ ૧૫,૦૦૦
પ્રવેશ પરીક્ષાને મેરિટનાં ધોરણે પ્રવેશ.

- **(મુદ્રા ઈન્સ્ટિટ્યૂટ ઓફ કોમ્યુનિકેશન એન્ડ અમદાવાદ) માઈકા :**

અમદાવાદમાં થલતેજ ગામથી આગળ શેલા નામના ગામમાં મુદ્રા ઈન્સ્ટિટયૂટ ઓફ કોમ્યુનિકેશન અમદાવાદ નામની સુપ્રસિધ્ધ સંસ્થા આવેલી છે. જે (MICA) માઈકાના નામથી જાણીતી છે. આ કોલેજ કોમ્યુનિકેશનના અભ્યાસ માટે ભારતની અગ્રીમ કોલેજ છે. એડવર્ટાઈઝીંગ, મીડિયા, મેનેજમેન્ટ અને મીડિયા માર્કેટિંગના ફિલ્ડમાં લઈ જતો માઈકાનો પોસ્ટ ગ્રેજ્યુએશન કોર્સ બે વર્ષની મુદતનો ફુલટાઈમ કોર્સ છે. માઈકામાં એડમિશન માટે આઈ.આઈ.એમ.ની કોમન એડમિશન ટેસ્ટ (CAT) આપવાની હોય છે. કેટનું ફોર્મ ભર્યા પછી માઈકાનું ફોર્મ પણ ભરવાનું છે.

ફોન નંબર (૨૩૭૩૯૯૪૫-૫૧)
વેબસાઈ : www.mica.india.net

- **રાષ્ટ્રીય કક્ષાએ જર્નાલિઝમનો કોર્સ :**

ગોવા યુનિવર્સિટી સાથે સંલગ્ન પી.જી. ડિપ્લોમાં કોર્સ ઈન રેડિયો એન્ડ ટી.વી. નો નવ માસની મુદતનો એડવાન્સ ડિપ્લોમાં કોર્સ ચાલે છે.

મુંબઈમાં આવેલી નરસી મોનજી ઈન્સ્ટિટયૂટ ઓફ મેનેજમેન્ટ સ્ટડિઝ (NMIMS) યુનિવર્સિટીમાં બે વર્ષની મુદતનો ફુલ ટાઈમ એડવર્ટાઈઝીંગ એન્ડ કોમ્યુનિકેશન મેનેજમેન્ટનો કોર્સ ચાલે છે. પૂણેમાં આવેલ સિમ્બોઈસિસ ઈન્સ્ટિટયૂટ ઓફ માસ કોમ્યુનિકેશનમાં બે વર્ષનો માસ્ટર ડિગ્રી કોર્સ ચાલે છે. એડમિશન માટે એસ.એન.એ.પી. નામની પ્રવેશ પરીક્ષા આપવાની હોય છે.

વેબસાઈટ : www.nmis.edu નો સંપર્ક કરવો.

ઈ-મેઈલ : (1) nmis@nmis.edu (2) sibm@jiaspnousn.net

વેબસાઈટ : www.snaptest.org, www.mauipal.edu

- **ધોરણ -૧૨ પછીનો કોર્સ :**

જર્નાલિઝમ અને કોમ્યુનિકેશનના કોર્સ ગુજરાતમાં બેચરલ ડિગ્રી પછી ચાલે છે. ગુજરાત બહાર ઘણી યુનિવર્સિટીઓ અને કોલેજોમાં બારમાં ધોરણ પછી જર્નાલિઝમ અને કોમ્યુનિકેશનના ફુલ ટાઈમ બેચરલ ડિગ્રી કોર્સ ચાલે છે. કર્ણાટકના મનીપાલ શહેરમાં આવેલા મનીપાલ યુનિવર્સિટીમાં ચાલતો બી.એ. જર્નાલિઝમ એન્ડ કોમ્યુનિકેશન સ્ટડિઝનો કોર્સ ચાલે છે. જેમાં કોઈપણ વિષય સાથે ધોરણ-૧૨ પાસ કરનારને એડમિશન મળે છે. એડમિશન માટે એપ્રિલમાં એડમિશન ટેસ્ટ લેવામાં આવે છે. તેની જાહેરાત ફેબ્રુઆરીમાં આવતી હોય છે.

જર્નાલિઝમ અને કોમ્યુનિકેશનનું ફિલ્ડ ઘણું મોટું છે. ઈન્ટરનેટ જર્નાલિઝમ પણ ઝડપથી વિકાસ પામી રહ્યું છે. આ ફિલ્ડમાં સારી તકો છે. આમ તો કોઈપણ વ્યક્તિ આ ફિલ્ડમાં આવવા ઈચ્છા ધરાવે તો આવી શકે છે. પરંતુ જો તમને ખાસ રસ હોય, વાંચનનો શોખ હોય અને લેખનશક્તિ હોય તો સફળ થવાના ચાન્સ વધારે છે. સારી કોમ્યુનિકેશન આવડત - હિંમત અને નિડરતા હોય તો વધારે સારી સફળતા મળે છે.

ભારતમાં હિન્દી અને અંગ્રેજી ભાષામાં ટી.વી. ની નવી નવી ન્યૂઝ ચેનલો શરૂ થઈ છે. અને હજી નવી ન્યૂઝ ચેનલો આવી રહી છે. ગુજરાતી ભાષામાં પણ ન્યૂઝ ચેનલો છે. હોશિયાર અને યુવાન પત્રકારો ની આજે ટી.વી. ન્યૂઝ ચેનલોમાં ઘણી માંગ છે. એ જ રીતે અંગ્રેજી, હિન્દી અને ગુજરાતી ભાષામાં વર્તમાનપત્રો પણ વધી રહ્યા છે. સ્પોર્ટસ, કોમર્સ, ફિલ્મ, એન્ટરટેઈનમેન્ટ જેવા ખાસ વિભાગોમાં હોશિયાર આવશ્યકતા રહેલી હોય છે.

મદદનીશ,
વ્યવસાયી માર્ગદર્શન કચેરી,
સરકારી કન્યા શાળાના મકાનમાં,
રાયખડ, અમદાવાદ.

# ૩૫ અન્ય અભ્યાસક્રમો ઉપર એક નજર

- **ફૂટવેર ડિઝાઈન એન્ડ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટયૂટ : નોઈડા**

પગમાં પહેરવાના પગરખા પણ કારકિર્દીનો વિકલ્પ બની શકે છે. આજે મોર્ડન જમાનામાં પગરખા ફેશનેબલ બની ગયા છે. જૂતા સ્ટેટસ સિમ્બોલ બન્યાં છે. અહીં કારકિર્દી બનાવી શકાય છે.

(૧) **સ્નાતક કક્ષાના અભ્યાસક્રમો : (ચાર વર્ષ)**
- ફેશન ડિઝાઈન
- ફૂટવેર ડિઝાઈન, પ્રોડક્શન એન્ડ મેનેજમેન્ટ
- લેધર ગુડ્ઝ એન્ડ એસેસરીઝ ડિઝાઈન
- ફેશન મર્ચન્ડાઈઝ એન્ડ રીટેલ મેનેજમેન્ટ

(૨) **ઈન્ટિગ્રેટેડ અભ્યાસક્રમ : (સ્નાતક + અનુસ્નાતક) (પાંચ વર્ષ)**
- બિઝનેસ મેનેજમેન્ટ

(૩) **અનુસ્નાતક અભ્યાસક્રમ : (બે વર્ષ)**
- ફેશન મર્ચન્ડાઈઝ એન્ડ રિટેલ મેનેજમેન્ટ
- ફૂટવેર ડિઝાઈન, પ્રોડક્શન એન્ડ મેનેજમેન્ટ
- ક્રિએટીવ ડિઝાઈન એન્ડ CAD /CAM
- FDDIના નોઈડા ઉપરાંત રાયબરેલી, કોલકત્તા, ચેન્નાઈ, છિંદવાડા, ગુના, રોહતક અને જોધપુર ખાતે પણ કેમ્પસ આવેલાં છે.
- સંપર્ક સરનામું : FDDI, A -૧૦ /એ, સેક્ટર - ૨૪, નોઈડા (ઉ.પ્ર.)
- સંપર્ક નંબર : ૦૧૨૦-૪૫૦૦૧૫૨, ૧૮૦૦-૧૮૦-૩૬૬૮ (ટોલ ફ્રી)

  વેબસાઈટ : www.fddiindia.com

  ઈ-મેઈલ :.admission@fddiindia.com

- **પ્લેસમેન્ટ :**

અહીંથી કોર્સ કરનારા ઉમેદવારોનું ટાટા, રિલાયન્સ, કેલ્વિનકેન, FCUK, વિલ્સ લાઈફ સ્ટાઈલ, હાઈડિઝાઈન, કાલ્ટર્ન લંડન, ઝારા, બાટા ઈન્ડિયા, એડીદાસ, લેન્ડમાર્ક દુબઈ, પુના, ટોમી હીલફેગર, વુડલેન્ડ જેવી બ્રાંડમાં પ્લેસમેન્ટ થાય છે.

- **ડિઝાસ્ટર મેનેજમેન્ટ :**

ભારત સહિત વિશ્વભરમાં પૂરપ્રકોપ, વાવાઝોડું, ધરતીકંપ, સુનામી,જ્વાળામુખી વિસ્ફોટ જેવી કુદરતી આપત્તિઓ આવતી જ રહે છે. આ બધી આપદાઓ ઓચિંતી અને અણધારી આવી ચઢે છે. ઘણીવાર અગમચેતીરૂપે બચાવની તક મળતી હોય છે. આ બધા માટે ખાસ સુજ્જતતા ધરાવતા અને તાલીમબદ્ધ નિષ્ણાતોની જરૂર પડે છે. ડિઝાસ્ટર મેનેજમેન્ટમાં પડકારરૂપ કારકિર્દી બની શકે છે. ગુજરાતમાં આવેલા ૨૦૦૧ના ભયાનક ભૂકંપ બાદ ખાસ ડિઝાસ્ટર મેનેજમેન્ટ વિભાગ શરૂ કરવામાં આવ્યો છે. તેની આગવી ઈન્સ્ટિટયૂટ પણ ઊભી કરવામાં આવી છે.

- **કારકિર્દી તકો :**

ડિઝાસ્ટર મેનેજમેન્ટમાં પ્રોજેક્ટ ઓફિસર, ઈમરજન્સી રિસ્પોન્સ મેનેજર, ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓફિસર, સિક્યૂરીટી ઓફિસર, સોશિયલ સાયન્ટિસ્ટ, પેરા-મેડિકલ પ્રોફેશનલ જેવા હોદ્દાઓ ઉપર કારકિર્દી બનાવી શકાય છે. ઉપરાંત, નેશનલ ઈન્સ્ટિટયૂટ ઓફ ડિઝાસ્ટર મેનેજમેન્ટ, ઈન્ડિયન ઈન્સ્ટિટયૂટ ઓફ પબ્લિક એડમિનિસ્ટ્રેશન, SAARC ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેન્ટર, ઈન્ડિયન એગ્રિકલ્ચર રિસર્ચ ઈન્સ્ટિટયૂટ, ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી, ઈન્ડિયા મીટીયોરોલોજીકલ ડિપાર્ટમેન્ટ એન્ડ નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરીટી વગેરેમાં ડિઝાસ્ટર મેનેજમેન્ટના નિષ્ણાતોની સેવાની જરૂર પડે છે.

- **અભ્યાસક્રમો :**

(૧) પી.જી. ડિપ્લોમા ઈન ડિઝાસ્ટર મેનેજમેન્ટ

સંસ્થા : ઉત્તરાખંડ ઓપન યુનિ. ઉત્તરાખંડ, ઈગ્નૂ, સિમ્બોયોસીસ ઈન્સ્ટિટયૂટ ઓફ જીઓ ઈન્ફોર્મેટીક્સ- પુના, ડૉ. ભીમરાવ આંબેડકર યુનિ. આગ્રા.

(૨) એમ.બી.એ. ઈન ડિઝાસ્ટર મેનેજમેન્ટ

સંસ્થા : સંગમ યુનિ. - ભીલાવર

લાયકાત : સ્નાતક

વેબસાઈટ : www.uou.ac.in., www.ignou.ac.in., www.sig.ac.in., www.dbrau.ac.in, http//:www.sangamunivercity.ac.in

નવલી ક્ષિતિજ ને મન થનગને,
નવતર વાટે, ડગલું માંડવા
કલરવતાં ગીતો ગુંજે,
સાદ કરે આસમાન, પાંખો પસરાવીએ...

## ધોરણ-૧૦ પછી કારકિર્દીની તકો :

ધોરણ-૧૦ સુધીનો અભ્યાસ એટલે પાયાનું શિક્ષણ. કારકિર્દીના ઘડતર તરફનો પ્રથમ પડાવ. હવે પછી આગળ અભ્યાસ, સ્વરોજગારી કે પછી ઝડપથી રોજગારી આપતા વિવિધ પ્રકારના કોર્સ-તાલીમ કાર્યક્રમો જેવા માર્ગો અહીંથી ખુલે છે. આમ તો ધોરણ-૧૨ સુધીનો અભ્યાસ પૂર્ણ કરી આગળ વધવું વધુ સલાહભર્યું છે, તેમ છતાં ધોરણ-૧૦ પાસ કર્યા પછીની ઉપલબ્ધ તકો વિષે પણ જાણી લઈએ.

# આ વિભાગમાં જુઓ...


| | પા.નં. |
|---|---|
| • ધોરણ-૧૦ (S.S.C.) પછી કારકિર્દીની તકો | ૧૨૯ |
| • ધોરણ-૧૦ પછી મળતા એન્જિનિયરીંગ ડિપ્લોમા અભ્યાસક્રમ | ૧૩૮ |
| • આઈ.ટી.આઈ.ના પ્રોફેશનલ કોર્સિસ | ૧૪૦ |
| • એપ્રેન્ટિસ તાલીમ યોજના | ૧૫૦ |
| • કૌશલ્ય વર્ધન કેન્દ્રો | ૧૫૩ |
| • ઓવરસીઝ એમ્પ્લોયમેન્ટ એન્ડ કેરીયર ઈન્ફર્મેશન સેન્ટર | ૧૫૫ |
| • ફાયર ફાઈટીંગ | ૧૫૭ |
| • ગુજરાત નોલેજ સોસાયટીના ઉપયોગી અભ્યાસક્રમો | ૧૫૯ |
| • જેમ્સ – જવેલરી ક્ષેત્રે કારકિર્દી | ૧૬૩ |
| • સી-ડેકના અભ્યાસક્રમો | ૧૬૬ |
| • ધોરણ-૧૦ આધારિત ભરતીની તકો | ૧૬૮ |
| • અન્ય વિકલ્પો ઉપર એક નજર | ૧૭૧ |
| • મહત્ત્વની ટીટબીટ્સ | ૧૭૨ |

# ૧ ધોરણ-૧૦ (S.S.C.) પછી કારકિર્દીની તકો

*– રાજેન્દ્ર ઉપાધ્યાય*

ધોરણ-૧૦(S.S.C.) બાદ વિદ્યાર્થી પોતાની કારકિર્દીના ઉપલબ્ધ વિવિધ વિકલ્પો પૈકી કોઈ એક યોગ્ય વિકલ્પની પસંદ ગી કરે છે, કે જેનાથી તેનું કાર્યક્ષેત્ર (Field) નક્કી થાય છે. જેને તેની કારકિર્દીનો પ્રથમ તબક્કો ગણી શકાય.

નીચેના ચાર્ટ દ્વારા ધોરણ -૧૦ (SSC) બાદ ઉપલબ્ધ જાણીતા અને લોકપ્રિય વિકલ્પોની યાદી જોઈએ..

**ધોરણ -૧૦ (SSC) પછી પ્રાપ્ય કારકિર્દી વિષયક વિકલ્પો**

૧. **ધોરણ-૧૧-૧૨**
   - **વિજ્ઞાન પ્રવાહ (A, B, A-B ગ્રુપ)**
   - સામાન્ય પ્રવાહ (વાણિજ્ય, વિનયન)
   - વ્યવસાયલક્ષી પ્રવાહ
   - ઉત્તર બુનિયાદી પ્રવાહ
   - ગૃહ વિજ્ઞાન પ્રવાહ

૨. **ડિપ્લોમા એન્જિનિયરીંગ**
   - જુદા જુદા ૨૮ પ્રકારના અભ્યાસક્રમો

૩. **I.T.I. ના અભ્યાસક્રમો**
   ૧. NCVT પેટર્નના કુલ ૬૧ વ્યવસાયો અંગેના અભ્યાસક્રમો ઉપરાંત સેન્ટર ઓફ એક્સલન્સના ૪૨ વ્યવસાયો અંગેના અભ્યાસક્રમો
   ૨. GCVT પેટર્નના કુલ ૬૫ વ્યવસાયો અંગેના અભ્યાસક્રમો

૪. **અન્ય અભ્યાસક્રમો**
   ૧. ડ્રોઈંગ એન્ડ પેઈન્ટિંગ
   ૨. એપ્લાઈડ કોમર્શિયલ આર્ટ
   ૩. સ્કલ્પચર એન્ડ મોડેલિંગ
   ૪ IGTRના ૭ અભ્યાસક્રમો
   ૫. G.K.S.ના ૭૦થી વધુ અભ્યાસક્રમો
   ૬. કૃષિ પોલિટેકનિકના અભ્યાસક્રમો
      - ડિપ્લોમા કોર્સિસ
      - સર્ટિફિકેટ કોર્સિસ
   ૭. IGNOUના અભ્યાસક્રમો
   ૮. BAOUના અભ્યાસક્રમો
   ૯. ડી. ફાર્મ (આયુર્વેદ)
   ૧૦. હેલ્થ વર્કર (માત્ર બહેનો)
   ૧૧. આયુર્વેદ કમ્પાઉન્ડર

૫. **સ્પર્ધાત્મક પરીક્ષાઓ**
   ૧. CET બાદ મર્ચન્ટ નેવી
   ૨. સ્ટાફ સિલેક્શન કમિશન
   ૩. IAF
   ૪. ઈન્ડિયન નેવી
   ૫ ઈન્ડિયન આર્મી
   ૬. B.S.F.
   ૭. C.R.P.F.

ઉપરોક્ત અભ્યાસક્રમોનો એક પછી એક પરિચય મેળવીએ, તો.....

● **ધોરણ - ૧૧ અને ૧૨**

સામાન્ય રીતે કોઈપણ ક્ષેત્રમાં ડિગ્રી મેળવવા ઈચ્છૂકો માટે S.S.C. બાદ ધોરણ -૧૧-૧૨ એટલે કે હાયરસેકન્ડરી કરવાનો એક આદર્શ વિકલ્પ બને છે. તેમાં પણ ૫ પેટા વિકલ્પો શક્ય બને છે.

**૧. વિજ્ઞાન પ્રવાહ :** જેમાં 'A' ગૃપ (ગણિત), `B' ગૃપ (બાયોલોજી) તેમજ 'A-B' ગૃપ (સંયુક્ત)ના પેટા વિકલ્પો પ્રાપ્ય છે. મહદંશે મેડિકલ, પેરામેડિકલ, ફાર્મસી, ફિઝિયોથેરાપી જેવા ક્ષેત્રોમાં જવા ઈચ્છૂકો 'બાયોલોજી' વિષય ધરાવતું PCB ગૃપ એટલે કે `B' ગૃપ પસંદ કરે છે. જ્યારે વિવિધ પ્રકારના એન્જિનિયરીંગ, આર્કિટેક ક્ષેત્રોમાં જવા ઈચ્છૂકો 'ગણિત' વિષય ધરાવતું PCM ગૃપ એટલે કે 'A' ગૃપ પસંદ કરે છે. તે જ પ્રમાણે ગણિત અને બાયોલોજી એમ બન્ને વિષયો ધરાવતું ગૃપ PCMB કે મિશ્રગૃપ એટલે કે 'A + B' ગૃપ (સંયુક્ત) પસંદ કરનારાઓ માટે તમામ વિકલ્પો ખુલ્લા રહે છે. પણ તેનો અભ્યાસક્રમ વધી જતો હોવાથી, તેને પસંદ કરવાવાળા વિદ્યાર્થીઓની સંખ્યા નહિવત્ હોય છે.

**૨. સામાન્ય પ્રવાહ :** જેમાં મુખ્યત્વે બે પેટા વિકલ્પો (૧) વાણિજય પ્રવાહ (કોમર્સ) અને (૨) વિનયન પ્રવાહ (આર્ટસ) રહેલાં છે. મહદંશે C.A., C.S., M.B.A. કે પોતાનો અંગત ધંધો-વ્યવસાય કરવા ઈચ્છૂકો કોમર્સ સ્ટ્રીમ પસંદ કરે છે. કે જેમાં વિજ્ઞાન પ્રવાહ ગૃપ - A માટે ઉપલબ્ધ M.Sc. (I.T.) M.C.A. જેવા ઘણા અભ્યાસક્રમો પણ શક્ય છે. જ્યારે ભાષા, ફિલોસોફી, મનોવિજ્ઞાન જેવા ક્ષેત્રોમાં કારકિર્દી બનાવવા ઈચ્છૂકો આર્ટસ સ્ટ્રીમ પસંદ કરે છે.

**૩. વ્યવસાયલક્ષી પ્રવાહ :** જેમાં મુખ્યત્વે રોજગારલક્ષી વ્યવસાયોને અગ્રિમતા આપી, વિદ્યાર્થીઓમાં વ્યાવસાયિક



ક્ષમતા ઉભી કરવા માટે તે પ્રકારના વિષયો શીખવતી શાળાઓનો સમાવેશ થાય છે.

**૪. ઉત્તર બુનિયાદી પ્રવાહ :** આપણો કૃષિ પ્રધાન ભારત દેશ મુખ્યત્વે ગામડાંઓનો બનેલો છે. એવા સમયે ગ્રામીણ અર્થતંત્ર, સામાજિક વ્યવસ્થા, કૃષિ, ખાદી જેવા વિષયોનો અભ્યાસ કરી તેમાં કારકિર્દી બનાવવા ઈચ્છૂકો માટે આ એક આદર્શ અભ્યાસક્રમ સૂચવતો પ્રવાહ છે. આવા વિદ્યાર્થીઓ H.S.C. બાદ બેચલર ઓફ રૂરલ સ્ટડીઝ (B.R.S.)નો અભ્યાસક્રમ કરતા હોય છે. જોકે ઉત્તર બુનિયાદી પ્રવાહ સિવાય ધોરણ-૧૨ પાસ થયેલા વિદ્યાર્થીઓ માટે પણ B.R.S.નો વિકલ્પ ખૂલ્લો હોય છે.

**૫. ગૃહવિજ્ઞાન પ્રવાહ :** મોટેભાગે આદર્શ ગૃહિણી બનવા ઈચ્છૂક વિદ્યાર્થીનીઓ આ પ્રકારનો અભ્યાસક્રમ પસંદ કરતી હોય છે. જેમાં કલા તેમજ વિજ્ઞાનનું સમન્વય કરી ઘર અને સમાજનું યોગ્ય રીતે સંચાલન કઈ રીતે કરવું તે શીખવવામાં આવે છે.

● **ડિપ્લોમા એન્જિનિયરીંગ :**

**અભ્યાસક્રમોની સંખ્યા :** કુલ ૨૮ પ્રકારના અભ્યાસક્રમો. જેમાં માઈનિંગ એન્જિનિયરીંગનો અભ્યાસક્રમ ફક્ત પુરુષ ઉમેદવારો માટે અને કમ્પ્યૂટર એઈડેડ કોસ્ચ્યુમ ડિઝાઈન એન્ડ ડ્રેસ મેકિંગ તેમજ ટેક્ષટાઈલ ડિઝાઈન એમ બે અભ્યાસક્રમો સ્ત્રી ઉમેદવારો માટે અનામત છે.

**અભ્યાસક્રમની મુદત :** ૬ સેમેસ્ટર (૩ વર્ષ)નો પૂર્ણ સમયનો અભ્યાસક્રમ. જોકે પ્લાસ્ટિક એન્જિનિયરીંગ અને ફેબ્રિકેશન ટૅકનૉલૉજીનો અભ્યાસક્રમ ૮ સેમેસ્ટરનો છે. જેમાં ૨ સેમેસ્ટર ટ્રેનીંગનો સમાવેશ થાય છે. તે જ પ્રમાણે આર્કિટેક્ચર આસિસ્ટન્ટશીપનો અભ્યાસક્રમ ૭ સેમીસ્ટરનો છે, કે જેમાં ૧ સેમેસ્ટરની ટ્રેનિંગનો સમાવેશ થાય છે.

**પ્રવેશ લાયકાત :** ધોરણ-૧૦ S.S.C.ની પરીક્ષા ગણિત, વિજ્ઞાન અને અંગ્રેજી વિષયો સાથે પાસ.

**પ્રવેશ પાત્રતા :** S.S.C. બોર્ડની પરીક્ષામાં ગણિત, વિજ્ઞાન, અંગ્રેજી, ભાષા અને સમાજવિજ્ઞાન વિષયોના કુલ ૫૦૦ માર્કસમાંથી મેળવેલ માર્કસને આધારે બનેલા મેરિટ લીસ્ટ મુજબ પ્રવેશ. જો એકથી વધુ ઉમેદવારોના મેરિટ સરખાં થતા હોય, તો ગણિત, વિજ્ઞાન અને અંગ્રેજી વિષયમાં મેળવેલ ગુણ ક્રમશઃ સરખાવવામાં આવશે અને જો તે પણ સરખાં હોય, તો વધુ ઉંમર ધરાવતા ઉમેદવારને પ્રથમ પસંદગી આપવામાં આવશે.

ઉપરોક્ત માહિતી દર વર્ષ ફેરફારને પાત્ર હોઈ માહિતી પુસ્તિકા મેળવી લેવી.

**વધુ માહિતી માટે સંપર્ક :**

એડમિશન કમિટી ફોર પ્રોફેશનલ ડિપ્લોમા કોર્સિસ, એડમિશન બિલ્ડીંગ, સરકારી પોલીટેકનિક, પાંજરાપોળ પાસે, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫

અથવા

ગુજરાત ટેક્નૉલૉજી યુનિવર્સિટી - GTU, નવરંગપુરા, અમદાવાદ. હેલ્પલાઈન : (૦૭૯) ૨૬૮૫૫૪૪૪ વેબસાઈટ : www.cdacgujarat.org / www.gujacpc.nic.in અથવા acpdc.in

**અભ્યાસક્રમનું મહત્વ :** આ પ્રકારનો ડિપ્લોમા અભ્યાસક્રમ કર્યા બાદ ડિગ્રી એન્જિયિરીંગના બીજા વર્ષમાં સીધો પ્રવેશ મળે છે, પરંતુ તે માટે ડિપ્લોમા એન્જિનિયરીંગ સારી ટકાવારી સાથે પાસ થયેલા હોવું જરૂરી છે. આ અભ્યાસક્રમમાં સેલ્ફ ફાઈનાન્સ ખાનગી કોલેજો ખૂલી ગઈ હોવાથી નીચી ટકાવારી ધરાવનારાઓને પણ પ્રવેશ મળવાની શક્યતા રહે છે.

**ધોરણ :** ૧૧-૧૨માં પોતાની સારી ટકાવારી આવશે કે કેમ તેવી શંકા ધરાવનારાઓ માટે આ પ્રકારનો અભ્યાસક્રમ એક આદર્શ વિકલ્પ બની શકે છે. ભારત સરકારના માનવસંશાધન વિભાગ દ્વારા રાજ્યના ઉમેદવારોને તેમના સિવાયના રાજ્યોની પોલિટેકનિકમાં ૧૦ પ્રકારના અભ્યાસક્રમોમાં અમુક બેઠકો અનામત રાખવામાં આવે છે. વધુ માહિતી માટે સંપર્ક www.gtu.ac.in

**અભ્યાસક્રમ અંગે સાવચેતી :** જ્યારે એકથી વધુ પ્રકારના ડિપ્લોમા અભ્યાસક્રમોમાં પ્રવેશ મળી શકે તેમ હોય, ત્યારે પસંદગીનો ક્રમ અગાઉથી બનાવીને રાખવો. તેજ પ્રમાણે કોલેજોની પસંદગીનો ક્રમ પણ પહેલેથી જ તૈયાર રાખવો. અભ્યાસક્રમ તેમજ કોલેજની પસંદગીમાં મીઠી મુંઝવણ થાય, ત્યારે અનુભવીઓ, નિષ્ણાતો તેમજ સિનીયર વિદ્યાર્થીઓની મદદ લેવી. ધોરણ : ૧૧-૧૨ના ગણિત અને વિજ્ઞાનથી છૂટવા માટે ડિપ્લોમા કોર્સ પસંદ કરનારાઓ જાણી લે કે ડિપ્લોમા અભ્યાસક્રમમાં પણ ધોરણ : ૧૧-૧૨ના કક્ષાનું ગણિત અને વિજ્ઞાન ભણવાનું આવશે. સેલ્ફ ફાઈનાન્સ પોલિટેકનિક કોલેજો પૈકી પસંદગી કરવાની થાય, તો ત્યાંનું શૈક્ષણિક વાતાવરણ જાણીને પછી જ જે - તે કોલેજોને પસંદગીનો ક્રમાંક આપવો. એડમિશનમાં અનામતપ્રથાનો તેમજ ફીમાં સ્કોલરશીપનો લાભ લેવા માટે જરૂરી તમામ પ્રકારના સર્ટિફિકેટની નકલો તૈયાર રાખવી. ઓટોમોબાઈલ એન્જિનિયરીંગમાં કમાણી ખરી, પણ કપડા કાળા કરવાની તૈયારી હોવી જરૂરી છે. આજના સ્પર્ધાત્મક યુગમાં ડિપ્લોમા હોલ્ડરનું મૂલ્ય પ્રમાણમાં ઓછું હોવાથી ભવિષ્યમાં ડિગ્રી (D to D) એન્જિનિયરીંગ કરવાની માનસિક તૈયારી રાખવી. અદ્યતન માહિતી માટે ધોરણ : ૧૦ (S.S.C.) બોર્ડના પરિણામ બાદ જાણીતા વર્તમાનપત્રોમાં આવતી આ અભ્યાસક્રમ અંગેની જાહેરાત જોતા રહેવું.

● **I.T.I. કક્ષાના અભ્યાસક્રમો :**

આજના વૈજ્ઞાનિક તેમજ ટેકનિકલ યુગમાં તાલીમ પામેલા ટેકનિશિયનોની ડિમાન્ડ હોય, તે સ્વાભાવિક છે. આ પ્રકારની કારકિર્દી ઘડવા માટે Industrial Training Institute(I.T.I.)ના અભ્યાસક્રમો ઉપલબ્ધ છે. આ અભ્યાસક્રમોને મુખ્યત્વે બે પ્રકારમાં વહેંચી શકાય.

૧. N.C.V.T. પેટર્ન (નેશનલ કાઉન્સિલ ફોર વોકેશનલ ટ્રેનિંગ)ના રાષ્ટ્રીયકક્ષાના અભ્યાસક્રમો

૨. G.C.V.T.પેટર્ન (ગુજરાત કાઉન્સિલ ફોર વોકેશનલ ટ્રેનિંગ)ના રાજ્યકક્ષાના અભ્યાસક્રમો

ઉપરોક્ત અભ્યાસક્રમો પૈકી N.C.V.T. પેટર્નનો અભ્યાસક્રમ સફળતાપૂર્વક પાસ કરનારને નેશનલ ટ્રેડ સર્ટિફિકેટ અને G.C.V.T. પેટર્નનો અભ્યાસક્રમ સફળતાપૂર્વક પાસ કરનારને સ્ટેટ ટ્રેડ સર્ટિફિકેટ આપવામાં આવે છે.

ઉપરોક્ત અભ્યાસક્રમો ચલાવતી સંસ્થાઓને મુખ્યત્વે ચાર પ્રકારમાં વહેંચી શકાય.

૧. **સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ** (ગર્વમેન્ટ I.T.I. સેન્ટર્સ) : ગુજરાત રાજ્યમાં સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓની હાલની સંખ્યા આશરે ૨૦૦ જેટલી છે.



૨. **ગ્રાન્ટ-ઈન-એઈડ ઔદ્યોગિક તાલીમ કેન્દ્રો** (ગર્વમેન્ટ ગ્રાંટ ધરાવતા I.T.I. સેન્ટર્સ) : ગુજરાત રાજયમા ગ્રાન્ટ-ઈન-એઈડ ઔદ્યોગિક તાલીમ કેન્દ્રોની હાલની સંખ્યા આશરે ૧૩૫ જેટલી છે. અહીં ફીનું ધોરણ સરકારી I.T.I. કેન્દ્ર જેટલું જ હોય છે.

૩. **સેલ્ફ ફાઈનાન્સ ઔદ્યોગિક તાલીમ કેન્દ્રો** (ગર્વમેન્ટ ગ્રાન્ટ ન ધરાવતા પ્રાઈવેટ I.T.I. સેન્ટર્સ) : ગુજરાત રાજયમાં સેલ્ફ ફાઈનાન્સ ઔદ્યોગિક તાલીમ કેન્દ્રોની સંખ્યા આશરે ૩૧૫ જેટલી છે. આ સંસ્થાઓ સરકારી ગ્રાન્ટ લેતી ન હોવાથી અહીં ફીનું ધોરણ ઉપરોક્ત બન્ને સંસ્થાઓ કરતાં વધુ હોય છે, આમ છતાં નીતિ-નિયમો અને બંધારણ સરખું જ જોવા મળે છે.

૪. **સરકારી ટેકનિકલ હાઈસ્કૂલ :** ગુજરાત રાજયના મોટાભાગના શહેરો અને નગરોમાં આવેલી ટેકનિકલ હાઈસ્કૂલોમાં પણ I.T.I. કક્ષાના અભ્યાસક્રમો ચલાવવામાં આવે છે.

**અભ્યાસક્રમોની સંખ્યા :**

૧. N.C.V.T. પેટર્નના કુલ ૬૧ વ્યવસાયો અંગેના અભ્યાસક્રમો તેમજ સેન્ટર ઓફ એક્સલન્સના કુલ ૪૨ વ્યવસાયો અંગેના અભ્યાસક્રમો

૨. G.C.V.T. પેટર્નના કુલ ૬૫ વ્યવસાયો અંગેના અભ્યાસક્રમો

**અભ્યાસક્રમો માટે જરૂરી લાયકાત :**

૧. મોટાભાગના વ્યવસાયો માટે લઘુત્તમ લાયકાત ધોરણ - ૧૦ પાસની છે.

૨. કમ્પ્યૂટરને લગતા વ્યવસાયો માટે લઘુતમ લાયકાત ધોરણ -૧૨ પાસની છે.





૩. કેટલાંક વ્યવસાયો માટે લઘુતમ લાયકાત ધોરણ -૮ પાસની છે.

**વધુ માહિતી માટે સંપર્ક :** રોજગાર તાલીમ નિયામક કચેરી, ૧/૩, ડો. જીવરાજ મહેતા ભવન, સેકટર-૧૦, ગાંધીનગર-૩૮૨૦૧૦ વેબસાઈટ : www.talimrojgar.org, www.itiadmission.guj.nic.in ફોન : ટોલ ફ્રી નંબર : ૧૮૦૦-૨૩૩-૫૫૦૦

● **અન્ય અભ્યાસક્રમો :**

૧. ડિપ્લોમા ઈન ડ્રોઈંગ એન્ડ પેઈન્ટિંગ

૨. ડિપ્લોમા ઈન એપ્લાઈડ / કોમર્શિયલ આર્ટ

૩. ડિપ્લોમા ઈન સ્કલ્પચર એન્ડ મોડલિંગ

ઉપરોક્ત ત્રણેય અભ્યાસક્રમ માટે લઘુતમ લાયકાત : S.S.C.ની પરીક્ષા ચિત્ર વિષય સાથે પાસ.

**અભ્યાસક્રમની મુદત : ૫ વર્ષ**

**અભ્યાસક્રમ ચલાવતી સંસ્થાઓ :**

૧. શેઠ સી.એન. કોલેજ ઓફ ફાઈન આર્ટસ, આંબાવાડી, અમદાવાદ. વેબસાઈટ : www.cnvidyalay.org.

૨. કલા કેન્દ્ર કોલેજ ઓફ ફાઈન આર્ટસ, વલ્લભવિદ્યાનગર, જિ. આણંદ

૩. શ્રીજી કોલેજ ઓફ ફાઈન આર્ટસ, રાજપીપળા, જિ. નર્મદા

૪. વિકાસ કલાનિકેતન કોલેજ ઓફ ફાઈન આર્ટ્સ, ભરૂચ.

૫. બી.એ. મહેતા કલા મહાવિદ્યાલય, અમલસાડ, જિ. વલસાડ.

૬. આર.ટી.ફાઈન આર્ટ ઈન્સ્ટિટયૂટ, નાગરોલ, જિ. વલસાડ.

૭. પ્રિયદર્શિની કલા મહાવિદ્યાલય, માંડવી, જિ. સુરત

૮. ધી ન્યૂ પ્રોગેસિવ આર્ટ ટીચર્સ ટ્રેનિંગ કોલેજ, મહેસાણા

૯. શ્રીમતી એન.એમ.શાહ આર્ટ ટીચર્સ ટ્રેનિંગ કોલેજ, વઢવાણ, જિ. સુરેન્દ્રનગર

૧૦. શ્રીમતી આર.વી. શાહ કોલેજ ઓફ ફાઈન આર્ટસ, ધોળકા, જિ. અમદાવાદ

● I.G.T.R. **(ઈન્ડો-જર્મન ટૂલ રૂમ)ના ૭ અભ્યાસક્રમો :**

**અભ્યાસક્રમ :** CAD / CAM / CNC / ડાઈમેકિંગ / ટૂલ ડિઝાઈન

**અભ્યાસક્રમની મુદત :** ૩ માસથી શરૂ કરીને ૪ વર્ષ સુધીના પાર્ટ તેમજ ફુલ ટાઈમ

**લઘુતમ લાયકાત :** ધોરણ ૧૦ (S.S.C.) ગણિત, વિજ્ઞાન અને અંગ્રેજી વિષયો સાથે પાસ.

**પ્રવેશપાત્રતા :** ટેકનિકલ ડિપ્લોમા ધરાવનારાઓ તેમજ અનુભવીને પહેલી પસંદગી.

**અભ્યાસક્રમની વિશેષતા :** આ અભ્યાસક્રમ ભારત સરકારના લઘુ ઉદ્યોગ મંત્રાલય દ્વારા પ્રમાણિત છે.

**અભ્યાસક્રમ ચલાવતી સંસ્થાઓ :**

૧. ઈન્ડો-જર્મન ટુલ રૂમ, પ્લોટ નંબર - ૫૦૦૩, ફેઝ -૪, G.I.D.C.,વટવા, અમદાવાદ-૩૮૨૪૪૫

૨. ઈન્ડો-જર્મન ટુલ રૂમ, અમૃતા એસ્ટેટ, રેસકોર્સ, રાજકોટ.

● **G.K.S. (ગુજરાત નોલેજ સોસાયટી)ના ૭૦થી વધુ અભ્યાસક્રમો :**

I.T.ક્ષેત્રના ૩૦થી વધુ અને Non I.T. ક્ષેત્રના ૪૫થી વધુ અભ્યાસક્રમો જેમાં કમ્પ્યુટર બેઝિક્સથી શરૂ કરીને D.T.P., ઓટોકેડ, C++, જાવા, ટેલી, વેબપેજ ડિઝાઈનીંગ, એડમિનિસ્ટ્રેશન, કોર્પોરેટ મેનર્સ, કમ્યુનિકેશન સ્કિલ્સ, હેલ્થકેર વગેરેનો સમાવેશ થાય છે.

**અભ્યાસક્રમની મુદત :** ૨૪ કલાકથી શરૂ કરીને ૨૨૫ કલાકની ટૂંકાગાળાની મુદત

**અભ્યાસક્રમની વિશેષતા :** ૧. આ અભ્યાસક્રમની ફી બજારભાવની સરખામણીમાં ઘણી જ ઓછી છે.

૨. અભ્યાસક્રમ બાદ યોજાતા ભરતીમેળામાં રોજગારી મળવાની શક્યતા રહે છે.

**વધુ માહિતી માટે સંપર્ક :** G.K.S. - ગુજરાત નોલેજ સોસાયટી, કમિશનરેટ ઓફ સ્કૂલ્સ, બ્લોક નં.-૯, પહેલો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

**વેબસાઈટ :** www.gksgujarat.org

● **કૃષિ પોલિટેકનિકના અભ્યાસક્રમો :**

**- ડિપ્લોમા અભ્યાસક્રમો :**

**૧. અભ્યાસક્રમનું નામ :** ડિપ્લોમા ઈન એગ્રિકલ્ચર

**પ્રવેશ લાયકાત :** ધોરણ ૧૦ પાસ, ખેતીવાડીના વિષય ધરાવનારને પ્રથમ પસંદગી.

**અભ્યાસક્રમની મુદત :** ૨ વર્ષ (ત્યારબાદ ડિગ્રી અભ્યાસક્રમમાં પ્રવેશ મળે છે.)

**૨. અભ્યાસક્રમનું નામ :** લાઈવ સ્ટોક ઈન્સ્પેક્ટર / પશુ નિરીક્ષક

**લઘુતમ લાયકાત :** ધોરણ : ૧૦ (S.S.C.) અંગ્રેજી વિષય સાથે પાસ

**પ્રવેશ પાત્રતા :** ખેડૂત પુત્રના ૫ ટકા વધુ ગણવામાં આવે છે.

**અભ્યાસક્રમની મુદત :** ૧ વર્ષ

**૩. અભ્યાસક્રમનું નામ :** ડિપ્લોમા ઈન હોમસાયન્સ ટ્રેનીંગ

**પ્રવેશ લાયકાત :** ધોરણ ૧૦ (S.S.C.) પાસ

**અભ્યાસક્રમની મુદત :** ૨ વર્ષ

**૪. અભ્યાસક્રમનું નામ :** બાગાયત ડિપ્લોમા

**પ્રવેશ લાયકાત :** ધોરણ -૧૦(S.S.C.) પાસ

**અભ્યાસક્રમની મુદત :** ૨ વર્ષ

● **સર્ટિફિકેટ અભ્યાસક્રમો :**

૧. **બેકરી તાલીમ :** ૨૦ અઠવાડિયાનો, વર્ષમાં બે વાર ચાલતો અભ્યાસક્રમ

૨. **સેન્દ્રિય ખેતી, બિયારણનું ઉત્પાદન, ઘાસચારો, કૃત્રિમ બીજદાન :** ૧૦ આઠવાડિયાનો અભ્યાસક્રમ

૩. **મરઘા ઉછેર :** ૧૦ આઠવાડિયાનો અભ્યાસક્રમ

૪. **ગ્રામીણ કારીગર તાલીમ :** ૯ માસનો અભ્યાસક્રમ

૫. **બેંકિંગ ટૅકનૉલૉજી :** ૨૦ અઠવાડિયાનો અભ્યાસક્રમ

૬ **માળી તાલીમ :** ૬ માસનો અભ્યાસક્રમ

**- અભ્યાસક્રમ ચલાવતી સંસ્થાઓ :**

૧. કામધેનુ યુનિવર્સિટી, કૃષિ ભવન, સેક્ટર-૧૦/એ, ગાંધીનગર.

૨. સરદાર પટેલ કૃષિ યુનિવર્સિટી, દાંતીવાડા



૩. આણંદ કૃષિ યુનિવર્સિટી
૪. જુનાગઢ કૃષિ યુનિવર્સિટી
૫. નવસારી કૃષિ યુનિવર્સિટી
૬. છારોડી, ભરૂચ, જગુદણ, ધારી, દાહોદ, હળવદ, ખેડબ્રહ્મા, વડોદરા, ડીસા, વ્યારા, ડાંગમાં આવેલાં કૃષિ વિદ્યાલયો. - વેબસાઈટ : www.gsauca.in
૭. IGNOU(ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી)ના અભ્યાસક્રમો : અભ્યાસક્રમો માટેની માહિતી માટે સંપર્ક : IGNOU, S.G. હાઈ-વે, છારોડી, અમદાવાદ-૩૮૨૪૮૧ વેબસાઈટ : www.ignou.ac.in અથવા www.ignou.gujarat.org
૮. BAOU (બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી)ના અભ્યાસક્રમો : અભ્યાસક્રમોની માહિતી માટે સંપર્ક : આર.સી. ટેકનિકલ કેમ્પસ, ગાંધીનગર હાઈ-વે, અમદાવાદ-૩૮૦૦૬૦ વેબસાઈટ : www.baou.org
૯. ડી.ફાર્મસી (આયુર્વેદ) : અભ્યાસક્રમનું નામ : ડિપ્લોમા ઈન આયુર્વેદ ફાર્મસી
અભ્યાસક્રમની મુદત : ૨ વર્ષ
અભ્યાસક્રમ ચલાવતી સંસ્થા : IAPS(ઈન્સ્ટિટયૂટ ઓફ ફાર્માસ્યુટિકલ સાયન્સ, સી/ઓ, ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી, એ.કે. જમાલ બિલ્ડીંગ, ગુરુનાનક રોડ, જામનગર -૮. વેબસાઈટ - www.ayurveduniversity.com
૧૦. હેલ્થ વર્કર (માત્ર બહેનો) :
અભ્યાસક્રમનું નામ : ફિમેલ હેલ્થ વર્કર (ANM કક્ષાનો અભ્યાસક્રમ)
અભ્યાસક્રમની મુદત : ૧૮ માસ(દોઢ વર્ષ)
પ્રવેશ પાત્રતા : ૨૫ થી ૩૫ વર્ષની બહેનો માટે જ અનામત
વધુ માહિતી માટે સંપર્ક : ૧. રાજ્યની આરોગ્ય સંસ્થાન, સિવિલ હોસ્પિટલ, સેક્ટર-૧૨, ગાંધીનગર ૨. દરેક જિલ્લાના મુખ્ય આરોગ્ય અધિકારી, જિલ્લા પંચાયત.




૧૧. આયુર્વેદ કમ્પાઉન્ડર :
લઘુતમ લાયકાત : ધોરણ : ૧૦ (S.S.C.) સંસ્કૃત વિષય સાથે પાસ. પ્રવેશ પાત્રતા : ૧૬થી ૨૩ વર્ષ
અભ્યાસક્રમની મુદત : ૧ વર્ષ અભ્યાસક્રમ ચલાવતી સંસ્થા : સરકારી આયુર્વેદ મહાવિદ્યાલય, આજવા રોડ, વડોદરા.

- **સ્પર્ધાત્મક પરિક્ષાઓ :**

**૧. મર્ચન્ટ નેવી માટે CET :**

શું આપ દરિયામાં સતત ફરતા કાર્ગોશીપ કે પેસેન્જરશીપમાં ફરવા સાથે કારકિર્દી બનાવવા ઈચ્છૂક છો ? તો મર્ચન્ટ નેવીના ૬ માસના જનરલ પર્પઝ રેટિંગ અભ્યાસક્રમમાં આપનું સ્વાગત છે. પણ તે માટે આપે કોમન એન્ટ્રસ ટેસ્ટ (C.E.T.) સપ્ટેમ્બર ૨૦૧૪માં (વર્ષમાં બે વાર) બોર્ડ ઓફ એક્ઝામિનેશન ફોર સિફેરર્સ ટ્રસ્ટ, મુંબઈ દ્વારા યોજાનાર છે, તે પાસ કરવી જ રહી.

**લઘુતમ લાયકાત :** ધોરણ : ૧૦ (S.S.C.) ગણિત, વિજ્ઞાન અને અંગ્રેજીના વિષયો સાથે લઘુતમ ૪૦ ટકા સાથે પાસ. (જેમાં અંગ્રેજી વિષયમાં લઘુતમ ૪૦ ગુણ હોવા જરૂરી છે.) ઉપરાંત એન્જિનિયરીંગ ટ્રેડનો બે વર્ષનો I.T.I. કોર્સ. ૫૦ ટકા સાથે પાસ કરેલો હોય તો તે ઈચ્છનીય છે.

**અભ્યાસક્રમની મુદત :** ૬ માસ અભ્યાસક્રમની શરૂઆત : દર વર્ષે જાન્યુઆરી અને જુલાઈ માસમાં.

શારીરિક ક્ષમતા : ચશ્મા વિના ૬/૬ની દષ્ટિ, સામાન્ય રંગ પરખ દષ્ટિ, મજબૂત બાંધો, બોલવામાં સ્પષ્ટતા

**વયમર્યાદા :** ૧લી જાન્યુઆરીના રોજ ૧૭ વર્ષ ૬ માસથી ૨૫ વર્ષ (જાન્યુઆરીના અભ્યાસક્રમ માટે)

૧લી જુલાઈના રોજ ૧૭ વર્ષ ૬ માસથી ૨૫ વર્ષ (જુલાઈના અભ્યાસક્રમ માટે)

**સ્પર્ધાત્મક પરીક્ષાનું સ્વરૂપ :** લેખિત પરીક્ષા : ગણિત, વિજ્ઞાન અને અંગ્રેજી એમ ત્રણ ભાગમાં. દરેક વિભાગ ૫૦ ગુણનો જેમાં ૨૦ ગુણનું પાસીંગ ધોરણ રહેશે.

ભાગ : ૧ અંગ્રેજીમાં વ્યાકરણ, શબ્દ ભંડોળ, ગદ્ય-પદ્ય સમીક્ષા ધોરણ : ૧૦ની ક્ષમતાને આધારે. સમય મર્યાદા : ૧.૩૦ કલાક

ભાગ : ૨ વિજ્ઞાન (ભૌતિક અને રસાયણ વિજ્ઞાનના બહુવિકલ્પ પ્રશ્નો) સમય મર્યાદા : ૧.૩૦ કલાક

ભાગ : ૩ ગણિત (ભૂમિતી, બિજગણિત, અંકગણિત, સાદી ત્રિકોણમિતી) સમય મર્યાદા : ૧.૩૦ કલાક

**મૌખિક પરીક્ષા :** અંગ્રેજી ફકરાઓના વાંચન દ્વારા ઉચ્ચારોની સ્પષ્ટતાની ચકાસણી.

**શારીરિક પરીક્ષા :** શારીરિક ક્ષમતાની ચકાસણી

**વધુ માહિતી માટે સંપર્ક :** C.E.T.,૪૦૩ /૪૦૪, ગ્રેટ ઈસ્ટર્ન ગેલેરિયા, પ્લોટ નં. ૨૦, સેક્ટર-૪, નેરુલ, નવી મુંબઈ-૪૦૦૭૦૬. વેબસાઈટ : www.seafarers.edu.in

**અભ્યાસક્રમની વિશેષતા :** આ અભ્યાસક્રમ સમગ્ર ભારતમાં ૩૦થી વધુ સંસ્થાઓમાં ૨,૫૦૦થી વધુ બેઠકો ધરાવે છે.

**અભ્યાસક્રમની મર્યાદા :** અભ્યાસક્રમની ફી રૂ. ૮૦,૦૦૦થી શરૂ કરીને રૂ. ૨,૫૦,૦૦૦ જેટલી વધુ હોવાથી, આ અભ્યાસક્રમ પ્રમાણમાં ખર્ચાળ છે.

**૨. સ્ટાફ સિલેક્શન કમિશનની મલ્ટિ ટાસ્ક કમ્બાઈન્ડ એકઝામ (મેટ્રિક લેવલ)**

શું આપ કેન્દ્ર સરકારના વર્ગ-૩ કક્ષાના કર્મચારી બનવા માંગો છો ? શું આપ કેન્દ્ર સરકારની ઓફિસોમાં ક્લાર્ક કે સ્ટેનોગ્રાફર બનવા ઈચ્છૂક છો ? તો ધોરણ : ૧૦ (S.S.C.)નાં પરિણામ બાદ જાણીતા વર્તમાનપત્રોમાં આવતી સ્ટાફ સિલેક્શન કમિશનની મલ્ટિ ટાસ્ક એકઝામની જાહેરાત જોતા રહો. જે માટેની સ્પર્ધાત્મક પરીક્ષાની વિગતો નીચે જણાવેલ છે.

**લઘુતમ લાયકાત :** ધોરણ : ૧૦(S.S.C.) પાસ

વય મર્યાદા : ૧૮થી ૨૫ વર્ષ (S.C./S.T. ઉમેદવારોને ૫ વર્ષની અને O.B.C. ઉમેદવારોને ૩ વર્ષની છૂટ)

**સ્પર્ધાત્મક પરિણામની રૂપરેખા :** મુખ્ય બે લેખિત પરિક્ષાઓ

**૧. પ્રિલિમિનરી અને ૨ ફાઈનલ**

પ્રિલિમિનરી પરીક્ષા બે ભાગમાં ૧. જનરલ ઈન્ટેલિજન્સ અને ૨. જનરલ અવેરનેસ

**કુલ ગુણ :** ૨૦૦ (બન્ને ભાગના ૧૦૦-૧૦૦ ગુણ), સમય મર્યાદા : ૨ કલાક

વધુ માહિતી માટે સંપર્ક : પ્રતિષ્ઠા ભવન, જુનું C.G.O.,બિલ્ડીંગ, M.K. માર્ગ, મુંબઈ - ૪૦૦૦૨૦. વેબસાઈટ : www.ssc.nic.in

3\. I.A.F. **(ઈન્ડિયન એરફોર્સ)ની સ્પર્ધાત્મક પરીક્ષાઓ**

**(૧) એરમેન ટેકનિકલ ટ્રેડ :**

**લઘુતમ લાયકાત :** ધોરણ ૧૦ (S.S.C.) ગણિત, વિજ્ઞાન અને અંગ્રેજી વિષયો સાથે લઘુતમ ૬૦% સાથે પાસ.

**વયમર્યાદા :** ૧૬થી ૨૦ વર્ષના અપરીણિત ભારતીય પુરુષો

**શારીરિક ક્ષમતા :** લઘુતમ ઊંચાઈ : ૧૫૨.૫ સેમી. છાતીની પહોળાઈ લઘુતમ ૭૫ સેમી. વજન, ઊંચાઈના પ્રમાણમાં યોગ્ય હોવું આવશ્યક છે.

**સ્પર્ધાત્મક પરીક્ષાનું સ્વરૂપ :** ગણિત, વિજ્ઞાન, અંગ્રેજી અને ઈન્ટેલિજન્સ એન્ડ જનરલ અવેરનેસ એમ ૪ લેખિત વિષયોની પરીક્ષા. દરેક વિષયોના પ્રશ્નપત્રો બહુવિકલ્પ પ્રકારના હેતુલક્ષી રહેશે. લેખિત પરીક્ષાના દિવસે જ તેનું પરિણામ અને દરેક પ્રશ્નપત્રમાં પાસ થવું જરૂરી. લેખિત પરિક્ષા પાસ કરનાર ઉમેદવારોનો ટ્રેડ એલોકેશન ટેસ્ટ લેવામાં આવશે.

**૨. એરમેન ઈન ડ્રાઈવર મિકેનિકલ ટ્રાન્સપોર્ટ (M.T.D.) ટ્રેડ :-**

**લઘુતમ લાયકાત :** ધોરણ ૧૦(SSC) અંગ્રેજી વિષય સાથે લઘુતમ ૪૫ % સાથે પાસ.

**વયમર્યાદા :** ૧૬થી ૧૯ વર્ષના અપરીણિત ભારતીય પુરુષો

**શારીરિક ક્ષમતા :** લઘુતમ ઊંચાઈ : ૧૬૫ સેમી. છાતીની પહોળાઈ : લઘુતમ ૭૫ સેમી., વજન - ઊંચાઈના પ્રમાણમાં યોગ્ય હોવું આવશ્યક છે.

**સ્પર્ધાત્મક પરીક્ષાનું સ્વરૂપ :** અંગ્રેજી અને ઈન્ટેલિજન્સ જનરલ અવેરનેસ એમ ૨ વિષયોની લેખિત પરીક્ષા

- બન્ને વિષયોના પ્રશ્નપત્રો બહુવિકલ્પ પ્રકારના હેતુલક્ષી રહેશે. લેખિત પરીક્ષાના દિવસે જ તેનું પરિણામ અને બન્ને વિષયોમાં પાસ થવું જરૂરી. લેખિત પરીક્ષામાં પાસ થનારાઓની બીજે દિવસે મેડિકલ અને ફિઝીકલ ફિટનેસની ચકાસણી કરાશે.

**વધુ માહિતી માટે સંપર્ક :**

૧. એરમેન ભરતી કાર્યાલય, I.A.F. હેડ ક્વાટર્સ, સેકટર - ૯, ગાંધીનગર.

૨. એરમેન ભરતી કાર્યાલય, આર્મી હેડક્વાટર્સ, ફતેહગંજ, વડોદરા.

વેબસાઈટ : www.careerindianairforce.nic.in

**૪. ઈન્ડિયન નેવીની સ્પર્ધાત્મક પરીક્ષાઓ :**

**૧. સેઈલર / નાવિક :**

**લઘુતમ લાયકાત :** ધોરણ : ૧૦ (S.S.C.) ગણિત, વિજ્ઞાનના વિષયો સાથે લઘુતમ ૫૫ % સાથે પાસ.

**વયમર્યાદા :** ૧૬થી ૧૯ વર્ષના અપરણિત ભારતીય પુરુષો

**શારીરિક ક્ષમતા :** લઘુતમ ઊંચાઈ ૧૫૭ સેમી. વજન - ઊંચાઈના પ્રમાણમાં જરૂરી

**સ્પર્ધાત્મક પરીક્ષાનું સ્વરૂપ :** ગણિત, વિજ્ઞાન, અંગ્રેજી તેમજ સામાન્ય જ્ઞાન એમ ૪ લેખિત પરીક્ષા. ૭ મિનિટમાં ૧ માઈલની દોડ, ૨૦ બેઠક-ઉઠક તેમજ ૧૦ પુલ અપ્સની શારીરિક તંદુરસ્તી પરીક્ષા (P.F.T. ફીઝીકલ ફિટનેસ ટેસ્ટ) લેખિત પરીક્ષાના દિવસે જ તેનું પરિણામ અને પાસ થનારાઓની P.F.T.લેવાશે. P.F.T. પાસ કરનારાઓની મેરિટ લિસ્ટને આધારે પસંદગી. પસંદગી પામનારાઓને ૨૪ અઠવાડિયાની બેઝિક ટ્રેનિંગ અને ત્યારબાદ નિમણૂંક.

**૨. ડોકયાર્ડ એપ્રેન્ટિસીસ :**

**લઘુતમ લાયકાત :** ધોરણ : ૧૦ (S.S.C.) વિજ્ઞાન વિષય સાથે પાસ

**વય મર્યાદા :** ૧૪થી ૧૯ વર્ષના અપરણિત ભારતીય પુરુષો

**સ્પર્ધાત્મક પરીક્ષાનું સ્વરૂપ :** ગણિત અને સામાન્ય જ્ઞાન એમ બે વિષયોની લેખીત પરીક્ષા. બન્ને વિષયોના ૧૦૦-૧૦૦ ગુણ એમ કુલ ૨૦૦ ગુણ. મેરિટ લીસ્ટને આધારે પસંદ થયેલાઓને ત્રણ વર્ષની ટ્રેનીંગ

**૩. મેટ્રિક એન્ટ્રી રિક્રૂટ્સ (M.E.R.)**

**લઘુતમ લાયકાત :** ધોરણ : ૧૦ (S.S.C.) ગણિત અને વિજ્ઞાનના વિષયો સાથે લઘુતમ ૫૫ % સાથે પાસ.

**વય મર્યાદા :** ૧૬થી ૧૯ વર્ષના અપરીણિત ભારતીય પુરુષો

**શારીરિક ક્ષમતા :** લઘુતમ ઊંચાઈ ૧૫૭ સેમી. વજન-ઊંચાઈના પ્રમાણમાં યોગ્ય હોવુ આવશ્યક.

**સ્પર્ધાત્મક પરીક્ષાનું સ્વરૂપ :** બહુવિકલ્પ પ્રકારના પ્રશ્નો ધરાવતી લેખિત પરીક્ષા, ૭ મિનિટમાં ૧.૬ કિમી.ની દોડ, ૨૦ ઉઠક-બેઠક તેમજ ૧૦ પુલ અપ્સની શારીરિક તંદુરસ્તી પરીક્ષા (P.F.T. ફિઝિકલ ફિટનેસ ટેસ્ટ), લેખિત પરીક્ષાના દિવસે જ તેનું પરિણામ અને પાસ થનારાઓની P.F.T. લેવાશે. P.F.T. પાસ કરનારાઓની મેરિટ લિસ્ટને આધારે પસંદગી.

**વધુ માહિતી માટે સંપર્ક :**

૧. DDMPR(RR) નેવલ હેડક્વાટર્સ, સેના ભવન, ન્યૂ દિલ્હી - ૧૧૦૦૧૧.

૨. Indian Navy, C/o. INS VALSURA, જામનગર - ૩૬૧૦૦૧

વેબસાઈટ : www.navisenabharati.mil.in

**૫. ઈન્ડિયન આર્મી :**

(૧) સોલ્જર જનરલ ડ્યૂટી (૨) સોલ્જર ટેકનિકલ



(૩) નર્સિંગ આસિસ્ટન્ટ

**લઘુતમ લાયકાત :** ધોરણ : ૧૦ (S.S.C.) ગણિત, વિજ્ઞાન અને અંગ્રેજી વિષયો સાથે પાસ.

**વયમર્યાદા :** ૧૭ થી ૨૩ વર્ષના અપરીણિત પુરુષો

**શારીરિક ક્ષમતા :** લઘુતમ ઊંચાઈ ૧૬૭ સેમી. છાતી ૭૭થી ૮૨ સેમી. (૫ સેમી. ફુલવી જરૂરી), લઘુતમ વજન ૫૦ કિ.ગ્રા, લાલ અને લીલા રંગની ભેદપરખ કરતી દૃષ્ટિ.

**સ્પર્ધાત્મક પરીક્ષાનું સ્વરૂપ :**

લેખિત પરીક્ષાના બે પ્રશ્નપત્રો (૧) ગણિત અને (૨) વિજ્ઞાન

- પ્રથમ પ્રશ્નપત્રમાં અંકગણિત, બીજગણિત તેમજ સામાન્ય જ્ઞાનના પ્રશ્નો હોય છે.
- બીજા પ્રશ્નપત્રમાં ધોરણ : ૧૦ની કક્ષાના વિજ્ઞાનના પ્રશ્નો હોય છે.
- ૧૦૦ માર્કસનાં પ્રશ્નપત્રમાં પાસીંગ ધોરણ લઘુતમ ૪૦ % હોય છે.
- શારીરિક પરીક્ષામાં (૧) ૧ માઈલ દોડ ૫ મિનિટ અને ૪૦ સેકન્ડથી ઓછા સમયમાં પૂર્ણ કરવામાં આવે તો ૬૦ માર્કસ અને ૬ મિનિટ અને ૧૦ સેકન્ડમાં પૂર્ણ થાય તો ૨૪ માર્ક્સ મળે છે.

(૨) લઘુતમ ૬ પુલ-અપ્સ અને ૧૦થી વધુના ૧૬ માર્કસ મળે છે.

(૩) ૧૨ ફૂટ સમતુલા (૪) ૯ ફૂટ ઊંડી ખાઈ કૂદ, (૩) અને (૪) પરીક્ષાઓમાં માત્ર પાસ થવું જરૂરી છે, કોઈ માર્કસ મળતા નથી.

**વધુ માહિતી માટે સંપર્ક :**

(૧) આર્મી રિક્રૂટમેન્ટ કચેરી, કેમ્પના હનુમાન મંદિરની સામે, કેન્ટોન્મેન્ટ, ડફનાળા, શાહીબાગ, અમદાવાદ.

(૨) આર્મી રિક્રૂટમેન્ટ કાર્યાલય, સેનેટોરિયમ પાસે, જી.જી. સિવિલ હોસ્પીટલ રોડ, જામનગર.

વેબસાઈટ : www.joinindianarmy.nic.in

**૬.** B.S.F. **(બોર્ડર સિક્યોરિટી ફોર્સ) :**

કોન્સ્ટેબલ (જનરલ ડ્યૂટી)

**લઘુતમ લાયકાત :** ધોરણ : ૧૦ (S.S.C.) પાસ. વય મર્યાદા : ૧૮થી ૨૩ વર્ષ

**સ્પર્ધાત્મક પરીક્ષાનું સ્વરૂપ :** સૌ પ્રથમ ઊંચાઈ, વજન, છાતીનું માપ વગેરેની શારીરિક તપાસ ફિઝિકલ એફિશિયન્સી ટેસ્ટ (P.E.T.)માં (૧) ૫ કિમી.ની દોડ ૨૩ મિનીટમાં પૂર્ણ કરનારને ૧૨ માર્કસ. (૨) ઊંચી કૂદમાં ૪ ફૂટ ૬ ઈંચ કૂદકા માટે ૭ માર્કસ. (૩) લાંબીકૂદમાં ૧૫ ફૂટ લાંબા કૂદકા માટે ૬ માર્કસ.

શારીરિક ક્ષમતા કસોટી બાદ હેતુલક્ષી અને વર્ણનાત્મક પ્રકારના પ્રશ્નોની લેખિત પરીક્ષા.

લેખિત પરીક્ષામાં સામાન્ય ગણિત, ભાષા, (અંગ્રેજી /હિન્દી), સામાન્ય જ્ઞાન તેમજ અદ્યતન માહિતીને લગતા પ્રશ્નોનો સમાવેશ.

લેખિત પરીક્ષાના કુલ ૫૦ માર્ક્સમાંથી મેળવેલ માર્કસને આધારે મેરિટ લીસ્ટને આધારે પસંદગી.

**૭.** C.R.P.F. **(સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ) :**

કોન્સ્ટેબલ (જનરલ ડ્યૂટી)

**લઘુતમ લાયકાત :** ધોરણ : ૧૦ (SSC) પાસ

વયમર્યાદા : ૧૮થી ૨૩ વર્ષ

**શારીરીક ક્ષમતા :** લઘુતમ ઊંચાઈ ૧૭૦ સેમી. છાતી ફુલાવ્યા વિના ૮૦ સેમી. અને ફુલાવીને ૮૫ સેમી. વજન ઊંચાઈના પ્રમાણમાં યોગ્ય હોવું જોઈએ.

**સ્પર્ધાત્મક પરીક્ષાનું સ્વરૂપ :**

સૌ પ્રથમ શારીરિક ક્ષમતા કસોટી કે જેમાં (૧) ૧ માઈલ દોડ ૬ મિનિટમાં પૂર્ણ કરવી. (૨) લાંબી કૂદમાં ૧૧ ફૂટની કૂદ તેમજ (૩) ઊંચી કૂદમાં ૩.૫ ફૂટ જેમાં કસોટી (૧) માટે એક જ તક મળશે જ્યારે (૨) અને (૩) કસોટીઓ માટે ત્રણ ત્રણ તક મળશે.

શારીરિક કસોટી પાસ કરનારની ૫૦ માર્કસની ૧.૩૦ કલાકની લેખિત કસોટી લેવાશે.

**લેખિત કસોટીના ભાગ :** ૧માં વિજ્ઞાન, સાંખ્યિક અભિયોગ્યતા, સામાન્ય જ્ઞાનના હેતુલક્ષી પ્રશ્નોની ૨૫ માર્કસની ૩૦ મિનિટની ટેસ્ટ. જ્યારે ભાગ : ૨માં પર્યાવરણ, સામાન્ય જાગૃતી, નિબંધ (૧૦૦ શબ્દોમાં) જેવા વર્ણનાત્મક પ્રશ્નોની ૨૫ માર્કસની ૬૦ મિનિટની ટેસ્ટ.

લેખિત કસોટીમાં પાસ થનારાઓનું મેડિકલ કર્યા બાદ ઈન્ટરવ્યૂ લેવાશે અને તેને આધારે મેરિટ લિસ્ટ બનાવીને તે મુજબ પસંદગી કરીને નિમણૂક અપાશે.

---

૩-બી, જીવનસ્મૃતિ સોસાયટી,
મીરામ્બિકા સ્કૂલ પાસે, નારણપુરા,
અમદાવાદ -૩૮૦૦૧૩.

# ૨ ધોરણ-૧૦ પછી મળતા એન્જિનિયરીંગ ડિપ્લોમા અભ્યાસક્રમો

*-પ્રિ. ડી. એસ. દવે*

વિજ્ઞાન અને ટેકનોલોજીના ક્ષેત્રે થયેલી હરણફાળ ક્રાંતિને કારણે તેમજ વૈશ્વિકરણને લીધે દુનિયાના દેશો હવે એક ફલક પર આવી ગયા છે. છેલ્લા કેટલાક વર્ષોમાં વિજ્ઞાન અને ટેકનોલોજી ક્ષેત્રે આપણા દેશે કરેલી પ્રગતિને કારણે, વિશ્વના ફલક ઉપર, ભારત વૈશ્વિક મૂડી રોકાણ માટેનું પસંદગીનું સ્થળ બન્યું છે. અને જેને સાકાર કરવા દેશની વિરાટ યુવા શક્તિનું સંપૂર્ણ યોગદાન દરેક ક્ષેત્રમાં જરૂરી છે. ટેકનોલોજી ક્ષેત્રે આપણા દેશે હાંસલ કરેલી પ્રગતિમાં ટેકનિકલ શિક્ષણની ભૂમિકા મહત્ત્વની છે.

‘‘સૌનો સાથ સૌનો વિકાસ’’ એ મંત્ર લઈને, આધારસ્થંભ પૂરવાર થયેલ, ટેકનિકલ કૌશલ્યની તાલીમ પામેલી એવી આપણી યુવા શક્તિએ વિકાસની પ્રક્રિયામાં જોડાઈ અદ્‌ભુત પરિણામ હાંસલ કરી, ગુજરાતને એક સમૃદ્ધ, શિક્ષિત અને શક્તિશાળી રાજ્ય બનાવ્યું છે. જેનાથી પારદર્શિતા વધે અને રિસ્પોન્સ ટાઈમ ઘટે એવા ઈન્ફર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજી ટૂલ્સ જેવા કે મોબાઈલ, કમ્પ્યુટર, લેપટોપની મદદથી લેવાતી સેવાઓ (e-transaction) મેળવવામાં ગુજરાતીઓએ દેશના અન્ય રાજ્યોને પાછળ ધકેલી દીધા છે. ગુજરાતે વૈશ્વિકરણ અને પરિવર્તનશીલ આર્થિક પ્રવાહને સમયસર પારખીને ટેકનિકલ શિક્ષણના વ્યાપનું વિસ્તરણ, રાજ્યની રોજગાર અને તાલીમ વિષયક સેવાની નવી નીતિનું અમલીકરણ કર્યું છે. ગુજરાતનો યુવાન અદ્યતન મશીનો તથા ઉપકરણો ઉપર આધુનિક તાલીમ પ્રાપ્ત કરી વિવિધ ઉદ્યોગ માટે જરૂરી કુશળ માનવબળ પૂરૂં પાડે એ માટે જોઈતી તમામ તકો ગુજરાતની ટેકનિકલ શિક્ષણ આપતી સંસ્થાઓ પૂરી પાડી રહી છે અને તે માટે ટેકનિકલ સંસ્થાઓની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો કરવા જેવા જરૂરી આવકારદાયક પગલાં રાજ્ય સરકાર દ્વારા લેવામાં આવી રહ્યા છે.

ધોરણ-૧૦ (એસ.એસ.સી.) પાસ કર્યા પછી અભ્યાસ માટે ઘણા વિકલ્પો ઉપલબ્ધ છે. એમાનો એક વિકલ્પ ડિપ્લોમા એન્જિનિયરીંગ અભ્યાસક્રમનો છે. સિવિલ, મિકેનિકલ, ઈલેક્ટ્રિકલ, કમ્પ્યુટર, ઈન્ફર્મેશન ટેકનૉલૉજી, ઇલેકટ્રોનિક્સ એન્ડ કોમ્યુનિકેશન, ઈન્સ્ટ્રુમેન્ટેશન એન્ડ કંટ્રોલ, આર્કિટેકચર આસિસટન્ટશીપ, ઓટોમોબાઈલ, મેટલર્જી, સિરામીક, પાવર ઈલેક્ટ્રોનિક્સ, મેકાટ્રોનિક્સ એન્જિનિયરીંગ જેવા વિવિધ કન્વેન્શનલ અને સ્પેશ્યલાઈઝ્ડ ડિપ્લોમા એન્જિનિયરીંગના અભ્યાસક્રમોનું શિક્ષણ રાજ્યની સરકારી, અનુદાનિત તેમજ સ્વનિર્ભર સંસ્થાઓ દ્વારા આપવામાં આવી રહ્યું છે.

ગુજરાત રાજ્યની હાલમાં કુલ ૧૨૬ ડિપ્લોમા એન્જિનિયરીંગ સંસ્થાઓ પૈકીની ૩૦ સરકારી, ૦૫ અનુદાનિત અને ૯૧ સ્વનિર્ભર સંસ્થામાં કુલ ૬૬૯૮૪ બેઠકો ઉપલબ્ધ છે.

ગુજરાત રાજ્યમાં પ્રવેશ વર્ષ ૨૦૧૩-૧૪થી પ્રથમ વખત જ, જે ઉમેદવારે નેશનલ કાઉન્સિલ ફોર વોકેશનલ ટ્રેનિંગ (NCVT) અથવા ગુજરાત કાઉન્સિલ ફોર વોકેશનલ ટ્રેનિંગ (GCVT) અથવા ટેકનિકલ પરીક્ષા બોર્ડ (TEB) દ્વારા માન્ય બે વર્ષનો સર્ટિફિકેટ અભ્યાસક્રમ, ધોરણ-૧૦ (એસ.એસ.સી.) પરીક્ષા અંગ્રેજી, ગણિત તેમજ વિજ્ઞાન વિષય સાથે પાસ કરેલ હોય તે ઉમેદવારને ડિપ્લોમા એન્જિનિયરીંગ અભ્યાસક્રમના બીજા વર્ષમાં રાજ્યની કુલ ૧૦૨ ડિપ્લોમા એન્જિનિયરીંગ સંસ્થા પૈકીની ૨૬ સરકારી, ૦૪ અનુદાનિત અને ૭૨ સ્વનિર્ભર સંસ્થામાં કુલ ૮,૧૨૭ બેઠકો પર પ્રવેશ આપવાનું શરૂ કરવામાં આવ્યું છે.

ગુજરાતની તમામ પોલિટેકનિકમાં પ્રવેશ અંગેની કાર્યવાહી કરવા માટે એડમિશન કમિટી ફોર પ્રોફેશનલ ડિપ્લોમા કોર્સિસ (ACPDC) ની રચના રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવી છે. જે પ્લાસ્ટિક એન્જિનિયરીંગ બિલ્ડીંગ, પ્રથમ માળે, સરકારી પોલિટેકનિક, આંબાવાડી, અમદાવાદ ખાતે કાર્યરત છે. જે કેન્દ્રિય ધોરણે મેરિટ યાદી તૈયાર કરી રાજ્ય સરકારના ઠરાવ દ્વારા પ્રસ્તુત નિયમોની મર્યાદામાં રહીને ઓનલાઈન પ્રવેશની કાર્યવાહી કરે છે.

ડિપ્લોમા કક્ષાએ ટેકનિકલ શિક્ષણને વધારે ઉત્તેજન આપવા સરકાર સતત પ્રયત્નશીલ છે. વર્ષ ૨૦૦૭-૦૮થી ફી માફી યોજના અંતર્ગતની બેઠકો પર પ્રવેશ

આપવામાં આવે છે. આ યોજનાનો લાભ સમાજનાં તમામ વર્ગના ઉમેદવારો કે જેમના કુટુંબના સભ્યોની બધા જ પ્રકારના સ્ત્રોતમાંથી કુલ વાર્ષિક આવક સરકારશ્રી દ્વારા નક્કી કરેલ આવક મર્યાદામાં હોય તેઓને મળી શકે છે. વધુમાં કેન્દ્ર સરકારના માનવ સંશાધન મંત્રાલય દ્વારા અશક્તતાવાળી વ્યક્તિઓ માટેની યોજના હેઠળ શારીરિક ખોડખાંપણ ધરાવતા ઉમેદવારો માટે રાજ્યની ચાર સરકારી પોલિટેકનિક, (૧) સરકારી પોલિટેકનિક પાંજરાપોળ સામે, આંબાવાડી, અમદાવાદ, (૨) કન્યાઓ માટેની સરકારી પોલિટેકનિક, P.R.L. સામે, એલ.ડી. કોલેજ ઓફ એન્જિનિયરીંગની નજીક, નવરંગપુરા, અમદાવાદ (૩) સર ભાવસિંહજી પોલિટેકનિક ઈન્સ્ટિટ્યૂટ વિદ્યાનગર, ભાવનગર (૪) ડૉ. એસ. એન્ડ એસ. એસ. ગાંધી કોલેજ ઓફ એન્જિનિયરીંગ અને ટેકનોલોજી, મજુરા ગેટ, સુરતની વિવિધ વિદ્યાશાખાઓમાં કુલ ૯૬ બેઠકો માટે પ્રવેશ ઉપલબ્ધ છે.

ડિપ્લોમા એન્જિનિયરીંગના અભ્યાસક્રમ પછી ડિગ્રી એન્જિનિયરીંગના બીજા વર્ષમાં, ડિપ્લોમા એન્જિનિયરીંગની અનામત બેઠકો ઉપર સીધા પ્રવેશની તકો ઉપલબ્ધ છે. સંસ્થાસ્તરે કંપનીઓ દ્વારા 'કેમ્પસ ઈન્ટરવ્યૂ' યોજીને નોકરી તેમજ સ્વરોજગારી માટેની વિવિધ તકો પણ ઉપલબ્ધ કરાવવામાં આવે છે.

ડિપ્લોમા એન્જિનિયરીંગના અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવા માટે ઉમેદવારે ઓછામાં ઓછા ૩૫% માર્ક સાથે એસ.એસ.સી.ની પરીક્ષા અંગ્રેજી, ગણિત તેમજ વિજ્ઞાન વિષયો સાથે પાસ કરેલ હોવી જોઈએ. જો ઉમેદવાર સરકારશ્રી દ્વારા જાહેર કરેલ અનામત જાતિમાં આવતો હોય તો તેને જાતિ પ્રમાણપત્ર તેમજ બક્ષીપંચના ઉમેદવારે જાતિ પ્રમાણપત્ર ઉપરાંત નોન ક્રિમિલેયરનું પ્રમાણપત્ર જે તે વર્ષનું રજૂ કરવાનું રહે છે.

પ્રવેશ વર્ષ ૨૦૧૨-૧૩નાં દરમિયાન ACPDC દ્વારા ધો.-૧૦ પછીના ડિપ્લોમાં એન્જિનિયરીંગ અભ્યાસક્રમોમાં પ્રવેશની કાર્યવાહી કરવામાં આવી હતી. જેની વિગતો જેવી કે સંસ્થાનું નામ, સરનામું, પાળી પ્રમાણે ચાલતા વિવિધ અભ્યાસક્રમો, બેઠકો તેમજ ફીની માહિતી Annexure-I માં તેમજ વિવિધ સંસ્થામાં ઉપલબ્ધ અભ્યાસક્રમમાં કેટેગરી મુજબ જે મેરિટ નંબરે તેમજ જે માર્કથી આપવામાં આવેલ પ્રવેશ બંધ થયો તેની વિગતો Annexure-II માં આ સાથે સવિસ્તાર આપવામાં આવેલ છે.

ડિપ્લોમા એન્જિનિયરીંગના અભ્યાસક્રમમાં પ્રવેશ અંગેની જાહેરાત ધોરણ-૧૦નું પરિણામ જાહેર થાય તે અરસામાં ગુજરાતના અગ્રગણ્ય સમાચાર પત્રોમાં આપવામાં આવે છે. પ્રવેશ સમિતિ દ્વારા રાજ્યમાં આવેલ ડિપ્લોમા એન્જિનિયરીંગ સંસ્થાઓમાં ઉમેદવારોને પ્રવેશ અંગેની માહિતી મળી રહે. તેમજ ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયાની સમજ આપવાના હેતુથી હેલ્પ સેન્ટરની રચના કરવામાં આવે છે. પ્રવેશ સમિતિની વેબસાઈટ www.acpdc.in ઉપર વખતોવખત માહિતી, સૂચનાઓ મૂકવામાં આવે છે. ઉમેદવારે પ્રવેશ હેતુ માટે પ્રવેશ સમિતિ દ્વારા નક્કી કરેલ બેંકની કોઈપણ શાખા પરથી માહિતી પુસ્તિકા અને પિન મેળવવાનો રહેશે અને www.gujdiploma.nic.in પર જઈને ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે. ત્યારબાદ જ ઉમેદવાર પ્રવેશ પ્રક્રિયામાં ભાગ લઈ શકશે. ઉમેદવારોએ અભ્યાસક્રમ અને સંસ્થા માટેની પસંદગી ઓનલાઈન આપવાની રહેશે. ઉમેદવારની પસંદગીના આધારે અને કેટેગરી અને મેરિટ પ્રમાણે નિયમોનુસાર અભ્યાસક્રમ અને સંસ્થા ફાળવવામાં આવશે. ઉમેદવારને ફાળવવામાં આવેલ અભ્યાસક્રમ અને સંસ્થામાં એડમિશન કાયમ માટે નિયત ફી ભરીને નક્કી કરેલ હેલ્પ સેન્ટરમાં જઈને અસલ પ્રમાણપત્રો બતાવી એડમિશન સ્લીપ કઢાવવાની રહેશે.

**ફીનું ધોરણ :**

જુદી જુદી સ્વનિર્ભર સંસ્થાઓમાં ફીનું ધોરણ નક્કી કરવા માટે નામદાર ગુજરાત હાઈકોર્ટના નિવૃત્ત ન્યાયાધિશના વડપણ હેઠળ એક ફી નિયંત્રણ સમિતિની રચના કરવામાં આવેલી છે. આ સમિતિ દ્વારા વખતોવખત નક્કી કરવામાં આવતી ફી મુજબ જ દરેક સ્વનિર્ભર સંસ્થાઓએ ફી લેવાની રહે છે. સંસ્થાની ફી અંગેની માહિતી ફી સમિતિની વેબસાઈટ http://www.frctech.ac.in જોઈ લેવી હિતાવહ છે.

પ્રોફેશનલ અભ્યાસક્રમ અને તે પછીથી તેને અનુરૂપ વ્યવસાયમાં સફળ થવા માટે શારીરિક ક્ષમતા, બુદ્ધિ ચાતુર્ય, કૌટુંબિક પરિસ્થિતિ, સ્વભાવની ખાસિયતો તેમજ વલણો, અભ્યાસક્રમ પ્રત્યેના રસ અને રૂચી, વ્યવસાય પ્રત્યેની અનુકૂલતા વગેરે મહત્ત્વનો ભાગ ભજવતો હોઈ, અભ્યાસક્રમની સાચી પસંદગી વ્યક્તિની ધ્યેયસિદ્ધિ અને સફળતામાં મહત્ત્વની છે.

મેમ્બર સેક્રેટરી,
એ.સી.પી.ડી.સી., અમદાવાદ.

# 3 આઈ.ટી.આઈ.ના પ્રોફેશનલ કોર્સિસ

*– એ. સી. મુલીયાણા*

● **વ્યવસાયલક્ષી શિક્ષણ અને તાલીમનું મહત્વ**

રાષ્ટ્ર તથા રાજયનુ યુવાધન રોજગારી સ્વરોજગારી મેળવવા માટે પગભર થાય અને ગૌરવપૂર્ણ આજીવિકા મેળવી શકે તે માટે પર્યાપ્ત શિક્ષણ ની આવશ્યકતા છે. જેમાં સાહજીક રીતે યુવાધન એસ.એસસી.,એચ.એસ.સી. અને ત્યારબાદ મહદંશે વિનયન, વાણિજય, વિજ્ઞાન અથવા અન્ય વિધાશાખાના સ્નાતક/અનુસ્નાતકની લાયકાત હાંસલ કરી સરકારી, ખાનગી ક્ષેત્રમાં નોકરી / રોજગારી મેળવવાની અપેક્ષા રાખતો હોય છે. પરંતુ, આ પ્રકારની રાબેતા મુજબની શૈક્ષણિક લાયકાતોના સહારે રોજગારી મેળવવાની તકો મર્યાદિત છે અથવા તો ઉચ્ચાંક સાથે ઉચ્ચ લાયકાતો મેળવ્યા બાદ પણ રોજગારીની સીમિત તકોનુ નિર્માણ થાય છે.

જયારે બીજી બાજુ ઓછી લાયકાત ધરાવતા, અર્ધશિક્ષિત, સ્કુલ ડ્રોપ આઉટ, સામાન્ય શિક્ષણમાં સરેરાશ દેખાવ કરનારા, ટેકનીકલ જ્ઞાનમાં રુચિ ધરાવતા તેમજ વ્યવસાયિક કૌશલ્ય પ્રાપ્ત કરી ઉધોગ જગતમાં, જીવન જરુરી વ્યવસાયોમાં, કૌશલ્ય દ્વારા રોજગારી / સ્વરોજગારી મેળવવાની અપેક્ષા સેવતો વર્ગ પણ છે અને જે ગતિએ વિશ્વમાં ઔધોગિકરણનો વ્યાપ વધી રહેલ છે, ટેકનોલોજીમાં પરિવર્તન આવી રહેલ છે તે જોતા આવા કૌશલ્યબધ્ધ વર્ગની / કુશળ માનવબળની રાજય,રાષ્ટ્રીય તેમજ વૈશ્વિક સ્તરે પણ વિપુલ પ્રમાણમાં માંગ / જરુરીયાત ઉપસ્થિત થાય છે.

આ તમામ બાબતોની સમતુલા અને સમન્વય રુપે કૌશલ્ય તાલીમનુ એક અનોખુ મહત્વ છે. જે અન્વયે, ભારત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના નેજા હેઠળ , ગુજરાત રાજયના શ્રમ અને રોજગાર વિભાગ ના રોજગાર અને તાલીમ ખાતાની ઔધોગિક તાલીમ સંસ્થાઓ મારફતે રાજયના યુવાધનને વિવિધ વ્યવસાયોને લગતા કૌશલ્યની તાલીમ આપવાની પ્રવૃતિ કરવામાં આવે છે. રાજયના ઉદ્યોગગૃહોની કુશળ માનવબળની વધતી જતી જરૂરિયાતોને ધ્યાને લઈને ગુણવત્તાસભર અને જરૂરિયાતલક્ષી તાલીમી પ્રશિક્ષણ રાજયના યુવાધનને મળી રહે તે માટે રોજગાર અને તાલીમ ખાતાએ બહુઆયામી યોજનાઓ અમલમાં મુકીને જનસાધારણ માટે રોજગારી અને સ્વરોજગારીના દ્વાર ખોલી આપ્યા છે. જેની રુપરેખા નીચે મુજબ છે.

**૧. કારીગર તાલીમ યોજના (સરકારી ઔધોગિક તાલીમ સંસ્થા)**

આ યોજનાનો મુખ્ય ઉદેશ વિવિધ ઉધોગો અને સેવાક્ષેત્રને કુશળ માનવબળ ઉપલબ્ધ કરાવવાનો તેમજ જુદા જુદા ક્ષેત્રે વિકસતી જતી ટેકનોલોજી અંગે ઉમેદવારોને તાલીમ આપી, રોજગારી /સ્વરોજગારી મેળવવામાં સહાયભૂત થવાનો છે.આ યોજનાના નિયમન માટે રાષ્ટ્રીયકક્ષાએ ભારત સરકારના શ્રમ નેશનલ કાઉન્સીલ ફોર વોકેશનલ ટ્રેનીગ (એન.સી.વી.ટી.) કાર્યરત છે.

મુખ્યત્વે ભારત સરકારના શ્રમ મંત્રાલયની કારીગર તાલીમ યોજના હેઠળ , ગુજરાત રાજયની વિવિધ સરકારી / ગ્રાન્ટ ઈન એઈડ/ સ્વનિર્ભર ઔધોગિક તાલીમ સંસ્થાઓમાં છ માસ, એકવર્ષ બે વર્ષ કે ત્રણ વર્ષ સુધીની લાંબાગાળાની મુદતના વિવિધ વ્યવસાયના અભ્યાસક્રમોની તાલીમ આપવામાં આવે છે.

રાજયમાં વ્યવસાયિક તાલીમ માટે વ્યાપક સુવિધાનુ નિર્માણ કરવામાં આવેલ છે. જેના ભાગ રુપે હાલમાં, ૨૬૩ સરકારી ઔધોગિક તાલીમ સંસ્થાઓ (૧૧૧૯૭૨ બેઠકો) , ૧૧૫ ગ્રાન્ટ ઈન એઈડ ઔધોગિક તાલીમ કેન્દ્રો (૧૪૦૧૨ બેઠકો) તથા ૩૯૫ સ્વ નિર્ભર ઔધોગિક તાલીમ કેન્દ્રો (૨૮૪૩૧ બેઠકો) મળી કુલ ૭૭૩ સંસ્થાઓમાં કુલ ૧,૫૩,૪૧૫, બેઠકો પ્રાપ્ય છે.

આ યોજના હેઠળ, ૧૦૮ એન.સી.વી.ટી. પેટર્નના વ્યવસાયોની તેમજ રાજયકક્ષાના ગુજરાત કાઉન્સિલ ઓફ વોકેશનલ ટ્રેનીગ (જી.સી.વી.ટી.) પેટર્ન હેઠળના ૬૩ વ્યવસાયોની તાલીમ સરકારી ઔધોગિક તાલીમ સંસ્થાઓ (આઇ.ટી.આઇ.), ગ્રાન્ટ ઈન એઈડ / સ્વનિર્ભર ઔધોગિક તાલીક સંસ્થાઓ સરકારી ટેકનીકલ હાઇસ્કુલો વગેરે સંસ્થાઓ ખાતે આપવામાં આવે છે.

આ યોજના અન્વયે એન.સી.વી.ટી. પેટર્નના તેમજ જી.સીવી.ટી. પેટર્નના ઉપલબ્ધ વ્યવસાયો અને તેના ટ્રેડ કોડ તથા જરૂરી ન્યુનતમ શૈક્ષણિક લાયકાત, તાલીમનો

સમયગાળો વગેરે વ્યવસાયોની વિગતો દર્શાવતુ પરિશિષ્ટ આ સાથે સામેલ કરેલ છે. તદાનુસાર, ઓછામાં ઓછી ૧૪ વર્ષની વય ધરાવતો કોઈ પણ ઉમેદવાર કે જે ધો.૭ થી ધો.૧૨ સુધીની લાયકાત ધરાવતી હોય તે લાયકાત અનુસારના વ્યવસાયમાં મેરિટના આધારે પ્રવેશ મેળવી ઔધોગિક તાલીમ સંસ્થાઓમાં વ્યવસાયિક તાલીમ પ્રાપ્ત કરી શકે છે.

સામાન્ય રીતે ઔધોગિક તાલીમ સંસ્થાઓનુ પ્રવેશસત્ર ઓગસ્ટ માસથી શરુ થતુ હોય છે. જે અંતર્ગત, રોજગાર અને તાલીમ ખાતા દ્વારા દર વર્ષના મે-જૂન માસમાં એસ.એસ.સી.ના પરિણામના એકાદ સપ્તાહમાં વર્તમાનપત્રોમાં પ્રવેશ અંગેની જાહેરાત પ્રસિધ્ધ કરવામાં આવે છે. સંબધિત પ્રવેશ સત્રમાં વિવિધ વ્યયસાયમાં ભરવાપાત્ર બેઠકો, સંસ્થાઓ તેમજ વ્યવસાયોની યાદી, પ્રવેશ લાયકાત તેમજ વ્યવસાયિક તાલીમ સંબધિત અન્ય બાબતોની વિગતવાર માહીતી સંબધિત માહિતી પુસ્તિકા રોજગાર અને તાલીમ ખાતા દ્વારા પ્રસિધ્ધ કરવામાં આવે છે. રોજગાર અને તાલીમ ખાતાની વેબસાઈટ (1) http://www.talimrojgar.org (2) http://itiadmission.guj.nic.in તથા (3) http://itiadmission1.guj.nic.in ઉપર ઓનલાઈન એપ્લીકેશન માંગવામાં આવે છે, આવેલ એપ્લીકેશનનુ પૃથક્કરણ કરી મેરીટ તૈયાર કરવામાં આવે છે. મેરિટના આધારે પ્રવેશ મેળવવા પાત્ર ઉમેદવારોને રુબરુ મુલાકાત માટે બોલાવવામાં આવે છે અને મેરીટના આધારે મળવાપાત્ર વ્યવસાયની ઉપલબ્ધ ખાલી બેઠક ઉપર પ્રવેશ આપવામાં આવે છે.

અપંગ ઉમેદવારો, મહિલાઓ, અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ ના ઉમેદવારોને ટયુશન ફી ભરવામાં મુકિત આપવામાં આવે છે. તદ્ઉપરાંત આવક મર્યાદાને ધ્યાને લઈને સંસ્થા ખાતે મંજુર બેઠકોના ૩૩.૦૩ ટકા તાલીમાર્થાઓને પ્રવર્તમાન નિયમોનુસાર વૃત્તિકા (સ્ટાઈપેન્ડ) પણ આપવામાં આવે છે. તેમજ અ.જ.જા. / અ.જા./ સા.શૈ.પ વગેરે કેટેગરીના તાલીમાર્થીઓના રાજય સરકારના સામાજીક ન્યાય અન અધિકારિતા વિભાગ / આદિજાતિ વિકાસ વિભાગ હેઠળ કાર્યરત અનુક્રમે અન.જાતિ કલ્યાણ / વિ.જા. કલ્યાણ/ અનુ. જનજનજાતિ કલ્યાણ ખાતાઓ દ્વારા પણ નિયત દરે શિષ્યવૃતિ આપવામાં આવે છે.

**● છાત્રાલયની સુવિધાઓ :**

રાજયની ૪૮ સરકારી ઔધોગિક તાલીમ સંસ્થાઓ ખાતે છાત્રાલયની સગવડ છે. જેમાં ₹ ૨૫૦/- અનામત રકમ તથા રૂ. ૫૦/- છ માસિક સર્વિસ ચાર્જ સાથે તાલીમાર્થીને પ્રવેશ આપવામાં આવે છે. અનામતની રકમ તાલીમાર્થીઓ હોસ્ટેલ છોડી જાય ત્યારે પરત કરવામાં આવે છે.

**● તાલીમ અને સલામતી :**

ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ ખાતે મુખ્યત્વે, એન.સી.વી.ટી / જી.સી.વી. ટી માન્ય અભ્યાસક્રમોમાં નિયત કર્યા અનુસાર સૈધ્ધાંતિક અને પ્રાયોગિક તાલીમ આપવામાં આવે છે. જે પૈકી વિવિધ વ્યવસાયોની પ્રાયોગિક તાલીમ દરમ્યાન તાલીમાર્થીઓને વિવિધ યંત્રો તથા ઉપકરણો સાથે કામ કરવું પડે છે. જે દરમ્યાન અકસ્માતની સંભાવના વધી જતી હોય છે. જેના કારણે તાલીમાર્થીને જીવ ગુમાવવો પડે અથવા તો સમગ્ર જીવન અપંગ / અશકત તરીકે વિતાવવુ પડે. આવા સંજોગોમાં ઉપરોકત જોખમ સામે રક્ષણ આપવા અને યોગ્ય વીમા કવચ પુરૂં પાડવા માટે ગુજરાત સામુહિક જુથ (જનતા) અકસ્માત વીમા યોજના રૂપિયા એક લાખની મર્યાદામાં ૧ લી એપ્રિલ ૨૦૦૮ થી સરકારશ્રી દ્વારા દાખલ કરવામાં આવેલ છે. સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ ખાતે આપવામાં આવતી વિવિધ વ્યવસાયોની પ્રાયોગિક તાલીમ દરમ્યાન તાલીમાર્થીઓને કાચો માલ સામાન પુરો પાડવામાં આવે છે. તાલીમ દરમ્યાન જરૂરી સાધનો તાલીમાર્થીઓને આપવામાં આવે છે. જે તાલીમ પૂર્ણ થયે સંસ્થામાં પરત જમા કરાવવાના રહે છે.

**૨. ઔદ્યોગિક તાલીમ કેન્દ્રો ( ગ્રાન્ટ ઈન એઈડ ) સંસ્થાઓ :**

રાજય સરકાર હસ્તકની ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં ચાલતા વ્યવસાયોમાં પ્રવેશ મેળવવા માંગતા ઉમેદવારોના ધસારાને ધ્યાનમાં લઇ તથા સરકારી સંસ્થાઓમાંની હાલની મર્યાદિત પ્રવેશ ક્ષમતાને ધ્યાનમાં લઇ રાજય સરકારે સહાયક અનુદાનના ધોરણે ઔધોગિક



તાલીમ કેન્દ્રો ચલાવવાની યોજના અમલમાં છે. તે અન્વયે જે ખાનગી સંસ્થા, ટ્રસ્ટ વગેરે ને આ કારીગર તાલીમ યોજના હેઠળના અભ્યાસક્રમો ચલાવવાની મંજુરી આપ વામાં આવે છે અને આવી સંસ્થાઓને આવર્તક ખર્ચના ૧૦૦ ટકા પ્રમાણે ગ્રાન્ટ આપવામાં આવે છે. હાલ, રાજયમાં ૧૧૫ ગ્રાન્ટ ઈન એઈડ ઔધોગિક તાલીમ કેન્દ્રો કાર્યરત છે. જેમાં ૧૪૦૧૨ બેઠકો ઉપર તાલીમ સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવેલ છે.

**૩. સ્વનિર્ભર તાલીમ સંસ્થાઓ માટેની યોજના :**

રાજયમાં વ્યવસાયિક તાલીમની સુવિધાઓનુ વિસ્તૃતીકરણ કરવા સારુ સ્વરોકાણથી એન.સી.વી.ટી./એસ.સી.વી.ટી. અભ્યાસક્રમો સ્વનિર્ભર ધોરણે ચલાવવા જાહેર ટ્રસ્ટો / પબ્લીક લિ. કંપનીઓને વર્ષ ૧૯૯૯-૨૦૦૦ના વર્ષથી માન્યતા આપવાનું શરૂ કરેલ છે. હાલમાં ૩૯૫ સંસ્થાઓમાં સ્વનિર્ભર ધોરણે ૨૨૮૭૩ બેઠકો ઉપર તાલીમ સુવિધા મંજુર થયેલ છે.

**૪. (અ) મોટર ડ્રાઈવીંગ સ્કૂલ :**

રાજયની ૪૪ સરકારી ઔ.તા.સંસ્થાઓમાં સરકારી મોટર ડ્રાઈવીગ સ્કૂલની સ્થાપના કરવામાં આવેલી છે. તદ્ઉપરાંત ૪૫ કૌશલ્ય વર્ધન તાલીમ કેન્દ્રોમાં પણ મોટર ડ્રાઈવીગ સ્કુલની સ્થાપના કરવામાં આવેલ છે. આમ કુલ ૮૯ મોટર ડ્રાઈવીગ સ્કુલોમાં યોગ્ય, સલામત અને પધ્ધતિસરનું મોટર ડ્રાઈવીગ શીખવવામાં આવે છે.

**૪. (બ) બાંધકામ ક્ષેત્રની તાલીમ -**

બાંધકામ વ્યવસાય સાથે સંકળાયેલા અસંગઠિત ક્ષેત્રના કામદારોને તાલીમ માટે કુલ ૨૫ સંસ્થાઓમાં કન્સ્ટ્રકશન સ્કીલ તાલીમ કેન્દ્રો સ્થાપવામાં આવેલા છે. જેમાં આ પ્રકારના ટુંકાગાળાના વ્યવસાયોમાં તાલીમ આપ વામાં આવે છે. જે (૧) બાર બેન્ડિંગ(૨) સ્કે ફોલ્ડિંગ (૩) પ્લમ્બીગ અને સેનીટેશન (૪) ફોર્મ વર્ક કારપેન્ટરી (૫ ) કન્સ્ટ્રકશન ઈલેકટ્રીશીયન અને વાયરમેનના વ્યવસાયોમાં અસંગઠિત ક્ષેત્રના કામદારોને અધતન તાલીમ આપવા માટેની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવેલ છે.



**૫. મોડયુલ એમ્પ્લોયેબલ સ્કીમ (MES) :**

ભારત સરકારના શ્રમ અને રોજગાર મંત્રાલય (DGET) નવી દિલ્હી ધવારા કૌશલ્ય વિકાસ પહેલ શકિત યોજના (MES) આધારિત મોડયુલર એમ્પ્લોયેબલ સ્કીલ (SDIS) યોજના વર્ષ ૨૦૦૭-૦૮ થી શરૂ કરેલ છે. રાજયમાં અસંગઠિત ક્ષેત્રમાં રોકાયેલ કામદારો, શાળાકીય શિક્ષણ અધવચ્ચે છોડી જનાર કારખાનામાં કામ કરતાં કામદારો કે જેઓ તે પૂરતુ કૌશલ્ય ધરાવતા નથી તેવા ઉમેદવારો આ યોજના હેઠળ તાલીમ મેળવી એન.સી.વી.ટી. પ્રમાણપત્ર મેળવી શકે. આ માટે ગુજરાતમાં હાલમાં ૨૪૮ વોકેશનલ ટ્રેનીગ પ્રોવાઈડર (VTP) ને માન્યતા આપવામાં આવેલ છે. હાલમાં આ યોજના માટે ગુજરાત ખાતે ડીજીઈટી નવી દિલ્હી ધ્વારા પ્રમાણિત કરેલ ૬૧ સેકટર અને ૬૫૧ વ્યવસાયોમાં તાલીમ આપવામાં આવેલ છે.

**૬. સુપીરીયર ટેકનોલોજીના અભ્યાસક્રમો બાબત :**

રાજયના નવ યુવાનોને અધતન ટેકનોલોજીથી તાલીમબધ્ધ કરવા માટે અને ઉધોગ ગૃહોની માંગ અનુસાર આધુનીક ટેકનોલોજીના સુપીરીયર ટેકનોલોજીના નવા અભ્યાસક્રમો નિરંતર બદલાતી ટેકનોલોજીને ધ્યાને લઈ નવીન ટેકનોલોજીને અનુરૂપ માનવબળની જરૂરીયાત ઉપ સ્થિત થયેલ છે જે માટે આ ખાતા ધ્વારા ઓટોમોબાઈલ ક્ષેત્રે, સી.એન.સી. ટેકનોલોજી, સોલાર ટેકનોલોજી, કેમીકલ, એન્વાયરમેન્ટ વગેરે સેકટરોમાં કુલ ૨૯ સંસ્થાઓ ખાતે નવીન સુપીરીયર ટેકનોલોજીના વિવિધ સેકટરોમાં કુલ ૮૬૪૬ ઉમેદવારોને તાલીમ આપવામાં આવે છે.

**● આઈ.ટી.આઈ.થી સીધા ગ્રેજયુએટ બનવું હવે શકય :**

જે વિદ્યાર્થીઓએ ધોરણ-૮ પછી આઈ.ટી.આઈ. માંથી ઔદ્યોગિક તાલીમનો બે વર્ષનો અથવા વધુ વર્ષનો કોર્સ કરીને એન.સી.વી.ટી. અથવા જી.સી.વી.ટીની પરીક્ષા પાસ કરી હોય અને તેઓ જો ધો. ૧૦ એસ.એસ.સી. બોર્ડની અથવા ગુજરાત ઓપન સ્કૂલ એક્ઝામિનેશનની ગુજરાતી અને અંગ્રેજી વિષયની પરીક્ષા પાસ કરે તો તેમને ધો. ૧૦ની સમકક્ષ ગણવામાં આવશે.

જે વિદ્યાર્થીઓએ ધો. ૧૦ પછી આઈ.ટી.આઈ.નો બે વર્ષનો અથવા તેથી વધુ વર્ષનો કોર્સ કરીને એન.સી.વી.ટી. અથવા જી.સી.વી.ટી. પરીક્ષા પાસ કરી

હોય અને જેઓ ધો. ૧૨ એચ.એસ.સી. બોર્ડ અથવા ગુજરાત ઓપન સ્કૂલ એક્ઝામિનેશનની માત્ર અંગ્રેજી વિષયની પરીક્ષા પાસ કરે તો તેમને ધોરણ-૧૨ની સમકક્ષ ગણવામાં આવશે. ઉમેદવાર વિદ્યાર્થીએ પોતાના પ્રમાણપત્રોની ચકાસણી ITIમાં કરાવી લેવી હિતાવહ ગણાશે. રાજ્યમાં આવેલી પ્રાદેશિક કચેરીનાં સરનામાં તેમજ ટેલિફોન નંબર :

● **અમદાવાદ :**

નાયબ નિયામકશ્રી (તાલીમ), પ્રાદેશિક કચેરી, આઈ.ટી.આઈ. હોસ્ટેલ બિલ્ડીંગ, કુબેરનગર, અમદાવાદ - ૩૮૨૩૪૦ ટે.નં. (૦૭૯) ૨૨૮૨૨૪૨૬.

● **વડોદરા :**

નાયબ નિયામકશ્રી (તાલીમ),. પ્રાદેશિક કચેરી, બ્લોક : ૯૧૩-ઈ, નવમો માળ, કુબરભવન, કોઠી કેમ્પસ, વડોદરા-૩૯૦૦૦૧. ટે.નં. (૦૨૬૫) ૨૪૩૮૪૭૭

- નાયબ નિયામકશ્રી (તાલીમ), પ્રાદેશિક કચેરી, એનેક્ષી ભવન, સેવાસદન-૨ કંપાઉન્ડ, રેસકોર્સ, રાજકોટ - ૩૬૦૦૦૧, ફોન (૦૨૮૧) ૨૪૫૮૪૮૮.

  સુરત : નાયબ નિયામકશ્રી (તાલીમ), પ્રાદેશિક કચેરી, હોસ્ટેલ બિલ્ડિંગ, મજુરાગેટ, સુરત - ૩૯૫૦૦૧. ફોન. (૦૨૬૧) ૨૬૬૫૧૯૫

- ગુજરાત સામૂહિક જૂથ (જનતા) અકસ્માત વીમા યોજના : સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ/ ગ્રાન્ટ ઈન એઈડ ઔદ્યોગિક તાલીમ સંસ્થા ખાતે આપવામાં આવતી વિવિધ વ્યવસાયોની પ્રાયોગિક તાલીમ દરમ્યાન તાલીમાર્થીઓને વિવિધ યંત્રો તથા ઉપકરણો સાથે કામ કરવું પડે છે. જે દરમ્યાન અકસ્માતની સંભાવનાને ધ્યાને લઈ જોખમ સામે રક્ષણ આપવા અને યોગ્ય વીમા કવચ પૂરું પાડવા માટે ગુજરાત સામૂહિક જૂથ અકસ્માત વીમા યોજના સરકારશ્રી દ્વારા દાખલ કરવામાં આવેલી છે. આ યોજના હેઠળ રૂ. ૧ લાખ સુધીની અકસ્માત વીમાના રક્ષા કવચથી તાલીમાર્થીઓને આવરી લેવામાં આવે છે.

● **નોકરીની તકો :**

આઈ.ટી.આઈ. વ્યવસાયલક્ષી અભ્યાસ કરેલા ઉમેદવારે એન.સી.વી.ટી. કે જી.સી.વી.ટી. પરીક્ષાનું પ્રમાણપત્ર મેળવ્યા બાદ પોતે પ્રાઈવેટ વ્યવસાય કરી શકે છે. પબ્લિક સેક્ટરમાં પણ નોકરી મળી શકે છે. ઔદ્યોગિક એકમોમાં વ્યવસાય અનુસાર નોકરીની ઘણી બધી તકો છે. સરકારી નોકરીમાં પણ ઘણી તકો છે. ITI ખાતે પ્લેસમેન્ટ સેલ કાર્યરત છે. તેના દ્વારા ભરતીમેળા થાય છે.

● **ટૂંકાગાળાના વ્યવસાયો :**
**કૌશલ્ય વિકાસ પહેલ શક્તિ યોજના**
**(મોડ્યુલર રોજગારક્ષમ કૌશલ્ય પર આધારિત)**

**યોજનાની વિગત :**

રોજગારી, ઉત્પાદકતા, વધારવા માનવ જરૂરિયાતને પહોંચી વળવા સાથે-સાથે ઉદ્યોગોની વૈશ્વિક સ્પર્ધાત્મકતા વધારવા માટે દેશના યુવાન લોકોની કુશળતાનો તાલીમ આપવા, ચકાસવા, પ્રમાણિત કરવા માટે ભારત સરકારના શ્રમ અને રોજગાર મંત્રાલય, નવીદિલ્હી દ્વારા કૌશલ્ય વિકાસ પહેલ શક્તિ યોજના (SDIS) આધારીત મોડ્યુલર રોજગારદાયી કૌશલ્ય (MES) હેઠળ ટૂંકાગાળાના વ્યવસાયો શરૂ કરેલ છે. આ યોજનાનો લાભ રાજ્યમાં અસંગઠિત ક્ષેત્રમાં રોકાયેલ કામદારો, શાળાકીય શિક્ષણ અધવચ્ચેથી છોડી જનાર ઉમેદવારો, તેમજ કારખાનામાં કામ કરતા કામદાર કે જેઓ પુરતું કૌશલ્ય ધરાવતા નથી. પરંપરાગત કૌશલ્ય ધરાવતા ઉમેદવારો તેમા ખૂટતા કૌશલ્યની પ્રાપ્તિ કરી નેશનલ કાઉન્સિલ ફોર વોકેશનલ ટ્રેનિંગ (NCVT) પ્રમાણપત્ર મેળવી શકશે. આ યોજના હેઠળ ઉમેદવારો ઔદ્યોગિક તાલીં સસ્થા ખાતે (વોકેશનલ ટ્રેનિંગ પ્રોવાઈડર VTP) જે તે વ્યવસાયની તાલીમ મેળવી / તાલીમ મેળવ્યા સિવાય સીધા કૌશલ્યતાને આધારે લાયકાત મુજબ પરીક્ષા પાસ કરી પ્રમાણપત્ર મેળવી શકે છે. વધુ વિગતો માટે નજીકની ઔદ્યોગિક તાલીમ સંસ્થાનો સંપર્ક કરવાનો રહેશે.



**યોજના હેઠળ આવરી લેવાયેલ સેકટર/વ્યવસાય :**

એન.સી.વી.ટી. (નવી દિલ્હી) દ્વારા ૬૯ સેકટર અને તે હેઠળ જુદા જુદા ૧૪૦૨ વ્યવસાય તારીખ : ૩૦/૦૪/૨૦૧૨થી પ્રમાણિત કરવામાં આવેલ છે. જે નીચે મુજબ છે.

(1) Automotive Repair (2) Chemical (3) Garment Making (4) Production & Manufacturing (5) Plastic Processing (6) Printing (7) Electrical (8) Beauty Culture & Hair Dressing (9) Carpet (10) Banking & Accounting (11) Electronics (12) Fabrication (13) Gem & Jewellery (14) Hospitality (15) Info. & Communication Tech. (16) Khadi (17) Medical & Nursing

(18) Process Instrumentation (19) Refrigeration & Air-conditioning (20) Retail (21) Toy Making (22) Indian sweets, Snacks & Foods (23) Paint (24) Construction (25) Food Processing & Preservation (26) Leather & Sports Goods (27) Media (28) Security (29) Agriculture (30) Travel & Tourism (31) Wood Work (32) Soft Skills.(33) Courier & Logistics.

(34) Insurance (35) Jute Sector. (36) Jute Diversified Products Sector (37) Fisheries & Allied Sector (38) Fire & Safety Engineering. (39) Business & Commerce (40) Material Management.(41) Paper Products. (42) Fashion Design (43) Industrial Electrical (44) Textile Sector (45) Poultry (46) Brassware (47) Sericulture (48) Animal Husbandry (49) Glassware.(50)Apiculture (51) Clock and Watch Repair (52) Rain Water Harvesting(53) Marine Engineering(54) Bamboo Fabrication(55) Film Production(56) Fragrance\ Ragance, Flaviur & Perfume (57) Remewable Energy (58) SPA&Wellness



(59) Electro-Mechanical (60) Home Decor –Art Bonsai (61) Home Decor – Art Flower (62) Home Decor – Art Water Falls (63) Home Decor – Art Jewellery (64) Home Decor – Art Ceramic Craft (65) Home Decor –Art Painting (66) Home Decor – Art Mehandi (67) Home Decor – Art Wood Handicraft (68) Ship Construction (69) Telecom

**વોકેશનલ ટ્રેનિંગ પ્રોવાઈડર (VTP) :**

ગુજરાત રાજ્ય ખાતે હાલમાં ૨૩૮ એકમો / સંસ્થાઓને આ યોજનાના વ્યવસાયો ચલાવવા માટે પ્રમાણિત કરવામાં આવેલ છે. જેમાં ૧૪૦ સરકારી આઈ.ટી.આઈ. / કે.વી.કે., ૧૭ અન્ય સરકારી સંસ્થાઓ, ૩૧ ગ્રાન્ટ ઈન એઈડ / સેલ્ફ ફાયનાન્સ આઈ.ટી.સી. સંસ્થાઓ, ૫૦ પ્રાઈવેટ એકમોનો સમાવેશ થાય છે.

**તાલીમનો સમયગાળો :**

NCVT એ નિયત કર્યા અનુસાર વિવિધ વ્યવસાયો ૬૦ કલાકથી ૪૨૦ કલાકની મુદતના હોય છે. સંસ્થા ખાતે ફુલ ટાઈમ, પાર્ટ ટાઈમ અથવા તો સપ્તાહના અંતિમ દિવસો દરમિયાન તાલીમનું આયોજન કરવામાં આવે છે.

**પ્રવેશ લાયકાત :**

વ્યવસાયને અનુરૂપ NCVT એ નિયત કર્યા અનુસાર ધોરણ-૫ પાસથી ધોરણ-૧૨ પાસ સુધીની પ્રવેશ લાયકાત રહેશે. ૧૪ વર્ષથી વધારે ઉંમર ધરાવતા ઉમેદવારો આ વ્યવસાયોની તાલીમ મેળવી શકશે.

**તાલીમ ફી :**

૯૦ કલાકના એક મોડ્યુલ માટે ₹ ૯૦૦/-

૯૦ કલાકથી ૧૮૦ કલાકના એક મોડ્યુલ માટે ₹ ૧૦૦૦/-

૧૮૧ કલાકથી ૨૭૦ કલાકના એક મોડ્યુલ માટે ₹ ૧,૫૦૦/-

અને ૨૭૦ કલાકથી વધારે કલાકના એક મોડ્યુલ માટે ₹ ૨,૦૦૦/-

તાલીમ ફીમાં અનુસૂચિત જાતિ (SC), અનુસૂચિત જનજાતિ (ST) અને મહિલા ઉમેદવારોને ૨૫ ટકા છૂટછાટ આપવામાં આવે છે. સફળતાપૂર્વક તાલીમ પૂર્ણ કરી પરીક્ષામાં પાસ થનાર ઉમેદવારોને તાલીમ ફી રીફંડ (પરત) કરવામાં આવે છે.

**પરીક્ષા ફી :**

એન્જિનિયરીંગ વ્યવસાયો માટે ₹ ૮૦૦/- અને નોન એન્જિનિયરીંગ વ્યવસાયો માટે ₹ ૫૦૦/- પરીક્ષા ફી લેવામાં આવે છે. તાલીમ મેળવી પરીક્ષામાં પાસ થનાર ઉમેદવારો ને પરીક્ષા ફી રિફંડ (પરત) આપવામાં આવે છે. તાલીમ લીધા સિવાય સીધા (Directly) પોતાની સ્કીલના આધારે પરીક્ષામાં બેસવા માગતા ઉમેદવારોએ પરીક્ષા ફી ભરવાની રહેશે. પરીક્ષામાં પાસ થનાર ઉમેદવારો પૈકી અનુસૂચિત જાતિ(SC), અનુસૂચિત જનજાતિ (ST) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત (OBC), અપંગ, મહિલા અને સમાજના નબળા વર્ગના ઉમેદવારોને પરીક્ષા ફી રીફંડ (પરત) કરવામાં આવે છે.

**વ્યવસાયોની પરીક્ષા :**

આ યોજનાના વ્યવસાયોની પરીક્ષા DGE&T નવી દિલ્હી દ્વારા નિયુક્ત કરેલ એસેસીંગ બોડીના માન્ય એસેસર દ્વારા નિયત કરેલ પરીક્ષા કેન્દ્રો ખાતે લેવામાં આવશે.

**પ્રમાણપત્ર :**

આ યોજનાના વ્યવસાયમાં પાસ થનાર તાલીમાર્થીઓને NCVT-New Delhi દ્વારા પ્રમાણપત્ર એનાયત કરવામાં આવે છે. આ યોજનાની વધુ જાણકારી માટે (1) http://dget.nic.in (2) http://www.sdi.gov.in વેબ સાઈટ ઉપરથી મળી રહેશે.

## એન.સી.વી.ટી. પેટર્નના અભ્યાસક્રમો

### ધોરણ-૧૨ની લાયકાતવાળા અભ્યાસક્રમો

| ક્રમ | વ્યવસાયનું નામ | ન્યુનત્તમ શૈક્ષણિક લાયકાત | અભ્યાસક્રમની મુદત |
|---|---|---|---|
| ૧. | કોમ્પ્યુટર ઓપરેટર કમ પ્રોગ્રામીંગ આસિસ્ટન્ટ | ધો. ૧૦ +૨ની પદ્ધતિમાં ધો. ૧૨ પાસ કોઈ પણ પ્રવાહ અથવા AICET માન્ય ડિપ્લોમા | ૧ વર્ષ (નોન એન્જિ.) |
| ૨. | સ્ટેનોગ્રાફી (અંગ્રેજી) | ધો. ૧૨ પાસ અંગ્રેજી સાથે | ૧વર્ષ (નોન એન્જિ.) |
| ૩. | ડેસ્ક ટોપ પબ્લિશીંગ ઓપરેટર | ધો. ૧૨ પાસ અને અંગ્રેજી ટાઈપમાં પ્રતિ મિનિટ ૩૦ શબ્દોની ઝડપ | ૧ વર્ષ (નોન એન્જિ.) |
| ૪. | હોર્ટિકલ્ચર | ધો. ૧૨ પાસ (બાયોલોજી મુખ્ય વિષય સાથે અથવા એગ્રોહોર્ટિકલ્ચરની વ્યવસાયિક તાલીમ પાસ) | ૧ વર્ષ (નો. એન્જિ.) |
| ૫. | લાયબ્રેરી એન્ડ ઈન્ફો. સાયન્સ | ધો. ૧૦ +૨ની પદ્ધતિમાં ધો. ૧૨ પાસ | ૬ માસ (નોન એન્જિ.) |
| ૬. | નેટવર્ક ટેકનિશિયન | ધો. ૧૦ + ૨ની પદ્ધતિમાં ધોરણ ૧૨ પાસ | ૬ માસ (નોન એન્જિ.) |
| ૭. | હોસ્પિટલ હાઉસ કીપીંગ | ધો. ૧૦ +૨ની પદ્ધતિમાં ધો. ૧૨ પાસ (ફિઝિક્સ, કેમિસ્ટ્રી અને બાયોલોજી વિષય સાથે) | ૧ વર્ષ (નોન એન્જિ.) |
| ૮. | હેલ્થ સેનેટરી ઈન્સ્પેક્ટર | ધો. ૧૦ +૨ની પદ્ધતિમાં ધો. ૧૨ પાસ (ફિઝિક્સ, કેમિસ્ટ્રીના વિષય સાથે) | ૧ વર્ષ (નોન એન્જિ.) |

### ધોરણ-૧૦ની લાયકાતવાળા અભ્યાસક્રમો

| | | | |
|---|---|---|---|
| ૯. | મશીનિસ્ટ ગ્રાઈન્ડર | | ૨વર્ષ (એન્જિ.) |
| ૧૦. | રેફ્રિજરેશન એન્ડ એરકન્ડિશન મિકેનિક | વ્યવસાયના ક્રમ નં. ૯થી ૨૫ માટે ન્યુનતમ | ૨ વર્ષ (એન્જિ.) |
| ૧૧. | ડ્રાફ્ટસમેન મિકેનિક | શૈક્ષણિક લાયકાત | ૨ વર્ષ (એન્જિ.) |
| ૧૨. | ડ્રાફ્ટસમેન સિવિલ | ધો. ૧૦+૨ની પદ્ધતિમાં | ૨ વર્ષ (એન્જિ.) |
| ૧૩. | ઈલેક્ટ્રોનિક્સ મિકેનિક | ધો. ૧૦ પાસ (ગણિત અને વિજ્ઞાન સાથે) | ૨ વર્ષ એન્જિ.) |

| | | | |
|---|---|---|---|
| ૧૪. | સર્વેયર | ” ” | ૨ વર્ષ (એન્જિ.) |
| ૧૫. | મિકેનિક રેડિયો એન્ડ ટી.વી. | ” ” | ૨ વર્ષ (એન્જિ.) |
| ૧૬. | ઈન્સ્ટ્રુમેન્ટ મિકે. (કેમિકલ પ્લાન્ટ) | ” ” | ૨ વર્ષ (એન્જિ.) |
| ૧૭. | એટેન્ડેન્ટ ઓપરેટર (કેમિકલ પ્લાન્ટ) | ” ” | ૨ વર્ષ (એન્જિ.) |
| ૧૮. | લેબોરેટરી આસિસ્ટન્ટ (કેમિકલ પ્લાન્ટ) | ” ” | ૨ વર્ષ (એન્જિ.) |
| ૧૯. | મિકેનિક મેન્ટેનન્સ (કેમિકલ પ્લાન્ટ) | ” ” | ૨ વર્ષ (એન્જિ.) |
| ૨૦. | મિકેનિક કમ ઓપરેટર ઈલેક્ટ્રો. કોમ્યુનિ. સિસ્ટમ | ” ” | ૨ વર્ષ (એન્જિ.) |
| ૨૧. | ઈલેક્ટ્રિશિયન | ” ” | ૨ વર્ષ (એન્જિ.) |
| ૨૨. | ઈન્સ્ટ્રુમેન્ટ મિકેનિક | ” ” | ૨ વર્ષ (એન્જિ.) |
| ૨૩. | ટુલ એન્ડ ડાઈ મેકર (જીગ્સ એન્ડ ફીચર) | ” ” | ૩ વર્ષ (એન્જિ.) |
| ૨૪. | ઈન્ફર્મેશન ટેકનોલોજી એન્ડ ઈલેક્ટ્રોનિક્સ સિસ્ટમ મેન્ટેનન્સ | ” ” | ૨ વર્ષ (એન્જિ.) |
| ૨૫. | મિકેનિક મોટર વ્હીકલ | ” ” | ૧ વર્ષ (એન્જિ.) |
| ૨૬. | પ્લાસ્ટીક પ્રોસેસીંગ ઓપરેટર | ધો. ૧૦ +૨ની પદ્ધતિમાં | |
| ૨૭. | પંપ મિકેનિક | ધોરણ ૧૦ પાસ | ૧ વર્ષ (એન્જિ.) |
| ૨૮. | મિકેનિક ડિઝલ | ” ” | ૧ વર્ષ (એન્જિ.) |
| ૨૯. | ડ્રેસ મેકિંગ | ” ” | ૧વર્ષ (નોન એન્જિ.) |
| ૩૦. | ફીટર | ” ” | ૨ વર્ષ (એન્જિ.) |
| ૩૧. | ટર્નર | ” ” | ૨ વર્ષ (એન્જિ.) |
| ૩૨. | મશીનિષ્ટ | ” ” | ૨ વર્ષ (એન્જિ.) |
| ૩૩. | હેર એન્ડ સ્કીન કેર | ” ” | ૧ વર્ષ (નોન એન્જિ.) |
| ૩૪. | ફ્રન્ટ ઓફીસ આસિસ્ટન્ટ | ” ” | ૬ માસ(નોન એન્જિ.) |
| ૩૫. | લિફ્ટ મિકેનિક | ” ” (વિજ્ઞાન વિષય સાથે) | ૨ વર્ષ (એન્જિ.) |
| ૩૬. | મિકે. રીપેરર એન્ડ મેન્ટ. ટુ વ્હીલર | ધો. ૧૦ +૨ની પદ્ધતિમાં | ૬ માસ (એન્જિ.) |
| ૩૭. | ઈવન્ટ મેનેજમેન્ટ આસિસ્ટન્ટ | ધો. ૧૦ પાસ | |
| ૩૮. | મિકેનિક ઓટો ઈલેક્ટ્રો. એન્ડ ઈલે. | ” ” | ૬ માસ (એન્જિ.) |
| ૩૯. | પ્રિ. પ્રિપેપરેટરી સ્કૂલ મેનેજમેન્ટ આસિ. | ” ” | ૬માસ(નોન. એન્જિ.) |
| ૪૦. | ક્રેચ મેનેજમેન્ટ | ” ” | ૬માસ (નોન એન્જિ.) |
| ૪૧. | ડેરી | ” ” | ૧ વર્ષ(નોન એન્જિ.) |
| ૪૨. | ફેશન ટેકનોલોજી | ” ” | ૧ વર્ષ(નોન એન્જિ.) |
| ૪૩. | ઈન્ટિરિયર ડેકોરેશન એન્ડ ડિઝાઈન | ” ” | ૧ વર્ષ (એન્જિ.) |
| ૪૪. | ડ્રાયવર કમ મિકેનિક (લાઈટ મોટર વ્હીકલ) | ” ” | ૬માસ (એન્જિ.) |
| ૪૫. | ડેટા એન્ટ્રી ઓપરેટર | (અંગ્રેજી ટાઈપ સ્પીડ ૩૦ wpm હોવા જોઈએ.) | ૬ માસ(નોન એન્જિ.) |
| ૪૬. | ડેન્ટલ લેબોરેટરી ટેકનીશિયન | ધો. ૧૦ +૨ની પદ્ધતિમાં ધોરણ ૧૦ પાસ | ૨ વર્ષ (એન્જિ.) |

| | | | | |
|---|---|---|---|---|
| ૪૭. | મિકેનિકલ કોમ્પ્યુટર હાર્ડવેર | ’’ | ’’ | ૨ વર્ષ (એન્જિ.) |
| ૪૮. | ઓફિસ આસિસ્ટન્ટ કોમ્પ્યુટર ઓપરેટર | ’’ | ’’ | ૧ વર્ષ (નોન એન્જિ.) |
| ૪૯. | પ્રિઝર્વેશન ઓફ ફૂડ એન્ડ વેજીટેબલ્સ | ’’ | ’’ | ૧વર્ષ (નોન એન્જિ.) |
| ૫૦. | આર્કિટેકચર આસિસ્ટન્ટ | ’’ | ’’ | ૧ વર્ષ (એન્જિ.) |
| ૫૧. | ફાઉન્ડ્રી મેન | ’’ | ’’ | ૧ વર્ષ (એન્જિ.) |

## જીસીવીટી પેટર્નના (રાજ્ય કક્ષા) અભ્યાસક્રમો
## ધોરણ-૧૦/૧૨ની લાયકાયવાળા અભ્યાસક્રમો

| ક્રમ | વ્યવસાયનું નામ | ન્યુનત્તમ શૈક્ષણિક લાયકાત | અભ્યાસક્રમની મુદત |
|---|---|---|---|
| ૫૨. | સર્ટિફિકેટ કોર્સ ઈન લેબોરેટરી આસિસ્ટન્ટ (પેથોલોજી) | ધો. ૧૦+૨ની પદ્ધતિમાં ધો.૧૨ પાસ | ૬ માસ(નોન એન્જિ.) |
| ૫૩. | સર્ટિફિકેટ કોર્સ ઈન કોમ્પ્યુટર ટીચર્સ ટ્રેનિંગ | ’’ ’’ | ૬ માસ(નોન એન્જિ.)<br>૧ વર્ષ (નોન એન્જિ.) |
| ૫૪. | સર્ટિ. કોર્સ ઈન ઈ-કોમર્સ | ’’ ’’ | |
| ૫૫. | સર્ટિફિકેટ કોર્સ ઈન વેબ ડિઝાઈન | ’’ ’’ | ૧ વર્ષ (નોન એન્જિ.) |
| ૫૬. | સર્ટિ. કોર્સ ઈન મલ્ટીમિડીયા ટેકનોલોજી એન્ડ ડી.ટી.પી. | ધોરણ-૧૦+૨ની પદ્ધતિમાં ધોરણ-૧૨ પાસ અથવા ધો. ૧૦ પછીનો AICTE માન્ય એન્જિનિયરીંગ ડિપ્લોમા અથવા ડિપ્લોમા ઈન ફાઈન આર્ટ્સ | ૧ વર્ષ (એન્જિ.) |
| ૫૭. | સર્ટિ. કોર્સ ઈન હાર્ડવેર ટેકનો. નેટવર્ક એન્ડ એડમિનિસ્ટ્રેશન | ધો. ૧૦+૨ની પદ્ધતિમાં ધો. ૧૨ પાસ અથવા ધો. ૧૦ પછીનો AICTE માન્ય ઈજનેરી ડિપ્લોમા | ૧ વર્ષ (એન્જિ.) |
| ૫૮. | સર્ટિ. કોર્સ ઈન કોમ્પ્યુ. એડેડ ડિઝાઈન એન્ડ ઓટો. કેડ-૨૦૦૦ | ધો. ૧૦+૨ની પદ્ધતિમાં ધો. ૧૨ પાસ (સાયન્સ) અથવા ITI D.C./ D.M. ટ્રેડ અથવા A.I.C.T.E. માન્ય ઈજનેરી ડિપ્લોમા | ૬ માસ (એન્જિ.) |
| ૫૯. | સર્ટિ. કોર્સ ઈન સોફ્ટવેર પ્રોગ્રામીંગ | ધો. ૧૦+૨ની પદ્ધતિમાં ધો. ૧૨ પાસ | ૧ વર્ષ (નોન એન્જિ.) |
| ૬૦. | સર્ટિ. કોર્સ ઈન ફાઈનાન્સિયલ એડવાઈઝીંગ | ધો. ૧૦+૨ની પદ્ધતિમાં ધો. ૧૨ પાસ અથવા પોલિટેકનિક ડિપ્લોમા પાસ. | ૧ વર્ષ (નોન એન્જિ.) |
| | | **ધોરણ-૧૦ની લાયકાયવાળા અભ્યાસક્રમો** | |
| ૬૧. | સર્ટિ. કોર્સ ઈન ટુલ ટેકનો. | ધો. ૧૦+૨ની પદ્ધતિમાં ધો. ૧૦ પાસ | ૨ વર્ષ (એન્જિ.) |
| ૬૨. | લાઈવ સ્ટોક ઈન્સ્પેક્ટર (વેટરનરી આસિસ્ટન્ટ) | ’’ ’’ | ૧ વર્ષ (નોન એન્જિ.) |

| | | | |
|---|---|---|---|
| ૬૩. | ટેલિફોન મોબાઈલ ફોન રીપેરીંગ | ,, ,, | ૬ માસ (એન્જિ.) |
| ૬૪. | ઓફસેટ પ્રિન્ટર | ,, ,, | ૧ વર્ષ (નોન એન્જિ.) |
| ૬૫. | સ્ટેનો કમ કોમ્પ્યુ. ઓપરેટર (અંગ્રેજી) | ધો. ૧૦+૨ની પદ્ધતિમાં ધો. ૧૦ પાસ (અંગ્રેજી વિષય સાથે) | ૧ વર્ષ (નોન એન્જિ.) |
| ૬૬. | પ્લેટ મેકર | ધો. ૧૦+૨ની પદ્ધતિમાં ધો. ૧૦ પાસ (ગણિત અને વિજ્ઞાનના વિષયો સાથે) | ૧ વર્ષ (નોન એન્જિ.) |
| ૬૭. | સ્ટેનો કમ કોમ્પ્યુ. ઓપરેટર (ગુજરાતી) | ધો. ૧૦+૨ની પદ્ધતિમાં ધો. ૧૦ પાસ (ગુજરાતી વિષય સાથે) | ૧ વર્ષ (નોન એન્જિ.) |
| ૬૮. | કોમ્પ્યુ. એડેડ ક્વાર્ટઝ વોચ કમ મોબાઈલ ફોન મિકે. | ધો. ૧૦+૨ની પદ્ધતિમાં ધો. ૧૦ પાસ | ૧ વર્ષ (નોન એન્જિ.) |
| ૬૯. | કોમ્પ્યુ. એડેડ ડ્રેસ મેકિંગ એન્ડ ડ્રેસ ડિઝાઈન | ધો. ૧૦+૨ની પદ્ધતિમાં ધો. ૧૦ પાસ | ૧ વર્ષ (નોન એન્જિ.) |
| ૭૦. | મેડિકલ ઈક્વિપમેન્ટ મિકે. | ધો. ૧૦+૨ની પદ્ધતિમાં ધો. ૧૦ પાસ તથા NCVT પેટર્નના RMVT / ELECTRO.MECH/EIECTRICIAN ટ્રેડ પૈકી કોઈપણ એક ટ્રેડ પાસ | ૧ વર્ષ (એન્જિ.) |
| ૭૧. | સ્ટેનોગ્રાફી ગુજરાતી | ધો. ૧૦+૨ની પદ્ધતિમાં ધો. ૧૦ પાસ (ગુજરાતી વિષય સાથે) | ૧ વર્ષ |
| ૭૨. | ફુડ એન્ડ બેવરેજીસ ઈન્ડિયન / પંજાબી / ચાઈનીઝ | ધો. ૧૦+૨ની પદ્ધતિમાં ધો. ૧૦ પાસ (અંગ્રેજી વિષય સાથે) સમકક્ષ | ૬ માસ |
| ૭૩. | ફુડ એન્ડ બેવરેજીસ ઈન્ડિયન / પંજાબી / ચાઈનીઝ | ધો. ૧૦+૨ની પદ્ધતિમાં ધો. ૧૦ પાસ (ગુજરાતી વિષય સાથે), સમકક્ષ | ૧ વર્ષ |
| ૭૪. | હાઉસ કીપીંગ એન્ડ બેકરી | ધો. ૧૦+૨ની પદ્ધતિમાં ધો. ૧૦ પાસ (ગુજરાતી વિષય સાથે) /સમકક્ષ | ૬ માસ |
| ૭૫. | સર્ટિ. કોર્સ ઈન મશીન ટુલરૂમ | ધો. ૧૦+૨ની પદ્ધતિમાં ધો. ૧૦ પાસ (ગણિત, વિજ્ઞાન, અંગ્રેજી વિષય સાથે) (૫૦ ટકા ગુણ આવશ્યક) (અનામત કેટેગરી માટે ૪૦ ટકા ગુણ) | ૨ વર્ષ (એન્જિ.) |
| ૭૬. | ફાયર મેન | ધો. ૧૦+૨ની પદ્ધતિમાં ધો. ૧૦ પાસ | ૧ વર્ષ (એન્જિ.) |
| ૭૭. | સેફ્ટી એન્ડ સિક્યોરીટીમેન | ધો. ૧૦+૨ની પદ્ધતિમાં ધો. ૧૦ પાસ | ૧ વર્ષ (એન્જિ.) |
| ૭૮. | લિફ્ટ મેન્ટેનન્સ મિકેનિક | ધો. ૧૦+૨ની પદ્ધતિમાં ધો. ૧૦ પાસ (વિજ્ઞાન પ્રવાહ અથવા આઈ.ટી.આઈ. ઈલેકટ્રિશિયન પાસ) | ૧ વર્ષ (એન્જિ.) |
| ૭૯. | ઓફસેટ પ્રિન્ટર એન્ડ પેકેજર્સ | ધો. ૧૦+૨ની પદ્ધતિમાં ધો. ૧૦ પાસ | ૧ વર્ષ (નોન એન્જિ.) |

| | | | |
|---|---|---|---|
| ૮૦. | ઈલેક્ટ્રિકલ એપ્લાયન્સી રીપેર | ધો. ૧૦+૨ની પદ્ધતિમાં ધો. ૧૦ પાસ | ૧ વર્ષ (એન્જિ.) |
| ૮૧. | કોમ્યુનિકેશન એન્ડ સ્પોકન ઈંગ્લિશ | ધો. ૧૦+૨ની પદ્ધતિમાં ધો. ૧૦ પાસ | ૩ માસ |
| ૮૨. | મેશન (બિલ્ડીંગ કન્સ્ટ્રક્શન) | ધો. ૧૦+૨ની પદ્ધતિમાં ધો. ૮ પાસ (ઈચ્છનીય ધો. ૧૦+૨ની પદ્ધતિમાં ધો. ૧૦ પાસ) | ૧ વર્ષ (એન્જિ.) |
| ૮૩. | ઓટોમોબાઈલ બોડી રીપેરર | ધો. ૧૦+૨ની પદ્ધતિમાં ધો. ૧૦ પાસ | ૧ વર્ષ (એન્જિ.) |
| ૮૪. | ઓટોમોબાઈલ પેઈન્ટર રીપેરર | ધો. ૧૦+૨ની પદ્ધતિમાં ધો. ૧૦ પાસ | ૧ વર્ષ (એન્જિ.) |
| ૮૫. | ટ્રાન્સફોર્મર વાઈન્ડર | ધો. ૧૦+૨ની પદ્ધતિમાં ધો. ૧૦ પાસ | ૧ વર્ષ (એન્જિ.) |
| ૮૬. | સર્ટિફિકેટ કોર્સ ઈન ટાયર ટેકનોલોજી | ધો. ૧૦+૨ની પદ્ધતિમાં ધો. ૧૦ પાસ | ૨ વર્ષ (નોન એન્જિ.) |
| ૮૭. | સેલ્સ આસિસ્ટન્ટ (રીટેઈલ) | ધો. ૧૦+૨ની પદ્ધતિમાં ધો. ૧૦ પાસ | ૧ વર્ષ (નોન એન્જિ.) |
| ૮૮. | શીપ બિલ્ડીંગ ટેકનિશિયન | ધો. ૧૦ પાસ + ITI વેલ્ડર, ફીટર પાસ | ૬ માસ |
| ૮૯. | મરીન ઈલેક્ટિરશિયન એડ. | ધો. ૧૦ પાસ + ITI ઈલે., વાયરમેન પાસ | ૬ માસ |
| ૯૦. | પાઈપ ફીટર મરીન | ધો. ૧૦ પાસ + ITI ફીટર, પ્લમ્બર પાસ | ૬ માસ |
| ૯૧. | સ્પે. પરપઝ વ્હીકલ એન્ડ ક્રેઈન ઓપરેટર | ધો. ૧૦ પાસ + ITI મોટર મિકે, મિકે. ડિઝલ | ૬ માસ |
| ૯૨. | શીટ મેટલ ટેકનિશિયન | ધો. ૧૦ પાસ + ITI શીટમેટલ પાસ | ૬ માસ |
| ૯૩. | કારપેન્ટર એન્ડ જોઈનર | ધો. ૧૦ પાસ + ITI કારપેન્ટર પાસ | ૬ માસ |
| ૯૪. | શીપ બિલ્ડીંગ ટેકનિશિયન એડવાન્સ | ધો. ૧૦ પાસ + ITI વેલ્ડર, ફીટર પાસ | ૬ માસ |

નાયબ નિયામક,
રોજગાર અને તાલીમ નિયામકની કચેરી,
ગાંધીનગર.



# ૪ એપ્રેન્ટિસશીપ તાલીમ યોજના

– *પી. એ. મિસ્ત્રી*

● **પ્રસ્તાવના :**

આજના મુકત અર્થતંત્ર અને વૈશ્વિકરણના સમયમાં ખાનગી અને જાહેર ક્ષેત્રે ઔધોગિકરણમાં વધારો થઇ રહ્યો છે. વ્યવસ્થિત તાલીમ પામેલ માનવબળ એ ઔધોગિક વિકાસમાં અંત્યત જરૂરી છે. ઉત્પાદન અને ઉત્પાદકતાને સીધી રીતે અસરકર્તા પરિબળો પૈકીનું એક પરિબળ કુશળ માનવબળ છે. એપ્રેન્ટિસશીપ તાલીમ એ ઉધોગોને કુશળ તાલીમ પામેલ માનવબળ પુરૂ પાડવા માટેની અંત્યત મહત્વની યોજના છે

**(૧) એપ્રેન્ટિશીપ તાલીમ યોજનાના ઉદેશ અને હેતુ :**

એપ્રેન્ટિસ તાલીમ યોજના મુખયત્વે નીચે મુજબના બે હેતુ ધરાવે છે.

(૧) શાળા છોડી ગયેલ ઉમેદવારો કે આઈ. ટી.આઈ. પાસ કરેલ ઉમેદવારોને ખાનગી કે જાહેર ક્ષેત્રનાં ઔદ્યોગિક એકમો ખાતેની on job Training સુવિધાનો મહત્તમ લાભ આપી તેમને કૌશલ્ય કુશળ બનાવવા (૨) જુદા જુદા વ્યવસાયોમાં ઔદ્યોગિક એકમના સહયોગથી સૈદ્ધાંતિક તેમજ પ્રાયોગિક તાલીમ આપી ઉદ્યોગો માટેનું કુશળ માનવબળ ઊભું કરવું.

**(૨) પ્રવેશ માટેની લાયકાત :**

● સ્ત્રી કે પુરૂષ કે જેઓ ૧૪ વર્ષથી ઓછી ઉંમર ધરાવતા ના હોય અને નિયત લઘુત્તમ શૈક્ષણિક લાયકાત ધરાવતા હોય તેઓ એપ્રેન્ટીશીપ તાલીમ યોજનામાં તાલીમ લેવા માટે જોડાઇ શકે છે.

● લઘુત્તમ શૈક્ષણિક લાયકાત જુદા-જુદા વ્યવસાયો માટે જુદી-જુદી હોય છે.ધો.૮ પાસથી B.Sc. પાસ સુધીની શૈક્ષણિક લાયકાત ધરાવતા ઉમેદવાર આ યોજના હેઠળના ૨૬૦ નિયત વ્યવસાયોમાં તાલીમ મેળવી શકે છે.

**(૩) પ્રવેશ સત્ર (ભરતી સત્ર) :**

એકમો ખાતે એપ્રેન્ટિસની ભરતી બે વાર કરવામાં આવે છે.

(૧) ૧ લી ફેબ્રુઆરી થી ૧૫ એપ્રિલ દરમ્યાન

(૨) ૧ લી ઓગષ્ટ થી ૧૫ ઓકટોબર દરમ્યાન

**(૪) પ્રવેશ પ્રક્રિયા :**

ઔધોગિક એકમો પોતાના એકમ ખાતે એપ્રેન્ટિસની ભરતી માટે નીચે મુજબના ઉમેદવારોની પસંદગી કરી શકે છે.

(૧) આઇ.ટી.આઇ. પાસ થયેલ ઉમેદવાર

(૨) લઘુત્તમ શૈક્ષણિક લાયકાત ધરાવતા ઉમેદવાર (ફ્રેશર ઉમેદવાર)

ઉપરોક્ત કોઇ પણ ઉમેદવારો કે જેઓ એપ્રેન્ટિસ તરીકે જોડાવવા ઇચ્છતા હોય તેવોએ નજીકની આઇ. ટી.આઇ.નો સંપર્ક કરી જરૂરી માર્ગદર્શન મેળવી શકે છે, અથવા તો નીચે જણાવ્યા પ્રમાણેની પ્રાદેશિક કચેરી ખાતેથી માહિતી મેળવી શકે છે.

| વિભાગીય એપ્રેન્ટિસ સલાહકાર અને નાયબ નિયામક (તાલીમ), પ્રાદેશિક કચેરી | |
|---|---|
| આઇ.ટી.આઇ.હોસ્ટેલ બિલ્ડીગ, કુબેરનગર અમદાવાદ-૩૮૨૪૪૦ | એનેક્ષી ભવન, બીજો માળ, બહુમાળી ભવન કમ્પાઉન્ડ, રાજકોટ-૩૬૦૦૦૧ |
| ૯૧૩, 'ઇ' બ્લોક, કુબેર ભવન, કોઠી કેમ્પસ,વડોદરા | આઇ.ટી.આઇ. હોસ્ટેલ બિલ્ડીગ, મજુરા ગેટ, સુરત- ૩૯૫૦૦૧ |

**(૫) નિયત તાલીમ :**

એપ્રેન્ટિસ તાલીમ યોજના અંતર્ગત એપ્રેન્ટિસોએ નીચે જણાવ્યા મુજબની તાલીમ લેવાની રહે છે.

**(૧) પાયાની (બેઝિક) તાલીમ :**

●જે તે વ્યવસાયની બેઝિક તાલીમ દરમ્યાન જરૂરી સાધન સામગ્રી/હાથ-ઓજારો તેમજ મશીનરી બાબતને લગતી પાયાની તાલીમ આપવામાં આવે છે.

●જે ઉમેદવારોએ આઇ.ટી.આઇ. પાસ કરેલ છે તેમણે પાયાની (બેઝિક)તાલીમ લેવાની રહેતી નથી.

●લઘુત્તમ શૈક્ષણિક લાયકાત ધરાવતા ઉમેદવારો કે

જેઓ આઇ.ટી.આઇ. પાસ નથી તેઓએ જે તે વ્યવસાયના સિલેબસમાં નિયત થયેલ સમયગાળા મુજબની બેઝિક તાલીમ મેળવવાની હોય છે.

● જે એકમોમાં કામદારોની સંખ્યા ૨૫૦ કરતા વધુ હોય તેવા એકમોના ફ્રેશર એપ્રેન્ટિસોની બેઝિક તાલીમની જોગવાઇ જે તે એકમ દ્વારા કરવામાં આવે છે. જયારે ૨૫૦ કરતા ઓછા કામદાર ધરાવતા એકમના ફ્રેશર એપ્રેન્ટિસોએ નજીકની આઇ.ટી.આઇ.મા અથવા તો સરકારશ્રીએ નક્કી કરેલ કેન્દ્ર ખાતે બેઝિક તાલીમ મેળવવાની રહે છે.

**(૨) શોપ ફલોર તાલીમ :**

બેઝિક તાલીમ પૂર્ણ કર્યા બાદ એપ્રેન્ટિસોએ જે તે એકમ ખાતે તેમના વર્કશોપમાં શોપ ફલોર એટલે કે પ્રેકટીકલ તાલીમ મેળવવાની રહે છે.

**(૩) આનુષાંગિક તાલીમ (Related Instructions)**

શોપ ફલોર (પ્રેકટીલ) તાલીમની સાથે સાથે ફકત ફ્રેશર એપ્રેન્ટિસોએ નજીકની આઇ.ટી.આઇ.માં અથવા તો સરકારશ્રીએ નક્કી કરેલ કેન્દ્ર ખાતે રીલેટેડ ઇન્સ્ટ્રકશન (આર.આઇ.) કલાસીસ ખાતે અઠવાડીયામાં એક દિવસ જે તે વ્યવસાય સંબધીત આનુષાંગિક તાલીમ લેવાની ફરજિયાત છે.

**(૬) તાલીમનો સમયગાળો :**

મોટા ભાગના વ્યવસાયોનો બેઝિક તાલીમ સહિતનો એપ્રેન્ટિસ તાલીમનો સમયગાળો ૩ વર્ષનો છે. જયારે બાકીના વ્યવસાયોનો તાલીમ સમયગાળો ૬ મહિનાથી ૪ વર્ષ સુધીનો હોય છે.

આઇ.ટી.આઇ.પાસ ઉમેદવારોને જે તે સંબધીત વ્યવસાયના તાલીમી સમયગાળામાં નિયત થયેલ રીબેટ મળવાપાત્ર રહે છે.

ફ્રેશર ઉમેદવારોને તાલીમી સમયગાળામાં કોઇ છુટછાટ (રીબેટ) નથી.

**(૭) એપ્રેન્ટિસશીપ કરારનામુ (Contract of Apprenticeship)**

દરેક એપ્રેન્ટિસ ઉમેદવારે અને જો તે સગીર વયના હોય તો તેના વાલીએ સંબધીત એકમની સાથે નિયત થયેલ પ્રકાર પ્રમાણેનુ એપ્રેન્ટિસશીપ કરારનામુ (Contact) કરી સંબધીત અપ્રેન્ટીસ એડવાઇઝર દ્વારા નોધણી કરાવવાનુ રહે છે.

એપ્રેન્ટિસનો એપ્રેન્ટિસશીપ પ્રોગ્રામ આ કરારનામા પ્રમાણે અનુસરવાનો રહે છે.

કરારનામા અનુસારની શરતો અને જવાબદારીઓ એકમે તેમજ એપ્રેન્ટિસે નિભાવવાની રહે છે.

**(૮) એપ્રેન્ટિસ ને મળવા પાત્ર વૃતિકા (સ્ટાઇપેન્ડ) :**

એપ્રેન્ટિસ પાસેથી કોઇ પણ પ્રકારની તાલીમી ફી લેવામાં આવતી નથી.

તાલીમની સાથો-સાથ એપ્રેન્ટિસોને એકમ દ્વારા હાલના પ્રવર્તમાન નિયમો મુજબ નીચે જણાવ્યા મુજબની લધુત્તમ રકમ વૃતિકા(સ્ટાઇપેન્ડ) તરીકે આપવામાં આવે છે.

(૧) પ્રથમ વર્ષ ₹ ૨૧૦૦/- પ્રતિ માસ(૨) બીજુ વર્ષ ₹ ૨૪૦૦/- પ્રતિ માસ

(૩) ત્રીજુ વર્ષ ₹ ૨૮૦૦/- પ્રતિ માસ(૪) ચોથું વર્ષ ₹ ૩૧૦૦/- પ્રતિ માસ

આમ છતાં એકમ સ્વેચ્છાએ ઉપરોકત્ત રકમ કરતા પણ વધુ રકમની વૃતિકા (સ્ટાઇપેન્ડ) આપી શકે છે.

**(૯) ભરતીમાં અનામત :**

ભારત સરકારે ગુજરાત રાજય માટે અનુ.જાતિ માટે ૭ ટકા (૧:૧૪) અને અનુ.જન જાતિ માટે ૧૪ ટકા (૧:૭) નુ પ્રમાણ નક્કી કરેલું છે.

સઘન પ્રયત્નો કરવા છતાં પણ આ પ્રમાણ મુજબ અનુ.જાતિ અને અનુ.જનજાતિના યોગ્ય ઉમેદવારો પુરતા પ્રમાણમા ના મળે તો બેઠકો ખાલી ન રાખતા અન્ય ઉમેદવારોથી આ બેઠકો ભરી શકાય છે.

**(૧૦) પરિક્ષા પ્રમાણપત્ર :**

તાલીમનો નિયત સમય પૂર્ણ થયા બાદ વ્યવસાયીક ધંધાની તાલીમ માટેની રાષ્ટ્રીય કાઉન્સીલ તરફથી વર્ષમાં બે વાર એપ્રિલ અને ઓકટોબર અંતિત અખિલ ભારતીય વ્યવસાયીક કસોટી યોજવામાં આવે છે.

સફળ થયેલ એપ્રેન્ટિસોને જે તે વ્યવસાયનુ રાષ્ટ્રીય પ્રમાણપત્ર આપવામાં આવે છે.

જે જગ્યા અને સેવા માટે કારીગરોના પ્રમાણપત્રો જરૂરી લાયકાત તરીકે નક્કી કરાયેલા હોય તેવી ભારત સરકારની અને ગુજરાત રાજયની જગ્યાની અને સેવાઓમાં ભરતી થવા માટે આ પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવેલ છે.

**(૧૧) એપ્રેન્ટિસ તાલીમ યોજના- ગુજરાત સરકારની પહેલ :**

**(૧) પ્રોત્સાહક સ્ટાઈપેન્ડ :**

એપ્રેન્ટિસ અધિનિયમની જોગવાઇ મુજબ એકમ દ્વારા ચુકવવામાં આવતા સ્ટાઈપેન્ડના અપ્રયાપ્ત દરો ને ધ્યાને લઈને ગુજરાત સરકારે પ્રોત્સાહક સ્ટાઈપેન્ડ રૂપે માસિક રૂ.૧૫૦૦/- એકમ દ્વારા ચુકવાતા માસિક સ્ટાઈપેન્ડ ઉપરાંત આપવાનુ નક્કી કરેલ છે. જે સમગ્ર રાષ્ટ્રમાં એક આગવુ પગલુ છે.

**(૨) એપ્રેન્ટિસશીપ તાલીમ યોજના માટેનુ વેબ પોર્ટલ :**

- ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના નેજા હેઠળની કમિશનર, રોજગાર અને તાલીમની કચેરી દ્વારા એપ્રેન્ટિસ તાલીમ યોજનાના રાજમાર્ગના કેન્દ્રબિંદુ સમાન વેબ બેઝ પોર્ટલ,'iic.gcvt.org' કાર્યરત કરવામાં આવેલ છે.
- વેબ બેઝ આ યોજનાના મુખ્ય બે લાભાર્થીઓ – ઔધોગિક એકમો અને એપ્રેન્ટિસ તરીકે જોડાવા ઈચ્છુક ઉમેદવારો માટે યોજના સંબધીત માહિતીની આપ-લે માટેનુ જંકશન રહેશે.
- કોઇ પણ ઔધોગિક એકમ કે જેને આ યોજનાના સહભાગી થવુ તે આ વેબ-પોર્ટલથી રજીસ્ટ્રેશન મેળવી શકશે તેમજ ત્યારબાદ યોજના સંબધીત તમામ પ્રકિયાઓ ઓન લાઇન પારદર્શકતા પુવર્ક કરી શકશે.
- તે જ પ્રમાણે કોઇ પણ ઉમેદવાર કે જેને એપ્રેન્ટિસ તરીકે તાલીમ મેળવીને રોજગારી મેળવવી છે તે પણ આ વેબ-પોર્ટલથી રજિસ્ટ્રેશન મેળવી શકશે તેમજ યોજના સંબધીત એકમોની તેમજ અન્ય વિગતો ઓન લાઇન મેળવી શકશે.

**(૩) એપ્રેન્ટિસશીપ તાલીમ યોજના માટે ટોલ ફ્રી હેલ્પ લાઈન :**

- ગુજરાત સરકાર દ્વારા આ યોજનાના લાભાર્થીઓની મદદ અર્થે ટોલ ફ્રી હેલ્પ લાઈન શરૂ કરવામાં આવેલી છે. જેનો નંબર ૧૮૦૦-૨૩૩-૫૫૦૦ છે. જેના દ્વારા કોઈ પણ વ્યક્તિ આ યોજના સંબંધિત માહિતી ફોનના માધ્યમથી વિના મૂલ્યે મેળવી શકે છે.

(૪) એપ્રેન્ટીસશીપ તાલીમ યોજના હેઠળ નિયત કરેલા ૨૬૦ જેટલા વ્યવસાયોમાં તાલીમ મેળવી શકાય છે. વિવિધ વ્યવસાયો શૈક્ષણિક લાયકાતો તથા અન્ય વિગતોની વધુ જાણકારી વેબસાઈટ www.talimrojgar.org પર ઉપલબ્ધ છે.

નાયબ નિયામક (તાલીમ)
કમિશનર,રોજગાર અને તાલીમની કચેરી
બ્લોક નં.૧, ત્રીજો માળ,
ડો. જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.



# ૫ કૌશલ્ય વર્ધન કેન્દ્રો

*– વી. એસ. ચંપાવત*

રાજ્યમાં થઈ રહેલી ઝડપી વિકાસને જોતા આર્થિક અને સામાજિક વિકાસની સાથે સાથે કૌશલ્ય વિકાસ ધરાવતું માનવબળ ગુજરાતની જરૂરિયાત છે.

આ જ્ઞાન શક્તિના યુગમાં ગુજરાતનો યુવાન માત્ર દેશના અન્ય રાજ્યો સાથેની નહીં પરંતુ વિદેશો સાથેની સ્પર્ધામાં પણ શ્રેષ્ઠ પૂરવા થાય તેવી કૌશલ્ય તાલીમ આપવા માટે રાજ્યના યુવાધનને ગ્રામ્ય કક્ષાએ ઘરઆંગણે તાલીમ મળી રહે તે માટે કૌશલ્ય વર્ધન કેન્દ્ર યોજના શરૂ કરવામાં આવી છે.

રાજ્યના ૫૦૦૦ થી વધુ વસતી ધરાવતા તમામ ગામોને ૧૫ કી.મી.ના પરિઘનાં કોઈપણ સ્કીલ સેન્ટરથી સમાવવાના હેતુથી સંગઠીત ક્ષેત્રની સાથે સાથે સંગઠીત ક્ષેત્રે કૌશલ્ય ધરાવતા કે ન ધરાવતા ગરીબ, અલ્પ શિક્ષિત ગ્રામજનોને, કિશોરીઓને તથા ખાસ કરીને મહીલાઓને વિવિધ કૌશલ્યના અભ્યાસક્રમો દ્વારા કૌશલ્ય સભર બનાવવા રોજગારી/સ્વરોજગારી માટે તાલીમબદ્ધ કરવાનો મુખ્ય ઉદ્દેશ છે. વંશપરંપરાગત ધંધાવાળા, પૂરતું શિક્ષણ પ્રાપ્ત ન કરી શકનાર, ધો-૫ પછી શાળાનું ભણતર છોડી દેનાર અને જેની પાસે હુન્નર કૌશલ્ય છે. પરંતુ પ્રમાણપત્ર નથી તેવા જનસમુદાયને ઘરઆંગણે તાલીમ આપી પ્રમાણિત કરવાનો આ યોજનાનો ઉદ્દેશ છે.

પ્રથમ તબક્કે વર્ષ ૨૦૧૦-૧૧ દરમિયાન ૧૫૦ કૌશલ્ય વર્ધન કેન્દ્ર, વર્ષ ૨૦૧૧-૧૨માં ૧૫૦ કૌશલ્ય વર્ધન કેન્દ્ર. વર્ષ ૨૦૧૨-૧૩માં ૩૦ કૌશલ્ય વર્ધન કેન્દ્ર (ટ્રાયબલ વિસ્તારમાં), ૦૫ કૌશલ્ય વર્ધન કેન્દ્ર (અપંગ ઉમેદવારો માટે) અને વર્ષ ૨૦૧૩-૧૪માં ૧૬૫ કૌશલ્ય વર્ધન કેન્દ્રો શરૂ કરવામાં આવેલ છે.

આ કૌશલ્ય વર્ધન કેન્દ્રોમાં ઉમેદવારોની અનુકૂળતા અનુસારના તાલીમના સમયની વ્યવસ્થા કરવામાં આવેલ છે. આ યોજનામાં ટૂંકાગાળાના કોર્ષ WISH (W-Women Oriented, I-Industry Oriented, S-Soft Skill અને H-Hard Core Courses) એપ્રોચથી પસંદ કરેલ છે. જેમાં મોડ્યુલર એમ્પ્લોયેબલ સ્કીલના આશરે ૬૫૧ અને જીવંત પર્યન્ત સેવાઓને લગતા ૧૯૮૦ જેટલા વ્યવસાયો પૈકીના વ્યવસાયોમાં તાલીમ આપવાનો નવતર અભિગમ છે.

કૌશલ્ય વર્ધન કેન્દ્ર અદ્યતન સુવિધા ધરાવતું કેન્દ્ર છે. જેમાં લઘુત્તમ ધોરણ-૫ પાસ અને ૧૪ વર્ષ કે તેથી વધુ ઉંમરના યુવક-યુવતીઓ પોતાની અનુકૂળતા પ્રમાણે તાલીમ લઈ શકે છે. જેમાં અનુભવી પ્રશિક્ષક દ્વારા તાલીમ આપવામાં આવે છે. કૌશલ્ય વર્ધન કેન્દ્રમાં અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, મહિલાઓ, અપંગ તથા બીપીએલ ઉમેદવારોને ફીમાંથી મુક્તિ આપેલ છે. જ્યારે અન્ય ઉમેદવારોને ફક્ત ₹ ૫૦ની માસિક નજીવી ફીમાં તાલીમ આપવામાં આવે છે.

હાલમાં જુદા જુદા કૌશલ્ય વર્ધન કેન્દ્ર ખાતે બેઝિક બ્યુટિશીયન, હાઉસ વાયરીંગ, હોમ એપ્લાયન્સીસ રીપેરીંગ, કોમ્પ્યુટર ફંડામેન્ટલ, BCC+ , બેઝિક સુઈંગ ઓપરેટર, જેમ્સ એન્ડ જ્વેલરી ડિઝાઈન, ટુ વ્હીલર ઓટો રીપેરીંગ, આર્ક વેલ્ડીંગ અને ગેસ વેલ્ડીંગ, મોબાઈલ રીપેરીંગ જેવા વ્યવસાયોમાં હુન્નર કૌશલ્યની તાલીમ આપવામાં આવે છે. જેમાંથી મહિલાઓને લગતા બેઝિક બ્યુટિશિયન, કોમ્પ્યુટર ફંડામેન્ટલ, BCC+ બેઝિક સુઈંગ ઓપરેટર, જેમ્સ એન્ડ જ્વેલરી ડિઝાઈન વ્યવસાયો લોકપ્રિય છે. તમામ વ્યવસાયોમાં ગુજરાત કાઉન્સિલ ઑફ વોકેશનલ ટ્રેનિંગ (GCVT), ગાંધીનગર દ્વારા તાલીમ બાદ પ્રમાણપત્ર આપવામાં આવે છે.

રાજ્યમાં આવી તાલીમ પામેલ કેટલીક મહિલા / યુવાનોએ પોતાના વિસ્તારમાં નવીન દુકાન/શોપ શરૂ કરેલ છે. કેટલાક લોકોએ સીઝનલ વ્યવસાયો શરૂ કરેલ છે. જેથી તેમની આવકમાં વધારો થવાથી તેમના કુટુંબના આર્થિક તેમજ સામાજિક ધોરણમાં સુધારો થયો છે.

SATCOM (સેટેલાઈટ ટેલીકોમ્યુનિકેશન)ના માધ્યમથી BISAG (ભાસ્કરાચાર્ય ઈન્સ્ટિટ્યૂટ ફોર સ્પેસ એપ્લિકેશન એન્ડ જીઓઈન્ફોર્મેટીક્સ) દ્વારા જુદા જુદા પ્રકારની વ્યાવસાયિક તાલીમનું અનુભવી/કુશળ આમંત્રિત વ્યાખ્યાતા દ્વારા અપાતી તાલીમનું જીવંત પ્રસારણ કરવામાં આવે છે. જે તમામ તાલીમાર્થીઓ ઉપરાંત ગ્રામજનો. અન્ય શાળાના વિદ્યાર્થીઓ પણ નિહાળે છે.

આ ઉપરાંત માનવીની જીવનમાં ઉપયોગી થાય તેવા જન્મથી મરણ સુધીના જરૂરિયાતવાળા કુલ ૧૯૮૦ સ્કીલ બેઈઝ કોર્સ ઓળખેલ (identify કરેલ) છે. જેને લગતી તાલીમ આપીને તે તાલીમને પણ પ્રમાણિત કરવામાં આવે છે. જેમાં ખાટલો ભરવો, વિવિધ સંગીતના વાજીંત્રો વગાડવા, મંડપ ડેકોરેશન, સાપ પકડવા, માછલા પકડવા, વાંસળી વાદન, વર્લી પેઈન્ટીંગ, માછલીની જાળ રીપેર કરવી જેવા વિવિધ અત્યંત ટૂંકાગાળાની તાલીમ આપવામાં આવેલ છે. આ ઉપરાંત વંશપરંપરાગત સ્કીલ જાળવવા તેમજ તેને પ્રોત્સાહન મળે તે હેતુથી ખાસ ટ્રેનરો દ્વારા વિવિધ તાલીમ આપવામાં આવે છે.

ઓગસ્ટ-૨૦૧૦થી ફેબ્રુઆરી-૨૦૧૪ સુધીમાં તાલીમ મેળવેલ કુલ ૧૦,૫૪,૭૯૩ યુવાનો પૈકી ૬,૪૬,૫૯૬ મહિલાઓ (૬૧%) જેમાં આદિજાતિ વિસ્તારમાં કુલ ૨,૭૭,૩૨૮ તાલીમાર્થીઓને તાલીમ આપવામાં આવેલ છે. જેમાં ૧,૬૩,૬૨૮ (૫૯%) મહિલાઓ છે.

જાહેર વહીવટી ક્ષેત્ર ઉત્કૃષ્ટ કામગીરી બદલ કૌશલ્ય વર્ધન યોજનાને વર્ષ ૨૦૧૧-૧૨ માટેનો પ્રધાનમંત્રી પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો છે.

આ યોજનાને મળેલ સુંદર પ્રતિસાદને કારણે કેન્દ્ર સરકારના અધિકારીશ્રી/પદાધિકારીશ્રીઓ, પ્લાનિંગ કમિશન, નેશનલ સ્કીલ ડેવલપમેન્ટ કમિશન, નેશનલ એડવાઈઝરી કમિશન, વિશ્વ બેન્ક, ડાયરેકટર જનરલ ઑફ એમ્પલોયમેન્ટ એન્ડ ટ્રેનિંગ, ઉપરાંત દેશના અન્ય રાજ્યો જેવા કે પંજાબ, ઓરિસ્સા, ઉત્તર પ્રદેશ, રાજસ્થાન, ગોવા, તામિલનાડુ, આંધ્રપ્રદેશ અને અરુણાચલ પ્રદેશના પદાધિકારીશ્રીઓ તેમજ અધિકારીશ્રીઓએ રૂબરૂ મુલાકાત લઈને આ મોડેલનું અમલીકરણ અન્ય રાજ્યોમાં કરાવવા જરૂરી નોંધ લીધેલ છે.

મદદનીશ નિયામક,
રોજગાર અને તાલીમ વિભાગ,
ગાંધીનગર.



# ૬ ઓવરસીઝ એમ્પ્લોયમેન્ટ એન્ડ કેરીયર ઈન્ફર્મેશન સેન્ટર

*–એન. કે. પટેલ*

દેશમાંથી શિક્ષિત વિધાર્થીઓ ઉચ્ચ અભ્યાસ અર્થે તેમજ તાંત્રિક કૌશલ્ય ધરાવતા યુવાનો રોજગારી અર્થે દરિયાપારના દેશોમાં જતાં હોય છે.આવી રીતે વિદેશ જનારાઓમાં દેશના અન્ય રાજયોની સરખામણીમાં ગુજરાતના યુવાનોની સંખ્યા વધુ રહેલી છે. આવા વિધાર્થીઓ માટે કયાં કયાં દેશોમાં કઈ કઈ યુનિવર્સિટી માન્ય છે ? તેમાં કયા કયા પ્રકારના અભ્યાસક્રમો ચલાવવામાં આવે છે ? તેમજ આ અભ્યાસક્રમો માટેનો સમયગાળો કેટલો છે ? આ અભ્યાસક્રમોની કેટલી ફી છે ? તેમાં એડમિશન કેવી રીતે મેળવી શકાય ? તેમજ યુવાનોને રોજગારી અર્થે દરિયાપારના દેશોમાં જતા વિદેશમાં રોજગારી માટે કયા કયા દેશમાં કેવા પ્રકારની રોજગારીની તકો રહેલી છે ? તેમજ તે માટેની નોકરીની શરતો કેવા પ્રકારની હોય છે? તથા આ માટે જરૂરી પાસપોર્ટ કઢાવવાની પ્રકિયા, વિઝા મેળવવાની પ્રકિયા વગેરેથી માહીતગાર કરવાની જરૂરીયાત રહે છે.

દરિયાપારના દેશોમાં ઉચ્ચ અભ્યાસ અર્થે તેમજ તાંત્રિક કૌશલ્ય ધરાવતા યુવાનોને રોજગારી અર્થે સર્વ પ્રથમ પાસપોર્ટ ની જરૂરિયાત રહે છે તો પાસપોર્ટ મેળવવા અંગે જરૂરી ફોર્મ મેળવી ભરાવવા તથા જે–તે સંસ્થાને મોકલી આપવા. પાસપોર્ટ મેળવવાની સમગ્ર પ્રક્રિયાનુ સંપૂર્ણ માર્ગદર્શન આપવું.તેમજ પાસપોર્ટ મળ્યા બાદ અગત્યની પ્રક્રિયા છે વિઝા મેળવવાની જે દેશમાં જવાનુ હોય તે દેશના વિઝા કયાંથી મળશે, તે માટે જરૂરી ફી કેટલી હોય છે તથા તે માટે કઈ કાર્યવાહી હાથ ધરવી પડે તે માટે જરૂરી માર્ગદર્શન પુરું પાડવું.તેમજ IELTS/TOFEL/GMAT/GRE વિગેરે પરીક્ષાઓની માહિતી આપવી ખુબજ જરૂરી બની રહે છે.

ગુજરાતના આવા દરિયાપારના દેશોમાં ઉચ્ચ અભ્યાસ અર્થે તેમજ તાંત્રિક કૌશલ્ય ધરાવતા રોજગારી અર્થે જતાં યુવાનોને માર્ગદર્શન આપવા માટે રાજયમાં ખાનગી એજન્સીઓ આવેલી છે જે ઉચ્ચ ફી લઈને આ અંગે માર્ગદર્શન આપતી હોય છે.ઘણીવખત આવા યુવાનો લેભાગુ એજન્સીઓ/વ્યકિતઓ દ્વારા છેતરામણીનો ભોગ બનતા હોવાથી આવા વિદેશ જવાં ઈચ્છુક યુવાનોને આવી છેતરપિંડીથી બચાવવા ગુજરાત સરકારના રોજગાર અને તાલીમ કમિશનરશ્રી દ્વારા ૨૬ મી જાન્યુઆરી ૨૦૧૪ પ્રજાસત્તાક દિને ગુજરાતના બે અગ્રણી શહેરો અમદાવાદ અને વડોદરામાં વિનામુલ્યે " ઓવરસીઝ એમ્પ્લોયમેન્ટ એન્ડ કેરીયર ઈન્ફર્મેશન સેન્ટર " કાર્યરત કરવામાં આવેલ છે.આ કેન્દ્રો ઉચ્ચ અભ્યાસ અર્થે વિદેશ જવાં ઈચ્છુક તેમજ રોજગારી અર્થે દરિયાપારના દેશોમાં જતાં યુવાનોને નીચેના મુદ્દાઓ પર માહિતી પુરી પાડીને તેમને મદદરૂપ થાય છે.

- વિદેશમાં વધુ અભ્યાસ તથા રોજગારી અર્થે જતા ઉમેદવારોને માર્ગદર્શન
- દરિયાપારના દેશોમાં આવેલી કોલેજો દ્વારા ચલાવામાં આવતાં વિવિધ પ્રકારના અભ્યાસક્રમો તેમાં પ્રવેશ માટેના ધોરણો આવી યુનિવર્સિટી /કોલેજોને ત્યાંની સરકાર દ્વારા આપેલ માન્યતા,અભ્યાસક્રમોનો સમયગાળો, ફી નું ધોરણ,ભારતમાં આ અભ્યાસક્રમની માન્યતા, અભ્યાસની સાથોસાથ પાર્ટટાઈમ નોકરીની શકયતાઓ અને તકો તેમજ અભ્યાસક્રમ પછી વિદેશમાં રોજગારી મેળવવાની તથા સ્થાયી થવા ની તકો વિશેની માહિતી.
- અભ્યાસ અંગેની ફી ,વિમાનપ્રવાસનું ભાડું અને ત્યાં રહેવા જમવા માટે થનાર ખર્ચની વિગતો.
- અંગ્રેજી ભાષાના જ્ઞાન માટે IELTS/TOFEL/GMAT/GRE વગેરે પરીક્ષાઓનું આયોજન કરતી સંસ્થાઓની માહિતી અને તે અંગેનું સાહિત્ય.
- વિદેશમાં વધુ અભ્યાસ અર્થે જતાં વિધાર્થીઓને વિઝા મેળવવા માટે કરવી પડતી કાર્યવાહી જેવી કે બેંક બેલેન્સ,પી.પી.એફ.,પોસ્ટમાં કે બેંકમાં ફિકસ ડિપોઝીટમાં કરેલ રોકાણો, ઉચ્ચ અભ્યાસ અર્થે બેંકોમાંથી મળતી લોનની સવલતોની માહિતી.
- તાંત્રિક કૌશલ્ય ધરાવતા અને ઉચ્ચ અભ્યાસ કરીને રોજગારી અર્થે જતાં યુવાનોને શૈક્ષણિક લાયકાત, વ્યાવસાયિક જ્ઞાન,કુશળતા,કાર્યાનુભવ,આરોગ્ય અને

કોન્ફરન્સ દ્વારા ઈન્ટરવ્યુ આપવા જેવી બાબાતો તેમજ વિવિધ દેશોમાં આવેલ વિવિધ કંપનીઓ/સંસ્થાઓમાં રોજગારીની તકો માટેની અન્ય જરૂરીયાતો અંગેની પ્રાથમિક વિગતો.

● ઈન્ટરવ્યુની કાર્યવાહી માટે ઓનલાઈન અરજી કરવા અંગેની માહિતી અને માર્ગદર્શન : આજદિન સુધીમાં " ઓવરસીઝ એમ્પ્લોયમેન્ટ એન્ડ કેરીયર ઈર્ન્ફેમેશન સેન્ટર "અમદાવાદ તેમજ વડોદરા દ્વારા યુનિવર્સિટીમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ માટે કોલેજોમાં અને વિદેશ અભ્યાસ તથા રોજગાર માટે માહિતી મેળવવા માટે રોજગાર કચેરીના આ સેન્ટરો ખાતે આવતા ઉમેદવારો અર્થે આના જાણકાર કાઉન્સિલર દ્નારા સેમિનાર ગોઠવવામાં આવે છે. ઉમેદવારોને તત્કાલિન વિગતોથી માહિતગાર કરવા માટે પ્રતિષ્ઠિત એજન્સીમાંથી આવતા ઉમેદવારોનું કાઉન્સેલિંગ કરી શકે તેવી વ્યવસ્થા પણ કરવામાં આવેલ છે. તેમજ સેન્ટર ખાતે વિદેશમાં રોજગાર માટે તેમજ વિદેશમાં ઉચ્ચ અભ્યાસ અર્થે ઈચ્છુક ઉમેદવારોનું રજીસ્ટર નિભાવવામાં આવે છે જેમાં તેઓનો સમગ્ર ડેટા જેમ કે નામ સરનામું જન્મતારીખ અને શૈક્ષણિક લાયકાત પાસપોર્ટ હોય તો તેની વિગતો રાખવામાં આવે છે. આ સેન્ટરો ખાતે ઉમેદવારોને સચોટ માહિતિ મળી રહે તે હેતુસર ઈન્ડો અમેરીકન સોસાયટી (અમેરીકન યુનિવર્સિટીઓ માટે), બ્રિટીશ લાઈબ્રેરી (બ્રિટીશ યુનિવર્સિટીઓ માટે), તથા આઈ.ડી.પી.( ઓસ્ટ્રેલીયન યુનિવર્સિટીઓ માટે)ને લગતા માહિતીસભર પેમ્ફલેટ, લીફલેટ, માહિતી પુસ્તિકાઓનું નિદર્શન પણ કરવામાં આવેલ છે.

**● ભવિષ્યમાં કરવામાં આવનાર કામગીરી :**

- વિઝા,પાસપોર્ટ,પ્રવાસ અને મુદ્રાંકન (સ્ટેમ્પીગ) અંગે માર્ગદર્શન અને સહાય.
- ઉચ્ચ અભ્યાસ અર્થે તેમજ તાંત્રિક કૌશલ્ય ધરાવતા યુવાનોને રોજગારી અર્થે પાસપોર્ટ અને વિઝા જેમ કે સ્ટુડન્ટ વિઝા,ટુરીસ્ટ વિઝા,રોજગાર વિઝા વગેરેની જરૂરીયાતો અંગે માહિતી આપવી.
- પાસપોર્ટ અને વિઝાની અરજી કરવા માટે જરૂરી દસ્તાવેજો તૈયાર કરવામાં મદદ કરવી.
- વિઝા ઈન્ટરવ્યુ કેવી રીતે આપવો તે અંગેનું માર્ગદર્શન આપી માનસિક રીતે સજજ કરી સફળ થાય તેવા પ્રયત્નો કરવામાં આવશે.
- પાસપોર્ટ ઓથોરીટીની મદદથી કેમ્પ અને સેમિનાર યોજવામાં આવશે.

**● રોજગાર અને નિયુક્તિની સેવાઓ માટે સહાય :**

- દરિયાપારના દેશોમાં ઉચ્ચ અભ્યાસ અર્થે તેમજ તાંત્રિક કૌશલ્ય ધરાવતા યુવાનોને રોજગારી વિદેશમાં અભ્યાસ/નોકરી અંગે સેવાઓ આપતી માન્યતા પ્રાપ્ત ખાનગી સંસ્થાઓની માહિતિ આપવી.
- વિદેશના સંભવિત નોકરીદાતાઓ માટે રિક્રુટમેન્ટ કેમ્પનું આયોજન કરવું.

મદદનીશ નિયામક (રોજગાર)
વડોદરા



# ૭ ફાયર ફાઈટીંગ

*– શ્રીમતી સુધાબહેન ડી. પટેલ*

● **પ્રસ્તાવના :-**

સમગ્ર દુનિયામાં ઔદ્યોગિક પ્રગતિ સાથે સાથે આપત્તિ વ્યવસ્થાપનનો પવન પૂરજોશમાં ફુંકાઈ રહ્યો છે. જયારે કુદરતી કે માનવસર્જિત આપત્તિઓ જેવી કે આગ, પૂર, શીતલહેર, ઝેરીગેસ લીકેજ જેવી કપરી પરિસ્થિતિઓનો સામનો કરવા ફાયર ફાઈટર્સ ખડે પગે યુધ્ધના ધોરણે લડાયક કામગીરી કરીને જાનમાલનું રક્ષણ કરે છે. દુનિયામાં સૌથી કિંમતી ચીજ જીવન છે અને તેનું રક્ષણ ફાયરમેન કરે છે. સાહસ અને હિંમત ધરાવતા યુવાનો માટે ફાયર અને સેફ્ટિના ક્ષેત્રમાં ખૂબ સારી તકો છે. આફત ગમે ત્યારે આવે છે અને એ સમયે બચાવ કામગીરી માટે ફાયર બ્રિગેડ પહોંચી જાય છે. આફત સમયે બચાવ તેમજ સલામતીની કામગીરી પણ કરવાની હોય છે. ફાયર ફાઈટરની પડકારવાળી, સાહસિકતાની, પોતાની આત્મસૂઝ અને હોશિયારી બતાવવાની કેરિયર છે. ફાયર ફાઈટર્સની સાહસિકતા અને પડકારોને ઝીલવાની ક્ષમતા ધરાવતા ગુણો, કેરિયરની પસંદગી આપતા પહેલા આપણે વિકસાવવા આવશ્યક છે. આપણામાં સાહસિકતા, આત્મવિશ્વાસ, બીજાને મદદ કરવાની ભાવના, ગમે તેવી સ્થિતિમાં મગજને શાંત રાખવાની ક્ષમતા, પડકારોનો સામનો કરવાની શક્તિ, વાતચીત કરવાની ક્ષમતા, સમાજસેવાની ભાવના અને પરિસ્થિતિને કાબુમાં લેવાની સમજ જેવા ગુણો હોવા અનિવાર્ય છે.

**(૧) ફાયરમેન કોર્સ :-**

લાયકાત : એસ.એસ.સી. કે તેની સમકક્ષ
મુદત : ૧ વર્ષ
માધ્યમ : ગુજરાતી અને હિન્દી

ગુજરાત કાઉન્સિલ ઓફ વોકશનલ ટ્રેનિંગ સંલગ્ન કોર્સ છે. આઈ.ટી.આઈ નો કોર્સ છે. આ કોર્સમાં સામાન્ય રીતે વિદ્યાર્થીની ઊંચાઈ ૧૬૫ સે.મી. હોવી જરૂરી છે. સમગ્ર કોર્સ દરમિયાન થિયરી, પ્રેકટીકલ, ડેમોસ્ટ્રેશન અને પ્રેકટિકલ એટેચમેન્ટની તાલીમ અપાય છે. ડ્રાઈવીગ શીખેલ હોય તો ડ્રાઈવર કમ ઓપરેટરની ટ્રેનિંગ પણ મેળવી શકાય છે. ૯ માસ સંસ્થાની ટ્રેનિંગ અને ૩ માસ પ્રેકટિકલ એટેચમેન્ટ અલગ – અલગ ફાયર સ્ટેશનની અંદર કરાવવામાં આવે છે.

**(૨) સેફ્ટિ એન્ડ સિક્યુરિટી કોર્સ :**

લાયકાત : એસ.એસ.સી. કે તેની સમકક્ષ
મુદત : ૧ વર્ષ
માધ્યમ : ગુજરાતી અને હિન્દી

આ કોર્સ ગુજરાત કાઉન્સિલ ઓફ વોકેશનલ ટ્રેનિંગ સંલગ્ન કોર્સ છે. આઈ.ટી.આઈ. ગાંધીનગર દ્વારા ચલાવતો આ કોર્સની સમગ્ર તાલીમ (થીયરી તેમજ પ્રેકટીકલ) કોલેજ ઓફ ફાયર ટેકનોલોજી ખોડાગામ, સાણંદ, વિરમગામ નેશનલ હાઈવેની કોલેજમાં આપવામાં આવે છે. આ કોર્સની ૨૮૦૦૦ રૂપિયા ફી છે. આ કોર્સની કુલ ૫૦ સીટો મંજુર થયેલ છે.

**(૩) બી.એસસી. ઈન ફાયર સેફટી :-**

જો તમારે ફાયર ઓફિસર બનવું હોય તો ૩ વર્ષનો બેચલર ડિગ્રી કોર્સ કરવો જરૂરી છે. જરૂરી શારીરિક ક્ષમતા ધરાવતા ૧૨ સાયન્સ અંગ્રેજી વિષય સાથે પાસ કરેલ વિદ્યાર્થી એડમિશન મેળવી શકે છે. આ કોર્સ કોલેજ ઓફ ફાયર ટેકનોલોજી ખોડા ગામ, વિરમગામ નેશનલ હાઈવે, સાણંદ મુકામે ચાલે છે. સરકારશ્રી તરફથી આ કોર્સની કુલ ૧૨૦ સીટ મંજુર થયેલ છે. આ કોર્સની ફી એક વર્ષ માટે ૫૫૦૦૦ રૂા. છે. બેચલર ડિગ્રી મેળવ્યા બાદ માસ્ટર ડિગ્રી ઈંગ્લેંડ કે અમેરિકામાં જઈ કરી શકો છો અને તમારી ગોલ્ડન કેરિયર બનાવી શકો છો.

**(૪) સિક્યુરીટી ગાર્ડ :**

ધોરણ – ૮ ભણેલ વ્યક્તિ ત્રણ માસની તાલીમ મેળવી ગાર્ડની ફરજ બજાવી શકે છે. ૩ માસના આ કોર્સમાં એન.આઈ.ઓ.એસ. દ્વારા સર્ટિફિકેટ અપાય છે.

● **નોકરીની તકો :-**

**સરકારી ક્ષેત્રે :** મ્યુનિસિપાલિટીઓ, જીલ્લા અને તાલુકા પંચાયતના ફાયર સ્ટેશનો, સંરક્ષણ ક્ષેત્રે, રેલ્વેતંત્ર, એરપોર્ટ, એ.ઈ.સી., જી.ઈ.બી., ઓ.એન.જી.સી., એલ.પી.જી., રિફાઈનરી, ખાણ અને ખનીજમાં બી.એસ.એફ., સી.આઈ.એસ.એફ. ક્ષેત્રે.

**પ્રાઈવેટ ક્ષેત્રે :-** આઈ.પી.સી.એલ. કેમિકલ ફેકટરી, ગેસ રિફાઈનરી, એસ્સાર સ્ટીલ, હજીરા પ્લાન્ટસ વગેરે.

**વિદેશમાં નોકરી :-** દુબઈ, કુવૈત, ઓસ્ટ્રેલિયા, ઈંગ્લેંડ જેવા દેશોમાં આગળ અભ્યાસ સાથે વિશાળ નોકરીની તકો છે.

ફાયર ફાઈટીંગને લગતા કોર્સ જે કોલેજોમાં ચાલે છે તેની વિગત નીચે પ્રમાણે છે.

- **કોલેજ ઓફ ફાયર ટૅકનૉલૉજી :-**

– **ધોરણ ૧૦ પછી**

| | કોર્સ | મુદત | સીટ | ફી |
|---|---|---|---|---|
| ૧. | આઈ.ટી.આઈ ફાયરમેન | ૧ વર્ષ | ૨૦૦ સીટ | ₹ ૨૮૦૦૦ |
| ૨. | સેફટી એન્ડ સિક્યુરીટી | ૧ વર્ષ | ૫૦ સીટ | ₹ ૨૮૦૦૦ |

– **ધોરણ ૧૨ સાયન્સ પાસ**

*૧.* ***બી.એસ.સી. ઈન***

ફાયર સેફટી - ૩ વર્ષ - સીટ ૧૨૦ ફી : ₹ ૫૫૦૦૦

સરનામું : કોલેજ ઓફ ફાયર ટેકનોલોજી, ખોડા ગામ, સાણંદ, વિરમગામ નેશનલ હાઈવે

ફોન નં. : ૦૨૭૧૭ ૨૭૩૨૦૬

મો. નં. : ૦૯૪૨૮૭૩૫૦૩૪

વેબસાઈટ : www.collegeoffiretechnology.com

ઈ-મેઈલ : info@collegeoffiretechnology.com

- **ફોર્મ મેળવવાનું સરનામું :-**

અમદાવાદમાં ફોર્મ મેળવવા માટે કોલેજની અમદાવાદમાં આવેલી ઓફિસનો સંપર્ક કરી મેળવી શકો છો. એ-૫, જયમંગલ હાઉસ, ગાંધીગ્રામ સ્ટેશન પાસે, સાકાર બિલ્ડીંગ સામે, આશ્રમરોડ, અમદાવાદ – ૩૮૦૦૦૯. ફોન નં. :- ૦૭૯-૨૬૫૮૪૦૮૦, ૦૭૯-૨૬૫૮૭૦૦૯

- **ઉમા ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફાયર ટેકનોલોજી :**

આઈ.ટી.આઈ. ફાયરમેન કોર્સ ૧ વર્ષની મુદત કુલ સીટો ૧૫૦ વાર્ષિક ફી : ₹ ૩૦૦૦૦.

**સરનામું :** ઉમા ઈન્સ્ટિટયૂટ ઓફ ફાયર ટેકનોલોજી, બાવળા – બગોદરા હાઈવે ઉપર, સાવસ્થી જૈન મંદિરની બાજુમાં, મુ. બાવળા, જી. અમદાવાદ. ફોન નં. : ૦૨૭૧૪-૨૩૦૧૬૫, મો. : ૯૦૯૯૦૬૩૨૬૦, વેબસાઈટ : www.umafire.com, ઈ-મેલ : umafire101@yahoo.in



- **નેશનલ ફાયર સર્વિસ કોલેજ (નાગપુર) :**

નેશનલ ફાયર સર્વિસ કોલેજ (નાગપુર)દ્વારા ફાયર સબ ઓફિસર કોર્સ ચલાવાય છે.

**સંપર્ક :** નેશનલ ફાયર સર્વિસ કોલેજ, જી.પી.ઓ. પાસે, સિવિલ લાઈન, પલ્મ રોડ, નાગપુર – ૪૪૦૦૦૧ (મહારાષ્ટ્ર), ફોન નં. : ૦૭૧૨ - ૨૫૬૫૦૭૪, ૨૫૬૦૪૭૬

- **અન્ય સંસ્થાઓ :**

- ઈન્સ્ટિટયૂટ ઓફ ફાયર એન્ડ ડિઝાસ્ટર મેનેજમેન્ટ, ગોત્રીરોડ, વડોદરા.
- ઈન્સ્ટિટયૂટ ઓફ ફાયર એન્ડ ડિઝાસ્ટર મેનેજમેન્ટ, પોર, વડોદરા.
- ફાયર એકેડેમી, નંદેસરી, ગોધરા.

- **નેશનલ ફાયર એકેડેમી, વડોદરા :-**

૧. સબ-ફાયર ઓફિસર કોર્સ
૨. ફાયરમેન સર્ટિફિકેટ કોર્સ
૩. ફાયર પ્રિવેન્શન એન્ડ ઈન્ડ્સ્ટ્રીયલ સેફ્ટિ કોર્સ
૪. ફાયર એન્ડ સેફ્ટિ મેનેજમેન્ટ.

**સરનામું :** નેશનલ ફાયર અકેડેમી, સરદાર એસ્ટેટ ચાર રસ્તા પાસે, આજવા – વાઘોડિયા રીંગરોડ, વડોદરા – ૩૯૦૦૧૯. ફોન નં. : ૦૨૬૫ – ૨૫૧૭૮૨૧, ઈ-મેઈલ : nfanna@hotmail.com

મદદનીશ,
વ્યવસાયી માર્ગદર્શન સંસ્થા,
સરકારી કન્યા શાળાના મકાનમાં,
રાયખડ, અમદાવાદ - ૩૮૦૦૦૧.

# ૮ ગુજરાત નોલેજ સોસાયટીના ઉપયોગી અભ્યાસક્રમો

*– શ્રીમતી સુધાબહેન ડી. પટેલ*

● **પ્રસ્તાવના :-**

એજ્યુકેશન વગર જીવન શકય નથી. હાલના વર્તમાન યુગમાં ભણતર વગરનો માનવી પાંગળો બની જાય છે. આજનો માનવી ધરતીના પેટાળ અને અંતરીક્ષ સુધી પહોંચી અવનવી શોધો અને જ્ઞાનની ક્ષિતિજો વિસ્તારતો રહ્યો છે. નવી નવી ટેકનિક, ઔદ્યોગીકરણ, વૈજ્ઞાનિક ક્રાંતિએ દેશ-દેશ વચ્ચેનું અંતર ઘટાડી દીધું છે. ભણતર વ્યક્તિના સમગ્ર જીવન તથા સંસ્કારનું ઘડતર કરે છે. પરિવાર – સમાજ - પ્રદેશ – રાષ્ટ્રની સંરચનામાં એક ઉત્તમ વ્યક્તિનો ઉમેરો કરે છે. આ બધુ તો ખરુ જ પરંતુ સૌથી અગત્યની અને પાયાની કોઈ લાગણી કે માંગણી ભણતર પાસે હોય તો તે ..... છે રોજગારીની. દરેક માં-બાપની અંતઃકરણની ઈચ્છા હોય છે. મારું સંતાન ભણે-ગણે અને પોતાના પગ પર ઉભું રહે. ભણતર થકી બાળકના ઉજ્જવળ ભાવિના સપનાં જોવામાં આવતા હોય છે.

પ્રતિદિન ટેકનોલોજીકલ વિકાસ થતો રહે છે. પરિણામે કામગીરીનું સ્વરૂપ પણ ઝડપથી બદલાતું જાય એ પણ સ્વભાવિક છે. આજ, એક એવું મોટું કારણ છે કે શિક્ષિત બેરોજગાર યુવાનોનાં આત્મવિશ્વાસને હચમચાવે છે. આ એક ગંભીર ચિંતનનો વિષય છે. કામગીરીનું સ્વરૂપ અને તેને અનુકુળ પ્રેક્ટિકલ ટ્રેનિંગ એનો ઉત્તમ જવાબ છે.

શિક્ષણ વ્યવસ્થા અને ઉદ્યોગ જગતની માંગ આ બંને વચ્ચેની ખાઈને પુરવા ગુજરાતે એક આગવી પહેલ કરી છે. એક બાજું શિક્ષણ મેળવેલ યુવાન બેરોજગારનું લેબલ લઈને ફરે છે. જયારે બીજી બાજુ ઉદ્યોગ જગતમાં જે ટ્રેડ ઈન ડિમાન્ડ તેવા કુશળ કારીગર મળતા નથી.

યુવાશક્તિને ઉદ્યોગોની જરૂરિયાત મુજબ કેળવી તાલીમબધ્ધ બનાવવાનું અભિયાન શરૂ થયું છે. ઉદ્યોગોની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને ટૂંકી મુદતનાં અસરકારક અભ્યાસક્રમોનું માળખું તૈયાર કરવામાં આવ્યું છે. તદ્દન નજીવી ફી લઈને યુવાનોને ઉદ્યોગ જગતની જરૂરિયાત મુજબ કૌશલ્ય નિર્માણ કરી તૈયાર કરવામાં આવે છે. આ પ્રકારની તાલીમ ગુજરાતના ખૂણે ખૂણે સુધી પહોંચાડવા ગુજરાત નોલેજ સોસાયટીની રચના કરવામાં આવી છે. આ રીતે ગુજરાત નોલેજ સોસાયટીએ ગુજરાતના શિક્ષિત યુવાનો માટે શરૂ કરવામાં આવેલી રોજગારલક્ષી પહેલ છે.

એસ.એસ.સી., એચ.એસ.સી. કે વધારે અભ્યાસ કરેલા યુવાનોને કાર્યકુશળતા પ્રદાન કરી રોજગારીની નવી દિશાઓ ખોલી આપવાની જી.કે.એસ.ની મુળત : પ્રવૃત્તિને ત્રણ વિભાગમાં વિભાજીત કરવામાં આવી છે. જેમાં પ્રથમ પ્રવેશ, ત્યારબાદ તાલીમ અને છેલ્લે પ્લેસમેન્ટનો સમાવેશ થાય છે.

● **ગુજરાત નોલેજ સોસાયટીના રોજગારલક્ષી અભ્યાસક્રમો :**

- પ્રર્વતમાન સમયાનુસાર ઔધૌગિક ગૃહોની જરૂરિયાત અનુસારની શિક્ષણ પધ્ધતિ, યુવાનોમાં ઉચ્ચ ગુણવત્તાનું નિર્માણ કરી નોકરીની તકો ઉપલબ્ધ કરાવવાના નેમ સાથેની ગુજરાત સરકારની યોજના.
- સરળ રુચિપ્રેરક અભ્યાસક્રમો
- પ્રવેશ પધ્ધતિ સરળ, પ્રવેશ નજીકના સ્થળે ઉપલબ્ધ.
- ફીનું માળખું ન્યૂનતમ
- આઈ.ટી. સેકટર અને નોન આઈ.ટી. સેકટરના અનેકવિધ અભ્યાસક્રમો

● **ગુજરાત નોલેજ સોસાયટીના અભ્યાસક્રમો માટે પ્રવેશ પધ્ધતિ :-**

ઔદ્યોગિક ગૃહોની માંગણીને લક્ષમાં રાખીને અભ્યાસક્રમો તૈયાર કરવામાં આવ્યા છે. વિદ્યાર્થીઓને ચાર સ્તરમાં વર્ગીકૃત કરવામાં આવે છે.

લેવલ -૧ : ધોરણ ૧૦ પાસ અને તેથી ઉપરના વિદ્યાર્થીઓ માટે.

લેવલ -૨ : ધોરણ ૧૨ પાસ કોઈ પણ પ્રવાહના અને તેથી ઉપરના વિદ્યાર્થીઓ માટે.

લેવલ -૩ : સ્નાતક વિદ્યાર્થીઓ માટે (બી.એસ.સી., બી.એ., બી.કોમ વગેરે)

લેવલ -૪ : અનુસ્નાતક વિદ્યાર્થીઓ માટે (એમ.એસ. સી., એમ.ઈ., એમ.કોમ., એમ.એ..... વગેરે)

વિદ્યાર્થીઓએ પોતાના લેવલના આધારે અભ્યાસક્રમની પસંદગી કરવાની રહેશે.

- **સાદી પ્રવેશ પ્રક્રિયા :-**

પગથિયું -૧ : અભ્યાસક્રમ કોષ્ટકમાં દર્શાવેલ અભ્યાસક્રમોમાંથી તમારા લેવલના તમને અનુકુળ અભ્યાસક્રમની પસંદગી કરો.

પગથિયું -૨ : અભ્યાસક્રમ ચલાવતા નજીકના કેન્દ્રનો સંપર્ક કરો. સંચાલન કેન્દ્રોની વિગતો તેમજ અન્ય માહિતી જી.કે. એસ.ની વેબસાઈટ માંથી મેળવી શકો છો.

પગથિયું -૩ : અભ્યાસક્રમ માટેનાં સંચાલન કેન્દ્ર પર ફોર્મ ભરો.

પગથિયું -૪ : નજીકની એકસીસ બેંન્કમાં ફી ભરો. તમને આપવામાં આવેલ રિસિપ્ટમાંથી એક તમારી પાસે રાખો અને બાકીની બે રિસિપ્ટ કેન્દ્રમાં આપો.

પગથિયું -૫ : અભ્યાસક્રમનો પ્રારંભ કરો.

જી.કે.એસ.ની વેબસાઈટ : www.gksgujarat.org

ઈ-મેલ આઈ.ડી. : gks.dte@gmail.com

અભ્યાસક્રમ પૂર્ણ થયા બાદ ગુજરાત સરકાર દ્વારા બનાવવામાં આવેલી એસેસમેન્ટ એન્ડ સર્ટિફિકેશન બોડી વિદ્યાર્થીઓની પરીક્ષા લેશે. જી.કે.એસ. દ્વારા સર્ટિફિકેટ આપવામાં આવશે. જી.કે.એસ. જોબફેરનું પણ આયોજન કરે છે.

- **ગુજરાતમાં ચાલતા આઈ.ટી. અને નોન આઈ.ટી અભ્યાસક્રમો નીચે પ્રમાણે છે. :-**

આઈ.ટી.ના અભ્યાસક્રમો નીચે મુજબ છે.

| Sr. No. | Course Description | Level | Theory | Practical | Total Hrs | Fees |
|---|---|---|---|---|---|---|
| 1 | Advance Course in Ethical Hacking | 3/4 | 30 | 30 | 60 | 4000 |
| 2 | Advance Java | 4 | 30 | 45 | 75 | 2000 |
| 3 | Advanced C Programming - Data Structures | 3 | 30 | 45 | 75 | 1700 |
| 4 | Advanced Hardware and Networking | 3/4 | 50 | 50 | 100 | 3500 |
| 5 | Aggregate Calculating & Presenting Skills | 1/2 | 30 | 30 | 60 | 1000 |
| 6 | Aggregate Word Processor | 1/2 | 30 | 30 | 60 | 1000 |
| 7 | Basic Computing Skills & Operating System | 1 | 40 | 40 | 80 | 1000 |
| 8 | Basic Hardware Course and Networking Components | 2 | 50 | 50 | 100 | 2000 |
| 9 | Basic Web Designing & Web Designing Tools | 1/2 | 30 | 45 | 75 | 1000 |
| 10 | C Programming for beginners | 2 | 30 | 30 | 60 | 1150 |
| 11 | C++ for beginners | 2 | 30 | 30 | 60 | 1150 |
| 12 | Certificate Course in Open Source Office Tools | 1 | 40 | 40 | 80 | 1000 |
| 13 | Certificate in 3D Studio Max | 2 | 50 | 50 | 100 | 2000 |
| 14 | Certificate in Basic Accountancy with Tally 9 | 2 | 100 | 0 | 100 | 2000 |
| 15 | Certificate in Graphic Designing | 1/2 | 50 | 50 | 100 | 2000 |
| 16 | Certificate in HTML | 1/2 | 30 | 30 | 60 | 1000 |
| 17 | Certificate in Operating System with Linux | 1/2 | 30 | 30 | 60 | 1000 |
| 18 | Certificate in Pro/ENGINEER | 3/4 | 30 | 50 | 80 | 2500 |
| 19 | Certificate in Web & Database Designing | 1/2 | 30 | 30 | 60 | 1000 |
| 20 | Certificate Program in C# | 4 | 30 | 0 | 30 | 2500 |
| 21 | Computer Programming and Utilization | 2 | 30 | 30 | 60 | 1500 |
| 22 | Core Java | 2 | 30 | 30 | 60 | 1150 |
| 23 | Cyber Security(India) Program | 3/4 | 30 | 30 | 60 | 1500 |
| 24 | Database Management with SQL | 3 | 30 | 40 | 70 | 1700 |
| 25 | Desktop Publishing (DTP) | 2 | 40 | 60 | 100 | 1500 |
| 26 | Engineering Drawing with Advance Auto CAD(2D) | 3/4 | 30 | 30 | 60 | 1750 |
| 27 | Engineering Drawing with Advance Auto CAD(3D) | 3/4 | 25 | 25 | 50 | 2000 |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 28 | Engineering Drawing with CAD (2D) | 2 | 25 | 35 | 60 | 1150 |
| 29 | Engineering Drawing with CAD (3D) | 3 | 20 | 30 | 50 | 1150 |
| 30 | J2EE Primer | 3 | 30 | 30 | 60 | 1700 |
| 31 | JavaScript and CSS | 2 | 20 | 30 | 50 | 1150 |
| 32 | Microsoft Visual Basic 6.0 | 3/4 | 60 | 40 | 100 | 1800 |
| 33 | PhP Programming | 2 | 30 | 40 | 70 | 1250 |
| 34 | Programming Basics & Database Management | 1/2 | 30 | 30 | 60 | 1000 |
| 35 | Programming with ASP.NET | 3/4 | 50 | 50 | 100 | 1800 |
| 36 | Programming with VB.NET | 3/4 | 50 | 50 | 100 | 1800 |
| 37 | Software Testing | 4 | 30 | 45 | 75 | 2000 |
| 38 | Web Page Designing with HTML | 2 | 30 | 30 | 60 | 1000 |
| ● | નોન આઈ.ટી.ના અભ્યાસક્રમો નીચે મુજબ છે. | | | | | |
| Sr. No. | Course Description | Level | Theory | Total Hrs | Fees | |
| 1 | Advance Banking Professional | 4 | 150 | 225 | 3000 | |
| 2 | Advance Communication Skills | 3 | 75 | 150 | 2500 | |
| 3 | Basic Communication Skills | 1 | 60 | 60 | 1500 | |
| 4 | Basic Project Management with Automation Tools | 3 | 100 | 140 | 3000 | |
| 5 | Basic Project Management with MS Projects | 3/4 | 50 | 100 | 3000 | |
| 6 | Basic Selling Skills | 2 | 60 | 60 | 2000 | |
| 7 | BPO Course | 2 | 75 | 150 | 2000 | |
| 8 | CCTV Surveillance & Security | 1/2 | 70 | 100 | 3000 | |
| 9 | Certificate course in Tailaring | 1/2 | 30 | 80 | 1000 | |
| 10 | Certificate in Banking | 2 | 75 | 85 | 2000 | |
| 11 | Certificate in Basic Accountancy with Tally 9.0 | 2 | 100 | 100 | 2000 | |
| 12 | Certificate in Basic Electrician | 1/2 | 40 | 80 | 1000 | |
| 13 | Certificate in Basic Fitter | 1/2 | 40 | 80 | 1000 | |
| 14 | Certificate in Basic Mechanic Diesel | 1/2 | 40 | 80 | 1000 | |
| 15 | Certificate in Basic Motor Rewinding | 1/2 | 40 | 80 | 1000 | |
| 16 | Certificate in Basic Welder | 1/2 | 40 | 80 | 1000 | |
| 17 | Certificate in Beauty Therapy | 2 | 100 | 100 | 2500 | |
| 18 | Certificate in Event Management | 3 | 75 | 80 | 2500 | |
| 19 | Certificate in Export Management | 3 | 80 | 80 | 2500 | |
| 20 | Certificate in Fashion Designing | 2 | 100 | 100 | 2500 | |
| 21 | Certificate in Food Nutrition | 3 | 25 | 75 | 1750 | |
| 22 | Certificate in Garment Making | 3/4 | 30 | 80 | 1000 | |
| 23 | Certificate in Hospitality | 1 | 50 | 50 | 1500 | |
| 24 | Certificate in Human Resource Management | 1 | 80 | 80 | 2000 | |
| 25 | Certificate in Industrial Safety Management | 2 | 80 | 80 | 2000 | |
| 26 | Certificate in Life Insurance | 1 | 50 | 55 | 1500 | |
| 27 | Certificate in Logistics & Shipping | 2 | 75 | 75 | 2000 | |
| 28 | Certificate in Marketing | 2 | 60 | 60 | 2000 | |
| 29 | Certificate in Mobile Repairing | 3/4 | 40 | 80 | 1000 | |
| 30 | Certificate in Retail | 1 | 50 | 50 | 1500 | |
| 31 | Certificate in Security Guard | 1 | 40 | 80 | 1000 | |
| 32 | Certificate in Solar Photovoltaic Application, Design & Technology | 3/4 | 60 | 100 | 3000 | |
| 33 | Certificate in Tailoring | 1/2 | 30 | 80 | 1000 | |
| 34 | Certificate in Yoga Therapy | 1/2 | 40 | 80 | 2500 | |
| 35 | Certificate Program in Soft Skills | 1/2 | 30 | 30 | 1500 | |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 36 | CPT - Communication and Personality Training (Arts & Science) | 1/2 | 50 | 50 | 2500 | |
| 37 | CPT - Communication and Personality Training (Engineering) | 1/2 | 50 | 50 | 2500 | |
| 38 | CPT - Communication and Personality Training (Management) | 1/2 | 50 | 50 | 2500 | |
| 39 | English Edge - Basic English | 1/2 | 50 | 50 | 2500 | |
| 40 | English Edge - Personality Development Program | 1/2 | 50 | 50 | 2500 | |
| 41 | Finishing School | 3 | 25 | 40 | 500 | |
| 42 | Foreign Language Mandarin/Chinese | 1 | 80 | 80 | 2500 | |
| 43 | Healthcare Organization & Management | 3 | 80 | 160 | 2500 | |
| 44 | Hospital Attendant | 2 | 60 | 80 | 2000 | |
| 45 | Interior Designing | 3/4 | 50 | 100 | 2500 | |
| 46 | Life Skill Traning Programme- Level 1 | 1 | 40 | 40 | 1000 | |
| 47 | Life Skill Traning Programme- Level 4 | 4 | 40 | 40 | 1000 | |
| 48 | Nursing Assistant | 1 | 80 | 80 | 2000 | |
| 49 | Placement Support Program Level 1 | 1 | 30 | 30 | 1875 | |
| 50 | Soft Toy Making | 1 | 30 | 110 | 2000 | |
| 51 | TDD Induction Training | 1 | 20 | 24 | 600 | |
| 52 | Training Programme for Empowering Girls | 1 | 30 | 30 | 1000 | |

- **જી.કે.એસ.ની ફળશ્રુતિ :-**

જી. કે.એસ દ્વારા એક તરફથી વિદ્યાર્થીઓને વિકસતી ઔદ્યોગિક ક્ષિતિજોનું જ્ઞાન, કાર્યકુશળતા, નોકરીની તકો, સ્વયમ્‌વિકાસ, આવકના સ્ત્રોતો જેવા અનેક લાભ મળશે. જ્યારે બીજી તરફ ઉદ્યોગ જગતને કાર્યકુશળ માનવબળ ઉપલબ્ધ થશે અને કારીગરોને અપાતી તાલીમ ખર્ચમાં પણ ઘટાડો થશે.

- **જી.કે.એસ.ની મુખ્ય ઓફિસનું સરનામું :-**

ચીફ એક્ઝિક્યુટીવ ઓફિસર
કમિશનર ઓફ સ્કુલ, ગુજરાત નોલેજ સોસાયટી,
બ્લોક નં -૯, ફર્સ્ટ ફલોર, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર – ૩૮૨૦૧૦.
ફોન નં. :- ૦૭૯-૨૩૨૫૩૪૫૩
જી.કે.એસ. ઓફિસ નં. :- ૦૭૯-૨૩૨૪૭૧૪૩

મદદનીશ,
વ્યવસાયી માર્ગદર્શન સંસ્થા,
સરકારી કન્યા શાળાના મકાનમાં,
રાયખડ, અમદાવાદ - ૩૮૦૦૦૧.

Gujarat Knowledge Society

# ૯ જેમ્સ – જવેલરી ક્ષેત્રે કારકિર્દી

*– શ્રીમતી એસ. એચ. ડોડા*

દેશ માટે મહત્વપૂર્ણ વેલ્યુ એડિશન માટે ઈન્ડિયન ડાયમંડ ઈન્ડસ્ટ્રીઝ, એક્ષપોર્ટ પ્રોડકશન જેવા સેકટરો માં રોજગારીના મહત્ત્વના સ્રોત તરીકે ઓળખાઈ રહી છે. ઈન્ડિયન ડાયમંડ ઈન્સ્ટિટ્યૂટની સ્થાપના ઉપરોક્ત વિચાર અને સંકલ્પના સાથે ૧૯૭૮ માં થઈ હતી. આ સંસ્થા સોસાયટી રજી. એકટ ૧૮૬૦ અને બોમ્બે પબ્લિક ટ્રસ્ટ એકટ ૧૯૫૦ હેઠળ રજીસ્ટર્ડ સંસ્થા છે.

આઈડીઆઈ, જેમ-એ લંડન દ્વારા માન્યતા પ્રાપ્ત સંલગ્ન શિક્ષણ કેન્દ્ર છે. ભારતભરમાં જેમ-એ લંડન દ્વારા ચલાવતા એફ.જી.એ. અને ડી.જી.એ. બંને અભ્યાસક્રમો ચલાવવાની માન્યતા માત્ર આ સંસ્થા જ ધરાવે છે. આ સંસ્થા દ્વારા ચલાવાતા અભ્યાસક્રમો નીચે મુજબ છે.

- **ડાયમંડ અભ્યાસક્રમો :-**
  - ડિપ્લોમાં અભ્યાસક્રમો (રેગ્યુલર)
  - ડાયમંડ સોર્ટિંગ (હિલીયમ સાથે) (૨૪ સપ્તાહ)
  - ડાયમંડ ગ્રેડિંગ (૧૮ સપ્તાહ)
- **સર્ટિફિકેટ અભ્યાસક્રમો (રેગ્યુલર) :-**
  - રફ ડાયમંડ એસોર્ટમેન્ટ (૨૦ સપ્તાહ)
  - પોલીશ ડાયમંડ ગ્રેડિંગ (૧૨ સપ્તાહ)
  - ઈન્ટરનેશનલ સિપ્ટમ ઓફ ડાયમંડ ગ્રેડિંગ (૪ સપ્તાહ)
  - પ્લાનિંગ એન્ડ માર્કિંગ (મેન્યુ.) (૬ સપ્તાહ)



  - કમ્પ્યુટરાઈઝડ ડાયમંડ પ્લાનિંગ (સરીના હિલીયમ) (૪ સપ્તાહ)
  - બ્રુટિંગ (રાઉન્ડ) (૧૬ સપ્તાહ)
  - પોલીશીંગ (રાઉન્ડ ) (૧૬ સપ્તાહ)
- **નોન સ્ટાન્ડર્ડ સર્ટિફિકેટ અભ્યાસક્રમો :**
  - રફ ડાયમંડ એસોર્ટમેન્ટ (બ્રુટિંગ સાથે) (૨૦ સપ્તાહ)
  - રફ ડાયમંડ એસોર્ટમેન્ટ (બ્રુટિંગ વગર) (૧૨ સપ્તાહ)
  - પોલીશ ડાયમંડ ગ્રેડિંગ (પોલીશીંગ સાથે) (૧૨ સપ્તાહ)
  - પોલીશ ડાયમંડ ગ્રેડિંગ (પોલીશીંગ વગર) (૯ સપ્તાહ)
  - ઈન્ટરનેશનલ સિસ્ટમ ઓફ ડાયમંડ ગ્રેડિંગ (૪ સપ્તાહ)
  - પ્લાનિંગ એન્ડ માર્કિંગ (મેન્યુઅલ) (૬ સપ્તાહ)
  - પ્લાનિંગ એન્ડ માર્કિંગ (કમ્પ્યુટરાઈઝડ) (૪ સપ્તાહ)
- **ડિપ્લોમા અભ્યાસક્રમ - હોમ સ્ટડી :**
  - જેમ ડાયમંડ આઈડેન્ટીફિકેશન એન્ડ ગ્રેડિંગ (૩૬ સપ્તાહ)
- **જવેલરી અભ્યાસક્રમો :**
- **ગ્રેજ્યુએટ ડિપ્લોમા (રેગ્યુલર)**
  - જવેલરી ડિઝાઈનિંગ, મેન્યુ. એન્ડ અપ્રેઈઝીંગ (૫૨ સપ્તાહ)
- **હાયર ડિપ્લોમાં (રેગ્યુલર)**
  - જવેલરી ડિઝાઈન એન્ડ મેન્યુ. (૬ સેમે. – ૩ વર્ષ) ડિપ્લોમાં અભ્યાસક્રમો (રેગ્યુલર)
  - ડિપ્લોમાં મોડલ મેકીંગ (૨૦ સપ્તાહ)
  - જવેલરી બિઝનેસ પ્રોફેશનલ (૧૬ સપ્તાહ)
  - જવેલરી બિઝનેસ મેનેજમેન્ટ (૧૬ સપ્તાહ)
- **સર્ટિફિકેટ અભ્યાસક્રમો**
  - જવેલરી ડિઝાઈન (મેન્યુઅલ) (૬ સપ્તાહ)
  - કેડ બેઈઝડ જવેલરી ડિઝાઈન (૮ સપ્તાહ)
  - જવેલરી મેકીંગ (૪ સપ્તાહ)

- કેડ / કેમ ઈન જવેલરી મેકીંગ (૬ સપ્તાહ)
- જવેલરી કાસ્ટીંગ (૪ સપ્તાહ)
- સ્ટોન સેટીંગ (૪ સપ્તાહ)
- રિફાઈનીંગ એન્ડ એસેઈંગ (૪ સપ્તાહ)

● **નોન સ્ટાન્ડર્ડ સટિફિકેટ અભ્યાસક્રમો :**
- જેમ્સ એન્ડ જવેલરી (૫૨ સપ્તાહ)
- જવેલરી ડિઝાઈન (મેન્યુ.) (૬ સપ્તાહ)
- કેડ બેઈઝડ જવેલરી ડિઝાઈનીંગ ( ૮ સપ્તાહ)
- સ્ટોન સેટીંગ (૪ સપ્તાહ)
- જવેલરી મેકીંગ (૪ સપ્તાહ)
- જવેલરી કાસ્ટીંગ (૪ સપ્તાહ)

● **ગ્રેજ્યુએટ ડિપ્લોમા (હોમસ્ટડી) :**
- જેન્સ એન્ડ જવેલરી એપ્રેઈઝીંગ (૫૨ સપ્તાહ)

● **જેમોલોજી :**

**માસ્ટર ડિપ્લોમા (રેગ્યુલર)**
- માસ્ટર ડિપ્લોમા જેમોલોજી (૩૬ સપ્તાહ)

**ડિપ્લોમા (રેગ્યુલર)**
- ડિપ્લોમા ઈન જેનોલોજી (૧૬ સપ્તાહ)

**સટિફિકેટ (રેગ્યુલર)**
- જેમ સ્ટોન આઈડેન્ટીફિકેશન (૮ સપ્તાહ)

● **ડિપ્લોમા (હોમ સ્ટડી) :-**
- જેમોલોજી (૩૬ સપ્તાહ)
- ડી.જી.એ. ડાયમંડ ડિપ્લોમા, જેમ-એ લંડન (૨૪ સપ્તાહ)
- ફાઉન્ડેશન જેમોલોજી, જેમ-એ લંડન (૨૪ સપ્તાહ)
- એફ.જી.એ. ડિપ્લોમા, જેમ-એ લંડન (૨૪ સપ્તાહ)

● **શૈક્ષણિક લાયકાત :-**
- ગ્રેજ્યુએટ ડિપ્લોમા અભ્યાસક્રમ - કોઈપણ વિધાશાખાના સ્નાતક
- હાયર ડિપ્લોમા અભ્યાસક્રમ - ડિપ્લોમા એન્જિ. / એસ.એસ.સી. સમકક્ષ
- માસ્ટર ડિપ્લોમા અભ્યાસક્રમ- કોઈપણ વિધાશાખાના સ્નાતક
- ડિપ્લોમા અભ્યાસક્રમ - એસ.એસ.સી. અથવા સમકક્ષ
- સર્ટિફિકેટ અભ્યાસક્રમ (પોલિ./બ્રુટિંગ સિવાય) – એસ.એસ.સી. પાસ
- પોલિ/બ્રિટિંગ - પ્રાથમિક ભણતર

● **પ્રવેશ :-**
- બધા જ ગ્રેજ્યુએટ ડિપ્લોમા અને ડિપ્લોમા અભ્યાસક્રમ દરેક વર્ષના એપ્રિલ, ઓગસ્ટ અને ડિસેમ્બર માસના પ્રથમ સોમવાર થી શરૂ થાય છે.
- સર્ટિફિકેટ અભ્યાસક્રમ દરેક માસના પ્રથમ સોમવાર થી શરૂ થાય છે.
- હાયર ડિપ્લોમા અભ્યાસક્રમ દરેક વર્ષના જૂન માસમાં શરૂ થશે.
- હોમ સ્ટડી પ્રોગ્રામના એપ્લિકેશન ફોર્મ + જરૂરી ફી સંસ્થામાં ભરાશે તે દિવસથી કોર્સની શરૂઆત ગણાશે.
- વિગતવાર માહિતી અને એડમિશન ફોર્મ સંસ્થા પર રોકડા અથવા ડી.ડી / મની ઓર્ડર
  ડાયરેકટર, ઈન્ડિયન ડાયમંડ ઈન્સ્ટિટયૂટ, સુરત ના નામે મોકલવાથી મળી શકશે. અરજીપત્રક ઈન્ટરનેટ દ્વારા સંસ્થાની વેબસાઈટ પર મોકલી શકાશે.
- **સંપર્ક :-** ઈન્ડિયન ડાયમંડ ઈન્સ્ટિટયૂટ, કતાર ગામ, જી. આઈ.ડી.સી. પો. બો. ૫૦૮,
  સુમુલ ડેરી રોડ, સુરત – ૩૯૫૦૦૮
  ફોન નં. – ૨૪૦૭૮૪૭ – ૪૮
  વેબસાઈટ : www.diamondinstitute.net

● **ગુજરાત ડાયમંડ એન્ડ ટ્રેનિંગ ઈન્સ્ટિટયૂટ :**

નિયામક, રોજગાર અને તાલીમ વિભાગ, ગાંધીનગર દ્વારા સંચાલિત આ સરકારી સંસ્થા રાજયના શિક્ષિત બેરોજગાર યુવક – યુવતીઓ ફેશન ડિઝાઈનની આ આધુનિક દુનિયામાં રોજગારીની તાલીમ મેળવી રોજગારી પ્રાપ્ત કરી શકે એ હેતુસર હીરા ઉદ્યોગ અને જવેલરી



ડિઝાઈનીગની તાલીમ આપવામાં આવે છે.

- **અભ્યાસક્રમ :**
- રફ ડાયમંડ એસોર્ટમેન્ટ
- રફ ડાયમંડ પ્લાનિંગ અને માર્કિંગ (કોમ્પ્યુટર પર)
- પોલિશ ડાયમંડ ગ્રેડિંગ
- જવેલરી ડિઝાઈનીંગ (મેન્યુઅલ ₹ કમ્પ્યુટર)
- ઘાટ વિભાગ
- પોલીશીંગ
- **શૈક્ષણિક લાયકાત :**
- અભ્યાસક્રમ નં. ૧ થી ૪ માટે ધો-૮ પાસ અભ્યાસક્રમ નં. ૫-૬ માટે ધોરણ-૪ પાસ.
- તાલીમ સમયગાળો – અભ્યાસક્રમ નં. ૧ થી ૪ માટે ત્રણ માસ , અભ્યાસક્રમ નં. ૫-૬ માટે ચાર માસ.
- પ્રવેશ માટે વયમર્યાદા – ૧૪ થી ૪૦ વર્ષ.
- **નોંધ :**
- દર માસની પહેલી તારીખે ખાલી પડતી જગ્યાઓ ઉપર વહેલા તે પહેલા ના ધોરણે પ્રવેશ અપાય છે.
- હીરાની કામગીરી જાણકાર વ્યક્તિઓ માટે અઠવાડિક અને પખવાડિક કોર્સ પણ ચાલે છે.
- ઘાટ અને પોલીશીંગ વિભાગમાં બે માસની તાલીમ પણ અપાય છે.
- તાલીમને અંતે રાજય સરકાર દ્વારા જી.સી.વી.ટી. નું સર્ટિફિકેટ આપવામાં આવે છે.
- ઘાટ અને પોલીશિંગમાં પ્રવેશ મેળવનાર અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ અને મહિલાઓને ફી માંથી મુક્તિ અપાય છે. અપંગતા ધરાવનાર ઉમેદવારને માસિક સ્ટાઈપેન્ડ પણ આપવામાં આવે છે.
- **સંપર્ક :**

ગુજરાત ડાયમંડ ઈન્ડસ્ટ્રીઝ ટ્રેનિંગ ઈન્સ્ટિટયૂટ (ગુજરાત સરકાર)
રખિયાલ પોલીસ સ્ટેશન સામે, રખિયાલ, અમદાવાદ -૨૩.
ફોન નં. (૦૭૯) ૨૨૭૪૦૪૪૩
(મો) ૯૮૨૪૬૮૧૫૩૭, ૯૮૨૪૭૯૯૧૬૫, ૯૮૨૪૦૨૬૯૨૬, ૯૮૨૪૫૪૧૨૩૭, ૯૯૭૪૫૪૯૪૮૮

- **આ સિવાય ભાવનગર , મહુવા અને પાલનપુર ખાતે પણ ટ્રેનિંગ આપવામાં આવે છે.**
- ભાવનગર : આઈ.ટી.આઈ. કેમ્પસ, મેસ રૂમ, ભાવનગર.
  ફોન નં. (૦૨૭૮) ૨૪૨૪૩૧૬
  (મો) ૯૮૨૪૫૪૧૨૩૭
- મહુવા : આઈ.ટી.આઈ. કેમ્પસ, મહુવા
  (મો) ૯૮૨૪૦૨૬૯૨૬
- પાલનપુર : આઈ.ટી.આઈ. કેમ્પસ, પાલનપુર જિ. બનાસકાંઠા.

મદદનીશ,
વ્યવસાયી માર્ગદર્શન સંસ્થા,
સરકારી કન્યા શાળાના મકાનમાં,
રાયખડ, અમદાવાદ - ૩૮૦૦૦૧.



# ૧૦ સી-ડેકના અભ્યાસક્રમો

– *જગદીશ પટેલ*

સી.ડેક (સેન્ટર ફોર ડેવલપમેન્ટ એડવાન્સ કોમ્પ્યુટર)એ કોમ્પ્યુટર ક્ષેત્રે સંશોધન કરનારી ભારત સરકારના ઈન્ફર્મેશન ટેકનૉલૉજી વિભાગની એક માત્ર સંસ્થા છે. સી.ડેક દ્વારા સુપર કોમ્પ્યુટર બનાવવા, હાઈપરફોર્મિંગ કમ્પ્યુટીંગ, ગ્રીડ કમ્પ્યુટીંગ, લેંગ્વેજ ટેકનૉલૉજી, સાયબર સિક્યોરીટી એમ્બેડેડ સિસ્ટમ એન્ડ વિએલએસ (VLS) ડિઝાઈન, ડિઝિટલ બ્રોડબેંડ એન્ડ વાયરલેસ નેટવર્ક, ઈ-ગર્વનન્સ, સોફ્ટવેર ડેવલોપીંગ અને કોમ્પ્યુટર એજ્યુકેશન જેવી મુખ્ય પ્રવૃત્તિઓ કરવામાં આવે છે.

સી-ડેક વિજ્ઞાન, એન્જિનિયરીંગ, ઈકોનોમિક્સ, સોશિયલ, હેલ્થ, પાવર, સ્ટીલ, એગ્રિકલ્ચર, હેરીટેઝ-સાંસ્કૃતિક વારસો, એજ્યુકેશન જેવા ચાવીરૂપ ક્ષેત્રે પણ કામ કરે છે.

સી-ડેક (C- DAC) દ્વારા વિશ્વકક્ષાના કોમ્પ્યુટર સોફ્ટવેર, કોમ્પ્યુટર હાર્ડવેર, નેટવર્કીંગ અને મલ્ટીમીડિયા જેવા કોર્સનું એજ્યુકેશન PACE પ્રોગ્રામ અંતર્ગત બે દાયકાથી ચલાવવામાં આવે છે. સી.ડેક (C-DAC) ના કોર્સ અભ્યાસક્રમ આઈ.ટી. ક્ષેત્રની જરૂરિયાત મુજબ ઘડવામાં આવે છે. તેમજ સી.ડેકનાં દરેક કેન્દ્ર પર એડવાન્સ કોમ્પ્યુટર લેબ, અનુભવી નિપુણ સ્ટાફ અને લાઈબ્રેરી જેવી અદ્યતન સગવડ હોય છે તેમજ સી. ડેકના અનુભવી એન્જિનિયરીંગ દ્વારા બુક્સ મટીરીયલ્સ તૈયાર કરવામાં આવે છે. અહીં સી-ડેક (C-DAC) દ્વારા ચલાવવામાં આવતા મલ્ટીમીડિયા કોર્સ વિષે વિગતવાર માહિતી આપવામાં આવી છે જે વિદ્યાર્થી મિત્રોને મલ્ટીમીડિયા, એડવર્ટાઈઝીંગ, એનિમેશન અને ફિલ્મ ક્ષેત્રે કારકિર્દી બનાવવા માટે વધુ ઉપયોગી થશે.

**● મલ્ટીમીડિયા વિષે માહીતી :**

વિદ્યાર્થી મિત્રો, વાલીશ્રી આપ સૌને ખ્યાલ હશે જ કે આજકાલ ભારતમાં G.D.P. આવકમાં ટોપટેન ક્ષેત્રોમાં એનિમેશન વિઝ્યુઅલ ઈફેક્ટસ ક્ષેત્રનો સમાવેશ થયેલો છે. ભારતની બીજા નંબરની મોટી આવક કરી આપતા ક્ષેત્રમાં ફિલ્મ, એનિમેશન, ટીવી સિરીયલ ગણાય છે. એનિમેશન એટલે કે મલ્ટીમીડિયા એનિમેશન. ભારત સરકારની વૈજ્ઞાનિક સંસ્થા સી-ડેક પેસ દ્વારા એડવાન્સ ડિપ્લોમા ઈન મલ્ટીમીડિયા (મલ્ટીલીંગલ) તથા ડિપ્લોમા ઈન મલ્ટીમીડિયા (મલ્ટીલીંગલ) જેવા એક વર્ષનાં તથા છ માસનાં, એનિમેશન ક્ષેત્રમાં મળતી વિપુલ રોજગારીની તકોને અનુકૂળ કોર્સિસ ચલાવવામાં આવે છે.

જેમાં Photo Editing, કરીઝમાં આલ્બમ બનાવી શકાય તેવા, તથા 2D Animationમાં website desiging કરી શકાય અને કાર્ટુન ફિલ્મ બનાવી શકાય તેવા મોડ્યુલનો સમાવેશ કરવામાં આવેલ છે. તદ્ઉપરાંત જે વિદ્યાર્થીઓ Digital Audio કે Digital Video Editing ક્ષેત્રે કારકિર્દી બનાવવા માંગતા હોય અને Corporate Movie Presentation કે Hello Tune Editingનાં ક્ષેત્રે ઝંપલાવવા માંગતા હોય તેના માટેનો શ્રેષ્ઠ કોર્સ છે.

હવે, Building કોન્ટ્રાક્ટર, Mechenical કંપની કે અથવા જ્યાં 3D Imageની જરૂરીયાત ઉદ્ભવતી હોય તેવા ક્ષેત્રો માટે 3D Max Architecture, Interior Desiging 3D Modellingમાં કે Water Animation જેવા digital ગ્રાફિક્સની પણ ઉચ્ચલેવલનાં સોફ્ટવેરનો મલ્ટીમીડિયા એનિમેશન કોર્સમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

શરૂઆતમાં વાત કરી તે પ્રમાણે ગુજરાત સરકારના પ્રયત્નોથી મુંબઈની film Industry કે TV Industry ને લગતા શુટિંગ Studio મોટી માત્રામાં અમદાવાદ-બગોદરા-ગાંધીનગર-વડોદરા જેવા વિસ્તારોમાં ખુલતા રહેલા છે. જેમાં Post Production ક્ષેત્રે VFX Editor ની મોટી માંગ ઊભી થશે અને થવાની ચાલુ પણ થઈ

ગઈ છે. જેને માટે VFX Film Editing તથા TV તથા એડવર્ટાઈઝીંગ ક્ષેત્ર માટેનાં Powerful Tools જેવા કે Motion Graphics Design, Camera Tracking, Object Tracking, Compositing, Croma તથા Film Colour Gradient નો સઘન અભ્યાસ કરાવવામાં આવે છે.

મિત્રો, વાલીશ્રી આજના ઝડપી યુગમાં આપશ્રીએ આ અમુલ્ય તક ચુકવી ન જોઈએ. કોઈએ સાચે જ કહેલું છેને કે 'વિતેલો સમય પાછો નથી આવતો' સમય ગુમાવશો નહીં અને સી-ડેકના નિપુણ સેન્ટરોની શોધમાં લાગી જાવ.

સી-ડેક દ્વારા મલ્ટીમીડિયા ઉપરાંત અન્ય રોજગારલક્ષી કોમ્પ્યુટર કોર્સ પણ ચલાવવામાં આવે છે જે નીચે મુજબ છે.

-'CCC' Certificate in Computer Concepts જે ગુજરાત સરકારના ઠરાવ ક્રમાંક સીઆરઆર-૧૦-૨૦૦૯-૧૨૦૩૨૦ ગ.પ. તારીખ ૧૩-૦૮-૨૦૦૮ના જાહેરનામા મુજબ સરકારની કોઈપણ નોકરી /ભરતી માટે ફરજીયાત કોર્સ છે. જેમાં સી-ડેક (C-DAC)નું 'CCC' નું પ્રમાણપત્ર ગુજરાત સરકારની સીધી ભરતી માટે માન્ય રાખવામાં આવે છે.

- PGDCA : સ્નાતક (ગ્રેજ્યુએટ) થયા બાદ વિદ્યાર્થીઓને સોફ્ટવેર ડેવલોપીંગ ક્ષેત્રે કારકિર્દી બનાવવા માટે આ કોર્સ ખૂબ જ ઉપયોગી છે. PGDCA એક વર્ષનો માન્ય કોર્સ છે જેમાં કમ્પ્યુટર બેઝિક સાથે Web Development, Application Programming, Asp. Net, DBMS તેમજ C, C++, JAVAની તાલીમ અને Project Work કરાવવામાં આવે છે.

- DMWT & P : આ કોર્સમાં Web Desiging ના વૈવિધ્યસભર પાસાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. છ માસનાં ઓ કોર્સમાં HTML, DHTML, JAVA Script, Concept of Web Server, Dreamweaver, CSS, Photoshop, Flashની તાલીમ સાથે Web siteનો Project કરાવવામાં આવે છે. ધો. ૯ની પરીક્ષા આપ્યા બાદ કે એસ.એસ.સી. પાસ કર્યા પછી અભ્યાસની સાથે સાથે આ કોર્સ Professional કરી ક્ષેત્રે કારકિર્દી બનાવી શકાય અને સ્વરોજગારી પણ કરી શકાય છે.



આ ઉપરાંત સી-ડેક દ્વારા અન્ય સર્ટિફિકેટ કોર્સ જેવા કે Tally, MS-Office, C, C++, inet, Core Java, Advance Java, Coral Draw, Photoshop, Page Maker જેવા કોર્સ તથા Diploma અને Advance Diplomaનાં ખૂબ જ ઉપયોગી કોર્સ કિફાયતી ફીમાં ચલાવવામાં આવે છે.

સી-ડેકના ડિપ્લોમા, એડવાન્સ ડિપ્લોમા અને P.G. Diploma જેવા કોર્સમાં પ્રમાણપત્રની નોંધણી રોજગાર કચેરી દ્વારા કરવામાં આવે છે. તેથી નોકરી મેળવવાની તકો વધે છે. તદ્ઉપરાંત સી-ડેકનાં કેટલાક કેન્દ્ર પરથી જોબ ફેર કે જોબ પ્લેસમેન્ટ કરાવવામાં આવે છે.

સી-ડેકનાં કોર્સ માટે વધુ માહિતી મેળવવા માટે નીચે જણાવેલ સરનામા પર સંપર્ક કરવો.

ગુજરાત સ્ટેટ કો-ઓર્ડિનેટર દ્વારા સી-ડેક પેસ (C-DAC PACE) પ્રોગ્રામનું રાજ્ય લેવલે સંચાલન કરવામાં આવે છે.

સી-ડેકના તમામ કેન્દ્રો અમદાવાદ શહેરના વિવિધ વિસ્તારો ઉપરાંત સાણંદ, બાવળા, ધોળકા, છારોડી, ગાંધીનગર, માણસા, કલોલ, મહેસાણા, વિસનગર, વિજાપુર, વડનગર, ખેરાલુ, સતલાસણા, ઊંઝા, અંબાજી, હિંમતનગર, બાયડ, ધ્રાંગધ્રા, હળવદ, રાજકોટ, મોરબી, ગોંડલ, જામનગર, કાલાવાડ, ભૂજ, માધાપર, માંડવી, નલીયા, નખત્રાણા, અંજાર તેમજ બરોડા, સુરત, વાપી, વલસાડ, નડિયાદ, આણંદ, પંચમહાલ, ગોધરા, ભાવનગર, અમરેલી, જૂનાગઢ, પોરબંદર જેવા જિલ્લાઓમાં કોમ્પ્યુટરની તાલીમ આપવામાં આવે છે.

**● ગુજરાત સ્ટેટ કો-ઓર્ડિનેટરનું સરનામું :**

C-DAC, State Co-Ordinator of Gujarat.,

402, Saman Complex, Opp. Satyam Shopping Mall, Nr. Kameshwar School,

Satellite, Ahmedabad-380015.

Phone : 079 - 26766090, www.cdac.in, email : jr_patel@hotmail.com

---

૪૦૨, સમન કોમ્પ્લેક્ષ, સત્યમ શોપીંગ મોલ સામે,
કામેશ્વર સ્કૂલ પાસે, સેટેલાઈટ, અમદાવાદ-૧૫

# ૧૧ ધોરણ-૧૦ આધારિત ભરતીની તકો

*– શ્રીમતી પી. આર. કોટક*

● **પ્રસ્તાવના :**

ધો. ૧૦ પાસ વિદ્યાર્થી 'ટીનએજર્સ' છે તેથી વય ૧૮ વર્ષની ન થાય ત્યાં સુધી સામાન્ય કોઈ સરકારી નોકરી ન મળે પણ તે બાદ જે ધોરણ-૧૦ (SSC) પછી નોકરી કરવા ઈચ્છતા વિદ્યાર્થીને કેન્દ્ર સરકાર, રાજ્ય સરકારના વિવિધ વિભાગો, સંરક્ષણ દળો, રેલવેમાં વિવિધ સંવર્ગમાં ભરતી કરવામાં આવે છે.ગુજરાત સરકારના વિવિધ વિભાગો અને કચેરીઓમાં ક્લાર્ક, ટાઈપીસ્ટ તથા ગુજરાતી / અંગ્રેજી સ્ટેનોગ્રાફરની જગ્યાઓ માટે સ્પર્ધાત્મક ભરતી પરીક્ષાઓ લેવામાં આવે છે. કમ્પ્યુટર તાલીમ હવે દરેક ક્ષેત્રમાં અનિવાર્ય બની ગઈ છે. આ ઉપરાંત કેન્દ્ર સરકારની કચેરીઓ અને નિગમોમાં તથા રેલ્વેમાં પણ ફાટક ઓપરેટર / ખલાસી / ગેંગમેનની જગ્યાઓની ભરતી થાય છે.

આ ઉપરાંત સ્ટાફ સિલેક્શન કમિશનની મેટ્રિક લેવલની પરીક્ષા, ભારતીય લશ્કર, ભારતીય હવાઈદળ અને નૌકાદળમાં પણ વિવિધ જગ્યાઓ માટે ભરતી થાય છે. આ સિવાય રાજ્ય અને દેશના અર્ધલશ્કરદળોમાં પણ ભરતીઓ યોજાય છે.

● **સ્ટાફ સિલેક્શન કમિશનની મેટ્રિક કક્ષાની પરીક્ષા :**



કેન્દ્ર સરકારની કચેરીઓમાં વર્ગ-ડીની પટાવાળા, હેલ્પર વિ. (MTS) કહેવાતી જગ્યાઓ માટે પરીક્ષા પાસ કરવાની રહે છે. આ પરીક્ષા પાસ કરશે તેવા ઉમેદવારોને કાયમી જોબ ૧૮ વર્ષના થાય ત્યારે મળે છે. આ પરીક્ષાની જાહેરાત વર્ષમાં ૧ વખત આવે છે.

જાહેરાત સમયે ૧૮થી ૨૫ વર્ષની વય ધરાવતા SSC/HSC સર્ટિફિકેટમાં દર્શાવેલ જન્મ તારીખવાળા ઉમેદવારો આ પરીક્ષા આપી શકે છે. આ વયમર્યાદામાં SC/ST ઉમેદવારોને ૫- વર્ષ અને OBC ઉમેદવારોને ૩ વર્ષની છૂટછાટ મળે છે. વધુ વિગતો માટે વેબસાઈટે www.ssc.in જોવી.

● **પરીક્ષા કેન્દ્રો :**

ગુજરાતમાં આ પરીક્ષા, અમદાવાદ, વડોદરા, રાજકોટ, સુરત, ભૂજ અને પાલનપુર કેન્દ્રો પરથી યોજવામાં આવે છે. જાહેરાતમાં દર્શાવેલ હોય છે. સ્ટાફ સિલેક્શન કમિશન દ્વારા પરીક્ષાઓનું વાર્ષિક કેલેન્ડર (સમયપત્રક) પ્રસિદ્ધ થાય છે.

સ્ટાફ સિલેક્શન કમિશનની પ્રાદેશિક કચેરીનું સરનામું : પ્રતિષ્ઠા ભવન, ઓલ્ડ સી.જી. ઓ. બિલ્ડીંગ, એમ.કે. રોડ, મુંબઈ-૪૦૦૦૨૦.

● **મેટ્રિક એન્ટ્રી રિક્રૂટ્સ :** (MER)

૧૬ થી ૧૯ વર્ષની વચ્ચે વય ધરાવતા હોય તથા સાયન્સ અને ગણિત વિષય સાથે ઓછામાં ઓછા ૫૫% માર્કસ સાથે મેટ્રિક્યુલેશન કે સમકક્ષ પરીક્ષા પાસ હોય કે ઓછામાં ઓછા ૬૦% માર્કસ સાથે ફિઝિક્સ અને મેથ્સના વિષયો સાથે ઉંજીઝ પરીક્ષા પાસ ઉમેદવારો પણ અરજી કરી શકે છે.

● **ઈન્ડિયન નેવીમાં ડોકયાર્ડ એપ્રેન્ટિસ પરીક્ષા :**

ભારતીય નૌકાદળમાં મેટ્રિક પાસ પુરુષ ઉમેદવારોને નોકરીમાં જોડાવાની વધુ એક તક પૂરી પાડે છે. જે વિજ્ઞાન વિષય સાથે મેટ્રિક પાસ હોય તેમને અગ્રતા આપવામાં આવે છે. ૧૪ થી ૧૯ વર્ષની વયમર્યાદા ધરાવતા ઉમેદવારો લેખિત પરીક્ષા આપી શકે છે. આખરી પસંદગી પામેલા ઉમેદવારોને ૩ વર્ષ માટે નેવલ ડોકયાર્ડ

સ્કૂલ, મુંબઈ ખાતે તાલીમ આપવામાં આવે છે. તાલીમ દરમિયાન પ્રતિ માસ સ્ટાઈપેન્ડ પણ આપવામાં આવે છે.

- **ભારતીય નૌકાદળમાં નાવિક :**

ધોરણ-૧૦માં ગણિત અને વિજ્ઞાનના વિષય સાથે ઓછામાં ઓછા ૫૫ % માર્કસ ધરાવતા અથવા મેથ્સ અને ફિઝિક્સ વિષય સાથે ઓછામાં ઓછા ૫૦ % માર્કસ સાથે ધોરણ-૧૨ પાસ તથા ૧૬થી ૧૯ વર્ષની વય ધરાવતા અપરીણિત ભારતીય પુરુષો અરજી કરી શકે છે. નાવિક માટે શારીરિક માપદંડમાં પસંદગી પામેલ ઉમેદવારોની (૧) અંગ્રેજી (૨) વિજ્ઞાન (૩) ગણિત (૪) જનરલ નોલેજ એમ ચાર વિષયની લેખિત પરીક્ષા લેવાય છે. ગુજરાતમાંથી જામનગર કેન્દ્ર ખાતે આ પરીક્ષા આપી શકાય છે. પસંદગી પામેલ ઉમેદવારોને ૨૪ અઠવાડિયાની બેઝિક તાલીમ INS. ચિલ્કા ખાતે આપવામાં આવે છે.

- **ઈન્ડિયન નેવી દ્વારા સંચાલિત 'કોમર્શિયલ ડ્રાઈવિંગ કોર્સ' :**

ઈન્ટરનેશનલ મરીન કોન્ટ્રાકટર્સ દ્વારા માન્ય આ કોર્સ ઉપલબ્ધ છે. ધોરણ-૧૦ પાસ ૫૦ ટકા સાથે અને ૧૮થી ૨૮ વર્ષની વય ધરાવતાં ઉમેદવારો આ કોર્સ કરી શકે છે.

- **નૌસેના ભરતી કાર્યાલયનું સરનામું :**

(૧) DDMPR (RR) નેવલ હેડક્વાર્ટર્સ, સેના ભવન, ન્યુ દિલ્હી - ૧૧૦૦૧૧

(૨) INS વાલ્સુરા, નેવી મથક, જામનગર

**ભારતીય લશ્કરમાં નોકરીની તકો :** ધોરણ-૧૦ પાસ અપરીણિત પુરુષ ઉમેદવારો ભારતીય ભૂમિદળમાં સોલ્જર તથા અન્ય કેટેગરીની પરીક્ષાઓ અને ભરતીમેળાઓમાં ઉમેદવારી કરી શકે છે.

## ભરતી મેળા દ્વારા લશ્કરમાં સોલ્જરની જગાઓ માટે ભરતી

**શૈક્ષણિક લાયકાત તથા શારીરિક માપદંડ :**

| જગ્યાનું નામ | શૈક્ષણિક લાયકાત | વય મર્યાદા વર્ષ | ઊંચાઈ સે.મી. | છાતી સે.મી. | વજન કિગ્રા. |
|---|---|---|---|---|---|
| સોલ્જર જનરલ ડ્યુટી | એસ.એસ.સી. પાસ | ૧૬-૨૧ | ૧૬૭ | ૭૭-૮૨ | ૫૦ |
| સોલ્જર ટેકનિકલ અને નર્સિંગ આસિસ્ટન્ટ | એસ.એસ.સી. પાસ ગણિત, અંગ્રેજી, વિજ્ઞાન વિષય પાસ સાથે) | ૧૬-૨૩ | ૧૬૭ | ૭૭-૮૨ | ૫૦ |
| ધોબી, વાળંદ, વિ. સોલ્જર (ટ્રેડ્સમેન) | નોન મેટ્રિક | ૧૬-૨૫ | ૧૬૫ | ૭૭-૮૨ | ૫૦ |

- **શારીરિક માપદંડ :**

(૧) એક માઈલની દોડ, (૨) પુલ અપ્સ, (૩) સમતુલા

ભરતીની પ્રક્રિયામાં શારીરિક માપદંડ PFT અને ચિકિત્સા પરીક્ષામાં પાસ થયા બાદ દરેક ઉમેદવારે કોમન એન્ટ્રન્સ એક્ઝામિનેશન (લેખિત પરીક્ષા)માં પાસ થવું ફરજિયાત છે.

ઉમેદવારે નીચેનાં પ્રમાણપત્રો અસલ તથા પ્રમાણિત નકલો અને સાત પાસપોર્ટ ફોટા સાથે હાજર રહેવું.

(૧) એસ.એસ.સી.ની માર્કશીટ (૨) એસ.એસ.સી. ક્રેડિટ પ્રમાણપત્ર (૩) શાળા છોડ્યાનું પ્રમાણપત્ર (૪) સરપંચનો દાખલો (૫) જાતિનો દાખલો (૬) રમતગમત અને એન.સી.સી.ના પ્રમાણપત્રો

ભરતીમેળાના આયોજન અંગે ન્યુઝ પેપરમાં અને ગુજરાત રોજગાર સમાચાર સાપ્તાહિકમાં જાહેરાત



પ્રકાશિત થાય છે. જાહેરાતની પ્રેસનોટથી રોજગાર કચેરી પણ મદદરૂપ થાય છે.

ભરતીમેળાની કામગીરીમાં રાજ્ય સરકારની સંબંધિત જિલ્લાઓની રોજગાર કચેરી પણ મદદરૂપ થઈ ઉમેદવારોને માહિતી અને માર્ગદર્શન આપે છે.

- **ગુજરાતની લશ્કર ભરતી કચેરીઓ :**

(૧) આર્મી રિક્રુટમેન્ટ કચેરી, શાહીબાગ કેન્ટોનમેન્ટ એરિયા, ડફનાળા, શાહીબાગ, હનુમાન મંદિર પાસે, અમદાવાદ. ફોન. નં. (૦૭૯) ૨૯૧૧૩૧૦.

(૨) આર્મી ભરતી કાર્યાલય, જી.જી. સિવિલ હોસ્પિટલ રોડ, સેનેટોરિયમ પાસે, જામનગર. ફોન. નં. (૦૨૮૮) ૨૫૫૦૨૭૫



આર્મી રિક્રુટમેન્ટ હેલ્પલાઈન : (૦૭૯) ૨૨૮૮૬૪૬૪ વેબસાઈટ www.joinindianarmy.nic.in

લશ્કર, નેવી ભરતી પદ્ધતિ વિ.માં ફેરફાર થતા હોય છે તે ખાસ જાણવા.

- ITI એપ્રેન્ટીસ ભરતી : ITI દ્વારા વર્ષમાં બે વખત એપ્રેન્ટીસ ભરતી થાય છે. તેમાં નાની વયે ITI કોર્સ સ્ટાઈપેન્ડ સાથે કરી શકાય છે. આ તક લેવી અથવા પોલીટેકનીક ડિપ્લોમાં લાયકાત, રસ, સગવડતા મુજબ પસંદ કરવો.

'જય', વિદ્યુતનગર-૨,
ઓમકારેશ્વર મંદિર પાસે,
રૈયા રોડ, રાજકોટ - ૩૬૦૦૦૭

## ગુજરાત રોજગાર સમાચાર સાપ્તાહિકનું લવાજમ કેવી રીતે ભરશો ?

- માહિતી કમિશનરશ્રીની કચેરી, હિસાબી શાખા, બ્લોક નં.-૭, ત્રીજો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, જૂનું સચિવાલય, ગાંધીનગર-૩૮૨૦૧૦, ગુજરાત રાજ્ય. ખાતે રૂબરૂમાં સવારે ૧૦-૩૦ થી ૨-૦૦ વાગ્યા સુધીમાં સ્વીકારવામાં આવે છે.
- જિલ્લા મથકોએ આવેલી માહિતી ખાતાની કચેરીઓ ખાતે રૂબરૂમાં લવાજમ સ્વીકારવામાં આવે છે.
- ગુજરાત રોજગાર સમાચાર સાપ્તાહિકનું વાર્ષિક લવાજમ મનીઓર્ડર(E.M.O.)/ડિમાન્ડ ડ્રાફ્ટથી પણ સ્વીકારવામાં આવે છે. E.M.O./ડી.ડી.'માહિતી કમિશનરશ્રીની કચેરી, હિસાબી શાખા, બ્લોક નં. ૭/૩, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર' ના નામનો મોકલવો. E.M.O.કરતી વખતે એક બાબત ખાસ ધ્યાનમાં રાખવી કે, તેમાં ઉપર અને નીચે આપવામાં આવેલી સ્પેસમાં બન્ને જગ્યાએ સ્વયંનું નામ, સરનામું, પીનકોડ નંબર અવશ્ય લખવો. એક જ સરનામું લખેલું હશે તેવા E.M.O. પરત મોકલવામાં આવશે.
- લવાજમ સ્વીકારવા કોઈ ખાનગી વ્યક્તિ કે સંસ્થાને એજન્સી આપવામાં આવી નથી.
- ગુજરાત રોજગાર સમાચાર સાપ્તાહિકનું વાર્ષિક લવાજમ રૂા. ૩૦ છે.
- ગુજરાત રોજગાર સમાચાર સાપ્તાહિકના કારકિર્દી માર્ગદર્શન વિશેષાંકની કિંમત રૂા. ૨૦ છે.

# ૧૨ અન્ય વિકલ્પો ઉપર એક નજર

*– વિશાલ પટેલ*

**(૧) ઈન્ડો-જર્મન ટુલરૂમ : અમદાવાદ**

અમદાવાદમાં વટવા જીઆઈડીસીમાં આવેલ ઈન્ડો-જર્મન ટુલરૂમ પ્રતિષ્ઠિત સંસ્થા છે. અહીં ધો-૧૦, આઈ.ટી.આઈ. પાસ ઉમેદવારો માટે પ્લાસ્ટીક અને ધાતુના સંમિશ્રણથી ચોક્કસાઈવાળા ટુલ્સ એટલે કે સાધનો, ઓજારો તેમજ ડાઈ બનાવવાની તાલીમ આપવામાં આવે છે. CAD/CAM અને CNC ટેકનોલોજી મેળવવા માટે આ સંસ્થા ખૂબ ઉપયોગી છે. અહીં,

- સર્ટિફિકેટ ઈન CNC મશિનિષ્ટ
- સર્ટિફિકેટ ઈન ટુલ એન્ડ ડાઈમેકીંગ (CMT)
- CAD ઈન્ટિગ્રેટેડ કોર્સ ઓન ઈન્જેકશન મોલ્ડીંગ ડિઝાઈન
- માસ્ટર ઓફ CAD
- માસ્ટર ઓફ CAM & CNC ટેકનોલોજી
- પોસ્ટ ડિપ્લોમા ઈન ટુલ ડિઝાઈન એન્ડ CAD/CAM
- ડિપ્લોમા ઈન ટુલ એન્ડ ડાઈમેકીંગ (DMT) જેવા ટૂંકાગાળાના, મધ્યમગાળાના અને લાંબાગાળાના અભ્યાસક્રમો ઓફર કરવામાં આવે છે.
- **વધુ વિગતો માટે સંપર્ક :**
  ઈન્ડો-જર્મન ટુલરૂમ, પ્લોટ નં. ૫૦૦૩,
  ફેઝ : ૪, જી.આઈ.ડી.સી., વટવા
  ફોન નં. ૨૫૮૪૦૯૬૧
  વેબસાઈટ : www.igtcahd.com



**(૨) મર્ચન્ટ નેવી :**

સમુદ્રમાં ફરતા વિશાળકાય જહાજ વિવિધ પ્રકારના માલસામાનનું વહન કરતા હોય છે. આ જહાજ ઉપર તેના પ્રકાર, કદ અને ટ્રેડ મુજબ કામગીરી બજાવતા લોકો મર્ચન્ટ નવીનો સ્ટાફ ગણાય છે. મર્ચન્ટ નેવીમાં જોડાવા માટે વિજ્ઞાન, અંગ્રેજી અને ગણિતના વિષયોમાં ૪૦ ટકા ગુણ સાથે ધોરણ-૧૦ પાસ તથા ધોરણ-૧૦ અથવા ધોરણ-૧૨માં અંગ્રેજીમાં ઓછામાં ઓછા ૪૦ ટકા ગુણ અથવા ડિગ્ર/ડિપ્લોમા/આઈ.ટી.આઈ. (બે વર્ષનો એન્જિ. ટ્રેડ) કોર્સ કરેલો હોવો જોઈએ. જે પૈકી અંતિમ વર્ષમાં અંગ્રેજીમાં ૪૦ ટકા ગુણ મેળવેલા હોવા જોઈએ. મર્ચન્ટ નેવીમાં જોડાવવા માટે સૌ પ્રથમ જનરલ પર્પઝ રેટીંગ (GP) ની તાલીમ મેળવવી જરૂરી બને છે. ત્યારબાદ મર્ચન્ટ નેવીમાં છ તબક્કે પ્રગતિની તક મળે છે.

**સંપર્ક સરનામું :**

બોર્ડ ઓફ એક્ઝામિનેશન ફોર સીફેરર્સ, ટ્રસ્ટ - CET, ૪૦૩/૪૦૪, ગ્રેટ ઈસ્ટર્ન ગેલેરીયા, પ્લોટ નં. ૨૦, સેકટર-૪, નેરૂલ, નવી મુંબઈ - ૪૦૦૭૦૬.

વેબસાઈટ : http://www.seafarers.edu.in

ફોન નં. : ૦૨૨-૬૫૮૬૧૪૪૧/૪૨

**(૩) ફાઈન આર્ટસ ડિપ્લોમા / મલ્ટીમીડિયા :**

આઈ.ટી.ના આ યુગમાં મલ્ટીમીડિયાનો ખૂબ સારો વિકાસ થયો છે. વેબ ડિઝાઈનીંગ, એનિમેશન, વિઝ્યુલાઈઝર, ક્રિએટીવ આર્ટિસ્ટ, ગ્રાફિક આર્ટિસ્ટ, વેબ પ્રોગ્રામર જેવા ક્ષેત્રો વિકસ્યા છે. તેમાં નિષ્ણાતોની જરૂરિયાત રહે છે. ધોરણ-૧૦ પછી ડિપ્લોમા ફાઈન આર્ટસ કોલેજો, અમદાવાદ, વલ્લભવિદ્યાનગર, સુરત, વલસાડ, ધોળકા, સુરેન્દ્રનગર, ભરૂચ, મહેસાણા, પંચમહાલ, ખેડા, સાબરકાંઠા, રાજપીપળા ખાતે આવેલી છે.

**સંપર્ક :**

શેઠ સી.એન. કોલેજ ઓફ ફાઈન આર્ટસ,
આંબાવાડી, અમદાવાદ-૬ ફોન નં.-૦૭૯-૨૬૪૩૬૩૫૧
વેબસાઈટ : www.cnvidyalaya.org

એ/૧૪, સુવિધા પાર્ક,
પાર્શ્વનાથ ટાઉનશીપ રોડ, કૃષ્ણનગર, અમદાવાદ.

# ૧૩ મહત્ત્વની ટીટબીટ્સ

*– પ્રવીણ સોનારીયા*

- ધો. ૧૦, ધો. ૧૨ અથવા તો સ્નાતક બાદ સાંપ્રત બનાવો, ઘટનાઓ વિશે સતત અપડેટ રહેવા માટે પ્રતિયોગીતા દર્પણ, મનોરમા યર બુક, દૈનિક પેપરો વગેરેનો નિયમિત અભ્યાસ કરતા રહો. તે ખૂબ ઉપયોગી પૂરવાર થશે.
- અંગ્રેજી ભાષા આજના યુગમાં મહત્વની છે. તેથી તેની જાણકારી ગમે ત્યારે તમારો પ્લસ પોઈન્ટ બની શકે છે. ખાસ કરીને ઈંગ્લિશ સ્પીકીંગનો મહાવરો કેળવવો.
- અંગ્રેજી ઉપરાંત, અન્ય વધારાની કોઈ વિદેશી ભાષા જેવી કે, જર્મન, ફ્રેન્ચ, સ્પેનિઝ, જાપાનીઝ, મંડેરીયન શીખી લેવી જોઈએ. તમારી કારકિર્દીમાં સફળતાનું એક મોરપીંછ ઉમેરાશે.
- ધો. ૧૦ અથવા ધો. ૧૨થી જ કારકિર્દીનો 'ગોલ' નક્કી કરી લેવો હિતાવહ છે. ગોલ નક્કી કરવાના ખૂબ જ ફાયદા તમને પાછળથી જાણવા મળશે. તેનાથી તમારું વિઝન અને મિશન સ્પષ્ટ થઈ જશે. કારકિર્દીનો માર્ગ એક્સપ્રેસ વે જેવો બની જશે.
- કારકિર્દીમાં મેઈન સ્ટ્રીમની સાથે સાથે તમારી મૌલિક્તા, સર્જનાત્મક્તા, હુન્નર, કલાને પણ ઓળખો. આ બધા ગુણો તમારા શોખને પોષશે. તેનાથી તમારી કારકિર્દી નવો જ વળાંક લે તેવું પણ બની શકે.
- કારકિર્દીમાં સફળ થવાનું એક સોનેરી સૂત્ર આ પણ છે. "જે ક્ષેત્રમાં જોડાયેલા હોવ તેમાં હંમેશા શ્રેષ્ઠ બનવાનો પ્રયાસ કરો" એટલે કે, જો તમારે પત્રકાર બનવું હોય તો પત્રકારત્વ જગતની સાથે સંકળાયેલા તમામ પાસા, પ્રવાહો, નવી ટેકનોલોજી, પરિવર્તનો, પડકારો વિશે સુસજ્જ બનો. તેનાથી તમારામાં પોતાના ક્ષેત્રનો આત્મવિશ્વાસ કેળવાશે, જે તમને ટોચ પર લઈ જશે.
- ધો. ૧૦, ધો. ૧૨ કારકિર્દીના પથ પર પ્રયાણ કરવા માટેના મહત્વના માઈલ સ્ટોન છે. તેથી ચીલાચાલુ અને સરળ રસ્તા ઉપર ચાલવાને બદલે નવો ચીલો, નવી કેડી પસંદ કરી મંઝિલે પહોંચવાનો પણ પ્રયાસ કરવો જોઈએ. એટલે કે, કારકિર્દીના પરંપરાગત ક્ષેત્રો પસંદ કરવાને બદલે જરા હટકે એવા ફિલ્ડમાં પણ પગપેસારો કરવો જોઈએ. તમને કંઈક નવો જ અનુભવ થાય.
- અભ્યાસની સાથે સાથે સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં પણ ભાગ લેવો જોઈએ. IAS / IPS જેવી પરીક્ષાઓમાં હવે ગુજરાતના વિદ્યાર્થીઓ પણ કાઠું કાઢવા લાગ્યા છે. સનદી સેવાની પરીક્ષાની તૈયારીઓ કરવા માટે જરૂરી તાલીમ સ્પીપા અને અન્ય સંસ્થાઓ દ્વારા પૂરી પાડવામાં આવે છે. જરૂરી સાહિત્ય, વાચન સામગ્રી પૂરતા પ્રમાણમાં મળી રહે છે. અખિલ ભારતીય સનદી સેવાની પરીક્ષાઓમાં સફળ થવા માટે ધો. ૧૨થી જ તૈયારી આરંભી દેવી યોગ્ય છે.
- ઉદ્યોગ સાહસિક બનવા ઈચ્છતા વિદ્યાર્થીઓ માટે હવે વિવિધ વિકલ્પો ઉપલબ્ધ બન્યા છે. ગાંધીનગર જિલ્લામાં ભાટ ગામ નજીક આવેલી ઉદ્યમીતા વિકાસ સંસ્થાન ખૂબ જાણીતું નામ છે. પત્રાચારથી અભ્યાસની પણ સુવિધા છે.
- ફિલ્મ ટેલિવિઝન ક્ષેત્રે કારકિર્દી બનાવવા ઈચ્છુક વિદ્યાર્થીઓ માટે કેરલની કે.આર. નારાયણન નેશનલ ઈન્સ્ટિટયૂટ ઓફ વિઝ્યૂઅલ સાયન્સ એન્ડ આર્ટ્સ સંસ્થા મહત્વનાં કોર્સ ઓફર કરે છે. ધો. ૧૨ ના આધારે અહીં ત્રણ વર્ષની અવધિવાળા ડિપ્લોમા અભ્યાસક્રમો ઓફર કરવામાં આવે છે. સ્ક્રીપ્ટ રાઈટીંગ એન્ડ ડાયરેક્શન, ઓડિયોગ્રાફી એડિટીંગ, એનિમેશન એન્ડ વિઝ્યુઅલ ઈફેક્ટ, સિનેમેટોગ્રાફી, એક્ટીંગ.
- અમદાવાદમાં ડ્રાઈવ-ઈન રોડ ઉપર આવેલી પ્રતિષ્ઠિત સ્વાયત સંસ્થા 'મહાત્મા ગાંધી શ્રમ સંસ્થાન' દ્વારા હ્યુમન રિસોર્સ મેનેજમેન્ટ, ઈન્ડસ્ટ્રીયલ એન્વાર્યમેન્ટલ ટેકનોલોજી એન્ડ મેનેજમેન્ટ, સ્ટ્રેટેજિક હ્યુમન રિસોર્સ મેનેજમેન્ટ જેવા પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા કોર્સ ઓફર કરવામાં આવે છે. તેની જોબ વેલ્યુ સારી છે.
- ઘેરબેઠાં પત્રાચારથી ઉર્દૂ ભાષા મફતમાં શીખવા માગતા હોવ તો જામીયા મીલીયા ઈસ્માલીયા યુનિવર્સિટી તક પૂરી પાડે છે. દિલ્હીથી પ્રસિદ્ધ થતા એમ્પ્લોયમેન્ટ ન્યૂઝમાં તેની નિયમિત જાહેરાત પ્રસિદ્ધ થતી રહે છે.

---

૩૭, ન્યુ નકળંગ સોસાયટી,
ધરણીધર બંગ્લોઝ પાસે,
નવા નરોડા, અમદાવાદ.

ઉન્નત છે આશા, ભીતર ભરી છે શ્રદ્ધા
કરીએ કૌશલ્ય નિર્માણ
બનાવીએ ઉજ્જવળ આવતી કાલ

# સ્વરોજગારી સંલગ્ન વિશેષ માહિતી

પોતાની રીતે, પોતાની પસંદગી અને કુશળતા પ્રમાણે તથા સ્વતંત્રતા સાથે કોઈપણ સ્વરોજગારના ક્ષેત્રને પસંદ કરવું એ પણ કારકિર્દીનો એક મહત્ત્વનો વિકલ્પ છે. સ્વરોજગાર માટે ઉપલબ્ધ તકોની અહીં વાત કરીએ તથા તે ઉપરાંત પણ વિદ્યાર્થીઓને કારકિર્દીના માર્ગે આગળ વધવામાં ઉપયોગી એવી કેટલીક બાબતો, આનુષાંગિક માહિતી વગેરે અહીં પ્રસ્તુત છે.

# આ વિભાગમાં જુઓ...


| | | પા.નં. |
|---|---|---|
| ● | સ્વરોજગાર દ્વારા કારકિર્દી | ૧૭૫ |
| ● | ઉચ્ચ અભ્યાસ માટે સહાયરૂપ : 'એજ્યુકેશન લોન' | ૧૮૯ |
| ● | શિષ્યવૃત્તિની નવી યોજનાઓ | ૧૯૨ |
| ● | IAS / IPS બનવાની રણનીતિ | ૧૯૬ |
| ● | મહત્ત્વની વેબસાઈટ્સ | ૨૦૦ |

# ૧ સ્વરોજગાર દ્વારા કારકિર્દી

– *બી. ડી. જોબનપુત્રા*

આપણી એક માન્યતા હોય છે કે વિદ્યાર્થીનો અભ્યાસ કાળ પૂરો થાય એટલે રોજગારી શરૂ થવી જોઈએ,સામાન્ય રીતે રોજગારીના બે પ્રકારો પડે છે – વેતન રોજગારી અને સ્વરોજગારી. અહી રોજગારીનો સીધો જ અર્થ નોકરી એવો થતો હોય છે. વિદ્યાર્થીઓમાં પણ નોકરી મેળવવાની તીવ્ર ઈચ્છા રહેલી હોય છે. આજના આ સ્પર્ધાત્મક સમયમાં જે વિદ્યાર્થીઓ સ્પર્ધામાં શ્રેષ્ઠ દેખાવ કરી શકે, ટોપર રેન્ક મેળવી શકે તે ચોકકસ રીતે નોકરી અંકે કરી લેવામાં સફળ થાય છે. છેલ્લા કેટલાક સમયથી વિદ્યાર્થીઓની વિચારણામાં કોઈ સૂક્ષ્મ બદલાવ આવી રહેલ હોય તેમ જણાય છે. અમુક વિદ્યાર્થીઓ મળેલ નોકરીને ઠોકર મારી સ્વતંત્ર બિઝનેસમાં ઝંપલાવવાનું પસંદ કરતા થયા છે, તો અમુક વિદ્યાર્થીઓનો ઝોક પ્રથમથી જ સ્વરોજગારી અપનાવવા તરફનો રહેતો હોવાનું જણાય છે.

અહીં વેતન રોજગારી અને સ્વરોજગારી વચ્ચેનો તફાવત સમજવો પણ રસપ્રદ થઈ પડશે. સવેતન રોજગારી એટલે વેતન સાથેની રોજગારી, બીજા શબ્દોમાં નોકરી. કોઈ કામ કરવા બદલ નિયમિત રીતે પગાર કે મહેનતાણું મળે તે કામને નોકરી કહેવામાં આવે. જે ધંધાદારી પ્રવૃતિ દ્વારા વ્યકિત પોતે નફાના સ્વરૂપમાં વળતર મેળવે તેને સ્વરોજગારી ગણી શકાય. સવેતન રોજગારી અને સ્વરોજગારી વચ્ચે કેટલાક પાયાના એવા મૂળભૂત તફાવત રહેલા છે. વેતન રોજગારીમાં ઉમેદવારે કોઈ પણ જાતનું મૂડી રોકાણ કરવુ પડતુ નથી જયારે સ્વરોજગારીમાં રોકાણ કરવુ આવશ્યક હોય છે, લોન મેળવેલ હોય તો પણ માર્જીન મની તરીકે અમુક રકમનું રોકાણ કરવુ પડતું હોય છે. વેતન રોજગારીમાં કામના કલાકો નિશ્ચિચત થયેલા હોય છે, જયારે સવેતન રોજગારીમાં કામના કલાકોનું કોઈ બંધન કે મર્યાદા હોતા નથી માલિક ધારે તેટલો સમય કામ કરી શકે છે. વેતન રોજગારીમાં વેતનનો દર નિશ્ચિત હોય છે, જયારે સ્વરોજગારીમાં આવક માટે કોઈ મર્યાદા હોતી નથી. માલિક પોતાની મહેનત, કુશળતા, કામના કલાકો વગેરે મુજબ ઓછું કે વધારે વળતર મેળવી શકે છે. વેતન રોજગારી કરતા તમામ કર્મચારીઓ પોતાનાથી ઉપરી અધિકારીને જવાબદાર હોય છે, એટલે કે કામગરીમાં સ્વતંત્રતા હોતી નથી જયારે સ્વરોજગાર કરતી વ્યકિત પોતે જ પોતાની માલિક હોય છે અને સીધા જ ગ્રાહકને જ જવાબદાર હોય છે. અહી ઉલ્લેખનીય બાબત એ છે કે સ્વરોજગાર કરતી વ્યકિત પોતાને ત્યાં એક થી વધારે સવેતન માણસો રોજગારી પર રાખી શકે છે અને બિઝનેસનો વિકાસ કરી શકે છે.

સ્વ રોજગારી અપનાવવા અને સફળ જવા માટે કેટલાક ગુણો વિકસાવવા જરૂરી ગણાય છે, જેમ કે ઈરાદો. સ્વરોજગારી અપનાવવા માટે વિચારપૂર્વકનો મકકમ ઈરાદો હોવો જોઈએ જેટલો દ્રઢ ઈરાદો હશે તેટલું વધારે સફળ થવાશે. રિલાયન્સના સ્થાપક શ્રી ધીરુભાઈ અંબાણી અને નીરમાના સ્થાપક શ્રી કરશનભાઈ પટેલ આના જ્વલંત ઉદાહરણ છે. સતત તાલીમ અને અભ્યાસ સફળતા મેળવવાના અમોઘ હથિયારો છે. ટેકનિકલ તાલીમ , મેનેજમેન્ટની તાલીમ, વિવિધ કાયદાઓ જેવા કે ઈન્કમ ટેક્ષ એકટ, ગુમાસ્તા ધારો, શોપ એકટ, એપ્રેન્ટીશશીપ એકટ, પ્રોવિડન્ટ ફંડ એકટ, વગેરે તમામ કાયદાઓનું જ્ઞાન, માર્કેટનો અભ્યાસ, ગ્રાહકના માનસનો અભ્યાસ, કોસ્ટીગની જાણકારી, બજારમાં અને આંતર રાષ્ટ્રીય માર્કેટમાં થતી ઉથલ પાથલ વગેરેની જાણકારી, સરકારશ્રીની વિવિધ યોજનાઓ દ્વારા મળતા ટેક્ષના ફાયદાઓ, લોન યોજનાઓની માહિતી– વગેરે સફળતા માટે મદદરૂપ બને છે. જાત મહેનત અને સહાયકોને પ્રોત્સાહિત કરવાની પધ્ધતિ આવકાર્ય ગણાય છે.

આટલી પૂર્વ ભૂમિકા બાદ મહત્વની લોન યોજનાઓ વિશે માહિતી મેળવીએ.

**૧. કમિશનરશ્રી, કુટિર અને ગ્રામોધોગ દ્વારા મળતી લોન યોજનાઓ :**

**(૧) વડાપ્રધાનનો રોજગાર નિમાર્ણ કાર્યક્રમ (PMEGP)**

ભારત સરકારે તા. ૩૧/૩/૨૦૦૮ સુધી અમલમાં હતી તેવી બે યોજનાઓ (૧) વડા પ્રધાનની

રોજગારલક્ષીયોજના (PMRY) અને ગ્રામીણ રોજગાર નિમાર્ણ કાર્યક્રમ (REGP)ને ભેગી કરીને વડા પ્રધાનના રોજગાર નિમાર્ણ કાર્યક્રમ (PMEGP) નામનો એક નવો ધીરાણ સંલગ્ન સહાયકી કાર્યક્રમ મંજૂર કરી તેનો અમલ શરૂ કર્યો. આ યોજનાકેન્દ્ર પુરસ્કૃત યોજના છે અને તેની અમલવારી લઘુ,નાના અને મધ્યમ કદના ઉદ્યોગોના મંત્રાલય હેઠળના ખાદી અને ગ્રામોદ્યોગ કમિશન દ્વારા કરવામાં આવે છે. રાજયસ્તરે આ યોજનારાજય ખાદી અને ગ્રામોદ્યોગ બોર્ડઝ, ખાદી અને ગ્રામોદ્યોગ વિકાસ કમિશન હેઠળ કામ કરતી નિયામક કચેરીઓ અને જિલ્લા ઉદ્યોગ કેન્દ્રો અને બેન્કો દ્વાર અમલમાં મૂકાયેલ છે.

**ઉદ્દેશ :** (૧) સ્વરોજગાર માટેના ઉદ્યોગ સાહસો/પરિયોજનાઓ/નાના ઉદ્યોગો શરૂ કરી રોજગારીની તકો ઉભી કરવી

(૨) છૂટા છવાયા પરંપરાગત કારીગરો/ગ્રામીણ અને શહેરી બેરોજગાર યુવાનોને સંગઠિત કરવા અને તેમને પોતાના સ્થળે શકય તેટલા પ્રમાણમાં સ્વરોજગાર પૂરો પાડવો.

(૩) પરંપરાગત અને ક્ષમતા ધરાવતા કારીગરો તથા ગ્રામીણ/શહેરી બેરોજગાર યુવાનોને સતત ચાલુ રહે તેવો રોજગાર પૂરો પાડવો, જેથી શહેરો તરફનું સ્થળાંતર રોકી શકાય.

(૪ ) કારીગરોની કમાવવાની ક્ષમતામાં વધારો કરવો.

**લાભાર્થીની પાત્રતા :** (૧) ઓછામાં ઓછી વય મર્યાદા ૧૮ વર્ષ, (૨) ઓછામાં ઓછું ધો. ૮ પાસ (ઉત્પાદન ક્ષેત્ર ૧૦ લાખ અને સેવા/વ્યાપાર ક્ષેત્રે ૫ લાખ કે તેથી વધુની યોજના માટૉ) (૩) આવક મર્યાદા નથી (૪) સોસાયટી રજી.એકટ ૧૮૬૦ હેઠળ નોંધાયેલ મંડળી, ઉત્પાદન સહકારી મંડળીઓ અને સખાવતી



સંસ્થાઓ પાત્રતા ધરાવે છે. (૫) અગાઉ કોઈયોજનાનો લાભ મેળવેલ પાત્રતા ધરાવતા નથી.

**લોનની મર્યાદા :** (૧) ઉત્પાદન ક્ષેત્ર માટે વધુમાં વધુ. રૂા. ૨૫ લાખ (માલિકનો ફાળો જનરલ ઉમેદવારો માટે ૧૦ ટકા અનુ.જાતિ/અનુ.આ.જાતિ/અન્ય પછાત વર્ગો/લઘુમતિઓ/સ્ત્રીઓ/માજી સૈનિકો/અપંગોના કેસમાં ૫ ટકા રહેશે)

(૨) સેવાક્ષેત્ર અને માટે વધુમાં વધુ રૂા. ૧૦ લાખ. ( માલિકનો ફાળો જનરલ ઉમેદવારો માટે ૧૦ ટકા અનુ. જાતિ/અનુ.આ.જાતિ/અન્ય પછાત વર્ગો/લઘુમતિઓ/સ્ત્રીઓ/માજી સૈનિકો/અપંગોના કેસમાં ૫ ટકા રહેશે)

**નાણાકીય સહાયનું પ્રમાણ :** (૧)સામાન્ય ઉમેદવારો માટે શહેરી વિસ્તારમાં ૧૫ ટકા અને ગ્રામ્ગ વિસ્તારમાં ૨૫ ટકા રહેશ (૨) અનુ.જાતિ/અનુ. આ.જાતિ/અન્ય પછાત વર્ગો/લઘુમતિઓ/સ્ત્રીઓ/માજી સૈનિકો/અપંગોના કેસમાં શહેરી વિસ્તાર માટે ૨૫ ટકા અને ગામ્ય વિસ્તાર માટે ૩૫ ટકા રહેશે.

**અમલીકરણ સંસ્થા :** જનરલ મેનેજરશ્રી, જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર અથવા ગુજ.રાજય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ, અમદાવાદ

**૨. જયોતિ ગ્રામોદ્યોગ વિકાસ યોજના :**

આ યોજના ગ્રામ્ય વિસ્તારમાં સ્થપાતા તમામ નવા એકમોને લાગુ પડે છે.

**યોજનાની પાત્રતા :** (૧) લાભાર્થીનો અભ્યાસ એસ.એસ.સી. પાસ હોવો જોઈએ. (૨) લાભાર્થીની ઉંમર ૨૫ થી ૫૦ વર્ષ વચ્ચેની હોવી જોઈએ. (૩) કોઈ આવક મર્યાદા નથી. (૪) ગ્રામ્ય વિસ્તારમાં જ પ્રોજેકટ સ્થાપવો જરૂરી છે. (૫) લાભાર્થી વર્તમાનમાં ધરે રહીને પ્રોજેકટમાં કામગીરી કરતા હોય, અથવા પ્રોજેકટ મુજબની કોઈ ફેકટરી કે યુનિટમાં કામ કરતા હોય અથવા પ્રોજેકટની પ્રવૃત્તિ માટે કોઈ માન્ય સંસ્થાની તાલીમ લીધેલ હોય તે જરૂરી છે.

**લાભાર્થીનો ફાળો :** જનરલ કક્ષાના લાભાર્થીએ ૧૦ ટકા પોતાનો ફાળો કાઢવાનો રહે છે, જયારે અનુ. જાતિ/ અનુ.જનજાતિ અને મહિલા ઉમેદવારોએ ૫ ટકાનો પોતાનો ફાળો કાઢવાનો રહે છે.

**મળવાપાત્ર ધિરાણ :** ઉદ્યોગ પ્રકારના પ્રોજેકટ માટે ૫ લાખથી ૨૫ લાખ સુધી.

**સહાયનું ધોરણ :** (૧) ૧૦ લાખ સુધીના પ્રોજેકટ માટે જનરલ ઉમેદવારોને ૨૫ ટકા, તેમજ અનુ જાતિ/અનુ.જનજાતિ/મહિલાઓ અને ૪૦ ટકા થી વધુની

અપંગતા ધરાવતા અપંગ ઉમેદવારો માટે ૪૦ ટકા (૨) ૧૦ લાખથી વધુ પરંતુ ૨૫ લાખ સુધીના ધિરાણ માટે ૧૦ લાખ સુધી ૨૫ ટકા અને બાકીની રકમ ઉપર ૧૦ ટકા (તમામ કેટેગરી માટે)

**અમલીકરણ સંસ્થા :** જનરલ મેનેજરશ્રી, જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર

**૩. શ્રી બાજપાઈ બેન્કેબલ યોજના :**

ગુજરાત રાજયના શહેરી અને ગ્રામ્ય વિસ્તારના શિક્ષિત બેરોજગાર યુવક/યુવતિઓને અને કારીગરોને સ્વરોજગાર પુરો પાડવાના આશયથી આ યોજના અમલમાં મૂકાયેલ છે.

**યોજનાની પાત્રતા :** (૧) શૈક્ષણિક લાયકાત ઓછામાં ઓછી ધો. ૪ પાસ જરૂરી છે. તેમજ વ્યવસાયને અનુરૂપ ત્રણ માસની તાલીમ અથવા ૧ વર્ષનો ધંધાનો અનુભવ અથવા વારસાગત કારીગર હોય તે જરૂરી છે. (૨) આવક મર્યાદા નથી.

**ધિરાણની મર્યાદા :** ઉદ્યોગો માટે ₹ ૫ લાખ. સેવા પ્રકાર માટે ₹ ૫ લાખ અને વેપાર પ્રકાર માટે ₹ ૨ લાખ. (વર્તમાનમાં ૩૯૫ પ્રકારની પ્રોફાઈલ્સ માટે ધિરાણ મળવાપાત્ર થાય છે)

**સહાયનું ધોરણ :** (૧) ₹ ૩૦૦૦૦ સુધી જનરલ કક્ષા માટે ૨૫ ટકા, એસ.સી./એસ.ટી. માટે ૪૦ ટકા અને અપંગો પૈકી ૪૦ ટકાથી વધુ કે ઓછી અપંગતા માટે ૫૦ ટકા. (૨) ₹ ૩૦૦૦૧ થી વધુ માટે જનરલ કક્ષા માટે ૨૦ ટકા, અનુ.જાતિ માટે ૨૫ ટકા, અનુ. જનજાતિ માટે ૩૦ ટકા અને અપંગો પૈકી ૪૦ ટકાથી વધુ અપંગતા માટે ૪૦ ટકા અને ૪૦ ટકાથી ઓછી અપંગતા માટે ૩૦ ટકા.

**સહાયની વધુમાં વધુ મર્યાદા :** ઉદ્યોગો માટે ₹ ૩૦૦૦૦, સેવા પ્રકાર માટે ₹ ૧૫૦૦૦ અને વેપાર માટે ₹ ૧૦૦

**અમલીકરણ સંસ્થા :** જનરલ મેનેજરશ્રી, જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર.

**૪. માનવ કલ્યાણ યોજના :**

આ યોજના તા. ૧૧/૯/૧૯૯૫ થી અમલમાં મૂકાયેલ છે. સામાજિક રીતે પછાત વર્ગના બેરોજગાર ઈસમોને સ્વ રોજગારી દ્વારા આર્થિક પરિસ્થિતિમાં સુધારો થાય તે માટે ટૂલ કીટસ આપવામાં આવે છે.

**પાત્રતા :** વય મર્યાદા ૧૬ વર્ષ થી ૬૦ વર્ષ વચ્ચે હોવી જોઈએ.

**આવક મર્યાદા :** (૧) ગ્રામ્ય વિસ્તારના લાભાર્થીનું નામ રુરલ ડેવલપમેન્ટ ડિપાર્ટમેન્ટની બી.પી.એલ.ની યાદીમાં હોવુ જોઈએ. અથવા (૨) લાભાર્થીની વાર્ષિક આવક ₹ ૨૭૦૦૦. (ગ્રામ્ય વિસ્તાર માટે) અને ₹ ૩૬૦૦૦. (શહેરી વિસ્તાર માટે) હોવી જોઈએ. ગ્રામ્ય વિસ્તારના લાભાર્થીએ આવકનું પ્રમાણપત્ર આપવાનું જરૂરી નથી જયારે શહેરી વિસ્તારના લાભાર્થીએ મામલતદારશ્રી અથવા નગર પાલિકાના ચીફ ઓફિસરશ્રી અથવા મ્યુનિસિપલ કોર્પોરેશનના સક્ષમ સત્તાધિકારીનું આવકનું પ્રમાણપત્ર રજૂ કરવુ જરૂરી છે.

**મળવાપાત્ર સહાય :** સ્વ રોજગારી માટે ₹ ૪૦૦૦ થી ₹ ૬૦૦૦ની મર્યાદાવાળી ટુલ કીટસ મળવાપાત્ર થાય છે.

**અમલીકરણ સંસ્થા :** જનરલ મેનેજરશ્રી, જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર

**૨. ગુજરાત રાજય ખાદી ગ્રામોધોગ બોર્ડ, અમદાવાદની યોજનાઓ :**

**(૧) સ્વ રોજગારી માટેની ટુલ કીટસ :**

**પાત્રતા :** (૧) ગ્રામીણ વિસ્તારના ગરીબી રેખા નીચે જીવતા ઈસમો (૨) વય મર્યાદા ૧૮ થી ૫૦ વર્ષ.

**સહાયનું ધોરણ :** ₹ ૫૦૦૦ ની મર્યાદામાં કુલ ૫૧ જેટલા ટ્રેડસ માટે ટૂલ કીટસ આપવામાં આવે છ.

અમલીકરણ સંસ્થા : ગુજરાત રાજય ખાદી ગ્રામોધોગ બોર્ડ, ગ્રામ નિમાર્ણ ભવન, જૂના વાડજ, અમદાવાદ. ફોન નં. ૦૭૯ ૨૭૫૫૧૭૦૧ ઈ મેઈલ : khadiboard@gmail.com અને વેબસાઈટ : www.khadigujarat.in

**૩. ગુજરાત પછાત વર્ગ નિગમ, ગાંધીનગરની યોજનાઓ**

**(૧) ટર્મ લોન (મુદતી લોન) :** સામાજિક અને શૈક્ષણિત રીતે પછાત વર્ગના ઈસમો કૃષિ અને સંલગ્ન પ્રવૃત્તિઓ, લઘુ ઉદ્યોગ, કારીગર અને પરંપરાગત ધંધાઓ, સેવા સેક્ટર તેમજ પરિવહન સેક્ટર માટે લોન મેળવી શકે છે.

**લોન મેળવવાની પાત્રતા :**

૧. અરજદાર સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના હોવા જોઈએ.
૨. કુટુંબની વાર્ષિક આવક ૮૧૦૦૦થી ઓછી (ગ્રામ્ય વિસ્તાર માટે) અને ૧૦૩૦૦૦થી ઓછી (શહેરી વિસ્તાર માટે) હોવી જોઈએ.
૩. વય મર્યાદા અરજી કરવાની તારીખે ૨૧થી ૪૫ વર્ષ.
૪. તાંત્રિક અને કુશળતા માંગી લેતા ધંધા માટે અનુભવ જરૂરી છે.

૫. વાહન યોજના માટે લાયસન્સ (પેસેન્જર વાહન માટે વાહનનો બેઈઝ) હોવા જોઈએ.

**લોનની મર્યાદા :** વધુમાં વધું ૧૦ લાખ સુધી લોન મળવાપાત્ર છે, જે ૬૦ સરખા માસિક હપ્તામાં વ્યાજ સાથે ભરપાઈ કરવાની રહે છે. આ યોજનામાં યુનિટ કોસ્ટના ૮૫ ટકા લોન આપવામાં આવે છે, જે પૈકી ૮૫ ટકા કેન્દ્રીય નિગમના, ૧૦ ટકા રાજ્ય સરકારના અને ૫ ટકા લાભાર્થીના ફાળાની રકમ રહે છે.

**વ્યાજનો દર :** ૫ લાખ સુધીની લોન માટે વાર્ષિક ૬ ટકા અને ૫ લાખ થી ૧૦ લાખ સુધીની લોન માટે વાર્ષિક ૮ ટકા વ્યાજનો દર રહેશે.

**અમલીકરણ સંસ્થા :** જિલ્લા સમાજ કલ્યાણ (વિ.જા.)ની કચેરી

**(૨) ન્યુ સ્વર્ણિમ યોજના :** ગરીબી રેખા હેઠળ જીવતી પછાત વર્ગની મહિલાઓ સ્વરોજગારી દ્વારા આત્મ નિર્ભર બને તે માટેની આ ખાસ યોજના છે. આ યોજના અંતર્ગત મહિલા લાભાર્થીએ પોતાની પસંદગીનો વ્યસાય કરવાનો રહે છે.

**લોન મેળવવાની પાત્રતા :**

૧. લાભાર્થી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના હોવા જોઈએ.
૨. લાભાર્થીની વાર્ષિક આવક ગ્રામ્ય વિસ્તાર માટે ૨૦ હજારથી ઓછી અને શહેરી વિસ્તાર માટે ૨૭૫૦૦થી ઓછી હોવી જોઈએ.
૩. અરજદારની ઉંમર અરજીની તારીખે ૨૧ વર્ષથી ૪૫ વર્ષ સુધીની હોવી જોઈએ.
૪. તાંત્રિક અને કુશળતા માંગી લેતા ધંધા માટે અનુભવ જરૂરી છે.

**મળવાપાત્ર લોનની મર્યાદા :** વધુમાં વધુ ૧ લાખની લોન મળવાપાત્ર છે. આ યોજનામાં ૯૫ ટકા લોન આપવામાં આવે છે, જેમાં ૯૫ ટકા કેન્દ્રીય નિગમના,૫ ટકા રાજ્ય સરકાર / લાભાર્થીના ફાળાની રકમ રહેશે. તેમજ લોનની પરત ચુકવણી વ્યાજ સહિત સરખા ૧૨૦ હપ્તામાં કરવાની રહે છે.

**વ્યાજનો દર :** વ્યાજનો દર વાર્ષિક પાંચ ટકા રહેશે.

**અમલીકરણ સંસ્થા :** જિલ્લા સમાજ કલ્યાણ (વિ.જા.)ની કચેરી

**(૩) મહિલા સમૃદ્ધિ યોજના :** પછાત વર્ગીની મહિલાઓને સ્વરોજગારી દ્વારા આત્મ નિર્ભર કરવા માટે લક્ષ્યાંક જૂથની મહિલા ઉદ્યોગ સાહસિકોને લઘુ સ્તરીય ધિરાણ આપવાનો ઉદ્દેશ છે. આ યોજના અંતર્ગત મહિલા લાભાર્થીએ પોતાની પસંદગીનો વ્યવસાય કરવાનો રહે છે.

**લોન મેળવવાની પાત્રતા :**

૧. લાભાર્થી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના મહિલા લાભાર્થી હોવા જોઈએ.
૨. લાભાર્થીની વાર્ષિક આવક ગ્રામ્ય વિસ્તાર માટે ૮૧ હજારથી ઓછી અને શહેરી વિસ્તાર માટે, ૧,૦૩,૦૦૦થી ઓછી હોવી જોઈએ.
૩. અરજદારની ઉંમર અરજીની તારીખે ૨૧ વર્ષથી ૪૫ વર્ષ સુધીની હોવી જોઈએ.
૪. તાંત્રિક અને કુશળતા માંગી લેતા ધંધા માટે અનુભવ જરૂરી છે.

**મળવાપાત્ર લોનની મર્યાદા :** વધુમાં વધુ ૫૦,૦૦૦ની લોન મળવાપાત્ર છે. આ યોજનામાં ૯૫ ટકા લોન આપવામાં આવે છે, જેમાં ૯૫ ટકા કેન્દ્રીય નિગમના, ૫ ટકા રાજ્ય સરકાર / લાભાર્થીના ફાળાની રકમ રહેશે. તેમજ લોનની પરત ચુકવણી વ્યાજ સહિત સરખા ૪૮ માસિક હપ્તામાં કરવાની રહે છે.

**વ્યાજનો દર :** વ્યાજનો દર વાર્ષિક ૪ ટકા રહેશે.

**અમલીકરણ સંસ્થા :** જિલ્લા સમાજ કલ્યાણ (વિ. જા.)ની કચેરી

**(૪) લઘુસ્તરીય ધિરાણ યોજના (માઈક્રો ફાઈનાન્સ યોજના ) :** લક્ષ્યાંક જૂથના નાના ઉદ્યોગ સાહસિકોની લઘુ ધિરાણની જરૂરિયાતો પૂરી કરવા માટે સ્વ સહાય જૂથો મારફત લોન આપવામાં આવે છે.

**લોન મેળવવાની પાત્રતા :**

૧. લાભાર્થી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના હોવા જોઈએ.
૨. લાભાર્થીની વાર્ષિક આવક ગ્રામ્ય વિસ્તાર માટે ૮૧ હજારથી ઓછી અને શહેરી વિસ્તાર માટે ૧,૦૩,૦૦૦થી ઓછી હોવી જોઈએ.
૩. અરજદારની ઉંમર અરજીની તારીખે ૨૧ વર્ષથી ૪૫ વર્ષ સુધીની હોવી જોઈએ.
૪. તાંત્રિક અને કુશળતા માંગી લેતા ધંધા માટે અનુભવ જરૂરી છે.

**મળવાપાત્ર લોનની મર્યાદા :** વધુમાં વધુ ૫૦,૦૦૦ની લોન મળવાપાત્ર છે. આ યોજનામાં ૯૫ ટકા લોન આપવામાં આવે છે, જેમાં ૯૫ ટકા કેન્દ્રીય નિગમના, ૫ ટકા રાજ્ય સરકાર / લાભાર્થીના ફાળાની રકમ રહેશે. તેમજ લોનની પરત ચુકવણી વ્યાજ સહિત સરખા ૪૮ માસિક હપ્તામાં કરવાની રહે છે.

**વ્યાજનો દર :** વ્યાજનો દર વાર્ષિક ૫ ટકા રહેશે.

**અમલીકરણ સંસ્થા :** જિલ્લા સમાજ કલ્યાણ (વિ.જા.)ની કચેરી

**(૫) સ્વયં સક્ષમ યોજના :** આ યોજના વ્યવસાયિક શિક્ષણ / પ્રશિક્ષણ પ્રાપ્ત કરનાર પછાત વર્ગના યુવાનોમાં આત્મ નિર્ભરતાની ભાવના કેળવવા માટે શરૂ કરવામાં આવી છે. આ યોજના હેઠળ નિગમ પાત્રતા ધરાવતા યુવાનોને સ્વરોજગાર ઉભો કરવા માટે ઓછા દરે લોન સહાય પૂરી પાડે છે.

**લોન મેળવવાની પાત્રતા :**

૧. લાભાર્થી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના હોવા જોઈએ.
૨. લાભાર્થીની વાર્ષિક આવક ગ્રામ્ય વિસ્તાર માટે ૮૧ હજારથી ઓછી અને શહેરી વિસ્તાર માટે ૧,૦૩,૦૦૦થી ઓછી હોવી જોઈએ.
૩. અરજદારની ઉંમર અરજીની તારીખે ૧૮ વર્ષથી ૩૫ વર્ષ સુધીની હોવી જોઈએ.
૪. અરજદારે વ્યવસાયિક શિક્ષણ / તાલીમ પ્રાપ્ત કરેલ હોવાજોઈએ.

**મળવાપાત્ર લોનની મર્યાદા :** વધુમાં વધુ દસ લાખ સુધી લોન મળવાપાત્ર છે. આ યોજનામાં યુનિટ કોસ્ટના ૮૫ ટકા લોન આપવામાં આવે છે, જેમાં ૮૫ ટકા કેન્દ્રીય નિગમના, ૧૦ ટકા રાજ્ય સરકારના અને ૫ ટકા લાભાર્થીના ફાળાની રકમ રહેશે. તેમજ લોનની પરત ચુકવણી વ્યાજ સહિત સરખા ૧૨૦ માસિક હપ્તામાં કરવાની રહે છે.

**વ્યાજનો દર :** વ્યાજનો દર ૫ લાખ સુધીની લોન માટે વાર્ષિક ૬ ટકા અને ૫ લાખથી ૧૦ લાખ સુધીની લોન માટે વાર્ષિક ૮ ટકા રહે છે.

**અમલીકરણ સંસ્થા :** જિલ્લા સમાજ કલ્યાણ (વિ.જા.)ની કચેરી

**(૬) શિલ્પ સંપદા યોજના :** આ યોજના વ્યવસાયિક શિક્ષણ / પ્ર.શિક્ષણ પ્રાપ્ત કરનાર પછાત વર્ગના યુવાનોમાં આત્મ નિર્ભરતાની ભાવના કેળવવા માટે શરૂ કરવામાં આવી છે. આ યોજના હેઠળ નિગમ પાત્રતા ધરાવતા યુવાનોને સ્વ રોજગાર ઉભો કરવા માટે ઓછા દરે લોન સહાય પૂરી પાડે છે.

**લોન મેળવવાની પાત્રતા :**

૧. લાભાર્થી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના હોવા જોઈએ.
૨. લાભાર્થીની વાર્ષિક આવક ગ્રામ્ય વિસ્તાર માટે ૮૧ હજારથી ઓછી અને શહેરી વિસ્તાર માટે ૧,૦૩,૦૦૦થી ઓછી હોવી જોઈએ.
૩. અરજદારની ઉંમર અરજીની તારીખે ૧૮ વર્ષથી ૩૫ વર્ષ સુધીની હોવી જોઈએ.

**મળવાપાત્ર લોનની મર્યાદા :** વધુમાં વધુ દસ લાખ સુધી લોન મળવાપાત્ર છે. આ યોજનામાં યુનિટ કોસ્ટના ૮૫ ટકા લોન આપવામાં આવે છે, જેમાં ૮૫ ટકા કેન્દ્રીય નિગમના, ૧૦ ટકા રાજ્ય સરકારના અને ૫ ટકા લાભાર્થીના ફાળાની રકમ રહેશે. તેમજ લોનની પરત ચુકવણી વ્યાજ સહિત સરખા ૧૨૦ માસિક હપ્તામાં કરવાની રહે છે.

**વ્યાજનો દર :** વ્યાજનો દર ૫ લાખ સુધીની લોન માટે વાર્ષિક ૬ ટકા અને ૫ લાખથી ૧૦ લાખ સુધીની લોન માટે વાર્ષિક ૮ ટકા રહે છે.

**અમલીકરણ સંસ્થા :** જિલ્લા સમાજ કલ્યાણ (વિ.જા.)ની કચેરી

**(૭) માનવ ગરીમા યોજના :** સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના / લઘુમતિ વર્ગના / વિચરતી અને વિમુક્ત જાતિના ધંધા - વ્યવસાયનું જ્ઞાન ધરાવતા ઈસમોને ટુલ કીટ્સ આપવામાં આવે છે.

**પાત્રતા :** (૧) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના / લઘુમતિ વર્ગના / વિચરતી અને વિમુક્ત જાતિના ધંધા-વ્યવસાયનું જ્ઞાન ધરાવતા ઈસમો. (૨) કુટુંબની વાર્ષિક આવક રૂ. ૧૧,૦૦૦. પરંતુ અતિ પછાત / વિચરતી અને વિમુક્ત જાતિના ઈસમોને આવક મર્યાદા લાગુ પડતી નથી.



**મળવાપાત્ર સહાય :** રૂ. ૩૦૦૦ ની મર્યાદામાં ટૂલ કીટ્સ / રોકડ સહાય.

**અમલીકરણ સંસ્થા :** જિલ્લા સમાજ કલ્યાણ (વિ.જા.)ની કચેરી

**(૮) કાયદાના અને તબીબી સ્નાતકોને સહાય :** સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઈસમો અને વિચરતી અને વિમુક્ત જાતિના ઈસમોને સહાય આપવામાં આવે છે.

**પાત્રતા :** સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના અને વિચરતી અને વિમુક્ત જાતિના કાયદાના સ્નાતક અથવા તબીબી સ્નાતક

**આવક મર્યાદા :** ગ્રામ્ય વિસ્તાર માટે રૂ. ૨૭,૦૦૦ અને શહેરી વિસ્તાર માટે રૂ. ૩૬,૦૦૦ હજાર વાર્ષિક આવક.

**સહાયનું ધોરણ :** કાયદાના સ્નાતકને રૂ. ૭૦૦૦ લોન અને રૂ. ૫૦૦૦ સબસીડી. તબીબી સ્નાતકને રૂ. ૪૦,૦૦૦ લોન અને રૂ. ૨૫,૦૦૦ સબસીડી મળવાપાત્ર થાય છે.

**અમલીકરણ સંસ્થા :** જિલ્લા સમાજ કલ્યાણ (વિ.જા.)ની કચેરી

**(૯) ધંધાનું સ્થળ / દુકાન ખરીદવા નાણાંકીય સહાય :** રાજ્ય સરકાર અથવા રાજ્ય સરકાર હસ્તકના બોર્ડ / નિગમ, શહેરી વિસ્તાર સત્તા મંડળ દ્વારા બંધાતી દુકાનો ખરીદવા માટે લોન સહાય આપવામાં આવે છે.

**પાત્રતા :** સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના અથવા વિચરિત અને વિમુક્ત જાતિના ઈસમો

**સહાયનું ધોરણ :** ૬૦,૦૦૦ લોન અને રૂ. ૧૫,૦૦૦ સબસીડી.

**અમલીકરણ સંસ્થા :** જિલ્લા સમાજ કલ્યાણ (વિ.જા.)ની કચેરી

**(૧૦) તાલીમ યોજના :** લક્ષ્યાંક જૂથને પરંપરાગત ધંધાઓ અને ટેકનિકલ ધંધાઓ / ઉદ્યોગો - સાહસો માટે યોગ્ય તાલીમ પૂરી પાડી સક્ષમ અને આત્મ નિર્ભર બનાવવા માટે નાણાંકીય સહાય અનુદાન સ્વરૂપે પૂરી પાડવામાં આવે છે.

**સહાય મેળવવાની પાત્રતા :**

૧. લાભાર્થી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના હોવા જોઈએ.
૨. લાભાર્થીના કુટુંબની વાર્ષિક આવક ગ્રામ્ય વિસ્તાર માટે ૮૧ હજારથી ઓછી અને શહેરી વિસ્તાર માટે ૧,૦૩,૦૦૦થી ઓછી હોવી જોઈએ.
૩. અરજદારની ઉંમર અરજીની તારીખે ૧૮ વર્ષથી વધુ હોવી જોઈએ.
૪. તાલીમનો સમયગાળો ૩ દિવસથી ૩ માસ સુધીનો રહેશે.

**અમલીકરણ સંસ્થા :** જિલ્લા સમાજ કલ્યાણ (વિ.જા.)ની કચેરી

**(૪) ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ, ગાંધીનગરની યોજનાઓ :**

**(૧) મુદતી લોન (ટર્મલોન ) :** કૃષિ અને તે અંગેની પ્રવૃત્તિઓ માટે લઘુ ઉદ્યોગ, કલાકારીગીરી અને વંશપરંપરાગત વ્યવસાય તેમજ સુવા પ્રકારના વ્યવસાય માટે ઠાકોર યા કોળી સમાજના ઈસમોને લોન આપવામાં આવે છે.

**લોન મેળવવાની પાત્રતા :**

૧. લાભાર્થી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો પૈકી ઠાકોર યા કોળી તથા તે પૈકીની પેટા જાતિના હોવા જોઈએ.
૨. લાભાર્થીની વાર્ષિક આવક ગ્રામ્ય વિસ્તાર માટે ૮૧ હજારથી વધુ અને શહેરી વિસ્તાર માટે ૧,૦૩,૦૦૦થી વધુ ન હોવી જોઈએ.
૩. અરજદારની ઉંમર અરજીની તારીખે ૨૧ વર્ષથી ૪૫ વર્ષ સુધીની હોવી જોઈએ.
૪. તાંત્રિક અને કુશળતા માંગી લેતા ધંધા માટે અનુભવ જરૂરી છે.
૫. અરજદારે લોન મેળવવા માટે યોગ્ય જામીન આપવાના રહેશે.

**મળવાપાત્ર લોનની મર્યાદા :** વધુમાં વધુ ૫૦,૦૦૦ની લોન મળવાપાત્ર છે. આ યોજનામાં ૯૫ ટકા લોન આપવામાં આવે છે, અને ૫ ટકા લાભાર્થીએ ફાળો આપવાનો રહે છે તેમજ લોનની પરત ચુકવણી વ્યાજ સહિત સરખા ૬૦ માસિક હપ્તામાં કરવાની રહે છે.

**વ્યાજનો દર :** વ્યાજનો દર વાર્ષિક ૬ ટકા રહેશે.

**અમલીકરણ સંસ્થા :** ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ, ગાંધીનગર

**(૨) માઈક્રો ફાઈનાન્સ :** નાના પાયા પર ધંધો વ્યવસાય શરૂ કરવા માટે સ્વસહાય જૂથો મારફતે લોન/ સહાય આપવામાં આવે છે.

**લોન મેળવવાની પાત્રતા :**

૧. લાભાર્થી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો પૈકી ઠાકોર યા કોળી તથા તે પૈકીની પેટા જાતિના હોવા જોઈએ.

૨. લાભાર્થીની વાર્ષિક આવક ગ્રામ્ય વિસ્તાર માટે ૮૧ હજારથી વધુ અને શહેરી વિસ્તાર માટે ૧,૦૩,૦૦૦થી વધુ ન હોવી જોઈએ.
૩. અરજદારની ઉંમર અરજીની તારીખે ૨૧ વર્ષથી ૪૫ વર્ષ સુધીની હોવી જોઈએ.
૪. તાંત્રિક અને કુશળતા માંગી લેતા ધંધા માટે અનુભવ જરૂરી છે.
૫. અરજદારે લોન મેળવવા માટે યોગ્ય જામીન આપવાના રહેશે.

મળવાપાત્ર લોનની મર્યાદા : વધુમાં વધુ ૫૦,૦૦૦ની લોન મળવાપાત્ર છે. આ યોજનામાં ૯૫ ટકા લોન આપવામાં આવે છે, અને ૫ ટકા લાભાર્થીએ ફાળો આપવાનો રહે છે તેમજ લોનની પરત ચુકવણી વ્યાજ સહિત સરખા ૬૦ માસિક હપ્તામાં કરવાની રહે છે.

**વ્યાજનો દર :** વ્યાજનો દર વાર્ષિક ૫ ટકા રહેશે.

**અમલીકરણ સંસ્થા :** ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ, ગાંધીનગર.

**(૩) ન્યુ સ્વર્ણીમ યોજના (માત્ર બહેનો માટે )** : ગરીબી રેખા હેઠળ જીવન ગુજારતી ઠાકોર અને કોળી જાતિઓની મહિલાઓ માટે સ્વમાનભેર સ્વરોજગારી મેળવી આર્થિક ઉત્કર્ષ સાધવા અંગેની ખાસ યોજના છે.

**લોન મેળવવાની પાત્રતા :**

૧. લાભાર્થી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો પૈકી ઠાકોર યા કોળી તથા તે પૈકીની પેટા જાતિના મહિલા હોવા જોઈએ.
૨. લાભાર્થીના કુટુંબની વાર્ષિક આવક ગ્રામ્ય વિસ્તાર માટે ૮૧ હજારથી વધુ નહી અને શહેરી વિસ્તાર માટે ૧,૦૩,૦૦૦થી વધુ ન હોવી જોઈએ.
૩. અરજદારની ઉંમર અરજીની તારીખે ૨૧વર્ષથી ૪૫ વર્ષ સુધીની હોવી જોઈએ.
૪. તાંત્રિક અને કુશળતા માંગી લેતા ધંધા માટે અનુભવ જરૂરી છે.
૫. અરજદારે લોન મેળવવા માટે યોગ્ય જામીન આપવાના રહેશે.

**મળવાપાત્ર લોનની મર્યાદા :** વધુમાં વધુ એક લાખ સુધીની લોન મળવાપાત્ર છે. આ યોજનામાં ૧૦૦ ટકા લોન આપવામાં આવે છે,

**લોનની પરત ચુકવણી :** લોનની પરત ચુકવણી વ્યાજ સહિત સરખા ૬૦ માસિક હપ્તામાં કરવાની રહે છે.

**વ્યાજનો દર :** વ્યાજનો દર વાર્ષિક ૫ ટકા રહેશે.

**અમલીકરણ સંસ્થા :** ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ, ગાંધીનગર.

**(૪) મહિલા સમૃદ્ધિ યોજના (મહિલાઓ માટે લઘુ સ્તરીય યોજના) :** ઠાકોર યા કોળી જાતિઓની મહિલાઓ માટે સ્વરોજગારી ઉભી કરવા માટે લક્ષ્યાંક જૂથની મહિલા ઉદ્યોગ સાહસિકોને ધિરાણ આપવામાં આવે છે.

**લોન મેળવવાની પાત્રતા :**

૧. લાભાર્થી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો પૈકી ઠાકોર યા કોળી તથા તે પૈકીની પેટા જાતિના મહિલા હોવા જોઈએ.
૨. લાભાર્થીના કુટુંબની વાર્ષિક આવક ગ્રામ્ય વિસ્તાર માટે ૮૧ હજારથી વધુ નહી અને શહેરી વિસ્તાર માટે ૧,૦૩,૦૦૦થી વધુ ન હોવી જોઈએ.
૩. અરજદારની ઉંમર અરજીની તારીખે ૨૧ વર્ષથી ૪૫ વર્ષ સુધીની હોવી જોઈએ.
૪. તાંત્રિક અને કુશળતા માંગી લેતા ધંધા માટે અનુભવ જરૂરી છે.
૫. અરજદારે લોન મેળવવા માટે યોગ્ય જામીન આપવાના રહેશે.

**મળવાપાત્ર લોનની મર્યાદા :** વધુમાં વધુ ૫૦ હજાર સુધીની લોન મળવાપાત્ર છે. આ યોજનામાં ૧૦૦ ટકા લોન આપવામાં આવે છે,

**લોનની પરત ચુકવણી :** લોનની પરત ચુકવણી વ્યાજ સહિત સરખા ૬૦ માસિક હપ્તામાં કરવાની રહે છે.

**વ્યાજનો દર :** વ્યાજનો દર વાર્ષિક ૪ ટકા રહેશે.

**અમલીકરણ સંસ્થા :** ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ, ગાંધીનગર

**(૫) સ્વયં સક્ષમ યોજના :** આ યોજના હેઠળ ઠાકોર યા કોળી જાતિના ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરેલ લાભાર્થીઓને ધંધો / વ્યવસાય શરૂ કરવા માટે લોન / ધિરાણ આપવામાં આવે છે. ડોક્ટરી, આર્કિટેક્ટ, હાર્ડવેર, ઓટોમોબાઈલ્સ, ઈજનેરી, વકીલ, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, હોટલ મેનેજમેન્ટ, વગેરે જેવા ક્ષેત્રમાં વ્યવસાયિક શિક્ષણ પ્રાપ્ત કરેલ આ યોજના હેઠળ લોન મેળવી શકે છે.

**લોન મેળવવાની પાત્રતા :**

૧. લાભાર્થી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો પૈકી ઠાકોર યા કોળી તથા તે પૈકીની પેટા જાતિના હોવા જોઈએ.
૨. લાભાર્થીના કુટુંબની વાર્ષિક આવક ગ્રામ્ય વિસ્તાર માટે ૮૧ હજારથી વધુ નહી અને

શહેરી વિસ્તાર માટે ૧,૦૩,૦૦૦થી વધુ ન હોવી જોઈએ.

૩. અરજદારની ઉંમર અરજીની તારીખે ૧૮ વર્ષથી ૩૫ વર્ષ સુધીની હોવી જોઈએ.

૪. તાંત્રિક અને કુશળતા માંગી લેતા ધંધા માટે અનુભવ જરૂરી છે.

૫. અરજદારે લોન મેળવવા માટે યોગ્ય જામીન આપવાના રહેશે.

**મળવાપાત્ર લોનની મર્યાદા :** વધુમાં વધુ પાંચ લાખ સુધીની લોન મળવાપાત્ર છે. આ યોજનામાં ૯૫ ટકા લોન આપવામાં આવે છે, જ્યારે લાભાર્થીએ ૫ ટકાનો ફાળો આપવાનો રહે છે.

**લોનની પરત ચુકવણી :** લોનની પરત ચુકવણીનો સમયગાળો યોજનાના પ્રકાર પર આધારિત રહે છે. આમ છતાં લોન વધુમાં વધુ ૫ વર્ષની અંદર ૬૦ માસિક હપ્તામાં પરત ચુકવણી કરવાની રહે છે.

**વ્યાજનો દર :** વ્યાજનો દર વાર્ષિક ૫ ટકા રહેશે.

**અમલીકરણ સંસ્થા :** ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ, ગાંધીનગર.

**(૬) શિલ્પ સંપદા યોજના :** આ યોજના વ્યાવસાયિક શિક્ષણ / પ્રશિક્ષણ પ્રાપ્ત કરનાર ઠાકોર અથવા કોળી જાતિના યુવાનોમાં આત્મનિર્ભરતા કેળવવા માટે શરૂ કરવામાં આવી છે. આ યોજના હેઠળ નિગમ પ્રાત્રતા ધરાવતા યુવાનોને સ્વરોજગારી ઉભી કરવા માટે ઓછા દરે લોન સહાય પૂરી પાડે છે.

**લોન મેળવવાની પાત્રતા :**

૧. લાભાર્થી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો પૈકી ઠાકોર યા કોળી તથા તે પૈકીની પેટા જાતિના હોવા જોઈએ.

૨. લાભાર્થીના કુટુંબની વાર્ષિક આવક ગ્રામ્ય વિસ્તાર માટે ૮૧ હજારથી વધુ નહી અને શહેરી વિસ્તાર માટે ૧,૦૩,૦૦૦થી વધુ ન હોવી જોઈએ.

૩. અરજદારની ઉંમર અરજીની તારીખે ૧૮ વર્ષથી ૩૫ વર્ષ સુધીની હોવી જોઈએ.

૪. અરજદારે વ્યવસાયિક શિક્ષણ / તાલીમ પ્રાપ્ત કરેલ હોવા જોઈએ.

૫. અરજદારે લોન મેળવવા માટે યોગ્ય જામીન આપવાના રહેશે.

**મળવાપાત્ર લોનની મર્યાદા :** વધુમાં વધુ દસ લાખ સુધીની લોન મળવાપાત્ર છે. આ યોજનામાં યુનિટ કોસ્ટના ૮૫ ટકા લોન આપવામાં આવે છે, જેમાં ૮૫ ટકા કેન્દ્રીય નિગમના, ૧૦ ટકા રાજ્ય સરકારના અને ૫ ટકા રકમ લાભાર્થીએ ભરવાની રહે છે.

**લોનની પરત ચુકવણી :** લોન વ્યાજ સહિત ૬૦ સરખા માસિક હપ્તામાં ભરપાઈ કરવાની રહે છે.

**વ્યાજનો દર :** વ્યાજનો દર ૫ લાખ સુધીની લોન માટે ૬ ટકા અને ૫ લાખથી વધુ પરંતુ ૧૦ લાખ સુધી ૮ ટકાનો વ્યાજ દર રહેશે.

**અમલીકરણ સંસ્થા :** ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ, ગાંધીનગર

**(૭) કૃષિ સંપદા યોજના :** આ યોજના હેઠળ ૧ લાખ સુધીની લોન માટે મેનેજિંગ ડીરેક્ટરના કન્વીનર પદે સમિતિ રચાયેલ છે, તેમજ એક લાખથી વધુની લોન માટે વિભાગના સચિવશ્રીના અધ્યક્ષ સ્થાને સમિતિ રચાયેલ છે.

**લોન મેળવવાની પાત્રતા :**

૧. લાભાર્થી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો પૈકી ઠાકોર યા કોળી તથા તે પૈકીની પેટા જાતિના હોવા જોઈએ.

૨. લાભાર્થીના કુટુંબની વાર્ષિક આવક ગ્રામ્ય વિસ્તાર માટે ૮૧ હજારથી વધુ નહી અને શહેરી વિસ્તાર માટે ૧,૦૩,૦૦૦થી વધુ ન હોવી જોઈએ.

૩. અરજદારની ઉંમર અરજીની તારીખે ૧૮ વર્ષથી ૩૫ વર્ષ સુધીની હોવી જોઈએ.

૪. અરજદારે વ્યવસાયિક શિક્ષણ / તાલીમ પ્રાપ્ત કરેલ હોવા જોઈએ.

૫. અરજદારે લોન મેળવવા માટે યોગ્ય જામીન આપવાના રહેશેય

**મળવાપાત્ર લોનની મર્યાદા :** વધુમાં વધુ ૫૦ હજાર સુધીની લોન મળવાપાત્ર છે. આ યોજનામાં યુનિટ કોસ્ટના ૯૫ ટકા લોન આપવામાં આવે છે, ૫ ટકા રકમ લાભાર્થીએ ભરવાની રહે છે.

**લોનની પરત ચુકવણી :** લોન વ્યાજ સહિત ૬૦ સરખા માસિક હપ્તામાં ભરપાઈ કરવાની રહે છે.

**વ્યાજનો દર :** આ યોજનામાં વ્યાજનો દર વાર્ષિક ૫ ટકા રહેશે.

**અમલીકરણ સંસ્થા :** ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ, ગાંધીનગર

**(૫) ગુજરાત ગોપાલક વિકાસ નિગમ લી. ગાંધીનગરની યોજનાઓ :**

**(૧) મુદતી લોન (ટર્મલોન) :** કૃષિ અને સંલગ્ન પ્રવૃત્તિઓ જેવી કે ડેરી ઉદ્યોગ, ઘેટા-બકરા ઉછેર, પશુ આહાર

વેચાણ કેન્દ્ર વગેરે માટે અથવા ઈમુ ઉદ્યોગ, કલાકારીગરી અને પરંપરાગત ધંધાઓ જેવા કે ઓટો રીપેરીંગ, ભરત-ગૂંથણ વગેરે અથવા સેવા સેક્ટર જેવા કે હોટલ, બ્યુટીપાર્લર, ઠંડા પીણા વગેરે માટે અથવા પરિવહન જેવા કે માલવાહક છકડો, રીક્ષા વગેરે માટે આ યોજના હેઠળ લોન મળવાપાત્ર થાય છે.

**લોન મેળવવાની પાત્રતા :**

૧. લાભાર્થી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો પૈકી રબારી યા ભરવાડ જાતિના હોવા જોઈએ.
૨. લાભાર્થીના કુટુંબની વાર્ષિક આવક ગ્રામ્ય વિસ્તાર માટે ૮૧ હજારથી વધુ નહી અને શહેરી વિસ્તાર માટે ૧,૦૩,૦૦૦થી વધુ ન હોવી જોઈએ.
૩. અરજદારની ઉંમર અરજીની તારીખે ૧૮ વર્ષથી ૪૫ વર્ષ સુધીની હોવી જોઈએ.
૪. અરજદારે વ્યવસાયિક શિક્ષણ / તાલીમ પ્રાપ્ત કરેલ હોવા જોઈએ. તેમજ તાંત્રિક અને કુશળતા માંગી લેતા ધંધા માટે અનુભવ જરૂરી છે.
૫. અરજદારે લોન મેળવવા માટે યોગ્ય જામીન આપવાના રહેશે.

**મળવાપાત્ર લોનની મર્યાદા :** વધુમાં વધુ ૫૦ હજાર સુધીની લોન મળવાપાત્ર છે. આ યોજનામાં યુનિટ કોસ્ટના ૯૫ ટકા લોન આપવામાં આવે છે, ૫ ટકા રકમ લાભાર્થીએ ભરવાની રહે છે.

**વ્યાજનો દર :** આ યોજનામાં વ્યાજનો દર વાર્ષિક ૬ ટકા રહેશે.

**અમલીકરણ સંસ્થા :** જિલ્લા મેનેજરશ્રી / સમાજ કલ્યાણ કચેરી (વિ.જા.)

**(૨) સ્વયં સક્ષમ યોજના :** આ યોજના હેઠળ અનેક વ્યવસાયો જેવા કે ડોક્ટર, આર્કિટેક્ટ એકાઉન્ટન્ટ, હોટલ મેનેજમેન્ટ, સ્પર્ધાત્મક પરીક્ષા માટેના તાલીમ વર્ગો, પ્રિન્ટીંગ પ્રેસ, કાષ્ટકળા, પરંપરાગત કારીગરી વગેરેમાં મૂલ્ય વર્ધન માટે લોન મળવાપાત્ર થાય છે.

**લોન મેળવવાની પાત્રતા :**

૧. લાભાર્થી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો પૈકી રબારી યા ભરવાડ જાતિના હોવા જોઈએ.
૨. લાભાર્થીના કુટુંબની વાર્ષિક આવક ગ્રામ્ય વિસ્તાર માટે ૮૧ હજારથી વધુ નહી અને શહેરી વિસ્તાર માટે ૧,૦૩,૦૦૦થી વધુ ન હોવી જોઈએ.
૩. અરજદારની ઉંમર અરજીની તારીખે ૧૮ વર્ષથી ૩૫ વર્ષ સુધીની હોવી જોઈએ.
૪. અરજદારે વ્યવસાયિક શિક્ષણ / તાલીમ પ્રાપ્ત કરેલ હોવા જોઈએ. તેમજ તાંત્રિક અને કુશળતા માંગી લેતા ધંધા માટે અનુભવ જરૂરી છે.
૫. અરજદારે લોન મેળવવા માટે યોગ્ય જામીન આપવાના રહેશે.

**મળવાપાત્ર લોનની મર્યાદા :** વધુમાં વધુ ૫ લાખ સુધીની લોન મળવાપાત્ર છે. આ યોજનામાં યુનિટ કોસ્ટના ૯૫ ટકા લોન આપવામાં આવે છે, ૫ ટકા રકમ લાભાર્થીએ ભરવાની રહે છે.

**અમલીકરણ સંસ્થા :** જિલ્લા મેનેજરશ્રી / સમાજ કલ્યાણ કચેરી (વિ.જા.)

**(૩) સ્વયંસક્ષમ યોજના :** આ યોજના હેઠળ અનેક વ્યવસાયો જેવા કે ડૉકટર, આર્કિટેક્ટ એકાઉન્ટન્ટ, હોટલ મેનેજમેન્ટ, સ્પર્ધાત્મક પરીક્ષા માટેના તાલીમ વર્ગો, પ્રિન્ટીંગ પ્રેસ, કાષ્ટ કળા, પરંપરાગત કારીગરી વગેરેમાં મૂલ્યવ ર્ધન માટે લોન મળવાપાત્ર થાય છે.

**લોન મેળવવા માટેની પાત્રતા :**

૧. લાભાર્થી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો પૈકી રબારી યા ભરવાડ જાતિના હોવતા જોઈએ.
૨. લાભાર્થીના કુટુંબની વાર્ષિક આવક ગ્રામ્ય વિસ્તાર માટે ૮૧ હજારથી વધુ નહી અને શહેરી વિસ્તાર માટે ૧,૦૩,૦૦૦થી વધુ ન હોવી જોઈએ.
૩. અરજદારની ઉંમર અરજીની તારીખ ૧૮ વર્ષથી ૩૫ વર્ષ સુધીની હોવી જોઈએ.
૪. અરજદારે વ્યવસાયિક શિક્ષણ/તાલીમ પ્રાપ્ત કરેલ હોવા જોઈએ. તેમજ તાંત્રિક અને કુશળતા માંગી લેતા ધંધા માટે અનુભવ જરૂરી છે.
૫. અરજદારે લોન મેળવવા માટે યોગ્ય જામીન આપવાના રહેશે.

**મળવાપાત્ર લોનની મર્યાદા :** વધુમાં વધુ ૫ લાખ સુધીની લોન મળવાપાત્ર છે. આ યોજનામાં યુનિટ કોસ્ટના ૯૫ ટકા લોન આપવામાં આવે છે. ૫ ટકા રકમ લાભાર્થીને ભરવાની રહે છે.

**અમલીકરણ સંસ્થા :** જિલ્લા મેનેજરશ્રી / સમાજકલ્યાણ કચેરી (વિ.જા.)

**(૪) નવી સ્વર્ણિમ યોજના (બહેનો માટે) :** આ યોજના સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો પૈકી રબારી યા ભરવાડ જાતિની મહિલા લાભાર્થીઓને લાગુ પડે છે.

**લોન મેળવવાની પાત્રતા :**

૧. લાભાર્થી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો પૈકી રબારી યા ભરવાડ જાતિના મહિલા સભ્ય હોવા જોઈએ.

૨. લાભાર્થીના કુટુંબની વાર્ષિક આવક ગ્રામ્ય વિસ્તાર માટે ૮૧ હજારથી વધુ નહીં અને શહેરી વિસ્તાર માટે ૧,૦૩,૦૦૦થી વધુ ન હોવી જોઈએ.

૩. અરજદારે વ્યવસાયિક શિક્ષણ / તાલીમ પ્રાપ્ત કરેલ હોવા જોઈએ તેમજ તાંત્રિક અને કુશળતા માંગી લેતા ધંધા માટે અનુભવ જરૂરી છે.

૪. અરજદારે લોન મેળવવા માટે યોગ્ય જામીન આપવાના રહેશે.

**મળવાપાત્ર લોનની મર્યાદા :** વધુમાં વધુ પચાસ હજાર સુધીની લોન (વ્યક્તિદીઠ) મળવાપાત્ર છે. આ યોજનામાં ૧૦૦ ટકા લોન આપવામાં આવે છે,

**વ્યાજનો દર :** વાર્ષિક ૫ ટકા રહેશે.

**અમલીકરણ સંસ્થા :** જિલ્લા મેનેજરશ્રી; સમાજ કલ્યાણ કચેરી (વિ.જા.)

**(૫) લઘુ સ્તરીય ધિરાણ યોજના (માઈક્રો ફાઈનાન્સ સ્કીમ) :** આ યોજના હેઠળ નાના ઉદ્યોગ ધંધાઓની જરૂરિયાત પૂરી કરવા માટે સ્વ સહાય જૂથો મારફતે લોન આપવામાં આવે છે.

**લોન મેળવવાની પાત્રતા :**

૧. લાભાર્થી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના હોવા જોઈએ.

૨. મહત્તમ ૨૦ વ્યક્તિઓનું જૂથ બનાવવાનું રહે છે, જેમાં ૨૫ ટકા એસ.સી./એસ.ટી. લઘુમતિઓ અને વિકલાંગો સહિતની નબળા વર્ગોની વ્યક્તિઓ હોવી જોઈએ.

૩. લાભાર્થીના કુટુંબની વાર્ષિક આવક ગ્રામ્ય વિસ્તાર માટે ૮૧ હજારથી વધુ નહી અને શહેરી વિસ્તાર માટે ૧,૦૩,૦૦૦થી વધુ ન હોવી જોઈએ.

૪. અરજદારે લોન મેળવવા માટે યોગ્ય જામીન આપવાના રહેશે.

**મળવાપાત્ર લોનની મર્યાદા :** વધુમાં વધુ પચીસ હજાર સુધીની લોન (વ્યક્તિદીઠ) મળવાપાત્ર છે. આ યોજનામાં ૯૫ ટકા લોન આપવામાં આવે છે, અને ૫ ટકાનો ફાળો લાભાર્થીનો રહે છે.

**વ્યાજનો દર :** વાર્ષિક ૫ ટકા રહેશે.

અમલીકરણ સંસ્થા : જિલ્લા મેનેજરશ્રી; સમાજકલ્યાણ કચેરી (વિ.જા.)

**(૬) મહિલા સમૃદ્ધિ યોજના :** આ યોજના હેઠળ નાના ઉદ્યોગ ધંધાઓની જરૂરિયાત પૂરી કરવા માટે મહિલા સ્વ સહાય જૂથો મારફતે લોન આપવામાં આવે છે.

**લોન મેળવવાની પાત્રતા :**

૧. લાભાર્થી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના મહિલા સભ્ય હોવા જોઈએ.

૨. લાભાર્થીના કુટુંબની વાર્ષિક આવક ગ્રામ્ય વિસ્તાર માટે ૮૧ હજારથી વધુ નહી અને શહેરી વિસ્તાર માટે ૧,૦૩,૦૦૦થી વધુ ન હોવી જોઈએ.

૩. અરજદારે લોન મેળવવા માટે યોગ્ય જામીન આપવાના રહેશે.

**મળવાપાત્ર લોનની મર્યાદા :** વધુમાં વધુ પચીસ હજાર સુધીની લોન (વ્યક્તિદીઠ) મળવાપાત્ર છે. આ યોજનામાં ૧૦૦ ટકા લોન આપવામાં આવે છે, તેમજ લોન ભરપાઈ કર્યા બાદ એન.બી.સી.એફ. ડી.સી.ની અન્ય યોજનાઓ હેઠળ બીજીવાર પણ ધિરાણ મેળવી શકાય છે.

**વ્યાજનો દર :** વાર્ષિક ૪ ટકા રહેશે.

**અમલીકરણ સંસ્થા :** જિલ્લા મેનેજરશ્રી; સમાજ કલ્યાણ કચેરી (વિ.જા.)

**(૬) જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીની યોજના :**

સુવર્ણ જંયતિ ગ્રામ સ્વરોજગાર યોજના (એસજીએસવાય) : આ પરિયોજનાનો હેતુ નિયત સમય મર્યાદામાં નિશ્ચિત ગરીબી રેખા નીચે જીવતા પરિવારોને સ્વરોજગારી કાર્યક્રમ દ્વારા ગરીબી રેખા ઉપર લાવવાનો છે. પરિયોજના અંતર્ગત સહાય, તાલીમ, ટેકનોલોજી, બજાર વ્યવસ્થાની સગવડ ઉપલબ્ધ કરાવવી, દરેક સભ્યને પ્રોજેક્ટની સમય મર્યાદામાં ગરીબી રેખા ઉપર લાવવામાં આવે છે.

**પાત્રતા :** ગરીબી રેખા હેઠળ જીવતા પરિવારો.

**લોન / સહાયનું ધોરણ :** જનરલ ઉમેદવારો માટે પ્રોજેક્ટ ખર્ચના ૩૦ ટકા, પરંતુ ₹ ૭૫૦૦ની મર્યાદામાં

જ્યારે અનુ.જાતિ / અનુ.જન જાતિ તથા અપંગો માટે પ્રોજેક્ટ ખર્ચના ૫૦ ટકા પરંતુ ₹ ૧૦,૦૦૦ ની મર્યાદામાં. સ્વસહાય જૂથો માટે સહાયની મર્યાદા વધુમાં વધુ ₹ ૧,૨૫,૦૦૦.

**અમલીકરણ સંસ્થા :** જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી.

**(૭) અનુસૂચિત જાતિ માટેની યોજનાઓ :**

**(૧) બેન્કેબલ યોજના :** આ યોજના હેઠળ અનુ. જાતિના લાભાર્થીને કુટિર ઉદ્યોગ, અને નાના પાયાના વ્યવસાયો માટે લોન સહાય આપવામાં આવે છે.

**લોન મેળવવાની પાત્રતા :**

૧. અરજદાર અનુ.જાતિના સભ્ય અને ગુજરાત રાજ્યના વતની હોવા જોઈએ.
૨. અરજદારની ઉંમર ૧૮ વર્ષથી ઓછી અને ૬૦ વર્ષથી વધુ ન હોવી જોઈએ.
૩. શહેરી વિસ્તારમાં ₹ ૨૧,૨૦૬ અને ગ્રામ્ય વિસ્તારમાં ₹ ૧૫,૯૭૬થી ઓછી આવક ધરાવતા હોવા જોઈએ.
૪. અરજદાર ધંધો કરવા શક્તિમાન હોવા જોઈએ અને સરકારી કે અન્ય કોઈ નાણાકીય સંસ્થાના ડીફોલ્ટર ન હોવા જોઈએ.
૫. અરજદાર કે તેનાં કુટુંબના સભ્ય સરકારમાં અથવા રાજય કે સ્થાનિક સ્વરાજયની સંસ્થામાં નોકરી કરતા ન હોવા જોઈએ.

**ધિરાણની મર્યાદા :** ધંધા / વેપાર માટે મહત્તમ રૂ. ૧ લાખ સુધી અને ઉદ્યોગ/સેવા માટે વધુમાં વધુ ₹ ૨ લાખ સુધીનું ધિરાણ આપવામાં આવે છે. તેમજ ધિરાણના ૫૦ ટકા અથવા વધુમાં વધુ ₹ ૧૦,૦૦૦ સબસીડી આપવામાં આવે છે.

**અમલીકરણ સંસ્થા :** ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ કોર્પોરેશન, ગાંધીનગર / નિયામકશ્રી, અનુ.જાતિ કલ્યાણ, કચેરી.

**(૨) માનવ ગરિમા યોજના :** આ યોજના હેઠળ અનુ. જાતિના લાભાર્થીઓને સ્વ રોજગારી માટે ટૂલ કીટ્સ આપવામાં આવે છે.

**લોન મેળવવાની પાત્રતા :**

૧. અરજદાર અનુ.જાતિના સભ્ય હોવા જોઈએ.
૨. શહેરી વિસ્તારમાં ₹ ૩૬,૦૦૦ અને ગ્રામ્ય વિસ્તારમાં ₹ ૨૭,૦૦૦થી ઓછી આવક ધરાવતા હોવા જોઈએ.
૩. અતિ પછાત જાતિ માટે કોઈ આવક મર્યાદા નથી.

**સહાયનું ધોરણ :** સ્વરોજગારી માટે ₹ ૪૦૦૦ ની મર્યાદામાં ટૂલ કીટ્સ આપવામાં આવે છે.

**અમલીકરણ સંસ્થા :** નિયામકશ્રી, અનુ.જાતિ કલ્યાણની કચેરી.

**(૩) એન.એફ.ડી.સી. યોજના :** રાષ્ટ્રીય અનુ.જાતિ નાણાં અને વિકાસ નિગમ, નવી દિલ્હીના સહયોગથી અમલી સીધા ધિરાણની યોજના હેઠળ ધિરાણ આપવામાં આવે છે.

**લોન મેળવવાની પાત્રતા :**

૧. ગરીબી રેખા કરતા બમણી આવક ધરાવતા - શહેરી વિસ્તાર માટે ₹ ૫૫,૦૦૦ અને ગ્રામ્ય વિસ્તાર માટે ₹ ૪૦,૦૦૦થી ઓછી આવક ધરાવતી વ્યક્તિઓ.
૨. લાભાર્થી અનુસૂચિત જાતિના હોવા જોઈએ.

**ધિરાણ :** અનુ.જાતિના એકમોને પેસેન્જર રીક્ષા, ઓટો રીક્ષા, માલવાહક રીક્ષા, ટ્રેક્ટર વગેરે માટે ધિરાણ આપવામાં આવે છે. આ અંગે વર્તમાનપત્રોમાં જાહેર ખબર પ્રસિદ્ધ થાય છે.

**વ્યાજનો દર :** ૪ ટકાથી ૬ ટકા.

**અમલીકરણ સંસ્થા :** ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ કોર્પોરેશન. ગાંધીનગર

**(૪) ડીલરશીપ નાણાંકીય સહાય યોજના :** અનુ. જાતિના શિક્ષિત બેરોજગાર યુવાનોને પેટ્રોલ પંપ / ગેસ / કેરોસીન / ક્રુડ વિતરણની એજન્સી માટે લોન આપવામાં આવે છે.

**પાત્રતા :**

૧. અરજદાર અનુસૂચિત જાતિના હોવા જોઈએ.
૨. અરજદારની ઉંમર ૧૮ વર્ષથી ઓછી નહી અને ૬૦ વર્ષથી વધુ ન હોવી જોઈએ.

**લોનનું ધોરણ :** આ યોજના હેઠળ ₹ ૫૦,૦૦૦ સુધીની માજીન મની પેટે લોન મળવાપાત્ર થાય છે. વ્યાજનો દર ૪ ટકા રહે છે અને લોનની પરત ભરપાઈ સાત વર્ષના સરખા હપ્તામાં કરવાની રહે છે.

**અમલીકરણ સંસ્થા :** ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ કોર્પોરેશન, ગાંધીનગર.

**(૮) અનુસૂચિત જનજાતિ માટેની યોજનાઓ :**

**(૧) કુટિર ઉદ્યોગ માટે / ધંધા માટે નાણાંકીય સહાય :** અનુસૂચિત જનજાતિના લાભાર્થીઓને આ યોજના હેઠળ લોન સહાય આપવામાં આવે છે.

**પાત્રતા :** અનુસૂચિત જન જાતિની મંડળીના સભ્યો.

**સહાયનું ધોરણ :** (૧) એકમ દીઠ કુલ કિંમતના

૫૦ ટકા પરંતુ વધુમાં વધુ ₹ ૫૦૦૦ની મર્યાદામાં. (૨) અનુસૂચિત જનજાતિના કાદાર સહકારી મંડળીના સભ્ય હોય તેને ૨૦૦ વાંસની ખરીદી પર ₹ ૧૦૦૦ની સહાય. (૩) વંશ પરંપરાગત વ્યવસાય માટે મંડળી હોય તો વ્યક્તિગત અરજી માટે ₹ ૧૦૦૦ સુધીની સહાય.

**આવક મર્યાદા :** વાર્ષિક ₹ ૧૧૦૦૦ સુધી.

**અમલીકરણ સંસ્થા :** સમાજ કલ્યાણ કચેરી

**(૨) માનવ ગરિમા યોજના :** અનુસૂચિત જનજાતિના લાભાર્થીઓને નાના પાયા પરના ધંધા માટે લોન અને સહાય આપવામાં આવે છે.

**પાત્રતા :** અનુસૂચિત જનજાતિના લાભાર્થી હોવા જોઈએ.

**આવકમર્યાદા :** ગ્રામ્ય વિસ્તાર માટે વાર્ષિક આવક ₹ ૨૭,૦૦૦ અને શહેરી વિસ્તાર માટે વાર્ષિક આવક ₹ ૩૬,૦૦૦થી વધુ હોવી જોઈએ નહીં.

**લોન સહાય :** ધંધાને અનુરૂપ ₹ ૨૦૦૦ની લોન અને ₹ ૨૦૦૦ની સહાય મળવાપાત્ર થાય છે.

**અમલીકરણ સંસ્થા :** સમાજ કલ્યાણ કચેરી

**(૩) ખેતીવાડી માટે નાણાંકીય સહાય :** અનુસૂચિત જનજાતિના લાભાર્થીઓને ખેતીવાડી માટે એગ્રિકલ્ચર ટુલ્સ આપવામાં આવે છે.

પાત્રતા : અનુસૂચિત જનજાતિના લાભાર્થી ખેતીવાડી ક્ષેત્રે સંકળાયેલ મજૂરો

આવકમર્યાદા : કુટુંબની વાર્ષિક આવક ₹ ૧૧,૦૦૦થી વધુ ન હોવી જોઈએ.

આર્થિક મદદ : ખેતીવાડી ઓજારના ૫૦ ટકા પરંતુ વધુમાં વધુ રૂ. ૭૫૦.

અમલીકરણ સંસ્થા : સમાજ કલ્યાણ કચેરી

## (૯) સફાઈ કામદાર વિકાસ નિગમની યોજનાઓ :

**(૧) મેન્યુઅલ સ્કેવેન્જર્સના પુનઃસ્થાપન માટે સ્વરોજગાર યોજના :** બાકી રહેલ મેન્યુઅલ સ્કેવેન્જર્સ (મળ અને ગંદકી માથા પર ઉપાડવાના ધૃણિત અને અમાનવીય કામોમાં આંશિક કે પૂર્ણપણે લાગેલા છે.) તેઓના પુનઃસ્થાપનનો ઉદ્દેશ રહેલો છે.

**પાત્રતા :** સર્વે કરાયેલા સ્કેવેન્જર્સ તથા તેમના આશ્રિતો

**ધિરાણની મર્યાદા :** લઘુ ધીરાણ ₹ ૨૫,૦૦૦ સુધી તથા મુદતી ધીરાણ રૂ. ૫ લાખ સુધી મળી શકે છે. લઘુ ધીરાણ પોષણ સ્વ સહાયતા સમુહ અને પ્રખ્યાત બિનસરકારી સંગઠનોના માધ્યમથી કરવામાં આવે છે.

**વ્યાજનો દર :** ₹ ૨૫,૦૦૦. સુધીની પરિયોજના માટે મહિલાઓ માટે વાર્ષિક ૪ ટકા અને અન્યો માટે વાર્ષિક ૫ ટકા રહેશે.

**લોનની પરત ચુકવણી :** ૨૫,૦૦૦ની લોન માટે ત્રણ વર્ષ અને વધારે માટે ૫ વર્ષનો સમય રહેશે.

**અમલીકરણ એજન્સી :** સફાઈ કામદાર વિકાસ નિગમ

**(૨) સેનેટરી માર્ટ યોજના :** સફાઈ કામદારો કે તેમના આશ્રિતોની સહકારી મંડળીને સજળ જાજરૂનું બાંધકામ અને સ્વચ્છતા વિષયક સાધનસામગ્રીના ઉત્પાદન માટે અને વેચાણની પ્રવૃત્તિ માટે સહાય ચૂકવવામાં આવે છે.

**પાત્રતા :**

૧. ૧૮થી ૫૫ વર્ષની વય મર્યાદામાં આવતા સફાઈ કામદારો કે તેમના આશ્રિતો.
૨. મુંડળીના મુખ્ય પ્રયોજકની લાયકાત ઓછામાં ઓછી ધો. ૭ પાસ હોવી જોઈએ.
૩. ઓછામાં ઓછા ૧૦ અને વધુમાં વધુ ૨૫ સભ્યોની મંડળી હોવી જોઈએ.

**ધિરાણની મર્યાદા :** ૫ લાખ સુધીનું ધીરાણ સહાય મળવાપાત્ર થાય છે તેમજ ધીરાણ કરેલ રકમ સામે ૫૦ ટકા સબસિડી ચૂકવવામાં આવે છે.

**અન્ય :** (૧) નિગમ દ્વારા વર્તમાનપત્રમાં જાહેરાત આવ્યેથી અરજી કરવાની રહે છે. (૨) મંજૂરી મળ્યા બાદ જિલ્લા ઉદ્યોગ કેન્દ્રમાં નોંધણી કરાવવાની રહે છે તેમજ નગરપાલિકા દ્વારા દુકાન / ગોડાઉનની ફાળવણી બાદ ધિરાણ મળવાપાત્ર થાય છે.

**અમલીકરણ એજન્સી :** સફાઈ કામદાર વિકાસ નિગમ

**(૩) સીધા ધીરાણ યોજના :** સફાઈ કામદાર કે તેમના આશ્રિતોને તેમના પુઃસ્થાપન માટે આ યોજના હેઠળ ધીરાણ આપવામાં આવે છે.

**પાત્રતા :**

૧. સફાઈ કામદાર અથવા તેમના આશ્રિતો.
૨. વય મર્યાદા ૧૮ વર્ષથી ૫૦ વર્ષ
૩. આવક મર્યાદા નથી.

**ધિરાણની મર્યાદા :** વિવિધ પ્રોજેક્ટ માટે ₹ ૫ લાખ સુધીની લોન મળવાપાત્ર હોય છે. આમ છતા સ્વચ્છતાલક્ષી પ્રવૃત્તિઓ માટે ₹ ૧૫ લાખ સુધીનું ધિરાણ મળવાપાત્ર થાય છે. ૯૦ ટકા સુધીની લોન એન.એફ.ડી.સી. તરફથી આપવામાં આવે છે, અને ૧૦ ટકા લાભાર્થી ફાળાની રકમ રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવે છે.

**સબસિડી :** વધુમાં વધુ ₹ ૭૫,૦૦૦ સુધીની સબસીડી મળવાપાત્ર થાય છે.

**અમલીકરણ એજન્સી :** સફાઈ કામદાર વિકાસ નિગમ

**(૪) માઈક્રો ફાઈનાન્સ યોજના :** સફાઈ કામદાર કે તેમના આશ્રિતોએ નાના ધંધાઓ રૂપે આવક નિર્માણની પ્રવૃત્તિઓ વિકસાવવા ધીરાણ આપવામાં આવે છે.

**પાત્રતા :**

૧. સફાઈ કામદાર અથવા તેમના આશ્રિતો.

૨. વય મર્યાદા ૧૮ વર્ષ થી ૫૦ વર્ષ

૩. આવક મર્યાદા નથી.

**ધિરાણની મર્યાદા :** વધુમાં વધુ ₹ ૫૦,૦૦૦ સુધી.

**વ્યાજનો દર :** ૫ ટકા અને સ્ત્રીઓ માટે મહિલા સમૃદ્ધિ યોજના હેઠળ ૪ ટકા રહેશે.

**અમલીકરણ એજન્સી :** સફાઈ કામદાર વિકાસ નિગમ

**(૫) મહિલા સમૃદ્ધિ યોજના :** આ યોજના હેઠળ સફાઈ કામદાર બહેનોને લોન / સહાય મળવાપાત્ર થાય છે.

**પાત્રતા :**

૧. સફાઈ કામદાર અથવા તેમના આશ્રિતો.

૨. વય મર્યાદા ૧૮ વર્ષથી ૫૦ વર્ષ

૩. આવક મર્યાદા નથી.

**ધીરાણની મર્યાદા :** વધુમાં વધુ ₹ ૩૦,૦૦૦ સુધી. જેમાં સબસિડી ₹ ૧૨,૫૦૦ મળવાપાત્ર થાય છે.

**વ્યાજનો દર :** મહિલા સમૃદ્ધિ યોજના હેઠળ ૪ ટકા રહેશે.

**અમલીકરણ એજન્સી :** સફાઈ કામદાર વિકાસ નિગમ

## (૧૦) અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમની યોજનાઓ :

**(૧) મુદતી ધિરાણ યોજના :** આ યોજના હેઠળ લઘુમતિ સમુદાયના ધાર્મિક લઘુમતિ વર્ગના (મુસ્લિમ, પારસી, શીખ અને બૌદ્ધ) ને સ્વરોજગારી માટે ધિરાણ આપવામાં આવે છે.

**પાત્રતા :**

૧. લાભાર્થી લઘુમતિ સમુદાય (મુસ્લિમ, પારસી, શીખ અને બૌદ્ધ) હોવા જોઈએ.

૨. વય મર્યાદા ૨૧ વર્ષથી ૪૫ વર્ષની હોવી જોઈએ.

૩. લાભાર્થીના કુટુંબની વાર્ષિક આવક ગ્રામ્ય વિસ્તાર માટે ૮૧ હજારથી વધુ નહી અને શહેરી વિસ્તાર માટે ₹ ૧,૦૩,૦૦૦થી વધુ ન હોવી જોઈએ.

૪. અરજદારની તાંત્રિક અને અન્ય કુશળતા માંગી લેતા વ્યવસાય માટે અનુભવનું પ્રમાણપત્ર જરૂરી છે.

**ધિરાણની મર્યાદા :** નાના ધંધા / વ્યવસાય / સ્વરોજગારીની પ્રવૃત્તિ માટે ૫ લાખ સુધીનું ધિરાણ મળવાપાત્ર છે. જે પૈકી ૮૫ ટકા લોન રાષ્ટ્રીય અલ્પ સંખ્યક વિકાસ અને નાણા નિગમ દિલ્હી દ્વારા અને ૧૦ ટકા લોન રાજ્ય સરકાર દ્વારા અને ૫ ટકા લાભાર્થીના ફાળાનો સમાવેશ થાય છે.

**વ્યાજનો દર :** વાર્ષિક ૬ ટકા લેખે રહેશે અને લોનની પરત ચુકવણી ૬૦ માસિક હપ્તામાં કરવાની રહેશે.

**(૨) માઈક્રો ધિરાણ યોજના :** સ્વ સહાય જૂથ અથવા તેના સભ્યોને ધિરાણ આપવામાં આવે છે.

**પાત્રતા :**

૧. ધિરાણ સ્વ સહાય જૂથ અથવા તેના સભ્યોને મળવાપાત્ર છે.

૨. લાભાર્થીના કુટુંબની વાર્ષિક આવક ગ્રામ્ય વિસ્તાર માટે ૮૧ હજારથી વધુ નહી અને શહેરી વિસ્તાર માટે ₹ ૧,૦૩,૦૦૦થી વધુ ન હોવી જોઈએ.

**ધિરાણની મર્યાદા :** ₹ ૫૦,૦૦૦ સુધીનું ધિરાણ મળવાપાત્ર છે. જે પૈકી ૯૦ ટકા લોન રાષ્ટ્રીય અલ્પ સંખ્યક વિકાસ અને નાણાં નિગમ દિલ્હી દ્વારા અને ૧૦ ટકા લોન ફાળો સંસ્થાનો રહે છે.

**વ્યાજનો દર :** વાર્ષિક ૫ ટકા લેખે રહેશે. લોનની પરત ચુકવણી ૧૨ સરખા ત્રિમાસિક હપ્તામાં, ત્રણ વર્ષમાં કરવાની રહેશે.

**અમલીકરણ સંસ્થા :** જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી / જિલ્લા નાયબ નિયામકશ્રી, (વિ.જા.)

**(૩) મુદતી ધિરાણ યોજના :** (અપંગો માટે ) આ યોજનામાં અપંગ લાભાર્થીઓને લોન સહાય આપવામાં આવે છે.

**પાત્રતા :**

૧. લાભાર્થી ૪૦ ટકા કે તેથી વધુની અપંગતા ધરાવતા હોવા જોઈએ.

૨. વય મર્યાદા ૧૮ થી ૬૦ વર્ષની હોવી જોઈએ.

૩. લાભાર્થીના કુટુંબની વાર્ષિક આવક ગ્રામ્ય વિસ્તાર માટે ૮૧ હજારથી વધુ નહી અને શહેરી

વિસ્તાર માટે ૧,૦૩,૦૦૦ થી વધુ ન હોવી જોઈએ.

૪. અરજદારની તાંત્રિક અને અન્ય કુશળતા માંગી લેતા વ્યવસાય માટે અનુભવનું પ્રમાણપત્ર જરૂરી છે.

**ધિરાણની મર્યાદા :** નાના ધંધા / વ્યવસાય / સ્વ રોજગારીની પ્રવૃત્તિ માટે ૧.૫ લાખ સુધીનું ધિરાણ મળવાપાત્ર છે.

**વ્યાજનો દર :** વ્યાજનો દર વાર્ષિક ૪ ટકાથી ૭ ટકા (મહિલા માટે) અને ૫ થી ૮ ટકા પુરુષો માટે રહે છે પરત ચુકવણી ૬૦ સરખા માસિક હપ્તામાં કરવાની રહે છે.

અમલીકરણ સંસ્થા : જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી.

**(૪) માઈક્રો ધિરાણ (અપંગો માટે ) :** વિકલાંગ સભ્યો ધરાવતા સ્વસહાય જૂથોને તથા સારી શાખ ધરાવતી સંસ્થાને ધિરાણ આપવામાં આવે છે.

**પાત્રતા :**

૧. ત્રણ વર્ષથી નોંધાયેલ રજીસ્ટર્ડ સંસ્થા હોવી જોઈએ અને કામગીરી કરતી હોવી જોઈએ.

૨. લાભાર્થીના કુટુંબની વાર્ષિક આવક ગ્રામ્ય વિસ્તાર માટે ૮૧ હજારથી વધુ નહી અને શહેરી વિસ્તાર માટે ₹ ૧,૦૩,૦૦૦થી વધુ ન હોવી જોઈએ.



**ધિરાણની મર્યાદા :** નાના પાયા પરના વ્યવસાય માટે ₹ ૫૦,૦૦૦ સુધીનું ધીરાણ મળવાપાત્ર છે.

**વ્યાજનો દર :** વ્યાજનો દર સ્વસહાય જૂથના સભ્યોને વાર્ષિક ૫ ટકા રહેશે અને સંસ્થાને ૧.૫ ટકા રહેશે. મહિલા લાભાર્થીઓને વ્યાજમાં ૧ ટકો રિબેટ આપવામાં આવશે.

**પરત ચુકવણી :** ત્રિમાસિક ૧૨ સરખા હપ્તામાં કરવાની રહે છે.

**અમલીકરણ સંસ્થા :** જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી.

**(૫) વિકલાંગ વ્યક્તિઓને સાધન સહાય આપવાની યોજના :** વિકલાંક સાધન સહાય યોજના વિકલાંગ વ્યક્તિઓને તેમની વિકલાંગતામાં કેટલેક અંશે હળવાશ ઉભી કરવા તથા રોજગારી પ્રાપ્ત કરવામાં સરળતા લાવવા તથા રોજગારલક્ષી સાધનો પુરા પાડવા આ યોજના અમલમાં મૂકવામાં આવેલી છે.

**પાત્રતા :**

૧. અરજદારની ઉંમર ૫ વર્ષથી ૫૦ વર્ષની હોવી જોઈએ.

૨. ૪૦ ટકા કે તેથી વધુની વિકલાંગતા હોવી જોઈએ અથવા દ્રષ્ટિહીન વ્યક્તિ હોવી જોઈએ અથવા શ્રવણમંદ વ્યક્તિ હોવી જોઈએ.

૩. ગુજરાત રાજ્યના વતની હોવા જોઈએ.

૪. વિકલાંગ ઓળખકાર્ડ ધરાવતા હોવા જોઈએ.

૫. કુટુંબની વાર્ષિક આવક રૂ. ૨૫,૦૦૦થી વધુ ન હોવી જોઈએ.

**સાધન સહાય :** રૂ. ૫૦૦૦ની મર્યાદામાં કૃત્રિમ અવયવ, કેલીપર્સ, ત્રણ પૈડાવાળી સાયકલ વ્હીલ ચેર, બે પૈડાવાળી સાયકલ અથવા સ્વરોજગારી માટે હાથલારી, સિલાઈ મશીન, ભરત ગૂંથણ મશીન વગેરે દષ્ટિહિન માટે સંગીતના સાધનો અથવા શ્રવણમંદ વ્યક્તિ માટે હીયરીંગ એઈડ વગેરે મળવાપાત્ર થાય છે.

**અમલીકરણ સંસ્થા :** જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી

ઉપર્યુક્ત તમામ માહિતી સંબંધિત કચેરીઓના માહિતી પત્રકો, વેબસાઈટ્સ વગેરે દ્વારા તૈયાર કરવામાં આવેલ સંકલન છે. સમયાંતરે યોજનાઓમાં મોડીફિકેશન આવતા રહે છે, જેથી હકીકત દોષ અથવા સમજણફેરના કેસમાં જે તે સંસ્થા /કચેરી તરફથી મળતી માહિતીને આખરી સમજવી જોઈએ.

રોજગાર અધિકારી (જન),
ભૂજ

# ૨ ઉચ્ચ અભ્યાસ માટે સહાયરૂપ : 'એજયુકેશન લોન'

– એસ.આર. વિજયવર્ગીય

ગુજરાતના યુવાનો ઉચ્ચ અભ્યાસ અને કારકિર્દી ઘડતર માટે આર્થિક પરિબળના પરિણામે મુંઝવણ અનુભવતા હોય છે. આવા યુવાનો માટે એજયુકેશન લોન મદદરૂપ થતી હોય છે. આજના યુગમાં શિક્ષણ ખૂબ જ ખર્ચાળ છે. સરકારી તેમજ ગ્રાંટ લઇ ચાલતી કોલેજો અને શાળાઓ લગભગ નહિવત થતી જાય છે. સેલ્ફ ફાઈનાન્સ કોલેજો અને સંસ્થાઓ ગુજરાતમાં વિપુલ પ્રમાણમાં જોવા મળે છે. મધ્યમ અને ઉચ્ચ વર્ગના પરિવારને પ ોતાના સંતાનોને ઉચ્ચ શિક્ષણ અપાવવા માટે આર્થિક સંકળામણ અનુભવે છે. સંતાન તેજસ્વી હોય, અભ્યાસ કરવાની ઈચ્છા ધરાવતો હોય અને ટકાવારી ઉંચી હોય, પરંતુ સેલ્ફ ફાઈનાન્સ કોલેજની ફી ખૂબ જ ઉંચી હોવાથી તથા પુસ્તકો, સ્ટેશનરી, રહેવા જમવાનો ખર્ચ અને અન્ય ખર્ચાઓ એટલા વિપુલ હોય છે, કે સામાન્ય વ્યકિત માટે તે અસહ્ય બની જાય છે.તેજસ્વી યુવાનોની કારકિર્દીનું નિર્માણ પૈસાના અભાવે અટકે નહી તેવા શુભ આશયથી રાષ્ટ્રીયકૃત બેન્કો તેમજ ખાનગી બેંકો દ્વારા અલગ-અલગ પ્રકારની એજયુકેશન લોન આપવાની જોગવાઇ કરવામાં આવી છે.

ભારતમાં તેમજ વિદેશમાં શૈક્ષણિક હેતુસર શૈક્ષણિક લોન યોજના હેઠળ રાષ્ટ્રીયકૃત બેંકના સંપર્ક દ્વારા લોન મેળવી શકાય છે. આવી એજયુકેશનલ લોન કારકિર્દીને ઉચ્ચ કક્ષાએ લઇ જવામાં ખૂબ જ મદદરૂપ થતી હોય છે. સૌ પ્રથમ આપણે રાષ્ટ્રીયકૃત બેંકો દ્વારા અપાતી એજયુકેશનલ લોનની જાણકારી મેળવીએ.

ભારતની જાણીતી બેંક 'સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા' છે. એજયુકેશન માટે લોન આપે છે. દરેક શહેરમાં સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાની મુખ્ય શાખા ખાતે મેનેજરનો સંપર્ક કરવાથી એજયુકેશન લોન પ્રાપ્ત કરવામાં સહાયતા મળી શકે છે. ઓનલાઇન અરજી પણ એજયુકેશન લોન માટે કરી શકાય છે. ઓનલાઇન અરજી કરવા માટે www. statebankofindia.com સર્ફ કરવાથી ફોર્મ ડાઉનલોડ કરી શકાશે.

'બેંક ઓફ બરોડા' દ્વારા એજયુકેશન લોન દરેક શહેરમાં તેની જુદી-જુદી મુખ્ય શાખાઓ દ્વારા નર્સરીથી ધોરણ-૧૨ સુધી તેમજ સ્નાતક અને અનુસ્નાતકના ઉચ્ચ અભ્યાસ માટે લોન આપવામાં આવે છે. જેમાં (૧) બરોડા વિદ્યા ,(૨) બરોડા જ્ઞાન, (૩) બરોડા સ્કોલર, (૪) બરોડા એજયુકેશનલ લોન ફોર વોકેશનલ એજયુકેશન એન્ડ ટ્રનિંગ

(૫) સેન્ટ્રલ સ્કીમ ફોર ઈન્ટરેસ્ટ સબ્સીડી ફોર એજયુકેશન લોન હેઠળ જુદી-જુદી પ્રકારની લોન આપવામાં બેંક ઓફ બરોડા મદદરૂપ થાય છે. આ અંગે વેબસાઇટ www.bankofbaroda.com સર્ફ કરવાથી માહિતી પ્રાપ્ત થઇ શકે છે.

**લોન મેળવવા માટે નીચેના મુદ્દાઓ બેંક દ્વારા ધ્યાને લેવામાં આવે છે.**

- કોલેજ/સંસ્થા/યુનિવર્સિટીને ચુકવવાની ફી
- એકઝામિનેશન/લાઇબ્રેરી/લેબોરેટરીની ફી.
- હોસ્ટેલમાં રહેવા માટેના ખર્ચની અને તેની ફી.
- પુસ્તકો/સાધનો, ઔજારો ખરીદવા માટેનો ખર્ચ.
- પર્સનલ કોમ્પ્યુટર/લેપટોપની જરૂરીયાત હોય તો તે.
- કોશન ડિપોઝિટ/બિલ્ડીંગ/રીફન્ડેબલ ડિપોઝિટ સપોર્ટેડ બાય ઈન્સ્ટિટ્યૂશનલ બિલ/રિસિપ્ટ
- અન્ય ખર્ચાઓ જે અભ્યાસ સાથે સંલગ્ન હોય જેમાં સ્ટડી ટુર/પ્રોજેકટ વર્ક, થિસીસ અને અન્ય પ્રક્રિણ બાબતોનો સમાવેશ થાય છે.
- મહત્તમ લોનની મર્યાદા રૂા. ૧૦ લાખ સુધી હોય છે.



- માર્જીન મની ૪ લાખની લોન સુધી શૂન્ય હોય છે.
- ૪ લાખ થી ઉપરની લોન માટે ૫ ટકા માર્જીન મની બેન્ક દ્વારા અપેક્ષિત છે.
- માર્જીન મનીનો અંશ પ્રો રેટા બેસીસ વર્ષે-વર્ષે જુદો-જુદો હોઇ શકે છે.
- માસિક સાદા વ્યાજના દરે લોન આપવામાં આવે છે.
- મહિલા/સ્ત્રી ઉમેદવારને વ્યાજદરમાં ૦.૫૦ ટકા રાહત આપવામાં આવે છે.
- વ્યાજ દર વખતો વખત રિઝર્વ બેન્કની ગાઇડલાઇન મુજબ બદલાતા રહે છે.

**એજયુકેશન લોન માટે પ્રોસેસીંગ ચાર્જ**

તમામ પ્રકારની લોન પર લોનની રકમમાં અમુક ટકા પ્રોસેસીંગ ચાર્જ લેવામાં આવે છે.,પરંતુ એજયુકેશન લોન માત્ર એવી લોન છે. જેમાં કોઇ પ્રોસેસીંગ ચાર્જ વસુલવામાં આવતો નથી. એજયુકેશન લોન ઉચ્ચ અભ્યાસ અને ટેકનિકલ શિક્ષણ મેળવવામાં ઉપયોગી થાય તેવા આશયથી અપાતી હોવાથી રાષ્ટ્રીયકૃત બેંકો દ્વારા એજયુકેશન લોન મંજુર કરવા કોઇ પણ જાતના પ્રોસેસીંગ ચાર્જ લેવામાં આવતાં નથી. લોન માટે નીચે મુજબના દસ્તાવેજ આવશ્યક છે.

- લોન મેળવવા માટે વાલી અથવા વિધાર્થીઓ દ્વારા અરજી સાદા કાગળમાં તેમજ બેંક દ્વારા નિયત કરેલ ફોર્મમાં અરજી કરવાથી અરજી કરવાથી લોન મેળવી શકાય છે. જે તે બેંકની વેબસાઇટ ઉપર ઓનલાઇન એપ્લિકેશન ફોર્મ ડાઉનલોડ કરી મેળવી શકાય છે.
- જે અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવાનો હોય તે સંસ્થામાં પ્રવેશ મેળવ્યા બાદ અથવા પ્રવેશ મેળવવા બાબતની સાબિતી આપવાની રહે છે.
- અભ્યાસ શરૂ કર્યાથી પુર્ણ થતા સુધીનો અંદાજિત ખર્ચનું સ્ટેટમેન્ટ રજુ કરવાનો રહે છે.
- તેજસ્વી વિધાર્થીના કિસ્સામાં વિધાર્થીને મળવાપ ાત્ર સ્કોલરશિપ, ફીશિપ, જો હોય તો તેની વિગત દર્શાવતું પ્રમાણપત્ર.
- ધોરણ-૧૦ની પરીક્ષા પાસ કર્યાની માર્કશીટ અને ક્રેડીટ સર્ટિફિકેટ
- બે પાસપોર્ટ સાઇઝના ફોટોગ્રાફસ વિધાર્થીનો તેમજ વાલીનો.
- અરજદારના બેંક સ્ટેટમેન્ટ જેમાં છેલ્લા છ માસની બેંકની લેવડ-દેવડની વિગતો દર્શાવતી બેંકની પાસબુક
- છેલ્લા ત્રણ વર્ષના વાલીના આવકવેરાના રીટર્ન/ એસેસમેન્ટની માહિતી.
- બે બેંક ગેરેન્ટર તેમના નામ, સરનામા, રહેઠાણના પુરાવા, આવકના દાખલા અને ફોટોગ્રાફસ
- વિદેશમાં ભણવા જતા વિધાર્થી માટે પાસપોર્ટની નકલ
- અન્ય કોઇ બેન્કમાંથી કે સંસ્થામાંથી કે પેઢીમાંથી લોન નથી મેળવી તે અંગેનું કબુલાતનામું તેમજ ગેરેન્ટર/જામીન નથી તે દર્શાવતું સોગંધનામું
- લોન લેનાર વ્યકિતની મિલ્કત અને જવાબદારીનું સ્ટેટમેન્ટ.
- રહેઠાણના પુરાવા માટે પાસપોર્ટ જો હોય તો, મતદાર ઓળખકાર્ડ/રેશનકાર્ડ/પાન કાર્ડ વિગેરેની નકલ.
- લોન માટે જરૂરી દસ્તાવેજ બેંક દ્વારા સંજોગો આધીન અમલી બને કાર્યવાહી અનુસાર બેંક દ્વારા માંગણી થયે રજુ કરવાના રહે છે.
- લોન માટે માર્જીન મની.(રૂપિયા ૪ લાખથી વધુ હોય તો)
- કોઇ પણ પ્રકારની લોન મેળવવા માટે કુલ રકમનો અમુક ભાગ લોન લેનારે પોતાના ભાગનો હિસ્સો આપવો પડે છે. જેને બેન્કીગની ભાષામાં માર્જીન મની કહે છે. આવી માર્જીન મની ભારતમાં રૂા. ૪ લાખની લોન સુધી શૂન્ય રાખવામાં આવી છે.
- ૫ ટકા માર્જીન મની ૪ લાખથી વધુ લોન માટે આપ વાની થાય છે.
- ઉદાહરણ સ્વરૂપે ૬ લાખની લોનના ૫ ટકા લેખે ૩૦,૦૦૦/- માર્જીન મની ગણી બેંક દ્વારા ૫ લાખ ૭૦ હજારની લોન આપવામાં આવે છે.
- વિદેશમાં અભ્યાસ માટેના કિસ્સામાં માર્જીન મની ૧૫ ટકા લેવામાં આવે છે.

**એજયુકેશન લોન પરત કરવાની સમયમર્યાદા**

શૈક્ષણિક હેતુ માટે લોન લેનાર વિધાર્થીને અભ્યાસ પૂર્ણ થાય ત્યાં સુધી ફકત લોન પરના વ્યાજની ચુકવણી કરવાની હોય છે. રાષ્ટ્રીયકૃત બેંકો દ્વારા લોનની પ રત ચુકવણીનો સમય અભ્યાસક્રમનો સમયગાળો ઉપ રાંત એક વર્ષ અથવા વિધાર્થીને રોજગાર મળ્યાના છ માસ એ બેમાંથી જે પહેલું હોય તે મુજબ પરત કરવાની હોય છે. એક વાર પરત ચુકવણી શરૂ કર્યા પછી બેંકોના નિયમાનુસાર વાલીની અને વિધાર્થીની ક્ષમતાનુસાર ૫ થી ૧૦ વર્ષમાં લોન પુરે પુરી પરત કરવાની હોય છે.

**લોન માટે જામીન સ્વરૂપે લેવાતી વિગતો.**

- રૂપિયા ૪ લાખ સુધીની લોન માટે કોઇ પણ જાતની જામીનગીરીની જરૂરીયાત રહેતી નથી. છતાં કેટલાક બેંક મેનેજરો લોનની રકમને સુરક્ષિત કરવાના હેતુસર જામીનગીરીનો આગ્રહ રાખે છે.
- રૂપિયા ૪ લાખથી વધુ રકમને લોનના કિસ્સામાં લોનની રકમને સંપૂર્ણ સુરક્ષિત રાખવા તેટલી કિંમતનો જામીન/મકાન/ગવર્મેન્ટ સિકયૂરીટી વાળા બોન્ડ બેંક દ્વારા લેવામાં આવે છે.
- આ ઉપરાંત કિસાન વિકાસપત્ર/એલ.આઇ.સી.ની પોલીસી/આર.બી.આઇ.ના બોન્ડ/સરદાર સરોવર બોન્ડ કે અન્ય કોઇ સંસ્થાના બોન્ડ હોય તો જામીનગીરી રૂપે લેવામાં આવે છે.
- કેટલીક બેંકો દ્વારા વ્યકિતગત ગેરેન્ટર પણ માંગવામાં આવે છે.
- પુરતા પ્રમાણમાં જામીનગીરી ઉપલબ્ધ ન હોય તો બેંકો ત્રાહિત વ્યકિત કો.-ઓબ્લિકેશન ગેરેન્ટી લઇ હપ્તાની ચુકવણી માટે વિદ્યાર્થીને અભ્યાસ બાદ થનારી આવકનું નામાંકન કરાવીને પણ લોન આપ તી હોય છે.
- બેંક માતા-પિતાની ગેરન્ટી લઇને પણ લોન આપી શકે છે.

**એજયુકેશન લોન માટે વ્યાજનો દર**

- એજયુકેશન લોન પરના વ્યાજનો દર અન્ય લોન જેવી કે, કાર લોન હાઉસ લોન કરતા ઓછો રાખવામાં આવે છે. વ્યાજ દર સતત બદલાતા રહેતા હોવાથી લોન લેતી વખતે બેન્ક સાથે જે તે સમયે વ્યાજ દરની ખરાઇ કરી લેવી જોઇએ.
- કેટલીક બેન્કો દ્વારા અભ્યાસ ચાલુ હોય ત્યારે સિમ્પલ ઇન્ટરેસ્ટ (સાદુ વ્યાજ) ગણવામાં આવે છે.
- વ્યાજ નો દર નિયમિત હપ્તા ભરનાર માટે ઓછો પ ણ હોઇ શકે છે.
- તેજસ્વી વિધાર્થીઓ માટે બેંક દ્વારા ૧ ટકા જેટલો વ્યાજ દર પ્રોત્સાહન રૂપે ઘટાડવામાં આવે છે.પ રંતુ બધા વર્ષોમાં ફર્સ્ટ કલાસ રિઝલ્ટ લાવે તો જ આ લાભ મળે છે.

**એજયુકેશન લોન કયા અભ્યાસક્રમ માટે મળી શકે ?**

- ૧૦+૨ પધ્ધતિનુસાર ગ્રેજયુએશન થવા માટે.
- અનુસ્નાતકની લાયકાત મેળવવા અર્થે.
- મેડિકલ, એગ્રિકલ્ચર, ડેન્ટલ, એન્જિનિયરીંગ, કોમ્પ્યુટર, મેનેજમેન્ટ જેવા વ્યવસાયિક કોર્સ માટે
- કંપની સેક્રેટરી, ચાર્ટડ એકાઉન્ટન્ટ, આઇ.સી. ડબલ્યુ,
- સી.એફ.એ. તેમજ એન.આઇ.એફ.ટી.ના અભ્યાસ માટે.
- આઇ.આઇ.એમ., આઇ.આઇ.ટી. તેમજ યુ.જી.સી. અને એ.આઇ.સી.ટી. અને આઇ. સી.એમ.આર. તેમજ એમ.સી.એસ. દ્વારા માન્ય અભ્યાસક્રમ માટે

**વિદેશમાં અભ્યાસ માટે માન્ય અભ્યાસક્રમ અન્વયે એજયુકેશન લોન મળી શકે છે.**

- વિદેશમાં રોજગારલક્ષી પ્રોફેશનલ કોર્સ માટે સ્નાતકની લાયકાત મેળવવા એજયુકેશન લોન મળી શકે છે. કેનેડા, યુ.એસ.એ., ન્યુઝીલેન્ડ, ઓસ્ટ્રેલીયા તેમજ જર્મની, જાપાન અને અન્ય દેશોમાં આવા કોર્સિસ માટે જતા યુવાનો લોન પ્રાપ્ત કરી શકે છે.
- એમ.બી.એ. એમ.એસ. અને એમ.બી.બી.એસ. અને એમ.ડી. કરવા માટે વિદેશ જતા યુવાનોને લોન મળી શકે છે.
- સી.આઇ.એમ.એ. યુ.કે. તેમજ સી.પી.એ. હેઠળ યુ.એસ.એ.માં ચાલતા અભ્યાસ માટે લોન મળી શકે છે.
- સી.પી.એ. હેઠળ સંચાલિત અનુસ્નાતક અભ્યાસક્રમ માટે વધુમાં વધુ ૨૦ લાખની લોન મળી શકે છે.
- પંજાબ નેશનલ બેન્ક પણ લોન આપે છે. જેની વેબસાઇટ છે. www.punjabnationalbank.org
- આઇ.ડી.બી.આઇ. બેંક દ્વારા પણ લોન મેળવી શકાય છે. જેની વેબસાઇટ છે. www.idbibank.com.
- વિજયા બેંક દ્વારા પણ લોન મેળવી શકાય છે. જેની વેબસાઇટ છે. www.vijyabank.com.
- સ્ટેટ બેંક ઓફ હેદ્રાબાદ દ્વારા પણ લોન મેળવી શકાય છે. જેની વેબસાઇટ છે. www.sbhyid.com.
- સ્ટેટ બેંક ઓફ બીકાનેર અને જયપુર દ્વારા પણ લોન મેળવી શકાય છે. જેની વેબસાઇટ છે. www.sbbj.com

રોજગાર અધિકારી,
આણંદ જિલ્લા રોજગાર કચેરી, આણંદ.

# 3 શિષ્યવૃત્તિની નવી યોજનાઓ

*–એસ. આર. વિજયવર્ગીય*

વિદ્યાર્થીના જીવન ઘડતરમાં જેટલી મહત્તા તેની તેજસ્વીતાની છે; તેટલી જ મહત્તા તેના અભ્યાસ માટે આનુસાંગિક પરિબળોની છે. આજે ઉચ્ચ શિક્ષણ મેળવવું મોંઘુ અને કઠિન થયું છે. ત્યારે મધ્યમ વર્ગના લોકોને તેમના સંતાનોને ભણાવવાનું કામ વસમું લાગે છે. કેટલાક વિદ્યાર્થીઓ આર્થિક અડચણ અને સગવડના અભાવે અભ્યાસ પૂર્ણ કરી શકતા નથી અથવા અધુરો અભ્યાસ છોડી દે છે. જો શાળાકીય શિક્ષણ પ્રાપ્ત ન થાય તો ઉચ્ચ શિક્ષણ કેવી રીતે મળે ? તેની ચિંતા સતાવતી હોય છે.

મધ્યમ વર્ગના વાલીઓ પોતાના બાળકો અભ્યાસમાં તેજસ્વી હોય તો આર્થિક મદદ મળે તેની અપેક્ષા રાખતા હોય છે. આવા વાલીઓ અને વિદ્યાર્થીઓ શિષ્યવૃત્તિની બાબતથી અજાણ હોય તો કઠિનાઇ સર્જાય છે. તેથી ગરીબ અને મધ્યમ વર્ગના કુટુંબોના બાળકો માટે રાજ્ય સરકારની વિવિધ પ્રકારની સ્કોલરશીપની યોજનાઓ અમલી બનાવી છે.

અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જન જાતિના વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત થાય તે હેતુસર ગુજરાત સરકારે અનેક શિષ્યવૃત્તિઓ જાહેર કરી છે. ગુજરાત સરકાર ઉપરાંત અનેક ટ્રસ્ટ, ફાઉન્ડેશન અને સંસ્થા દ્વારા તેજસ્વી, હોશીયાર વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ એનાયત કરવામાં આવે છે. આ અંગેની જાહેરાત ગુજરાતના અગ્રગણ્ય અખબારોમાં વખતો વખત પ્રસિધ્ધ થતી હોય છે. વર્તમાન સમયમાં વિવિધ શિષ્યવૃત્તિઓ સ્કોલરશિપ અંગેની જાણકારી મેળવીએ




- **શિષ્યવૃત્તિની સહાય મેળવવા માટેના કેટલાક અગત્યના સુચનો**

(૧) શિષ્યવૃત્તિ કે સહાય મેળવવા માટે વાલી અને વિદ્યાર્થીઓએ અભ્યાસ આધારિત આયોજન કરી જરૂરી માહિતી મેળવી રાખવી જોઇએ.

(૨) ધોરણ-૧૦ - ૧૨ કે સ્નાતકના પરિણામના આધારે શિષ્યવૃત્તિની સરકારી જાહેરાત સંદર્ભે સમયસર અરજી ફોર્મ ભરવા પ્રતિભા ખોજ જેવી પરીક્ષા અગાઉથી આપવી જોઇએ અને તેની સંપૂર્ણ તૈયારી કરવી જોઇએ.

(૩) કોઇ પણ સરકારી ટ્રસ્ટ કે કંપની તથા ખાનગી શિષ્યવૃત્તિની જાહેરાતો આવ્યા મુજબ સામાન્ય લાયકાત ને ધ્યાનમાં રાખી સુચનાનુસાર સમયસર અરજી કરવી જોઇએ.

(૪) શિષ્યવૃત્તિ અંગે ખાનગી કે ટ્રસ્ટની માહિતી માટે બહુ ખર્ચ ન કરવો, સંપર્ક થયા વિના રૂબરૂ કે બહાર ગામ ન જવુ જોઇએ, ફકત રિપ્લાય પોસ્ટ કાર્ડ લખીને પત્રવ્યવહાર કરવો. ગુજરાત બહારના પત્રવ્યહવાર હિન્દી કે અંગ્રેજીમાં કરવો.

(૫) કોઇ સંસ્થા તરફથી શિષ્યવૃત્તિના ફોર્મ માટે મોટી ફી કે રકમ માંગવામાં આવે તો તેની ચકાસણી કરવી, કેમ કે, કોઇ પણ સંસ્થા સામાન્ય રીતે શિષ્યવૃત્તિના ફોર્મ ચાર્જ કરતી નથી.તેથી ચકાસીને જ અરજી કરવી.

- **ગુજરાત રાજય ઉચ્ચ શિક્ષણ શિષ્યવૃત્તિ સહાય**

ઉચ્ચ શિક્ષણ મેળવવા માટે ગુજરાત રાજયના શિક્ષણ વિભાગ દ્વારા ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ તથા સ્નાતક કક્ષાના ઉમેદવારોને ઉચ્ચ અભ્યાસ માટે શિષ્યવૃત્તિ એનાયત કરવામાં આવે છે. આ શિષ્યવૃત્તિ માટેની જાહેરાત જુન-જુલાઇ માસમાં અગ્રગણ્ય અખબારમાં જાહેર ખબર આવતી હોય છે. કયારેક આવી જાહેરાતો સપ્ટેમ્બર-ઓકટોબર માસમાં પણ આવતી હોય

છે. આ વર્ષે લોકસભાની ચુંટણીના કારણે એવી જ સંભાવના છે. દરેક જિલ્લાના મુખ્ય મથકે આવેલ શિક્ષણાધિકારીની કચેરીમાં વિનામુલ્યે આ અંગેનું અરજીપત્રક મેળવી શકાય છે. તે અરજીમાં દર્શાવેલ વિગતો ભરીને નીચે દર્શાવેલ સરનામે મોકલી આપવાનું રહે છે.

(૧) શ્રેયાન અધિક્ષક શિષ્યવૃત્તિ શાખા
ઉચ્ચ શિક્ષણની કચેરી
બ્લૉક નંબર-૧૨ ત્રીજો માળ ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર-૩૮૨૦૧૦.

શિષ્યવૃત્તિની રકમ અને તેની વિગતવાર માહિતી અરજી પત્રકમાં આપવામાં આવે છે. સામાન્ય રીતે અલગ-અલગ ધોરણો અનુસાર શિષ્યવૃત્તિ અપાય છે. અંદાજે ૧૦૦૦ જેટલા વિધાર્થીઓને આ માટે પસંદ કરવામાં આવે છે. લાયકાતની પરીક્ષા તરીકે ધોરણ-૧૦ કે ધોરણ-૧૨ અને સ્નાતક પરીક્ષામાં માર્ચ માસમાં લેવાયેલ પરીક્ષામાં ૫૦ ટકા કરતાં વધારે ગુણ મેળવી પ્રથમ પ્રયત્ને પાસ કરેલ ઉમેદવારોને આનો લાભ મળે છે. ખેતીની આવક ધરાવનારને આવક અંગે મામલતદારનું તેમજ ધંધાની આવક ધરાવનારને સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર આર્થિક રીતે પછાત હોવા અંગે આપવાનું રહે છે.

કેન્દ્ર સરકાર દ્વારા ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ કે સ્નાતક પછીના અભ્યાસ ક્રમ માટે શિષ્યવૃત્તિ એનાયત થાય છે. શિષ્યવૃત્તિ માટેની લાયકાત પરીક્ષામાં ૫૦ ટકા કે તેથી વધુ ગુણ સહિત પ્રથમ પ્રયત્ને પાસ કરેલ હોવી જોઇએ આ અંગેના અરજીપત્રકો જે તે જિલ્લાની જિલ્લા શિક્ષણાધિકારી કચેરી અથવા વહીવટદાર, ટ્રાઇબલ સબ પ્લાનની કચેરીમાંથી મળી શકે છે. વિધાર્થીની કૌટુંબિક વાર્ષિક આવક રૂપિયા ૪.૫૦ થી ઓછી હોવી જોઇએ. આ ઉપરાંત રાજય સરકાર દ્વારા હિન્દીના અભ્યાસ માટેની સ્નાતક કક્ષાની અને સંસ્કૃતમાં વધુમાં વધુ માર્કસ મેળવનાર સંસ્કૃત સ્કોલરશિપ આપવામાં આવે છે. અત્રે નોંધવુ રહે કે કેન્દ્ર સરકારની શિષ્યવૃત્તિમાં વર્ષ-૨૦૧૪-૧૫ માં આવક મર્યાદા ૬ લાખ કરવાની જોગવાઇ વિચારણા હેઠળ છે.

- **સાંસ્કૃતિક પ્રવૃત્તિ અને તાલીમ માટેની શિષ્યવૃત્તિ**

નવી દિલ્હીના સેન્ટર ફોર કલ્ચર રિસોર્સીસ એન્ડ ટ્રેનીગ બહાવલપુર હાઉસ, ભગવાનદાસ રોડ ન્યુ, દિલ્હી દ્વારા દર વર્ષે ૫૦૦ જેટલા બાળકોને સંગીત, નાટક, નૃત્ય, રંગ મંચ, કઠપુતળી, ચિત્રકામ, શિલ્પકામ, ક્રાફ્ટ વિગેરે ક્ષેત્રે વિશિષ્ટ કૌશલ્ય ધરાવતા તેજસ્વી બાળકોને ₹ ૬૦૦/- થી રૂા. ૨૦૦૦/- સુધીની શિષ્યવૃત્તિ આપવામાં આવે છે. આ માટેની વિગતો અખબારમાં અપાતી હોય છે. ઉપયોગી વેબસાઇટ નીચે મુજબ છે.

http://educationsubport.nic.in
(કેન્દ્ર સરકારની શિષ્યવૃત્તિની માહિતી મળશે.)

- **અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ કે પછાત વર્ગના વિધાર્થીઓ માટે શિષ્યવૃત્તિ.**

ગુજરાત રાજયના સમાજ કલ્યાણ વિભાગ દ્વારા વાલ્મિકી જાતિના લોકોના બાળકો માટે ધોરણ-૧ થી ધોરણ-૮ માટે તેમજ ધોરણ-૯ અને ૧૦ માટે માસિક શિષ્યવૃત્તિ આપવામાં આવે છે. આ માટે જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીનો સંપર્ક કરવાથી માહિતી અને ફોર્મ મળી શકે છે.

અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જન જાતિના વિધાર્થીઓને પણ કોલેજના અભ્યાસ માટે શિષ્યવૃત્તિ આપવામાં આવે છે. અનુસૂચિત જન જાતિના તેજસ્વી વિધાર્થીઓ માટે ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ના પ્રોત્સાહક ઈનામ પણ આપવામાં આવે છે. આ માટે પરિણામની નકલ અને જાતિનો દાખલો પછાત વર્ગ કલ્યાણ અધિકારીને જે તે જિલ્લાની કચેરીમાં મોકલી આપવાના રહે છે.

- **રાષ્ટ્રીય પ્રતિભા ખોજ સ્પર્ધા દ્વારા શિષ્યવૃત્તિ**

કેન્દ્ર સરકાર દ્વારા રાષ્ટ્રીય સ્તરે તેજસ્વી વિધાર્થીઓને શિષ્યવૃત્તિ આપવામાં આવે છે. આ માટે સ્પર્ધાત્મક પરીક્ષા લેવામાં આવે છે. ભારત દેશમાં આવા ૭૫૦ તેજસ્વી બાળકો ટેલેન્ટ રીસર્ચ અન્વયે ચકાસવામાં આવે છે. આ સ્પર્ધામાં ઉત્તીર્ણ થયા બાદ વિધાર્થીને નોકરીમાં પણ તક મળી શકે છે. રાષ્ટ્રીય પ્રતિભા ખોજ સ્પર્ધા ગુજરાત રાજય પરીક્ષા બોર્ડ દ્વારા સંચાલન કરવામાં આવે છે. રાષ્ટ્રીય પ્રતિભા ખોજ સ્પર્ધામાં બે પ્રકારના પેપર હોય છે. (૧) બુધ્ધિ કસોટી (૨) સામાન્ય જ્ઞાન



દરેક ૧૦૦ માર્કસના પેપર્સ કોઇ પણ ભાષામાં આપી શકાય છે.

જે તે જિલ્લાની જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીમાં આવા અરજી પત્રકો મળી રહે છે. હમણા કૌટિલ્ય નામનો બાળક ટી.વી. અને ઇન્ટરનેશનલ ન્યુઝ ચેનલોમાં સ્થાન પામ્યો છે. માત્ર ૬ વર્ષનો બાળક અસાધારણ બુધ્ધિ પ્રતિભા ધરાવે છે. આપના બાળકોને પણ આવી તાલીમ આપી શિષ્યવૃત્તિનો લાભ અપાવી શકો છો.

● **રમત-ગમત ક્ષેત્રે શિષ્યવૃત્તિ**

રાષ્ટ્રીય કક્ષાએ રમત-ગમતમાં તેવા વિધાર્થીઓને જિલ્લા રમત-ગમત અધિકારી કચેરી મારફતે રાજય સરકારની શિષ્યવૃત્તિ આપવામાં આવે છે.

● **વિજ્ઞાન ક્ષેત્રે શિષ્યવૃત્તિ**

ધોરણ-૧૦ના વિજ્ઞાન પ્રવાહમાં ૫૦ ટકા થી વધુ ગુણ મેળવનારને કાઉન્સીલ ફોર સાઇન્ટીફીક એન્ડ ઈન્ડસ્ટ્રીયલ રીસર્ચ દ્વારા શિષ્યવૃત્તિ આપવામાં આવે છે. ફકત અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જન જાતિના ઉમેદવારોને જ સી.એસ.આઇ.આર. દ્વારા પસંદ કરવામાં આવે છે. આ બાબતે ભાવનગરની સેન્ટ્રલ મરીન એન્ડ સોલ્ટ રીસર્ચ ઈન્સ્ટિટયૂટ મદદરૂપ થઇ શકે છે. તેની જાહેરાત પણ અખબારમાં આવે છે.

આ ઉપરાંત ઇન્ડિયન ઈન્સ્ટિટયૂટ ઓફ સાયન્સ, બેંગ્લોરની વિજ્ઞાન ક્ષેત્રે ઉચ્ચ અભ્યાસ માટે કેન્દ્ર સરકાર દ્વારા શોધ સંશોધન માટે યુવાનોને આકર્ષવા હેતુ કિશોર વૈજ્ઞાનિક યોજના બહાર પાડી છે. યોજનામાં પસંદ થયેલ કિશોર યુવા મિત્રોને સરકારના ખર્ચ સંશોધન પ્રોજેકટની તક મળી શકે છે.ઓ.એન.જી.સી. દ્વારા અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જન જાતિના વિધાર્થીઓને ₹ ૬૦૦ થી ૧૦૦૦/- ની આસપાસ એન.એસ.સી. (Geophysics



OR Geology કે એન્જિનિયરીગના અભ્યાસ માટે શિષ્યવૃત્તિ આપવામાં આવે છે. જેનું ફોર્મ નીચેના સરનામા પરથી મેળવી શકાશે.

D. G .M. (Scholarship) O. N. G. C. TEL BHAVAN, DEHRADUN

● **રાજયમાં ઉપલબ્ધ ન હોય તેવા કોર્સ માટે શિષ્યવૃત્તિ.**

ગુજરાત રાજયમાં ઉપલબ્ધ એન્જિનિયરીગ અભ્યાસક્રમ ઉપરાંત રાજય બહાર ઉપલબ્ધ હોય તેવા અભ્યાસક્રમોમાં માસિક ₹ ૨૫૦/- થી ૫૦૦/- સુધીની શિષ્યવૃત્તિ આપવામાં આવે છે. તેજસ્વી યુવાનો અને તેજસ્વી યુવતીઓને વિવિધ વિધાશાખામાં ઉચ્ચ અભ્યાસ માટે સ્કોલરશિપ આપવામાં આવે છે. યુનાઇટેડ સ્ટેટસ એજયુકેશન ફાઉન્ડેશન ઇન ઇન્ડિયા (U.S.E.F.I.) 12 Haily Road, New Delhi 110001 પર સંપર્ક શાધવાથી માહિતી મળી શકે છે, અને અગ્રગણ્ય અખબારોમાં આ અંગેની જાહેરાત આવે છે.

● **એન.ટી.પી.સી.ની શિષ્યવૃત્તિ**

ધોરણ-૧૨ પછી ડિપ્લોમા એન્જિનિયરીગમાં અભ્યાસ કરતા અને પ્રથમ વર્ષ પાસ કરનારને આ શિષ્યવૃત્તિ આપવામાં આવે છે. સંપર્ક કરવા માટે સરનામું નીચે મુજબ છે.એન.ટી.પી.સી.૧૯ શિવાજી નગર, શંકરનગર સ્કવેર,નાગપુર તેમજ નિયામકશ્રી આદિજાતિ વિકાસ કમિશ્નરશ્રીની કચેરી, બ્લૉક નંબર-૪, ડૉ જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર દ્વારા પણ કેન્દ્ર સરકારના સમાજ કલ્યાણ, સમાજ અધિકારિતા વિભાગ હેઠળ અનુસૂચિત જાતિ-અનુસૂચિત જન જાતિના ૬૦ વિધાર્થીઓને ઉચ્ચ શિક્ષણની સહાય આપવામાં આવે છે. અનુસૂચિત જન જાતિના ઉમેદવારોને પાયલોટની તાલીમ લેવા માટે આદિજાતિ વિકાસ કમિશનરની કચેરી દ્વારા ₹ ૨,૦૦,૦૦૦/- સુધીની લોન આપવામાં આવે છે.

ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ અને આઇ.સી.ડબ્લ્યુ.એ.ના ઉચ્ચ અભ્યાસ માટે સામાજિક અધિક્ષકશ્રી ગાંધીનગર દ્વારા શિષ્યવૃત્તિ અપાય છે. જે અંગે નીચેના સરનામે પત્રવ્યવહાર કરી શકાય છે. Under Secretary, Social Empowerment, Ministry room no.240, A. Wing Shastri Bhavan, New Delhi-110001 પર સંપર્ક કરવાનો રહે છે.

અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જન જાતિના ઉમેદવારોને એન્જિનિયરીગમાં અભ્યાસ માટે ૨૫ એન્જિનિયર્સને એન્જિનિયર્સ ઇન્ડિયા લીમીટેડ, એન્જિનિયર્સ ઇન્ડિયા ભવન, ડી.કે. પેલેસ,

દિલ્હી-૧૧૦૦૬૬ દ્વારા માસિક ₹ ૭૫૦/- થી ૧૦૦૦ સુધી શિષ્યવૃત્તિ આપવામાં આવે છે.

● **શિક્ષકોના સંતાનોને મળતી શિષ્યવૃત્તિ**

ગુજરાત રાજયના માન્યતા પ્રાપ્ત (પૂર્વ પ્રાથમિક, પ્રાથમિક અને માધ્યમિક શિક્ષકોના સંતાનો માટે ખાસ શિષ્યવૃત્તિ યોજના અમલમાં છે. આ માટેની લાયકાતની પરીક્ષા ૬૦ ટકા ગુણ સાથે પ્રથમ પ્રયત્ને પાસ કરેલી હોવી જોઇએ.

સંરક્ષણ મંત્રાલય હસ્તકની તથા વિકલાંગો માટેની શાળાઓના શિક્ષકોના બાળકોને પણ આ શિષ્યવૃત્તિ મળે છે. જે તે જિલ્લાની જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીમાંથી પ્રાપ્ત થઇ શકે છે.

● **બિરલા સ્મારક કોષ,**

મુંબઇમાં રામેશ્વર બિરલા સ્મારક કોષ બોમ્બે હોસ્પિટલની સામે આવેલું છે. જેમાં તબીબી ક્ષેત્રે ઉચ્ચ અભ્યાસ માટે શિષ્યવૃત્તિ આપવામાં આવે છે. પ્રવેશ પત્ર મેળવવા માટે નીચે દર્શાવેલ સરનામે અરજી મોકલવાની રહે છે.

રામેશ્વર બિરલા સ્મારક કોષ, બોમ્બે હોસ્પિટલ, મુંબઇ-૨૦

● **મફતલાલ ઈન્ડસ્ટ્રીઝ સ્કોલરશિપ**

ધોરણ-૧૨ સાયન્સમાં વધુ ગુણ મેળવીને એન્જિનિયરીંગની વિવિધ શાખાઓમાં અભ્યાસ કરતા પસંદગીના વિદ્યાર્થીઓને વાર્ષિક ₹ ૧૦,૦૦૦/-ની શિષ્યવૃત્તિ આપવામાં આવે છે. આ માટે મફતલાલ ઈન્ડસ્ટ્રીઝ (સ્કોલરશિપ સહાય એચ.આર.ડી. વિભાગ, મફતલાલ સેન્ટર, ૮ મો માળ, નરીમાન પોઇન્ટ બોમ્બેનો સંપર્ક કરવાનો રહે છે.)

● **સામાજિક ટ્રસ્ટ હેઠળ મળતી શિષ્યવૃત્તિ અને સહાય**

સમાજમાં વિવિધ પ્રવૃત્તિઓ માટે ટ્રસ્ટ અને મંડળ કાર્યરત છે. આ પૈકી કેટલાક ટ્રસ્ટ શિષ્યવૃત્તિ અને આર્થિક સહાયનું કાર્ય કરે છે. શાળા કોલેજના વિધાર્થીઓને જરૂરીયાત મુજબ મેરીટ પ્રમાણે ફોર્મ ભરીને મંગાવવામાં આવે છે, અને આવા કેટલાક ટ્રસ્ટો તેમના કાર્યક્ષેત્ર પ્રવૃત્તિ પ્રમાણે મર્યાદિત સંખ્યામાં શિષ્યવૃત્તિ આપતા હોય છે.

(૧) વિવિધ જ્ઞાતિના ટ્રસ્ટની સંખ્યા વિપુલ છે. વણિક સમાજના આવા ૫૦ ટ્રસ્ટ છે. બ્રાહ્મણ, લોહાણા, પટેલ, કોળી, મોચી, મુસ્લિમ, પંચાલ, બ્રહ્મ ક્ષત્રિય જ્ઞાતિના ટ્રસ્ટ પણ અસ્તિત્વ ધરાવે છે, અને આર્થિક રીતે પછાત પરિવારના તેજસ્વી યુવાનોને શિષ્યવૃત્તિ આપે છે.

(૨) ઉધોગ પ્રેરિત ટ્રસ્ટમાં રિલાયન્સ, મફતલાલ, ટાટા, બિરલા વગેરે અગ્રગણ્ય એકમો અવારનવાર અખબારમાં જાહેરાત આપીને શિષ્યવૃત્તિ આપે છે.

(૩) અદાણી પરિવાર દ્વારા પણ તેમની શાળામાં આર્થિક પછાત વર્ગના બાળકોને આવક મર્યાદા ધ્યાને લઇ નિઃશૂલ્ક શિક્ષણ આપવામાં આવે છે.

(૪) અખબારમાં જાહેરાત આવે છે.
કેટલીક ઉપયોગી વેબસાઇટ નીચે મુજબ છે.

(1) http//:www.freshinfo.com શિષ્યવૃત્તિ અંગેની માહિતી મળી શકે છે.

(2) http://www.usief.org.in

(3) http//:www.nsscholarships.net

(4) http://www.iocl.com/epostbag

(5) http://www.britishcouncil.org.in/scholarship

● **કેટલાક અગત્યના ઈ-મેઈલ સરનામા.**

(૧) યુનિવર્સિટી એસોસિએશનની શિષ્યવૃત્તિ માટે aiu@belvsnl.net.in

(૨) વિકાસ વર્તુળ ટ્રસ્ટ ભાવનગર હસ્તકની શિષ્યવૃત્તિ vikasvartultrust@yahoo.com

(૩) ભારત સરકારની સાંસ્કૃતિક શિષ્યવૃત્તિ centruced@sanchar.net.in

આ લેખ વાંચી રહ્યા છો ત્યારે ગુજરાત સરકાર દ્વારા વર્ષ-૨૦૧૪-૧૫ માં જુલાઇ-ઓગષ્ટના વિધાનસભા સત્રમાં નવી શિષ્યવૃત્તિ યોજનાની દરખાસ્ત મુકવામાં આવનાર છે.જેની વિગત નીચે મુજબ છે.

ગુજરાત સરકાર દ્વારા ₹ ૪.૫ લાખ વાર્ષિક આવક ધરાવતા વાલીઓના સંતાનો માટે નવી શિષ્યવૃત્તિ યોજના તૈયાર કરવામાં આવી છે. આ યોજનાનો લાભ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ તથા અન્ય બોર્ડની ગુજરાતમાંથી ધોરણ-૧૨ની પરીક્ષા પાસ કરનારા વિદ્યાર્થીઓને મળશે.

આ યોજના હેઠળ ગુજરાતના માધ્યમિક અને ઉચ્ચત્તર મા. બોર્ડ તથા અન્ય બોર્ડના ધોરણ-૧૨ની પરીક્ષામાં સફળ થયેલાં વિજ્ઞાન પ્રવાહના સૌથી વધારે ગુણ ધરાવતા ચાર પર્સેન્ટાઇલ સુધીના વિદ્યાર્થીઓને અને સામાન્ય પ્રવાહના સૌથી વધારે ગુણ ધરાવતા એક પર્સન્ટાઇલ ધરાવતા વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ મળવાપાત્ર થશે.

રોજગાર અધિકારી
આણંદ જિલ્લા રોજગાર કચેરી, આણંદ.

# ૪ IAS / IPS બનવાની રણનીતિ

*– પંકજ ઔંધિયા*

**(A) નવા વર્ષમાં તૈયાર થઈ જાઓ સિવિલ સર્વિસિસ પાસ કરવા માટે**

આપણે જાણીએ છીએ કે આપણા દેશમાં લેવાતી બધી જ સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં UPSCની સિવિલ સર્વિસિસ એક્ઝામ કે જેને આપણે IAS / IPS થવા માટેની પરીક્ષા તરીકે વધુ સારી રીતે જાણીએ છીએ, તેનું મહત્વ વિશેષ છે. આપણા દેશમાં ટોચનું બુદ્ધિધન આ પરીક્ષામાં ઝંપલાવે છે. તેઓનું લગભગ એક જ સ્વપ્ન હોય છે કે IASમાં પસંદ થઈ વહીવટી ક્ષેત્રમાં કારકિર્દી બનાવવી, ઉપરાંત હવે IPS, IFS વગેરે ક્ષેત્રે પણ ખૂબ જ ગ્રોથ વધ્યો છે. આગામી ૨૦૧૪ની પ્રિલિમ પરીક્ષામાં અનેક ટેલેન્ટેડ સ્પર્ધકો સામેલ થશે.

આમ, આપણા દેશનું "CREAM" જે સ્પર્ધામાં ગંભીરતાથી ઝુકાવતું હોય ત્યાં સ્પર્ધા પણ એટલી જ તીવ્ર અને ગંભીર બનવાની. એક રીતે કહીએ તો બુદ્ધિશાળી અને વિચારશીલ લોકોનો, બળિયાઓનો આ મુકાબલો છે. આથી જ્યારે ગુજરાતમાંથી હજારો અને દેશભરના લાખો સ્પર્ધકોમાં અંતિમ પસંદગી પામનાર ઉમેદવારોમાં મારો નંબર હશે કે કેમ એવી શંકા ઉત્પન્ન થાય, એટલે નાસીપાસ કરનાર લોકો NTPC - NEGATIVE THINKING PEOPLE COMMITTEE આસપાસમાંથી જ મળી આવે. તેનાથી ખાસ બચવાની જરૂર છે. તે લોકોનો મંત્ર હોય છે ''U CAN NOT DO IT" આ વાતને સમજીને "I CAN DO IT" ને હૃદયમાં એમ્બોઝ કરવાની જરૂર છે.

''મોટાભાગની નિષ્ફળતાના કારણોમાં ક્ષમતાનો અભાવ નહીં, પણ સમર્પણનો અભાવ જોવા મળે છે.''

**(B) પ્રચંડ પરિશ્રમ + અખંડ ધીરજ = સિવિલ સર્વિસિસમાં સફળતા પ્રાપ્ત કરવાનો ''રોડ-મેપ''**

એકદમ થાકી ગયા પછી પણ જે દોડવીર જીતથી શ્રદ્ધાથી કદમ ભરતો રહે છે તેને જ જીતનો જલસો પ્રાપ્ત થાય છે. આપણે તેને "EXTRA EFFORT" કહી શકીએ. આવા "EXTRA EFFORT" કરનાર બાઝીગરો જ મેદાન મારી જતા હોય છે....! જેનામાં ''આગ''હોય તે મનુષ્ય આગળ આવે જ ...! ઉમદા ધ્યેય સાથે પ્રચંડ પરિશ્રમ અને અખંડ ધીરજના સથવારે આગળ વધનાર મનુષ્યને મુશ્કેલ જણાતું લક્ષ્ય પણ આખરે પ્રાપ્ત થાય છે જ મિત્રો ...! જેમ ઈશ્કમાં ગળાડુબ મનુષ્યને તેના પ્રિયપાત્ર સિવાય કશું જ ના સૂઝે, તે રીતે જ સ્પર્ધાત્મક પરીક્ષાના ખેલંદાને તેની ઈચ્છીત કેડર નજર સમક્ષ રહે તે સફળતાના, જીતના જુસ્સાની બુલંદી છે મિત્રો....!

- **સિવિલ સર્વિસિસ પરીક્ષાની તૈયારી દરમિયાન નીચેની બાબતોનું ધ્યાન રાખવું :**

- તમારી પાસેના સમયનો મહત્તમ ઉપયોગ કરો.
- બહુ પહેલાથી તૈયારી શરૂ કરી દો. તમારી પાસે કાંઈ સાહિત્ય-સામગ્રી છે તેનો મહત્તમ ઉપયોગ કરો.
- તમારા શિક્ષકો, ટ્યુટરો, અનુભવીઓની મદદ લો.
- તમારી કોલેજની લાયબ્રેરી અથવા તમારા શહેરની લાયબ્રેરીનો શક્ય તેટલો વધુ ઉપયોગ કરો.
- તમારી જેમ જ સિવિલ સર્વિસિસમાં રસ ધરાવતા વિદ્યાર્થીઓને મળવાનું રાખો અને બધા ભેગા મળીને એક ''ગ્રુપસ્ટડી'' બનાવો. માહિતી અને નોંધોનું તમારા મિત્રો સાથે આદાન-પ્રદાન કરો.
- ઈત્તર વાંચનની ટેવ એ ઉમેદવારને માત્ર પરીક્ષામાં લાભકારક હોતી નથી. બલ્કે જીવનના દરેક ક્ષેત્રમાં ઉપયોગી થઈ પડે છે. ...આનો સીધો ફાયદો નિબંધના પ્રશ્નપત્રમાં જોવા મળશે. તેથી જો તમારી પાસે વધારાનો સમય હોય તો તેનો ઉપયોગ ઈતર વાંચનમાં જ કરો. લેખિત પરીક્ષા ઉપરાંત ઈતર વાંચનનો સીધે સીધો ફાયદો મૌખિક પરીક્ષામાં દેખાશે.

- **અખબારો અને ટીવી માધ્યમોનો લાભ કઈ રીતે લેવો ?**

અખબારોના વાંચનને સફળતા સાથે સીધી રીતે સાંકળવું મુશ્કેલ છે, પરંતુ ઓછા-વત્તા અંશે અખબારોનું વાંચન ઉમેદવારની સફળતામાં નિર્ણયાત્મક ભાગ ભજવે છે. સામાન્ય રીતે સફળ ઉમેદવારો પૈકી ૯૦ ટકા કરતાં વધુ ઉમેદવારો નિયમિત રીતે અખબારો વાંચતા હોય છે.

અખબારોમાં ઘણીબધી માહિતીનો એક સાથે સંગ્રહ થયેલો હોય છે. તેના નિયમિત વાંચનથી તમે સાંપ્રત પ્રવાહોથી જાણકાર રહો છો. જુદા - જુદા નિષ્ણાંતોના

લેખો અને અભિપ્રાયો તમને અખબારોમાંથી વાંચવા મળે છે. ખાસ કરીને તંત્રી લેખો...

- **અખબારોના વાંચનની સાથે નીચેની બાબતોનો પણ ખ્યાલ રાખશો.**

- અખબારો વાંચવા પાછળનો તમારો હેતુ પરીક્ષાની દ્રષ્ટીએ તેની ઉપયોગિતા છે. તેથી બીનજરૂરી સમાચાર પાછળ તમારો કિંમતી સમય વેડફશો નહીં.
- મોટાભાગના ઉમેદવારો બધું જ વાંચ્યા કરતા હોય, પરંતુ તંત્રીલેખ અને અન્ય લેખો જાણીજોઈને છોડી દેતા હોય છે. હકીકતમાં અખબારમાં તંત્રીલેખ જ સૌથી અગત્યનો ભાગ હોય છે.
- અખબાર વાંચતી વખતે જો કોઈ માહિતી કે લેખ તમને પરીક્ષાની દૃષ્ટીએ મદદરૂપ થાય એવું લાગતું હોય તેને કાઢી લઈને એક અલગ ફાઈલ બનાવજો. તમને પરીક્ષા અગાઉ ખૂબ જ ફાયદાકારક થશે.
- જો શક્ય હોય તો ઓછામાં ઓછા બે દૈનિક રાષ્ટ્રીય અખબારોનું વાંચન કરો.
- NDTV, TIMES NOW, CNBC જેવી ન્યૂઝ ચેનલ્સ પર આવતા ટોક શો તથા સમાચાર, ડિસ્કવરી, નેશનલ જીઓગ્રાફિક વગેરે જ્ઞાન-માહિતીસભર ચેનલો જુઓ અને જરૂરી જણાય તે નોંધી રાખો.

- **સિવિલ સર્વિસિસ IAS / IPS વિગેરેમાં સફળતાનો મહામંત્ર - તૈયારીની વ્યુહાત્મક રૂપરેખાઓ :**

● તાજેતરમાં જાહેર થયેલા નવા માળખા મુજબ પ્રિલિમિનરી પરીક્ષા CSAT અને જનરલ સ્ટડીઝ - બન્ને ૨૦૦ માર્કસના બે પેપર- આ મહાજંગનો ત્રણ કોઠા પૈકીનો પ્રથમ કોઠો છે. જેમાં CSAT અને પ્રિલિમિનરી જનરલ સ્ટડીઝની તૈયારી માટેના પ્રાથમિક - બુનિયાદી - સોપાનોની રૂપરેખાઓ તપાસીએ....

મિત્રો, સિવિલ સર્વિસ પ્રિલિમિનરીના CSAT માળખા પૈકીના વિવિધ ટોપિકના અનેક પ્રશ્નો અન્વયે (૧) ડેટા ઈન્ટરપ્રિટેશન (૨) ડેટા સફિશિઅન્સી સર્વપ્રથમ જોઈશું.

**(૧) ડેટા ઈન્ટરપ્રિટેશનના વિવિધ ઘટકો :**

ઉમેદવારોને નીચેના વિવિધ માહિતી કે ડેટા સ્વરૂપમાં પ્રશ્નો આપવામાં આવે અને તેમાંથી યોગ્ય ઉત્તર શોધવાનો રહે.

- પાઈ- ચાર્ટ (Pai- Chart)
- ગ્રાફસ (લાઈન ગ્રાફસ, મલ્ટી લાઈન ગ્રાફસ)
- ડાયાગ્રામ (બાર ડાયાગ્રામ્સ, સ્ટેકડબાર ડાયાગ્રામ્સ)
- મિકસ્ડ ગ્રાફસ (પાઈ + લાઈન બન્ને)
- ટેબ્યુલાર ગ્રાફસ

ઉપરોક્ત સ્વરૂપ માહિતી કે ડેટાનું ચિત્રાત્મક સ્વરૂપ છે, જે સામાન્ય રીતે સંખ્યાત્મક / આંકડાકીય કે ટકાવારીના રૂપમાં રજૂ કરવામાં આવે છે. આ વિભાગમાં પ્રશ્નોના જવાબ સામાન્ય રીતે નીચે મુજબની ત્રણ પ્રકારની ગણતરી કરીને શોધવામાં આવે છે -

(૧) ટકાવારી - પર્સેન્ટેજ (૨) સરેરાશ - એવરેજ (૩) ગુણોત્તર પ્રમાણ

**(૨) ડેટા સફિશિઅન્સી (SUFFICIENCE) :**

આમા ઉમેદવારની સમસ્યાનું નિરાકરણ કરવા માટે વ્યુઝ (VIEWS) આપવામાં આવે છે. આપવામાં આવેલી માહિતી / ડેટાથી કયા રસ્તે સમસ્યાનું નિરાકરણ થઈ શકે તે દર્શાવવાનું હોય છે. આપણે આ પ્રકારના પ્રશ્નોનું પ્રેક્ટિકલ સ્વરૂપ- ઉદાહરણો જોઈશું.

હવે જોઈએ જનરલ સ્ટડીઝની તૈયારી માટે - ભારતના ઈતિહાસની કોઈપણ પ્રમાણભૂત - પ્રિન્ટિંગ મિસ્ટેક વગરની બૂક્સ, ઈતિહાસ સંલગ્ન પ્રવાસ વર્ણનો, સાથે -સાથે ભૂગોળના નકશા, ઐતિહાસિક - ચિત્ર સાથેની અનેક વાંચન સામગ્રી, ઈતિહાસને રસપ્રદ રીતે, તલસ્પર્શી રીતે બિટવિન્સ ધ લાઈન્સ સમજવા ઐતિહાસિક સંશોધનો અને પુરાતત્વીય અભ્યાસની આનુશંગિક બાબતો પણ તપાસવી જરૂરી છે. Making a Difference નામનું વિશેષ જ્ઞાન તો જ ઉદ્ભવી શકે.

- ભારતની ભૂગોળ સાથે વિશ્વની ભૂગોળ, વર્તમાન ભૂગોળ પ્રવાહને સાથે રાખીને સમજવાથી વિષયરસનું સાતત્ય જળવાઈ રહે. નકશાોનો અભ્યાસ ખૂબ મહત્વનો છે. પ્રિલિમ પરીક્ષામાં આ મુજબના પ્રશ્નો હંમેશા પુછાય છે.
- ભારતનું અર્થતંત્ર અને અર્થતંત્રના વર્તમાન પ્રવાહો સાથે વાંચવા જરૂરી છે.
- ભારતનું રાજ્ય શાસન / બંધારણના ફેરફારો સાથે ભવિષ્યના ઈરાદાઓ, રાજનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો તપાસવા જોઈએ.
- સાયન્સ અને ટેકનોલોજીમાં પરમેનેન્ટ બેઝિક ફેક્ટ સાથે વર્તમાન પ્રવાહોનું સ્વરૂપ અને ભારતનું સ્થાન તપાસવું જોઈએ.
- રમત જગત - સાહિત્ય - મનોરંજન સાથે દર્શનશાસ્ત્ર પણ આનુષાંગિક શૈલીમાં તપાસવું જોઈએ.
- ક્યા - ક્યા વર્તમાન પ્રવાહો તાજેતરની પરીક્ષામાં ઉપયોગી બની શકે તેની ઉદાહરણ સ્વરૂપ યાદી નીચે મુજબ છે.

- અયોધ્યા ચૂકાદો - અસરો
- પર્યાવરણ વિરુદ્ધ વિકાસ - ભારતના સંદર્ભમાં
- ડિઝાસ્ટર મેનેજમેન્ટ - પ્રકારો અને વર્તમાન ભારતની સ્થિતિ
- ન્યુક્લિયર લાયેબિલિટી બિલ સુધારા - વિવાદો - અસરો
- વ્હિસલ બ્લોઅર વિધેયક - RTF
- યુનિક આઈ ડી કાર્ડ / આધાર પરિયોજનાનો શુભારંભ //હેતુઓ / અસરો
- ભારતીય ચલણ રૂપિયાની નવી ઓળખ / હેતુ / અસરો
- સુરક્ષા પરિષદમાં ભારતનું અસ્થાયી સભ્યપદ / અસરો
- બુકર તથા નોબલ પુરસ્કાર - ૨૦૧૩

● **પ્રિલિમિનરી પરીક્ષાના વ્યુહાત્મક સોપાનો તપાસ્યા પછી જોઈએ મુખ્ય પરીક્ષાના મહત્વના વ્યુહાત્મક સોપાનો -**

પ્રિલિમિનરી પરીક્ષામાં જનરલ સ્ટડીઝ અને જનરલ એપ્ટિટયુડ ટેસ્ટ (CSAT) પરીક્ષાની તૈયારીની સાથે - સાથે જ મુખ્ય પરીક્ષાની તૈયારીના વ્યુહાત્મક પાસાં અને જનરલ સ્ટડીઝના બન્ને પેપર્સ તથા વૈકલ્પિક વિષય પૈકી ઓછામાં ઓછા એક વિષયની તૈયારી અને નિબંધના પ્રશ્નપત્રની પૂર્વતૈયારી આવશ્યક છે.

● **તમારા નબળા પાસાંને ઓળખો**

નિષ્ફળતા એ આપણી પોતાની બનાવેલી હોય છે. નિષ્ફળતા એટલે તમને કાંઈ આવડતું નથી એમ પણ નથી, પણ તમે તમારા નબળાં પાસાં પ્રત્યે અજ્ઞાત છો, એમ સાબિત થાય છે. ઘણી વખત ઉમેદવાર પોતાના નબળાં પાસાં વિષે અજ્ઞાત હોય છે અને ખરેખરી મુશ્કેલી ત્યાં જ રહેલી છે. જો તમે તમારી નબળાઈઓ વિષે સાવ અજાણ હો તો તમે તેને દૂર જ કેવી રીતે કરી શકો ? આ ઉપરાંત, જ્યારે પરીક્ષામાં બેસશો એટલે કે તમારા કઠોર પરીશ્રમ છતાં પણ તમે નિષ્ફળતાનું પુનરાવર્તન કરતા રહેશો. પદ્ધતિ મુજબ તમને તમારા નબળાં પાસાંનો ખ્યાલ આવી જશે. આ કસોટી માટે ઓછામાં ઓછા પાંચ કલાક સળંગ ફાળવવા.

તમારી નોટબુક અને પેન લો. સામાન્ય અભ્યાસ અને વૈકલ્પિક વિષય (જે પસંદ કર્યા છે)નો સિબેબસ તમારી સાથે રાશો. સિલેબસને પ્રકરણ અને ઉપપ્રકરણ અનુસાર વાંચતા જાઓ. ધીમે- ધીમે વાંચતા જાઓ એમ તમને જે પ્રકરણ અને ઉપપ્રકરણ સામાન્ય નબળું હોય એ રીતે નામ આપતા જાઓ અથવા શિર્ષક. આ કસોટીના અંતમાં તમને તમાબા નબળા પાસાંનો ખ્યાલ આવી ગયો હશે. જે પ્રકરણોમાં કે તેના પેટા વિભાગોમાં તમે નબળાં હો તેમને એ પ્રમાણે શિર્ષક આપીને તમારી નોટબુકમાં નોંધી રાખો. આથી તમને ખબર પડી જશે કે તમે ક્યાં પ્રકરણમાં કાચા પડો છો કે ક્યો મુદ્દો તમારું નબળું પાસું છે.

● **તમારો પોતાનો સિલેબસ તૈયાર કરો**

તમને UPSC દ્વારા સિલેબસ આપવામાં આવેલો હોય છે. આ ઉપરાંત, તમે એક પોતાનો વ્યક્તિગત સિલેબસ તૈયાર કરો. આ સિલેબસની વિશિષ્ટતા એ રહેશે કે તેમા UPSCનો સિલેબસ તમારા નબળા અને સબળા પાસાં જેવા જુદા જુદા શિર્ષક હેઠળ વહેંચાયેલો હશે.આ પ્રકારના સિલેબસની ઉપયોગિતા એ રહેશે કે આનાથી જે પ્રકરણમાં તમે નબળા છો એના ઉપર તમે વિશેષ ધ્યાન આપી શક્શો.

આ નબળા અને સબળા પાસાં તમારી મુખ્ય પરીક્ષાની તૈયારીમાં મેનેજમેન્ટની બહુ જ પ્રચલિત SWOT Analysisને અનુરૂપ કાર્ય કરવાની રૂપરેખા બની રહેશે. (SWOT = Strength, Weakness, Opportunity & Threal Analysis)

આમ, સમગ્રલક્ષી દ્રષ્ટીકોણથી મુખ્ય પરીક્ષાના સિલેબસને તપાસી, નબળા પાસાં પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરી સિલેબસમાં રહેલા ''વેઈટેજ'' અનુસાર SMART WAYથી HARD WORKનું આયોજન કરવું. જે મુખ્ય પરીક્ષામાં સફળતા મેળવવા ખૂબ જ અનિવાર્ય છે. મુખ્ય પરીક્ષામાં વર્ણનાત્મક પ્રકારના પ્રશ્નોના ઉત્તરો, અભિગમો અને વિચારો વ્યક્ત કરવા લેખનની પ્રેક્ટિસ અને અનુભવ ખરેખરી પરીક્ષામાં આત્મવિશ્વાસ બુલંદ કરવાની બુનિયાદી બની રહે છે. વર્તમાન પ્રવાહો અંગે વાકેફ રહેવા વિવિધ ન્યૂઝ મેગેઝિન, ટીવીના પ્રખ્યાત અને જ્ઞાનલક્ષી ટોકશોમાં ચર્ચાયેલી વિગતો, અખબારના મહત્ત્વના ઓડિયોરિયલ્સનો પદ્ધતિસરનો સંગ્રહ ઉતરને સંતુલિત બનાવવા ખૂબ જ ઉપયોગી નીવડે છે.

**(C) મુખ્ય પરીક્ષામાં નિબંધનું પ્રશ્નપત્ર અને ઉદાહરણ સ્વરૂપ નિબંધ લેખન -**

મિત્રો, સિવિલ સર્વિસ સ્પર્ધાત્મક પરીક્ષામાં જનરલ સ્ટડીઝ અને નિબંધ લેખનના મહત્વના વિષયોમાં માત્ર માહિતી પિરસવાની નથી, પરંતુ સચોટ, સ્પષ્ટ, પરિપક્વ, અભ્યાસપૂર્ણ અને "SMART WAY" થી રજૂઆત કરીએ ત્યારે જ ''ડિઝર્વિંગ સ્ટેટસ''ના હક્કદાર બની શકીએ, દા.ત. ''આતંકવાદ'' પર ૨૦૦ શબ્દોમાં કેવી રીતે નોંધ લખી શકાય તે જોઈએ.

અર્થ - ''આતંક'' એટલે ભય, ''વાદ'' એટલે વિચાર અથવા સિદ્ધાંત. હિંસા દ્વારા ભય અથવા ડર ઉત્પન્ન કરવાવાળી વિચારધારા....

સામાન્ય વ્યાખ્યા - એક એવી રીતી - નીતિ કે જેના દ્વારા એક સંગઠિત સમૂહ અથવા પક્ષ પોતાના પ્રગટ હેતુઓની પરિપૂર્તિ હિંસાના આયોજનપૂર્વકના ઉપયોગથી કરે છે. એટલે કે તેમાં ઓર્ગેનાઈઝડ ક્રાઈમનો પણ સમાવેશ થાય છે.

ભારતના સંદર્ભમાં આતંકવાદ : સરકાર અથવા સામાન્ય જનતાને ભયભીત, આતંકિત કરવા, કોમી વૈમનસ્ય વધારવા તથા શાંતિ, કાયદો અને વ્યવસ્થાનો ભંગ કરવા બોમ્બ વિસ્ફોટ કરવો, અગ્નિશસ્ત્રનો પ્રયોગ કરવો, સંપત્તિ તથા આવશ્યક સેવાઓમાં વિક્ષેપ પેદા કરવા જે નકારાત્મક જાહેર કાર્યો કરાય છે, તેને આતંકવાદી કૃત્ય કહે છે.

આતંકવાદની વિશેષતાઓ - રાજ્ય અથવા સમાજ વિરોધી ગેરકાયદેસર કૃત્ય. એવી મોડસ ઓપરેંડી જેથી આ કૃત્યનો વધુમાં વધુ પ્રચાર થાય. હિંસા તથા તેની ધમકીનો પણ આમાં સમાવેશ થાય છે. આમ, જનતામાં આ કૃત્યથી લાચારી અને અસહાયતાની લાગણી ઉત્પન્ન કરાય છે.

કારણો - આજે આખું વિશ્વ આતંકવાદની આગમાં સળગી રહ્યું છે. ભારત છેલ્લા બે દાયકાથી આતંકવાદ પીડિત છે. સાથે સાથે વિશ્વના શક્તિશાળી દેશો પણ તેનાથી પરેશાન છે.

● **આતંકવાદના કારણો -**

૧. કોઈ ખાસ વિસ્તારમાં ઓળખની સમસ્યા, જેને અંગ્રેજીમાં Identity Crisis કહે છે. જેમકે, રશિયામાં ચેચન્યા.

૨. નબળી સામાજીક - આર્થિક સ્થિતિ જેમ કે, નેપાળમાં માઓવાદીઓ..

૩. રાજનૈતિક કારણ - કોઈ દેશ કે વિસ્તારમાં કોઈ વિશેષ સમૂદાયને રાજ્ય સત્તામાં યોગ્ય / પૂર્ણ પ્રતિનિધિત્વ ન મળવાથી અથવા તેના અધિકારોનું હનન થવાથી ...જેમ કે, ભૂતકાળનો LTTEનો પ્રશ્ન અને આતંકવાદ.

૪. ધાર્મિક ભાવનાઓને આધાર બનાવી અથવા પોતાના ધર્મ પ્રત્યે અસલામતિનો ભાવ.

● **આતંકવાદના પ્રકારો :**

આતંકવાદ રાજકીય, સાઈબર, જૈવ , ધાર્મિક, સીમાપારના કે વિચારધારાત્મક તથા આંતરરાષ્ટ્રીય વગેરે પ્રકારો ધારણ કરી શકે છે. વિશ્વમાં અલકાયદા, હમાસ, હિઝબુલ્લાહ, આઈરિશ રિપબ્લિકન, આર્મી, જૈશ-એ-મહંમદ, ઈન્ડિયન મુઝાહિદ્દિન, ઉલ્ફા, બોડો વગેરે પ્રમુખ આતંકવાદી સંગઠનો છે.

● **આતંકવાદ રોકવાના ઉપાયો**

(A) ટૂંકાગાળાના / તાત્કાલિક ઉપાય - આવા સંગઠનો ઉપર સુરક્ષાબળોના માધ્યમથી ત્વરિત કાર્યવાહી કરવી જોઈએ. (કાર્યવાહીમાં વિલંબ કે ઢીલાશ આતંકવાદીઓનું મોરલ મજબૂત કરે છે.)

(B) લાંબા ગાળાના ઉપાય -

૧. સમસ્યાનું મૂળભૂત કારણ ક્યાંકને ક્યાંક સામાજિક કે આર્થિક હોય છે, એટલે સરકારે આગળ વધીને તેને સંબંધિત સમસ્યાઓને નિવારવી જોઈએ. સર્વાંગી અને સમતોલ વિકાસનો કરવો જોઈએ.

૨. આવાં ક્ષેત્રોમાં રોજગારીના મજબૂત કાર્યક્રમો ચલાવવા જોઈએ.

૩. ભારત સરકારના ગુપ્તચર વિભાગોને વિશેષ સત્તાઓ, આધુનિક પ્રણાલિઓથી સજ્જ કરી મજબૂત કરવા જોઈએ. તેમજ NIA નેશનલ ઈન્વેસ્ટીગેશન એજન્સી જેવી સંસ્થાની રચના આવકારવા યોગ્ય છે.

૪. આતંકવાદ વિરુદ્ધ કડક કાયદા - જેમકે, પોટા, ગુજકોક વગેરે... અમલમાં લાવવા જોઈએ. જેથી ધરપકડથી લઈને દોષિત ઠરાવવા સુધીમાં થતો કાયદાકીય વિલંબ નિવારી શકાય.

૫. ફાસ્ટ ટ્રેક / વિશેષ આતંકવાદ વિરોધી અદાલતોનું નિર્માણ.

૬. વૈશ્વિક સ્તરે આતંકવાદ વિરોધી એકમત ઉત્પન્ન થાય અને તેને નિવારવા માટે વિવિધ સ્તરે સહયોગનું વ્યવસ્થિત નેટવર્ક કાર્ય કરે.

નાયબ કલેક્ટર,
ભરૂચ.



# ૫ મહત્ત્વની વેબસાઈટ્સ

**Councils of India**

| | |
|---|---|
| University Grant Commission, New Delhi. | www.ugc.ac.in |
| National Assessment & Acreditation Council, New Delhi | http://naacindia.org |
| Dental Council of India, New Delhi | www.dciindia.org |
| Medical Council of India, New Delhi | www.mciindia.org |
| All India Council of Technical Education, New Delhi | www.aicte.ernet. in |
| National Council for Teacher Education, Bhopal | www.ncte-in.org |
| Bar Council of India, New Delhi | www.barcouncilofindia.nic.in |
| Bar Council of Gujarat, Gandhinagar | www.barcouncilofgujarat.org |
| Pharmacy Council of India, New Delhi | www.pci.nic.in |
| Distance Education Council, New Delhi | www.ignou.ac.in/dec/ |
| Central Council for Indian Medicine, New Delhi | www.ccindia.org |
| Indian Council for agricultural Research, New Delhi | www.icar.org.in |

**Universities of Gujarat State**

| | |
|---|---|
| Bhavnagar University, Bhavnagar | www.bhavuni.edu |
| Veer Narmad South Gujarat University, Surat | www.sgu.emet.in |
| Nirma University, Ahmedabad | www.nirmauni.ac.in |
| Saurashtra University, Rajkot | www.saurashtrauniversity.edu |
| Ganpat University, Mehsana | www.ganpatuniversity.ac.in |
| Hemchandracharya North Gujarat University, Patan | www.ngu.ac.in |
| Sardar Patel University, Vallabh Vidhyanagar | www.spuvvn.edu |
| Maharaja Sayajirao University, Baroda | www.msub.edu |
| Dharamsinh Desai Institute of Technology | www.ddit.ac.in |
| Gujarat Vidyapith, Ahmedabad | www.gujaratvidyapith.org |
| Dhirubhai Ambani Institute of Info & Comm Technology, Gandhinagar | www.da-iict.org |
| Gujarat Agriculture University, Dantiwada | http://gau.guj.nic. in |
| Gujarat Ayurved University, Janinagar | www.ayurveduniversity.com |
| Anand Agriculture Univesity, Anand | www.aau.in |
| Gujarat National Law University, Gandhinagar | www.gnlu.ac.in |
| Junagadh Agriculture University, Junagadh | www.jau.in |
| Navsari Agriculture University,Navsari | www.nau.in |
| Sardar Vallabhbhai National Institute & Tecnology ,Surat | www.svnit.ac.in |
| Centre for Environmental Planning & Technology, Ahmedabad | www.cept.ac.in |

**Reputed Universities in India**

| | |
|---|---|
| University of Pune, Pune | www.unipune.ernet.in |
| University of Bangalore, Bangalore | www.bangaloreuniversity.in |
| Osmania University, Hyderabad | www.osman ia.ac. in |
| University of Calcutta, Calcutta | www.caluniv.ac.in |
| University of Mumbai, Mumbai | www.mu.ac.in |
| University of Delhi, Delhi | www.du.ac.in |
| Univeristy of Rajasthan, Jaipur | www.uniraj.ernet.in |
| Punjab University, Chandigarh | www.puchd.ac.in |

# ગુજરાત રોજગાર સમાચાર સાપ્તાહિક

- માહિતી ખાતા દ્વારા પ્રતિ બુધવારે પ્રસિદ્ધ થતું રોજગારલક્ષી માહિતી આપતું સાપ્તાહિક.
- શહેરી વિસ્તારો તેમજ રાજ્યના અંતરિયાળ ગ્રામ્ય વિસ્તારોમાં રોજગાર અને ભરતી વિષયક જાહેરાતોની અધિકૃત માહિતી પહોંચાડતું અસરકારક માધ્યમ.
- રાજ્યભરમાં ૭૦,૦૦૦થી વધુ ગ્રાહકોનું વિશ્વસનીય સાપ્તાહિક.
- રોજગાર-સ્વરોજગાર વિષયક વિપુલ માહિતીનો ભંડાર.
- રાજ્ય સરકારના વિવિધ વિભાગો, સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ, ગુજરાત જાહેર સેવા આયોગ, ગૌણ સેવા પસંદગી મંડળ, પંચાયત સેવા પસંદગી બોર્ડ સહિત કેન્દ્ર સરકારના વિવિધ મંત્રાલયો, નિગમો, જાહેર સાહસો, બેંક, રેલવે રિક્રુટમેન્ટ બોર્ડ, સંરક્ષણ દળોમાં ભરતી વિષયક જાહેરાતોનું સરળ ગુજરાતી ભાષામાં સંકલન.
- ભરતી ઉપરાંત સ્વરોજગાર વિષય લેખ, જનરલ નોલેજ ક્વિઝ કોર્નર તેમજ વિવિધ અભ્યાસક્રમોમાં પ્રવેશ સંબંધી વિજ્ઞાપનો.
- વાર્ષિક લવાજમ માત્ર **રૂ. ૩૦/-**







પ્રકાશક : માહિતી કમિશનર, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
પ્રોસેસિંગ અને મુદ્રણ : સરકારી ફોટો લીથો પ્રેસ, અમદાવાદ.